યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

યોગબિંદુ

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

યોગબિંદુ ભાગ-૧

શબ્દશઃ વિવેચન

❖ ગ્રંથકાર ❖

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ ટીકાકાર ❖

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલન-સંશોધનકારિકા *

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના
સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

❖ પ્રકાશક ❖



શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

યોગબિંદુ ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : ₹. 265.00

卐 આર્થિક સહયોગ 卐

એક સદ્‌ગૃહસ્થ તરફથી

અમદાવાદ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૫

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

શાલિભદ્ર ઓફસેટ પોઈન્ટ

૩૧, અમૃત ઈન્ડ. એસ્ટેટ, દૂધેશ્વર બ્રિજ પાસે, દૂધેશ્વર, અમદાવાદ-૪. મો. ૯૮૨૫૦૫૭૦૨૪

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા,
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

૧. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (हिन्दी)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. सेवो पास संखेसरो (हिन्दी)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન

૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા–૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨

યોગબિંદુ ભાગ-૧ના
સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિકાળથી સંસારની કદર્થના પામતાં જીવોને આ કદર્થનાથી સર્વથા છૂટવું હોય તો નિરુપદ્રવ એવા મોક્ષને પ્રાપ્ત કરવો પડે અને મોક્ષને પામવો હોય તો સંસારપથને છોડીને મોક્ષપથ પર ચાલવું પડે. મોક્ષમાર્ગ ઢીલા-પોચાને માટે ઘણો લાંબો-કઠિન અને કષ્ટસાધ્ય છે, જ્યારે ઉદ્યમી-ઉત્સાહીને માટે ટૂંકો-સરળ-અલબેલો-મનોહર-સુખકર અને આનંદકર છે. આવો મોક્ષમાર્ગ ભવ્યજીવોને બતાવવા માટે તથા મોક્ષની સાચી ઓળખ, સમજ અને પ્રતીતિ કરાવવા માટે પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગબિંદુ ગ્રંથની રચના કરી અને એવી સુંદર યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા મોક્ષમાર્ગ=અધ્યાત્મમાર્ગ=યોગમાર્ગ સમજાવ્યો કે બિંદુમાં સિંધુનો સમાવેશ કરી દીધો. યોગબિંદુને યોગસિંધુ એટલા માટે કહું છું કે જો આ યોગબિંદુ યથાર્થ સમજાય તો યોગની આરાધના મુક્તિનગર સુધી પહોંચાડવા સમર્થ છે.

વળી, ૫૨૭ શ્લોક પ્રમાણ આ વિશાળ ગ્રંથમાં જો યોગશાસ્ત્રનું બિંદુ જ નિર્માણ થતું હોય તો સંપૂર્ણ યોગશાસ્ત્રનું અવગાહન કેટલું ઊંડું રહસ્યમય વિશાળ હશે તેની તો કલ્પનામાત્ર જ કરવાની રહે છે, અલબત્ત કલ્પનાતીત છે.

મોક્ષમાર્ગ ચાલવાની પથ્થરની સડક નથી, એ તો ક્રમસર મનની ઉચ્ચ-ઉચ્ચતર ભૂમિકા છે. આત્માની અશુદ્ધ અવસ્થા સંસારમાર્ગ છે અને ક્રમસર આત્માની વધતી શુદ્ધિ એ જ મોક્ષમાર્ગ છે, તેમાં મહત્ત્વની શુદ્ધિરૂપ મોક્ષમાર્ગની ચરમાવર્ત, સમ્યગ્દર્શન આદિ ભૂમિકાઓનું વર્ણન કરીને પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ અમારા સરીખા પામર જીવો ઉપર અસીમ ઉપકાર કર્યો છે, કોટી ભવે પણ તેમના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.

પૂર્વના પરમ સુપુણ્યના વિપાકોદયે તથા પૂ. નિર્મળચંદ્રસૂરિ મહારાજાની (સંસારી પક્ષે ભાઈ મહારાજની) આજ્ઞાથી પંડિતપ્રવર શ્રી પ્રવીણભાઈ મોતા પાસે આ ગ્રંથનો અભ્યાસ કરવાનો મને સુયોગ સાંપડ્યો, તેઓની હું ઋણી છું.

'कल्याणमस्तु सर्वजीवानाम्'

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર.

શાસનસમ્રાટ પૂજ્ય નેમિસૂરિ મહારાજ સાહેબ
સમુદાયના પૂ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મ.સા.ના
પ્રશિષ્યા સાધ્વી શ્રી ઋજુમતિશ્રીજી.

યોગબિંદુ ભાગ-૧ની સંકલના

યોગબિંદુ ગ્રંથમાં સંક્ષેપથી યોગમાર્ગનું વર્ણન છે અને યોગ એટલે આત્માને મોક્ષની સાથે યોજન કરે એવી જીવની પરિણતિ. તેનો વિસ્તારથી બોધ કરાવનાર ગણધરોથી રચાયેલી ચૌદપૂર્વરૂપ દ્વાદશાંગી છે અને તેનું સંક્ષેપથી કથન પ્રસ્તુત ગ્રંથમાં છે, તેથી ગ્રંથકારશ્રીએ તેનું નામ **'યોગબિંદુ'** આપેલ છે.

વસ્તુતઃ યોગમાર્ગ અપુનર્બંધકથી માંડીને યોગનિરોધરૂપ ચૌદમાં ગુણસ્થાનક સુધીની મોક્ષને અનુકૂળ જીવની પરિણતિ સ્વરૂપ છે અને તે યોગની નિષ્પત્તિને અનુકૂળ તે તે ગુણસ્થાનકની ઉચિત ક્રિયાઓ કારણ છે, તેથી યોગ્ય જીવો પોતપોતાની ભૂમિકા અનુસાર ઉચિત ક્રિયાઓને સેવીને મોક્ષને અનુકૂળ જે પરિણતિને પ્રગટ કરે છે તે યોગ છે અને આ યોગના વર્ણનરૂપે જ કોઈક ગ્રંથોમાં ચૌદગુણસ્થાનકોનું વર્ણન છે, તો કોઈક ગ્રંથોમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવરૂપે યોગમાર્ગનું વર્ણન છે, તો વળી કોઈક ગ્રંથોમાં દાન, શીલ, તપ અને ભાવરૂપે યોગમાર્ગનું વર્ણન છે, આ સર્વ વર્ણનોમાં સંક્ષેપથી પૂર્ણ યોગમાર્ગનું વર્ણન પ્રાપ્ત થાય છે, તેથી ગ્રંથકારશ્રીએ પણ જુદા જુદા ગ્રંથોમાં જુદી જુદી દૃષ્ટિથી પૂર્ણ યોગમાર્ગનું વર્ણન કર્યું છે તેમ પ્રસ્તુત ગ્રંથમાં પણ કોઈક એક દૃષ્ટિને સામે રાખીને પૂર્ણ યોગમાર્ગનું વર્ણન કર્યું છે, તેમાં યોગનાં પાંચ ભેદો પાડેલ છે : અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય. વૃત્તિસંક્ષયની ચરમભૂમિકા યોગનિરોધરૂપ છે અને અધ્યાત્મની પ્રારંભ દેશવિરતિ ગુણસ્થાનકથી છે અને આ અધ્યાત્માદિ યોગની નિષ્પત્તિની પૂર્વભૂમિકાને ગ્રંથકારશ્રીએ પૂર્વસેવારૂપે બતાવેલ છે, તેથી અપુનર્બંધકજીવો અને અવિરત સમ્યગ્દૃષ્ટિજીવો યોગમાર્ગમાં પૂર્વસેવાની આચરણા કરનારા છે અને પૂર્વસેવાથી સંપન્ન થયા પછી અધ્યાત્માદિ યોગોને સેવીને અંતે તે તે ભવમાં કે અન્ય કોઈ ભવમાં વૃત્તિસંક્ષય નામના ચરમ યોગને પ્રાપ્ત કરીને સંસારનો ક્ષય કરે છે તેનો યથાર્થ બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગ્રંથનિર્માણ કરેલ છે, જે નિર્માણ પાછળ ગ્રંથકારશ્રીનો મુખ્ય આશય યોગમાર્ગથી પોતાના આત્માને ભાવિત કરવો અને યોગ્ય જીવોને તે માર્ગની પ્રાપ્તિ થાય તેવો ઉપકાર કરવો એ છે.

વળી યોગમાર્ગનો પ્રારંભ કરવા માટે તત્ત્વના પક્ષપાતવાળી અને કોઈ દર્શન પ્રત્યેના રાગ વગરની જીવની મધ્યસ્થ પરિણતિ આવશ્યક છે, જો તે પ્રકારની મધ્યસ્થ પરિણતિ પ્રાપ્ત ન થાય અને પોતાના દર્શન પ્રત્યે અવિચારક રીતે અલ્પ પણ રાગ હોય અને પોતાના દર્શનના વચનાનુસાર પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કરાયેલા અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગમાર્ગને તેઓ સ્વીકારતા હોય તોપણ સ્વદર્શનની એકાંતદૃષ્ટિ જો દૂર ન થાય તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય નહિ, તેથી યોગ્ય જીવોને મધ્યસ્થાપૂર્વક યોગમાર્ગના ગોચરની, સ્વરૂપની અને ફલની વિચારણા આવશ્યક છે તેમ શ્લોક-૪માં બતાવ્યું અને શ્લોક-૫માં કહ્યું કે યોગનો ગોચર પરિણામી જીવ છે. યોગનું સ્વરૂપ સર્વ પ્રયોજનોમાં ઉચિત પ્રવૃત્તિ છે અને યોગનું ફલ મોક્ષ છે અને તેનો જ નિપુણતાથી વિચાર કરવામાં આવે તો મધ્યસ્થાપૂર્વક યોગમાર્ગની પ્રાપ્તિ થાય અને સ્વભૂમિકાના યોગમાર્ગને સેવીને અંતે મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ થાય.

આથી જ પ્રાજ્ઞપુરુષો જેમ સુવર્ણની કષ, છેદ અને તાપ પરીક્ષા કરે છે તેમ પ્રાજ્ઞપુરુષો યોગમાર્ગની પણ કષ, છેદ, તાપ પરીક્ષા કરે છે. વળી શાસ્ત્રની પરીક્ષા પ્રથમ તાપથી કરવામાં આવે છે જેથી નક્કી થાય કે જે દર્શન આત્માદિને પરિણામી સ્વીકારે છે તે દર્શનમાં યોગમાર્ગની સંગતિ થાય છે અને જેઓ આત્માને પરિણામી માનતા નથી, પરંતુ એકાંતે નિત્ય માને છે તે દર્શન અનુસાર આત્મામાં લેશ પણ પરિવર્તન થાય નહિ, તેથી યોગમાર્ગના સેવનથી પણ પૂર્વમાં પોતાનો આત્મા અયોગી હતો તે અયોગીનો આત્મા યોગી બને છે તેમ સ્વીકારી શકાય નહિ. માટે આત્મા પરિણામી સ્વીકારવામાં આવે તો યોગનું કથન સંગત થાય.

વળી આત્માને એકાંતે ક્ષણિક માનવામાં આવે તોપણ જે આત્મા બીજી ક્ષણમાં સર્વથા નાશ પામતો હોય તે આત્મામાં યોગમાર્ગના સેવનથી પ્રવૃત્તિ નિષ્ફળ જ છે, પરંતુ જો આત્મા દ્રવ્યરૂપે નિત્ય હોય અને પર્યાયરૂપે અનિત્ય હોય તો યોગમાર્ગના સેવનથી પોતાના આત્મા પૂર્વ-પૂર્વના અશુદ્ધપર્યાયનો ત્યાગ કરીને ઉત્તર-ઉત્તરના શુદ્ધ પર્યાયને પ્રાપ્ત કરી શકે છે તેમ સિદ્ધ થાય, તેથી જે દર્શન આત્માને પરિણામી સ્વીકાર છે તે દર્શનમાં યોગમાર્ગનો સંભવ છે તેમ નિર્ણય થાય અને આ પ્રકારનો નિર્ણય કર્યા પછી આ દર્શન તાપથી શુદ્ધ છે તેવો નિર્ણય થવાથી બુદ્ધિમાન પુરુષ તે દર્શનના યોગમાર્ગના વચનની કષથી પરીક્ષા કરે છે અર્થાત્ આ દર્શનના વચનો મોક્ષને અનુકૂળ સર્વ ઉચિત પ્રવૃત્તિનું વિધાન કરે છે અને મોક્ષને પ્રતિકૂળ સર્વ પ્રવૃત્તિનો નિષેધ કરે છે કે નહિ તેની પરીક્ષા કરે છે અને જે દર્શન મોહના ત્યાગને અનુકૂળ સર્વ ઉચિત પ્રવૃત્તિનું વિધાન કરતું હોય અને મોહની પોષક સર્વ પ્રવૃત્તિનું નિષેધ કરતું હોય તે દર્શન કષશુદ્ધ છે તેમ નિર્ણય કરે છે, ત્યારપછી તે દર્શનમાં સર્વ પ્રવૃત્તિઓ વિધિ-નિષેધને પોષક ઉચિત ક્રિયાઓને બતાવનાર છે કે નહિ તેની જે પરીક્ષા કરે છે તે છેદપરીક્ષા છે, આ ત્રણે પરીક્ષાથી મધ્યસ્થતાપૂર્વક યોગ્ય દર્શનનો નિર્ણય કરીને તે દર્શનાનુસાર યોગમાર્ગને સેવવાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તેથી મધ્યસ્થતા અર્થે પ્રથમ તાપપરીક્ષા આવશ્યક છે તેને સામે રાખીને ગ્રંથકારશ્રીએ ગોચર શુદ્ધિનું વિસ્તારથી વર્ણન શ્લોક-૩૦ સુધી કરેલ છે જેના કારણે મધ્યસ્થજીવ નિર્ણય કરી શકે કે જેઓ આત્માને પરિણામી સ્વીકારે છે તેઓના મતે યોગમાર્ગનું સેવન સફળ છે અને જેઓ આત્માને પરિણામી માનતા નથી. તેઓનું યોગમાર્ગનું વર્ણન રોચક હોવા છતાં યોગમાર્ગના આધારભૂત જીવદ્રવ્યમાં જ ભ્રમ વર્તે છે અને તે ભ્રમને દૂર કરવામાં ન આવે તો મધ્યસ્થતાપૂર્વક યોગમાર્ગનો સ્વીકાર થાય નહિ અને જેની દૃષ્ટિ પોતપોતાના દર્શન પ્રત્યે અવિચારક રાગથી ગ્રસ્ત છે તેઓ સર્વત્ર મધ્યસ્થ પરિણતિરૂપ યોગમાર્ગને સેવવા માટે સમર્થ બને નહિ, તેથી યોગ્ય જીવોમાં મધ્યસ્થ પરિણતિની નિષ્પત્તિ અર્થે જ ગ્રંથકારશ્રીએ ગોચરશુદ્ધિ કંઈક વિસ્તારથી બતાવેલ છે, ત્યારપછી શ્લોક-૩૧થી માંડીને શ્લોક-૩૫ સુધી યોગના અધ્યાત્માદિ પાંચ ભેદો બતાવ્યા છે તો અન્ય રીતે તાત્ત્વિક=અતાત્ત્વિક, સાસ્રવ=અનાસ્રવ આદિરૂપ પણ યોગો છે તેનું સંક્ષેપથી કથન કરેલ છે જેથી યોગ્ય જીવોને મધ્યસ્થતાપૂર્વક યોગના સ્વરૂપનું કંઈક જ્ઞાન થાય.

વળી અધ્યાત્માદિ યોગના ભેદોનું વર્ણન કરતાં પૂર્વે ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૬થી યોગનું માહાત્મ્ય અને પૂર્વસેવાનો ક્રમ બતાવવાનો પ્રારંભ કર્યો છે; કેમ કે યોગના માહાત્મ્યને સાંભળીને યોગ્ય જીવોને યોગના સ્વરૂપની જિનાજ્ઞા થાય છે જેથી ગોચરશુદ્ધિ દ્વારા મધ્યસ્થ બનેલો જીવ યોગના સ્વરૂપને જાણવા માટે

અત્યંત ઉપયુક્ત થાય તો યોગના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય.

વળી યોગનું માહાત્મ્ય બતાવતા કહ્યું કે કોઈક જીવને પરલોકમાં સંશય થયો હોય તેનું પણ નિવર્તન યોગથી થાય છે, જેથી પરલોકના સંશય રહિત થયેલા યોગ્ય જીવો યોગમાર્ગને સેવીને હિતની પરંપરાને પ્રાપ્ત કરે છે.

વળી યોગની પ્રાપ્તિનો અર્થી જીવ પણ પૂર્વસેવા કરીને યોગમાર્ગમાં યત્ન કરે તો જ સમ્યગ્ યોગમાર્ગને સેવી શકે છે, જેમ વિદ્યાસાધક જીવો વિદ્યા સાધવી કઠણ હોવાથી વિદ્યા સાધતા પૂર્વે કેટલાક કાળ સુધી તે વિદ્યાને અનુકૂળ પૂર્વસેવારૂપ અભ્યાસ કરે છે અને પૂર્વસેવા કર્યા પછી શક્તિ સંચય થાય ત્યારે વિદ્યા સાધવા બેસે છે તેમ સર્વ વિદ્યાઓમાં અગ્રેસર એવી કર્મનાશની વિદ્યાને સાધનારા યોગીઓ અધ્યાત્માદિ યોગમાર્ગમાં યત્ન કરવા પૂર્વે પૂર્વસેવામાં અભ્યાસ કરે છે, તેથી યોગમાર્ગને બતાવ્યા પછી ચાર પ્રકારની પૂર્વસેવા છે તેમ શ્લોક-૧૦૯માં બતાવેલ છે, જે ગુરુદેવાદિનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ સ્વરૂપ છે અને તે ચારેનું વિસ્તારથી સ્વરૂપ શ્લોક-૧૦૯થી શ્લોક-૧૪૯ સુધી બતાવેલ છે.

વળી, પૂર્વસેવામાં મુક્તિ અદ્વેષ અત્યંત આવશ્યક છે અને જેઓને મુક્તિ પ્રત્યે દ્વેષ છે તેઓ મુક્તિને સાધનારી વિદ્યારૂપ યોગમાર્ગને સેવવા અર્થે પૂર્વસેવામાં યત્ન કરે તોપણ યોગમાર્ગના અનધિકારી હોવાથી યોગમાર્ગને પ્રાપ્ત કરી શકે નહીં, તેથી મુક્તિના અદ્વેષને સ્પષ્ટ કરવા અર્થે પાંચ પ્રકારના વિષાદિ ભેદવાળા અનુષ્ઠાનોનું સ્વરૂપ શ્લોક-૧૫૦થી શ્લોક-૧૬૦ સુધી બતાવેલ છે, જેથી બોધ થાય કે જેઓ વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન સેવનારા છે તેઓ પૂર્વસેવાને પણ સમ્યક્ સેવી શકતા નથી, તેથી અધ્યાત્માદિ યોગના સેવનનું સામર્થ્ય તેઓમાં પ્રગટી શકે નહિ અને જેઓ તદ્હેતુ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાન સેવનારા છે તેઓ જ સ્વભૂમિકા અનુસાર પૂર્વસેવાને સેવીને સંચિત વીર્યવાળા થાય ત્યારે અધ્યાત્માદિ યોગોને ક્રમસર સેવવા સમર્થ બને છે.

વળી યોગમાર્ગને સેવનારા જીવો કર્મમલની કંઈક અલ્પતા થયેલી હોવાથી ચરમાવર્તમાં આવેલા છે અને ચરમાવર્તમાં આવેલા હોવાથી જ તદ્હેતુ અનુષ્ઠાન સેવીને તેઓ પૂર્વસેવાને સાધી શકે છે, આ પ્રમાણે શ્લોક-૧૬૩માં બતાવેલ છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

શ્લોક નં.	વિષય	પાના નં.
૧-૨	મંગલાચરણ, યોગબિંદુ કથનની પ્રતિજ્ઞા	૧-૮
૩	સર્વ દર્શનકારોના યોગમાં ભેદનો અભાવ.	૯-૧૧
૪	કલ્યાણના અર્થીને સદ્‌ગોચરાદિ અશુદ્ધ મોક્ષનું હેતપણું ગવેષણીય.	૧૩-૧૬
૫	યોગનો ગોચર, સ્વરૂપ અને ફલ.	૧૬-૪૪
૬-૧૬	યોગવિષયક ગોચરની શુદ્ધિનું સ્વરૂપ.	
૧૭-૧૯	યોગમાર્ગને સ્વીકારનાર દર્શનકારો દ્વારા આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને કર્મનો વિયોગ એ ચાર વસ્તુનો ભિન્ન ભિન્ન શબ્દો દ્વારા સ્વીકાર.	૪૪-૫૦
૨૦	એકાંતવાદમાં આત્માદિનો સ્વીકાર હોવા છતાં યોગનો અસંભવ.	૫૦-૫૫
૨૧	પરિણામી આત્મા સ્વીકારવાથી જ દૈવ અને પુરુષકારની તુલ્યાની સંગતિ.	૫૫-૫૭
૨૨-૨૩	ગોચરાદિ શુદ્ધિથી યોગની ગવેષણાનું પ્રયોજન.	૫૭-૬૨
૨૪	ગોચરાદિ શુદ્ધિ વગરના શાસ્ત્રથી યોગમાર્ગની પ્રવૃત્તિએ બુદ્ધિનો વ્યામોહ.	૬૩-૬૫
૨૫-૨૬	દૃષ્ટ-ઇષ્ટ અબાધાવાળા વચનથી વિવેકીની પ્રવૃત્તિ.	૬૫-૬૯
૨૭-૨૯	દૃષ્ટ-ઇષ્ટ અબાધાવાળા વચનથી પ્રવૃતિ સ્વીકારવામાં આવે તો તે તે દર્શનના આત્માદિ વિષયક નામભેદમાં વિરોધનો અભાવ.	૬૯-૭૬
૩૦	યુક્તિ અને આગમ અનુસાર યોગમાર્ગના નિરૂપણની પ્રતિજ્ઞા.	૭૬-૭૮
૩૧-૩૫	યોગના ભેદો.	૭૮-૮૫
૩૬	યોગનું માહાત્મ્ય અને પૂર્વસેવવાના ક્રમને કહેવાની પ્રતિજ્ઞા.	૮૫-૮૬
૩૭-૪૬	યોગનું માહાત્મ્ય.	૮૬-૧૦૩
૪૭-૪૮	સત્સ્વપ્નો શરીરજન્ય જ છે, પરંતુ યોગનિમિત્તક નથી એ પ્રકારની શંકાનું નિવારણ.	૧૦૩-૧૦૭
૪૯-૫૧	આત્માદિ વસ્તુ યોગિગમ્ય અને અનુમાનગમ્યની સ્થાપક યુક્તિ.	૧૦૭-૧૧૫

શ્લોક નં.	વિષય	પાના નં.
૫૨-૫૪	યોગથી થતા ઉત્તમ ગુણોનું સ્વરૂપ.	૧૧૫-૧૨૩
૫૫	યોગના સેવનથી થતી લબ્ધિઓનું સ્વરૂપ.	૧૨૪-૧૨૫
૫૬	યોગના સેવનથી થનારા ગુણોનો અને લબ્ધિઓનો આત્માના અભાવમાં અસંભવ.	૧૨૫-૧૨૭
૫૭-૬૨	યોગથી જાતિસ્મરણની ઉત્પત્તિ.	૧૨૮-૧૪૦
૬૩-૬૪	જાતિસ્મરણથી પરલોકની સિદ્ધિ.	૧૪૦-૧૪૩
૬૫-૬૭	વિચારકનો યોગમાં જ ઉદ્યમ આવશ્યક.	૧૪૩-૧૪૮
૬૮	તત્ત્વની પ્રાપ્તિમાં અધ્યાત્મ પરમ કારણ.	૧૪૯-૧૫૦
૬૯	અધ્યાત્મના અર્થીને વાદનો સમૂહ અનુપયોગી.	૧૫૦-૧૫૨
૭૦	ઉપાયથી ઉપેયની પ્રાપ્તિ.	૧૫૨-૧૫૩
૭૧	આત્માદિના નિશ્ચયનો ઉપાય અધ્યાત્મ.	૧૫૪-૧૫૫
૭૨	અધ્યાત્મની પ્રાપ્તિ દુર્લભ.	૧૫૫-૧૫૭
૭૩	અચરમાવર્તવર્તિ જીવોનું ક્લિષ્ટ સ્વરૂપ.	૧૫૮-૧૫૯
૭૪-૭૫	સર્વ જીવોનું અનંત પુદ્ગલપરાવર્તન સુધી સંસારનું પરિભ્રમણ.	૧૬૦-૧૬૩
૭૬	કારણથી જ કાર્યની ઉત્પત્તિ.	૧૬૩-૧૬૪
૭૭	અનંત પુદ્ગલપરાવર્તનોના પરિભ્રમણમાં જીવના સ્વભાવને અધિકતા-ન્યૂનતાની પ્રાપ્તિ.	૧૬૫-૧૬૬
૭૮-૭૯	સ્વભાવવાદ અને અન્ય વાદોનો સ્વીકાર.	૧૬૬-૧૭૦
૮૦-૮૨	સ્વભાવથી જીવમાં સર્વ કાર્યોની પ્રાપ્તિમાં યુક્તિ.	૧૭૦-૧૭૬
૮૪	ચરમાવર્ત પૂર્વે અધ્યાત્મની અપ્રાપ્તિ.	૧૭૭-૧૭૯
૮૫-૮૭	ચરમાવર્તની બહાર જીવોની ક્લિષ્ટતાનું સ્વરૂપ.	૧૭૯-૧૮૭
૮૮	લોકપંક્તિનું સ્વરૂપ.	૧૮૭-૧૮૮
૮૯	ભવાભિનંદી જીવોની લોકપંક્તિથી કરાતી ક્રિયાનું સ્વરૂપ.	૧૮૯-૧૯૦
૯૦	લોકપંક્તિ અર્થે કરાતો ધર્મ પાપ સ્વરૂપ.	૧૯૦-૧૯૩
૯૧	અનાભોગ કરતા લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા અધિકહીન.	૧૯૩-૧૯૫
૯૨	લોકપંક્તિથી અને અનાભોગથી કરાયેલી ક્રિયા પરમાર્થથી અધર્મરૂપ.	૧૯૫-૧૯૭

શ્લોક નં.	વિષય	પાના નં.
૯૩-૯૫	અચરમાવર્તમાં અધ્યાત્મના અસંભવનું દૃષ્ટાંતથી ભાવન.	૧૯૭-૨૦૨
૯૬	ચરમાવર્તનું સ્વરૂપ.	૨૦૨-૨૦૩
૯૭	ચરમાવર્તમાં પૂર્વસેવાનો સંભવ.	૨૦૩-૨૦૫
૯૮-૧૦૦	અપુનર્બંધક આદિની અચરમાવર્ત કરતા વિલક્ષણ પૂર્વસેવા.	૨૦૫-૨૧૧
૧૦૧	પ્રકૃતિના અધિકારની નિવૃત્તિમાં તત્ત્વની જિજ્ઞાસા.	૨૧૧-૨૧૨
૧૦૨	અચરમાવર્તમાં અત્યંત વિપર્યય.	૨૧૨-૨૧૪
૧૦૩	તત્ત્વની જિજ્ઞાસાથી પાપબંધનો વિગમ.	૨૧૪-૨૧૬
૧૦૪	તત્ત્વજિજ્ઞાસાનું કલ્યાણકારી સ્વરૂપ.	૨૧૬-૨૧૭
૧૦૫-૧૦૮	પુરુષ અને પ્રકૃતિના સ્વભાવથી ચરમાવર્તની પ્રાપ્તિ.	૨૧૭-૨૨૫
૧૦૯	પૂર્વસેવાના ૪ ભેદો.	૨૨૫-૨૨૬
૧૧૦	પૂર્વસેવાના વિષયભૂત ગુરુવર્ગનું સ્વરૂપ.	૨૨૬-૨૨૮
૧૧૧-૧૧૫	ગુરુવર્ગના પૂજનનું સ્વરૂપ.	૨૨૮-૨૩૫
૧૧૬	દેવપૂજાની વિધિ.	૨૩૫-૨૩૭
૧૧૭-૧૧૮	આદિધાર્મિક દેવપૂજાની વિધિ.	૨૩૭-૨૪૦
૧૧૯	ચારિસંજીવની ચાર ન્યાયથી આદિધાર્મિકને સર્વદેવોને નમસ્કાર કરવાની વિધિ.	૨૪૦-૨૪૫
૧૨૦	વિશેષદેવને નમસ્કાર કરવાની ભૂમિકા.	૨૪૫-૨૪૭
૧૨૧-૧૨૨	આદિધાર્મિકને દાનની વિધિ.	૨૪૮-૨૫૧
૧૨૩	અનુકંપાદાનના વિષયરૂપ જીવ.	૨૫૧-૨૫૩
૧૨૪	અનુકંપાદાનમાં કર્તવ્ય ઉચિત વિવેક.	૨૫૩-૨૫૪
૧૨૫	ધર્મનું શ્રેષ્ઠ ફળ.	૨૫૪-૨૫૬
૧૨૬-૧૩૦	સદાચારના ભેદો.	૨૫૬-૨૬૩
૧૩૧-૧૩૫	આદિ ધાર્મિકને કર્તવ્ય તપનું સ્વરૂપ.	૨૬૩-૨૭૧
૧૩૬-૧૩૯	મુક્તિ અદ્વેષનું સ્વરૂપ.	૨૭૧-૨૭૮
૧૪૦-૧૪૧	મુક્તિના અદ્વેષથી કલ્યાણની પ્રાપ્તિ.	૨૭૮-૨૮૧
૧૪૨-૧૪૪	મુક્તિ દ્વેષથી થતા અનર્થનું સ્વરૂપ.	૨૮૧-૨૮૫
૧૪૫	દુર્ગ્રહ શ્રામણ્યથી ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ નીંદનીય.	૨૮૬-૨૮૯

શ્લોક નં.	વિષય	પાના નં.
૧૪૬	અચરમાવર્તમાં પણ મુક્તિના અદ્વેષથી ગ્રૈવેયક આદિની પ્રાપ્તિ.	૨૮૯-૨૯૨
૧૪૭-૧૪૯	મુક્તિઅદ્વેષથી જ ગુરુ આદિનું પૂજન કલ્યાણનું કારણ.	૨૯૨-૨૯૭
૧૫૦	અસુંદર ધર્મ અનુષ્ઠાનનું સ્વરૂપ.	૨૯૮-૨૯૯
૧૫૧	વિષક્રિયા, ગરક્રિયા અને અનનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૦૦-૩૦૧
૧૫૨	અચરમાવર્તમાં વિષ-ગર અને અનુષ્ઠાનની પ્રાપ્તિ.	૩૦૧-૩૦૩
૧૫૩-૧૫૪	ચરમાવર્તમાં અને અચરમાવર્તમાં જીવના ભેદથી સદ્નુષ્ઠાનો ભેદ.	૩૦૩-૩૦૬
૧૫૫	વિષાદિ પાંચ અનુષ્ઠાનો.	૩૦૬-૩૦૮
૧૫૬	વિષ અનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૦૮-૩૧૦
૧૫૭	ગર અનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૧૦-૩૧૨
૧૫૮	અનનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૧૨-૩૧૪
૧૫૯	તદ્હેતુ અનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૧૪-૩૧૫
૧૬૦	અમૃત અનુષ્ઠાનનું સ્વરૂપ.	૩૧૫-૩૧૭
૧૬૧-૧૬૩	ચરમાવર્તમાં ગુરુદેવાદિનું પૂજન અચરમાવર્ત કરતા વિલક્ષણ.	૩૧૭-૩૨૨

❋ ❖ ❋

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

સૂરિપુરંદર, યાકિનીમહત્તરાસૂનુ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વિરચિત
આ. શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ટીકા સમન્વિત

યોગબિંદુ ભાગ–૧

શબ્દશઃ વિવેચન

ટીકાકારશ્રીનું મંગલાચરણ :–

सद्योगचिन्तामणितोऽनणीयो, येनाधिजग्मे जगतः पतित्वम् ।
स योगिवृन्दारकवन्दनीयो, द्यतादवद्यानि घनं जिनो नः ।।१।।
सुधाबिन्दोरिवानन्दममन्दमुपचिन्वतः ।
योगबिन्दोः समासेन, वृत्तिरेषा विधीयते ।।२।।
गुरूपदेशो न च तादृगस्ति, मतिर्न वा काचिदुदाररूपा ।
तथापि योगप्रियतावशेन, यत्नस्तदभ्यासकृते ममायम् ।।३।।

ટીકાર્થ :–

येन=જેના વડે, जगतः पतित्वम्=જગતનું સ્વામીપણું, अधिजग्मे=પ્રાપ્ત કરાયું, सद्योगचिन्तामणितोऽनणीयः योगीवृन्दारकवन्दनीयः स जिनः=સદ્યોગના કારણે ચિંતામણિથી મોટા ગણધરોથી વંદન કરાયેલા તે જિનેશ્વર, नः अवद्यानि=અમારા પાપોને, घनं=અત્યંતપણે, द्यतात्=નાશ કરો. ।।૧।।

ટીકાકાર પહેલા શ્લોકમાં મંગલાચરણ કરીને બીજા શ્લોકમાં ગ્રંથનું અભિધેય કહે છે –

सुधाबिन्दोरिवानन्दममन्दमुपचिन्वतः योगबिन्दोः=અમૃતના બિંદુની જેમ અમંદ આનંદને એકઠા કરતા એવા યોગબિંદુની, एषा वृत्तिः=આ વૃત્તિ, મારા વડે, समासेन=સંક્ષેપથી, विधीयते=કરાય છે. ।।૨।।

❖ શ્લોકમાં "मया" અધ્યાહાર છે.

ટીકાકારે પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરીને બીજા શ્લોકમાં અભિધેય બતાવ્યું અને ત્યાં કહ્યું કે યોગબિંદુની સમાસથી વૃત્તિ મારા વડે કરાય છે, ત્યાં પ્રશ્ન થયો કે યોગબિંદુ ગંભીર ગ્રંથ છે અને પોતાની યોગબિંદુના તાત્પર્યને સ્પર્શવાની શક્તિ નથી, છતાં પોતે યોગબિંદુની વૃત્તિ લખવા કેમ પ્રયત્ન કરે છે તે બતાવવા અર્થે કહે છે –

तादृग् च=અને તેવા પ્રકારનો, गुरूपदेशः=ગુરુનો ઉપદેશ, न अस्ति=નથી, वा=અથવા, काचित्=કોઈ, उदाररूपा=વિશાળ રૂપવાળી, मतिः न=બુદ્ધિ નથી, तथापि=તોપણ, योगप्रियतावशेन=યોગપ્રિયતાના વશથી तदभ्यासकृते=તેના અભ્યાસ માટે=યોગના અભ્યાસ માટે, मम अयम्=મારો આ, यत्नः=પ્રયત્ન છે. ।।૩।।

અવતરણિકા :-

तस्य चेदमादिसूत्रं 'नत्वा' इत्यादि श्लोकद्वयम् –

અવતરણિકાર્થ :-

અને તેનું=યોગબિંદુ ગ્રંથનું, આ=આગળ કહેવાશે એ, 'नत्वा' इत्यादि श्लोकद्वयम् આદિ સૂત્ર છે -

શ્લોક :-

नत्वाद्यन्तविनिर्मुक्तं, शिवं योगीन्द्रवन्दितम् ।
योगबिन्दुं प्रवक्ष्यामि, तत्त्वसिद्ध्यै महोदयम् ।।१।।
सर्वेषां योगशास्त्राणामविरोधेन तत्त्वतः ।
सन्नीत्या स्थापकं चैव मध्यस्थांस्तद्विदः प्रति ।। २।।

અન્વયાર્થ :-

आद्यन्तविनिर्मुक्तं योगीन्द्रवन्दितम् शिवं नत्वा=આદિ અને અંતથી રહિત ગણધરોથી વંદાયેલા શિવને નમસ્કાર કરીને, तत्त्वतः=તત્ત્વથી, सर्वेषां योगशास्त्राणाम् अविरोधेन=સર્વ દર્શનોના યોગશાસ્ત્રોના અવિઘટનથી ઉપલક્ષિત, चैव=અને, तद्विदः=તેના જાણનારા=યોગના જાણનારા, मध्यस्थान् प्रति=મધ્યસ્થો પ્રત્યે, सन्नीत्या=સાચી નીતિથી, (सर्वेषां योगशास्त्राणाम्) स्थापकं महोदयं योगबिन्दुम्=સર્વ યોગશાસ્ત્રોના સ્થાપક એવા મહા ઉદયવાળા યોગબિંદુને, तत्त्वसिद्ध्यै=તત્ત્વસિદ્ધિને માટે, प्रवक्ष्यामि=કહીશ. ।।૧-૨।।

શ્લોકાર્થ :-

આદિ અને અંતથી રહિત ગણધરોથી વંદાયેલા એવા શિવને નમસ્કાર કરીને તત્ત્વથી સર્વ દર્શનોના યોગશાસ્ત્રોના અવિઘટનથી ઉપલક્ષિત અને યોગના જાણનારા મધ્યસ્થો પ્રત્યે સાચી નીતિથી સર્વ યોગશાસ્ત્રોના સ્થાપક એવા મહાઉદયવાળા યોગબિંદુને તત્ત્વસિદ્ધિને માટે કહીશ. ।।૧-૨।।

टीका :-

नत्वाऽभिवन्द्य, आदिः=प्रथमभावः, अन्तः=पर्यवसानं, ताभ्यां विनिर्मुक्तं=विरहितम् किमित्याह शिवं सकलोपप्लवकलाविकलं देवताविशेषम्, कीदृशमित्याह योगीन्द्रवन्दितं=गणधरादिमहामुनि-नमस्कृतम्, किमित्याह योगबिन्दुं-योगस्य मोक्षहेतोरनुष्ठानस्य बिन्दुः=अवयवः, योगबिन्दुः, तत्प्रतिपादकतया प्रकरणमपि योगबिन्दुरुच्यते ततो योगबिन्दुनामकं प्रकरणं प्रवक्ष्यामि=अभिधास्ये, किमर्थमित्याह तत्त्वसिद्ध्यै आत्मादितत्त्वप्रतीतिनिमित्तम्, पुनरपि कीदृशं योगबिन्दुमित्याह महोदयं=महान्-प्रशस्य उदयो निःश्रेयसाभ्युदयसंसिद्धिरूपो यस्मात्, स तथा तम् ।

पुनरपि कीदृशं योगबिन्दुमित्याह –

सर्वेषां कपिलसुगतादिप्रणीतयोगशास्त्राणां=अध्यात्मग्रन्थानां अविरोधिनां (अविरोधेन) अविघटनेनोपलक्षितम् । तत्त्वतः=ऐदम्पर्यालोचनेन, न पुनः शाब्दन्यायेनापि, तस्य प्रतिदर्शनमन्यथाऽन्यथाप्रवृत्तत्वात् । पठ्यते च –

"प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयम् ।

शिववर्त्म ध्रुवाध्वेति, योगिभिर्गीयते ह्यदः" ।।१।। **(यो. दृ. स. १७६) इति ।।**

तथा सन्नीत्या-अन्वयव्यतिरेकशुद्धयुक्तिरूपया स्थापकमविसंवादापादनेन प्रतिष्ठाकारि सर्वयोगशास्त्राणामेव, 'चैव' इति समुच्चये ।

ननु योगशास्त्रकाराणां निजनिजमतात्यन्ताभिनिवेशेन विप्रतिपन्नत्वात्कथं सर्वयोगशास्त्राणां संस्थापकमिदं प्रकरणं स्यादित्याशङ्क्याऽऽह–मध्यस्थान् स्वदर्शनरागपरदर्शनद्वेषयोर्मध्यभागवर्तिनः, तद्विदः=योगशास्त्रविदः श्रोतॄन्, 'प्रति' इति, स्वदर्शनं प्रतीत्य अमध्यस्थेषु श्रोतृषु वस्तुस्थापनायोगात् । तथा चोक्तम् –

"आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।

पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम्" ।।१।। **इति ।।**

आद्यन्तविनिर्मुक्तं इति च विशेषणं शिवसन्तानापेक्षम्, न पुनरेकः कश्चिदनादिशुद्धः शिवः समस्ति, तस्य शास्त्रान्तरे महता प्रबन्धेन प्रतिषिद्धत्वात् अत्र च 'नत्वा शिवं' इत्यनेन विघ्नापोहहेतुशास्त्रमूलमङ्गलमुक्तम्, 'योगबिंदु' इत्यनेन प्रेक्षावत्प्रवृत्त्यर्थमभिधेयम्, 'तत्त्वसिद्ध्यै इत्यनेनानन्तरप्रयोजनम्, 'महोदयं' इत्यनेन तु परम्पराप्रयोजनमभिहितम्, अभिधानाभिधेयलक्षणश्च सम्बन्धः स्वयमेव वाच्य इति ।।१-२।।

ટીકાર્થ :-

નત્વા ..... વાચ્ય ઇતિ ।। આદિ અને અંતથી રહિત=પ્રથમભાવ અને પર્યવસાનથી રહિત, સકલ ઉપપ્લવની કલાથી રહિત દેવતાવિશેષરૂપ શિવ, વળી તે શિવ કેવા છે ? એથી કહે છે–યોગીન્દ્રથી વન્દિત=ગણધરાદિ મહામુનિથી નમસ્કાર કરાયેલા એવા શિવને નમસ્કાર કરીને, આવા શિવને નમસ્કાર કરીને શું ? એથી કહે છે –

યોગબિંદુ નામના પ્રકરણને હું કહીશ.

યોગબિંદુ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કરે છે –

મોક્ષના હેતુભૂત અનુષ્ઠાનરૂપ યોગનું બિંદુ=અવયવ, તે યોગબિંદુ, તેનું પ્રતિપાદકપણું હોવાને કારણે=યોગબિંદુનું પ્રતિપાદકપણું હોવાને કારણે, પ્રકરણ પણ યોગબિંદુ કહેવાય છે, તેથી 'યોગબિંદુને હું કહીશ' એના દ્વારા યોગબિંદુ નામના પ્રકરણને હું કહીશ એવો અર્થ પ્રાપ્ત થાય છે.

શા માટે યોગબિંદુને કહીશ ? એથી કરીને કહે છે –

તત્ત્વસિદ્ધિ માટે=આત્માદિ તત્ત્વની પ્રતીતિના નિમિત્તે હું યોગબિંદુને કહીશ.

વળી તે યોગબિંદુ કેવું છે ? એથી કહે છે –

મહોદયવાળું છે મહાન=પ્રશસ્ત ઉદય એ મહોદય, નિઃશ્રેયસ અને અભ્યુદયની સંસિદ્ધિરૂપ પ્રશસ્ત ઉદય, જેનાથી તે તેવું છે=મહોદયવાળું છે, તેવા યોગબિંદુને કહીશ.

વળી તે યોગબિંદુ કેવું છે ? એથી કહે છે –

કપિલ, સુગતાદિ પ્રણીત સર્વે યોગશાસ્ત્રોના=અધ્યાત્મગ્રંથોના, અવિરોધથી=અવિઘટનથી, ઉપલક્ષિત છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વ દર્શનશાસ્ત્રોના યોગગ્રંથો પરસ્પર જુદા જુદા અર્થોને કહેનારા છે, તેથી તેના અવિઘટનથી ઉપલક્ષિત પ્રસ્તુત ગ્રંથ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

તત્ત્વથી=ઐદંપર્યપર્યાલોચનથી, વળી શાબ્દન્યાયથી પણ નહિ; કેમ કે તેનું=શબ્દનું, પ્રતિદર્શન અન્યથા અન્યથા પ્રવૃત્તપણું છે, તેથી એ ફલિત થાય કે ઐદંપર્યથી વિચારીએ તો પ્રસ્તુત ગ્રંથ સર્વદર્શનોના અધ્યાત્મગ્રંથોના અવિઘટનથી ઉપલક્ષિત છે, આમ છતાં યોગને કહેનારા શબ્દોથી વિચારીએ તો પ્રતિદર્શન જુદા જુદા શબ્દો વપરાયેલા છે, તેમાં જ સાક્ષી આપતા 'પઠ્યતે ચ'થી કહે છે –

"પ્રશાન્તવાહિતા સંજ્ઞાવાળું, વિસભાગના પરિક્ષયરૂપ, મોક્ષમાર્ગ, ધ્રુવઅધ્વ એ પ્રમાણે આ=અસંગઅનુષ્ઠાન, યોગીઓ વડે કહેવાય છે." **(યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક-૧૭૬)**

ઇતિ શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અસંગ અનુષ્ઠાનને કહેનારાં જુદાં જુદાં દર્શનોના જુદા જુદા શબ્દો છે – સાંખ્યો અસંગઅનુષ્ઠાનને પ્રશાંતવાહિતા કહે છે, બૌદ્ધો વિસભાગ પરિક્ષય કહે છે અને શૈવો શિવવર્ત્મ=શિવમાર્ગ કહે છે અને મહાવ્રતિકો ધ્રુવઅધ્વ=ધ્રુવમાર્ગ, કહે છે, આનાથી એ પ્રાપ્ત થાય કે શબ્દોથી અસંગઅનુષ્ઠાનને કહેનારાં વચનો દરેક દર્શનનાં જુદાં છે અને શબ્દોનો અર્થ જુદો છે, પરંતુ અૈદંપર્યથી પર્યાલોચન કરીએ તો દરેક શબ્દો અસંગઅનુષ્ઠાનને જ બતાવે છે તેમ અૈદંપર્યથી વિચારીએ તો પ્રસ્તુત યોગબિંદુ ગ્રંથ પણ સર્વદર્શનને સંમત એવા યોગમાર્ગને જ બતાવે છે, તેથી પ્રસ્તુત ગ્રંથથી કોઈપણ દર્શનને સંમત યોગમાર્ગનું વિઘટન થતું નથી.

વળી તે યોગબિંદુ કેવું છે તે બતાવે છે –

અને સન્નીતિથી=અન્વયવ્યતિરેક શુદ્ધ યુક્તિરૂપ સન્નીતિથી, સર્વ યોગશાસ્ત્રોનું જ અવિસંવાદ આપાદન દ્વારા સ્થાપક છે=પ્રતિષ્ઠાને કરનાર છે.

મૂળશ્લોકમાં 'चैव' શબ્દ સમુચ્ચયમાં છે અને તેથી પ્રસ્તુત ગ્રંથ સર્વ યોગશાસ્ત્રોના અવિરોધથી ઉપલક્ષિત છે અને સન્નીતિથી સર્વ યોગશાસ્ત્રોનો સ્થાપક છે તેનો સમુચ્ચય થાય છે.

બીજા શ્લોકના ચોથા પાદનું ઉત્થાન કરતાં કહે છે –

યોગશાસ્ત્રકારોનું નિજ નિજ મતમાં અત્યંત અભિનિવેશવાળા હોવાને કારણે પરસ્પર વિપ્રતિપન્નપણું હોવાથી=પરસ્પર વિપરીત માન્યતાવાળાપણું હોવાથી, આ પ્રકરણ કેવી રીતે સર્વ યોગશાસ્ત્રોનું સંસ્થાપક થાય એ પ્રકારની શંકા કરીને બીજા શ્લોકના ચોથા પાદમાં કહે છે –

સ્વદર્શનનો રાગ પરદર્શનનો દ્વેષ તેના મધ્યભાગવર્તિ એવા મધ્યસ્થ અને તેના જાણનારા=યોગશાસ્ત્રના જાણનારા, શ્રોતા પ્રત્યે પ્રસ્તુત પ્રકરણ સર્વ યોગશાસ્ત્રોનું સંસ્થાપક છે, એથી કરીને કોઈ વિરોધ નથી, એ પ્રકારનું 'इति' શબ્દનું તાત્પર્ય છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વદર્શનના રાગવાળા શ્રોતા પ્રત્યે પ્રસ્તુત ગ્રંથ સર્વ યોગશાસ્ત્રોનો સંસ્થાપક કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

સ્વદર્શનને આશ્રયીને અમધ્યસ્થ શ્રોતાઓમાં વસ્તુસ્થાપનનો અયોગ છે. તેમાં સાક્ષી આપતાં કહે છે -

અને તે પ્રમાણે=સ્વદર્શનમાં રાગવાળાને આશ્રયીને અમધ્યસ્થ શ્રોતાઓમાં વસ્તુસ્થાપનનો અયોગ છે તે પ્રમાણે, કહેવાયું છે –

"આગ્રહી ખરેખર યુક્તિને ત્યાં લઈ જવા ઇચ્છે છે જ્યાં એની મતિ નિવિષ્ટ છે. વળી પક્ષપાતરહિતની મતિ જ્યાં યુક્તિ છે ત્યાં નિવેશને પામે છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

આ રીતે બન્ને શ્લોકનો અર્થ કર્યા પછી તેના દરેક અવયવનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

અને 'आद्यन्तविनिर्मुक्तं' એ પ્રકારનું વિશેષણ શિવસંતાનની અપેક્ષાએ જાણવું, પરંતુ કોઈ એક અનાદિશુદ્ધ શિવ નથી; કેમ કે તેનું=અનાદિ શુદ્ધ શિવનું, શાસ્ત્રાંતરમાં મોટા પ્રબંધથી પ્રતિષિદ્ધપણું છે અને અહીં=શ્લોકમાં, 'नत्वा शिवं' એના દ્વારા વિઘ્નના નાશનો હેતુ શાસ્ત્રમૂલ એવું મંગલ કહેવાયું, 'योगबिंदु' એના દ્વારા પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ અર્થે અભિધેય કહેવાયું, 'तत्त्वसिद्ध्यै' એના દ્વારા અનંતરપ્રયોજન કહેવાયું, 'महोदयं' એના દ્વારા પરંપરપ્રયોજન કહેવાયું અને ગ્રંથમાં અભિધાન-અભિધેય લક્ષણસંબંધ સ્વયં જ સમજી લેવો. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧-૨॥

❖ 'प्रकरणमपि'માં 'अपि'થી એ કહેવું છે કે મોક્ષના હેતુ એવા અનુષ્ઠાનનો અવયવ તો યોગબિંદુ કહેવાય, પરંતુ તે અવયવનું પ્રતિપાદક એવું પ્રકરણ પણ યોગબિંદુ કહેવાય છે.

❖ 'आत्मादितत्त्वप्रतीतिनिमित्तम्'માં 'आदि'પદથી કર્મ, કર્મનાં ફળ આદિનું ગ્રહણ કરવું.

❖ 'शाब्दन्यायेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે ઐદંપર્ય પર્યાલોચનથી તો પ્રસ્તુત ગ્રંથ અન્યદર્શનના યોગશાસ્ત્રોનો અવિરોધી છે, પરંતુ શાબ્દન્યાયથી પણ અવિરોધી નથી.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ સર્વ ઉપદ્રવોની કળાથી રહિત એવા શિવને નમસ્કાર કર્યો છે અને તે 'શિવ' શબ્દથી કેવલી પ્રાપ્ત થાય છે અને તે કેવલીને આદિ અને અંત વગરના કહેવાથી પ્રવાહ અપેક્ષાએ અનાદિકાળથી થતા કેવલી પ્રાપ્ત થાય છે. વળી તે શિવનું વિશેષણ યોગીન્દ્રથી વંદિત એમ કહેવાથી ગણધર આદિ મહામુનિથી વંદિત એવા તીર્થંકરોનું ગ્રહણ છે, અન્ય કેવલી નહિ અને તે તીર્થંકરો પણ પ્રવાહની અપેક્ષાએ આદિ અને અંત વગરના છે તેઓને નમસ્કાર કરીને ગ્રંથકારશ્રીએ મંગલાચરણ કરેલ છે.

ત્યારપછી શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથનું અભિધેય યોગબિંદુ છે તે બતાવેલ છે.

યોગબિંદુ મહોદયવાળું છે એમ કહીને એ સ્પષ્ટ કરેલ છે કે આ યોગબિંદુ ગ્રંથના પદાર્થનો યથાર્થ બોધ કરવામાં આવે તો તેનાથી અવશ્ય નિઃશ્રેયસ અને અભ્યુદય પ્રાપ્ત થાય, તેથી એ પ્રાપ્ત થાય કે યોગબિંદુ ગ્રંથના યથાર્થબોધપૂર્વક યોગમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો અવશ્ય જીવ મોક્ષની પ્રાપ્તિ કરે અને કદાચ આ ભવમાં મોક્ષપ્રાપ્તિ ન કરી શકે તો અભ્યુદય દ્વારા પરંપરાએ મોક્ષને પામે છે.

આ યોગબિંદુ ગ્રંથ રચવાનું પ્રયોજન શું છે ? તેથી બતાવે છે –

ગ્રંથકારશ્રીને આત્માદિ તત્ત્વની પ્રતીતિ કરવી છે, તદ્ નિમિત્તે આ યોગબિંદુ ગ્રંથની રચના કરી છે, આનાથી એ ફલિત થાય કે યોગબિંદુ ગ્રંથના સમ્યક્ બોધથી આત્માદિ તત્ત્વોનો સમ્યગ્ બોધ થાય છે અને તેને અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને જીવ મોક્ષને કે અભ્યુદયને પ્રાપ્ત કરે છે.

ગ્રંથકારશ્રીએ પ્રથમ શ્લોકના પૂર્વાર્ધમાં મંગલાચરણ વખતે તીર્થંકરોને વંદન કરેલ છે અને જેમનો ઉલ્લેખ શિવશબ્દથી કરેલ છે તેના દ્વારા એ બતાવવું છે કે ભગવાન મોહની સકલ કલાઓથી વિકલ છે અને ગણધર આદિ મહામુનિઓથી નમસ્કાર કરાયેલા છે અને ભગવાનને આદિ અંતથી રહિત કહીને અનાદિ

સિદ્ધ બતાવ્યા તે પ્રવાહની અપેક્ષાએ જાણવું અને તેમ બતાવવા પાછળ ગ્રંથકારશ્રીનો આશય એ છે કે ભૂતકાળમાં જે તીર્થંકરો થયા તે સર્વ તીર્થંકરોએ આ જ યોગમાર્ગ બતાવ્યો છે અને ભવિષ્યમાં થશે તે સર્વ તીર્થંકરો આ જ યોગમાર્ગને બતાવનારા થશે, માટે યોગમાર્ગના શુદ્ધ પ્રરૂપક એવા તે સર્વ તીર્થંકરોને નમસ્કાર કરવા અર્થે પ્રવાહની અપેક્ષાએ સર્વ તીર્થંકરોનો સંગ્રહ કર્યો છે.

વળી યોગમાર્ગ એ મોહના ઉપદ્રવને શમન કરવા સ્વરૂપ છે, તેથી ભગવાનનું સ્વરૂપ પણ શિવ શબ્દથી બતાવીને કહેવું છે કે સંપૂર્ણ મોહની કલાથી વિકલ ભગવાન છે, તેથી યોગની પૂર્ણભૂમિકાથી સંપન્ન છે, માટે જ યોગથી સંપન્ન અને યોગના પ્રરૂપક એવા તેમને ગ્રંથકારશ્રી અહીં નમસ્કાર કરે છે, જેથી પ્રસ્તુત ગ્રંથરચનામાં આવતાં અંતરંગ અને બહિરંગ વિઘ્નો શાંત થાય અને ગ્રંથકારશ્રી સ્વપ્રતિભાથી યોગબિંદુને યથાર્થ બતાવી શકે.

વળી યોગબિંદુને હું કહીશ એમ કહેવાથી યોગના અર્થી એવા વિચારક જીવો પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ કરશે તેમને માટે અભિધેયનું કથન છે; કેમ કે પ્રસ્તુત ગ્રંથમાં અભિધેયના કથનથી યોગના અર્થી જીવોને યોગ જાણવાની જિજ્ઞાસા થાય અને પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ થાય, જો અભિધેયનું કથન ન હોય તો પ્રસ્તુત ગ્રંથમાં વિચારકની પ્રવૃત્તિ થાય નહિ.

શ્રોતાને યોગમાર્ગના ઉપયોગી તત્ત્વનો બોધ કરાવવાનું અને પોતાનામાં યોગમાર્ગના સંસ્કારોને સ્થિર કરવાનું ગ્રંથકારશ્રીનું અનંતરપ્રયોજન છે એ પ્રકારનો અર્થ, 'તત્ત્વ સિદ્ધિ' માટે એ કથનથી પ્રાપ્ત થાય છે.

આ યોગબિંદુ મહોદયવાળું છે તેમ કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે આ યોગબિંદુનું જ્ઞાન કરીને જો કોઈ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો નિઃશ્રેયસ અને અભ્યુદયરૂપ મહોદયની તેને પ્રાપ્તિ થાય, જે ગ્રંથરચનાનું અને ગ્રંથ ભણવાનું પરંપર પ્રયોજન છે; કેમ કે ગ્રંથ ભણીને પણ જીવ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો મહોદયને પામે, તે તેનું અંતિમ પ્રયોજન છે અને ગ્રંથ રચનાર પણ યોગમાર્ગને પોતાના જીવનમાં સમ્યક્ સ્થિર કરી અને અન્યને સ્થિર કરવામાં નિમિત્તભાવ પામી પોતાનું આત્મહિત સાધે તે ગ્રંથકારશ્રીનું પરંપરપ્રયોજન છે.

વળી સર્વ દર્શનના યોગશાસ્ત્રોના યોગમાર્ગને દૃષ્ટિ સામે રાખીને તેમાં પ્રરૂપાયેલા યથાર્થ યોગમાર્ગનો ક્યાંય વિરોધ ન થાય, તે રીતે પ્રસ્તુત યોગબિંદુની રચના ગ્રંથકારશ્રીએ કરેલ છે, ફક્ત આ સર્વ યોગશાસ્ત્રોનો જે અવિરોધ છે તે ઐદંપર્યના પર્યાલોચનથી છે; કેમ કે યોગમાર્ગમાં ઉપયોગી એવા પદાર્થોને દરેક દર્શનકારે ભિન્ન ભિન્ન શબ્દોથી કહ્યા છે, તોપણ તે શબ્દોનો ઐદંપર્ય વિચારીએ તો જીવની અસંગભાવની પરિણતિને જ સર્વ દર્શનકારોએ યોગરૂપ બતાવી છે, તે રીતે મોક્ષનું જે કારણ હોય તે યોગ કહેવાય, એ પ્રકારે યોગના વિષયમાં સર્વ દર્શનની માન્યતા એકરૂપ જ છે અને તેને ક્યાંય બાધ ન આવે તે રીતે ગ્રંથકારશ્રીએ યોગબિંદુની રચના કરી છે.

વળી આ યોગબિંદુ ગ્રંથ સર્વ દર્શનોના યોગશાસ્ત્રોના પદાર્થનો સન્નીતિથી સ્થાપક છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્ણ મધ્યસ્થતાપૂર્વક અન્વયવ્યતિરેક શુદ્ધયુક્તિથી વિચારવામાં આવે તો આ ગ્રંથમાં કહેવાયેલા

યોગના પદાર્થો સર્વ દર્શનોને માન્ય એવા યોગનું સ્થાપન કરે છે, પરંતુ તેઓના મતનું નિરાકરણ ક્યાંય થતું નથી, ફક્ત તે સ્થાપન શુદ્ધ યુક્તિઓથી કરવામાં આવેલ છે, તેથી યુક્તિપૂર્વક પદાર્થને જોવાની જેની મતિ છે તેવા મધ્યસ્થ જીવોને યોગમાર્ગનો બોધ કરવામાં આ ગ્રંથ અત્યંત ઉપકારક થશે. વળી સર્વ દર્શનોને માન્ય એવો યોગમાર્ગ અનુભવ અને યુક્તિના અવિરોધરૂપે પ્રસ્તુત ગ્રંથમાંથી પ્રાપ્ત થાય તેવો છે, પરંતુ જે શ્રોતા સ્વદર્શનના પક્ષપાતી છે તેઓને પોતાના દર્શનની અસંબદ્ધ પ્રલાપરૂપ કોઈક એકાંત માન્યતા પ્રત્યે આગ્રહ છે, તેથી આ યોગબિંદુ ગ્રંથ સ્વદર્શનના વિરોધરૂપે જ ભાસશે; કેમ કે દરેક દર્શનમાં રહેલી એકાંત માન્યતાનું ખંડન કરીને યોગમાર્ગનો વિરોધ ન થાય તેવી શુદ્ધ યુક્તિથી પ્રસ્તુત ગ્રંથમાં યોગનું નિરૂપણ છે.

અહીં અન્વય-વ્યતિરેકરૂપ સદ્ નીતિથી યોગબિંદુ ગ્રંથનું નિરૂપણ આ પ્રમાણે છે –

યોગ એ સમ્યક્શ્રુત અને ચારિત્રરૂપ છે અને તેનો પ્રતિપાદક જે ગ્રંથ છે તે યોગનું કારણ છે, તેથી તેને યોગગ્રંથ કહેવાય છે અને જે યોગગ્રંથમાં ગોચરાદિની શુદ્ધિથી યોગનું નિરૂપણ હોય તે યોગગ્રંથ અનુસાર સમ્યગ્બોધ કરવામાં આવે તો સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટે છે અને તે શ્રુતજ્ઞાન પ્રમાણે સમ્યક્ પ્રવૃત્તિ કરવામાં આવે તો સમ્યગ્ ચારિત્ર પ્રગટે છે, તેથી સમ્યક્ શ્રુત અને ચારિત્રરૂપ યોગમાર્ગ જીવને પ્રાપ્ત થાય છે અને જે ગ્રંથના વચનથી આવા યોગમાર્ગની પ્રાપ્તિ થતી હોય અને તેનાથી વિપરીત કથન કરનારા એવા યોગને કહેનારા ગ્રંથથી યોગમાર્ગની પ્રાપ્તિ ન થતી હોય તો તે ગ્રંથ અન્વય-વ્યતિરેક શુદ્ધ યુક્તિથી યોગમાર્ગનો સ્થાપક છે.

અહીં અન્વય એ છે કે પ્રસ્તુત યોગબિંદુ ગોચર આદિ ત્રણની શુદ્ધિવાળું છે, તેથી તેના વચનાનુસાર યોગની પ્રાપ્તિ થાય છે અને વ્યતિરેક એ છે કે પ્રસ્તુત યોગબિંદુના કથનથી વિપરીત કહેનારા યોગગ્રંથો કે જેમાં ગોચરાદિની શુદ્ધિ નથી તેવા ગ્રંથોના વચન પ્રમાણે યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં આવે તો યોગમાર્ગની પ્રાપ્તિ થાય નહિ, તેથી જે ગ્રંથના વચનથી યોગમાર્ગની પ્રાપ્તિ થાય અને તેનાથી વિપરીત વચનથી યોગમાર્ગની પ્રાપ્તિ ન થાય તે ગ્રંથ અન્વય-વ્યતિરેક એવી શુદ્ધ યુક્તિથી યોગમાર્ગનો સ્થાપક છે અને પ્રસ્તુત ગ્રંથ અન્વય-વ્યતિરેક શુદ્ધ યુક્તિ દ્વારા સર્વ શાસ્ત્રોને મોક્ષના હેતુ રૂપે સંમત એવા યોગનો સ્થાપક છે.

અહીં કહ્યું કે અમધ્યસ્થ શ્રોતાઓમાં વસ્તુ સ્થાપનનો અયોગ છે અને તેમાં સાક્ષીપાઠ આપ્યો કે આગ્રહી શ્રોતા જ્યાં તેની મતિ છે ત્યાં યુક્તિને લઈ જવા ઇચ્છે છે અને પક્ષપાત રહિત હોય તે શ્રોતા જ્યાં યુક્તિ હોય ત્યાં મતિને લઈ જાય છે તેનો સંબંધ આ પ્રમાણે છે–જે આગ્રહી નથી તે મધ્યસ્થ છે અને તે શ્રોતા યુક્તિ પ્રમાણે મતિને ચલાવે છે તેવા શ્રોતા પ્રત્યે પ્રસ્તુત ગ્રંથ વસ્તુનું સ્થાપન કરી શકે, પરંતુ જે શ્રોતા સ્વદર્શન પ્રત્યે રાગવાળા અને પરદર્શન પ્રત્યે દ્વેષવાળા છે તે શ્રોતાને સ્વદર્શન પ્રત્યે આગ્રહ છે, તેથી તે શ્રોતા સ્વદર્શનની માન્યતા સાથે જ યુક્તિને જોડવા પ્રયત્ન કરે છે, પરંતુ જ્યાં યુક્તિ જાય છે ત્યાં તેની મતિ જતી નથી, તેથી અન્વય-વ્યતિરેક શુદ્ધ યુક્તિથી સ્વદર્શનને માન્ય એવા યોગશાસ્ત્રોનો સ્થાપક એવો પણ આ ગ્રંથ તેવા અમધ્યસ્થ શ્રોતાઓને વસ્તુનું સ્થાપન કરી શકતો નથી. **॥૧-૨॥**

અવતરણિકા :-

સર્વેષાં યોગશાસ્ત્રાણામવિરોધેન ઇત્યુક્તમ્ । અથ તમેવ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

સર્વ યોગશાસ્ત્રોના અવિરોધથી એ પ્રમાણે શ્લોક-૨માં કહેવાયું. હવે તેને જ=સર્વ યોગશાસ્ત્રોના અવિરોધને જ=પ્રસ્તુત યોગબિંદુ સર્વ યોગશાસ્ત્રોના અવિરોધથી ઉપલક્ષિત છે તેને જ, ભાવન કરતાં કહે છે –

શ્લોક :-

मोक्षहेतुर्यतो योगो भिद्यते न ततः क्वचित् ।
साध्याभेदात्तथाभावे तूक्तिभेदो न कारणम् ।।३।।

અન્વયાર્થ :-

यतः=જે કારણથી, मोक्षहेतुः=મોક્ષનો હેતુ, योगः=યોગ છે, ततः=તે કારણથી, क्वचित्=કોઈ યોગશાસ્ત્રમાં, भिद्यते न=ભેદને પામતો નથી=યોગ ભેદને પ્રાપ્ત કરતો નથી, साध्याभेदात्=કેમ કે સાધ્યનો અભેદ છે. तु=વળી तथाभावे=તથાભાવ હોતે છતે=મોક્ષરૂપ સાધ્યનો અભેદ ભાવ હોતે છતે उक्तिभेदः=ઉક્તિભેદ=યોગનાં અંગોનો ઉક્તિભેદ न कारणम्=કારણ નથી=યોગભેદનું કારણ નથી. ।।૩।।

શ્લોકાર્થ :-

જે કારણથી મોક્ષનો હેતુ યોગ છે તે કારણથી કોઈ યોગશાસ્ત્રમાં યોગ ભેદને પ્રાપ્ત કરતો નથી; કેમ કે સાધ્યનો અભેદ છે. વળી મોક્ષરૂપ સાધ્યનો અભેદ ભાવ હોતે છતે યોગનાં અંગોનો ઉક્તિભેદ યોગભેદનું કારણ નથી. ।।૩।।

ટીકા :-

मोक्षहेतुः=निवृत्तिनिमित्तं, यतो=यस्मात्कारणात्, योगः सर्वैर्योगशास्त्रकारैः सङ्गीयते, भिद्यते=भेदमनुभवति, न=नैव, ततो=मोक्षहेतुत्वाद्धेतोः, क्वचिद्योगशास्त्रे, एतदपि कुत इत्याह साध्याऽभेदात्=साध्यस्य योगाभ्यासनिष्पाद्यस्य मोक्षस्याभेदादेकरूपत्वात्, सकलकर्मक्लेशक्षयलक्षणो हि मोक्षः, न तत्र कश्चिद् भेद इति, एवं सति यत्सिद्धं तदाह–तथाभावे तु मोक्षाभेदभावे पुनः सति, उक्तिभेदः-योगशास्त्रेष्वात्मादीनां योगा(ङ्गा)नां यो भणितः स न कारणं=हेतुः, योगभेदस्य, न हि नाममात्रभेदेन भावा भिद्यन्ते, एकस्यापि शक्रादेरनेकेन नाम्ना व्यवहूियमाणत्वात् ।।३।।

ટીકાર્થ :-

मोक्षहेतुः ..... व्यवह्रियमाणत्वात् ।। જે કારણથી મોક્ષનો હેતુ=નિવૃત્તિનું કારણ, યોગ સર્વ શાસ્ત્રકારો વડે સ્વીકારાય છે તે કારણથી=મોક્ષનો હેતુ યોગ છે તે કારણથી, કોઈ યોગશાસ્ત્રમાં યોગ ભેદને પ્રાપ્ત કરતો નથી, આ પણ=યોગનો ભેદ પણ, કેમ નથી ? એથી કહે છે – સાધ્યના અભેદના કારણે=યોગના અભ્યાસથી નિષ્પાદ્ય એવા મોક્ષરૂપ સાધ્યના એકરૂપપણાને કારણે, યોગશાસ્ત્રોમાં યોગનો ભેદ નથી એમ અન્વય છે.

સર્વ યોગશાસ્ત્રોમાં સાધ્યનો અભેદ કેમ છે ? તેથી કહે છે –

સકલ કર્મક્લેશ ક્ષયરૂપ મોક્ષ છે, ત્યાં=મોક્ષના આ પ્રકારના લક્ષણમાં કોઈ ભેદ નથી=સર્વ દર્શનકારોને માન્ય મોક્ષમાં કોઈ ભેદ નથી, 'इति'=શબ્દ હેતુઅર્થક છે, એ હેતુથી સાધ્યનો અભેદ છે એમ અન્વય છે, આમ હોતે છતે=સર્વ દર્શનકારોને માન્ય એવા મોક્ષનો અભેદ હોતે છતે=મોક્ષરૂપ સાધ્યનો અભેદ હોતે છતે, જે સિદ્ધ થાય છે તેને કહે છે – વળી તે પ્રકારનો ભાવ હોતે છતે=મોક્ષનો અભેદભાવ હોતે છતે, ઉક્તિભેદ=યોગશાસ્ત્રમાં આત્માદિ યોગાંગોનો જે ઉક્તિભેદ કહેવાયો છે તે ઉક્તિભેદ, યોગભેદનું કારણ નથી, हि=જે કારણથી, નામમાત્રના ભેદથી ભાવો જુદા થતા નથી; કેમ કે એક પણ શક્રાદિનો અનેક નામોથી વ્યવહાર થાય છે. ।।૩।।

❖ 'एतदपि'માં 'अपि'થી સર્વ યોગશાસ્ત્રોનો પરસ્પર ભેદ નથી; એ સમુચ્ચય થાય છે.

❖ 'आत्मादीनाम्'માં 'आदि' પદથી કર્મ, કર્મસંયોગ અને શાસ્તાનું ગ્રહણ કરવું.

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે અનેક વસ્તુનો તો જુદા જુદા નામથી વ્યવહાર થાય છે, પરંતુ, એક પણ શક્રાદિનો અનેક નામથી વ્યવહાર થાય છે.

ભાવાર્થ :-

સર્વ દર્શનકારો મોક્ષનો જે હેતુ હોય તેને યોગ કહે છે, તેથી મોક્ષના હેતુરૂપે યોગનો ભેદ કોઈ દર્શનમાં નથી અને મોક્ષ સકલ કર્મ અને ક્લેશના ક્ષય સ્વરૂપ છે, તેથી મોક્ષના સ્વરૂપમાં પણ કોઈ યોગશાસ્ત્રકારોનો ભેદ નથી અને યોગને સ્વીકારવા માટે તેનાં ચાર અંગો ઉપયોગી છે, જે સ્વયં ગ્રંથકારશ્રી શ્લોક-૧૭-૧૮માં બતાવવાના છે અને તે યોગનાં ચાર અંગો આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને શાસ્તા છે, તે ચારે વસ્તુ સર્વ દર્શનકારોને ભિન્ન ભિન્ન શબ્દોથી સ્વીકૃત છે, તેથી એ પ્રાપ્ત થાય કે જો આ ચાર વસ્તુ સ્વીકારવામાં આવે અને સકલ કર્મના ક્ષયરૂપ મોક્ષ સ્વીકારવામાં આવે અને તેનું જે કારણ હોય તે યોગ છે તેમ માનવામાં આવે તો યોગની સંગતિ થઈ શકે.

હવે યોગના અંગરૂપ જે ચાર પદાર્થો કહ્યા તે ચારે પદાર્થો સર્વ દર્શનકારો માને છે તોપણ તે ચારે પદાર્થોને જુદા જુદા નામથી કહે છે તે સ્વયં ગ્રંથકારશ્રી શ્લોક-૧૭-૧૮માં બતાવશે, પરંતુ તે ચારે અંગો સ્વીકાર્યા પછી તેનો નામમાત્રથી ભેદ હોય તેટલા માત્રથી સર્વ દર્શનોના યોગના ભેદની પ્રાપ્તિ થાય નહિ; કેમ કે એક જ શક્રને જુદા જુદા નામથી બોલાવીએ તોપણ શક્રના ભેદની પ્રાપ્તિ થાય નહિ.

પ્રસ્તુત શ્લોકના કથનથી એ પ્રાપ્ત થાય કે યોગનાં ચાર અંગો, મોક્ષ અને મોક્ષનો હેતુ એટલી વસ્તુમાં સર્વ દર્શનકારો એક વિચારવાળા છે, અને તે અપેક્ષાએ પ્રસ્તુત યોગશાસ્ત્ર પણ તેનું સ્થાપન કરે છે, માટે અવતરણિકામાં કહ્યું કે સર્વ યોગશાસ્ત્રોના અવિરોધથી પ્રસ્તુત ગ્રંથ ઉપલક્ષિત છે તે સંગત થાય છે. ॥૩॥

અવતરણિકા :-

અથાત્રૈવ વિશેષમાહ –

અવતરણિકાર્થ :-

હવે અહીં જ=સર્વ દર્શનકારોને માન્ય એવા યોગના વિષયમાં જ, વિશેષને કહે છે –

ભાવાર્થ :-

મોક્ષના હેતુરૂપે યોગનો સ્વીકાર સર્વ દર્શનકારો કરે છે, એ રીતે યોગમાં ભેદ નથી, તોપણ યોગના વિષયમાં શું વિચારવા જેવું છે કે જેથી સર્વ દર્શનકારોના યોગમાર્ગમાં શું ભેદ છે અને શું ભેદ નથી તેનો યથાર્થ નિર્ણય થઈ શકે ? તે બતાવે છે –

શ્લોક :-

मोक्षहेतुत्वमेवास्य किन्तु यत्नेन धीधनैः ।
सद्गोचरादिसंशुद्धं मृग्यं स्वहितकाङ्क्षिभिः ।।४।।

અન્વયાર્થ :-

स्वहितकाङ्क्षिभिः धीधनैः=પોતાના હિતની કાંક્ષાવાળા બુદ્ધિમાન પુરુષોએ, किन्तु=केवल=ફક્ત, अस्य=આનું=યોગનું, सद्गोचरादिसंशुद्धं मोक्षहेतुत्वमेव=सद्गोचरादिसंशुद्ध मोक्षहेतुपणुं જ, यत्नेन=પ્રયત્નથી, मृग्यं=શોધવું જોઈએ. ॥૪॥

શ્લોકાર્થ :-

પોતાના હિતની કાંક્ષાવાળા બુદ્ધિમાન પુરુષોએ ફક્ત યોગનું સદ્ગોચરાદિસંશુદ્ધ મોક્ષહેતુપણું જ પ્રયત્નથી શોધવું જોઈએ. ॥૪॥

ટીકા :-

मोक्षहेतुत्वमेव=मोक्षनिमित्तभाव एव, नापरं किञ्चित्, अस्य=योगस्य, किन्तु=केवलं, यत्नेन=आदरेण, धीधनैः=बुद्धिमद्भिः, 'मृग्यम्' इत्युत्तरेण योगः। कीदृशमित्याह – सता=अनुपचरितेन, गोचरादिना-ऽनन्तरमेव दर्शयिष्यमाणेन, संशुद्धम्=अनवद्यम्, मृग्यं=आत्मादौ मोक्षहेतुर्योगो युज्यत इत्येवंरूपेण निपुणोहापोहयोगेन गवेषणीयं, कीदृशैः ? स्वहितकांक्षिभिः=आत्मकल्याणचिन्तकैः, योगवञ्चनायां हि पुरुषस्य सर्वपुरुषार्थेषु वञ्चना नियमात्सम्पद्यते । यदवाचि –

"एसो य उत्तमो जं, पुरिसत्थो एत्थ वञ्चिओ नियमा ।

वञ्चिज्जइ सव्वेसुं, कल्लाणेसुं न संदेहो ।।१।।" **[पंचवस्तु-१०२५] ।।४।।**

ટીકાર્થ :-

मोक्षहेतुत्वमेव ..... न संदेहो ।।" કેવલ=ફક્ત, આનો=યોગનો, મોક્ષહેતુત્વ જ=મોક્ષનિમિત્તભાવ જ, યત્નથી=આદરપૂર્વક, બુદ્ધિમાન પુરુષોએ વિચારવો જોઈએ, અન્ય કંઈ નહિ, કેવું મોક્ષહેતુત્વ ? એથી કહે છે – સતા=અનુપચરિત એવા ગોચરાદિ વડે, સંશુદ્ધ=અનવદ્ય, મોક્ષહેતુત્વ શોધવું જોઈએ.

ગોચરાદિ શું છે ? તેથી કહે છે કે –

અનંતર જ દેખાડાશે એવા ગોચરાદિ વડે સંશુદ્ધ મોક્ષહેતુત્વ શોધવું જોઈએ, 'मृग्यं' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે – આત્માદિમાં મોક્ષનો હેતુ એવો યોગ ઘટે છે કે નહિ તે રૂપ નિપુણ ઊહાપોહના યોગથી ગવેષણા કરવી જોઈએ.

કેવા પુરુષોએ ગવેષણા કરવી જોઈએ ? એથી કહે છે –

પોતાના હિતની કાંક્ષાવાળા પુરુષોએ=આત્મકલ્યાણના ચિંતક પુરુષોએ, ગવેષણા કરવી જોઈએ, હિ=જે કારણથી, પુરુષની યોગવંચના થયે છતે સર્વપુરુષાર્થોમાં વંચના નિયમથી થાય છે, જે કારણથી કહેવાયું છે –

"जं=જે કારણથી, एसो य उत्तमो पुरिसत्थो=આ ઉત્તમ પુરુષાર્થ છે=યોગ ઉત્તમ પુરુષાર્થ છે, एत्थ=યોગમાં ઠગાયેલો, નિયમથી સર્વકલ્યાણોમાં ઠગાય છે, સંદેહ નથી." (પંચવસ્તુ-૧૦૨૫) **।।૪।।**

❖ 'आत्मादौ'માં 'आदि' પદથી યોગની પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં બતાવ્યું એ રીતે સર્વ દર્શનકારો મોક્ષના હેતુને યોગ કહે છે, તેથી મોક્ષના કારણરૂપે સર્વ દર્શનકારોને માન્ય યોગ સમાન છે, તોપણ યોગના વિષયમાં ગોચરાદિની શુદ્ધિ બુદ્ધિમાન પુરુષે વિચારવી જોઈએ. જો તે યોગ ગોચરાદિ શુદ્ધ ન હોય તો તે મોક્ષનો હેતુ બને નહિ, તેથી મોક્ષના હેતુરૂપે માન્ય હોવા છતાં તે મોક્ષનો હેતુ ન હોય તો તેના સેવનથી મોક્ષની પ્રાપ્તિ થાય નહિ, માટે આત્મકલ્યાણના અર્થી એવા બુદ્ધિમાન પુરુષે ગોચરાદિની શુદ્ધિ સમ્યગ્ વિચારવી જોઈએ; કેમ કે યોગના વિષયમાં ગોચરાદિની શુદ્ધિ વિચારવામાં ન આવે તો યોગની વંચનાની પ્રાપ્તિ થાય અને ગોચરાદિથી શુદ્ધ એવો તે યોગ નહિ હોવા છતાં તેને યોગરૂપે સ્વીકારવામાં આવે તો મોક્ષનું કારણ બને નહિ.

વળી યોગની વંચનામાં સર્વ પુરુષાર્થની વંચના થાય છે એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે જીવ યોગમાર્ગમાં પ્રવૃત્ત થાય ત્યારથી મોક્ષ ન પામે ત્યાં સુધી પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ દ્વારા અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ=અર્થ અને કામ શ્રેષ્ઠ કોટિના મેળવે છે, ધર્મપુરુષાર્થ પણ સારો સાધે છે અને અંતે મોક્ષરૂપ ફળને પામે છે, પરંતુ જે યોગ ન હોય તેને યોગ તરીકે સ્વીકારીને પ્રવૃત્તિ કરવામાં આવે તો તેનાથી જેમ

મોક્ષરૂપ ફળ ન મળી શકે તેમ પુણ્યાનુબંધીપુણ્ય દ્વારા ધર્મ-અર્થ-કામ પુરુષાર્થની પણ પ્રાપ્તિ ન થાય, તેથી ચારે પુરુષાર્થની અપ્રાપ્તિનો પ્રસંગ આવે. માટે સંસારમાં સુખી થઈને પૂર્ણ સુખ મેળવવાની ઇચ્છાવાળા પુરુષે ચારે પુરુષાર્થની સમ્યગ્ નિષ્પત્તિના ઉપાયભૂત એવા યોગની વંચના કરવી જોઈએ નહિ, પરંતુ નિપુણ ઊહાપોહપૂર્વક ગોચરાદિની શુદ્ધિથી મોક્ષના હેતુરૂપ યોગનો નિર્ણય કરવો જોઈએ અને તે રીતે નિર્ણય કરીને યોગમાં પ્રવૃત્તિ કરવાથી સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે.

અહીં આત્માદિમાં મોક્ષનો હેતુ એવો યોગ ઘટે છે કે નહિ તેની ગવેષણા કરવી જોઈએ એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ આત્માને એકાંત નિત્ય માને છે અથવા આત્માને એકાંત ક્ષણિક માને છે તેઓના મતમાં મોક્ષનો હેતુ યોગ ઘટતો નથી અને જેઓ આત્માને પરિણામી માને છે તેમના મત પ્રમાણે મોક્ષનો હેતુ એવો યોગ આત્મામાં ઘટે છે.

વળી, આત્માદિમાં આદિ પદથી યોગની પ્રવૃત્તિનું ગ્રહણ છે, તેથી તે પ્રવૃત્તિમાં મોક્ષનો હેતુ યોગ ઘટે છે કે નહિ તે નિપુણ ઊહાપોહપૂર્વક વિચારવું જોઈએ તેથી કઈ પ્રવૃત્તિથી રાગાદિનું ઉન્મૂલન થાય અને કઈ પ્રવૃત્તિથી રાગાદિનું ઉન્મૂલન ન થાય તેનો નિર્ણય કરવો જોઈએ. **॥૪॥**

અવતરણિકા :-

अथ कस्मादस्य गोचरादिशुद्धिः मृग्यत इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

આની=યોગની, ગોચરાદિ શુદ્ધિ કેમ ગવેષણા કરાય છે ? એ પ્રકારની શંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

મોક્ષનો જે હેતુ હોય તે યોગ છે તેમ સર્વ દર્શનકારો માને છે, તેથી સર્વ દર્શનકારોને માન્ય એવા મોક્ષના હેતુના સેવનથી મોક્ષની પ્રાપ્તિ થશે, તેથી મોક્ષના અર્થીએ મોક્ષના ઉપાયભૂત યોગમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે, પરંતુ ગોચરાદિની શુદ્ધિની ગવેષણા કરવાની શું આવશ્યકતા છે ? એ પ્રકારની શંકા કરીને કહે છે -

શ્લોક :-

गोचरश्च स्वरूपं च फलं च यदि युज्यते ।
अस्य योगस्ततोऽयं यन्मुख्यशब्दार्थयोगतः ।।५।।

અન્વયાર્થ :-

अस्य=આના=યોગના, गोचरश्च स्वरूपं च फलं च=ગોચર, સ્વરૂપ અને ફલ, यदि युज्यते=જો ઘટે છે, ततः=તેના કારણે=ગોચરાદિના યોગ કારણે, यद्=જે કારણથી, मुख्यशब्दार्थयोगतः=મુખ્ય શબ્દાર્થનો યોગ થવાથી, अयं योगः=આ યોગ છે. ।।૫।।

શ્લોકાર્થ :-

આના ગોચર, સ્વરૂપ અને ફલ જો ઘટે છે તેના કારણે, જે કારણથી મુખ્ય શબ્દાર્થનો યોગ થવાથી આ યોગ છે. ।।૫।।

ટીકા :-

गोचरो=विषयः, परिणामिजीवलक्षणः, स्वरूपं-सर्वार्थेषूचितप्रवृत्तिलक्षणम्, फलं-मोक्षात्मकम्, चकारा उक्तसमुच्चये, 'यदि' इत्यभ्युपगमे, युज्यते=घटते, अस्य=योगस्य, योगः ततो=गोचरादियोगात्, अयं वस्तुतो यद्यस्मात्तत्स्यात्, एतदपि कुत इत्याह–मुख्यस्य=अनुपचरितस्य, शब्दार्थस्य 'मोक्षेण योजनाद्योग' इत्येवंलक्षणस्य योगतो=घटनात् ।।५।।

ટીકાર્થ :-

गोचरो=विषयः, ... घटनात् ।। ગોચર=વિષય=યોગનો વિષય - પરિણામીજીવસ્વરૂપ છે, યોગનું સ્વરૂપ - સર્વ અર્થોમાં ઉચિતપ્રવૃત્તિસ્વરૂપ છે અને યોગનું ફલ - મોક્ષાત્મક છે, ત્રણ 'च'કાર આ ત્રણેયના સમુચ્ચય માટે છે. જો આ યોગના ગોચરાદિ ઘટે છે, તેનાથી=ગોચરાદિના યોગથી, આ યોગ વસ્તુતઃ જે કારણથી તે થાય=યોગ થાય, આ પણ કેમ ?=ગોચરાદિના યોગથી યોગ એ યોગ થાય એ પણ કેમ ?, એથી કહે છે – મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી યોગ છે એ સ્વરૂપ મુખ્ય= અનુપચરિત શબ્દાર્થના યોગથી=ઘટનથી, ગોચરાદિના યોગને કારણે આ યોગ યોગ છે એમ અન્વય છે. ।।૫।।

ભાવાર્થ :-

'યોગ' શબ્દથી સમ્યક્ શ્રુતજ્ઞાનનું અને તેનાથી નિયંત્રિત ઉચિતક્રિયાનું ગ્રહણ છે; કેમ કે સમ્યક્ શ્રુતજ્ઞાનથી અને તેનાથી નિયંત્રિત ઉચિતક્રિયાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે અને સમ્યક્ શ્રુતજ્ઞાન યોગનો વિષય બતાવે છે કે પરિણામી જીવ છે, યોગનું સ્વરૂપ બતાવે છે કે સર્વ અર્થોમાં ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ અને સર્વ અર્થોમાં ઉચિત પ્રવૃત્તિ એ છે કે અતીન્દ્રિય પદાર્થોમાં સર્વજ્ઞના વચનાનુસાર જ પ્રવૃત્તિ કરવી જોઈએ અને તેથી કયું વચન સર્વજ્ઞનું છે તેનો નિર્ણય કરી સર્વજ્ઞ જે પ્રમાણે કહેતા હોય તે જ રીતે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમના વચનના બળથી યોગનું સ્વરૂપ પ્રાપ્ત થાય અને તેનું મોક્ષ રૂપ ફળ પ્રાપ્ત થાય.

સર્વ દર્શનકારો મોક્ષના હેતુને યોગ કહે છે, પરંતુ યોગનો વિષય જીવ છે તેને પરિણામી માનતા નથી પણ કેટલાક એકાંતે નિત્ય માને છે અને કેટલાક એકાંતે ક્ષણિક માને છે. જો જીવ એકાંતે નિત્ય હોય તો પરિણામાંતર પામે નહિ અને તેથી પૂર્વમાં જો જીવમાં યોગનો અભાવ હોય તો ગમે તેટલો યત્ન કરીને તે જીવ યોગને પ્રાપ્ત કરી શકે નહિ અને જો જીવમાં પૂર્વમાં યોગ ન હતો છતાં યત્નથી તે જીવે યોગને પ્રગટ

કર્યો તેમ માનવામાં આવે તો યોગનો વિષય આત્મા પરિણામી છે તેમ સ્વીકારવું પડે અને આત્મા પરિણામી સ્વીકારીએ તો એકાંત નિત્યવાદ કે એકાંત ક્ષણિકવાદ સંગત થાય નહિ, તેથી જેઓ આત્માને એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક માને છે તેઓના મતે યોગનો વિષય એવો આત્મા પરિણામી નહિ હોવાથી તેમના વચનરૂપ શ્રુતજ્ઞાનમાં ગોચરની શુદ્ધિ નથી.

વળી યોગનું સ્વરૂપ સર્વ અર્થોમાં=સર્વ પદાર્થોમાં, ઉચિત પ્રવૃત્તિરૂપ છે અને ઉચિત પ્રવૃત્તિ એ છે કે યોગમાર્ગને કહેનારાં શાસ્ત્રોની પ્રામાણિક પ્રજ્ઞાથી પરીક્ષા કરીને જે શાસ્ત્ર યથાર્થ યોગમાર્ગના સ્વરૂપને બતાવતું હોય તે શાસ્ત્રને સ્વીકારીને તેના વચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓ કરવી અને જે દર્શનકારોના મતમાં ગોચરની શુદ્ધિ નથી તે દર્શનકારોનાં વચનો યથાર્થ પદાર્થને કહેનારાં નથી અને તેવાં વચનોના બળે પ્રવૃત્તિ કરવાથી ઉચિત પ્રવૃત્તિ થાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે જે દર્શનકારોનાં વચનોમાં ગોચરની શુદ્ધિ નથી તે દર્શનકારો પણ યોગની સર્વ ઉચિત પ્રવૃત્તિ બતાવતા હોય તો તે ઉચિત પ્રવૃત્તિના સેવનથી મોક્ષરૂપ ફળ થશે, માટે ગોચરની શુદ્ધિની આવશ્યકતા નથી, તેનું સમાધાન એ છે કે વિચારકની સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ હોય છે, તેથી અતીન્દ્રિય પદાર્થમાં સર્વજ્ઞનું વચન પ્રમાણ છે, અન્યનું નહિ, તેમ નિર્ણય કરીને વિચારક પ્રવૃત્તિ કરે છે, તેથી જે વચનો યોગમાર્ગનું કથન કરતા હોય અને યોગનો વિષય એવો આત્મા પરિણામી છે તેમ ન સ્વીકારતા હોય તો તેમના મતે યોગની સંગતિ થાય નહિ, તેથી અનુભવથી વિરુદ્ધ એવા તેમના વચનથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ થઈ શકે નહિ તેવો નિર્ણય કરીને વિચારક પુરુષ તે દર્શનનો ત્યાગ કરે છે અને સર્વત્ર ઉચિત વચનો જે દર્શનમાં પ્રાપ્ત થતાં હોય તે દર્શનને સ્વીકારીને તે દર્શનના વચનાનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. માટે જે દર્શનમાં ગોચર શુદ્ધિ ન હોય તે દર્શનનું વચન મિથ્યાશ્રુતરૂપ છે તેથી પ્રમાણ બને નહિ.

દિગંબરો પણ પરિણામી જીવને માને છે; કેમ કે તેઓ અનેકાંતવાદ સ્વીકારે છે, તેથી તેમના મતે ગોચરની શુદ્ધિ છે. વળી દિગંબરો હિંસાદિ ભાવોનો નિષેધ કરે છે અને રાગાદિના પ્રતિપક્ષભાવનરૂપ ધ્યાન-અધ્યયનાદિમાં વિધિને કહે છે, તેથી દિગંબરના મતમાં તેટલા અંશમાં યોગનું સ્વરૂપ યથાર્થ હોવા છતાં વિધિ-નિષેધને અનુરૂપ એવી ઉચિત પ્રવૃત્તિ તેમના મતમાં નથી, આથી જ ધર્મધ્યાનની વૃદ્ધિના કારણીભૂત અને સંવેગની વૃદ્ધિના કારણીભૂત શાસ્ત્રઅધ્યયનની પ્રવૃત્તિમાં ઉપષ્ટંભક વસ્ત્રનો એકાંત નિષેધ કરે છે, તેથી તેમનું શાસ્ત્ર કેટલાંક સ્થાને ઉચિત પ્રવૃત્તિનો નિષેધ કરનાર હોવાથી સર્વ અર્થોમાં ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ યોગને બતાવતું નથી, માટે તેમના શાસ્ત્રથી થયેલા શ્રુતજ્ઞાન દ્વારા સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ જ થાય તેવો નિયમ નથી, તેથી દિગંબરના મતમાં સંપૂર્ણ સમ્યગ્ યોગમાર્ગની પ્રાપ્તિ નથી.

વળી એકાંત ક્ષણિકવાદી કે એકાંત નિત્યવાદી યોગમાર્ગને કહેનારા છે અને મોક્ષનો હેતુ યોગ છે તેમ સ્વીકારે છે અને યોગના અંગ તરીકે આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને શાસ્તા, આ ચારને નામભેદથી સ્વીકારે છે અને મોક્ષની પ્રવૃત્તિ અર્થે હિંસાદિનો નિષેધ અને અહિંસાનું પાલન કરવાનું કહે છે તેટલા અંશમાં તેઓના દર્શનમાં યોગમાર્ગને કહેનારાં વચનો યથાર્થ પ્રાપ્ત થાય છે, વળી દિગંબરોના મતમાં પણ

તે સર્વ વચનો યથાર્થ પ્રાપ્ત થાય છે, ઉપરાંત ગોચરશુદ્ધિની પ્રાપ્તિ થાય છે, વળી હિંસાની નિવૃત્તિ અને અહિંસાના પાલનમાં સૂક્ષ્મ વિચારણાઓ અન્ય દર્શન કરતાં અધિક દિગંબરના મતમાં પ્રાપ્ત થાય છે, તેટલા અંશથી દિગંબર મત પણ યથાર્થવાદી છે, તોપણ વસ્ત્રાદિમાં એકાંત હોવાને કારણે દિગંબરના દર્શનમાં સર્વ સ્થાને ઉચિત પ્રવૃત્તિરૂપ યોગમાર્ગની પ્રાપ્તિ થતી નથી; કેમ કે ધ્યાન-અધ્યયનાદિ માટે ઉપષ્ટંભક એવા વસ્ત્રનો નિષેધ કરીને તે સ્થાનમાં અનુચિત પ્રવૃત્તિ બતાવનાર દિગંબર દર્શન છે, માટે દિગંબરના મતમાં પૂર્ણ સ્વરૂપ શુદ્ધિ નથી.

વીર ભગવાનની પરંપરામાં પ્રાપ્ત એવા શ્વેતાંબર મતમાં ગોચર, સ્વરૂપ અને ફલ સંગત થાય છે, તે આ રીતે –

શ્વેતાંબર મતની માન્યતા પ્રમાણે આત્મા પરિણામી છે, તેથી ગોચરની શુદ્ધિ છે એમ નિર્ણય થાય છે.

વળી શ્વેતાંબર દર્શનનું શાસ્ત્ર હિંસાદિનો નિષેધ કરે છે અને રાગાદિના પ્રતિપક્ષભાવનરૂપ ધ્યાન-અધ્યયનમાં વિધિ બતાવે છે અને તેને અનુરૂપ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ બતાવે છે અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી સર્વ અર્થોમાં ઉચિત પ્રવૃત્તિરૂપ સ્વરૂપની સંગતિ થાય છે, માટે શ્વેતાંબર દર્શનમાં સ્વરૂપની શુદ્ધિ છે એમ નિર્ણય થાય છે.

વળી સર્વ સ્થાનોમાં ઉચિત પ્રવૃત્તિ થવાથી રાગાદિનો નાશ થાય છે અને ગુણની વૃદ્ધિ થાય છે, તેથી ક્રમે કરીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. માટે શ્વેતાંબરદર્શનમાં ફલની શુદ્ધિ છે એમ નિર્ણય થાય છે.

તેથી જે દર્શનમાં 'મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી યોગ' એવા લક્ષણવાળા શબ્દના અનુપચરિત અર્થનું ઘટન હોય તે દર્શન ગોચર આદિ શુદ્ધિવાળું છે, માટે તે દર્શનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી યોગની પ્રાપ્તિ થાય છે તેવો વિચારકને નિર્ણય થાય, તેથી જો તે પરીક્ષક હોય તો પ્રત્યેક દર્શનમાં આ ત્રણે પ્રકારની શુદ્ધિ ક્યાં પ્રાપ્ત થાય છે અને ક્યાં પ્રાપ્ત થતી નથી તેનો નિર્ણય કરીને તે દર્શન સ્વીકારે અને તે દર્શન અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે તો હિતની પ્રાપ્તિ થાય, માટે વિચારકે ગોચરાદિની શુદ્ધિ વિચારવી જોઈએ. **॥૫॥**

અવતરણિકા :-

અથ યથોદ્દેશં નિર્દેશાદ્ ગોચરાદિશુદ્ધિમેવ ભાવયતિ –

❖ અહીં ગોચરશુદ્ધિથી તાપશુદ્ધિનું ગ્રહણ છે. તેની વિચારણા શ્લોક-૩૦ સુધી કરી છે ત્યારપછી સર્વ પ્રયોજનમાં ઉચિત પ્રવૃત્તિરૂપ સ્વરૂપશુદ્ધિની વિચારણા યોગના ભેદનાં વર્ણનથી કરેલ છે અને આ યોગમાર્ગ વૃત્તિસંક્ષય દ્વારા મોક્ષનું કારણ છે એમ જે અંતમાં બતાવેલ છે તે ફલશુદ્ધિ છે.

અવતરણિકાર્થ :-

હવે જે પ્રમાણે ઉદ્દેશ છે તે પ્રમાણે નિર્દેશ હોવાથી ગોચરાદિની શુદ્ધિને જ ભાવન કરે છે –

ભાવાર્થ :-

શ્લોક-૫માં કહ્યું કે જે યોગમાં ગોચરની, સ્વરૂપની અને ફલની શુદ્ધિ સંગત થાય તે યોગ થાય, તેથી જે ક્રમથી શ્લોક-૫માં ગોચરાદિ કહ્યા તે ક્રમપૂર્વક નિર્દેશ કરવો હોય તો પ્રથમ ગોચરશુદ્ધિ બતાવવી જોઈએ, તેથી હવે ગોચરશુદ્ધિને જ ભાવન કરે છે –

શ્લોક :-

आत्मा तदन्यसंयोगात्संसारी तद्वियोगतः ।
स एव मुक्त एतौ च तत्स्वाभाव्यात्तयोस्तथा ।।६।।

અન્વયાર્થ :-

આત્મા=જીવ, તદન્યસંયોગાત્=તેનાથી અન્ય સાથે સંયોગથી=આત્માથી અન્ય એવા કર્મ સાથે સંયોગથી, સંસારી=સંસારી છે, તદ્વિયોગતઃ=તેના વિયોગથી=અન્ય એવા કર્મના વિયોગથી, સ એવ મુક્તઃ=તે જ મુક્ત છે=આત્મા જ મુક્ત છે, ચ=અને, તયોઃ=તે બેનું=તદન્યસંયોગનું અને તદન્યવિયોગનું, તત્સ્વાભાવ્યાત્=તત્સ્વભાવવાળાપણું હોવાથી=સંસારહેતુ અને મોક્ષહેતુ સ્વભાવવાળાપણું હોવાથી, એતૌ=આ બન્ને છે=સંસાર અને મોક્ષ છે. તથા='તથા'શબ્દ સાતમા શ્લોકના વક્તવ્યના સમુચ્ચય માટે છે. ।।૬।।

શ્લોકાર્થ :-

આત્મા તેનાથી અન્ય સાથે સંયોગથી સંસારી છે, તેના વિયોગથી તે જ મુક્ત છે અને તદન્યસંયોગનું અને તદન્યવિયોગનું સંસારહેતુ અને મોક્ષહેતુ સ્વભાવવાળાપણું હોવાથી સંસાર અને મોક્ષ છે. 'તથા' શબ્દ સાતમા શ્લોકના વક્તવ્યના સમુચ્ચય માટે છે. ।।૬।।

ટીકા :-

आत्मा=जीवः, तदन्यसंयोगात्=तस्मादात्मनोऽन्येन कर्मणा सम्बन्धात्, किमित्याह – संसारी=नारकादिपर्यायवान् तथा तद्वियोगतः=तदन्यविरहात्, स एव=यो द्रव्यरूपतयात्मा संसारी न पुनरन्यः, मुक्तो-मोक्षभाक्, एतौ च संसारमोक्षौ पुनः तत्स्वाभाव्यात्संसारहेतुर्मोक्षहेतुश्च स्वभावो ययोस्तौ तथा तद्भावस्तस्मात्, तयोस्तदन्यसंयोगवियोगयोः, तथा इति वक्तव्यान्तरसमुच्चयार्थः ।।६।।

ટીકાર્થ :-

आत्मा=जीवः ..... वक्तव्यान्तरसमुच्चयार्थः ।। આત્મા=જીવ, તેનાથી અન્ય સાથે સંયોગથી=આત્માથી અન્ય એવા કર્મ સાથે સંબંધથી, સંબંધથી શું ? એથી કહે છે – સંસારી છે=નારકાદિ પર્યાયવાળો છે, અને તેના વિયોગથી=આત્માથી અન્ય એવા કર્મ સાથે સંબધના વિરહથી, તે જ=દ્રવ્યરૂપે જે આત્મા સંસારી હતો તે જ, મુક્ત થાય, અન્ય નહિ અને આ બે=સંસાર અને મોક્ષ, વળી તે બેના=તદન્યસંયોગ

અને તદન્યવિયોગ તે બેના, તદ્સ્વભાવવાળાપણાથી છે, 'तत्स्वाभाव्य'નો અર્થ કરે છે-સંસારહેતુ અને મોક્ષહેતુ સ્વભાવ છે જે બેને તે બન્ને તેવા છે અને તેનો ભાવ તે તત્સ્વાભાવ્ય, અને તેનાથી સંસાર અને મોક્ષ છે એમ અન્વય છે. શ્લોકના અંતે 'तथा' શબ્દ છે તે વક્તવ્યાંતરના સમુચ્ચય માટે છે=ગોચરશુદ્ધિ માટે જેમ પ્રસ્તુત શ્લોક છે તેમ ગોચરશુદ્ધિના અન્ય વક્તવ્યનું કથન શ્લોક-૭માં છે તે રૂપ વક્તવ્યાંતરના સમુચ્ચય માટે 'तथा' શબ્દ છે. અહીં 'तत्स्वाभाव्यात्'માં 'मतु' અર્થી બહુવ્રીહિ કરેલ છે, તેથી એ પ્રાપ્ત થાય કે સંસારહેતુ અને મોક્ષહેતુ સ્વભાવવાળા તદન્યસંયોગ અને તદન્યવિયોગ છે તેથી તદન્યસંયોગમાં અને તદન્યવિયોગમાં તત્સ્વભાવવાળાપણું છે અને તેનાથી સંસાર અને મોક્ષ છે. ॥૬॥

ભાવાર્થ :-

પ્રસ્તુત શ્લોકમાં ગોચરની શુદ્ધિ છે તે આ રીતે – ગોચર એટલે વિષય અને યોગનો વિષય આત્મા છે; કેમ કે યોગ આત્મામાં પ્રગટે છે. હવે જો આત્મા એકાંતે નિત્ય કે એકાંતે ક્ષણિક હોય તો પ્રયત્નથી આત્મામાં પરિવર્તન થઈ શકે નહિ, પરંતુ જો આત્મા પરિણામી હોય તો જીવના પ્રયત્નથી આત્મામાં પરિવર્તન થઈ શકે છે તેમ માની શકાય, અને જે દર્શન જીવને પરિણામી માને છે તે દર્શનના વચન પ્રમાણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીએ તો જીવ પ્રથમ યોગ વગરનો હતો, પ્રયત્નથી યોગના પરિણામવાળો થયો અને યોગના પરિણામના ફલરૂપે મોક્ષરૂપ ફલને પામ્યો, તેના પહેલાં મોક્ષરૂપ ફલવાળો ન હતો, પરંતુ સંસારી હતો, તેથી પ્રસ્તુત શ્લોકનું કથન આત્માને પરિણામી સિદ્ધ કરવા માટે છે. તેથી જે દર્શન યોગના વિષયભૂત આત્માને પરિણામી માને છે તે દર્શનના મતમાં યોગના ગોચરાદિમાંથી ગોચરરૂપ એક અંશથી શુદ્ધિ છે તેમ સિદ્ધ થાય છે.

વળી આત્માને પરિણામી માનીએ, પરંતુ આત્માને અન્યનો સંયોગ થાય છે તેમ ન માનીએ તો મોક્ષ અર્થે પ્રયત્ન સંગત થાય નહિ; કેમ કે સિદ્ધના આત્માઓ પણ સ્યાદ્વાદીને મતે પરિણામી છે, પરંતુ તેઓ શુદ્ધ છે, તેથી જો સિદ્ધના આત્માની જેમ દરેક આત્મા પરિણામી હોવા છતાં એકાંતે શુદ્ધ હોય તો યોગમાર્ગની આવશ્યકતા રહે નહિ, માટે જેમ આત્માને પરિણામી માનવો આવશ્યક છે તેમ આત્માની શુદ્ધ અવસ્થા અને અશુદ્ધ અવસ્થા પણ માનવી આવશ્યક છે, તેથી આત્માની અશુદ્ધ અવસ્થા શેનાથી છે તે બતાવવા કહે છે – આત્મા પોતાનાથી અન્ય એવા કર્મના સંયોગથી સંસારી છે, તેથી એ પ્રાપ્ત થાય કે આત્માથી જુદા એવા કર્મના સંબંધથી જીવ નારકાદિપર્યાયવાળો બને છે.

અહીં વિશેષ એ છે કે જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે કર્મ અનેક પ્રકારનું છે. તેમાં કેટલાંક કર્મો જીવમાં મોહનાં આપાદક છે, કેટલાંક કર્મો નરક-તિર્યંચાદિ પર્યાયોનાં આપાદક છે, કેટલાંક કર્મો જ્ઞાનનો અવરોધ કરનારાં છે, કેટલાંક કર્મો વીર્યનો અવરોધ કરનારાં છે અને આ સર્વ કર્મોના સંબંધથી જ સંસારવર્તી જીવો નારક-મનુષ્ય વગેરે પર્યાયોને પામે છે તેમ અજ્ઞાનતા, જડતા મોહાદિ પર્યાયોને પણ પામે છે અને આવો જ આત્મા સંસારી છે.

હવે સંસારી જીવોમાં વિચિત્રતાનાં આપાદક સર્વ કર્મોનો નાશ થાય ત્યારે જે આત્મા સંસારી હતો તે જ આત્મા મુક્ત થયો અને જ્યારે આત્મા મુક્ત બને છે ત્યારે સંસારી અવસ્થામાં અનેક પ્રકારનાં કર્મોના કારણે અનેક પ્રકારની જે વિચિત્રતા હતી તે સર્વ વિચિત્રતાનો અભાવ થાય છે અને તેથી મુક્ત થયેલા આત્માઓ બધા સ્વરૂપથી સરખા જ હોય છે.

આ પ્રમાણે સ્વીકારવાથી એ પ્રાપ્ત થયું કે દ્રવ્યરૂપ જે આત્મા કર્મના સંયોગથી સંસારી હતો તે જ આત્મા કર્મના વિયોગથી મુક્ત થયો, માટે આત્મા પરિણામી છે અને આત્મા પરિણામી માનો તો જ અન્યના સંયોગથી સંસાર અને અન્યના વિયોગથી મોક્ષ એ બે ઘટે અને તદન્યસંયોગનો અને તદન્યવિયોગનો તેવો જ સ્વભાવ માનવો પડે કે તદન્યસંયોગમાં સંસારહેતુ સ્વભાવ છે અને તદન્યવિયોગમાં મોક્ષહેતુ સ્વભાવ છે, માટે જ આત્માથી અન્ય એવા કર્મના સંયોગમાં જીવ સંસારી છે અને સંસારી આત્મા યોગમાર્ગને પ્રાપ્ત કરીને તેનાથી અન્ય એવા કર્મના સંયોગનો વિયોગ પ્રાપ્ત કરે છે અને કર્મના વિયોગનો મોક્ષહેતુ સ્વભાવ છે, તેથી યોગની પ્રવૃત્તિથી જીવને કર્મથી વિયોગ થાય છે ત્યારે જીવ મુક્ત બને છે. આ પ્રકારે સ્વીકારવાથી ગોચરની સર્વઅંશથી શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે જે દર્શનકાર સ્વીકારે તેના મતમાં યોગના વિષયભૂત આત્મા યથાર્થ સ્વીકારાયેલ થાય છે; કેમ કે તેવા આત્માના સ્વીકારવાથી જ તેવા આત્મામાં યોગમાર્ગ ઘટી શકે. જેના કારણે તે દર્શનના વચન પ્રમાણે ગોચરશુદ્ધિ છે તેમ બુદ્ધિમાન પુરુષ નિર્ણય કરી શકે છે.

શ્લોકના અંતે 'तथा' શબ્દ છે તે અન્ય વક્તવ્યના સમુચ્ચય માટે છે, તે અન્ય વક્તવ્ય સાતમા શ્લોકમાં કહેવાશે. ॥૬॥

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ કહે છે=શ્લોક-૬માં કહ્યું કે 'તથા' અન્ય વક્તવ્યનાં સમુચ્ચયમાં છે તેથી તે સમુચ્ચયને જ કહે છે –

શ્લોક :-

अन्यतोऽनुग्रहोऽप्यत्र, तत्स्वाभाव्यनिबन्धनः ।
अतोऽन्यथा त्वदः सर्वं न मुख्यमुपपद्यते ।।७।।

અન્વયાર્થ :-

अत्र=યોગની વિચારણામાં, अन्यतोऽनुग्रहोऽपि=અન્યથી અનુગ્રહ પણ=ભગવાનથી ઉપકાર પણ,

तत्स्वाभाव्यनिबन्धनः=ભગવાનના અનુગ્રહ યોગ્ય એવા સ્વભાવવાળાપણાને કારણે છે, तु=વળી, अतो= આનાથી=તત્સ્વભાવપણાથી, अन्यथा=કેવલ ભગવાનના અનુગ્રહાદિરૂપ અન્ય પ્રકારથી, अदः सर्वं=આ સર્વ=સંસારિત્વાદિ સર્વ, मुख्यम्=અનુપચરિત, न उपपद्यते=ઘટતું નથી. ॥૭॥

શ્લોકાર્થ :-

યોગની વિચારણામાં ભગવાનથી ઉપકાર પણ ભગવાનના અનુગ્રહ યોગ્ય એવા સ્વભાવવાળાપણાને કારણે છે. વળી, તત્સ્વભાવપણાથી અન્યથા સંસારિત્વાદિ સર્વ અનુપચરિત ઘટતું નથી. ॥૭॥

ટીકા :-

'महेशानुग्रहाद् बोधनियमौ' इतिवचनाद् अन्यतो=महेशात्, अनुग्रहोऽप्युपकारोऽपि शुद्धज्ञानक्रियालाभलक्षणः, किं पुनः पूर्वोक्तौ संसारापवर्गौ इत्यपिशब्दार्थः अत्र-योगचिन्तायाम्, किमित्याह तत्स्वाभाव्यनिबन्धनः=स महेशानुग्रहयोग्यः स्वभावो यस्य स तथा तद्भावस्तत्स्वाभाव्यम् तन्निबन्धनं हेतुर्यस्य स तथा । विपर्यये बाधामाह - अतः=तत्स्वाभाव्यात्, अन्यथा तु=अन्येन प्रकारेण पुनः, केवलमहेशानुग्रहादिरूपेण, अदः=संसारित्वादि, सर्वं=कृत्स्नं, न=नैव, मुख्यं=अनुपचरितं, उपपद्यते=घटते । यथा हि कर्पासादिः स्वभावत एवाऽयोग्यो लाक्षारसादिना रज्यमानोऽपि न तात्त्विकं रागं प्रतिपद्यते किं तु रागाभासमेव, एवमात्मनां योग्यताविरहे महेशेन क्रियमाणावप्यनुग्रहनिग्रहौ न तात्त्विकौ स्यातामिति तत्स्वाभाव्यमवश्यमभ्युपगन्तव्यम् तदभ्युपगमे च तत एव संसारमोक्षोपपत्त्या न किंचिन्महेशानुग्रहादिना प्रयोजनमस्तीति सिद्धं "आत्मा तदन्यसंयोगात्संसारी" (श्लोक-६) इत्यादि ।।७।।

ટીકાર્થ :-

महेशानुग्रहाद् ..... इत्यादि ।। "મહેશના અનુગ્રહથી બોધ અને નિયમ થાય છે" એ પ્રકારનું વચન હોવાથી અન્યથી=મહેશથી, શુદ્ધ જ્ઞાન-ક્રિયાના લાભ રૂપ ઉપકાર પણ યોગચિંતામાં તત્સ્વાભાવ્યનિબંધન છે. 'अनुग्रहोऽपि'માં 'अपि' શબ્દનો અર્થ એ છે કે પૂર્વોક્ત સંસાર અને મોક્ષ તો તત્સ્વાભાવ્યનિબંધન છે, પરંતુ ભગવાનનો ઉપકાર પણ તત્સ્વાભાવ્યનિબંધન છે.

'तत्स्वाभाव्यनिबन्धनः'નો સમાસ ખોલે છે –

તે મહેશના અનુગ્રહ યોગ્ય સ્વભાવ છે જેને તે તેવો છે અને તેનો ભાવ તે તત્સ્વાભાવ્ય અને तन्निबन्धन=તત્સ્વાભાવ્ય નિબંધન છે અર્થાત્ હેતુ છે જેને તે તેવો છે, અહીં મતુઅર્થી બહુવ્રીહિ સમાસ છે, તેથી સ્વભાવથી તત્સ્વભાવવાળો=મહેશના અનુગ્રહ યોગ્ય સ્વભાવવાળો, જીવ પ્રાપ્ત થાય

અને તે જીવમાં વર્તતો જે ભાવ તે તત્સ્વાભાવ્ય છે અને તે સ્વભાવને કારણે જ મહેશનો અનુગ્રહ થાય છે, તેથી તત્સ્વાભાવ્યનિબંધનવાળો મહેશનો અનુગ્રહ છે એમ અર્થ પ્રાપ્ત થાય.

વિપર્યયમાં બાધાને કહે છે=મહેશના અનુગ્રહ યોગ્ય સ્વભાવ ન માનવામાં આવે અને મહેશથી ઉપકાર થાય છે તેમ માનવામાં આવે તો બાધાને કહે છે –

આથી=તત્સ્વાભાવ્યથી, અન્યથા વળી=અન્ય પ્રકારે વળી, કેવલ મહેશઅનુગ્રહાદિરૂપે આ=સંસારિત્વાદિ સર્વ મુખ્ય=અનુપચરિત ઘટતું નથી જ.

તે દૃષ્ટાંતથી બતાવે છે –

જે પ્રમાણે સ્વભાવથી જ અયોગ્ય એવા કપાસાદિ લાક્ષારસાદિ દ્વારા રજ્યમાન પણ તાત્ત્વિક રાગાદિને પામતા નથી, પરંતુ રાગાભાસને જ પામે છે, એ રીતે આત્માની યોગ્યતાના વિરહમાં મહેશ વડે કરાતા પણ અનુગ્રહ-નિગ્રહ તાત્ત્વિક થતા નથી, એથી તત્સ્વાભાવ્ય=મહેશના અનુગ્રહ યોગ્ય સ્વભાવપણું, અવશ્ય સ્વીકારવું જોઈએ અને તેના અભ્યુપગમમાં=મહેશના અનુગ્રહ યોગ્ય સ્વભાવના સ્વીકારમાં, તેનાથી જ=સ્વભાવથી જ, સંસાર અને મોક્ષની ઉપપત્તિ થવાથી મહેશઅનુગ્રહાદિથી કોઈ પ્રયોજન નથી એથી 'આત્મા તદન્યસંયોગથી સંસારી છે' ઇત્યાદિ સિદ્ધ થાય છે, અહીં 'ઇત્યાદિ' શબ્દથી 'તદ્વિયોગતઃ સ એવ મુક્તઃ'નું ગ્રહણ કરવાનું છે. ॥૭॥

❖ 'केवलमहेशानुग्रहादिरूपेण'માં 'આદિ' પદથી નિગ્રહનું ગ્રહણ કરવું.

❖ 'संसारित्वादि'માં 'આદિ' પદથી મુક્તત્વનું ગ્રહણ કરવું.

❖ 'रज्यमानोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે કપાસાદિ લાક્ષાદિરસથી રજ્યમાન ન હોય તો તો રાગને પ્રાપ્ત ન કરે, પરંતુ રજ્યમાન પણ તાત્ત્વિકરાગને પ્રાપ્ત કરતા નથી.

❖ 'क्रियमाणावपि'માં 'अपि'થી એ કહેવું છે કે મહેશ દ્વારા અનુગ્રહ-નિગ્રહ ન કરાતા હોય તો તો અનુગ્રહ-નિગ્રહની પ્રાપ્તિ ન થાય, પરંતુ મહેશ દ્વારા અનુગ્રહ-નિગ્રહ કરાતા હોય તોપણ આત્માની યોગ્યતાના વિરહમાં તાત્ત્વિક અનુગ્રહ-નિગ્રહ થાય નહિ.

ભાવાર્થ :-

પતંજલિઋષિ આત્માને કૂટસ્થ નિત્ય માને છે અને પ્રકૃતિનો જીવની સાથે સંબંધ માનતા નથી અને પ્રકૃતિના વિલાસરૂપ જ આ સંસાર કહે છે અને કહે છે કે ભગવાનના અનુગ્રહથી બોધ થાય છે અને પાપના અકરણના નિયમની પ્રાપ્તિ થાય છે, તેને ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાનથી શુદ્ધ જ્ઞાનના અને ક્રિયાના લાભરૂપ ઉપકાર પણ ત્યારે જ થઈ શકે જો જીવમાં ભગવાનથી ઉપકાર થઈ શકે તેવો સ્વભાવ હોય. જો જીવમાં ઉપકારને અનુકૂળ સ્વભાવ ન હોય તો ભગવાનથી પણ ઉપકાર થઈ શકે નહિ અને તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે આનાથી વિપરીત રીતે માનવામાં આ સર્વ મુખ્ય ઘટશે નહિ અર્થાત્ મહેશના અનુગ્રહયોગ્ય સ્વભાવ છે તેથી મહેશનો અનુગ્રહ થાય છે તેમ ન માનવામાં આવે અને એમ

માનવામાં આવે કે જીવના સ્વભાવમાં કોઈ પરિવર્તન થતું નથી, જીવ કૂટસ્થ નિત્ય છે તોપણ ભગવાનના અનુગ્રહથી મોક્ષ થાય છે અને ભગવાનના નિગ્રહથી સંસાર થાય છે તો આ સંસાર અને મોક્ષ અનુપચરિત ઘટશે નહિ; કેમ કે જીવના સ્વભાવમાં કોઈ પરિવર્તન થયું નથી છતાં એમ કહેવામાં આવે કે આ જે સંસારી છે તે જ મહેશના અનુગ્રહથી મુક્ત થયો, તો તે વચનમાત્રથી કહી શકાય, પરંતુ જ્યારે જીવ સંસારી હતો ત્યારે જે સ્વભાવ હતો એ જ સ્વભાવ અત્યારે પણ છે, કેવલ મહેશનો અનુગ્રહ થયો માટે તેને મુક્ત કહેવામાં આવે છે અને મહેશે નિગ્રહ કર્યો માટે તેને સંસારી કહેવામાં આવે છે પણ તે સંસારિત્વ અને મોક્ષત્વ ઉપચરિત રહેશે અને તે દૃષ્ટાંતથી બતાવે છે, જેમ રૂ લાક્ષારસથી રંગવા માટે યોગ્ય નથી છતાં તેના ઉપર લાક્ષારસ નાંખવામાં આવે તો તે રૂ તાત્ત્વિક લાક્ષારસના ભાવને પ્રાપ્ત કરતું નથી, પરંતુ રૂ ઉપર રહેલા લાક્ષારસને જોઈને માત્ર એમ લાગે છે કે આ રૂ લાક્ષરસથી રંગાયેલું છે, તેથી તે રંગ રાગાભાસરૂપ છે તેમ આત્માનો સ્વભાવ મહેશના અનુગ્રહને ઝીલનારો નહિ હોવા છતાં મહેશે અનુગ્રહ કર્યો અને મુક્તિની પ્રાપ્તિ થઈ તેમ માનવામાં આવે તો મુક્તિ તાત્ત્વિક નથી તેમ માનવું પડે અને જો આત્મામાં મહેશનો અનુગ્રહ ઝીલવાનો સ્વભાવ છે તે માનવામાં આવે અને તેને કારણે મહેશના અનુગ્રહથી મોક્ષ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે પ્રથમ આત્મામાં મહેશના અનુગ્રહયોગ્ય સ્વભાવ હતો અને તેને કારણે મહેશનો અનુગ્રહ થવાથી આત્મા મોક્ષરૂપે પરિણામાંતર પામ્યો.

વસ્તુતઃ પૂર્વમાં કહ્યું તે રીતે આત્માની યોગ્યતાના વિરહમાં મહેશ વડે કરાતા અનુગ્રહ-નિગ્રહ તાત્ત્વિક સિદ્ધ થતા નથી, તેથી જીવમાં મહેશના અનુગ્રહયોગ્ય સ્વભાવ અને મહેશના નિગ્રહયોગ્ય સ્વભાવ અવશ્ય માનવો જોઈએ અને તેમ જે દર્શનકાર સ્વીકારે તેને ગ્રંથકારશ્રી કહે છે – મહેશના અનુગ્રહયોગ્ય અને મહેશના નિગ્રહયોગ્ય સ્વભાવ સ્વીકારવાથી મહેશનો અનુગ્રહ અને નિગ્રહ તાત્ત્વિક થઈ શકે છે, તોપણ તે સ્વીકારવા કરતાં સંસારયોગ્ય સ્વભાવ અને મુક્તિયોગ્ય સ્વભાવ સ્વીકારવાથી જ સંસાર અને મોક્ષની ઉપપત્તિ થઈ શકે છે, માટે મહેશના અનુગ્રહાદિ વડે કોઈ પ્રયોજન નથી અને એથી આત્મા તેનાથી અન્યના સંયોગથી સંસારી છે અને અન્યના વિયોગથી મુક્ત છે એમ શ્લોક-૬માં કહ્યું તે વસ્તુ સિદ્ધ થાય છે.

વસ્તુતઃ પતંજલિઋષિને પણ એ સ્વીકારવું પડે કે જીવમાં મહેશના અનુગ્રહયોગ્ય અને મહેશના નિગ્રહ-યોગ્ય સ્વભાવ છે અને તે સ્વીકારે તો જ પતંજલિઋષિ કહી શકે કે મહેશના અનુગ્રહથી મોક્ષ થાય છે અને મહેશના નિગ્રહથી સંસાર થાય છે અને તેમ સ્વીકારે તો તાત્ત્વિક મોક્ષ અને સંસારની સંગતિ થાય, અન્ય રીતે નહિ. આ પ્રમાણે સ્વીકારનાર પતંજલિઋષિને ગ્રંથકારશ્રી કહે છે કે તાત્ત્વિક મોક્ષ અને સંસારની સંગતિ માટે મહેશના અનુગ્રહયોગ્ય સ્વભાવ અને મહેશના નિગ્રહયોગ્ય સ્વભાવ સ્વીકારીને મોક્ષની અને સંસારની સંગતિ કરવા કરતાં તદન્યસંયોગમાં સંસારહેતુસ્વભાવ અને તદન્યવિયોગમાં મોક્ષહેતુસ્વભાવ સ્વીકારવાથી સંસાર અને મોક્ષની ઉપપત્તિ થવાને કારણે મહેશના અનુગ્રહને અને મહેશના નિગ્રહને સ્વીકારવાનું કોઈ પ્રયોજન નથી.

આશય એ છે કે ભગવાનને જીવ ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવવાળા અને નિગ્રહ કરવાના સ્વભાવવાળા માનીને સંસારની અને મોક્ષની સંગતિ કરવામાં આવે તો જીવમાં પણ અનુગ્રહ અને નિગ્રહ ઝીલવાનો

સ્વભાવ માનવો પડે. તો જ ભગવાનથી અનુગ્રહ અને નિગ્રહ થઈ શકે અને તેમ સ્વીકારીને સંસાર અને મોક્ષ સ્વીકારવો તે ઉચિત નથી; કેમ કે ભગવાનનો અન્ય ઉપર અનુગ્રહ-નિગ્રહ કરવાનો સ્વભાવ છે તેમ માનવામાં આવે તો ભગવાનને રાગી-દ્વેષી સ્વીકારવા પડે, પરંતુ ભગવાનને રાગી-દ્વેષી સ્વીકારવાને બદલે આત્માની સાથે કર્મના સંયોગનો અને આત્માની સાથે કર્મના વિયોગનો તેવો સ્વભાવ સ્વીકારીએ તો સંસાર અને મોક્ષ ઘટે છે અને ભગવાનને પણ રાગી-દ્વેષી માનવાની જરૂર રહેતી નથી, તેથી એ સિદ્ધ થાય છે કે આત્મા કર્મના સંયોગથી સંસારી છે અને કર્મના વિયોગથી મુક્ત છે તે વાત શ્લોક-૬માં કહેલ અને તેની સિદ્ધિથી આત્મા પરિણામી છે તે સિદ્ધ થાય છે અને આત્માને પરિણામી માનીએ તો જ ગોચરની શુદ્ધિ થાય છે, અન્યથા નહિ.

અહીં વિશેષ એ છે કે પતંજલિઋષિના મત પ્રમાણે આત્મા કૂટસ્થ નિત્ય છે અને કર્મના સ્થાને પતંજલિઋષિ પણ પ્રકૃતિને માને છે, પરંતુ પ્રકૃતિનો આત્માથી એકાંત ભેદ માને છે, તેથી તેના મત પ્રમાણે સંસારી અવસ્થામાં આત્મા શુદ્ધ છે અને મુક્ત અવસ્થામાં પણ આત્મા શુદ્ધ છે, આમ છતાં પ્રકૃતિના કારણે સંસારનો વિલાસ છે તેમ પતંજલિઋષિ માને છે અને કહે છે કે ભગવાનના અનુગ્રહથી શ્રુતજ્ઞાન અને ક્રિયા પ્રાપ્ત થાય છે અને તે યોગમાર્ગરૂપ છે અને તેનાથી મોક્ષ થાય છે અને મોક્ષ થાય ત્યારે પ્રકૃતિનો વિલાસ રહેતો નથી, પરંતુ આત્મા તો સંસાર અવસ્થામાં જેવો હતો તેવો જ મુક્ત અવસ્થામાં પણ છે તેને ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાનના અનુગ્રહથી પણ શુદ્ધ જ્ઞાન અને ક્રિયારૂપ યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારવું હોય તો તે પ્રાપ્તિને યોગ્ય સ્વભાવ જીવમાં માનવો પડે તો જ ભગવાનનો અનુગ્રહ થાય અને ભગવાનના અનુગ્રહને યોગ્ય સ્વભાવ માનીએ તો આત્મા પરિણામી છે તેમ સિદ્ધ થાય પણ એકાંતે કૂટસ્થ નિત્ય સિદ્ધ થાય નહિ અને આત્માને પરિણામી સ્વીકારો તો તેમ જ સ્વીકારવું ઉચિત છે કે આત્મા અન્યના સંયોગથી સંસારી છે અને અન્યના વિયોગથી મુક્ત છે અને તેમ સ્વીકારવાથી જ ગોચરની શુદ્ધિ પ્રાપ્ત થાય. ॥૭॥

અવતરણિકા :-

इत्थं महेशवादिमतमपास्यात्रैव पुरुषाद्वैतमतमपाकुर्वन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૭માં બતાવ્યું એ રીતે, મહેશવાદી મતનું નિરાકરણ કરીને અહીં જ=યોગની વિચારણામાં જ, પુરુષ અદ્વૈતમતનું નિરાકરણ કરતાં કહે છે –

ભાવાર્થ :-

મહેશવાદિમત આત્માને કૂટસ્થ નિત્ય માનીને ભગવાનના અનુગ્રહ-નિગ્રહથી સંસાર અને મોક્ષની સંગતિ બતાવે છે તેનું નિરાકરણ પૂર્વશ્લોકમાં કર્યું અને સ્થાપન કર્યું કે આત્મા અન્યના સંયોગથી સંસારી છે અને તે જ આત્મા અન્યના વિયોગથી મુક્ત છે તેમ માનવું યુક્તિયુક્ત છે. આ માન્યતામાં જ

પુરુષઅદ્વૈતવાદી મત માને છે કે જગતમાં આત્માથી અતિરિક્ત કોઈ પદાર્થ નથી, પરંતુ પુરુષનું અદ્વૈત છે=આત્માનું અદ્વૈત છે, અને તેમ સ્વીકારીએ તો અન્યના સંયોગથી સંસાર અને અન્યના વિયોગથી મોક્ષ તે વાત સંગત થાય નહિ અને પુરુષ અદ્વૈતવાદિ મત પણ યોગમાર્ગની વાતો કરે છે અને સાધના કરીને મોક્ષની પ્રાપ્તિનું કથન કરે છે એથી તે મતમાં યોગના ગોચરની શુદ્ધિ નથી તે બતાવવા માટે કહે છે –

શ્લોક :-

केवलस्यात्मनो न्यायात्सदात्मत्वाविशेषतः ।
संसारी मुक्त इत्येतद् द्वितयं कल्पनैव हि ।।८।।

અન્વયાર્થ :-

પુરુષઅદ્વૈતવાદીના મતમાં એક જ આત્મા છે પણ આત્માથી અતિરિક્ત અન્ય કોઈ વસ્તુ નથી માટે તે મતમાં ન્યાયાત્=ન્યાયથી=યુક્તિના માર્ગથી, केवलस्य आत्मनः=કેવલ આત્માનું=કર્મથી અતિરિક્ત આત્માનું सदा=સર્વકાલ=પૂર્વની સંસારી અવસ્થામાં અને પછીની મુક્ત અવસ્થામાં, आत्मत्वाविशेषतः= આત્માપણું અવિશેષ હોવાને કારણે संसारी मुक्तः=સંસારી અને મુક્ત, इति=એ પ્રમાણે, एतद् द्वितयं=આ દ્વિતય, हि=સ્પષ્ટ, कल्पनैव=કલ્પના જ છે. ।।૮।।

શ્લોકાર્થ :-

પુરુષઅદ્વૈતવાદીના મતમાં એક જ આત્મા છે પણ આત્માથી અતિરિક્ત અન્ય કોઈ વસ્તુ નથી માટે તે મતમાં યુક્તિના માર્ગથી કર્માદિથી રહિત એવા આત્માનું પૂર્વની સંસારી અવસ્થામાં અને પછીની મુક્ત અવસ્થામાં આત્મપણું અવિશેષ હોવાને કારણે સંસારી અને મુક્ત એ પ્રમાણે આ દ્વિતય સ્પષ્ટ કલ્પના જ છે. ।।૮।।

ટીકા :-

केवलस्य=तदन्याऽदृष्टादिविकलस्य, आत्मनो-जीवस्य, न्यायात्=युक्तिमार्गात्, सदा=सर्वकालमपि, आत्मत्वस्य स्वरूपमात्ररूपस्य अविशेषतो=विशेषकारणकर्मसंयोगादेरनभ्युपगमात्, किमित्याह 'संसारी-मुक्त' इत्येतत् पूर्वमेव प्रपञ्चितं, द्वितयं आत्मावस्थाद्वयलक्षणं वस्तु कल्पनैव=स्वविकल्परूपैव केवला हि=स्फुटम्, न पुनर्वस्त्वपि तथा वर्तत इति ।।८।।

ટીકાર્થ :-

केवलस्य ..... तथा वर्तत इति ।। પુરુષ અદ્વૈતવાદિ મતમાં આત્માથી અતિરિક્ત કર્મ નામની વસ્તુ નથી તેથી તે મતમાં કેવલ એવા આત્માનું=આત્માથી અન્ય એવા અદૃષ્ટાદિથી વિકલ જીવનું, ન્યાયથી=યુક્તિમાર્ગથી, સર્વકાલ પણ સ્વરૂપ માત્રરૂપ આત્મત્વનો અવિશેષ હોવાથી=વિશેષ કારણ

એવા કર્મના સંયાગાદિનો અસ્વીકાર હોવાથી, સંસારી અને મુક્ત એ=પૂર્વમાં જ વર્ણન કરાયેલ એવાએ, આત્માની અવસ્થાદ્વય સ્વરૂપ દ્વિતય વસ્તુ સ્પષ્ટ કલ્પના જ છે=કેવલ સ્વવિકલ્પરૂપ કલ્પના જ છે, પરંતુ વસ્તુ પણ તે પ્રમાણે વર્તતી નથી=આત્મારૂપ વસ્તુ પણ સંસારી અને મુક્તરૂપે વર્તતી નથી. ॥૮॥

❖ 'तदन्याऽदृष्टादिविकलस्य'માં 'आदि' પદથી શરીર-ઇન્દ્રિયાદિનું ગ્રહણ કરવું.

❖ 'सर्वकालमपि'માં 'अपि'થી એ કહેવું છે કે મુક્ત અવસ્થામાં તો કેવલ આત્મત્વ છે, પરંતુ મુક્ત-અમુક્ત અવસ્થાવાળા સર્વકાળમાં પણ કેવલ આત્મત્વ અવિશેષ છે.

❖ 'विशेषकारणकर्मसंयोगादेः'માં 'आदि'પદથી શરીરસંયોગનું ગ્રહણ કરવું.

❖ 'वस्त्वपि'માં 'अपि'થી એ કહેવું છે કે કલ્પનાથી સંસારી અને મુક્ત દ્વિતય છે, પરંતુ આત્મારૂપ વસ્તુ પણ તે પ્રમાણે દ્વિતયરૂપ વર્તતું નથી.

ભાવાર્થ :-

પુરુષઅદ્વૈતવાદી મતમાં આત્માથી અતિરિક્ત વસ્તુ જગતમાં નથી, પરંતુ કેવલ એક પુરુષ જ છે, છતાં અવિદ્યાને કારણે દેખાતો સંસારનો પ્રપંચ છે, વાસ્તવિક આ પ્રપંચ મિથ્યા છે અને દેખાતા પ્રપંચના નાશ માટે જ પુરુષઅદ્વૈતવાદી યોગમાર્ગની પ્રરૂપણા કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે કે પુરુષઅદ્વૈતવાદી મતમાં આત્માથી અતિરિક્ત કર્મ નથી, શરીર નથી, પરંતુ કેવલ એક આત્મા જ છે, તેથી યુક્તિથી વિચારીએ તો જ્યારે પ્રપંચ દેખાય છે ત્યારે જેવું આત્મત્વ છે તેવું જ સાધના કરીને પ્રપંચનો નાશ કરશે ત્યારે પણ રહેશે; કેમ કે આત્માના ભેદને કરનાર એવા કર્મસંયોગાદિને પુરુષઅદ્વૈતવાદી મત સ્વીકારતો નથી, તેથી સાધના પહેલાં આત્મા સંસારી હતો અને યોગસાધનાથી મુક્ત થયો એ બન્ને સ્વવિકલ્પરૂપ સ્પષ્ટ કલ્પના જ છે, પરંતુ આત્મારૂપ વસ્તુ પણ સંસારી અને મુક્ત એવા બે પ્રકારવાળી નથી, એ પ્રકારનો અર્થ પુરુષઅદ્વૈતવાદી મતમાં પ્રાપ્ત થાય, તેથી તે મતને અવલંબીને વિચારક અતિકષ્ટસાધ્ય એવા યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે નહિ; કેમ કે યોગની પ્રવૃત્તિથી પોતાને કંઈ પ્રાપ્ત થવાનું નથી, જેવો હું વર્તમાનમાં છું તેવો મુક્તઅવસ્થામાં રહેવાનો, તેથી 'સંસારી' અને 'મુક્ત' શબ્દમાત્રરૂપ છે, તેથી તે મતમાં યોગના વિષયભૂત ગોચરની શુદ્ધિ નથી, માટે તે મત માનવો ઉચિત નથી, પરંતુ આત્મા અન્યના સંયોગથી સંસારી છે અને તે જ આત્મા અન્યના વિયોગથી મુક્ત છે તેમ માનવું ઉચિત છે. **॥૮॥**

અવતરણિકા :-

एतदेव दृष्टान्तोपन्यासेन भावयन्नाह –

અવતરણિકાર્થ :-

આને જ=આત્માની સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થારૂપ દ્વિતય પુરુષઅદ્વૈતવાદી મતમાં સ્પષ્ટ કલ્પના જ છે એ કથનને જ, દૃષ્ટાંતના ઉપન્યાસ દ્વારા ભાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

काञ्चनत्वाऽविशेषेऽपि यथा सत्काञ्चनस्य न ।
शुद्ध्यशुद्धी ऋते शब्दात्तद्वदत्राप्यसंशयम् ।।९।।

અન્વયાર્થ :-

(બે શુદ્ધ સુવર્ણમાં) યથા=જેમ, काञ्चनतयाऽविशेषेऽपि=સુવર્ણપણાથી અવિશેષ હોતે છતે પણ, सत्काञ्चनस्य शुद्ध्यशुद्धि=સર્વ મલથી રહિત એવા શુદ્ધ સુવર્ણની શુદ્ધિ અને અશુદ્ધિ, शब्दात् ऋते न=શબ્દ વિના નથી=શબ્દ માત્રથી છે, तद्वत्=તેની જેમ, अत्रापि=અહીં પણ=કેવળ કર્માદિથી રહિત આત્મા સ્વીકારવામાં પણ, असंशयम्=સંશય નથી=સંસારીપણું અને મોક્ષપણું શબ્દમાત્રથી છે એમાં સંશય નથી. ।।૯।।

શ્લોકાર્થ :-

બે શુદ્ધ સુવર્ણમાં જેમ સુવર્ણપણાથી અવિશેષ હોતે છતે પણ સર્વ મલથી રહિત એવા શુદ્ધ સુવર્ણની શુદ્ધિ અને અશુદ્ધિ શબ્દ વિના નથી તેની જેમ અહીં પણ સંશય નથી. ।।૯।।

ટીકા :-

काञ्चनत्वस्य=सुवर्णभावस्य, अविशेषेऽपि=अभेदेऽपि, भेदे पुनर्भवत एवेत्यपिशब्दार्थः, यथा इति दृष्टान्तार्थः, सत्काञ्चनस्य=सर्वमलविकलस्य कल्याणनाम्नो हेम्नः, किमित्याह न=नैव, शुद्ध्यशुद्धी निर्मलतामलिनतारूपे स्याताम्, किं सर्वथा नेत्याह ऋते=विना, शब्दात्=वाचकाद्विकलपुरुषप्रयुक्तात्, तद्वत्=सत्काञ्चनशुद्ध्यशुद्धिवत्, अत्रापि=केवल आत्मन्यभ्युपगते, किं पुनः सत्काञ्चन इत्यपिशब्दार्थः, असंशयं-असन्देहम्, ऋते शब्दात्संसारित्वमुक्तत्वे न भवेतामिति ।।९।।

ટીકાર્થ :-

काञ्चनत्वस्य ..... भवेतामिति ।। કાંચનપણાના=સુવર્ણભાવના, અવિશેષમાં પણ=અભેદમાં પણ=બે શુદ્ધ સુવર્ણના ટુકડાના સુવર્ણભાવના અભેદમાં પણ, જે પ્રમાણે સત્કાંચનની=સર્વ મલથી રહિત કલ્યાણ નામના સુવર્ણની, શુદ્ધિ-અશુદ્ધિ=નિર્મલતા-મલિનતારૂપ શુદ્ધિ-અશુદ્ધિ, ન જ થાય, શું સર્વથા ન થાય ? એથી કહે છે – શબ્દ વિના=વિકલપુરુષ પ્રયુક્ત વાચક શબ્દ વિના, ન થાય એમ અન્વય છે, તેની જેમ=સત્કાંચનની શુદ્ધિ-અશુદ્ધિની જેમ, અહીં પણ=કેવલ આત્માના સ્વીકારમાં પણ, અસંશય=અસંદેહ, શબ્દને છોડીને સંસારિત્વ મુક્તત્વ ન થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ભેદમાં વળી શુદ્ધિ-અશુદ્ધિ થાય જ છે એ પ્રકારનો अविशेषेऽपि= अभेदेऽपिમાં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

સત્કાંચનમાં વળી શું કહેવું ? એ પ્રકારે 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૯।।

ભાવાર્થ :-

જેમ –

બે શુદ્ધ સુવર્ણના ટુકડા અવિશેષ હોવા છતાં પણ સર્વ મલથી રહિત એવા તે બે કાંચનના ટુકડામાંથી આ કાંચનનો ટુકડો શુદ્ધ છે અને આ કાંચનનો ટુકડો અશુદ્ધ છે એ પ્રમાણે શબ્દને છોડીને કહી શકાય નહિ, ફક્ત કોઈક અવિચારક પુરુષ સ્વમતિકલ્પનાથી આ સુવર્ણ શુદ્ધ છે અને આ સુવર્ણ અશુદ્ધ છે તેમ કહી શકે.

તેમ –

આત્મામાં આત્માથી અન્ય એવા કર્મનો સંયોગ સ્વીકારવામાં ન આવે અને આત્મા સદા કેવલ આત્મા જ છે એમ સ્વીકારવામાં આવે તો "આ આત્મા સંસારી છે અને આ આત્મા મુક્ત છે" એમ શબ્દથી કહી શકાય, પરમાર્થથી "આ સંસારી અને આ મુક્ત" એ પ્રમાણે કહી શકાય નહિ, ફક્ત અવિચારક એવા પુરુષઅદ્વૈતવાદી મતવાળા આ સંસારી છે અને આ મુક્ત છે એમ કહીને મોક્ષના ઉપાયરૂપે સંસારી જીવોને યોગમાર્ગના સેવનનો ઉપદેશ આપે છે અને પુરુષ અદ્વૈત સ્વીકારીને બધાને કેવલ આત્મારૂપે સ્વીકારે છે તે તેનું વચન અસંગત છે. ॥૯॥

अवतरणिका :-

ननु यत्प्राक्तदन्यदुक्तं तत्किल कर्म, तच्च क्रियमाणत्वेनावश्यं कर्तारमात्मानमपेक्षते, स च कर्मणः प्रागेव सिद्धरूपोऽभ्युपगन्तव्यः, समकालभाविनोः सव्येतरगोविषाणयोरिव कार्यकारणभावाभावादिति कथं तस्य स्वरूपमात्रस्थितस्यात एव शुद्धरूपस्य प्रथमः कर्मसंयोगः संसारित्वहेतुरित्याशंक्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરતાં કહે છે – પૂર્વમાં તેનાથી અન્ય જે કહેવાયું=શ્લોક-૬માં આત્માથી અન્ય જે કહેવાયું, તે ખરેખર કર્મ છે અને તે કર્મ ક્રિયમાણપણું હોવાને કારણે અવશ્ય કર્તા એવા આત્માની અપેક્ષા રાખે છે, અને તે આત્મા કર્મથી પૂર્વમાં જ સિદ્ધરૂપ=વિદ્યમાનરૂપ, સ્વીકારવો જોઈએ; કેમ કે સમકાલભાવિ એવા ડાબા અને જમણા ગાયના શિંગડાની જેમ કાર્યકારણભાવનો અભાવ છે=આત્મા અને કર્મ બન્નેને સમકાલભાવિ સદા છે તેમ સ્વીકારવામાં આવે તો તે બે વચ્ચે કાર્યકારણભાવનો અભાવ પ્રાપ્ત થાય છે. એથી સ્વરૂપમાત્ર સ્થિત, આથી જ શુદ્ધરૂપ એવા તેને=આત્માને, સંસારિત્વનો હેતુ એવો પ્રથમ કર્મસંયોગ કેવી રીતે થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૬માં કહ્યું કે આત્માથી અન્ય એવા કર્મના સંયોગથી આત્મા સંસારી છે, ત્યાં આત્માથી અન્ય તે કર્મ છે અને કર્મ શબ્દની વ્યુત્પત્તિ એ છે કે 'જે કરાય તે કર્મ'. જેમ કુંભાર વડે ઘટ કરાય છે, ત્યાં કુંભારની ક્રિયાનું કર્મ ઘટ છે તેમ આત્મા વડે કાર્મણવર્ગણાને કર્મરૂપે કરાય છે અર્થાત્ પૂર્વમાં જે કાર્મણવર્ગણાઓ

હતી તે કર્મરૂપ ન હતી, તે જીવના પ્રયત્નથી જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપે કરાઈ, તે કર્મ છે. તેથી એ પ્રાપ્ત થાય કે કર્મ એ અનાદિ પદાર્થ નથી, પરંતુ પ્રયત્નથી કરાય છે, અને કર્મબંધને અનુકૂળ તે પ્રયત્ન કરનાર આત્મા છે, તેથી કર્મની પ્રાપ્તિ પૂર્વે તે કર્મને કરનાર એવા આત્માનું અસ્તિત્વ હોવું જોઈએ, જેમ કુંભાર માટીમાંથી ઘડો કરે છે, ત્યાં ઘટની નિષ્પત્તિ પૂર્વે કુંભાર અવશ્ય હોય છે તેમ કર્મની નિષ્પતિ પૂર્વે આત્માનું અસ્તિત્વ હોવું જોઈએ, અને જો આત્મા અને કર્મ સમકાલભાવિ હોય તો જેમ ગાયનાં ડાબા અને જમણા શિંગડાં સમકાલભાવિ હોવાને કારણે તેઓમાં પરસ્પર કાર્ય-કારણભાવ નથી તેમ કર્મ અને આત્મામાં પરસ્પર કાર્ય-કારણભાવ પ્રાપ્ત થાય નહિ અને આત્મા અને કર્મ વચ્ચે પરસ્પર કાર્ય-કારણભાવ હોવાથી કારણ એવો આત્મા પૂર્વમાં હોવો જોઈએ અને કાર્ય એવું કર્મ પાછળથી પ્રાપ્ત થવું જોઈએ અને તેમ સ્વીકારીએ તો કર્મ બાંધતાં પહેલાં આત્મા સ્વરૂપમાત્રમાં રહેલો હતો, પરંતુ કર્મવાળો ન હતો તેમ માનવું પડે, આથી કર્મની નિષ્પત્તિ પૂર્વે તે આત્મા શુદ્ધરૂપ હતો તેમ માનવું પડે અને શુદ્ધરૂપ એવા આત્માને સંસારનો હેતુ એવો પ્રથમ કર્મનો સંયોગ કઈ રીતે પ્રાપ્ત થયો એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

योग्यतामन्तरेणास्य संयोगोऽपि न युज्यते ।
सा च तत्तत्त्वमित्येवं तत्संयोगोऽप्यनादिमान् ।।१०।।

અન્વયાર્થ :-

योग्यतामन्तरेण=યોગ્યતા વિના, अस्य संयोगोऽपि=આનો સંયોગ પણ=આત્માનો કર્મની સાથે સંયોગ પણ, न युज्यते=ઘટતો નથી, च=અને, सा=તે=યોગ્યતા, तत्तत्त्वम्=તેનું તત્ત્વ છે=આત્માનું સ્વભાવભૂતપણું છે, इत्येवं=આ પ્રકારે, तत्संयोगोऽपि=તેનો સંયોગ પણ=કર્મનો સંયોગ પણ, अनादिमान्=અનાદિમાન છે. ।।૧૦।।

શ્લોકાર્થ :-

યોગ્યતા વિના આત્માનો કર્મની સાથે સંયોગ પણ ઘટતો નથી અને યોગ્યતા આત્માનું તત્ત્વ છે, આ પ્રકારે કર્મનો સંયોગ પણ અનાદિમાન છે. ।।૧૦।।

ટીકા :-

योग्यतां कर्मसंयोगानुकूलपरिणतिरूपां अन्तरेण-विना अस्य=आत्मनः, संयोगोऽपि=कर्मणा सह सम्बन्धः, किं पुनः कर्मसंयोगाभावे संसारित्वमित्यपिशब्दार्थः, न युज्यते=न घटत एव, यदि नामैवं ततः किमित्याह सा च-सा पुनर्योग्यता, तत्तत्त्वं=तस्यात्मनस्तत्त्वं, स्वभावभूतत्वं वर्तते, न पुनरुपाधिजन्यं किञ्चिद्रूपम्, इत्येवं=अनेन प्रकारेणात्मस्वभावभवनरूपेण योग्यतायाः, तत्संयोगोऽपि=कर्मसंयोगः, किं पुनर्जीव इत्यपिशब्दार्थः, अनादिमान्=प्रवाहापेक्षयाऽतीतवदादिकालविकलः ।।१०।।

ટીકાર્થ :-

योग्यतां कर्मसंयोगा ..... अतीतवदादिकालविकलः ।। કર્મસંયોગને અનુકૂલપરિણતિરૂપ યોગ્યતા=મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ સ્વરૂપ કર્મસંયોગને અનુકૂલપરિણતિરૂપ યોગ્યતા, વગર આનો=આત્માનો, કર્મની સાથે સંયોગ પણ ઘટતો નથી જ, કર્મસંયોગના અભાવમાં વળી સંસારિત્વનું શું કહેવું ? એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે='संयोगोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, જો આમ છે=યોગ્યતા વગર કર્મનો સંયોગ નથી એમ છે, તેનાથી શું ? એથી કહે છે – તે વળી યોગ્યતા તેનું તત્ત્વ=તે આત્માનું તત્ત્વ=સ્વભાવભૂતપણું, વર્તે છે, પરંતુ ઉપાધિજન્ય કોઈ સ્વરૂપ નથી, 'इत्येवं'=યોગ્યતાના આત્મસ્વભાવ ભવનરૂપ આ પ્રકારથી, તેનો સંયોગ પણ=કર્મનો સંયોગ પણ, પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે=અતીતકાલની જેમ પ્રવાહ અપેક્ષાએ આદિ કાલ વિકલ છે, વળી જીવનું શું કહેવું ? એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે='तत्संयोगोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૧૦॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે કર્મ જીવથી કરાય છે, તેથી કર્મનો કર્તા એવો આત્મા પ્રથમ હોવો જોઈએ અને ત્યાર પછી તે કર્મ બાંધે છે તેમ માનવું પડે અને તેથી શુદ્ધરૂપ આત્માને પ્રથમ કર્મસંયોગ કઈ રીતે થઈ શકે ? તેના સમાધાનરૂપે કહે છે –

આત્મામાં કર્મબંધની યોગ્યતા ન હોય તો આત્મા કર્મ બાંધે નહિ અને કર્મબંધની યોગ્યતા જીવના સ્વભાવભૂત=પરિણામરૂપ, છે અને જીવ અનાદિનો છે, તેથી અનાદિમાન એવા જીવની સ્વભાવભૂત યોગ્યતા પણ અનાદિની છે અને તે યોગ્યતાને કારણે જીવ કર્મ બાંધે છે, માટે જીવ અનાદિકાળથી કર્મ બાંધી રહ્યો છે, તેથી કર્મબંધ જીવથી કરાય છે તે અપેક્ષાએ કર્મ આદિમાન હોવા છતાં જીવમાં અનાદિની કર્મબંધની યોગ્યતા હોવાના કારણે પ્રવાહની અપેક્ષાએ કર્મસંયોગ અનાદિમાન છે, જેમ અતીતકાળનો દરેક સમય તે તે સમયે આદિમાન હતો છતાં પ્રવાહ અપેક્ષાએ અતીતકાળ અનાદિમાન છે તે જ રીતે તે તે કર્મની અપેક્ષાએ તે કર્મ જીવથી કરાય છે માટે આદિમાન છે પણ પ્રવાહની અપેક્ષાએ અનાદિમાન છે.

ટીકામાં કર્મબંધની યોગ્યતાને જીવના સ્વભાવભૂત કહી અને કહ્યું કે તે કર્મબંધની યોગ્યતા ઉપાધિજન્ય ભાવ નથી, ત્યાં પ્રશ્ન થાય કે સિદ્ધ અવસ્થામાં રહેલું આત્માનું સ્વરૂપ જીવના સ્વભાવભૂત છે તેમ કહી શકાય, પરંતુ કર્મબંધની યોગ્યતારૂપ જે મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ સ્વરૂપ જીવની પરિણતિ છે તેને આત્માના સ્વભાવભૂત કેમ કહી ? તેનું તાત્પર્ય એ છે કે આત્માની સાથે આત્માથી ભિન્ન એવા દેહના પુદ્ગલો કે કર્મના પુદ્ગલોનો સંયોગ થયો, તે સંયોગવાળો આત્મા છે તેમ કહેવાય છે, તોપણ તે દેહના પુદ્ગલો કે કર્મના પુદ્ગલો આત્માના સ્વભાવભૂત નથી, પરંતુ આત્મા ઉપર લાગેલું આગંતુક દ્રવ્ય છે, જ્યારે મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગરૂપ ભાવો આત્મા ઉપર લાગેલા આગંતુક દ્રવ્ય જેવા નથી, પરંતુ જીવના સ્વપરિણામરૂપ છે, ફક્ત આ મિથ્યાત્વાદિભાવો રૂપ પરિણામ જીવનો શુદ્ધ પરિણામ નથી છતાં જીવના પરિણામરૂપ હોવાથી તે ચારે ભાવોને જીવના સ્વભાવભૂત કહેલ છે. **॥૧૦॥**

અવતરણિકા :-

એતદપિ કથમિત્યાહ –

અવતરણિકાર્થ :-

આ પણ=કર્મબંધ અનાદિમાન છે એ પણ, કેમ છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦માં કહ્યું કે કર્મનો સંયોગ અતીતકાલની જેમ પ્રવાહની અપેક્ષાએ અનાદિમાન છે, એ પણ કેમ છે ? એથી કહે છે –

શ્લોક :-

योग्यतायास्तथात्वेन विरोधोऽस्यान्यथा पुनः ।
अतीतकालसाधर्म्यात् किन्त्वाज्ञातोऽयमीदृशः ।।११।।

અન્વયાર્થ :-

योग्यतायास्तथात्वेन યોગ્યતાનું તથાપણું હોવાને કારણે=યોગ્યતાનું અનાદિપણું હોવાને કારણે (કર્મનો બંધ પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે), अन्यथा=યોગ્યતાને અનાદિમાન સ્વીકારવામાં ન આવે તો, पुनः=વળી, अस्य=આનો=બંધનો, विरोधः=વિરોધ છે, किन्तु=માત્ર, आज्ञातः=આજ્ઞાથી=આગમપ્રમાણથી, अयम्=આ=કર્મબંધ, अतीतकालसाधर्म्यात्=અતીતકાલના સાદૃશ્ય દ્વારા, इदृशः=આવા પ્રકારનો છે=કૃતક હોવા છતાં અનાદિમાન છે. ।।૧૧।।

શ્લોકાર્થ :-

યોગ્યતાનું તથાપણું હોવાને કારણે કર્મનો બંધ પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે, અન્યથા વળી આનો વિરોધ છે, માત્ર આજ્ઞાથી આ અતીતકાલના સાદૃશ્ય દ્વારા આવા પ્રકારનો છે. ।।૧૧।।

ટીકા :-

योग्यताया=उक्तरूपायाः, तथात्वेन=जीवस्वभावभूतत्वादनादित्वेन हेतुना, अत्रैव विपर्यये दोषमाह-विरोधः=विघटमानता, अस्य=बन्धस्य, अन्यथा पुनः=आदिमत्त्वे योग्यताया अभ्युपगम्यमाने सति, तथाहि – यद्यादिमती योग्यता, तदा बन्धोऽप्यादिमानेव प्राप्नोति, न चैवं, तस्यानादित्वेन सर्वैरेवाभ्युपगतत्वात्। तथा शुद्धस्याप्यकस्मादेव कर्मसंयोगाभ्युपगमे सिद्धानामपि तत्प्रसङ्गादनाश्वासः सम्पद्येत इति, तस्माद्योग्यता तदुद्भवश्च बन्धो द्वावप्यनादिमन्तावभ्युपगन्तव्याविति। ननु कृतकत्वेन कथमनादिमत्त्वं बन्धस्य श्रद्धातुमुचितम्? सत्यम्, अतीतकालसाधर्म्याद्=अतिक्रान्तकालसादृश्येन, किंतु=केवलं, आज्ञातः=आगमात्, अयं कर्मबन्धः ईदृशः अनादिः, स्यात्, यथा ह्यतीतकालः

प्रतिक्षणमपरापररूपेण भूतोऽपि प्रवाहापेक्षयानादिः, तथा बन्धोऽपि जिनवचनप्रामाण्यादवगन्तव्य इति ।।११।।

ટીકાર્થ :-

योग्यताता ..... जिनवचनप्रामाण्यादवगन्तव्य इति ।। પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળી કર્મબંધની યોગ્યતાનું તથાપણું હોવાને કારણે=જીવસ્વભાવભૂતપણું હોવાથી અનાદિપણું હોવાને કારણે, કર્મબંધ પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે એ પ્રમાણે પૂર્વશ્લોકની સાથે સંબંધ છે.

અહીં જ=કર્મબંધની યોગ્યતાને અનાદિમાન સ્વીકારવાના વિષયમાં જ, વિપરીત સ્વીકારાયે છતે દોષને કહે છે –

અન્યથા પુનઃ=યોગ્યતાને આદિમાન સ્વીકારાયે છતે વળી, આનો=બન્ધનો, વિરોધ છે=વિઘટમાનતા છે, તે વાત 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

જો યોગ્યતા આદિમાન હોય તો બંધ પણ આદિમાન જ પ્રાપ્ત થાય.

અહીં પ્રશ્ન થાય કે બંધને આદિમાન સ્વીકારો તો શું વાંધો છે ? એથી કહે છે –

અને એ પ્રમાણે નથી=બંધ આદિમાન નથી; કેમ કે તેનું=બંધનું, અનાદિપણાથી બધા દર્શનકારો વડે સ્વીકારાયેલપણું છે.

વળી બંધને આદિમાન સ્વીકારવામાં બીજો દોષ છે તે 'तथा'થી બતાવે છે –

અને શુદ્ધ પણ આત્માને અકસ્માત જ કર્મસંયોગ સ્વીકારાયે છતે સિદ્ધોને પણ કર્મબંધનો પ્રસંગ હોવાથી અનાશ્વાસ=મોક્ષમાં અનાશ્વાસ, પ્રાપ્ત થાય. 'इति' શબ્દ 'तथाहि'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.

હવે નિગમન કરતાં કહે છે –

તે કારણથી=યોગ્યતાને આદિમાન સ્વીકારવામાં દોષ છે તે કારણથી, યોગ્યતા અને તદુદ્ભવ બન્ધ=યોગ્યતાથી ઉત્પન્ન થયેલો બંધ, બન્ને પણ અનાદિમાન સ્વીકારવા જોઈએ. 'इति' શબ્દ નિગમનની સમાપ્તિ માટે છે.

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

બંધનું કૃતકપણું હોવાને કારણે કેવી રીતે અનાદિમાનપણું શ્રદ્ધા કરવા માટે ઉચિત છે ? અર્થાત્ ઉચિત નથી એ પ્રકારની શંકામાં કહે છે –

તારી વાત સાચી છે, અતીતકાલના સાધર્મ્યથી=અતીતકાલના સાદૃશ્યથી, કેવલ આગમપ્રમાણથી આ કર્મબંધ આવો થાય=અનાદિ થાય.

કર્મબંધ આગમપ્રમાણથી અતીતકાલ સદૃશ છે તે સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે અતીતકાલ પ્રતિક્ષણ અપર અપર રૂપે થયેલો પણ પ્રવાહ અપેક્ષાએ અનાદિ છે તે પ્રમાણે બંધ પણ જિનવચનના પ્રામાણ્યથી જાણવો=પ્રવાહ અપેક્ષાએ અનાદિ જાણવો. 'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ॥૧૧॥

❖ 'બન્ધોઽપ્યાદિમાનેવ'માં 'અપિ'થી એ કહેવું છે કે યોગ્યતા તો આદિમાન પ્રાપ્ત થાય, પરંતુ બંધ પણ આદિમાન પ્રાપ્ત થાય.

❖ 'શુદ્ધસ્યાપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે અશુદ્ધ એવા આત્માને તો કર્મસંયોગનો સ્વીકાર થાય, પરંતુ શુદ્ધ પણ આત્માને અકસ્માત જ કર્મસંયોગ સ્વીકારાયે છતે સિદ્ધના જીવોને પણ કર્મસંયોગનો પ્રસંગ થાય.

❖ 'સિદ્ધાનામપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે સંસારીજીવોને તો કર્મબંધની પ્રાપ્તિ છે, પરંતુ સિદ્ધોને પણ કર્મબંધની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય.

❖ 'દ્વાવપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે યોગ્યતા અને યોગ્યતાથી ઉત્પન્ન થયેલો બંધ, તે બન્નેમાંથી એક તો અનાદિમાન સ્વીકારવો જોઈએ, પરંતુ બન્ને પણ અનાદિમાન સ્વીકારવા જોઈએ.

❖ 'ભૂતોઽપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે અતીતકાલ પ્રતિક્ષણ અપર અપરરૂપે ન થતો હોય તો તો અનાદિ છે, પરંતુ પ્રતિક્ષણ અપર અપર રૂપે થયેલો પણ પ્રવાહ અપેક્ષાએ અનાદિ છે.

❖ 'બન્ધોઽપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે અતીતકાલ તો પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે, પરંતુ બંધ પણ પ્રવાહ અપેક્ષાએ જિનવચનના પ્રામાણ્યથી અનાદિમાન સ્વીકારવો જોઈએ.

ભાવાર્થ :-

શ્લોક-૧૦માં સ્થાપન કર્યું કે કર્મબંધને અનુકૂળ પરિણતિરૂપ યોગ્યતા જીવના સ્વભાવભૂત છે, તેથી કર્મસંયોગ પણ પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે, ત્યાં કોઈને પ્રશ્ન થાય કે કર્મબંધની યોગ્યતા જીવના સ્વભાવભૂત હોય તેનાથી કર્મનો સંયોગ અનાદિમાન છે તે કઈ રીતે સિદ્ધ થાય ? તેથી કહે છે – કર્મબંધની યોગ્યતા અનાદિમાન છે, તેથી કર્મબંધ પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન છે.

આશય એ છે કે કર્મબંધની યોગ્યતા જીવના સ્વભાવભૂત છે અને જીવ અનાદિનો છે, તેથી જીવના સ્વભાવભૂત કર્મબંધની યોગ્યતા અનાદિની છે અને આ કર્મબંધની યોગ્યતા કુર્વદ્રૂપત્વ સ્વરૂપવાળી છે, તેથી તે યોગ્યતા પ્રતિક્ષણ કર્મ બાંધવાનું કાર્ય કરે છે, તેથી જ્યારે યોગ્યતા અનાદિની છે તો તેનાથી થતું કાર્ય પણ પ્રવાહથી અનાદિનું છે.

હવે તે વાતની પુષ્ટિ કરવા માટે યોગ્યતા અનાદિ ન માનીએ અને આદિમાન સ્વીકારીએ તો શું દોષ પ્રાપ્ત થાય તે બતાવે છે – જો યોગ્યતાને આદિમાન સ્વીકારીએ તો કર્મબંધ પણ આદિમાન જ સ્વીકારવો પડે અને બંધને આદિમાન સ્વીકારી શકાય નહિ; કેમ કે બંધનું અનાદિમાનપણું બધા દર્શનકારો વડે સ્વીકારાયું છે.

આશય એ છે કે કર્મબંધ અનાદિનો છે કે આદિમાન છે તે દેખાતો પદાર્થ નથી, પરંતુ અતીન્દ્રિય પદાર્થ છે અને અતીન્દ્રિય પદાર્થ જોનારા સર્વજ્ઞ ભગવંત સંસારીજીવોનો કર્મબંધ અનાદિ છે તે સાક્ષાત્ જુએ છે

અને જોયા પછી તેમણે તે પ્રમાણે કહ્યું અને તે વાત સર્વ દર્શનકારોએ સ્વીકારી અને આથી જ સર્વ સંસારીજીવોને યોગસાધનાથી મુક્તિને કહેનારાં સર્વદર્શનો એમ જ માને છે કે દરેક સંસારીજીવ અનાદિકાળથી સંસારમાં છે અને યોગસાધનાથી મુક્તિ પામે છે અને મુક્તિને પામ્યા પછી ફરી સંસારમાં આવતા નથી, તેથી અર્થથી એ સિદ્ધ થાય કે સર્વ જીવો સંસારમાં અનાદિથી કર્મ બાંધે છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે, આમ છતાં વિચારકને શંકા થઈ કે કર્મ તો જીવ વડે કરાય છે અને જે કરાતું હોય તે અનાદિ સ્વીકારી શકાય નહિ, તેથી કર્મબંધ પૂર્વે જીવને શુદ્ધ માનવો પડે અને જીવને શુદ્ધ માનીએ તો શુદ્ધ એવો જીવ કેવી રીતે પ્રથમ કર્મબંધ કરી શકે એ પ્રકારની શંકા શ્લોક-૧૦માની અવતરણિકામાં કરીને સર્વ દર્શનોને માન્ય અનાદિમાન કર્મ કઈ રીતે સંગત છે તે વાત પૂર્વમાં સિદ્ધ કરી. પછી કહ્યું કે જો યોગ્યતાને આદિમાન માનીએ તો બંધ આદિમાન માનવો પડે અને તેમ સ્વીકારીએ તો સર્વ દર્શનોની માન્યતા સાથે વિરોધ આવે, માટે બંધને અનાદિમાન માનવો જોઈએ, તેથી તેના કારણીભૂત યોગ્યતાને અનાદિમાન માનીને યોગ્યતાના કાર્યભૂત બંધને પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન માનવો ઉચિત છે.

બંધને અનાદિમાન સ્વીકારવામાં બીજી યુક્તિ બતાવે છે –

જો બંધને આદિમાન માનીએ તો પૂર્વમાં જીવ શુદ્ધ હતો તેમ માનવું પડે અને શુદ્ધ એવા જીવને અકસ્માત જ પ્રથમ કર્મસંયોગ થયો તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો શુદ્ધ એવા સિદ્ધના આત્માને પણ અકસ્માત કર્મબંધ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો મોક્ષમાં અનાશ્વાસ ઉત્પન્ન થાય.

આશય એ છે કે જો શુદ્ધ આત્માને અકસ્માત કર્મબંધ થાય છે તેમ માનીએ તો, માનવું પડે કે યોગસાધના કરીને જીવ મોક્ષમાં જાય છે, ત્યાર પછી પણ અકસ્માત કર્મબંધ થઈ શકે અને તેમ સ્વીકારીએ તો મોક્ષમાં અનાશ્વાસ થાય, તેથી અતિકષ્ટસાધ્ય એવા મોક્ષમાર્ગમાં યત્ન કરવાનો ઉત્સાહ થાય નહિ.

આ પદાર્થનું નિગમન કરતાં કહે છે – ઉપરના કથનથી એ ફલિત થયું કે કર્મબંધની યોગ્યતા અને કર્મબંધની યોગ્યતાથી ઉત્પન્ન થયેલો બંધ એ બન્ને પણ અનાદિમાન સ્વીકારવા જોઈએ.

આ રીતે કર્મબંધને પ્રવાહથી અનાદિ સિદ્ધ કર્યો, ત્યાં યુક્તિથી વિચારનાર પ્રશ્ન કરે છે કે જે વસ્તુ કરાયેલી હોય તે અનાદિ કઈ રીતે કહી શકાય અને જીવના પ્રયત્નથી કર્મબંધ કરાય છે માટે તેને અનાદિ કઈ રીતે સ્વીકારી શકાય ? તેને ગ્રંથકારશ્રી કહે છે કે તારી વાત સાચી છે અર્થાત્ જે વસ્તુ કરાઈ હોય તે અનાદિમાન છે તેમ કહી શકાય નહિ, તોપણ જેમ અતીતકાલ દરેક ક્ષણે ઉત્પન્ન થાય છે અને પ્રવાહ અપેક્ષાએ અનાદિ છે તેમ કર્મબંધ જીવથી કરાય છે અને પ્રવાહ અપેક્ષાએ અનાદિ છે.

આશય એ છે કે વર્તમાનક્ષણ જ્યારે આવી નથી ત્યારે ભવિષ્યરૂપે હતી અને જ્યારે આવે છે ત્યારે વર્તમાનરૂપે બને છે અને વર્તમાનક્ષણ બીજી ક્ષણમાં ભૂતક્ષણ થાય છે, તેથી ભૂતક્ષણ ઉત્પન્ન થઈ કહેવાય છે અને તે રીતે દરેક ભૂતક્ષણ ક્યારેક ઉત્પન્ન થઈ છે તોપણ ભૂતકાળ પ્રવાહની અપક્ષાએ અનાદિનો છે તેમ જીવના પ્રયત્નથી કર્મબંધ થાય છે તોપણ પ્રવાહ અપેક્ષાએ કર્મબંધ અનાદિનો છે.

અહીં પ્રશ્ન થાય કે ભૂતકાળ પ્રવાહ અપેક્ષાએ અનાદિનો હોય એટલા માત્રથી કર્મબંધ પણ કરાયેલો હોવા છતાં ભૂતકાળની જેમ અનાદિનો છે તેમ કઈ રીતે નક્કી થાય ? કેમ કે ભૂતકાળ પ્રતિક્ષણ થતો હોવા છતાં પ્રવાહ અપેક્ષાએ અનાદિનો છે તેમ સિદ્ધ થાય એટલા માત્રથી કર્મબંધ પણ પ્રવાહ અપેક્ષાએ તેની જેમ જ છે તેવું સિદ્ધ થઈ શકે નહિ, તેથી કહે છે – જિનવચનના પ્રામાણ્યથી બંધને પ્રવાહ અપેક્ષાએ અનાદિમાન સ્વીકારવો જોઈએ, પદાર્થને સમજવા અતીતકાલ એ કેવલ દૃષ્ટાંત માત્રરૂપ છે. **॥૧૧॥**

અવતરણિકા :-

અથ પ્રપञ્ચતો મહેશાનુગ્રહાન્મોક્ષ ઇતિ નિરાકુર્વન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે વિસ્તારથી મહેશના અનુગ્રહને કારણે મોક્ષ છે, ઇતિ=એતદ્=એનું નિરાકરણ કરતાં કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૭માં બતાવ્યું કે મહેશનો અનુગ્રહ પણ મહેશના અનુગ્રહ યોગ્ય જીવનો સ્વભાવ હોય તો જ થઈ શકે અને મહેશના અનુગ્રહયોગ્ય સ્વભાવ સ્વીકારીને તેનાથી સંસાર અને મોક્ષની સંગતિ કરવી તેના કરતાં જીવમાં જ તદન્ય સંયોગનો સ્વભાવ અને તદન્ય વિયોગનો સ્વભાવ સ્વીકારીને સંસાર અને મોક્ષની સંગતિ કરવી તે ઉચિત છે, તે કથનને પુષ્ટ કરવા માટે વિસ્તારથી મહેશના અનુગ્રહથી મોક્ષ છે તે વાતનું નિરાકરણ કરતાં કહે છે –

શ્લોક :-

अनुग्रहोऽप्यनुग्राह्ययोग्यतापेक्ष एव तु ।
नाणुः कदाचिदात्मा स्याद् देवतानुग्रहादपि ।।१२।।

અન્વયાર્થ :-

અનુગ્રહોઽપિ=અનુગ્રહ પણ, અનુગ્રાહ્યયોગ્યતાપેક્ષ એવ તુ=અનુગ્રાહ્યની યોગ્યતાની અપેક્ષાવાળો જ છે, કદાચિત્=ક્યારે પણ, દેવતાનુગ્રહાદપિ=દેવતાના અનુગ્રહથી પણ, અણુ=પરમાણુ, આત્મા=જીવ, ન સ્યાત્=ન થાય. ।।૧૨।।

શ્લોકાર્થ :-

અનુગ્રહ પણ અનુગ્રાહ્યની યોગ્યતાની અપેક્ષાવાળો જ છે, ક્યારે પણ દેવતાના અનુગ્રહથી પણ પરમાણુ જીવ ન થાય. ।।૧૨।।

ટીકા :-

અનુગ્રહોઽપિ મહેશકૃતઃ કિં પુનઃ શેષક્રિયાવિશેષ ઇત્યપિશબ્દાર્થઃ, અનુગ્રાહ્યસ્ય=અનુગ્રહવિષયસ્ય

जन्तोः, योग्यतापेक्ष एव तु=योग्यतामेवाऽपेक्ष्य न पुनरन्यथा। अमुमेवार्थं प्रतिवस्तूपमया भावयति - न=नैव, अणुः-पुद्गलविशेषः कदाचित्=क्वापि काले, आत्मा=जीवः, स्यात्, कुतोऽपीत्याह देवतानुग्रहादपि=देवताया दिव्यविशेषरूपाया अनुग्रहः-प्रसादः तस्मादपि, किं पुनस्तदभाव इत्यपिशब्दार्थः ।।१२।।

ટીકાર્થ :-

अनुग्रहोऽपि ..... इत्यपिशब्दार्थः ।। ભગવાનકૃત અનુગ્રહ પણ અનુગ્રાહ્યની=અનુગ્રહના વિષયભૂત જીવની, યોગ્યતાની અપેક્ષાવાળો જ છે=યોગ્યતાની જ અપેક્ષા કરીને અનુગ્રહ છે, વળી અન્યથા નહિ, વળી શેષક્રિયાવિશેષનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે='अनुग्रहोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આ જ અર્થને=યોગ્યતાની અપેક્ષાએ અનુગ્રહ થાય છે એ જ અર્થને, પ્રતિવસ્તુની ઉપમા વડે ભાવન કરે છે=સદૃશવસ્તુની ઉપમા વડે બતાવે છે – પુદ્ગલવિશેષરૂપ અણુ ક્યારે પણ દેવતાના અનુગ્રહથી પણ આત્મા થાય નહિ, વળી તેના અભાવનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે='देवतानुग्रहादपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૧૨।।

ભાવાર્થ :-

પરમાણુમાં આત્મારૂપે થવાની યોગ્યતા નથી, તેથી દિવ્યશક્તિવાળા ભગવાન અનુગ્રહ કરે તોપણ પરમાણુ આત્મા થઈ શકે નહિ, એ વસ્તુની ઉપમાથી ગ્રંથકારશ્રી બતાવે છે કે ભગવાનના અનુગ્રહથી મોક્ષ થાય છે તેમ સ્વીકારવું હોય તો જીવમાં અનુગ્રહને યોગ્ય યોગ્યતા છે તેમ માનવું પડે. તે સિવાય ભગવાનનો અનુગ્રહ થઈ શકે નહિ અને આ વાત કોઈપણ વિચારકને યુક્તિથી સ્વીકાર્યા વગર છૂટકો નથી અને ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ છે તેમ સ્વીકારનાર પુરુષ જ્યારે એમ સ્વીકારે કે જીવમાં યોગ્યતા હતી અને ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ થયો તો શ્લોક-૭માની ટીકાના અંતે બતાવ્યું તે પ્રમાણે ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ થાય છે તેમ માનવા કરતાં જીવના જ તેવા સ્વભાવને કારણે જીવ તદન્ય સંયોગથી સંસારી છે અને તદન્ય વિયોગથી મુક્ત બને છે તેમ માનવું ઉચિત છે.

અહીં શેષક્રિયાવિશેષ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અનુગ્રહની ક્રિયાથી અન્ય ક્રિયાઓ તે શેષક્રિયાઓ છે અને કોઈ કાર્યનું કારણ જે શેષક્રિયાઓ નથી તે ક્રિયાઓની વ્યાવૃત્તિ કરવા માટે શેષક્રિયાઓ ન કહેતાં શેષક્રિયાવિશેષ કહેલ છે, તેથી કોઈ કાર્યને અનુકૂલ ક્રિયાવિશેષ છે તે ક્રિયાઓનું ગ્રહણ 'શેષક્રિયાવિશેષ' શબ્દથી છે. તે ક્રિયાઓ અનુગ્રાહ્યમાં રહેલી યોગ્યતાની અપેક્ષા રાખે છે, જેમ ઘટનિષ્પત્તિને અનુકૂલ ક્રિયાવિશેષ માટીમાં રહેલી ઘટને અનુકૂલ એવી યોગ્યતાની અપેક્ષા રાખે છે, તેથી જ પાણીમાંથી ઘટ થતો નથી, માટીમાંથી ઘટ થાય છે.

અહીં વિશેષ એ છે કે જૈનદર્શન પણ ભગવાનના અનુગ્રહથી મોક્ષ થાય છે તે વાત સ્વીકારે છે છતાં મહેશના અનુગ્રહથી મોક્ષ થાય છે એ પ્રમાણે જે પતંજલિઋષિ આદિ માને છે તેનું અહીં નિરાકરણ કરવામાં આવે છે તેનું કારણ પતંજલિઋષિ આદિ એમ માને છે કે જેમ કુંભારના પ્રયત્નથી ઘટ થાય છે તેમ ઈશ્વરના પ્રયત્નથી જીવનો મોક્ષ થાય છે, તેથી જીવના મોક્ષ પ્રત્યે ઈશ્વરનું કર્તૃત્વ છે, જ્યારે જૈનદર્શનની

માન્યતા પ્રમાણે વીતરાગ મોક્ષમાં ગયા પછી કોઈ પ્રયત્ન કરતા નથી અને સંસારમાં પણ કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ આપવાના પ્રયત્ન સિવાય કોઈ પ્રયત્ન કરતા નથી, પરંતુ આર્થ્યવ્યાપારને આશ્રયીને ભગવાનનો અનુગ્રહ જૈનદર્શન સ્વીકારે છે, 'આર્થ્યવ્યાપાર એટલે સામર્થ્યપ્રાપ્ત વ્યાપાર' અને સામર્થ્યપ્રાપ્ત વ્યાપાર ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે, તેથી કોઈ પુરુષ ભગવાનની આજ્ઞાનું પાલન કરે અને તેનાથી મોક્ષ થાય તો તે ભગવાનનો અનુગ્રહ છે એ પ્રકારનો ઉપચાર છે, વસ્તુતઃ જીવને મોક્ષપ્રાપ્તિ થાય તેને અનુકૂલ એવો કોઈ વ્યાપાર ભગવાન કરતા નથી, તેથી જ મહેશના અનુગ્રહથી મોક્ષ છે એમ માનનાર મતનું અહીં નિરાકરણ કરેલ છે અને ભગવાનનો અનુગ્રહ કેવો છે તે વાત ૧૬મી બત્રીશીમાં ઉપાધ્યાયજી મહારાજે સ્પષ્ટ કરેલ છે. **॥૧૨॥**

અવતરણિકા :-

અમુમેવાર્થં ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને ભાવન કરે છે=બતાવે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૨માં બતાવ્યું કે અનુગ્રાહ્યની યોગ્યતાની અપેક્ષાએ જ મહેશનો અનુગ્રહ થઈ શકે છે એ જ અર્થને અનુભવસિદ્ધ યુક્તિથી બતાવે છે –

શ્લોક :-

कर्मणो योग्यतायां हि कर्ता तद्व्यपदेशभाक् ।
नान्यथाऽतिप्रसङ्गेन लोकसिद्धमिदं ननु ।।१३।।

અન્વયાર્થ :-

हि=જે કારણથી, कर्मणो योग्यतायां=કર્મની યોગ્યતા હોતે છતે=કાર્યને અનુકૂળ ક્રિયાના વિષયભૂત યોગ્યતા પદાર્થમાં હોતે છતે, कर्ता=કર્તા, तद्व्यपदेशभाक्=તે કાર્યના કર્તા તરીકે વ્યપદેશ પામે છે, अतिप्रसङ्गेन=અતિપ્રસંગ હોવાને કારણે, न अन्यथा=અન્ય પ્રકારે નહિ=કાર્ય થવાની યોગ્યતાના અભાવમાં કર્તા પ્રવૃત્તિ કરે તો તદ્વ્યપદેશભાક્ નથી, इदम्=આ, ननु=ખરેખર, लोकसिद्धम्=લોકમાં પ્રતીત છે. ॥૧૩॥

શ્લોકાર્થ :-

જે કારણથી કાર્યને અનુકૂળ ક્રિયાના વિષયભૂત યોગ્યતા પદાર્થમાં હોતે છતે કર્તા તે કાર્યના કર્તા તરીકે વ્યપદેશ પામે છે, અતિપ્રસંગ હોવાને કારણે અન્યથા નહિ, આ ખરેખર લોકમાં પ્રતીત છે. ॥૧૩॥

❖ 'हि' શબ્દનો 'यस्मात्' અર્થ છે અને તેનું જોડાણ આ પ્રમાણે છે – જે કારણથી કર્મની યોગ્યતામાં કર્તા તદ્વ્યપદેશભાક્ છે, અન્યથા નહિ, તે કારણથી જીવની યોગ્યતામાં જ મહેશના અનુગ્રહથી મોક્ષ છે તેમ સ્વીકારી શકાય, અન્યથા નહિ અને તેમ સ્વીકારીએ તો યોગ્યતાથી જ સંસાર અને મોક્ષ સંગત થાય છે તે વાત શ્લોક-૭માં કહેલ, તે રીતે માનવું યુક્ત છે, પરંતુ મહેશના અનુગ્રહથી મોક્ષ છે તેમ માનવું ઉચિત નથી.

ટીકા :-

कर्मणः क्रियाविषयस्य=सामान्येन मुद्गादेर्वस्तुनो योग्यतायां=योग्यभावे, हि=यस्मात्कारणात्, कर्ता पाचकादिः तद्व्यपदेशभाक्=तं पाचकादिरूपं व्यपदेशं भजते यः स तथा, विपक्षे बाधामाह - न=नैव, अन्यथा=अन्येन प्रकारेण=कर्मणः पाकादियोग्यताविरहे, कर्ता तद्व्यपदेशभाक्, कथमित्याह अतिप्रसङ्गेन=अतिव्याप्तिलक्षणेन, लोकसिद्धं-बालाबलादिजनप्रतीतम्, इदं-पूर्वोक्तं वस्तु ननु= निश्चितम्, नास्मिन्नर्थेऽन्यत्प्रमाणं गवेषणीयमिति भावः ।।१३।।

ટીકાર્થ :-

कर्मणः ..... गवेषणीयमिति भावः ।। ક્રિયાના વિષયભૂત એવા કર્મની=સામાન્યથી મગાદિ વસ્તુની યોગ્યતા હોતે છતે જે કારણથી કર્તા એવા પાચકાદિ જે તે પાચકાદિરૂપ વ્યપદેશને પામે છે તે તેવો છે=તેના પાચકાદિ વ્યપદેશવાળો છે. અહીં ક્રિયાના વિષયરૂપ કર્મથી સર્વ કાર્યોના વિષયભૂત વસ્તુનું ગ્રહણ છે તે બતાવવા જ સામાન્યથી મગાદિ વસ્તુને ગ્રહણ કરેલ છે અને તે મગાદિ વસ્તુમાં યોગ્યતા હોય તો મગને રાંધનાર પુરુષ તેના પાચક એવા વ્યપદેશને પામે છે, વિપક્ષમાં=તેનાથી વિપરીત સ્વીકારવામાં, બાધાને કહે છે – 'અન્યથા'= અન્ય પ્રકારે=કર્મના પાકાદિની યોગ્યતાના વિરહમાં, કર્તા કાર્યના કર્તા તરીકે વ્યપદેશભાક્ નથી જ; કેમ કર્તા તદ્વ્યપદેશભાગ્ નથી એથી કહે છે – અતિપ્રસંગ છે=અતિવ્યાપ્તિરૂપ અતિપ્રસંગ છે, આ પૂર્વમાં કહેલી વસ્તુ નિશ્ચિત લોકસિદ્ધ છે=બાળક-સ્ત્રી આદિ જનોને પ્રતીત છે, આ અર્થમાં અન્ય પ્રમાણને વિચારવાની જરૂર નથી એ પ્રકારનો ભાવ છે. ।।૧૩।।

ભાવાર્થ :-

બાળકો અને સ્ત્રીઓને પણ આ વાત પ્રસિદ્ધ છે કે રાંધવાની મગાદિ વસ્તુમાં રંધાવાની યોગ્યતા હોય તો જ તે મગાદિને રાંધનાર પુરુષ મગનો પાચક છે તેમ વ્યવહાર થાય છે, પરંતુ કોરડા મગને રાંધવા માટે કોઈ પુરુષ યત્ન કરતો હોય તો આ મગ રાંધે છે એવો વ્યવહાર થતો નથી, આ પ્રકારના લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતથી ગ્રંથકારશ્રી એ બતાવે છે કે સામાન્યથી દરેક પદાર્થમાં યોગ્યતા હોય તો જ તે પદાર્થનો કર્તા આ પુરુષ છે તેમ વ્યવહાર થાય છે તે રીતે જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા હોય તો જ મહેશ પણ પ્રયત્ન કરીને જીવને મુક્ત કરી શકે છે અન્યથા નહિ એમ સ્વીકારી શકાય અને જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા સ્વીકાર્યા પછી મહેશના અનુગ્રહથી મોક્ષ થાય છે તેમ સ્વીકારીએ તો મહેશના પ્રયત્નથી મોક્ષ થયો છે તેમ માનવા કરતાં જીવમાં રહેલી મોક્ષ પામવાની યોગ્યતાને કારણે જીવે પ્રયત્ન કરીને મોક્ષ મેળવ્યો છે તેમ

માનવું જ વધારે ઉચિત છે; કેમ કે મહેશના પ્રયત્નથી મોક્ષ મળે છે તેમ માનીએ તો મહેશ પક્ષપાતી છે, આથી કેટલાક જીવો માટે મોક્ષને અનુકૂળ પ્રયત્ન કરે છે અને કેટલાક જીવો માટે નિગ્રહને અનુકૂળ પ્રયત્ન કરે છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો મહેશને રાગી-દ્વેષી માનવાનો પ્રસંગ આવે, માટે મહેશના અનુગ્રહથી મોક્ષ થાય છે તેમ માનવું ઉચિત નથી.

અહીં શ્લોકમાં અતિપ્રસંગ બતાવ્યો, તેનાથી એ કહેવું છે કે મગમાં યોગ્યતા ન હોય તોપણ તેને રાંધવાની ક્રિયા કરનારને પાચક સ્વીકારીએ તો પાણીથી ઘટ બનાવવાને અનુકૂળ કોઈ પુરુષ પ્રયત્ન કરતો હોય તો તે ઘટ બનાવે છે તેમ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય, વસ્તુતઃ પાણીથી ઘટ બનાવવાની કોઈ પુરુષ ચેષ્ટા કરતો હોય તો આ ઘટ બનાવે છે તેમ સ્વીકારાતું નથી છતાં આ ઘટ બનાવે છે તેમ માનવાનો અતિપ્રસંગ આવે. **॥૧૩॥**

અવતરણિકા :-

पुनरप्यमुमेवार्थं पुरस्कृत्याह –

અવતરણિકાર્થ :-

ફરી પણ આ જ અર્થને આગળ કરીને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં બતાવ્યું કે અનુગ્રાહ્યની યોગ્યતાની અપેક્ષાએ અનુગ્રહ થઈ શકે, અન્યથા નહિ, ફરી પણ એ જ અર્થને આગળ કરીને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

अन्यथा सर्वमेवैतदौपचारिकमेव हि ।
प्राप्नोत्यशोभनं चैतत्तत्त्वतस्तदभावतः ।।१४।।

અન્વયાર્થ :-

अन्यथा=સ્વયોગ્યતા વિના, તે કાર્યનો કર્તા સ્વીકારવામાં આવે તો, सर्वमेव=સર્વ જ, एतद्=આ=કાર્યસમૂહ, हि=स्फुट=સ્પષ્ટ, औपचारिकमेव= ઔપચારિક જ, प्राप्नोति=પ્રાપ્ત થવાનો પ્રસંગ છે, च=વળી, तत्त्वतः=પારમાર્થિકવૃત્તિથી, तदभावतः=તેનો અભાવ હોવાને કારણે=ઔપચારિક વસ્તુનો અભાવ હોવાને કારણે, एतद्=આ=ઔપચારિકપણાથી સ્વીકાર, अशोभनं=અશોભન છે. ॥૧૪॥

શ્લોકાર્થ :-

સ્વયોગ્યતા વિના તે કાર્યનો કર્તા સ્વીકારવામાં આવે તો, સર્વ જ કાર્યસમૂહ સ્પષ્ટ ઔપચારિક જ પ્રાપ્ત થવાનો પ્રસંગ છે, વળી પારમાર્થિકવૃત્તિથી ઔપચારિક વસ્તુનો અભાવ હોવાને કારણે ઔપચારિકપણાથી સ્વીકાર અશોભન છે. ॥૧૪॥

ટીકા :-

અન્યથા=સ્વયોગ્યતામન્તરેણાપિ કર્મણો યદિ કર્તા તદ્વ્યપદેશભાગિષ્યતે તદા, સર્વમેવૈતદ્= બાહ્યમાભ્યન્તરં ચ કાર્યજાતં, કિમિત્યાહ ઔપચારિકમેવ=ઉપચારમાત્રોદ્ભવમેવ, હિ=સ્ફુટં, પ્રાપ્નોતિ= પ્રસજ્યતે, માણવકસિંહત્વવત્, યદિ નામૈવં, તથાપિ કો દોષ ઇત્યાહ અશોભનં ચ=અશોભનં પુનઃ, એતત્=સર્વમેવૌપચારિકતયાભ્યુપગમ્યમાનમ્, કુત ઇત્યાહ તત્ત્વતઃ=પારમાર્થિક્યા વૃત્ત્યા, તદભાવતઃ= ઔપચારિકવસ્તુનોઽભાવાત્, ન હ્યુપચરિતા ભાવા માણવકસિંહતાદયઃ પારમાર્થિકં સિંહાદિરૂપં ભજન્તે, એવં મોક્ષાદયોઽપ્યાત્મનઃ સ્વયોગ્યતાયા વિરહે મહેશાનુગ્રહાદેઃ પરૈરભ્યુપગમ્યમાના ન પારમાર્થિકરૂપભાજો ભવેયુરિતિ ।।૧૪।।

ટીકાર્થ :-

અન્યથા ..... ભવેયુરિતિ ।। અન્યથા=કર્મની સ્વયોગ્યતા વગર પણ જો કર્તા તદ્વ્યપદેશભાક્ ઇચ્છાય છે તો=મગાદિ વસ્તુમાં તે પ્રકારે થવાની યોગ્યતા વગર પણ જો કર્તા મગાદિનો પાચક છે એમ ઇચ્છાય છે તો, સર્વ જ આ=બાહ્ય અને અભ્યંતર કાર્યનો સમુદાય, માણવકમાં સિંહત્વની જેમ સ્પષ્ટ ઔપચારિક જ=ઉપચારમાત્ર ઉદ્ભવ જ, પ્રાપ્ત થશે, જો આમ છે=ઉપાદાન કારણમાં યોગ્યતા સ્વીકાર્યા વગર કર્તા તે કાર્યનો કરનાર છે તેમ સ્વીકારવાથી સર્વ કાર્ય ઔપચારિક પ્રાપ્ત થાય એમ પૂર્વમાં કહ્યું એ પ્રમાણે જો છે, તોપણ શું દોષ છે ? એથી કહે છે – વળી આ=સર્વ જ ઔપચારિકપણાવડે સ્વીકારાતું એવું આ, અશોભન છે, કેમ ? એથી કહે છે – તત્ત્વથી=પારમાર્થિકવૃત્તિથી, તેનો અભાવ હોવાથી=ઔપચારિક વસ્તુનો અભાવ હોવાથી, અશોભન છે એમ અન્વય છે.

પારમાર્થિકવૃત્તિથી ઔપચારિક વસ્તુનો અભાવ હોવાને કારણે બધું આ ઔપચારિક છે તેમ સ્વીકારવું અશોભન છે એમ પૂર્વમાં કહ્યું એને સ્પષ્ટ કરે છે –

ઉપચરિત માણવકસિંહતાદિ ભાવો પારમાર્થિક સિંહાદિરૂપને ભજતા નથી, એ રીતે આત્માની સ્વયોગ્યતાના વિરહમાં મહેશના અનુગ્રહાદિથી બીજા વડે સ્વીકારાતા મોક્ષાદિ પણ પારમાર્થિકરૂપને ભજનારા થાય નહિ. 'ઇતિ' શબ્દ 'ન હિ'થી 'ભવેયુરિતિ' સુધીના કથનની સમાપ્તિમાં છે. ।।૧૪।।

❖ 'સ્વયોગ્યતામન્તરેણાપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે કર્મની યોગ્યતાથી તો કર્તા તેના વ્યપદેશને પામે છે, પરંતુ કર્મની યોગ્યતા વગર પણ કર્તા તેના વ્યપદેશને પામે તો બાહ્ય સર્વ કાર્ય ઔપચારિક પ્રાપ્ત થાય.

❖ 'મોક્ષાદયોઽપિ'માં 'આદિ'થી સંસારનું ગ્રહણ કરવું અને 'અપિ'થી એ કહેવું છે કે બાહ્ય કાર્યો તો યોગ્યતા વગર ઔપચારિક પ્રાપ્ત થાય, પરંતુ મોક્ષાદિ પણ યોગ્યતા વગર ઔપચારિક પ્રાપ્ત, થાય પારમાર્થિક પ્રાપ્ત થાય નહિ.

ભાવાર્થ :-

શ્લોક-૧૩માં સ્થાપન કર્યું કે ક્રિયાના વિષયભૂત પદાર્થમાં કાર્યરૂપે થવાની યોગ્યતા હોય તો તે કાર્યને કરનારો પુરુષ તેનો કર્તા છે તેમ કહી શકાય અને જો તેમ ન સ્વીકારવામાં આવે અને કહેવામાં આવે કે

પદાર્થમાં યોગ્યતા નહિ હોવા છતાં આ કર્તાએ તે કાર્ય કર્યું તો સર્વ જ કાર્ય ઔપચારિક પ્રાપ્ત થાય અને અહીં સર્વકાર્યથી બાહ્યકાર્ય અને અભ્યંતરકાર્યનું ગ્રહણ છે તેમાં ઘટ-પટાદિરૂપ બાહ્યકાર્યોનું ગ્રહણ છે અને જીવમાં થતા બોધ-નિયમ-મોક્ષ-સંસારરૂપ અભ્યંતર કાર્યોનું ગ્રહણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે ઉપાદાનકારણમાં યોગ્યતા ન હોય તો ઘટને કરનાર કુંભારથી ઔપચારિક ઘટ પ્રાપ્ત થયો તેમ માનવું પડે, તે જ રીતે આત્મામાં બોધ-નિયમની યોગ્યતા ન હોય કે મોક્ષમાં જવાની યોગ્યતા ન હોય તો ઈશ્વરના પ્રયત્નથી અભ્યંતર કાર્યરૂપ બોધ, નિયમ કે મોક્ષ ઔપચારિક પ્રાપ્ત થાય, વાસ્તવિક પ્રાપ્ત થાય નહિ.

જેમ–

કોઈ માણવકને સિંહ કહે તો માણવકમાં સિંહત્વ પ્રાપ્ત થતું નથી, પરંતુ ઉપચારથી આ માણવક સિંહ છે એમ કહી શકાય.

તેમ–

ઈશ્વરના અનુગ્રહથી મને બોધ, નિયમ કે મોક્ષ થાય છે એમ કહેવાથી પોતાને બોધ, નિયમ કે મોક્ષની પ્રાપ્તિ થતી નથી, પરંતુ ઉપચારથી મને બોધ, નિયમ કે મોક્ષની પ્રાપ્તિ થઈ તેમ કહી શકાય.

આ રીતે કહેવાથી કોઈ કહે કે ભલે ઔપચારિક પણ મોક્ષ મહેશના અનુગ્રહથી થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

ઔપચારિક એવા મોક્ષાદિભાવોનો પારમાર્થિકવૃત્તિથી અભાવ હોવાને કારણે તે ઔપચારિક ભાવો અશોભન થશે. આશય એ છે કે જો ઔપચારિક મોક્ષ સ્વીકારવામાં આવે તો મહેશના અનુગ્રહ માટે અતિકષ્ટસાધ્ય એવા યોગમાર્ગમાં વિચારક પ્રવૃત્તિ કરશે નહિ, માટે ઔપચારિક ભાવો સ્વીકારવા અશોભન છે. **॥૧૪॥**

અવતરણિકા :–

किञ्च –

અવતરણિકાર્થ :–

વળી –

ભાવાર્થ :–

શ્લોક-૧૩માં બતાવ્યું કે ક્રિયાના વિષયભૂત પદાર્થમાં યોગ્યતા ન હોય તો આ તેનો કર્તા છે તેમ વ્યપદેશ થઈ શકે નહિ અને તેની પુષ્ટિ કરવા માટે શ્લોક-૧૪માં કહ્યું કે યોગ્યતા નહિ હોવા છતાં આ તેનો કર્તા છે તેમ માનીએ તો સર્વ કાર્યો ઔપચારિક પ્રાપ્ત થાય, માટે યોગ્યતા સ્વીકાર્યા વગર તે કાર્યનો કર્તા માની શકાય નહિ. હવે તે કથનની પુષ્ટિ કરવા માટે 'किञ्च'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

उपचारोऽपि च प्रायो लोके यन्मुख्यपूर्वकः ।
दृष्टस्ततोऽप्यदः सर्वमित्थमेव व्यवस्थितम् ।।१५।।

અન્વયાર્થ :-

यद्=જે કારણથી, उपचारोऽपि च=ઉપચાર પણ, प्रायः=ઘણું કરીને, लोके=લોકમાં, मुख्यपूर्वकः=મુખ્યપૂર્વક, दृष्टः=જોવાયેલો છે, ततोऽपि=તેથી પણ, अदः सर्वम्=આ સર્વ=સ્વયોગ્યતાથી કર્મબંધાદિ સર્વ, इत्थमेव=આ રીતે જ=શ્લોક-૬માં વ્યવસ્થાપન કર્યું એ રીતે જ, व्यवस्थितम्=વ્યવસ્થિત છે. ।।૧૫।।

શ્લોકાર્થ :-

જે કારણથી ઉપચાર પણ ઘણું કરીને લોકમાં મુખ્યપૂર્વક જોવાયેલો છે, તેથી પણ સ્વયોગ્યતાથી કર્મબંધાદિ સર્વ આ રીતે જ વ્યવસ્થિત છે. ।।૧૫।।

ટીકા :-

उपचारोऽपि चोपचरितवस्तुव्यवहाररूपः 'किं पुनर्मुख्यो मुख्यपूर्वको व्यवहार' इत्यपि च शब्दार्थः, प्रायो=बाहुल्येन, लोके=व्यवहारार्हे जने, यद्=यस्मात्, मुख्यपूर्वकः=निरुपचरितवस्तुव्यवहारापेक्षः, दृष्टः=उपलब्धः, प्रायोग्रहणं क्वचिद् व्यभिचारार्थं, तेन 'मेरुमन्थानेन मथितो नीरनिधिः सुरैः' इत्यादयोऽत्यन्तमसम्बद्धाः केचिल्लोकव्यवहारा न मुख्यवस्तुव्यवहारपूर्वकाः, किंतु मिथ्याविकल्प-वासनाप्रकोपपूर्वका इति, ततोऽपि=मुख्यपूर्वकत्वादप्युपचारस्य, 'किं पुनः प्रागुक्तयुक्तेरि'त्यपिशब्दार्थः, अद=एतत् स्वयोग्यताया सकाशात्कर्मबन्धादि, सर्वं=निरवशेषम्, इत्थमेव=व्यवस्थापितनीत्यैव, व्यवस्थितं=प्रतिष्ठितम् ।।१५।।

ટીકાર્થ :-

उपचारोऽपि ..... प्रतिष्ठितम् ।। ઉપચરિત વસ્તુના વ્યવહારરૂપ ઉપચાર પણ ઘણું કરીને લોકમાં=વ્યવહાર યોગ્ય લોકમાં, જે કારણથી મુખ્યપૂર્વક=નિરુપચરિત વસ્તુના વ્યવહારની અપેક્ષાવાળો જોવાયેલો છે=પ્રાપ્ત થયેલો છે, વળી મુખ્યપૂર્વક એવા મુખ્ય વ્યવહારનું શું કહેવું ? એ 'अपि च' શબ્દનો અર્થ છે='उपचारोऽपि'માં રહેલા 'अपि च' શબ્દનો અર્થ છે.

મૂળશ્લોકમાં प्रायः શબ્દનું ગ્રહણ છે તેનાથી કોઈક ઠેકાણે વ્યભિચાર માટે છે=કોઈક ઠેકાણે પ્રાપ્ત થતા વ્યભિચારના વારણ માટે છે, તેના કારણે 'મેરુરૂપ મન્થાન વડે દેવોથી સમુદ્ર મંથન કરાયો' ઇત્યાદિ કેટલાક અત્યંત અસંબદ્ધ લોકવ્યવહારો મુખ્ય વસ્તુપૂર્વક નથી, પરંતુ મિથ્યાવિકલ્પની વાસનાના પ્રકોપપૂર્વક છે, प्रायः શબ્દ ગ્રહણ કરવાથી તેમાં વ્યભિચાર પ્રાપ્ત થશે નહિ, અહીં 'इति' શબ્દ प्रायः

શબ્દના ગ્રહણના તાત્પર્યની સમાપ્તિ માટે છે, તેથી પણ=ઉપચારનું મુખ્યપૂર્વકપણું હોવાથી પણ, આ=સ્વયોગ્યતાને કારણે કર્મબંધાદિ છે એ, સર્વ=નિરવશેષ, આ રીતે જ=વ્યવસ્થાપિત નીતિથી જ=શ્લોક-૬માં વ્યવસ્થાપન કરેલ નીતિથી જ, વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે. 'ततोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે શ્લોક-૧૪માં કહેલી યુક્તિથી તો આ સર્વ વ્યવસ્થાપિત નીતિથી વ્યવસ્થિત છે, પરંતુ ઉપચારનું પણ મુખ્યપૂર્વકપણું હોવાથી આ રીતે જ વ્યવસ્થિત છે. ॥૧૫॥

ભાવાર્થ :-

પ્રાયઃ લોકમાં મુખ્યપૂર્વક ઉપચાર જોવાય છે, જેમ 'માણવક સિંહ' છે, એ પ્રકારનો ઉપચાર ત્યારે જ થાય, જો જગતમાં સિંહ પ્રસિદ્ધ હોય અને આથી જ મુખ્ય સિંહમાં સિંહત્વ પ્રસિદ્ધ છે અને સિંહના જેવી શૂરવીરતા આદિ માણવકમાં દેખાવાથી માણવકમાં સિંહત્વનો ઉપચાર કરવામાં આવે છે, પરંતુ જગતમાં ક્યાંય પ્રસિદ્ધ ન હોય તેવી વસ્તુનો ઉપચાર થતો નથી. તે રીતે ઈશ્વરકતૃત્વ આદિના મતે જીવમાં મોક્ષે જવાની યોગ્યતા ન હોય અને ઈશ્વરના પ્રયત્નથી મોક્ષ થાય છે તેમ સ્વીકારીએ તો પણ ઉપચારથી ઈશ્વરના પ્રયત્નથી મોક્ષ થાય છે તેમ કહી શકાય નહિ; કેમ કે યોગ્યતાથી કોઈક ઠેકાણે નિરુપચરિત મોક્ષ પ્રાપ્ત થતો હોય તો તેવા કાર્યનો ઉપચાર અન્યત્ર થઈ શકે અને તો જ કહી શકાય કે 'પ્રસ્તુત જીવમાં યોગ્યતા નથી તોપણ ઈશ્વરના પ્રયત્નથી મોક્ષ થયો.' માટે ઉપચારથી ઈશ્વરના પ્રયત્નથી મોક્ષ થાય છે તે વસ્તુ સ્વીકારવી તે અનુભવ વિરુદ્ધ છે, એથી એમ જ માનવું પડે કે જીવની યોગ્યતાથી કર્મબંધ થાય છે અને તેનાથી સંસાર થાય છે અને જીવની યોગ્યતાથી કર્મનો નાશ થાય છે, તેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, પરંતુ જગતમાં ક્યાંય પ્રસિદ્ધ ન હોય તેવી વસ્તુનો ઉપચાર કરીને ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ થાય છે અને ઈશ્વરના નિગ્રહથી સંસાર થાય છે તે કહી શકાય નહિ અને ક્યાંક=કોઈક જીવમાં યોગ્યતાથી સંસાર છે અને યોગ્યતાથી કોઈ જીવની મુક્તિ છે તેમ સ્વીકારીએ તો ઈશ્વરના પ્રયત્નથી મોક્ષ થયો અને ઈશ્વરના નિગ્રહથી સંસાર થયો તેમ માનવાની જરૂર રહેતી નથી; કેમ કે કોઈક ઠેકાણે કાર્ય થયું તેમ સિદ્ધ થાય તો સર્વત્ર યોગ્યતાથી જ કાર્ય થાય છે તેમ માનવું ઉચિત છે અને એમ સ્વીકારીએ કે જીવમાં યોગ્યતા હતી અને ઈશ્વરના પ્રયત્નથી મોક્ષરૂપ કાર્ય થયું તેનું સમાધાન શ્લોક-૭માં ગ્રંથકારશ્રીએ સ્વયં જ કરેલ કે યોગ્યતા સ્વીકાર્યા પછી તે યોગ્યતાથી સંસાર અને મોક્ષની સંગતિ થતી હોય તો મહેશના અનુગ્રહ આદિને પણ કારણ સ્વીકારવાનું કોઈ પ્રયોજન નથી.

ક્યાંય પ્રસિદ્ધ ન હોય તેનો ઉપચાર થઈ શકે નહીં એ પ્રકારના કથનમાં કોઈક ઠેકાણે વ્યભિચાર પ્રાપ્ત થાય છે તેના વારણ માટે શ્લોકમાં પ્રાયઃ શબ્દ મૂકવામાં આવેલ છે અને તે વ્યભિચાર ટીકાકારશ્રી સ્પષ્ટ કરીને તેનું સમાધાન કરે છે –

મેરુરૂપ મન્થાન દ્વારા દેવો વડે સમુદ્રનું મંથન કરાયું અને તેમાંથી અમૃતની પ્રાપ્તિ થઈ અને તે અમૃતનું પાન દેવોએ કર્યું, તેથી તેઓ અમર બન્યા, આ પ્રકારના કેટલાક અસંબદ્ધ લોકવ્યવહારો મુખ્ય વસ્તુના

વ્યવહારપૂર્વક કરાતા નથી, પરંતુ મિથ્યાવિકલ્પની વાસનાના પ્રકોપપૂર્વક કરાય છે તેવા વ્યવહારોને છોડીને અન્ય સર્વ ઉપચારો મુખ્ય વસ્તુપૂર્વક જ થાય છે, જેમ માણવક સિંહ છે એમ કહેવામાં આવે છે ત્યાં અન્યત્ર પ્રસિદ્ધ એવા સિંહમાં રહેલા સિંહત્વધર્મને સામે રાખીને તે ધર્મનો ઉપચાર માણવકમાં કરાય છે, પરંતુ જો જગતમાં સિંહત્વ જ પ્રસિદ્ધ ન હોય તો માણવકમાં સિંહત્વધર્મનો ઉપચાર કરી શકાય નહિ.

તેથી અત્યંત અસંબદ્ધ પ્રણયરૂપ ઉપચાર જેવો ઉપચાર સ્વીકારીને જ ઉપચારથી ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ છે અને ઈશ્વરના નિગ્રહથી સંસાર છે તેમ કહી શકાય. જે અત્યંત અનુચિત છે. **॥૧૫॥**

અવતરણિકા :-

साम्प्रतमुक्तग्रन्थस्य भावार्थमाविष्करणाय प्राह –

અવતરણિકાર્થ :-

હવે ઉક્ત ગ્રંથના=શ્લોક-૬થી માંડીને શ્લોક-૧૫ સુધીના કહેવાયેલા ગ્રંથના, ભાવાર્થને પ્રગટ કરવા માટે કહે છે –

શ્લોક :-

ऐदम्पर्यं तु विज्ञेयं, सर्वस्यैवास्य भावतः ।
एवं व्यवस्थिते तत्त्वे योगमार्गस्य सम्भवः ।।१६।।

અન્વયાર્થ :-

सर्वस्य एव अस्य ऐदंपर्यं=સર્વ જ એવા આનું ઐદંપર્ય=શ્લોક-૬થી માંડીને શ્લોક-૧૫ સુધી બતાવ્યું એનું ઐદંપર્ય, तु=વળી, विज्ञेयं=જાણવું. (તે ઐદંપર્ય જણાવે છે –) एवं=શ્લોક-૬માં બતાવ્યું એ પ્રમાણે, तत्त्वे व्यवस्थिते=તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે=આત્માદિ તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે, योगमार्गस्य=યોગમાર્ગનો, भावतः=પરમાર્થથી, सम्भवः=સંભવ થાય. ॥૧૬॥

શ્લોકાર્થ :-

શ્લોક-૬થી શ્લોક-૧૫ સુધી બતાવ્યું એનું ઐદંપર્ય વળી જાણવું, તે ઐદંપર્ય જણાવે છે – શ્લોક-૬માં બતાવ્યું એ પ્રમાણે તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે યોગમાર્ગનો પરમાર્થથી સંભવ થાય. ॥૧૬॥

ટીકા :-

ऐदम्पर्यं तु=परमार्थः पुनः, विज्ञेयं=अवगन्तव्यं, सर्वस्यैवास्योपन्यस्तग्रन्थस्य, कीदृशमित्याह भावतः-परमार्थतः, एवं=उक्तन्यायेन, व्यवस्थिते तत्त्वे-आत्मादौ, योगमार्गस्य-वक्तुमुपक्रान्तस्य, सम्भवः=घटना भवेत् । एवमेव तत्त्वे व्यवस्थिते योगमार्गस्य भावतः सम्भव इत्यैदम्पर्यं विज्ञेयमित्यर्थः ।।१६।।

ટીકાર્થ :-

ऐदंपर्यं तु ..... विज्ञेयमित्यर्थः ।। સર્વ જ આ ઉપન્યસ્તગ્રંથનું=શ્લોક-૬થી શ્લોક-૧૫ સુધી કહેવાયેલા ગ્રંથનું, ઐદંપર્ય વળી=પરમાર્થ વળી જાણવો, કેવા પ્રકારનો પરમાર્થ છે ? એથી કહે છે – ભાવથી= પરમાર્થથી, આ રીતે=ઉક્તન્યાયથી=શ્લોક-૬માં કહ્યું એ ન્યાયથી, આત્માદિ તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે કહેવા માટે ઉપકાન્ત એવા યોગમાર્ગનો=સર્વ દર્શનની સાથે અવિરોધરૂપે કહેવા માટે ઉપકાન્ત એવા યોગમાર્ગનો, સંભવ થાય=ઘટના થાય.

આટલા કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

આ રીતે જ=શ્લોક-૬માં બતાવ્યું એ રીતે જ, તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે યોગમાર્ગનો ભાવથી સંભવ છે, એ પ્રકારે ઐદંપર્ય જાણવું એ પ્રસ્તુત શ્લોકનો અર્થ છે. ॥૧૬॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૬માં કહેલ કે આત્મા તેનાથી અન્યના સંયોગથી સંસારી છે અને તેનાથી અન્યના વિયોગથી મુક્ત છે અને તે બતાવ્યા પછી મહેશના અનુગ્રહથી મુક્તિ માનનાર મતની અને પુરુષઅદ્વૈતવાદી મતની સમાલોચના કરીને સ્થાપન કર્યું કે આત્માનો તેવો કર્મબંધને અનુકૂળ સ્વભાવ અને કર્મથી મુક્ત થવાનો સ્વભાવ સ્વીકારવામાં આવે તો નિરુપચરિત સંસાર અને મોક્ષ સંગત થાય છે.

આ સર્વ કથનનું ઐદંપર્ય બતાવતાં કહે છે કે શ્લોક-૬માં સ્વીકાર્યું એ પ્રમાણે આત્માદિ તત્ત્વ વ્યવસ્થિત હોય તો સર્વદર્શનો સાથે અવિરોધરૂપે કહેવા માટે ઉપકાન્ત કરાયેલો એવો યોગમાર્ગ સંગત થાય, અન્યથા યોગમાર્ગ સંગત થાય નહિ. માટે યોગમાર્ગને સ્વીકારનારા સર્વ દર્શનકારોએ શ્લોક-૬માં કહેલી ગોચરશુદ્ધિ અવશ્ય સ્વીકારવી જોઈએ. **॥૧૬॥**

અવતરણિકા :-

कुत इत्याह –

અવતરણિકાર્થ :-

કયા કારણથી છે ?=શ્લોક-૧૬માં કહ્યું એ પ્રમાણે તત્ત્વ વ્યવસ્થિત હોય તો સર્વ દર્શનકારોને માન્ય એવા યોગમાર્ગનો સંભવ કયા કારણથી છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૬માં કહ્યું કે શ્લોક-૬થી શ્લોક-૧૫ સુધી બતાવ્યું એ રીતે આત્માદિ તત્ત્વ વ્યવસ્થિત હોય તો સર્વદર્શનને માન્ય એવા યોગમાર્ગનો સંભવ છે, ત્યાં શંકા થાય કે આટલું માનવાથી સર્વદર્શનને માન્ય એવા યોગમાર્ગનો સંભવ કેમ છે ? એથી કહે છે –

શ્લોક :-

पुरुषः क्षेत्रविज्ञानमिति नाम यदात्मनः ।
अविद्या प्रकृतिः कर्म तदन्यस्य तु भेदतः ।।१७।।
भ्रान्तिप्रवृत्तिबन्धास्तु संयोगस्येति कीर्तितम् ।
शास्ता वन्द्योऽविकारी च तथाऽनुग्राहकस्य तु ।।१८।।

અન્વયાર્થ :-

यद्=જે કારણથી, भेदतः=દર્શનના ભેદથી, आत्मनः=આત્માની, पुरुषः क्षेत्रविद् ज्ञानम्=પુરુષ, क्षेत्रविद्, જ્ઞાન, इति=એ પ્રકારે, नाम=સંજ્ઞા છે, तु=વળી, तदन्यस्य=તદન્યના=આત્માથી અન્ય એવા કર્મના, अविद्या प्रकृतिः कर्म=અવિદ્યા, પ્રકૃતિ, કર્મ નામ છે. ।।૧૭।।

तु=વળી, संयोगस्य=સંયોગના=આત્માથી અન્યના સંયોગના, भ्रान्तिप्रवृत्तिबन्धाः=ભ્રાન્તિ, પ્રવૃત્તિ અને બંધ નામ છે, इति=એ પ્રકારે, कीर्तितम्=કહેવાયેલું છે, तथा=અને, अनुग्राहकस्य तु=અનુગ્રહ કરનારના વળી, शास्ता वन्द्योऽविकारी च=શાસ્તા, વંદ્ય અને અવિકારી નામ છે. ।।૧૮।।

શ્લોકાર્થ :-

જે કારણથી દર્શનના ભેદથી આત્માની પુરુષ, ક્ષેત્રવિદ્, જ્ઞાન એ પ્રકારે સંજ્ઞા છે. વળી આત્માથી અન્ય એવા કર્મનાં અવિદ્યા, પ્રકૃતિ, કર્મ નામ છે. ।।૧૭।।

વળી આત્માથી અન્યના સંયોગનાં ભ્રાંતિ, પ્રવૃત્તિ અને બંધ નામ છે એ પ્રકારે કહેવાયેલું છે અને અનુગ્રહ કરનારનાં વળી શાસ્તા, વંદ્ય અને અવિકારી નામ છે. ।।૧૮।।

ટીકા :-

पुरुषो जैनवेदान्तिकानां, क्षेत्रवित् सांख्यानां, ज्ञानमिति बौद्धानाम् इत्यनेन प्रकारेण नाम=संज्ञा, यद्=यस्मात्कारणात्, आत्मनो=जीवस्य, तथा अविद्या-बौद्धवेदान्तिकानां, प्रकृतिः-सांख्यानां, कर्म-जैनानाम्, तदन्यस्य तु=तस्मादात्मनोऽन्यस्य कर्मणः, पुनः 'नाम' इत्यनुवर्तते भेदतो=दर्शनभेदेन ।।१७।।

भ्रान्तिर्वेदान्तिकसौगतानां, प्रवृत्तिः सांख्यानां, बन्धः पुनर्जैनानां, संयोगस्य=तदन्यसम्बन्धलक्षणस्य, इत्येवं भेदेन कीर्तितम् 'नाम' इत्यनुवर्तते। शास्ता-जैनानां, वन्द्यः-सौगतानां, अविकारी च शैवभागवतानाम् तथा इत्युक्तसमुच्चये, अनुग्राहकस्य तु-अनुग्रहविधातुर्जिनादेः पुनर्नाम । इदमुक्तं भवति, इहात्मादीनि योगोपयोगीनि यावन्ति वस्तूनि जैनमते प्रपञ्चितानि तावन्त्येव दर्शनान्तरेष्वपि परं नामभेदेन, न च नामभेदो बाधकः, एकस्याप्यनेकनामसम्भवात्, किंतु परिणामिन्यात्मनि स्वयोग्यतयैव च कर्मसंयोगं तद्वियोगं चानुभवति सत्यभ्युपगते सर्वदर्शनोक्तो योगो घटते, अतः सर्वैः स तथाभ्युपगन्तव्य इति ।।१८।।

ટીકાર્થ :-

પુરુષો ..... દર્શનભેદેન ।। જે કારણથી જૈનને અને વેદાંતિકોને પુરુષ એ, સાંખ્યોને ક્ષેત્રવિદ્ એ, બૌદ્ધોને જ્ઞાન એ, આત્માની=જીવની, આ પ્રકારથી સંજ્ઞા છે અને વળી તેનાથી અન્યની=આત્માથી અન્ય એવા કર્મની, બૌદ્ધ અને વેદાંતિકોની અવિદ્યા, સાંખ્યોની પ્રકૃતિ અને જૈનોનું કર્મ એ પ્રમાણે દર્શનના ભેદથી સંજ્ઞા વર્તે છે.

ટીકામાં 'ज्ञानमिति बौद्धानाम्' છે એમાં 'इति' શબ્દ 'एतद्' અર્થમાં છે, મૂળ શ્લોકમાં 'ज्ञानम्' પછી 'इति' શબ્દ 'अनेन प्रकारेण' અર્થમાં છે, અને શ્લોકના પૂર્વાર્ધમાં રહેલો 'नाम' શબ્દ શ્લોકના ઉત્તરાર્ધમાં પણ જોડવાનો છે તે બતાવવા માટે ટીકામાં 'नाम इत्यनुवर्तते' એમ કહેલ છે. ।।૧૭।।

भ्रान्तिः ..... इति ।। આત્માથી અન્યના સંબંધ સ્વરૂપ સંયોગનું નામ વેદાંતિકનું અને સૌગતોનું ભ્રાંતિ, સાંખ્યોનું પ્રવૃત્તિ, વળી જૈનોનું બંધ એ પ્રમાણે ભેદથી કહેવાયેલું છે અને વળી અનુગ્રાહકનું નામ=અનુગ્રહ કરનારા એવા જિનાદિનું નામ, જૈનોનું શાસ્તા, સૌગતોનું વંદ્ય અને શૈવભાગવતોનું અધિકારી છે.

મૂળશ્લોકમાં 'तथा' શબ્દ સમુચ્ચયમાં છે, તેથી શ્લોકના પૂર્વાર્ધ સાથે ઉત્તરાર્ધનો સમુચ્ચય થાય છે.

આ કહેવાયેલું થાય છે=શ્લોક-૧૬માં કહ્યું કે આ પ્રકારનું તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે ભાવથી યોગમાર્ગનો સંભવ છે, ત્યારપછી શ્લોક-૧૭ની અવતરણિકામાં કહ્યું કે કેમ સંભવ છે ? તેમાં યુક્તિ બતાવી કે સર્વ દર્શનકારો આત્મા-કર્મ-સંયોગ અને અનુગ્રાહકને નામભેદથી સ્વીકારે છે, માટે યોગમાર્ગનો સંભવ છે. આ કથનથી શું કહેવાયેલું થાય છે, તે બતાવવા માટે કહે છે –

અહીં=સંસારમાં, યોગને ઉપયોગી એવી આત્માદિ જેટલી વસ્તુઓ જૈનમતમાં બતાવાયેલી છે તેટલી જ દર્શનાંતરોમાં પણ બતાવાયેલી છે, પરંતુ નામના ભેદથી બતાવાયેલી છે અને આ નામભેદ બાધક નથી; કેમ કે એક પણ વસ્તુનાં અનેક નામોનો સંભવ છે, પરંતુ આત્મા પરિણામી હોતે છતે અને સ્વયોગ્યતાથી જ આત્મા કર્મના સંયોગને અને તેના વિયોગને અનુભવે છે એ પ્રકારે સ્વીકારાયે છતે સર્વ દર્શનોમાં કહેવાયેલો યોગ ઘટે છે, આથી બધા દર્શનવાળાઓએ તે=આત્મા, તેવો=પરિણામી અને સ્વયોગ્યતાથી જ કર્મના સંયોગને અને કર્મના વિયોગને અનુભવે છે તેવો, સ્વીકારવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૮।।

નોંધ :-

શ્લોક-૧૭માં 'यद्' શબ્દ 'यस्माद्' અર્થક છે તેનો સંબંધ આ પ્રમાણે છે –

જે કારણથી આત્માનાં, કર્મનાં, કર્મના સંયોગનાં અને અનુગ્રાહકનાં જુદાં જુદાં નામો સર્વ દર્શનકારોને માન્ય છે તે કારણથી શ્લોક-૧૬માં કહ્યું એ પ્રમાણે તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે યોગમાર્ગનો સંભવ છે.

❖ 'जिनादेः'માં 'आदि'થી ઉપદેશકગુરુનું ગ્રહણ કરવું.

❖ 'दर्शनान्तरेष्वपि'માં 'अपि'થી એ કહેવું છે કે યોગમાર્ગમાં ઉપયોગી આત્માદિ વસ્તુ જૈનદર્શન તો સ્વીકારે છે, પરંતુ દર્શનાન્તરોમાં પણ તેટલી જ વર્ણન કરાયેલી છે.

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે અનેકના તો નામભેદ હોય, પરંતુ એક પણ વસ્તુના નામભેદનો સંભવ છે.

ભાવાર્થ :-

શ્લોક-૬માં સ્થાપન કર્યું કે આત્મા પરિણામી છે અને આત્મા પોતાની યોગ્યતાથી જ કર્મનો સંયોગ અનુભવે છે અને પોતાની યોગ્યતાથી જ કર્મના વિયોગને અનુભવે છે. આ પ્રકારે આત્માદિ તત્ત્વો સ્વીકારવામાં આવે તો સર્વ દર્શનોને માન્ય એવો યોગ ઘટે અને સર્વ દર્શનકારો કહે છે કે મોક્ષની સાથે આત્માને જે જોડે તે યોગ કહેવાય અને તે યોગ 'જો આત્માને પરિણામી માનવામાં આવે અને આત્માની યોગ્યતાથી જ કર્મનો સંયોગ અને વિયોગ માનવામાં આવે તો' ઘટે, માટે સર્વ દર્શનકારોએ આત્માને તેવો માનવો જોઈએ.

સર્વ દર્શનોને માન્ય યોગ સંગત કરવા માટે જેમ આત્માને પરિણામી આદિ માનવું આવશ્યક છે તેમ યોગમાર્ગને ઉપયોગી ચાર વસ્તુ પણ સ્વીકારવી આવશ્યક છે – આત્મા, તદન્ય એવાં કર્મ, કર્મનો સંબંધ અને અનુગ્રાહક. આ ચાર વસ્તુ સર્વ દર્શનકારો જુદા જુદા નામથી સ્વીકારે છે, તેથી તે ચારે વસ્તુના નામ - ભેદ હોવા માત્રથી કોઈ વિરોધ નથી, પરંતુ સર્વ દર્શનકારો આત્માને પરિણામી માનતા નથી અને આત્મામાં કર્મબંધની યોગ્યતા અને કર્મનાશની યોગ્યતા માનતા નથી પણ કેટલાક દર્શનકારો આત્માને કૂટસ્થ નિત્ય માને છે તો કેટલાક દર્શનકારો આત્માને ક્ષણિક માને છે, તેથી તે દર્શનકારો યોગમાર્ગને સ્વીકારે છે છતાં તેઓની માન્યતા અનુસાર આત્માને સ્વીકારવાથી પરમાર્થથી યોગ ઘટતો નથી. માટે પરમાર્થથી યોગની સંગતિ કરવા તેઓએ આત્માને પરિણામી આદિ માનવું જોઈએ.

આ સર્વ કથનથી એ ફલિત થાય કે સર્વ દર્શનકારો અનુભવ અનુસાર યોગમાર્ગને સ્વીકારવા માટે ઉપયોગી આત્માદિ ચાર વસ્તુ સ્વીકારે છે તે અંશથી તેઓ મધ્યસ્થ થઈને યોગમાર્ગને ઉપયોગી વસ્તુ સ્વીકારે છે તેમ પોતાના દેહ અંતરવર્તી સ્વસંવેદનથી વર્તતો આત્મા પણ પ્રામાણિક દૃષ્ટિથી કેવો છે તે જોવા યત્ન કરવો જોઈએ અને તે પરિણામી છે તેમ સ્વીકારવાથી તેમને અભિમત પ્રશાંતવાહિતા આદિરૂપ શ્લોક-૧-૨ની ટીકામાં બતાવેલ યોગમાર્ગ સંગત થાય અને સ્વદર્શનના અવિચારક રાગ વગર આત્માનું સ્વરૂપ જોવા માટે યત્ન કરવાથી કષાયોના ઉપશમરૂપ પ્રશાંતવાહિતાદિની પ્રાપ્તિ થાય. અન્યથા અન્ય સર્વ યોગની આચરણા કરવા છતાં પણ અનુભવ અનુસાર આત્માને પરિણામી ન સ્વીકારતાં સ્વદર્શનના અવિચારક રાગથી જ આત્માને કૂટસ્થ નિત્યાદિ સ્વીકારવામાં આવે તો મધ્યસ્થતાના અભાવમાં યોગમાર્ગની પ્રાપ્તિ પણ ન થાય જેથી શ્લોક-૪ની ટીકામાં કહ્યું તે પ્રમાણે સર્વ પુરુષાર્થની વંચનાની પ્રાપ્તિ થાય. **॥૧૭-૧૮॥**

અવતરણિકા :-

તસ્માત્કિં સિદ્ધમિત્યાહ –

અવતરણિકાર્થ :-

તેનાથી=શ્લોક-૧૭-૧૮માં યોગમાર્ગને ઉપયોગી ચાર વસ્તુ સર્વ દર્શનકારો અન્ય નામથી માને છે તેમ સ્થાપન કર્યું તેનાથી, શું સિદ્ધ થયું ? એને કહે છે –

શ્લોક :-

साकल्यस्यास्य विज्ञेया परिपाकादिभावतः ।
औचित्याबाधया सम्यग्योगसिद्धिस्तथा तथा ।।१९।।

અન્વયાર્થ :-

औचित्याबाधया=ઔચિત્યની અબાધાથી, अस्य साकल्यस्य=આ સાકલ્યના=શ્લોક-૧૭-૧૮માં કહેવાયેલા આત્મા, તદન્યસંયોગાદિભાવ સ્વરૂપ સાકલ્યના, परिपाकादिभावतः=ભવ્યત્વ પરિપાકાદિભાવથી, तथा तथा=તે તે પ્રકારે, सम्यग्योगसिद्धिः=નિરુપચરિતયોગનિષ્પત્તિ, विज्ञेया=જાણવી. ।।૧૯।।

શ્લોકાર્થ :-

ઔચિત્યની અબાધાથી આ સાકલ્યના પરિપાકાદિ ભાવથી તે તે પ્રકારે સમ્યગ્યોગની સિદ્ધિ જાણવી. ।।૧૯।।

ટીકા :-

साकल्यस्यात्मतदन्यसंयोगादिभावलक्षणस्य, अस्यानन्तरमेवोपन्यस्तस्य, विज्ञेया=बोद्धव्या, परिपाकस्य=भव्यत्वपाकरूपस्य, आदिशब्दात्तदन्यसंयोगह्रासस्य शास्तुरनुग्रहस्य च यो भावः तस्मात्, या औचित्याऽबाधा योग्यप्रवृत्तिलक्षणा तया किमित्याह सम्यग्योगसिद्धिः=निरुपचरितयोगनिष्पत्तिः, तथा तथा-तेन तेनापुनर्बन्धकाद्यनुष्ठानाराधनारूपेण जायत इति ।।१९।।

ટીકાર્થ :-

साकल्यस्या ..... जायत इति ।। योग्यप्रवृत्तिરૂપ જે ઔચિત્યની અબાધા તેનાથી, અનંતર જ ઉપન્યસ્ત એવા આના સાકલ્યના=શ્લોક-૧૭-૧૮માં કહેવાયેલા એવા આત્મા-તદન્યસંયોગાદિ ભાવસ્વરૂપ સાકલ્યના, પરિપાકનો=ભવ્યત્વના પાકરૂપ પરિપાકનો, 'आदि' શબ્દથી તદન્યસંયોગના હ્રાસનો અને શાસ્તાના અનુગ્રહનો જે ભાવ તેનાથી, તે તે પ્રકારે અપુનર્બંધકાદિ અનુષ્ઠાનની આરાધનારૂપથી સમ્યગ્યોગની સિદ્ધિ થાય છે=નિરુપચરિત યોગની નિષ્પત્તિ થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯॥

❖ 'आत्मतदन्यसंयोगादिभावलक्षणस्य'માં 'आदि'થી અનુગ્રાહકનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૧૭-૧૮માં અન્ય અન્ય દર્શનોને અભિમત નામો દ્વારા યોગને ઉપયોગી ચાર વસ્તુ કહી :- ૧ આત્મા, ૨ કર્મ, ૩ કર્મનો સંયોગ અને ૪ અનુગ્રાહક. અને આત્મામાં સમ્યગ્ યોગનિષ્પત્તિ પ્રત્યે કર્મના સંયોગનો નાશ આવશ્યક છે, તેથી કર્મના સંયોગનો કર્મમાં અંતર્ભાવ કરીને સમ્યગ્ યોગનિષ્પત્તિ પ્રત્યે ત્રણ વસ્તુ ઉપયોગી છે એમ કહેલ છે=આત્મા, કર્મ અને અનુગ્રાહકનો અનુગ્રહ ઉપયોગ છે એમ કહેલ છે – આત્મા, કર્મ અને શાસ્તાનો અનુગ્રહ આ ત્રણ વસ્તુમાંથી આત્મામાં રહેલા ભવ્યત્વના પરિપાક દ્વારા સમ્યગ્ યોગનિષ્પત્તિ પ્રત્યે આત્મા ઉપયોગી છે, કર્મના સંયોગના હ્રાસ દ્વારા કર્મ ઉપયોગી છે અને તેમના વચનના પરિણમન દ્વારા શાસ્તાનો અનુગ્રહ ઉપયોગી છે, તેથી સર્વ દર્શનકારોએ માનેલી આત્માદિ ચાર વસ્તુથી યોગની નિષ્પત્તિ થઈ શકે છે તે વાત પ્રસ્તુત શ્લોકમાં બતાવેલી છે તે આ રીતે–

ઉચિતપ્રવૃત્તિની બાધા ન થાય તે રીતે જીવ પ્રવૃત્તિ કરે તો તેનાથી જીવમાં રહેલું ભવ્યત્વ પરિપાક પામે છે અને તે ઉચિતપ્રવૃત્તિથી જ જીવમાં રહેલા કર્મનો હ્રાસ થાય છે અને જીવે જે ઉચિત પ્રવૃત્તિ કરી તે શાસ્તાનો અનુગ્રહ છે, તેથી એ પ્રાપ્ત થાય કે જીવ સંસારથી કંઈક વિમુખ બને અને કોઈક ગુરુ આદિનો ઉપદેશ સાંભળે ત્યારે તે ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તે વખતે જીવનું ભવ્યત્વ પરિપાક પામે છે, તેથી તેનામાં યોગનિષ્પત્તિ થાય છે અને તે વખતે આત્મા ઉપર લાગેલા કર્મનો સંયોગ પણ કંઈક નાશ થાય છે, તેથી ભવ્યત્વનો પરિપાક, કર્મનો હ્રાસ અને શાસ્તાનો અનુગ્રહ આ ત્રણ દ્વારા જ જીવમાં અપુનર્બંધકાદિ અનુષ્ઠાન સ્વરૂપ નિરુપચરિત યોગની નિષ્પત્તિ થાય છે.

આશય એ છે કે શ્લોક-૧૬માં બતાવ્યું એ રીતે અને શ્લોક-૧૮ની ટીકાના અંતે સ્થાપન કર્યું એ રીતે આત્માને પરિણામી માનવામાં આવે અને આત્માની પોતાની યોગ્યતાથી કર્મનો સંયોગ થાય છે અને પોતાની યોગ્યતાથી કર્મનો વિયોગ થાય છે એમ સ્વીકારવામાં આવે તો સર્વ દર્શનકારોને માન્ય એવા પદાર્થો પ્રમાણે આત્માના ભવ્યત્વનો પરિપાક અને આત્માથી અન્ય એવા કર્મના સંયોગનો હ્રાસ અને શાસ્તાનો અનુગ્રહ થાય ત્યારે જીવમાં વાસ્તવિક યોગનિષ્પત્તિ થઈ શકે છે, પરંતુ આત્માને પરિણામી ન સ્વીકારીએ તો નિરુપચરિત યોગની નિષ્પત્તિ થઈ શકે નહિ; કેમ કે એકાંત નિત્ય આત્મામાં કોઈ પરિવર્તન નહિ હોવાથી યોગ નિષ્પન્ન થયો તેમ કહી શકાય નહિ.

વળી, જે પ્રકારનો શાસ્તાનો અનુગ્રહ થાય અને જેટલા અંશમાં કર્મનો હ્રાસ થાય અને જેટલા અંશમાં જીવના ભવ્યત્વનો પરિપાક થાય તેટલા અંશમાં ઉચિત આચરણારૂપ યોગમાર્ગ જીવમાં પ્રગટ થાય છે અને તેની પ્રારંભિક ભૂમિકા અપુનર્બંધકાદિના અનુષ્ઠાનની આરાધના છે અને અપુનર્બંધકાદિમાં આદિ પદથી અપુનર્બંધકથી ઉપરની ભૂમિકાના અનુષ્ઠાનની આરાધનાનું ગ્રહણ છે.

માટે કલ્યાણના અર્થી જીવોએ જેમ સંસારનું સ્વરૂપ યથાર્થ જાણીને મોક્ષાર્થે યોગમાર્ગ સ્વીકાર્યો અને તેના અંગભૂત આત્માદિ ચાર વસ્તુ અન્ય અન્ય નામથી સ્વીકારી, તેમ આત્માને અનુભવ અનુસાર પરિણામી સ્વીકારીને તેના તથા ભવ્યત્વના પરીપાકાદિથી યોગમાર્ગ સંભવે છે એમ કદાગ્રહ વગર જ સ્વીકારવું જોઈએ જેથી સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. ॥૧૯॥

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

અને વળી –

ભાવાર્થ :-

શ્લોક-૧૬થી શ્લોક-૧૯ સુધીમાં સ્થાપન કર્યું કે આત્માને પરિણામી આદિ સ્વીકારવામાં આવે અને સર્વ દર્શનકારોને માન્ય આત્માદિ ચાર વસ્તુ સ્વીકારવામાં આવે તો ભવ્યત્વના પરિપાકાદિભાવથી સમ્યગ્ યોગની સિદ્ધિ થાય અને તેની પુષ્ટિ માટે 'किञ्च'થી અન્ય વસ્તુ પણ સ્વીકારવી જોઈએ તેનો સમુચ્ચય કરે છે –

શ્લોક :-

एकान्ते सति तद्यत्नस्तथाऽसति च यद् वृथा ।
तत्तथायोग्यतायां तु तद्भावेनैष सार्थकः ।।२०।।

અન્વયાર્થ :-

च=અને, यद्=જે કારણથી (આત્માદિ પદાર્થો સ્વરૂપે અને પરરૂપે), एकान्ते सति=એકાન્તે હોતે છતે, तथा=અને, असति=એકાન્તે નહિ હોતે છતે, तद्यत्नः=તેનો યત્ન=યોગનો યત્ન, वृथा=વૃથા છે, तु=વળી, तत्तथायोग्यतायां=તેની તેવા પ્રકારની યોગ્યતામાં=આત્માની સ્વરૂપથી સત્ત્વની અને પર રૂપથી અસત્ત્વની યોગ્યતામાં, तद्भावेन=તેનો ભાવ હોવાને કારણે=આત્માનો ફલરૂપપણાથી ભાવ હોવાને કારણે, एष=આ=યોગ सार्थकः=સાર્થક છે. (તે કારણથી આત્માને સદ્-અસદ્રૂપ પણ સર્વ દર્શનકારોએ સ્વીકારવો જોઈએ એ અધ્યાહાર છે.) ।।૨૦।।

શ્લોકાર્થ :-

અને જે કારણથી આત્માદિ પદાર્થો સ્વરૂપે અને પરરૂપે એકાન્તે હોતે છતે અને એકાન્તે નહિ હોતે છતે યોગનો યત્ન વૃથા છે, વળી તેની તેવા પ્રકારની યોગ્યતામાં તેનો ભાવ હોવાને કારણે યોગ સાર્થક છે, તે કારણથી આત્માને સદ્-અસદ્રૂપ પણ સર્વ દર્શનકારોએ સ્વીકારવો જોઈએ એ અધ્યાહાર છે. ।।૨૦।।

ટીકા :-

इह परमार्थचिन्तायामात्मादयो भावाः स्वरूपेण सन्तः पररूपेण चाऽसन्तः । एवं च एकान्ते सति=एकान्तेनैव स्वरूपेण पररूपेण चेत्यर्थः सति=विद्यमाने आत्मनि इति गम्यते, तद्यत्नः=योगप्रयत्नः, तथा इति समुच्चये, असति चैकान्तेनैव किमित्याह यत्=यस्मात्, वृथा=निरर्थको योगः, तथाहि, यदि योगी सर्वथा सन्नेवाऽभ्युपगम्यते तदा तस्याऽयोगिरूपेणाऽपि सत्त्वात्पररूपप्रवेशेन स्वरूपव्याहतिः स्यात्, तथा च योगिनः स्वरूपाभावाद्योगाभ्यासो निरर्थक एव स्यात्, परकीयाऽयोगेनोपहतत्वात् । एकान्ताऽसत्त्वे त्वात्मनः स्वरूपस्याप्यभावात्को नाम योगाभ्यासवान् तत्फलभोगी च स्यात्, न हि खरविषाणं क्वचित्प्रवर्तते फलं वासादयतीति, तर्हि कथं न वृथैष स्यादित्याह-तस्य=आत्मनः 'तथायोग्यतायां तु'= स्वरूपपररूपापेक्षया सत्त्वाऽसत्त्वयोग्यतायां सत्यां, पुनः किमित्याह तद्भावेन= आत्मनः फलरूपतया परिणामलक्षणेन, एष=योगः, सार्थकः=स्वसाध्यनिष्पादक इति, यदा हि स्वरूपेण सन् पररूपेण चासन्नात्मा परिणामी चेष्यते, तदाऽयमवृथा योगः स्यात्, न पुनरन्यथेति ।।२०।।

ટીકાર્થ :-

इह परमार्थचिन्ता ..... पुनरन्यथेति ।। અહીં=પદાર્થની વિચારણામાં, પરમાર્થની ચિંતા કરાયે છતે આત્માદિ ભાવો સ્વરૂપથી છે અને પરરૂપથી નથી. આટલું કથન ટીકાનો પ્રારંભ કરતા પૂર્વે પૂરક છે, एवं च=અને આ રીતે છે=આત્માદિ ભાવો સ્વરૂપથી છે, પરરૂપથી નથી એમ પૂર્વમાં કહ્યું એ રીતે છે, અને એકાંતે હોતે છતે=સ્વરૂપે અને પરરૂપે આત્માદિ પદાર્થો એકાંતે જ હોતે છતે, તેનો યત્ન=યોગનો પ્રયત્ન, વૃથા છે, 'तथा' શબ્દ સમુચ્ચય અર્થમાં છે, તેનાથી જેમ આત્માદિ પદાર્થો સ્વરૂપથી અને પરરૂપથી એકાંતે હોતે છતે યોગનો યત્ન વૃથા છે તેમ આત્માદિ પદાર્થો એકાંતે સ્વરૂપથી અને પરરૂપથી ન હોતે છતે યોગનો યત્ન વૃથા છે, તેનો સમુચ્ચય થાય છે.

'यत्' શબ્દ 'यस्माद्' અર્થક છે તેનું ગ્રહણ શ્લોકના પ્રારંભમાં કરવાનું છે તેનો અન્વય અધ્યાહાર છે તે *શ્લોકના અન્વયાર્થના અંતે કૌંસમાં લખીને બતાવેલ છે.*

એકાંતે સ્વરૂપથી અને પરરૂપથી આત્માદિ પદાર્થોના સ્વીકારમાં અને અસ્વીકારમાં યોગનો યત્ન કઈ રીતે વૃથા છે તે 'तथाहि'થી બતાવે છે –

જો યોગી સર્વથા સદ્ જ સ્વીકારાય છે તો યોગીનું અયોગીરૂપે પણ સત્ત્વ હોવાથી પર રૂપના પ્રવેશથી=અયોગી સ્વરૂપના પ્રવેશથી, સ્વરૂપની વ્યાહતિ થાય=યોગીના સ્વરૂપનો અભાવ થાય, અને તે રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, યોગીના સ્વરૂપનો અભાવ થવાથી યોગાભ્યાસ નિરર્થક જ થાય; કેમ કે પરકીય અયોગને કારણે ઉપહતપણું છે=યોગી પરરૂપે સદ્ હોવાથી પરકીય એવા યોગના અભાવની તે યોગીમાં પ્રાપ્તિ થાય છે, તેથી યોગી પરરૂપે અયોગી બને છે અને અયોગી હોવાથી યોગાભ્યાસનું ઉપહતપણું છે.

આ રીતે આત્માના એકાંતે સત્ત્વમાં દોષ બતાવીને હવે એકાંતે અસત્ત્વમાં દોષ બતાવે છે –

વળી એકાંતે અસત્ત્વ હોવાને કારણે આત્માના સ્વરૂપનો પણ અભાવ હોવાથી કોણ ખરેખર યોગના અભ્યાસવાળો થાય ? અને તેના ફલનો ભોગી=યોગના ફલનો ભોગી, થાય ? અર્થાત્ કોઈ ન થાય.

આ કથન યુક્તિથી બતાવે છે –

ખરવિષાણ ક્યારેય પ્રવૃત્તિ કરતું નથી અને પ્રવૃત્તિના ફલને પ્રાપ્ત કરતું નથી જ. 'इति' શબ્દ એકાંતે સત્ત્વના અને એકાંતે અસત્ત્વના સ્વીકારમાં આવતા દોષોના કથનની સમાપ્તિ માટે છે.

તો કેવી રીતે આ=યોગ, વૃથા ન થાય ? એથી કહે છે=શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે – તેની=આત્માની, વળી તથાયોગ્યતા હોતે છતે=સ્વરૂપ અને પરરૂપ અપેક્ષાએ સત્ત્વ-અસત્ત્વની યોગ્યતા હોતે છતે, તદ્ભાવથી=આત્માના ફલરૂપપણારૂપે પરિણમન પામવા સ્વરૂપ ભાવથી, આ=યોગ, સાર્થક છે=સ્વસાધ્યનો નિષ્પાદક છે. 'इति' શબ્દ આ યોગ કેવી રીતે વૃથા ન થાય એ કથનની સમાપ્તિ માટે છે.

આ યોગ કેવી રીતે વૃથા ન થાય એ કથનના ફલિતાર્થને બતાવે છે –

જ્યારે સ્વરૂપથી સદ્ અને પરરૂપથી અસદ્ અને પરિણામી આત્મા ઇચ્છાય છે ત્યારે આ યોગ અવૃથા થાય, વળી અન્યથા નહિ=એકાંતે સત્ત્વ કે અસત્ત્વ સ્વીકારીએ તો અને આત્માને અપરિણામી સ્વીકારીએ તો, યોગ અવૃથા થાય નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦॥

❖ 'स्वरूपस्याप्यभावात्'માં 'अपि'થી એ કહેવું છે કે એકાંત અસત્ત્વમાં પરરૂપનો તો અભાવ છે, પરંતુ સ્વરૂપનો પણ અભાવ પ્રાપ્ત થાય.

ભાવાર્થ :-

શ્લોક-૧૮ની ટીકાના અંતે સ્થાપન કર્યું કે આત્માને પરિણામી સ્વીકારવામાં આવે અને પોતાની યોગ્યતાથી જ કર્મનો સંયોગ અને કર્મનો વિયોગ સ્વીકારવામાં આવે તો સર્વ દર્શનોમાં કહેલો યોગ ઘટે, તેથી એ પ્રાપ્ત થાય કે યોગની સંગતિ માટે આત્માને પરિણામી સ્વીકારવો આવશ્યક છે અને જેમ આત્માને પરિણામી સ્વીકારવો આવશ્યક છે તેમ આત્માદિ ભાવોને કથંચિત્ સદ્-અસદ્રૂપ સ્વીકારવા પણ આવશ્યક છે અને કેટલાક દર્શનવાદીઓ આત્માદિ પદાર્થોને એકાંતે સદ્ અને કેટલાક દર્શનવાદીઓ આત્માદિ પદાર્થોને એકાંત અસત્ સ્વીકારે છે, તેથી જે દર્શનવાદીઓ આત્માદિ પદાર્થોને એકાંતે સત્ કે એકાંતે અસદ્ માને છે તેમના મતમાં યોગ ઘટી શકે નહિ.

આશય એ છે કે આત્મા પરિણામાંતર પામે છે તેમ માનીએ તો જ આત્મા યોગની સાધના કરીને યોગના ફલને પામે છે તેમ માની શકાય, તેથી યોગને સ્વીકારવા માટે આત્માને પરિણામી સ્વીકારવો આવશ્યક છે તેમ આત્માદિ ભાવોને સ્વરૂપે સદ્ અને પરરૂપે અસત્ સ્વીકારવા પણ આવશ્યક છે અને તેમ ન સ્વીકારીએ તો યોગનો સંભવ થાય નહિ તે બતાવતાં કહે છે –

ટીકાના પ્રારંભમાં કહ્યું કે પરમાર્થની ચિંતામાં આત્માદિ ભાવો સ્વરૂપથી છે અને પરરૂપથી નથી, તેથી એ પ્રાપ્ત થાય કે કેટલાક દર્શનકારો આત્માદિ ભાવોને સર્વથા છે તેમ કહે છે, પરંતુ સ્વરૂપથી છે તેમ સ્વીકારતા નથી તે ઉચિત નથી; કેમ કે આત્માદિ ભાવો સર્વથા છે તેમ સ્વીકારીએ તો સ્વરૂપથી છે અને પરરૂપથી પણ છે તેમ માનવું પડે અને તેમ માનવાથી શું દોષ આવે છે તે બતાવતાં કહે છે –

આ રીતે આત્માદિ ભાવો સ્વરૂપથી છે એમ કહ્યું એ રીતે જેઓ એકાંતથી આત્માદિ ભાવોને છે તેમ માને છે અર્થાત્ આત્માદિ ભાવો સ્વરૂપથી છે અને પરરૂપથી પણ છે, માટે સર્વથા છે અર્થાત્ સર્વથા સત્ છે તેમ માને છે તેમના મતમાં યોગનો પ્રયત્ન નિરર્થક સિદ્ધ થાય. વળી જેમ આત્માદિ ભાવોને એકાંતે સત્ સ્વીકારવામાં આવે તો યોગનો પ્રયત્ન નિરર્થક થાય તેમ એકાંતે અસત્ સ્વીકારવામાં આવે તો પણ અર્થાત્ આત્માદિભાવો સ્વરૂપથી અને પરરૂપથી એકાંતે અસત્ છે તેમ સ્વીકારવામાં આવે તો પણ, યોગનો પ્રયત્ન નિરર્થક થાય. કેમ નિરર્થક થાય તે યુક્તિથી બતાવે છે –

જો યોગીને સ્વરૂપથી યોગી રૂપે ન સ્વીકારવામાં આવે, પરંતુ સર્વથા યોગીરૂપે સ્વીકારવામાં આવે તો યોગી યોગી સ્વરૂપે છે અને અયોગી સ્વરૂપે પણ છે તેમ માનવું પડે અને યોગી અયોગી સ્વરૂપે હોવાથી યોગીનું યોગી સ્વરૂપ હણાશે, તેથી યોગીને અયોગી સ્વીકારવા પડે અને જે યોગી ન હોય અને યોગની ક્રિયાઓ કરે તેનાથી તેનામાં ઉત્તરનો યોગ પ્રગટે નહિ, તેથી અયોગી એવા તે યોગીનો યોગાભ્યાસ નિરર્થક બને. વળી આત્માદિ પદાર્થોનું એકાંતે અસત્ત્વ સ્વીકારવામાં આવે તો આત્મા જેમ પરરૂપે નથી તેમ સ્વરૂપે પણ નથી, તેથી આત્મા ખરવિષાણની જેમ સર્વથા અસત્ પ્રાપ્ત થાય અને સર્વથા અસદ્ એવો યોગી યોગનો અભ્યાસ કરે છે અને તેનાથી ઉપરના યોગની પ્રાપ્તિ રૂપ ફલને પ્રાપ્ત કરે છે તેમ કહી શકાય નહિ; કેમ કે જેમ ખરવિષાણ કોઈ ક્રિયામાં પ્રવૃત્તિ કરતું નથી અને કોઈ ફળને પ્રાપ્ત કરતું નથી તેમ સર્વથા અસદ્ એવો આત્મા યોગનો અભ્યાસ કરે છે અને તેના ફળને પામે છે તેમ કહી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે એકાંત દર્શનવાળા કહે છે કે 'જે નિત્ય હોય તે અનિત્ય ન હોઈ શકે અને જે અનિત્ય હોય તે નિત્ય ન હોઈ શકે; કેમ કે નિત્ય અને અનિત્ય પરસ્પર વિરોધી છે'. આમ કહીને આત્માને એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક સ્થાપન કરે છે તેમ બાહ્ય પદાર્થો પણ જે વિદ્યમાન છે તેને એકાંતે સત્ કહે છે, પરંતુ પરમાર્થથી વિદ્યમાન પદાર્થો પણ પોતાના સ્વરૂપે સત્ છે સર્વથા સત્ નથી અને જો પદાર્થને સ્વરૂપથી સદ્ ન સ્વીકારવામાં આવે અને સર્વથા સત્ સ્વીકારવામાં આવે તો આત્માદિ પદાર્થો સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી પણ સત્ છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારવામાં યોગીને યોગી સ્વરૂપે પણ છે અને અયોગી સ્વરૂપે પણ છે એમ માનવું પડે અને આ પ્રકારે સ્વીકારવામાં અનુભવનો વિરોધ છે. વળી જે પદાર્થ વર્તમાનમાં નથી તે પદાર્થ પણ કોઈક સ્વરૂપે નથી પણ સર્વથા અસદ્ નથી આમ છતાં કોઈ પણ વસ્તુનો અભાવ થાય છે=ઘટનાશ પામે છે ત્યારે ઘટરૂપ વસ્તુનો અભાવ થાય છે, તેને કેટલાક દર્શનકારો સર્વથા અસત્ સ્વીકારે છે, આથી ઘટ નાશ પામે છે ત્યારે ઘટ સર્વથા અસત્ છે તેમ સ્વીકારે છે, અને એકાંત અસત્ સ્વીકારવામાં પણ યોગીનો આત્મા યોગના સ્વીકાર પૂર્વે જે અયોગી હતો તેનો સર્વથા નાશ માનવો પડે તેથી જે યોગી બને છે તે પૂર્વમાં અયોગી હતો તે હવે યોગી થયો એમ પ્રાપ્ત થાય નહીં પરંતુ પૂર્વના

અયોગીનો સર્વથા નાશ થયો તેમ કહેવામાં આવે તો ખરવિષાણ જેવા તેની પ્રાપ્તિ થાય અને જે ખરવિષાણ જેવો સર્વથા અસત્ હોય તેમાં યોગ પ્રાપ્ત થાય નહીં માટે તે યોગી બની શકે નહીં. વસ્તુતઃ ઘટ સર્વથા અસદ્ નથી, પરંતુ ઘટ નાશ પામે છે ત્યારે ઘટ ઘટ રૂપે અસત્ છે, પરંતુ ઠીકરાદિ રૂપે સત્ છે, તેમ યોગી પણ અયોગી રૂપે નાશ થયો છતાં યોગીરૂપે સત્ છે અને પૂર્વના અયોગીરૂપે તેમજ અન્ય એવા યોગીના સ્વરૂપે અસત્ છે તેથી સ્યાદ્વાદને માનનાર જૈનદર્શન દરેક પદાર્થ ભાવાભાવાત્મક સ્વીકારે છે અર્થાત્ દરેક પદાર્થ કોઈક રૂપે સત્ છે અને કોઈક રૂપે અસત્ છે અને સદ્-અસદ્ને પરસ્પર વિરોધી માનનાર એકાંત દર્શનવાળા વિદ્યમાન પદાર્થને સર્વથા સત્ કહે છે તેથી સ્વરૂપથી અને પરરૂપથી તેના સત્ત્વની પ્રાપ્તિ થાય અને નાશ પામેલા પદાર્થને સર્વથા અસત્ કહે છે તેથી સ્વરૂપથી અને પરરૂપથી તેના અસત્ત્વની પ્રાપ્તિ થાય તે તેઓનું વચન ઉચિત નથી તેમ શ્લોકના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું અને સ્થાપન કર્યું કે એકાંતે આત્માને સદ્ માનીએ તો યોગનો પ્રયત્ન વૃથા છે અને એકાંતે આત્માને અસદ્ માનીએ તોપણ યોગનો પ્રયત્ન વૃથા છે.

શ્લોકના પૂર્વાર્ધનું ટીકામાં સ્પષ્ટીકરણ કર્યા પછી શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે – તો કેવી રીતે આત્માદિ પદાર્થોને માનીએ તો યોગનો અભ્યાસ વૃથા ન થાય ? તેથી કહે છે –

આત્માની તે પ્રકારની યોગ્યતા સ્વીકારવામાં આવે તો અર્થાત્ પોતાના સ્વરૂપે સત્ત્વની યોગ્યતા છે અને પરરૂપે અસત્ત્વની યોગ્યતા છે તેમ સ્વીકારવામાં આવે તો, યોગી યોગનો અભ્યાસ કરે છે તે સાર્થક છે તેમ પ્રાપ્ત થાય; કેમ કે યોગી યોગી સ્વરૂપે સત્ત્વની યોગ્યતાવાળા છે અને અયોગી સ્વરૂપે અસત્ત્વની યોગ્યતાવાળા છે, તેથી યોગી યોગી જ છે અયોગી નથી તેમ નક્કી થાય અને યોગમાર્ગની કોઈક ભૂમિકાને પામેલ એવો યોગીનો આત્મા યોગની ઉચિત ક્રિયાઓ કરે તો ઉપર ઉપરની ભૂમિકાના યોગના પરિણામ રૂપે પરિણમન પામે, તેથી તે યોગીનો યોગનો અભ્યાસ સાર્થક બને અર્થાત્ યોગની ક્રિયાથી સાધ્ય એવા ઉપરના યોગને પ્રાપ્ત કરે છે તેથી તેનો યોગનો અભ્યાસ સાર્થક બને છે.

અહીં વિશેષ એ છે કે જેઓ યોગી છે તેઓ યોગમાર્ગને સેવીને વિશેષ પ્રકારના યોગમાર્ગને નિષ્પન્ન કરવાના અર્થી છે, તેથી તેઓ જે યોગમાર્ગને સેવે છે તે યોગમાર્ગને સ્વશક્તિ પ્રમાણે શાસ્ત્રવિધિ અનુસાર અવશ્ય સેવે છે અને જેઓ સ્વભૂમિકા અનુસાર શાસ્ત્રવિધિથી નિયંત્રિત યોગમાર્ગને સેવતા હોય તેઓની તે યોગમાર્ગની ક્રિયા મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપારરૂપ હોય છે, તેથી તે પ્રકારના ઉપયોગથી જેઓ યોગમાર્ગને સેવે છે તેઓ ઉપર ઉપરના યોગને અવશ્ય પ્રાપ્ત કરે છે અને જેઓ માત્ર યોગમાર્ગની ક્રિયાઓ કરે છે, પરંતુ કઈ રીતે સેવાયેલી આ ક્રિયાઓ યોગ નિષ્પત્તિનું કારણ બનશે તેની જિજ્ઞાસા પણ નથી તેઓની સંયમની ક્રિયા કે શ્રાવકાચારની ક્રિયા પણ યોગમાર્ગની નિષ્પત્તિનું કારણ બનતી નથી, તેથી યોગમાર્ગના અર્થીએ કઈ યોગની પ્રવૃત્તિ કયા પ્રકારના વિવેકથી સેવાયેલી યોગની નિષ્પત્તિનું કારણ છે તેને જાણીને તે રીતે ઉદ્યમ કરવો જોઈએ, જેથી યોગની નિષ્પત્તિ થાય. અને આત્મવંચના કર્યા વગર પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જાણવા યત્ન કરવો જોઈએ જેથી અવિચારક રીતે અતત્ત્વના સ્વીકારરૂપ અસદ્ગ્રહ દૂર થાય.

શ્લોક-૧૬થી શ્લોક-૨૦ સુધી સ્થાપન કર્યું કે આત્માને પરિણામી અને સદ્ અસદ્ રૂપે માનવો જોઈએ. હવે આત્માને તેવો સ્વીકારીએ તો યોગની પ્રવૃત્તિ વૃથા ન થાય તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

જ્યારે આત્મા સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે અને પરિણામી છે તેમ સ્વીકારવામાં આવે તો યોગની પ્રવૃત્તિ વૃથા થાય નહિ અને વળી આત્માને સર્વથા સત્ કે સર્વથા અસત્ સ્વીકારવામાં આવે અને આત્માને અપરિણામી સ્વીકારવામાં આવે તો યોગનો અભ્યાસ વૃથા થાય; કેમ કે આત્મા સર્વથા સદ્ હોય તો તે અયોગી રૂપે પણ સત્ છે માટે યોગનો અભ્યાસ વૃથા છે અને સર્વથા અસદ્ હોય તો યોગી શશશૃંગ જેવો છે માટે યોગનો અભ્યાસ વૃથા છે અને આત્મા અપરિણામી હોય તો યોગના સેવનથી પણ ઉત્તરનો યોગ પ્રગટે નહિ માટે યોગનો અભ્યાસ વૃથા છે. **॥૨૦॥**

અવતરણિકા :-

एवं नित्याऽनित्ये सदसद्रूपे चात्मनि प्रसाधिते यदन्यदपि सिद्धं तद्दर्शयति –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૬થી શ્લોક-૨૦ સુધી સ્થાપન કર્યું એ રીતે, નિત્યાનિત્ય અને સદ્-અસદ્ રૂપ આત્મા પ્રસાધન કરાયે છતે જે અન્ય પણ સિદ્ધ થાય છે તેને બતાવે છે –

ભાવાર્થ :-

શ્લોક-૬થી ૧૯ સુધી સ્થાપન કર્યું કે આત્માને નિત્યાનિત્યરૂપે સ્વીકારવામાં આવે તો યોગમાર્ગની સિદ્ધિ થઈ શકે. વળી શ્લોક-૨૦માં સ્થાપન કર્યું કે આત્માને સદસદ્રૂપે સ્વીકારીએ તો યોગનો અભ્યાસ સાર્થક થાય, તેથી યોગમાર્ગની સંગતિ કરવા માટે આત્માને નિત્યાનિત્યરૂપ અને સદસદ્રૂપ સ્વીકારવો જોઈએ એમ સિદ્ધ થાય છે અને તેમ સિદ્ધ થવાથી અન્ય પણ શું સિદ્ધ થાય છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

શ્લોક :-

दैवं पुरुषकारश्च तुल्यावेतदपि स्फुटम् ।
युज्यते एवमेवेति वक्ष्याम्यूर्ध्वमदोऽपि हि ।।२१।।

અન્વયાર્થ :-

दैवं पुरुषकारश्च=દૈવ અને પુરુષકાર, तुल्यौ=તુલ્ય છે, एतदपि=એ પણ, एवमेव=આ રીતે જ=આત્માને નિત્યાનિત્ય સદસદ્રૂપ માનો એ રીતે જ, स्फुटम्=સ્પષ્ટ, युज्यते=ઘટે છે, अदोऽपि हि=આ પણ=દૈવ અને પુરુષકારનું તુલ્યપણું પણ, ऊर्ध्वं=આગળ=શ્લોક-૩૧૮થી શ્લોક-૩૩૭ સુધીમાં, वक्ष्यामि=કહીશ. 'इति' શબ્દ પાદપરિસમાપ્તિમાં છે. ।।૨૧।।

શ્લોકાર્થ :-

દૈવ અને પુરુષકાર તુલ્ય છે એ પણ આ રીતે જ સ્પષ્ટ ઘટે છે, આ પણ આગળ કહીશ. ।।૨૧।।

ટીકા :-

દૈવં=પૂર્વકૃતકર્મ, પુરુષકારઃ=પુરુષવ્યાપારઃ, ચકારઃ સમુચ્ચયે, તુલ્યૌ=સમસામર્થ્યૌ, પુરુષાર્થસિદ્ધિં પ્રતીતિ યચ્છાસ્ત્રાન્તરેષુ ગીયતે, એતદપિ કિં પુનઃ પ્રસ્તુતો યોગ ઇત્યપિશબ્દાર્થઃ, સ્ફુટં=વ્યક્તમ્, યુજ્યતે=ઘટતે, એવમેવેત્યુક્તનીત્યૈવ ઇતિઃ પાદપરિસમાપ્તૌ । તથા વક્ષ્યામિ=ભણિષ્યામિ, ઊર્ધ્વમેતદ્ગ્રન્થો-પરિભાગે અદોઽપિ હિ દૈવપુરુષકારતુલ્યત્વં, ન કેવલં પ્રસ્તુતં યોગમિત્યપિહિશબ્દાર્થઃ ।।૨૧।।

ટીકાર્થ :-

દૈવં=પૂર્વકૃતકર્મ ..... પિહિશબ્દાર્થઃ ।। દૈવ=પૂર્વમાં જીવ વડે કરાયેલું કર્મ, પુરુષકાર=જીવનો વ્યાપાર, શ્લોકમાં પુરુષકાર પછી 'ચકાર' છે તે સમુચ્ચયમાં છે, પુરુષાર્થસિદ્ધિ પ્રત્યે દૈવ અને પુરુષકાર તુલ્ય=સમ સામર્થ્યવાળા છે, એ પ્રમાણે જે શાસ્ત્રાંતરમાં કહેવાય છે એ પણ આ રીતે જ=ઉક્તનીતિથી જ=આત્માને નિત્યાનિત્ય સદસદ્રૂપ સ્વીકારીએ એ નીતિથી જ, સ્પષ્ટ=વ્યક્ત, ઘટે છે, શ્લોકમાં 'ઇતિ' શબ્દ પાદપરિસમાપ્તિ માટે છે. વળી પ્રસ્તુત યોગનું શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે='એતદપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે.

આ કથન કર્યા પછી કોઈને જિજ્ઞાસા થાય કે દૈવ અને પુરુષકારનું તુલ્યપણું શું છે ? આથી કહે છે -

અને આ પણ=દૈવ અને પુરુષકારનું તુલ્યપણું પણ, આ ગ્રંથના ઉપરના ભાગમાં=આ ગ્રંથના શ્લોક-૩૧૮થી શ્લોક-૩૩૭ સુધીમાં, હું કહીશ.

પ્રસ્તુત યોગને તો ગ્રંથકારશ્રી આગળ કહેશે, પરંતુ કેવલ પ્રસ્તુત યોગને નહિ એ પ્રકારે 'અપિ હિ' શબ્દનો અર્થ છે='અદોઽપિ હિ'માં રહેલા 'અપિ હિ' શબ્દનો અર્થ છે. ।।૨૧।।

ભાવાર્થ :-

શાસ્ત્રાંતરમાં પુરુષાર્થસિદ્ધિ પ્રત્યે દૈવ અને પુરુષકારને સમ સામર્થ્યવાળા કહેવાયા છે એ આત્માદિ પદાર્થોને પરિણામી અને સદસદ્રૂપે સ્વીકારીએ તો ઘટે છે. આશય એ છે કે દૈવ અને પુરુષકારને કહેનારાં અન્ય શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ચારે પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ પ્રત્યે દૈવ અને પુરુષકાર સમાન રીતે કારણ છે=સર્વ કાર્ય પ્રત્યે નિયમા ઉભય કારણ છે, આમ છતાં કોઈ કાર્ય પ્રત્યે દૈવ બલવાન હોઈ શકે, તો કોઈ કાર્ય પ્રત્યે પુરુષકાર બલવાન હોઈ શકે અને વળી પ્રતિકૂળ દૈવ બલવાન હોય તો પુરુષકારને હણે છે અને બલવાન પુરુષકાર હોય તો પ્રતિકૂળ દૈવને હણે છે, તોપણ જે કાર્ય થાય છે તેના પ્રતિ દૈવની અને પુરુષકારની ઉભયની કારણતા છે, માત્ર દૈવથી કે માત્ર પુરુષકારથી કાર્ય થતું નથી.

હવે જો આત્માને પરિણામી ન માનવામાં આવે તો આત્માનું પરિણામાંતર થતું નથી એમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો આત્મામાં થતા કાર્ય પ્રત્યે દૈવ અને પુરુષકાર કારણ છે તેમ કહી શકાય નહિ; કેમ કે દૈવ અને પુરુષકારને તો જ કારણ રૂપે સ્વીકારી શકાય જો આત્મા પહેલાં પ્રયત્ન વગરનો હતો અને પાછળથી દૈવની સહાયથી પ્રયત્ન કરે છે તેમ સ્વીકારીએ, એથી દૈવ અને પુરુષકારના તુલ્ય સામર્થ્યને

સ્વીકારવા માટે આત્માને પરિણામી માનવો આવશ્યક છે અને આત્માને કથંચિત્ સદસદ્રૂપે માનવો આવશ્યક છે તે આ રીતે –

જો આત્માને અપરિણામી માનવામાં આવે તો આત્મામાં કોઈ જ પરિવર્તન થઈ શકે નહીં તેથી અપરિણામી એવા આત્મામાં કોઈ કાર્ય થતું નથી તેથી તેના પ્રત્યે દૈવ અને પુરુષકાર કોઈ સ્વરૂપે કારણ થઈ શકે નહીં અને આત્માને સર્વથા સદ્ માનવામાં આવે તો આત્મા આત્મારૂપે પણ સત્ છે અને પુદ્ગલરૂપે પણ સત્ છે તેમ પ્રાપ્ત થાય અને પુદ્ગલરૂપે પણ સત્ સ્વીકારવામાં આવે તો આત્માના સ્વરૂપની વ્યાહતિ થાય=નાશ થાય, અને પુદ્ગલરૂપ આત્મા પુરુષકાર કરી શકે નહિ, માટે કાર્ય પ્રત્યે દૈવને અને પુરુષકારને તુલ્ય સામર્થ્યવાળા સ્વીકારવા માટે પણ આત્માને પરિણામી અને સદસદ્રૂપે સ્વીકારવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે સંસારમાં અર્થાદિ પુરુષાર્થ પ્રત્યે લાભાંતરાયનો ક્ષયોપશમ અને જીવનો પ્રયત્ન બન્ને કારણ છે, કોઈક વખતે લાભાંતરાયનો ક્ષયોપશમ મુખ્ય હોય, તો કોઈક વખતે પુરુષકાર મુખ્ય હોય અને કોઈક વખતે કોઈક વિવક્ષિત કાર્ય પ્રત્યે સાક્ષાત્ પોતાનો પુરુષકાર ન હોય તો પોતાનું તથા પ્રકારનું કર્મ અને અન્યનો પુરુષકાર કારણ બને છે, જેમ શાલિભદ્રને દેવના પુરુષકારથી અને પોતાના તથા પ્રકારના પુણ્યના ઉદયથી ભોગાદિની પ્રાપ્તિ થઈ. વળી સંસારનાં સર્વ કાર્યો પ્રત્યે દૈવ અને પુરુષકાર ઉભય કારણ છે, તેમ આત્મામાં પ્રગટ થતા ગુણો પ્રત્યે પણ દૈવ અને પુરુષકાર ઉભય કારણ છે, તેથી યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે ત્યારે પ્રથમ ભૂમિકાના ગુણની પ્રાપ્તિને અનુકૂળ ક્ષયોપશમભાવ પામે તેવું કર્મ અને તે ગુણને આવિર્ભાવ કરવાને અનુકૂળ જીવનો વ્યાપાર કારણ છે. વળી ઉપર ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ માટે જીવ પુરુષકાર કરે છે ત્યારે તેનામાં વર્તતું ઉત્તરની ભૂમિકાને અનુકૂળ ક્ષયોપશમભાવને પામે તેવું કર્મ અને પૂર્વની ભૂમિકાને પામેલું ક્ષયોપશમભાવવાળું કર્મ અને તેનો પુરુષકાર ઉપરના ગુણની પ્રાપ્તિ પ્રત્યે કારણ બને છે, માટે મોહક્ષયની પ્રાપ્તિ સુધી ક્ષયોપશમભાવરૂપે પૂર્વની ભૂમિકાવાળુ દેવ, ઉત્તરની ભૂમિકામાં જવામાં બાધક એવું સોપક્રમકર્મ અર્થાત્ પ્રયત્નથી ક્ષયોપશમભાવને પામે તેવું કર્મ અને ક્ષયોપશમભાવની વૃદ્ધિને અનુકૂળ પુરુષકાર કારણ છે અને મોહનો નાશ થયા પછી અવશિષ્ટ કર્મો નાશને યોગ્ય છે અને કેવલીના યોગનિરોધનો પુરુષકાર તે કર્મોના નાશ પ્રત્યે કારણ છે, તેથી મોક્ષ રૂપ કાર્ય પ્રત્યે પણ કર્મ અને પુરુષકાર ઉભય કારણ છે. **॥૨૧॥**

અવતરણિકા :-

આહ, કિમર્થં ગોચરાદિશુદ્ધ્યા યોગો મૃગ્યત ઇત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

'આહ'થી કોઈક કહે છે –

શું કહે છે તે સ્પષ્ટ કરે છે –

શા માટે ગોચરાદિ શુદ્ધિથી યોગ ઇચ્છાય છે ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે -

શ્લોક :-

लोकशास्त्राऽविरोधेन यद्योगो योग्यतां व्रजेत् ।
श्रद्धामात्रैकगम्यस्तु हन्त नेष्टो विपश्चिताम् ।।२२।।

અન્વયાર્થ :-

હન્ત='હન્ત' આમંત્રણમાં છે, यद्=જે કારણથી, लोकशास्त्राऽविरोधेन=લોકના અને શાસ્ત્રના અવિરોધથી, योगः=યોગ, योग्यतां=યોગ્યતાને, व्रजेत्=પામે છે, એથી યોગની ગોચરાદિ શુદ્ધિ વિચારાય છે એમ અવતરણિકા સાથે સંબંધ છે, तु=વળી, श्रद्धामात्रैकगम्यः=શ્રદ્ધામાત્ર એક ગમ્ય એવો યોગ, विपश्चिताम्=બુદ્ધિશાળીઓને, इष्टः न=ઈષ્ટ નથી. ।।૨૨।।

શ્લોકાર્થ :-

'હન્ત' આમંત્રણમાં છે. જે કારણથી લોકના અને શાસ્ત્રના અવિરોધથી યોગ યોગ્યતાને પામે છે, એથી યોગની ગોચરાદિ શુદ્ધિ વિચારાય છે એમ અવતરણિકા સાથે સંબંધ છે, વળી શ્રદ્ધામાત્ર એક ગમ્ય એવો યોગ બુદ્ધિશાળીઓને ઈષ્ટ નથી. ।।૨૨।।

ટીકા :-

लोकशास्त्रयोः=लोकप्रतीत्यागमयोः, अविरोधेन=अविघटनेन, यद्=यस्माद्, योगो वक्तुमुपक्रान्तो, योग्यतां फलं प्रति योगभावं तात्विकं व्रजेत्, न ह्येकान्तेन नित्येऽनित्ये वाऽऽत्मनि योगो युज्यते, आत्मावस्थान्तरतया लोकशास्त्रयोः प्रतीयमानत्वात्तस्य, न च नित्यस्यावस्थान्तरप्रतिपत्तिरस्ति, तस्य सर्वदैकरूपत्वात्, अनित्यस्य च क्षणक्षयित्वेनेति, इति योगस्य गोचरादिशुद्धिरन्विष्यत इति । ननु गोचराद्यशुद्धावपि कपिलादिभिर्योगो निरूप्यमाण उपलभ्यत इत्याशंक्याह – श्रद्धामात्रेण पूर्वापरविमर्शविकलेन, अत एवैकेन स्वदर्शनपक्षपातरूपेण, गम्यते-निश्चीयते यः स तथा, तुर्विशेषणे, 'हन्त' इति कोमलामन्त्रणे, नेष्टो=नाभिमतः, विपश्चितां=मतिमताम्, कषच्छेदतापशुद्धवस्तुश्रद्धालुत्वात्तेषामिति ।।२२।।

ટીકાર્થ :-

लोकशास्त्रयोः ..... श्रद्धालुत्वात्तेषामिति ।। જે કારણથી લોકના અને શાસ્ત્રના=લોકપ્રતીતિના અને આગમના, અવિરોધથી=અવિઘટનથી, કહેવા માટે પ્રારંભ કરાયેલો યોગ યોગ્યતાને=ફલપ્રાપ્તિ પ્રતિ તાત્વિક યોગભાવને, પામે છે.

લોકના અને શાસ્ત્રના અવિરોધથી યોગ યોગ્યતાને પામે છે તે કથન, યુક્તિથી સ્પષ્ટ કરે છે –

એકાન્તે નિત્ય અથવા એકાંતે અનિત્ય એવા આત્મામાં યોગ ઘટતો નથી જ; કેમ કે આત્માના અવસ્થાંતરપણાથી તેનું=યોગનું, લોકમાં અને શાસ્ત્રમાં પ્રતીયમાનપણું છે અને નિત્યને અવસ્થાંતરની

પ્રાપ્તિ નથી; કેમ કે તેનું=નિત્યનું, સર્વદા એકરૂપપણું છે અને અનિત્યનું ક્ષણક્ષયિપણું છે, ઇતિ=એ હેતુથી, અવસ્થાંતરની પ્રાપ્તિ નથી. ઇતિ=એ હેતુથી=એકાંત નિત્ય અને એકાંત અનિત્ય આત્મામાં યોગ ઘટતો નથી એ હેતુથી, યોગની ગોચરાદિ શુદ્ધિ વિચારાય છે. 'ઇતિ' શબ્દ શ્લોકના પૂર્વાર્ધના કથનની સમાપ્તિ માટે છે.

'ननु'થી શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે – ગોચરાદિની અશુદ્ધિમાં પણ કપિલાદિ વડે નિરૂપણ કરાતો યોગ પ્રાપ્ત થાય છે એ પ્રકારની આશંકા કરીને કહે છે –

પૂર્વ-અપર વિમર્શથી વિકલ એવી શ્રદ્ધામાત્રથી, આથી જ સ્વદર્શનના પક્ષપાતરૂપ એવી એક શ્રદ્ધાથી, જે નિશ્ચય કરાય તે તેવો છે=શ્રદ્ધામાત્ર એક ગમ્ય એવો યોગ છે, અને આવો યોગ બુદ્ધિમાનોને ઇષ્ટ નથી; કેમ કે તેઓનું=બુદ્ધિમાનોનું, કષ, છેદ અને તાપશુદ્ધ વસ્તુમાં શ્રદ્ધાળુપણું છે.

મૂળશ્લોકમાં 'तु' શબ્દ વિશેષણ અર્થમાં છે અને તે વિશેષણ જ શ્લોકના ઉત્તરાર્ધથી વિશેષતાને બતાવે છે અર્થાત્ શ્રદ્ધામાત્ર એક ગમ્ય એવો યોગ બુદ્ધિમાનોને ઇષ્ટ નથી, એ પ્રકારની યોગની વિશેષતાને બતાવે છે.

શ્લોકમાં 'हन्त' શબ્દ કોમલ આમંત્રણમાં છે. ॥૨૨॥

❖ 'गोचराद्यशुद्धावपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગોચરાદિની શુદ્ધિમાં તો યોગનું નિરૂપણ થાય છે, પરંતુ ગોચરાદિની અશુદ્ધિમાં પણ કપિલાદિ વડે યોગ નિરૂપણ કરાતો દેખાય છે.

ભાવાર્થ :-

ફલની પ્રાપ્તિનું કારણ બને તેવો યોગ હંમેશાં લોકની પ્રતીતિ અને આગમ સાથે અવિરોધવાળો હોય છે, તેથી યોગની ગોચરાદિ શુદ્ધિની વિચારણા કરાય છે એ પ્રકારે અવતરણિકા સાથે સંબંધ છે.

લોકના અને શાસ્ત્રના અવિરોધથી યોગ યોગ્યતાને પામે છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

આત્માને એકાંતે નિત્ય માનવામાં આવે તો યોગ ઘટે નહિ; કેમ કે આત્માની અવસ્થાંતરરૂપે લોકમાં અને શાસ્ત્રમાં પ્રતીતિ છે અર્થાત્ પોતાનો આત્મા પૂર્વમાં બાળક હતો તે જ પોતાનો આત્મા વૃદ્ધ થયો તેવી લોકને પ્રતીતિ છે, તેથી એકાંત નિત્ય આત્મામાં લોકપ્રતીતિનો બાધ છે. વળી પોતાનો આત્મા અનિત્ય હોય તો બીજી ક્ષણમાં પ્રાપ્ત થાય નહિ, પરંતુ પોતે વર્તમાનમાં છે અને પોતે ઉત્તરમાં પણ છે, તેવી સર્વ લોકને સ્વસંવદનથી પ્રતીતિ છે તેથી એકાંત અનિત્ય આત્મામાં પણ લોકપ્રતીતિનો બાધ છે, આથી જ યોગને સેવનારા લોકને પ્રતીતિ છે કે પૂર્વે હું યોગનો અભ્યાસ કરતો ન હતો અને હવે યોગનો અભ્યાસ કરું છું, તેથી એકાંત નિત્ય અથવા એકાંત અનિત્ય આત્મા સ્વીકારવામાં આવે તો લોકપ્રતીતિનો બાધ પ્રાપ્ત થાય છે. વળી શાસ્ત્રમાં પણ અયોગીને યોગ સેવવાનો ઉપદેશ અપાય છે અને ઉપદેશને પ્રાપ્ત કરીને અયોગવાળો આત્મા જ યોગને પ્રાપ્ત કરે છે, તેથી આત્માને એકાંતે નિત્ય સ્વીકારવામાં આવે કે એકાંતે અનિત્ય સ્વીકારવામાં આવે તો શાસ્ત્રપ્રતીતિનો બાધ હોવાથી એકાંત નિત્ય કે એકાંત અનિત્ય આત્મામાં યોગ ઘટે નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ આત્માને એકાંતે નિત્ય માને છે અથવા જેઓ આત્માને એકાંતે અનિત્ય માને છે તેઓના મત પ્રમાણે યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારાઓના યોગમાં ગોચરશુદ્ધિ નથી; કેમ કે તેઓ યોગનો ગોચર એવો આત્મા પરિણામી માનતા નથી.

વળી તેઓના મતમાં સ્વરૂપશુદ્ધિ પણ નથી; કેમ કે આત્માને એકાંતે નિત્ય માનનારાના વચનથી અથવા આત્માને એકાંતે અનિત્ય માનનારાના વચનથી તેઓને મિથ્યા શ્રુતજ્ઞાન પ્રાપ્ત થયું છે અને તત્ત્વને જોવામાં મૂઢની જેમ તે શ્રુતને તેઓ પ્રમાણ માને છે મૂઢતાથઈ યુક્ત તે મિથ્યા શ્રુત અનુસારે તેઓની મિથ્યા પ્રવૃત્તિ છે, તેથી તેઓનું જ્ઞાન અને તેઓની પ્રવૃત્તિ ઉચિત પ્રવૃત્તિરૂપ નહિ હોવાથી તેઓનો શ્રુત-ચારિત્રરૂપ યોગ સ્વરૂપશુદ્ધ નથી.

વળી જે યોગમાર્ગની પ્રવૃત્તિમાં ગોચરશુદ્ધિ અને સ્વરૂપશુદ્ધિ ન હોય તે યોગમાર્ગના સેવનથી યોગનું ફળ સમ્યક્ પ્રાપ્ત થાય નહિ, તેથી તે યોગની પ્રવૃત્તિમાં ફલશુદ્ધિ પણ નથી, માટે યોગના ફલના અર્થીએ ગોચરાદિશુદ્ધિમાં યત્ન કરવો જોઈએ.

અહીં કોઈને શંકા થાય કે કપિલાદિ દર્શનોમાં પણ મોક્ષને અનુકૂળ એવી ઉચિત પ્રવૃત્તિરૂપ યોગ પ્રાપ્ત થાય છે, પરંતુ તેઓના દર્શનમાં ગોચરાદિની શુદ્ધિ નથી, તેથી ગોચરાદિની શુદ્ધિ ન હોય તોપણ મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિરૂપ યોગ અન્ય દર્શનોમાં પણ છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે કહે છે –

જે લોકો પૂર્વ-અપરના વિમર્શ વગરના છે અને સ્વદર્શનના પક્ષપાતવાળા છે તેઓ ગોચરાદિ શુદ્ધિ વગરના યોગને સ્વીકારે છે, વસ્તુતઃ બુદ્ધિમાન પુરુષોને તેવો યોગ ઇષ્ટ નથી; કેમ કે બુદ્ધિમાન પુરુષો કષ-છેદ-તાપશુદ્ધ વસ્તુમાં જ શ્રદ્ધા કરે છે.

આશય એ છે કે જે દર્શનકારો આત્માને એકાંત નિત્ય અથવા એકાંત અનિત્ય માને છે તે દર્શનોમાં યોગનો ગોચર આત્મા અપરિણામી સ્વીકારેલ હોવાથી આત્મામાં પરમાર્થથી યોગ ઘટતો નથી, તેથી યોગના ગોચરની અશુદ્ધિ છે. વળી તે દર્શનોનાં વચનો એકાંતવાદને બતાવનારાં હોવાથી તે દર્શનોથી થનારો બોધ મિથ્યાશ્રુતરૂપ છે અને તે દર્શનો અનુસાર કરાયેલી પ્રવૃત્તિ પણ મિથ્યાશ્રુતથી થયેલી હોવાને કારણે મિથ્યા છે, માટે સ્વરૂપની પણ શુદ્ધિ નથી અને જે યોગનું સેવન સ્વરૂપશુદ્ધ ન હોય તે યોગના સેવનથી ફલ પણ સમ્યક્ પ્રાપ્ત થાય નહિ, તેથી એકાંત માન્યતાવાળા દર્શનોમાં ફલશુદ્ધિ પણ નથી અને બુદ્ધિમાન પુરુષો કષ-છેદ-તાપશુદ્ધ વસ્તુને ગ્રહણ કરે તો ગોચરાદિની શુદ્ધિ પ્રાપ્ત થાય, માટે વિચારકે ગોચરાદિશુદ્ધિની ગવેષણા કરવી જોઈએ.

અહીં વિશેષ એ છે કે જે દર્શન મોક્ષને અનુકૂળ એવા ધ્યાન-અધ્યયનની વિધિનું કથન કરે અને મોક્ષને વિરોધી એવા હિંસાદિ ભાવોનો નિષેધ કરે તે દર્શન કષશુદ્ધ છે અને જે દર્શન વિધિ-નિષેધને અનુરૂપ સર્વ ઉચિત ક્રિયાઓ બતાવે તે દર્શન છેદશુદ્ધ છે અને જે દર્શન આત્માને પરિણામી સ્વીકારે તે દર્શન તાપશુદ્ધ છે, તેથી જેમ કષ-છેદ-તાપશુદ્ધ સુવર્ણ શુદ્ધ સુવર્ણ છે તેમ કષ-છેદ-તાપશુદ્ધ દર્શન શુદ્ધ પ્રરૂપણા કરનાર છે અને તેમાં બતાવાયેલા યોગમાં ગોચરાદિ ત્રણની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. **॥૨૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

શ્લોક-૨૨માં કહ્યું કે ગોચરાદિ શુદ્ધિવાળાં આગમોમાં બતાવાયેલો યોગ યોગના ફલની પ્રાપ્તિનું કારણ છે તે કથનની પુષ્ટિ કરવા માટે 'તથા' શબ્દથી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

वचनादस्य संसिद्धिरेतदप्येवमेव हि ।
दृष्टेष्टाऽबाधितं तस्मादेतन्मृग्यं हितैषिणा ।।२३।।

અન્વયાર્થ :-

वचनाद्=વચનથી, अस्य संसिद्धिः=આની સંસિદ્ધિ છે=યોગની સંસિદ્ધિ છે, एतदपि=આ પણ=વચન પણ, एवमेव हि=આ રીતે જ=પરિણામી આત્મા સ્વીકારાય એ રીતે જ ઘટે છે, तस्मात्=તે કારણથી=યોગસિદ્ધિનું હેતુપણું હોવાથી, हितैषिणा=હિતૈષીએ, एतद्=આ=વચન, दृष्टेष्टाबाधितं=દૃષ્ટ અને ઈષ્ટથી અબાધિત, मृग्यं=શોધવું જોઈએ. ।।૨૩।।

શ્લોકાર્થ :-

વચનથી યોગની સંસિદ્ધિ છે, આ પણ આ રીતે જ ઘટે છે, તે કારણથી હિતૈષીએ વચન દૃષ્ટ અને ઈષ્ટથી અબાધિત શોધવું જોઈએ. ।।૨૩।।

ટીકા :-

वचनाद्=आगमात्, अस्य=योगस्य, संसिद्धिः=प्रतीतिर्जायते, न पुनरन्यथा, 'परलोकविधौ मानं वचनं' इति वचनप्रामाण्यात्, यदि नामैवं, ततः किमित्याह 'एतदपि=वचनं',– किं पुनर्योग इत्यपिशब्दार्थः । एवमेव हि=योगवदेव, परिणामिन्येवात्मनि घटते, भाषकपरिणामान्तरसम्भवेन वचनप्रवृत्तेरुपपद्यमानत्वात्, तत्तु वचनमनेकमिति हृदि व्यवस्थाप्याह – दृष्टेष्टाभ्यां वक्ष्यमाणरूपाभ्यां, अबाधितं=अविरुद्धं, तस्मात्=योगसिद्धिहेतुत्वात्, एतद्=वचनं, मृग्यं=गवेषणीयं, हितैषिणा=मनीषिणेति ।।२३।।

ટીકાર્થ :-

वचनाद् ..... मनीषिणेति ।। પરલોકવિધિમાં વચન પ્રમાણ છે એ પ્રમાણે વચનનું પ્રામાણ્ય હોવાથી

વચનથી=આગમથી, આની=યોગની, સંસિદ્ધિ થાય છે=પ્રતીતિ થાય છે, વળી અન્યથા નહિ=વચન વગર નહિ, જો આ પ્રમાણે છે=વચનથી યોગની પ્રતીતિ છે એ પ્રમાણે છે, તેનાથી શું ? એથી કહે છે – એવમેવ હિ=યોગની જેમ જ, પરિણામી આત્મામાં આ પણ=વચન પણ, ઘટે છે; કેમ કે ભાષકના પરિણામાંતરનો સંભવ હોવાને કારણે=પરિણામી આત્મા સ્વીકારવાથી ભાષકના પરિણામાંતરનો સંભવ હોવાને કારણે, વચનપ્રવૃત્તિનું ઉપપદ્યમાનપણું છે, વળી યોગનું શું કહેવું ? એ પ્રમાણે 'અપિ' શબ્દનો અર્થ છે='એતદપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે.

પૂર્વમાં કહ્યું કે પરિણામી આત્મા સ્વીકારવાથી આગમરૂપ વચન ઘટે છે, ત્યાં પ્રશ્ન થાય કે પરલોકના વિષયમાં પ્રવૃત્તિને કહેનારા જુદા જુદા દર્શનકારોનાં જુદાં જુદાં વચનો પ્રાપ્ત થાય છે, તેથી કયા વચનથી પરલોકના વિષયની પ્રવૃત્તિ કરવી જોઈએ ? એ પ્રકારની શંકાને સામે રાખીને શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે.

વળી તે વચન=પરલોકની પ્રવૃત્તિને બતાવનારું વચન, અનેક છે=જુદા જુદા દર્શનકારોનાં જુદાં જુદાં વચનો હોવાથી અનેક છે, એ પ્રમાણે હૃદયમાં વ્યવસ્થાપન કરીને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે -

તે કારણથી=યોગસિદ્ધિનું હેતુપણું હોવાથી, હિતૈષીએ=બુદ્ધિમાન પુરુષે, આગળ કહેવાશે એવા સ્વરૂપવાળા દૃષ્ટ-ઇષ્ટથી અબાધિત=અવિરુદ્ધ એવા, આની=વચનની, ગવેષણા કરવી જોઈએ.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૩॥

ભાવાર્થ :-

શ્લોક-૨૨ના ઉત્તરાર્ધથી સ્થાપન કર્યું કે ગોચરાદિની અશુદ્ધિ હોવાને કારણે કપિલાદિ વડે નિરૂપણ કરાતો યોગ બુદ્ધિમાનોને ઇષ્ટ નથી, તેથી યોગના ફલના અર્થીએ ગોચરાદિની શુદ્ધિની ગવેષણા કરવી જોઈએ.

હવે તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે યોગમાર્ગનો નિર્ણય આગમથી થાય છે; કેમ કે પરલોકની પ્રવૃત્તિમાં આગમનું વચન પ્રમાણ છે, અન્ય નહિ, તેથી જેમ મોક્ષના ઉપાય રૂપ યોગનો નિર્ણય કરવા માટે ગોચરાદિ શુદ્ધિની વિચારણા કરવી આવશ્યક છે તેથી આત્માને પરિણામી સ્વીકારવો આવશ્યક છે તેમ આત્માને પરિણામી સ્વીકારીએ તો જ 'વચન' ઘટે; કેમ કે આત્માને પરિણામી સ્વીકારીએ તો ભાષકનો પરિણામાંતર સંભવે અને ભાષકનો પરિણામાંતર સંભવે તો જ પૂર્વમાં વચન નહિ બોલનાર પુરુષ વચનની પ્રવૃત્તિ કરે છે તે સંગત થાય, તેથી વચનની સંગતિ માટે પણ પરિણામી આત્મા સ્વીકારવો આવશ્યક છે. અહીં પ્રશ્ન થાય કે પરલોકને કહેનારાં એવાં વચનો ભિન્ન ભિન્ન દર્શનનાં ભિન્ન ભિન્ન પ્રાપ્ત થાય છે, તેથી કયું વચન યોગસિદ્ધિનો હેતુ છે તેનો નિર્ણય કરવા શું કરવું જોઈએ તેથી કહે છે કયું વચન દૃષ્ટ એવા અનુભવથી અવિરુદ્ધ છે અને ઇષ્ટ એવા પરલોકને કહેનારા વચન સાથે અવિરુદ્ધ છે તેનો નિર્ણય બુદ્ધિમાને કરવો જોઈએ, જેથી પ્રામાણિક વચનની પ્રાપ્તિ થાય અને તે પ્રામાણિક વચનથી પ્રવૃત્તિ કરવા દ્વારા યોગની સિદ્ધિ થાય અને યોગની સિદ્ધિ થવાને કારણે યોગના ફલની પ્રાપ્તિ થાય. **॥૨૩॥**

અવતરણિકા :-

આહ–કિમર્થમીદૃશં વચનં મૃગ્યતે? ઉચ્યતે –

અવતરણિકાર્થ :-

'આહ'થી કોઈક કહે છે –

શું કહે છે તે સ્પષ્ટ કરે છે –

શા માટે આવું વચન=શ્લોક-૨૩માં કહ્યું એવું દૃષ્ટ-ઈષ્ટ અવિરુદ્ધ વચન, ગવેષણા કરાય છે ? તેનો ઉત્તર આપવા ગ્રંથકારશ્રી કહે છે – ઉચ્યતે=ઉત્તર, અપાય છે –

શ્લોક :-

दृष्टबाधैव यत्रास्ति ततोऽदृष्टप्रवर्तनम् ।
असच्छ्रद्धाभिभूतानां केवलं ध्यान्ध्यसूचकम् ।।२४।।

અન્વયાર્થ :-

યત્ર=જ્યાં=જે શાસ્ત્રમાં, દૃષ્ટબાધૈવ=દૃષ્ટ અર્થમાં બાધા જ, અસ્તિ=છે, તતઃ=તેનાથી=તે શાસ્ત્રથી, અદૃષ્ટપ્રવર્તનમ્=અદૃષ્ટ અર્થમાં પ્રવર્તન, અસચ્છ્રદ્ધાભિભૂતાનાં=અસત્ શ્રદ્ધાથી અભિભૂત થયેલાઓના, કેવલં=કેવલ, ધ્યાન્ધ્યસૂચકમ્=બુદ્ધિના અંધાપાનું સૂચક છે. ।।૨૪।।

શ્લોકાર્થ :-

જે શાસ્ત્રમાં દૃષ્ટ અર્થમાં બાધા જ છે તે શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં પ્રવર્તન અસત્ શ્રદ્ધાથી અભિભૂત થયેલાઓના કેવલ બુદ્ધિના અંધાપાનું સૂચક છે. ।।૨૪।।

ટીકા :-

दृष्टेनैव=प्रत्यक्षोपलब्धेनैव द्रव्यरूपत्वावस्थितस्यात्मादेरर्थस्य परिणामेन, किं पुनरन्यप्रमाणोपलब्धेनेत्येवकारार्थः, बाधा=विरोधः, यत्र=शास्त्रे, प्रज्ञाप्यमानस्य नित्यत्वादेः, अस्ति-विद्यते, ततः-शास्त्रात्, अदृष्टेऽर्थे=ऽदृष्टफलविषयत्वेन यमनियमादावनुष्ठाने, प्रवर्तनम् असती=असुन्दरा, या श्रद्धा=रुचिः, भक्षितधत्तूराणामिवेष्टकाखण्डादौ सुवर्णश्रद्धासमाना तयाऽभिभूतानां विह्वलीकृतानाम्, किमित्याह–'केवलं' नापरं किंचित्, ध्यान्ध्यसूचकं=भ्रान्त्याविर्भावकम्, न ततः काचिदिष्टफलसिद्धिरिति भावः ।।२४।।

ટીકાર્થ :-

दृष्टेनैव ..... काचिदिष्टफलसिद्धिरिति भावः ।। દૃષ્ટથી જ=દ્રવ્યત્વ રૂપે અવસ્થિત એવા આત્માદિ

અર્થના પરિણામરૂપ પ્રત્યક્ષઉપલબ્ધથી જ, જેમાં=જે શાસ્ત્રમાં, પ્રજ્ઞાપ્યમાન એવા નિત્યત્વાદિની બાધા છે=વિરોધ વિદ્યમાન છે, તે શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં=અદૃષ્ટફલના વિષયપણારૂપે યમ-નિયમાદિ અનુષ્ઠાનમાં, પ્રવર્તન અસત્ શ્રદ્ધા અભિભૂતોનું=ભક્ષિત ધતૂરાવાળાને ઇંટના ટુકડા આદિમાં સુવર્ણની શ્રદ્ધા સમાન અસુંદર એવી જે રુચિ તેનાથી અભિભૂત જીવોનું અર્થાત્ વિહ્વલીકૃત એવા જીવોનું, કેવલ=બીજું કોઈ નહીં કેવલ, ધ્યાન્ધ્યસૂચક છે=ભ્રાન્તિનું આવિર્ભાવક છે, તેનાથી=દૃષ્ટ બાધાવાળાં શાસ્ત્રો દ્વારા અદૃષ્ટમાં પ્રવર્તનથી, કોઈ ઇષ્ટફલની સિદ્ધિ નથી એ પ્રકારે ભાવ છે.

વળી અન્ય પ્રમાણના ઉપલબ્ધ વડે શું ? એ પ્રકારનો 'એવ'કારનો અર્થ છે='દૃષ્ટેનૈવ'માં રહેલા 'એવ'કારનો અર્થ છે. ॥૨૪॥

❖ 'नित्यत्वादेः'માં રહેલા 'आदि'થી અનિત્યત્વનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક આત્માદિ પદાર્થો માનનારા મતમાં દૃષ્ટની જ બાધા છે; કેમ કે પ્રત્યક્ષથી દેખાય છે કે આત્માદિ પદાર્થો દ્રવ્યરૂપે અવસ્થિત હોવા છતાં વચન બોલે છે ત્યારે પરિણામાંતર પામે છે અને યોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે અયોગવાળી અવસ્થામાંથી યોગવાળી અવસ્થામાં પરિણામ પામે છે, આવું જ્યારે અનુભવથી દેખાતું હોય ત્યારે જે શાસ્ત્ર આત્માને પરિણામી ન માને અને એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક કહે તો તે શાસ્ત્રમાં પ્રત્યક્ષથી બાધા છે અને જે શાસ્ત્રમાં પ્રત્યક્ષથી બાધા હોય તે શાસ્ત્રથી અદૃષ્ટ ફલને માટે યમ-નિયમાદિમાં પ્રવૃત્તિ કરવી તે વિપરીત શ્રદ્ધાવાળા જીવોનો કેવલ બુદ્ધિનો અંધાપો છે.

આશય એ છે કે જેઓને તત્ત્વની રુચિ હોય તેવા જીવો તત્ત્વની પરીક્ષા કરીને તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિ કરે, પરંતુ જેઓને સ્વદર્શન પ્રત્યે બદ્ધરાગ છે તેવા વિપરીત રુચિવાળા જીવો જ પ્રત્યક્ષથી વિરુદ્ધ વચન કહેનારાં એવાં શાસ્ત્રોને અવલંબીને આત્મહિત સાધવા માટે પ્રવૃત્તિ કરે છે તે તેઓની અવિચારકતા છે અને આવા અવિચારક જીવોની બાહ્ય આચરણ રૂપે યમ-નિયમની કંઈક ઉચિત પ્રવૃત્તિ હોય તોપણ તે હિતનું કારણ બની શકે નહિ; કેમ કે બાહ્યથી ઉચિત પ્રવૃત્તિ પણ સ્વદર્શનના પક્ષપાતરૂપ કદાગ્રહને કારણે કલ્યાણનું કારણ બનતી નથી, માટે કલ્યાણના અર્થી જીવે સ્વદર્શનના અવિચારક રાગ વગર કયા દર્શનના શાસ્ત્રને સ્વીકારીને હિતમાં પ્રવૃત્તિ કરવી જોઈએ તેનો નિર્ણય કરીને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી હિતની પ્રાપ્તિ થાય.

અહીં ટીકામાં અદૃષ્ટપ્રવર્તનનો અર્થ કર્યો કે અદૃષ્ટફલના વિષયપણારૂપે અદૃષ્ટઅર્થરૂપ યમ-નિયમાદિ અનુષ્ઠાનમાં પ્રવર્તન.

આનાથી એ પ્રાપ્ત થાય કે યમ-નિયમાદિ અનુષ્ઠાન પોતે અદૃષ્ટ નથી, પરંતુ યમ-નિયમાદિ અનુષ્ઠાન કોઈ સેવતું હોય તે સાક્ષાત્ દેખાય છે, પરંતુ યમ-નિયમાદિનું ફળ અદૃષ્ટ છે, તેથી અદૃષ્ટ ફલ છે વિષય જેનો એવા યમ-નિયમાદિ અનુષ્ઠાન છે અને તેમાં પ્રવર્તન તે અદૃષ્ટ અર્થમાં પ્રવર્તન છે.

અહીં ટીકામાં કહ્યું કે કોઈ પુરુષે ધતૂરો ખાધેલો હોય, તેના કારણે તેની બુદ્ધિમાં વિભ્રમ વર્તતો હોય તેવા પુરુષને ઇંટના ટુકડા આદિમાં સુવર્ણ છે એ પ્રકારની રુચિ થાય છે તેની જેમ જેઓને સ્વદર્શન પ્રત્યે અત્યંત રાગ છે તેવા જીવો વિપર્યાસ બુદ્ધિવાળા હોવાને કારણે જે દર્શનનાં વચનો પ્રત્યક્ષથી બાધાવાળાં દેખાય છે તે વચનોને પ્રમાણ કરીને તે વચનાનુસાર પરલોકની પ્રવૃત્તિ કરનારા છે, તેથી તેઓની પરલોકની પ્રવૃત્તિ બુદ્ધિના અંધાપાની સૂચક છે. **॥૨૪॥**

અવતરણિકા :-

तर्हि कीदृशाद्वचनात्प्रवृत्तिर्ज्यायसीत्याह –

અવતરણિકાર્થ :-

તો કેવા પ્રકારના વચનથી પ્રવૃત્તિ=પરલોક વિષયક પ્રવૃત્તિ, શ્રેયકારી છે ? એને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં કહ્યું કે જે શાસ્ત્રમાં દૃષ્ટથી બાધા હોય તે શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં પ્રવર્તન કરવું અનુચિત છે તો કેવા વચનથી પ્રવૃત્તિ કરવી કલ્યાણકારી છે ? એને કહે છે –

શ્લોક :-

प्रत्यक्षेणानुमानेन यदुक्तोऽर्थो न बाध्यते ।
दृष्टोऽदृष्टेऽपि युक्ता स्यात् प्रवृत्तिस्तत एव तु ।।२५।।

અન્વયાર્થ :-

यदुक्तोऽर्थो=જેમાં કહેવાયેલો અર્થ=જે શાસ્ત્રમાં કહેવાયેલો આત્માદિ અર્થ, प्रत्यक्षेणानुमानेन=પ્રત્યક્ષથી, અનુમાનથી, दृष्टो=જોવાયેલો, न बाध्यते=બાધ પામતો નથી, तत एव तु=તેનાથી જ=તે શાસ્ત્રથી જ, अदृष्टेऽपि=અદૃષ્ટ અર્થમાં પણ, प्रवृत्तिः=પ્રવૃત્તિ युक्ता स्यात्=યુક્ત થાય. ।।૨૫।।

શ્લોકાર્થ :-

જે શાસ્ત્રમાં કહેવાયેલો આત્માદિ અર્થ પ્રત્યક્ષથી, અનુમાનથી જોવાયેલો બાધ પામતો નથી, તે શાસ્ત્રથી જ અદૃષ્ટ અર્થમાં પણ પ્રવૃત્તિ યુક્ત થાય. ।।૨૫।।

ટીકા :-

प्रत्यक्षेण चाक्षुषादिना, अनुमानेन लिङ्गलिङ्गिसम्बन्धग्रहणोद्भवेन यदुक्तो=यत्र भणितोऽर्थ आत्मादिः, न बाध्यते=न विरोधमानीयते, दृष्टः=स्वसंवेदनादिसिद्धः, अदृष्टेऽपि=स्वर्गापवर्गादावर्थे, 'किं पुनर्दृष्टे' इत्यपिशब्दार्थः, युक्ता=घटमाना, स्यात्प्रवृत्तिर्हानोपादानरूपा, तत एव तु=तस्मादेव वचनात्, न पुनरन्यतोऽपि, व्यंसकवचनस्य महाऽनर्थहेतुत्वादिति ।।२५।।

ટીકાર્થ :-

પ્રત્યક્ષેણ ..... મહાઽનર્થહેતુત્વાદિતિ ।। યદુક્તો અર્થઃ=જે શાસ્ત્રમાં કહેવાયેલો આત્માદિ અર્થ, ચાક્ષુષાદિ પ્રત્યક્ષથી લિંગ-લિંગીના સંબંધના ગ્રહણથી ઉદ્ભવ એવા અનુમાનથી દૃષ્ટ=સ્વસંવેદનાદિસિદ્ધ, બાધા પામતો નથી=વિરોધને પ્રાપ્ત કરતો નથી, તેનાથી જ=તે વચનથી જ, અદૃષ્ટમાં પણ=સ્વર્ગ-અપવર્ગ આદિ અર્થમાં પણ, ત્યાગ અને ઉપાદાન રૂપ પ્રવૃત્તિ યુક્ત છે=ઘટમાન છે, પરંતુ અન્યથી પણ નહિ=અન્ય વચનથી પણ પ્રવૃત્તિ યુક્ત નથી; કેમ કે વ્યંસક વચનનું=ઠગનારા વચનનું, મહા અનર્થહેતુપણું છે.

વળી દૃષ્ટમાં શું ? એ પ્રકારનો 'અપિ' શબ્દનો અર્થ છે='અદૃષ્ટેઽપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે. ॥૨૫॥

❖ 'સ્વર્ગાપવર્ગાદાવર્થે'માં 'આદિ'થી સદ્ગતિનું ગ્રહણ કરવું.

❖ 'ન પુનરન્યતોઽપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે દૃષ્ટબાધા વગરના શાસ્ત્રથી તો પ્રવૃત્તિ યુક્ત છે, પરંતુ અન્યથી પણ યુક્ત નથી.

ભાવાર્થ :-

જે શાસ્ત્રમાં કહેવાયેલા આત્માદિ પદાર્થો પ્રત્યક્ષથી કે અનુમાનથી બાધ ન પામતા હોય તે શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય, પરંતુ અન્ય શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય નહિ; કેમ કે જે શાસ્ત્રનાં વચનો પ્રમાણે આત્માદિ પદાર્થોનો પ્રત્યક્ષથી કે અનુમાનથી બાધ હોય તે શાસ્ત્રનાં વચનો પરલોકની પ્રવૃત્તિ કરવા માટે પ્રમાણભૂત ગણી શકાય નહિ. જેમ સ્વસંવેદનથી દરેકને પ્રતીત છે કે પોતાનો આત્મા પરિણામાંતર પામે છે, વળી યુક્તિથી વિચારીએ તોપણ જો આત્મા પરિણામી ન હોય તો પૂર્વમાં યોગમાર્ગની પ્રવૃત્તિ નહિ કરનાર પાછળથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરનાર પ્રાપ્ત થાય નહિ, તેથી જે શાસ્ત્રમાં આત્મા અપરિણામી છે એમ કહેવાયું છે તે શાસ્ત્રનાં વચનો પ્રત્યક્ષથી અને અનુમાનથી બાધ પામે છે, માટે તે શાસ્ત્રનાં વચનો પ્રમાણભૂત ગણી શકાય નહિ અને તે શાસ્ત્રથી પરલોક અર્થે પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય નહિ. **॥૨૫॥**

અવતરણિકા :-

અત્રૈવ વિપક્ષે બાધામાહ –

અવતરણિકાર્થ :-

અહીં જ=શ્લોક-૨૫માં કહ્યું કે જે શાસ્ત્રમાં દૃષ્ટ અર્થનો બાધ ન હોય તે શાસ્ત્રથી અદૃષ્ટ અર્થમાં પ્રવૃત્તિ યુક્ત છે એમાં જ, વિપક્ષમાં=વિપરીત સ્વીકારવામાં, બાધને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૨૫માં કહ્યું કે જે શાસ્ત્રમાં દૃષ્ટની બાધા ન હોય તેવા શાસ્ત્રથી અદૃષ્ટમાં પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય, તેને દૃઢ કરવા માટે તેનાથી વિપરીત સ્વીકારવામાં શું દોષ પ્રાપ્ત થાય છે તે બતાવે છે –

શ્લોક :-

अतोऽन्यथाप्रवृत्तौ तु स्यात्साधुत्वाद्यनिश्चितम् ।
वस्तुतत्त्वस्य हन्तैवं सर्वमेवासमञ्जसम् ।।२६।।

અન્વયાર્થ :-

અતો=આનાથી=શ્લોક-૨૫માં કહેવાયેલા ગુણવાળા વચનથી, અન્યથા પ્રવૃત્તૌ=અન્યથા પ્રવૃત્તિમાં=જે કોઈ વચનથી પ્રવૃત્તિમાં, વસ્તુતત્ત્વસ્ય સાધુત્વાદ્યનિશ્ચિતમ્ સ્યાત્=વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો અનિશ્ચય થાય, એવં=આ રીતે=વસ્તુતત્ત્વના નિર્ણય વગર પ્રવૃત્તિ કરવામાં આવે એ રીતે, સર્વમેવાસમઞ્જસમ્=સર્વ જ અસમંજસ થાય=આલોકની અને પરલોકની સર્વ પ્રવૃત્તિ અસમંજસ થાય. ।।૨૬।।

શ્લોકાર્થ :-

શ્લોક-૨૫માં કહેવાયેલા ગુણવાળા વચનથી અન્યથા પ્રવૃત્તિમાં વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો અનિશ્ચય થાય, આ રીતે સર્વ જ અસમંજસ થાય. ।।૨૬।।

ટીકા :-

अतः=उक्तगुणाद्वचनाद्, अन्यथा तु=यतःकुतोऽपि वचनात्, प्रवृत्तौ पुनर्धर्मार्थिनः सत्याम् स्याद्=भवेत्, साधुत्वादि=साधुत्वमसाधुत्वं च, अनिश्चितं=अनिर्धारितम्, कस्येत्याह वस्तुतत्त्वस्य आत्मादिरूपस्य परिशुद्धवचनपूर्वकत्वाद्वस्तुतत्त्वनिश्चयस्य, तस्य च धर्मार्थिनो यदृच्छावचनपूर्वकतया प्रवृत्तत्वात्, एवमपि किमित्याह 'हन्त' इति पूर्ववत्, एवं वस्तुतत्त्वाऽनिश्चयेन प्रवृत्तौ सर्वमेव=ऐहिकमामुष्मिकं च, असमञ्जसं=असङ्गतार्थं स्यात्, न हीहाऽनिश्चितव्यवहारतत्त्वा व्यवहारिणोऽपि किंचित्फल-मवाप्नुवन्ति, किं त्वनर्थमेवेति ।।२६।।

ટીકાર્થ :-

अतः=उक्तगुणाद्वचनाद् ..... त्वनर्थमेवेति ।। આનાથી=ઉક્ત ગુણવાળા વચનથી=શ્લોક-૨૫માં કહેવાયેલા ગુણવાળા આગમવચનથી, અન્યથા=જે કોઈપણ વચનથી, વળી ધર્માર્થીની પ્રવૃત્તિ હોતે છતે વસ્તુતત્ત્વના=આત્માદિ વસ્તુતત્ત્વના, સાધુત્વાદિ=સાધુત્વ અને અસાધુત્વ, અનિશ્ચિત થાય=અનિર્ધારિત થાય; કેમ કે વસ્તુતત્ત્વના નિશ્ચયનું પરિશુદ્ધવચનપૂર્વકપણું છે=વસ્તુતત્ત્વના નિશ્ચયનું યથાર્થ વચનપૂર્વકપણું છે.

પૂર્વમાં કહ્યું કે ધર્માર્થી જે કોઈપણ વચનથી પ્રવૃત્તિ કરે તો સાધુત્વાદિનો નિશ્ચય થઈ શકે નહિ, તેમાં હેતુ કહે છે –

અને તે ધર્માર્થીનું=જે વચન પ્રત્યક્ષથી અને અનુમાનથી દૃષ્ટ અર્થનો બાધ કરે છે તે વચન અનુસાર પ્રવૃત્તિ કરનાર તે તે દર્શનના ધર્માર્થીનું, યદૃચ્છાવચનપૂર્વકપણાથી પ્રવૃત્તપણું છે, આ રીતે

પણ શું ?=યદૃચ્છા વચનપૂર્વક પ્રવૃત્તિ કરનાર પુરુષને સાધુત્વાદિનો અનિશ્ચય થાય એ રીતે પણ શું ? એથી કહે છે – આ રીતે વસ્તુતત્ત્વના અનિશ્ચયથી પ્રવૃત્તિ કરાયે છતે સર્વ જ=આ લોકની અને પરલોકની પ્રવૃત્તિ રૂપ સર્વ જ, અસમંજસ=અસંગત અર્થવાળું, થાય.

અહીં પ્રશ્ન થાય કે આ લોકનું પણ અસંગતાર્થ કેમ થાય ? તેથી કહે છે –

હિ=જે કારણથી, અહીં=જગતમાં, અનિશ્ચિત વ્યવહારતત્ત્વવાળા એવા વ્યવહારીઓ પણ કંઈ ફલને પ્રાપ્ત કરતા નથી, અનર્થ જ પ્રાપ્ત કરે છે.

'હન્ત' શબ્દ પૂર્વની જેમ છે=શ્લોક-૨૨માં જેમ 'હન્ત' શબ્દ કોમલ આમંત્રણમાં છે તેમ અહીં પણ કોમલ આમંત્રણમાં છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૬॥

❖ 'एवमपि किमित्याह'માં 'अपि'થી એ કહેવું છે કે વસ્તુતત્ત્વના નિશ્ચયથી પ્રવૃત્તિ કરવામાં આવે તો કોઈ દોષ નથી, પરંતુ પૂર્વમાં કહ્યું એ રીતે વસ્તુતત્ત્વના અનિશ્ચયથી પણ પ્રવૃત્તિ કરવામાં આવે તો શું ? એથી કહે છે.

❖ 'अनिश्चितव्यवहारतत्त्वा व्यवहारिणोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે અનિશ્ચિત આગમતત્ત્વવાળા ધર્મને માટે પ્રવૃત્તિ કરનારા તો કંઈ ફળ પ્રાપ્ત કરતા નથી, પરંતુ અનિશ્ચિત વ્યવહારતત્ત્વવાળા વ્યવહારીઓ પણ કંઈ ફલને પ્રાપ્ત કરતા નથી.

ભાવાર્થ :-

શ્લોક-૨૫માં કહેલ કે જે આગમમાં કહેલ આત્માદિ અર્થ પ્રત્યક્ષથી અને અનુમાનથી દૃષ્ટ અર્થનો બાધ કરતો નથી તે આગમથી અદૃષ્ટ અર્થમાં પ્રવૃત્તિ યુક્ત છે અને તેવું આગમ આત્માદિ પદાર્થને પરિણામી સ્વીકારે છે, તેથી દૃષ્ટ અર્થમાં બાધ નથી અને તે આગમના વચનને છોડીને જે કોઈપણ આગમના વચનથી ધર્માર્થી જીવો પ્રવૃત્તિ કરે તો આત્માદિ વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો નિશ્ચય થઈ શકે નહિ.

આશય એ છે કે શ્લોક-૧૭-૧૮માં કહેલ કે યોગમાર્ગને માટે ઉપયોગી એવી આત્મા, આત્માથી અન્ય કર્મ, કર્મનો સંયોગ, શાસ્તા આ ચાર વસ્તુને સર્વ દર્શનકારો નામાંતરથી સ્વીકારે છે અને તે ચાર વસ્તુના સ્વીકારથી યોગમાર્ગની પ્રવૃત્તિ અને યોગમાર્ગનું ફલ મોક્ષ સંગત થાય છે, આમ છતાં જેઓ યોગમાર્ગને ઉપયોગી એવી આત્માદિ ચાર વસ્તુઓને સ્વીકાર્યા પછી આત્માને પરિણામી સ્વીકારતા નથી, તેથી જો આત્મા એકાંતે કૂટસ્થ નિત્ય હોય કે એકાંતે ક્ષણિક હોય તો આત્માથી અતિરિક્ત કર્મ છે, કર્મનો આત્મા સાથે સંબંધ છે અને શાસ્તાના અનુગ્રહથી મોક્ષ પ્રાપ્ત થાય છે ઇત્યાદિ વચન કોઈ પ્રયોજનવાળા છે કે નહિ તેનો નિર્ણય થઈ શકે નહિ, વસ્તુતઃ આત્મા પરિણામી હોય તો જ કર્મનો સંબંધ શાસ્તાનો અનુગ્રહ ઇત્યાદિ મોક્ષ માટે ઉપયોગી છે તેમ સ્વીકારી શકાય, તેથી જે દર્શનના વચન દ્વારા પ્રવૃત્તિ કરવામાં 'આ વચન સમ્યક્ છે કે અસમ્યક્ છે' તેવો નિર્ણય થાય નહિ તે દર્શનના વચનથી પ્રવૃત્તિ કરવામાં આવે તો સર્વ અસમંજસ થાય અર્થાત્ પરલોકની પ્રવૃત્તિ તો અસમંજસ થાય, પરંતુ આલોકની પણ પ્રવૃત્તિ અસમંજસ થાય.

આલોકની પ્રવૃત્તિ અસમંજસ કેમ થાય ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

અનિશ્ચિત વ્યવહારતત્ત્વવાળા વ્યવહારીઓ પણ કંઈ ફલ પ્રાપ્ત કરતા નથી, પરંતુ અનર્થ જ પ્રાપ્ત કરે છે. આશય એ છે કે આ નગર તરફનો આ માર્ગ છે કે નથી તેવો જેને સમ્યગ્ નિર્ણય નથી તેવા પુરુષો તે માર્ગ ઉપરથી નિશ્ચિત નગર જવા માટે યત્ન કરે તો તે નગરની પ્રાપ્તિરૂપ ફળ મેળવતા નથી, પરંતુ ચાલવાના વ્યર્થ શ્રમ રૂપ અનર્થની પ્રાપ્તિ કરે છે. તે રીતે સંસારની કોઈપણ પ્રવૃત્તિ કઈ રીતે કરવાથી સમ્યફ થાય તેવો નિર્ણય ન હોય છતાં તે પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રવૃત્તિનું ફળ મળે નહિ, તેથી જેમ સંસારની પ્રવૃત્તિ નિશ્ચિત પ્રયત્નથી નિશ્ચિત ફળ પ્રાપ્ત થશે તે પ્રકારનો નિર્ણય કર્યા વગર વિચારક જીવ પ્રવૃત્તિ કરતો નથી તેમ જે આગમવચનથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં આવે અને તેનું ફળ મળશે તેવો નિર્ણય દૃષ્ટ વિરુદ્ધ તે આગમ હોવાને કારણે થાય નહિ તે આગમ વચનથી વિચારક જીવ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે નહિ. **॥૨૬॥**

અવતરણિકા :-

तर्हि कथं वस्तुव्यवस्था स्याद्यत्पूर्वकं प्रवृत्तः पुमान्न फलेन वञ्च्येत इत्याह –

અવતરણિકાર્થ :-

તો કેવી વસ્તુવ્યવસ્થા હોવી જોઈએ ? જેના પૂર્વક પ્રવૃત્ત થયેલો પુરુષ ફલથી ઠગાય નહિ ? એને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૨૫માં કહ્યું કે જે શાસ્ત્રમાં કહેલો અર્થ પ્રત્યક્ષથી અને અનુમાનથી જોવાયેલા અર્થનો બાધ ન કરે તે શાસ્ત્રથી અદૃષ્ટમાં પ્રવૃત્તિ કરવી યુક્ત ગણાય અને જે શાસ્ત્ર તેવું ન હોય તેનાથી પ્રવૃત્તિ કરવાથી વસ્તુતત્ત્વનો નિર્ણય થઈ શકે નહિ. હવે કેવી વસ્તુવ્યવસ્થા જોઈએ કે જેના પ્રમાણે પ્રવૃત્ત થયેલો પુરુષ પોતાની પ્રવૃત્તિના ફલથી ઠગાય નહિ, એને કહે છે –

શ્લોક :-

तद्दृष्टाद्यनुसारेण वस्तुतत्त्वव्यपेक्षया ।
तथा तथोक्तिभेदेऽपि साध्वी तत्त्वव्यवस्थितिः ।।२७।।

અન્વયાર્થ :-

तद्=તે કારણથી=દૃષ્ટ બાધાવાળા શાસ્ત્રથી આત્માદિ વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો અનિશ્ચય થાય છે તે કારણથી, दृष्टाद्यनुसारेण=દૃષ્ટાદિ અનુસારે, वस्तुतत्त्वव्यपेक्षया=વસ્તુતત્ત્વની અપેક્ષા વડે=આત્માના પરિણામિત્વાદિ સ્વભાવના આશ્રયણ વડે, तथा तथोक्तिभेदेऽपि=તે તે પ્રમાણે ઉક્તિના ભેદમાં પણ, साध्वी=અવિરુદ્ધ, तत्त्वव्यवस्थितिः=તત્ત્વની વ્યવસ્થિતિ છે=જીવાદિ તત્ત્વની વ્યવસ્થા છે. ॥૨૭॥

શ્લોકાર્થ :-

દૃષ્ટબાધાવાળા શાસ્ત્રથી આત્માદિ વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો અનિશ્ચય થાય છે તે કારણથી દૃષ્ટાદિ અનુસારે વસ્તુતત્ત્વની અપેક્ષા વડે તે તે પ્રમાણે ઉક્તિના ભેદમાં પણ અવિરુદ્ધ તત્ત્વની વ્યવસ્થિતિ છે. ।।૨૭।।

ટીકા :-

તત્=તસ્માદ્, દૃષ્ટસ્ય=પ્રત્યક્ષોપલબ્ધસ્ય, આદિશબ્દાત્તથાવિધાર્થાન્યથાનુપપત્તિવશેનાનુમિતસ્ય ચાત્માદેરર્થસ્ય અનુસારેણ=અનુવર્ત્તનેન, યદ્વસ્તુતત્ત્વં પરિણામિત્વાદિર્વસ્તુસ્વભાવઃ, તસ્ય વ્યપેક્ષા આશ્રયણરૂપા તયા, 'સાધ્વી તત્ત્વવ્યવસ્થિતિઃ' ઇત્યુત્તરેણ યોગઃ । તથા તથા=તેન તેન પ્રકારેણ, પ્રતિદર્શનં પ્રજ્ઞાપનામાશ્રિત્ય, ઉક્તિભેદેઽપિ પુરુષઃ ક્ષેત્રવિજ્ઞાનમિત્યાદિ પ્રાગ્નિરૂપિતરૂપે, અપિશબ્દાત્કિં પુનસ્તદભેદે, સાધ્વી=અવિરુદ્ધા, તત્ત્વ વ્યવસ્થિતિઃ=જીવાદિતત્ત્વવ્યવસ્થારૂપા ।।૨૭।।

ટીકાર્થ :-

તત્=તસ્માદ્, ... જીવાદિતત્ત્વવ્યવસ્થારૂપા ।। તે કારણથી=દૃષ્ટ બાધાવાળા શાસ્ત્રથી આત્માદિ વસ્તુતત્ત્વના સાધુત્વાદિનો અનિશ્ચય થાય છે તે કારણથી, દૃષ્ટના=પ્રત્યક્ષ ઉપલબ્ધના, અનુસારથી= અનુવર્તનથી, જે વસ્તુતત્ત્વ=પરિણામિત્વાદિ વસ્તુનો સ્વભાવ, તેના આશ્રયણરૂપ અપેક્ષા વડે સાધ્વી તત્ત્વવ્યવસ્થિતિ છે એ પ્રમાણે શ્લોકના ઉત્તરભાગની સાથે સંબંધ છે. તથા તથા=તે તે પ્રકારે, પ્રતિદર્શન પ્રજ્ઞાપનાને આશ્રયીને=કથનને આશ્રયીને પુરુષ, ક્ષેત્રવિદ્, જ્ઞાન ઇત્યાદિ પૂર્વમાં નિરૂપણ કરાયેલ ઉક્તિભેદમાં પણ સાધ્વી=અવિરુદ્ધ, તત્ત્વવ્યવસ્થિતિ છે=જીવાદિ તત્ત્વની વ્યવસ્થારૂપ વ્યવસ્થિતિ છે.

'દૃષ્ટાદ્યનુસારેણ'માં 'આદિ' શબ્દથી તથાવિધ અર્થની અન્યથા અનુપપત્તિના વશથી અનુમિત એવા આત્માદિ અર્થનું ગ્રહણ કરવું.

'ઉક્તિભેદેઽપિ'માં રહેલા 'અપિ' શબ્દથી વળી તેના અભેદમાં શું ?=ઉક્તિના અભેદમાં શું ? તેનું ગ્રહણ છે. ।।૨૭।।

❖ 'परिणामित्वादिः'માં 'આદિ' પદથી આત્માના ભાવાભાવાત્મકત્વનું ગ્રહણ કરવું.

❖ 'जीवादितत्त्वव्यवस्थारूपा'માં 'આદિ' પદથી કર્મ, કર્મનો સંયોગ અને શાસ્તાનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૨૬માં કહ્યું તે પ્રમાણે જે કોઈપણ વચનથી ધર્માર્થીની પ્રવૃત્તિ થયે છતે આત્માદિ ચાર વસ્તુના સાધુત્વાદિનો નિશ્ચય થઈ શકે નહિ, તેથી દૃષ્ટ અનુસાર અને અનુમિતિ અનુસાર આત્માને પરિણામી અને ભાવાભાવાત્મક સ્વીકારવામાં આવે તો ઉક્તિભેદથી સર્વ દર્શનકારોને માન્ય જીવાદિ ચાર તત્ત્વોની વ્યવસ્થા અવિરુદ્ધ સિદ્ધ થાય.

આશય એ છે કે પોતાનો આત્મા બાળ હતો તે જ યુવાન થાય છે અને યુવાન જ વૃદ્ધ થાય છે તેમ દેખાય છે, તેથી પોતાનો આત્મા પરિણામી છે તેમ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે, વળી પોતે કોઈક રૂપે છે, અન્ય રૂપે નથી તેમ પણ દેખાય છે, જેમ વર્તમાનમાં પોતે મનુષ્યરૂપે છે, પશુરૂપે નથી, તેથી પોતાનો મનુષ્યરૂપે ભાવ છે અને પશુરૂપે અભાવ છે, આ રીતે દૃષ્ટથી આત્મા પરિણામી છે અને ભાવાભાવાત્મક છે તેમ સિદ્ધ થાય છે.

વળી, આત્મા પરિણામી ન હોય તો બાળ એવો જીવ યુવાન થઈ શકે નહિ, તેથી યુવાનભાવની અન્યથા અનુપપત્તિના વશથી આત્માને પરિણામી માનવો જોઈએ, વળી પોતે મનુષ્યરૂપે પ્રતીત થાય છે, પશુરૂપે પ્રતીત થતો નથી, તેથી પશુરૂપે પ્રતીતિનો અભાવ અન્યથા પોતાનામાં અનુપપન્ન છે, તેથી પોતાનામાં પશુભાવનો અભાવ છે અને મનુષ્ય ભાવનો ભાવ છે, માટે પોતે ભાવાભાવાત્મક છે તેમ માનવું જોઈએ, આ રીતે અનુમાનથી પણ આત્મા પરિણામી છે અને ભાવાભાવાત્મક છે તેમ સિદ્ધ થાય છે.

વળી, આત્માદિ વસ્તુને પરિણામી અને ભાવાભાવાત્મક સ્વીકારીએ તો આત્મા, કર્મ, કર્મનો સંબધ, શાસ્તાનો અનુગ્રહ સર્વ દર્શનકારો ઉક્તિભેદથી સ્વીકારે છે તે સંગત થાય; કેમ કે આત્મા પરિણામી છે, તેથી આત્માથી અતિરિક્ત કર્મ સાથે સંબંધિત થઈને સંસારી થાય છે અને સાધના કરવાથી કર્મનો નાશ થાય તો કર્મથી મુક્ત થાય છે, તેથી શ્લોક-૧૯માં કહેલ તે પ્રમાણે પરિણામી એવો આત્મા યોગમાર્ગની સાધના કરે તો આત્મામાં રહેલું ભવ્યત્વ પરિપાક પામે છે અને આત્મા સાથે અન્ય એવો જે કર્મનો સંયોગ છે તેનો નાશ થાય છે અને શાસ્તાનું વચન પરિણમન પામવાને કારણે આત્મા વીતરાગભાવને અનુકૂળ પરિણતિવાળો થાય છે તે શાસ્તાનો અનુગ્રહ છે, ઇત્યાદિ સંગત થવાથી જીવાદિ ચાર તત્ત્વોનો સર્વ દર્શનકારોમાં ઉક્તિભેદથી જે સ્વીકાર છે તે અવિરુદ્ધ સંગત થાય છે. માટે શ્લોક-૨૫માં કહ્યું તેમ જે શાસ્ત્રમાં પ્રત્યક્ષ અને અનુમાનથી દૃષ્ટ અર્થ બાધા ન પામતો હોય તે શાસ્ત્રથી સ્વર્ગ-અપવર્ગ માટેની પ્રવૃત્તિ યુક્ત થાય તેમ સ્વીકારવું જોઈએ.

વળી 'પોતાનો આત્મા પરિણામી છે' ઇત્યાદિ અનુભવથી દૃષ્ટ હોવા થતાં તત્ત્વની પરીક્ષા કરવા પ્રત્યે જેઓ ઉપેક્ષાવાળા છે અને સ્વદર્શનના રાગમાત્રથી ધર્મમાં પ્રવૃત્તિ કરે છે તેઓમાં અવિચારક રીતે તે તત્ત્વ સ્વીકારવાની મિથ્યારુચિ છે તેમ કર્મથી મુક્ત થવા માટે કઈ ઉચિત પ્રવૃત્તિ હોઈ શકે તેના પ્રત્યે પણ વિચાર્યા વગર પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ છે તેથી પોતાની ધર્મની પ્રવૃત્તિના યથાર્થ ફળને તેવા જીવો પ્રાપ્ત કરી શકતા નથી. વસ્તુતઃ તેવા જીવો તત્ત્વના સ્વીકારવામાં પણ મૂઢતા આપાદક કર્મથી સ્વદર્શનમાં મૂઢની જેમ પ્રવૃત્તિ કરે છે તેમ યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિ પણ મૂઢની જેમ જ માત્ર બાહ્ય રીતે કરીને સંતોષ પામે છે પરંતુ સૂક્ષ્મ ઊહ પૂર્વક ક્યારેય તત્ત્વનો વિચાર કરતાં નથી. **॥૨૭॥**

અવતરણિકા :-

કુત એતદેવમિત્યાહ –

અવતરણિકાર્થ :-

આ=શ્લોક-૨૭માં કહ્યું કે દૃષ્ટ અનુસારે વસ્તુતત્ત્વના સ્વીકારની અપેક્ષાએ જ તે તે પ્રકારે ઉક્તિભેદમાં અવિરુદ્ધ તત્ત્વવ્યવસ્થા છે એ, એમ જ કેમ છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૨૭માં કહ્યું કે દૃષ્ટ અનુસારે આત્માને પરિણામી સ્વીકારવામાં આવે તો આત્માદિ ચાર વસ્તુના વિષયમાં ઉક્તિભેદ હોવા છતાં પણ જીવાદિ તત્ત્વની વ્યવસ્થા અવિરુદ્ધ થાય છે, ત્યાં શંકા કરતાં કહે છે કે આત્માદિ ચાર વસ્તુમાં ઉક્તિભેદ હોવા છતાં પણ આત્માને પરિણામી આદિ માનીએ તો જ જીવાદિ તત્ત્વની વ્યવસ્થા અવિરુદ્ધ થાય એ કેમ છે ? એથી કહે છે –

શ્લોક :-

अमुख्यविषयो यः स्याद् उक्तिभेदः स बाधकः ।
हिंसाहिंसादिवद्यद्वा तत्त्वभेदव्यपाश्रयः ।।२८।।

અન્વયાર્થ :-

અમુખ્યવિષયઃ=અમુખ્યવિષયવાળો=આત્માને અપરિણામી કે ક્ષણિક સ્વીકારવા રૂપ અપરમાર્થ વિષયવાળો, ય ઉક્તિભેદઃ=જે ઉક્તિભેદ, સ્યાદ્=હોય, સ=તે, હિંસાહિંસાદિવદ્=હિંસાહિંસાદિની જેમ, બાધકઃ=બાધક છે, યદ્વા=અથવા, (યથા) તત્ત્વભેદવ્યપાશ્રયઃ=જે પ્રમાણે તત્ત્વભેદની અપેક્ષાવાળો ઉક્તિભેદ બાધક છે તે પ્રમાણે અમુખ્યવિષયવાળો ઉક્તિભેદ બાધક છે એમ અન્વય છે. ।।૨૮।।

શ્લોકાર્થ :-

આત્માને અપરિણામી કે ક્ષણિક સ્વીકારવા રૂપ અપરમાર્થ વિષયવાળો જે ઉક્તિભેદ હોય તે હિંસાહિંસાદિની જેમ બાધક છે અથવા જે પ્રમાણે તત્ત્વભેદની અપેક્ષાવાળો ઉક્તિભેદ બાધક છે તે પ્રમાણે અમુખ્યવિષયવાળો ઉક્તિભેદ બાધક છે એમ અન્વય છે. ।।૨૮।।

ટીકા :-

અમુખ્યવિષયો=અપરમાર્થગોચરો, યઃ સ્યાદ્=ભવેદ્, ઉક્તિભેદઃ શબ્દપ્રવૃત્તિવૈસદૃશ્યલક્ષણઃ, સ બાધકો=વિરુદ્ધઃ, દૃષ્ટાન્તમાહ – હિંસાહિંસાદિવદ્=નિત્યરૂપેઽનિત્યરૂપે વૈકાન્તેનાત્મનિ હિંસાવદહિંસાવચ્ચ, યદ્વા=અથવા તત્ત્વભેદો=દ્રવ્યગુણાદિષટ્તત્ત્વરૂપઃ, 'સત્ત્વરજસ્તમસાં સામ્યાવસ્થા પ્રકૃત્તિઃ, પ્રકૃતેર્મહાન્, મહતોઽહઙ્કાર' ઇત્યાદિ પઞ્ચવિંશતિતત્ત્વલક્ષણો વા, સ વ્યપાશ્રયો=અપેક્ષણીયઃ, યસ્યોક્તિભેદસ્ય સ તથા, યથા ઇતિ ગમ્યતે ।।૨૮।।

ટીકાર્થ :-

અમુખ્યવિષયો ..... ગમ્યતે ।। અમુખ્યવિષયવાળો=અપરમાર્થ વિષયવાળો=આત્માને અપરિણામી કે ક્ષણિક સ્વીકારવા રૂપ અપરમાર્થવિષયવાળો, શબ્દની પ્રવૃત્તિના વૈસદૃશ્યસ્વરૂપ ઉક્તિભેદ=યોગમાર્ગને ઉપયોગી એવા આત્મા-કર્માદિ તત્ત્વોના વાચક ભિન્ન ભિન્ન શબ્દો સ્વીકારવા રૂપ ઉક્તિભેદ, થાય તે બાધક છે=વિરુદ્ધ છે.

દૃષ્ટાંતને કહે છે –

હિંસાહિંસાદિની જેમ=એકાંત નિત્યરૂપ કે એકાંત અનિત્યરૂપ આત્મામાં હિંસાની જેમ કે અહિંસાની જેમ, અમુખ્યવિષયવાળો ઉક્તિભેદ વિરુદ્ધ છે એમ અન્વય છે.

અથવા

તત્ત્વભેદ=દ્રવ્યગુણાદિ છ તત્ત્વરૂપ અથવા સત્ત્વ-રજસ્-તમસ્ની સામ્ય અવસ્થા રૂપ પ્રકૃતિ, પ્રકૃતિથી મહાન ઉત્પન્ન થાય છે મહાનથી અહંકાર ઉત્પન્ન થાય છે ઇત્યાદિ પચ્ચીશ તત્ત્વસ્વરૂપ તત્ત્વભેદ, તે વ્યપાશ્રય છે=અપેક્ષણીય છે, જે ઉક્તિભેદને તે તેવો છે=તત્ત્વભેદ વ્યપાશ્રયવાળો છે, 'યથા' એ પ્રમાણે શ્લોકમાં અધ્યાહાર છે. અર્થાત્ જે પ્રમાણે તેવો ઉક્તિભેદ બાધક છે એમ અન્વય છે. ।।૨૮।।

❖ 'હિંસાહિંસાદિવદ્'માં 'આદિ' પદથી સત્ય-અસત્ય, ચૌર્ય-અચૌર્ય આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૨૭માં કહ્યું કે દૃષ્ટ અનુસારે આત્માદિ અર્થને પરિણામી સ્વીકારવામાં આવે તો યોગમાર્ગમાં ઉપયોગી ચાર વસ્તુ સર્વ દર્શનકારો શબ્દભેદથી સ્વીકારે છે તે યોગમાર્ગને સ્વીકારવામાં અવિરુદ્ધ થાય. ત્યાં પ્રશ્ન થાય કે દૃષ્ટ અનુસાર આત્માદિ વસ્તુને પરિણામી માનીએ તોપણ આત્માદિ ચાર વસ્તુના વિષયમાં ઉક્તિભેદ બાધક કેમ નથી ? તેથી કહે છે –

આત્માને પરિણામી ન સ્વીકારવામાં આવે તો આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને શાસ્તાનો અનુગ્રહ એ ચાર વસ્તુ અપરમાર્થ વિષયક બને; કેમ કે આત્મા એકાંત નિત્ય હોય તો કર્મની સાથે સંબંધ છે અને શાસ્તાના અનુગ્રહથી કર્મનો નાશ થાય છે ઇત્યાદિ સંગત થાય નહિ, તેથી તે તે દર્શનકારો આત્માદિ ચારને ભિન્ન ભિન્ન શબ્દથી ગ્રહણ કરે છે અને આત્માને અપરિણામી અથવા ક્ષણિક સ્વીકારે છે તેમ સ્વીકારીએ તો તે ઉક્તિભેદ અમુખ્યવિષયવાળો હોવાથી બાધક છે

અર્થાત્ આત્માદિ ચારવસ્તુને ભિન્ન ભિન્ન વચનથી સ્વીકારીને તેના દ્વારા સંસાર અને મોક્ષની સંગતી કરાવ સર્વ દર્શનકારો યત્ન કરે છે પરંતું તે ચાર વસ્તુને સ્વીકારીને સંગતી કરવા માટે આત્માને પરિણામી સ્વીકારવું આવશ્યક છે છતાં આત્માદિને પરિણામી ન સ્વીકારવારૂપ અમુખ્ય વિષયવાળો તે તે દર્શનનો ઉક્તિભેદ હોવાથી બાધક છે; કેમ કે આત્મા અપરિણામી હોવાથી કે ક્ષણિક હોવાથી કર્મનો સંબંધ ઇત્યાદિ સંગત થાય નહિ.

વળી અમુખ્યવિષયવાળો ઉક્તિભેદ વિરુદ્ધ છે એમાં દૃષ્ટાંત બતાવે છે –

જેઓ આત્માને એકાંત નિત્ય માને છે અથવા જેઓ આત્માને એકાંત ક્ષણિક માને છે અને હિંસાદિને સંસારનું કારણ કહે છે અને અહિંસાદિને મોક્ષનું કારણ કહે છે તે સંગત થતું નથી; કેમ કે એકાંત નિત્ય આત્મા હોય તો કોઈ આત્માની હિંસા થઈ શકે નહિ અને એકાંત ક્ષણિક આત્મા હોય તોપણ તે સ્વયં બીજી ક્ષણમાં નાશ પામે છે, માટે તેની હિંસા કોઈથી થાય નહિ, વળી આત્મા એકાંત નિત્ય હોય તો હિંસાનો ત્યાગ કરીને અહિંસા પાળે છે તેમ કહી શકાય નહિ, વળી એકાંત ક્ષણિક હોય તો ઉપદેશ શ્રવણ કરીને હિંસાનો ત્યાગ કરીને અહિંસા પાળે છે તેમ કહી શકાય નહિ, માટે જેમ અપરિણામી આત્મા સ્વીકારવાથી હિંસા કે અહિંસા ઘટે નહિ તેમ અપરિણામી આત્મવિષયક જીવાદિ ચારના વિચારનો ઉક્તિભેદ સંગત થાય નહિ; કેમ કે આત્મા અપરિણામી હોય તો કર્મના સંબંધથી સંસાર છે અને શાસ્તાના અનુગ્રહથી કર્મનો હ્રાસ થવાને કારણે મોક્ષ છે ઇત્યાદિ સંગત થાય નહિ.

વળી 'અથવા'થી બીજું દૃષ્ટાંત બતાવે છે –

જેમ વૈશેષિક દર્શનકાર દ્રવ્ય-ગુણ આદિ રૂપ છ તત્ત્વને સ્વીકારે છે, વળી સાંખ્યદર્શનકારો સત્ત્વ-રજસ્ અને તમસ્‌ની સામ્ય અવસ્થારૂપ પ્રકૃતિને સ્વીકારે છે અને પ્રકૃતિમાંથી મહાન ઉત્પન્ન થાય છે અને મહાનમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ સ્વીકારીને પચ્ચીશ તત્ત્વ સ્વીકારે છે, તેથી વૈશેષિકનાં છ તત્ત્વો અને સાંખ્યનાં પચ્ચીશ તત્ત્વો એ તત્ત્વનો ભેદ છે અને આ પ્રમાણે વૈશેષિક અને સાંખ્ય છ અને પચ્ચીશ તત્ત્વોનો ભેદ સ્વીકારીને આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને શાસ્તાનો અનુગ્રહ ભિન્ન ભિન્ન શબ્દોથી સ્વીકારે છે, તેથી વૈશેષિકનો અને સાંખ્યનો જીવાદિ ચાર તત્ત્વોનો ઉક્તિભેદ છ અને પચ્ચીશ તત્ત્વના ભેદના આશ્રયવાળો છે અને છ અને પચ્ચીશ તત્ત્વોના ભેદના આશ્રયવાળો એવો જીવાદિ ચારનો ઉક્તિભેદ જેમ પરસ્પર બાધક છે તેમ અમુખ્ય વિષયવાળો જીવાદિ ચારનો ઉક્તિભેદ પરસ્પર બાધક છે. ॥૨૮॥

અવતરણિકા :-

एतदेव व्यतिरेकत आह –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૨૮માં કહ્યું કે અમુખ્યવિષયવાળો ઉક્તિભેદ બાધક છે એને જ, વ્યતિરેકથી કહે છે –

શ્લોક :-

मुख्ये तु तत्र नैवासौ, बाधकः स्याद्विपश्चिताम् ।
हिंसादिविरताववर्थे यमव्रतगतो यथा ।।२९।।

અન્વયાર્થ :-

મુખ્યે તુ તત્ર=પરિણામિત્વાદિ ધર્મવાળા એવા આત્માદિ તત્ત્વમાં અસૌ=આ=ઉક્તિભેદ, વિપશ્ચિતામ્=બુદ્ધિમાનોને, બાધકઃ=બાધક, નૈવ સ્યાદ્=ન જ થાય, યથા=જેમ, હિંસાદિવિરતાવર્થે=હિંસાદિ વિરતિ રૂપ અર્થમાં, યમવ્રતગતો=યમ-વ્રતગત ઉક્તિભેદ બાધક નથી. ।।૨૯।।

શ્લોકાર્થ :-

પરિણામિત્વાદિ ધર્મવાળા એવા આત્માદિ તત્ત્વમાં ઉક્તિભેદ બુદ્ધિમાનોને બાધક ન જ થાય, જેમ હિંસાદિ વિરતિ રૂપ અર્થમાં યમ-વ્રતગત ઉક્તિભેદ બાધક નથી. ।।૨૯।।

ટીકા :-

મુખ્યે તુ=પરિણામિત્વાદિધર્મભાજ્યનુપચરિતે પુનઃ, તત્ર=તત્ત્વ આત્માદૌ, નૈવાસૌ=ઉક્તિભેદો, બાધકો=વિઘટમાનઃ, સ્યાદ્વિપશ્ચિતાં=મતિમતામ્, દૃષ્ટાન્તમાહ–હિંસાદિવિરતૌ=હિંસાનૃતસ્તેયાદિવિરમણરૂપે, અર્થે=પદાર્થે, યમવ્રતગતઃ=યમગતઃ સાંખ્યાનાં વ્રતગતો જૈનાનાં સંજ્ઞાભેદઃ, યથા ઇતિ દૃષ્ટાન્તાર્થઃ ।।૨૯।।

ટીકાર્થ :-

મુખ્યે તુ ..... દૃષ્ટાન્તાર્થઃ ।। વળી મુખ્ય એવા તેમાં=પરિણામિત્વાદિ ધર્મને ભજનાર અનુપચરિત એવા આત્માદિ તત્ત્વમાં, આ=ઉક્તિભેદ, બુદ્ધિમાનોને=મતિમાનોને, બાધક=વિઘટમાન, ન જ થાય.

દૃષ્ટાંતને કહે છે –

હિંસાદિ વિરતિરૂપ અર્થમાં=હિંસા અનૃત સ્તેયાદિ વિરમણરૂપ પદાર્થમાં, યમ-વ્રતગત=સાંખ્યને યમગત સંજ્ઞાભેદ અને જૈનોને વ્રતગત સંજ્ઞાભેદ, જે પ્રમાણે બાધક નથી તે પ્રમાણે મુખ્યતત્ત્વમાં ઉક્તિભેદ બાધક નથી એમ અન્વય છે. શ્લોકમાં 'યથા' શબ્દ દૃષ્ટાંત અર્થમાં છે. ।।૨૯।।

❖ 'परिणामित्वादिधर्मभाजि'માં 'आदि' પદથી ભાવાભાવાત્મકત્વનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સ્યાદ્વાદ દર્શનવાળા આત્માદિ પદાર્થોને પરિણામી માને છે, અને આત્માદિ પદાર્થો તેવા સ્વીકારવામાં આવે તો યોગમાર્ગને ઉપયોગી એવી આત્માદિ ચાર વસ્તુમાં તે તે દર્શનનો ઉક્તિભેદ બુદ્ધિમાનોને બાધક ન જ થાય, તેથી જો સર્વ દર્શનકારો આત્માને પરિણામિત્વાદિ ધર્મવાળો સ્વીકારી લે તો યોગમાર્ગને ઉપયોગી એવી જીવાદિ ચાર વસ્તુનો તે તે દર્શનમાં ઉક્તિભેદ હોવા છતાં સર્વ દર્શનોમાં યોગમાર્ગની સંગતિ થાય.

મુખ્યવિષયવાળા આત્માદિ સ્વીકારવામાં ઉક્તિભેદ બાધક કેમ નથી તેમાં દૃષ્ટાંતને કહે છે –

જૈન દર્શનકારો હિંસાદિની વિરતિને પાંચ મહાવ્રતોથી સ્વીકારે છે અને સાંખ્ય દર્શનકારો પાંચ યમોથી હિંસાદિની વિરતિને સ્વીકારે છે અને તે હિંસાદિની વિરતિને મોક્ષનું કારણ કહે છે, તેથી જો આત્માને

પરિણામી આદિ સ્વીકારવામાં આવે અને પાંચ યમોને મોક્ષનું કારણ કહેવામાં આવે અથવા પાંચ વ્રતોને મોક્ષનું કારણ કહેવામાં આવે તો કોઈ વિરોધ નથી, તેમ જો સર્વ દર્શનકારો આત્માને પરિણામી આદિ સ્વીકારી લે તો આત્માદિ ચારને સ્વીકારવામાં તેઓનો જે શબ્દથી ઉક્તિભેદ છે તે યોગમાર્ગની સંગતિમાં બાધક થાય નહિ. **॥૨૯॥**

અવતરણિકા :-

इत्थं योगस्य गोचरादिकमभिधाय साम्प्रतं प्रस्तुतमुपक्रमते –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૫થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, યોગના ગોચરાદિકને કહીને હવે પ્રસ્તુતનો પ્રારંભ કરે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૧માં પ્રતિજ્ઞા કરેલી કે સર્વ દર્શનોનાં યોગશાસ્ત્રોના અવિરોધથી યોગબિંદુને હું કહીશ, તેથી સર્વ દર્શનોનાં યોગશાસ્ત્રો સાથે પ્રસ્તુત ગ્રંથનો અવિરોધ કેમ છે તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૩માં કર્યું, ત્યારપછી શ્લોક-૪માં વિશેષ બતાવતાં કહ્યું કે બુદ્ધિમાને સદ્‌ગોચરાદિ સંશુદ્ધ મોક્ષહેતુત્વનો વિચાર કરવો જોઈએ, ત્યાર પછી શ્લોક-૫માં ગોચરાદિ શુદ્ધિની વિચારણા કેમ આવશ્યક છે તેમ બતાવ્યું અને શ્લોક-૫ની ટીકામાં યોગનો ગોચર, યોગનું સ્વરૂપ અને યોગનું ફળ કેવું હોય તો સંશુદ્ધ કહેવાય તે બતાવ્યું, ત્યાર પછી ગોચરની શુદ્ધિ ન હોય તો યોગમાર્ગ સંગત ન થાય તેનું અત્યાર સુધી ભાવન કર્યું અને યોગનું સ્વરૂપ અને યોગનું ફળ માત્ર શ્લોક-૫માં બતાવ્યું. હવે પ્રસ્તુત એવા યોગના કથનનો પ્રારંભ કરે છે –

શ્લોક :-

मुख्यतत्त्वानुवेधेन स्पष्टलिङ्गान्वितस्ततः ।
युक्त्यागमानुसारेण योगमार्गोऽभिधीयते ।।३०।।

અન્વયાર્થ :-

ततः=તે કારણથી=આગળ કહેવાશે એ પ્રકારે વચનના ભેદથી યોગ અનેક પ્રકારના છે તે કારણથી, मुख्यतत्त्वानुवेधेन=મુખ્ય તત્ત્વના અનુવેધથી=આત્માદિને પરિણામી સ્વીકારવા રૂપ મુખ્યતત્ત્વના અનુવેધથી, स्पष्टलिङ्गान्वितो योगमार्गः=સ્પષ્ટ લિંગથી યુક્ત યોગમાર્ગ, युक्त्यागमानुसारेण=યુક્તિ અને આગમના અનુસારે, अभिधीयते=કહેવાય છે=ગ્રંથકારશ્રી વડે કહેવાય છે. ॥૩૦॥

શ્લોકાર્થ :-

આગળ કહેવાશે એ પ્રકારના વચનના ભેદથી યોગ અનેક પ્રકારના છે તે કારણથી મુખ્ય

તત્ત્વના અનુવેધથી સ્પષ્ટ લિંગથી યુક્ત યોગમાર્ગ યુક્તિ અને આગમના અનુસારે કહેવાય છે. ।।૩૦।।

ટીકા :-

मुख्यतत्त्वस्याऽऽत्मादेरनुपचरितस्य अनुवेधेन=अनुगमेन, स्पष्टलिङ्गान्वितः=स्फुटलक्षणोपेतः, ततो=यत एवमनेकधा योगो वचनभेदात् ततः कारणाद्, युक्त्यागमानुसारेण=अनुमानाप्तवचनानुवर्तनेन, योगमार्गो=योग एव निर्वाणपुरप्रापकतया मार्गो योगमार्गः, अभिधीयते=निरूप्यते, स्पष्टलिङ्गानि चात्रैव वक्ष्यमाणानि । यथा –

"किं चान्यद्योगतः स्थैर्यं, धैर्यं श्रद्धा च जायते।

मैत्री जनप्रियत्वं च, प्रातिभं तत्त्वभासनम् ।।१।।" (શ્લો. ૫૨) **इत्यादि ।।૩૦।।**

ટીકાર્થ :-

मुख्यतत्त्वस्या ..... तत्त्वभासनम्' ।। (શ્લો. ૫૨) इत्यादि ।। તે કારણથી=જે કારણથી આ રીતે અર્થાત્ આગળ કહેવાશે એ રીતે વચનના ભેદથી યોગ અનેક પ્રકારનો છે તે કારણથી, અનુપચરિત એવા આત્માદિ રૂપ મુખ્યતત્ત્વના અનુવેધથી=અનુગમથી, સ્પષ્ટ લિંગથી યુક્ત યોગમાર્ગ=યોગ જ નિર્વાણપુર પ્રાપકપણું હોવાને કારણે માર્ગ એ રૂપ યોગમાર્ગ, યુક્તિ અને આગમ અનુસારથી=અનુમાન અને આપ્તવચનના અનુવર્તનથી, કહેવાય છે=નિરૂપણ કરાય છે.

શ્લોકમાં સ્પષ્ટ લિંગોથી યુક્ત યોગમાર્ગ કહેવાની પ્રતિજ્ઞા કરી, તેથી સ્પષ્ટ લિંગો કયા છે તે બતાવવા માટે કહે છે –

અને અહીં જ=પ્રસ્તુત ગ્રંથમાં જ, વક્ષ્યમાણ એવાં સ્પષ્ટ લિંગો છે અને તે સ્પષ્ટ લિંગોને બતાવનાર શ્લોક 'यथा'થી બતાવે છે –

"અને બીજું શું ? યોગથી સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, જનપ્રિયપણું, પ્રાતિભ અને તત્ત્વભાસન થાય છે." ।।૧।। **(શ્લોક-૫૨) ઇત્યાદિ. ।।૩૦।।**

ભાવાર્થ :-

યોગમાર્ગને સ્વીકારવા માટે ઉપયોગી એવી આત્મા, કર્મ, કર્મનો સંયોગ અને તેનો હ્રાસ આ ચાર વસ્તુ છે અને આત્માને અને કર્મને પરિણામી માનવામાં આવે તો તે આત્મા અને કર્મ અનુપચરિત સિદ્ધ થાય; કેમ કે આત્મા અને કર્મ પરિણામી છે, તેથી તે બેનો સંયોગ થાય છે અને તેથી આત્માનો સંસાર થાય છે અને શાસ્તાના અનુગ્રહને પામીને આત્મા યોગમાર્ગનું સેવન કરે તો કર્મથી મુક્ત થાય છે તે વસ્તુ સંગત થાય, માટે અનુપચરિત એવા આત્માદિને સ્વીકારીને ગ્રંથકારશ્રી યુક્તિ અને આગમ અનુસારે યોગમાર્ગ કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રથમ શ્લોકમાં યોગબિંદુને કહેવાની પ્રતિજ્ઞા કરેલ અને અહીં યોગને કહેવાની પ્રતિજ્ઞા ન કરી, પરંતુ યોગમાર્ગને કહેવાની પ્રતિજ્ઞા કરી, તેથી ટીકાકારશ્રી ખુલાસો કરે છે કે યોગ જ નિર્વાણપુરનો પ્રાપક હોવાને કારણે માર્ગ કહેવાય છે, તેથી યોગ શબ્દ જ યોગમાર્ગ અર્થમાં વપરાયેલ છે.

વળી, આ યોગમાર્ગ આગળ કહેવાશે તેવાં સ્પષ્ટ લિંગોથી યુક્ત કહેવાશે, જેથી પોતાનામાં યોગમાર્ગ વર્તે છે કે નહિ, તેનો બોધ થઈ શકે.

આશય એ છે કે યોગમાર્ગ જીવમાં વર્તતા પરિણામરૂપ છે અને તે યોગમાર્ગના સેવન માટે ઉચિત ક્રિયાઓ કરવામાં આવે છે તે ક્રિયાઓથી પોતાનામાં યોગ પ્રગટ થયો છે કે નહિ તેના નિર્ણયનો ઉપાય લિંગો છે, જેમ પર્વતમાં ધૂમનું લિંગ જોઈને અગ્નિનો નિર્ણય થાય છે તેમ આગળ બતાવાશે તેવા સ્થૈર્ય, ધૈર્ય આદિ ભાવો પોતાનામાં વર્તતા હોય તો તે લિંગો દ્વારા પોતાનામાં યોગ વર્તે છે તેનો નિર્ણય થઈ શકે, માટે યોગમાર્ગના નિર્ણયમાં ઉપયોગી એવાં સ્પષ્ટ લિંગોથી યુક્ત યોગમાર્ગ બતાવવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે.

વળી, આ યોગમાર્ગ ગ્રંથકારશ્રી સ્વમતિ અનુસાર કહેવાના નથી, પરંતુ યુક્તિ અને આગમના અનુસરણ દ્વારા કહેવાના છે, જેથી વિચારકને આ યોગનું કથન યુક્તિથી કઈ રીતે સંગત છે તેનો નિર્ણય થાય અને આગમાનુસારી હોવાથી સર્વજ્ઞ વચનાનુસાર છે તેવો નિર્ણય થાય અને યોગમાર્ગનો નિર્ણય કરીને તેમાં દૃઢ પ્રવૃત્તિ થાય.

વળી, શ્લોકમાં 'ततः तस्माद्' એ અર્થક પ્રયોગ છે અને તેનો અર્થ કરતાં ટીકાકારશ્રીએ કહ્યું કે જે કારણથી આગળ કહેવાશે એ પ્રકારે વચનના ભેદથી યોગ અનેક પ્રકારનો છે તે કારણથી, ગ્રંથકારશ્રી યોગમાર્ગ કહે છે, તેથી એ પ્રાપ્ત થાય કે જો યોગમાર્ગના અનેક ભેદો ન હોય અને શ્લોક-૫માં કહ્યું તેમ ઉચિત પ્રવૃત્તિરૂપ હોય તો યોગમાર્ગના ભેદ કહેવાનું પ્રયોજન રહે નહિ, પણ ઉચિત પ્રવૃત્તિ શું છે તે જ બતાવવાનું રહે, પરંતુ યોગમાર્ગ તરતમતાની ભૂમિકાથી અનેક પ્રકારનો છે અને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પણ અનેક પ્રકારનો છે તે કારણથી ગ્રંથકારશ્રી યોગના તે પ્રકારો બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં પ્રતિજ્ઞા કરે છે. ॥૩૦॥

અવતરણિકા :-

योगमार्गमेव भेदतोऽभिव्यनक्ति –

અવતરણિકાર્થ :-

યોગમાર્ગને જ ભેદથી અભિવ્યક્ત કરે છે –

ભાવાર્થ :-

શ્લોક-૩૦માં યોગમાર્ગ કહેવાની પ્રતિજ્ઞા કરી, તેથી હવે યોગમાર્ગને જ તેના અવાંતરભેદોથી સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।
मोक्षेण योजनाद्योग एष श्रेष्ठो यथोत्तरम् ।।३१।।

અન્વયાર્થ :-

મોક્ષેણ યોજનાત્=મોક્ષની સાથે યોજનાર હોવાથી, અધ્યાત્મં ભાવના ધ્યાનં સમતા વૃત્તિસંક્ષયઃ=અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય, યોગઃ=યોગ છે, એષ=આ=વર્ણન કરાયેલા યોગના ભેદ, યથોત્તરમ્ શ્રેષ્ઠો=પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરનો શ્રેષ્ઠ છે. ।।૩૧।।

શ્લોકાર્થ :-

મોક્ષની સાથે યોજનાર હોવાથી અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય યોગ છે, આ વર્ણન કરાયેલા યોગના ભેદ યથોત્તર શ્રેષ્ઠ છે. ।।૩૧।।

ટીકા :-

૧ - अध्यात्मं, ૨ - भावना, ૩ - ध्यानं, ૪ - समता, ૫ - वृत्तिसंक्षयः किमित्याह—मोक्षेण सह योजनात्=संयोगकरणात्, योग, एष=उक्तभेदः, श्रेष्ठो भावरूपतया निरुपचरितः, यथोत्तरं=यो यस्योत्तर इति ।।३१।।

ટીકાર્થ :-

૧ - अध्यात्मं ..... यस्योत्तर इति ।। અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય શું છે=અધ્યાત્માદિ શું છે ? એથી કહે છે-મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી=સંયોગ કરનાર હોવાથી, યોગ છે, આ=ઉક્તભેદ=અધ્યાત્માદિ રૂપ ભેદ, યથોત્તર=જે જેના ઉત્તરમાં છે તે રૂપ યથોત્તર, શ્રેષ્ઠ છે=ભાવરૂપપણું હોવાથી અર્થાત્ મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિરૂપપણું હોવાથી નિરુપચરિતરૂપ શ્રેષ્ઠ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૧।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી આગળ કહેશે તેમ યોગમાર્ગની નિષ્પત્તિ પૂર્વે પૂર્વસેવા જીવમાં પ્રગટ થાય છે અને પૂર્વસેવાનું સેવન કર્યા પછી અધ્યાત્માદિ યોગ પ્રગટે છે અને તે અધ્યાત્માદિ પાંચે યોગો મોક્ષની સાથે આત્માને યોજન કરનાર હોવાથી યોગ છે અને આ પાંચે યોગો પણ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરના શ્રેષ્ઠ છે; કેમ કે શીઘ્ર મોક્ષની પ્રાપ્તિનું કારણ છે.

વળી, આ પાંચે યોગો યથોત્તર શ્રેષ્ઠ છે તે નિરુપચરિત યથોત્તર શ્રેષ્ઠ છે; કેમ કે ગ્રંથકારશ્રી આત્માને પરિણામી સ્વીકારે છે, તેથી પૂર્વસેવાનું સેવન કરીને જીવ અધ્યાત્મભાવરૂપે પરિણમન પામે છે અને ક્રમસર ઉત્તર-ઉત્તરના ભાવરૂપે પરિણમન પામે છે. માટે અધ્યાત્માદિ પાંચ પ્રકારનો યોગ મોક્ષને અનુકૂળ એવા

જીવના ભાવરૂપ હોવાથી નિરુપચરિત છે અને પૂર્વ પૂર્વના યોગ કરતાં ઉત્તર ઉત્તરનો યોગ મોક્ષની આસન્નતાવાળો હોવાથી શ્રેષ્ઠ છે અને જેઓ આત્માને પરિણામી માનતા નથી, પરંતુ કૂટસ્થ નિત્ય કે એકાંત ક્ષણિક માને છે તેઓના મતાનુસાર અધ્યાત્માદિ પાંચ યોગો યથોત્તર શ્રેષ્ઠ માન્ય હોવા છતાં જીવના ભાવરૂપ નહિ હોવાથી ઉપચરિત શ્રેષ્ઠ કહી શકાય, પરંતુ અધ્યાત્માદિ પાંચ યોગો તેવા નથી તે સ્પષ્ટ કરવા માટે ટીકાકારશ્રીએ કહ્યું કે અધ્યાત્માદિ પાંચ યોગો યથોત્તર જીવના ભાવરૂપ હોવાને કારણે નિરુપચરિત શ્રેષ્ઠ છે. **॥૩૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

શ્લોક-૩૧માં યોગમાર્ગ પાંચ ભેદવાળો છે તે સ્પષ્ટ કર્યું, હવે તે આખો યોગમાર્ગ અન્ય અન્ય રીતે કેટલા પ્રકારનો હોઈ શકે છે તે બતાવવા માટે 'तथा'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

तात्त्विकोऽतात्त्विकश्चायं सानुबन्धस्तथापरः ।
सास्रवोऽनास्रवश्चेति संज्ञाभेदेन कीर्तितः ।।३२।।

અન્વયાર્થ :-

तात्त्विकोऽतात्त्विकः च=तात्त्विक અને अतात्त्विक, सानुबन्धस्तथापरः=सानुबंध અને अपर=सानुबंध અને निरनुबंध, सास्रवोऽनास्रवश्च=सास्रव અને अनास्रव, इति=એ રીતે, अयं=आ=योग, संज्ञाभेदेन=संज्ञाभेदथी, कीर्तितः=કહેવાયો છે. ॥૩૨॥

શ્લોકાર્થ :-

તાત્ત્વિક અને અતાત્ત્વિક, સાનુબંધ અને અપર, આસ્રવ અને અનાસ્રવ એ રીતે યોગ સંજ્ઞાભેદથી કહેવાયો છે. ॥૩૨॥

ટીકા :-

तात्त्विकः=परमार्थभवः, अतात्त्विकश्च=तदितरः, अयं=योगः, सानुबन्धो=ऽनुबन्धवान्, 'तथा' इति समुच्चये, अपरो=निरनुबन्धः, तथा 'सास्रवो'=दीर्घसंसारफलकर्मबन्धयुक्तः, अनास्रवश्च तदितरः, इति=एवम्, संज्ञाभेदेन=नामान्तररूपेण, कीर्तितो=निरूपितो, योगशास्त्रकारैरेष योग इति ।।३२।।

ટીકાર્થ :-

તાત્ત્વિકઃ ..... યોગ ઇતિ ।। તાત્વિક=પરમાર્થમાં થનાર=મોક્ષને અનુકૂળ એવા પારમાર્થિક ભાવોમાં થનારો, અને અતાત્વિક=તેનાથી ઇતર=તાત્વિકથી વિપરીત, આ=યોગ છે, સાનુબંધ=અનુબંધ-વાળો=ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે તેવો, અને અપર=નિરનુબંધ=ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ફળમાં પર્યવસાન પામી ન શકે તેવો, અને સાસ્રવ=દીર્ઘ સંસારના ફલવાળા કર્મબંધથી યુક્ત, અને અનાસ્રવ=તેનાથી ઇતર=સાસ્રવથી વિપરીત, ઇતિ=એવમ્=એ રીતે, સંજ્ઞાભેદથી=નામાંતર રૂપથી, આ યોગ યોગશાસ્ત્રકારો વડે કહેવાયો છે. ॥૩૨॥

અવતરણિકા :-

અથૈનમેવ તાત્ત્વિકાદિભેદં વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

હવે આ જ તાત્વિકાદિભેદને=શ્લોક-૩૨માં કહ્યું એ જ તાત્વિકાદિભેદને, કહે છે –

શ્લોક :-

तात्त्विको भूत एव स्यादन्यो लोकव्यपेक्षया ।
अच्छिन्नः सानुबन्धस्तु छेदवानपरो मतः ।।३३।।

અન્વયાર્થ :-

તાત્ત્વિકો ભૂત એવ સ્યાદ્=તાત્વિક ભૂત જ થાય=તાત્વિક સદ્ભૂત જ થાય, લોકવ્યપેક્ષયા=લોકની અપેક્ષાએ=લોકને યોગરૂપે જણાય તેવી અપેક્ષાએ, અન્યો=અન્ય=અતાત્વિક થાય, તુ=વળી, અચ્છિન્નઃ સાનુબન્ધઃ=અચ્છિન્ન સાનુબંધ, અપરો=અસાનુબંધ, છેદવાન્ મતઃ=છેદવાળો મનાયો છે. ॥૩૩॥

શ્લોકાર્થ :-

તાત્વિક ભૂત જ થાય, લોકની અપેક્ષાએ અતાત્વિક થાય. વળી અચ્છિન્ન સાનુબંધ, નિરનુબંધ છેદવાળો મનાયો છે. ॥૩૩॥

ટીકા :-

તાત્ત્વિકો ભૂત એવ=નિર્વાણૈકાભિલાષિતયા સદ્ભૂત એવ, યઃ સઃ સ્યાદ્, અન્યોઽતાત્ત્વિકઃ સઃ, યો લોકવ્યપેક્ષયા=લોકચિત્તારાધનરૂપતયા, તથા અચ્છિન્નઃ=આમુક્તિપ્રાપ્તેરત્રુટિતો યઃ, સઃ સાનુબન્ધસ્તુ પુનઃ, તથા છેદવાન્=છિન્નસન્તાનો યોગઃ, અપરો=અસાનુબધઃ મતો મતિમતામિતિ ।।૩૩।।

ટીકાર્થ :-

તાત્ત્વિકો ..... મતિમતામિતિ ।। તાત્વિક ભૂત જ=નિર્વાણ એક અભિલાષીપણા વડે સદ્ભૂત જ, જે

છે, તે થાય=તે તાત્ત્વિક થાય, અન્ય=અતાત્ત્વિક તે છે જે લોકવ્યપેક્ષાથી છે=લોકચિત્ત આરાધનરૂપપણાથી છે, અને અચ્છિન્ન=મુક્તિની પ્રાપ્તિ સુધી અત્રુટિત, જે છે તે વળી સાનુબંધ છે અને છેદવાળો=છિન્ન સંતાનવાળો, યોગ અપર=અસાનુબંધ, મતિમાનોને મનાયો છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૩॥

શ્લોક :-

सास्रवो दीर्घसंसारस्ततोऽन्योऽनास्रवः परः ।
अवस्थाभेदविषयाः संज्ञा एता यथोदिताः ।।३४।।

અન્વયાર્થ :-

सास्रवो=સાસ્રવ યોગ, दीर्घसंसारः=દીર્ઘ સંસારવાળો છે, ततोऽन्यो=તેનાથી અન્ય=સાસ્રવથી વિલક્ષણ=દીર્ઘ સંસાર ચલાવે નહિ એવો, परः अनास्रवः=પ્રકૃષ્ટ અનાસ્રવ યોગ છે, एता संज्ञाः=આ સંજ્ઞાઓ, अवस्थाभेदविषयाः यथोदिताः=અવસ્થાભેદ વિષયવાળી યથાર્થ, છે. ॥૩૪॥

શ્લોકાર્થ :-

સાસ્રવ યોગ દીર્ઘ સંસારવાળો છે, તેનાથી અન્ય પ્રકૃષ્ટ અનાસ્રવ યોગ છે, અવસ્થાભેદ વિષયવાળી યથાર્થ આ સંજ્ઞાઓ છે. ॥૩૪॥

ટીકા :-

सास्रवो योगः क इत्याह–दीर्घो भूयान्संसारो यत्र स दीर्घसंसारः ततः=सास्रवाद्, अन्यो=विलक्षणः, अनास्रवो योगः परः=प्रकृष्टः, अवस्थाभेदविषयाः=अवस्थाभेदो विषयो गोचरो यासां तास्तथा, संज्ञा=नामानि, एता=अनन्तरनिरूपिताः, यथोदिता=यथार्थाः ।।३४।।

ટીકાર્થ :-

सास्रवो ..... यथार्थाः ।। સાસ્રવ યોગ કયો છે ? એથી કહે છે – દીર્ઘ=ઘણો, સંસાર છે જેમાં તે દીર્ઘ સંસારવાળો, તેનાથી=સાસ્રવથી, અન્ય=વિલક્ષણ=અદીર્ઘ સંસારવાળો, પ્રકૃષ્ટ અનાસ્રવ યોગ છે, અવસ્થાભેદ વિષયવાળી આ=અનંતરમાં કહેવાયેલી, સંજ્ઞા=નામો, યથોદિત છે=યથાર્થ છે.

'અવસ્થાભેદ વિષય'નો સમાસ સ્પષ્ટ કરે છે. અવસ્થાભેદ વિષય છે=ગોચર છે જેઓને તે તેવી છે=અવસ્થાભેદ વિષયવાળી છે. ॥૩૪॥

ભાવાર્થ :-

તાત્ત્વિક યોગ :-

તાત્ત્વિકનો અર્થ શ્લોક-૩૨માં 'પરમાર્થભવ' કર્યો, તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષને અનુકૂળ એવા પારમાર્થિક ભાવોમાં પ્રવૃત્તિ જે સાધક યોગી કરે છે તે પ્રવૃત્તિ તાત્ત્વિક યોગ છે અને તેનો જ અર્થ સ્પષ્ટ

કરતાં કહ્યું કે નિર્વાણ એક અભિલાષીપણાથી સદ્‌ભૂત જ યોગ તાત્ત્વિક છે, તેથી એ ફલિત થાય કે જે યોગીને નિર્વાણની એક અભિલાષા વર્તતી હોય અને તેના ઉપાય રૂપે યોગનું વર્ણન શાસ્ત્રોથી સાંભળે અને શાસ્ત્રવચનાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ કરે તે તાત્ત્વિક યોગ છે=સદ્‌ભૂત યોગ છે.

અતાત્ત્વિક યોગ :-

યોગમાર્ગની જે બાહ્ય આચરણાઓ છે તેવી આચરણા કોઈ જીવ સેવતો હોય, પરંતુ મોક્ષનો અભિલાષ પ્રગટ્યો ન હોય અને મોક્ષનો ઉપાય આ યોગ છે, માટે સમ્યગ્ યોગને સેવીને હું નિર્વાણને પ્રાપ્ત કરું તેવો અભિલાષ નથી, પરંતુ આલોકની કે પરલોકની અભિલાષાથી જે અનુષ્ઠાન કરાય છે કે અનાભોગથી કરાય છે તે યોગનું સેવન લોકોના ચિત્તને આ પુરુષ યોગ સેવે છે એ પ્રકારની પ્રતીતિ કરાવે તેવી લોક-ચિત્તના આરાધનારૂપ પ્રવૃત્તિ છે માટે તે અતાત્ત્વિક યોગ છે અર્થાત્ યોગ જેવો ભાસે છે, પરમાર્થથી યોગ નથી.

સાનુબંધ યોગ :-

યોગમાર્ગની પ્રાપ્તિ થયા પછી ઉત્તરોત્તર યોગની વૃદ્ધિ દ્વારા મુક્તિની પ્રાપ્તિ સુધી દરેક ભવમાં જેને તાત્ત્વિક યોગ પ્રાપ્ત થાય તે સાનુબંધ યોગ છે, ફક્ત મનુષ્યભવમાં ભાવથી સર્વવિરતિને પામીને તે મહાત્મા દેવભવમાં જાય ત્યારે વિરતિનો અભાવ હોવા છતાં સમ્યક્ત્વાદિ રૂપે યોગ વિદ્યમાન છે અને ઉત્તર-ઉત્તરના ભવમાં વિશેષ વિશેષ ચારિત્રની પ્રાપ્તિ દ્વારા મોક્ષફલને પ્રાપ્ત કરાવે છે તે યોગ સાનુબંધ છે.

અસાનુબંધ યોગ :-

કોઈ મહાત્માને ભાવથી યોગમાર્ગની પ્રાપ્તિ થઈ હોય, આમ છતાં તે ભવમાં કે અન્ય ભવમાં વિપરીતકર્મને કારણે યોગનું સંતાન છિન્ન થાય અર્થાત્ કિંચિત્ કાળ સુધી યોગમાર્ગથી ભ્રષ્ટ થાય અને ફરી તેની પ્રાપ્તિ કરે તેવો યોગ અસાનુબંધ કહેવાય.

સાસ્રવ યોગ :-

જે યોગ સેવનમાં દીર્ઘ સંસાર છે તેવો યોગ સાસ્રવ યોગ કહેવાય. દશમા ગુણસ્થાનક સુધી આત્મા વીતરાગ નથી બન્યો ત્યાં સુધી મોહનીયકર્મથી યુક્ત યોગમાર્ગનું સેવન છે અને તે યોગમાર્ગના સેવનકાળમાં જ્ઞાનાવરણીય આદિ કર્મો દીર્ઘ સ્થિતિવાળાં બંધાય છે જે દીર્ઘ સંસારનાં કારણ છે, તેથી તે યોગીનો યોગ સાસ્રવ યોગ કહેવાય, ક્વચિત્ તે યોગી તે જ ભવમાં ક્ષપકશ્રેણીને પામીને મોક્ષમાં જાય તોપણ દશમા ગુણસ્થાનક સુધી જે યોગનું સેવન છે તે કર્મના આસ્રવણવાળું હોવાથી સાસ્રવ યોગ છે.

અનાસ્રવ યોગ :-

જે યોગના સેવનકાળમાં કર્મનું આસ્રવણ ન થાય તે અનાસ્રવ યોગ કહેવાય, તેથી ચૌદમા ગુણસ્થાનકે કર્મના આસ્રવણનો અભાવ હોવાથી અનાસ્રવ યોગની પ્રાપ્તિ થાય છે તોપણ બારમા ગુણસ્થાનકમાં અને તેરમા ગુણસ્થાનકમાં રહેલા આસ્રવની આસ્રવ તરીકે વિવક્ષા નહિ કરીને બારમા ગુણસ્થાનકથી અનાસ્રવ યોગ સ્વીકારાયેલ છે, તેથી બારમાથી ચૌદમા ગુણસ્થાનક સુધી મોક્ષને અનુકૂળ એવો જે યોગ છે તે પ્રકૃષ્ટ અનાસ્રવ યોગ છે.

શ્લોક-૩૨થી ૩૪ સુધીમાં યોગના જે ભેદો બતાવ્યા તેને અપાયેલી સંજ્ઞા યોગના જુદા જુદા અવસ્થાભેદોના વિષયવાળી છે અને તે સંજ્ઞા યથાર્થ નામવાળી છે. જેમ તાત્ત્વિક-અતાત્ત્વિક ભેદ પાડ્યા તે યોગને અપાયેલ નામભેદ તે શબ્દથી વાચ્ય અર્થને બતાવનાર છે તેમ યોગના સર્વ ભેદો યથાર્થ અર્થને બતાવનાર એવા સંજ્ઞાભેદથી બતાવાયા છે. **॥૩૨-૩૩-૩૪॥**

અવતરણિકા :-

અથ તદ્યોગભેદગતમેવ કિંચિદાહ –

અવતરણિકાર્થ :-

હવે તે યોગના ભેદગત જ=શ્લોક-૩૧થી ૩૪ સુધી જે યોગના ભેદો બતાવ્યા તે યોગભેદગત જ, કંઈક કહે છે –

શ્લોક :-

स्वरूपं सम्भवं चैव वक्ष्याम्यूर्ध्वमनुक्रमात् ।
अमीषां योगभेदानां सम्यक्शास्त्रानुसारतः ।।३५।।

અન્વયાર્થ :-

अमीषां योगभेदानां=આ યોગભેદોનું=શ્લોક-૩૧થી ૩૪ સુધી બતાવ્યા એ અધ્યાત્માદિ યોગભેદોનું, स्वरूपं सम्भवं चैव=સ્વરૂપ અને સંભવ જ, सम्यक्शास्त्रानुसारतः=સમ્યક્ શાસ્ત્રાનુસારે, अनुक्रमात्=અનુક્રમથી, ऊर्ध्वं=આગળ, वक्ष्यामि=હું કહીશ. ॥૩૫॥

શ્લોકાર્થ :-

આ યોગભેદોનું સ્વરૂપ અને સંભવ જ સમ્યક્ શાસ્ત્રાનુસારે અનુક્રમથી આગળ હું કહીશ. ॥૩૫॥

ટીકા :-

स्वरूपं=स्वलक्षणं, तथा सम्भवं चैव=उत्पत्तिमेव च, वक्ष्यामि=भणिष्यामि, ऊर्ध्वम्=उपरि, अनुक्रमात्=परिपाट्या, अमीषाम्=अध्यात्मादीनां एकादशानां योगभेदानाम्, कथमित्याह – सम्यक्शास्त्रं जिनागमरूपं तस्याऽनुसारतोऽनुसारेण ।।३५।।

ટીકાર્થ :-

स्वरूपं ..... तस्याऽनुसारतोऽनुसारेण ।। સ્વરૂપ=સ્વલક્ષણ=યોગનું સ્વ-સ્વરૂપ, અને સંભવ જ=ઉત્પત્તિ જ, ઉપરમાં=આ ગ્રંથના આગામી વક્તવ્યમાં, અનુક્રમથી હું કહીશ.

કોના સ્વરૂપને અને સંભવને હું કહીશ ? તેથી કહે છે –

આ અધ્યાત્માદિ અગિયાર યોગભેદોના સ્વરૂપને અને સંભવને હું કહીશ એમ અન્વય છે.

કેવી રીતે ગ્રંથકારશ્રી કહેશે ? એથી કહે છે –

જિનાગમરૂપ સમ્યક્ શાસ્ત્ર, તેના અનુસારે કહીશ. ॥૩૫॥

શ્લોક :-

इदानीं तु समासेन योगमाहात्म्यमुच्यते ।
पूर्वसेवाक्रमश्चैव, प्रवृत्त्यङ्गतया सताम् ।।३६।।

અન્વયાર્થ :-

તુ=વળી, इदानीं=હમણાં, समासेन=સમાસથી, योगमाहात्म्यम्=યોગનું માહાત્મ્ય, चैव=અને, सताम् प्रवृत्त्यङ्गतया=સંતપુરુષોની પ્રવૃત્તિનું અંગપણું હોવાથી, पूर्वसेवाक्रमः=પૂર્વસેવાનો ક્રમ, उच्यते=કહેવાય છે. ॥૩૬॥

શ્લોકાર્થ :-

વળી હમણાં સમાસથી યોગનું માહાત્મ્ય અને સંતપુરુષોની પ્રવૃત્તિનું અંગપણું હોવાથી પૂર્વસેવાનો ક્રમ કહેવાય છે. ॥૩૬॥

ટીકા :-

इदानीं तु=सांप्रतं पुनः, समासेन=संक्षेपेण, योगमाहात्म्यं=योगसामर्थ्यलक्षणम्, उच्यते=निरूप्यते, तथा पूर्वसेवाया=योगस्यैव प्रथमभूमिकारूपाया गुरुदेवादिपूजादिलक्षणायाः, क्रमश्चैव=परिपाटिश्चोच्यते, कथमित्याह प्रवृत्त्यङ्गतया=योगप्रवृत्तिहेतुत्वेन, सतां=प्रेक्षावतामिति ।।३६।।

ટીકાર્થ :-

इदानीं तु ..... प्रेक्षावतामिति ।। હમણાં વળી સમાસથી=સંક્ષેપથી, યોગના સામર્થ્યરૂપ યોગનું માહાત્મ્ય કહેવાય છે=નિરૂપણ કરાય છે, અને યોગની જ પ્રથમભૂમિકારૂપ ગુરુદેવાદિ પૂજાદિ સ્વરૂપ પૂર્વસેવાનો ક્રમ=પરિપાટી, કહેવાય છે.

કેમ કહેવાય છે ? એથી કહે છે –

સંતોની=વિચારકોની, પ્રવૃત્તિનું અંગપણું હોવાથી=યોગની પ્રવૃત્તિનું હેતુપણું હોવાથી, કહેવાય છે એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૬॥

❖ 'गुरुदेवादिपूजादिलक्षणायाः'માં 'गुरुदेवादि'માં રહેલા 'आदि' પદથી અન્ય ગુણવાન પુરુષોનું ગ્રહણ કરવું, 'पूजादि'માં રહેલા 'आदि' પદથી સદાચાર, તપ, મુક્તિ અદ્વેષનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ યોગનું માહાત્મ્ય અને પૂર્વસેવાના ક્રમને સંક્ષેપથી કહેવાની પ્રતિજ્ઞા કરી અને ખુલાસો કર્યો કે વિચારકોની પ્રવૃત્તિનું અંગ હોવાને કારણે પૂર્વસેવા બતાવાય છે, વળી પૂર્વસેવા એ યોગ નથી, પરંતુ યોગની પ્રથમ ભૂમિકારૂપ છે, તેથી એ પ્રાપ્ત થાય કે જેમ કોઈ વિચારક વિદ્યાસાધક પુરુષ વિદ્યાની સિદ્ધિ કરવા માટે પ્રથમ ભૂમિકારૂપ પૂર્વસેવામાં યત્ન કરે અને ત્યારપછી વિદ્યાને સાધવા માટે યત્ન કરે તેમ મોક્ષને સાધવા તત્પર થયેલ વિચારક પુરુષ મોક્ષની સિદ્ધિ કરવા માટે પ્રથમભૂમિકારૂપ પૂર્વસેવામાં યત્ન કરે અને ત્યાર પછી મોક્ષને સાધવા માટે યોગમાં યત્ન કરે, પરંતુ જો તે યોગી પૂર્વ ભૂમિકારૂપ પૂર્વસેવા કર્યા વગર યોગમાં પ્રવૃત્તિ કરે તો પૂર્વસેવાથી સંપન્ન ભૂમિકા વગરના હોવાથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા છતાં ભાવથી યોગમાર્ગને પ્રાપ્ત કરી શકે નહિ, આથી ગ્રંથકારશ્રીએ યોગના સ્વરૂપનું વર્ણન કરતા પૂર્વે પ્રથમ યોગનું માહાત્મ્ય કહેવાની પ્રતિજ્ઞા કરી, જેથી વિચારક જીવો તે માહાત્મ્યને સાંભળીને યોગના અર્થી બને અને યોગના અર્થી થયા પછી યોગની પ્રથમ ભૂમિકા રૂપ પૂર્વસેવામાં યત્ન કરે અને ત્યારપછી યોગમાં યત્ન કરે. માટે યોગમહાત્મ્ય બતાવ્યા પછી પૂર્વસેવા બતાવે છે. **॥૩૬॥**

અવતરણિકા :-

યથોદ્દેશં નિર્દેશાદ્યોગમાહાત્મ્યમેવાહ –

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે ઉદ્દેશ હોય તે પ્રમાણે નિર્દેશ હોવાથી યોગના માહાત્મ્યને જ કહે છે –

ભાવાર્થ :-

સામાન્યથી જે પ્રમાણે ઉદ્દેશ હોય તે પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ એ નિયમ અનુસાર શ્લોક-૩૬માં યોગનું માહાત્મ્ય અને પૂર્વસેવાનો ક્રમ કહેવાનું કથન કર્યું, તે ઉદ્દેશવાક્યમાં પ્રથમ ઉદ્દેશ યોગમાહાત્મ્યનો છે, તેથી પ્રથમ યોગમાહાત્મ્યને જ ગ્રંથકારશ્રી શ્લોક-૭૧ સુધી કહે છે –

શ્લોક :-

યોગઃ કલ્પતરુઃ શ્રેષ્ઠો, યોગશ્ચિન્તામણિઃ પરઃ ।
યોગઃ પ્રધાનં ધર્માણાં, યોગઃ સિદ્ધેઃ સ્વયંગ્રહઃ ।।૩૭।।

અન્વયાર્થ :-

યોગઃ=યોગ, કલ્પતરુઃ શ્રેષ્ઠઃ=શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, યોગઃ=યોગ, ચિન્તામણિઃ પરઃ=પ્રકૃષ્ટ ચિંતામણિ છે, યોગઃ=યોગ, પ્રધાનં ધર્માણાં=ધર્મોમાં પ્રધાન છે=શેષ ધર્મસ્થાનોમાં પ્રધાન છે, યોગઃ=યોગ, સિદ્ધેઃ સ્વયંગ્રહઃ=સિદ્ધિનો સ્વયંગ્રહ છે=સિદ્ધિને સ્વયં ગ્રહણ કરનાર છે. ॥૩૭॥

શ્લોકાર્થ :-

યોગ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, યોગ પ્રકૃષ્ટ ચિંતામણિ છે, યોગ ધર્મોમાં પ્રધાન છે, યોગ સિદ્ધિનો સ્વયંગ્રહ છે. ।।૩૭।।

ટીકા :-

योग उक्तनिरुक्तः कल्पतरुः=कल्पद्रुमः, श्रेष्ठो=अन्यकल्पद्रुमेभ्योऽतिशायी, तथा योगश्चिन्तामणिः=चिन्तारत्नं, परः=प्रकृष्टः, योगः प्रधानं वस्तु धर्माणां=शेषधर्मस्थानानाम्, तथा योगः सिद्धेर्निर्वृतिलक्षणायाः स्वयंग्रहहेतुत्वात् स्वयंग्रहः, यदत्र पुनः पुनर्योगशब्दोपादानं, तदस्यात्यन्तमादरणीयताख्यापनार्थमिति ।।३७।।

ટીકાર્થ :-

योग ..... ख्यापनार्थमिति ।। ઉક્તનિરુક્તવાળો યોગ=મોક્ષની સાથે યોજન કરે તે યોગ એ પ્રકારની પૂર્વમાં કહેવાયેલી વ્યુત્પત્તિવાળો યોગ, શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે=અન્ય કલ્પવૃક્ષોથી અતિશાયી એવું કલ્પવૃક્ષ છે, અને યોગ પર=પ્રકૃષ્ટ, ચિંતામણિ છે=ચિંતારત્ન છે, ધર્મોમાં=શેષધર્મસ્થાનોમાં=શેષધર્મોની આચરણામાં, યોગ પ્રધાન વસ્તુ છે અને યોગ નિર્વૃત્તિલક્ષણ સિદ્ધિનો સ્વયંગ્રહ છે; કેમ કે સ્વયંગ્રહનું હેતુપણું છે, જે અહીં=શ્લોકમાં, ફરી ફરી યોગશબ્દનું ગ્રહણ છે તે આની=યોગની, અત્યંત આદરણીયતા બતાવવા માટે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૭।।

ભાવાર્થ :-

'યોગ' શબ્દ (૧) મન-વચન-કાયાના યોગમાં વપરાય છે (૨) હઠયોગમાં વપરાય છે અને (૩) અધ્યાત્માદિ યોગોમાં વપરાય છે. તેથી ટીકાકારશ્રીએ કહ્યું કે "મોક્ષની સાથે યોજન કરે તે યોગ" એ પ્રકારે પૂર્વમાં કહેલ વ્યુત્પત્તિવાળા યોગનું અહીં ગ્રહણ છે માટે અધ્યાત્માદિ યોગોનું ગ્રહણ છે અને તેનું માહાત્મ્ય બતાવે છે –

યોગ શ્રેષ્ઠ કલ્પતરુ :-

કલ્પવૃક્ષ મનુષ્યોની ભૌતિક કામનાઓ પૂરી કરે છે, તેથી સુખનું કારણ કહેવાય છે તેમ યોગ પણ આત્માની સર્વ કામનાઓ પૂરી કરીને સદ્ગતિની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિનું કારણ છે, તેથી કલ્પવૃક્ષની જેમ કામના પૂરનાર હોવા છતાં અન્ય કલ્પવૃક્ષો કરતાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે.

યોગ પ્રકૃષ્ટ ચિંતામણિરત્ન :-

ચિંતામણિ રત્ન સંસારનાં ઇચ્છિત ફળોને આપે છે, તેથી સુખનો હેતુ છે, આમ છતાં ચિંતામણિ રત્ન પરલોકમાં સદ્ગતિ અને મોક્ષ આપી શકતું નથી, પરંતુ યોગ જેને સિદ્ધ થાય છે તે મહાત્માને યોગથી પરલોકમાં સદ્ગતિ અને અંતે પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે યોગ પ્રકૃષ્ટ ચિંતામણિ છે.

યોગ ધર્મોમાં પ્રધાન :-

યોગ એ મોક્ષને અનુકૂળ (૧) વીતરાગભાવને અભિમુખ (૨) યોગનિરોધને અભિમુખ (૩) યોગનિરોધરૂપ જીવની પરિણતિ છે અને ધર્મની ઉચિત આચરણાઓરૂપ યોગ મન-વચન-કાયાની ક્રિયારૂપ છે અને મન-વચન-કાયાની ક્રિયારૂપ શેષ ધર્મસ્થાનોમાં જીવની પરિણતિરૂપ યોગ પ્રધાન વસ્તુ છે; કેમ કે મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ યોગ ન હોય તો શેષ ધર્મસ્થાનો મોક્ષ સાધવા માટે નિષ્ફળ છે અને યોગની પરિણતિના બળથી શેષ ધર્મસ્થાનો ધર્મના મહત્ત્વને પામે છે, માટે શેષ ધર્મસ્થાનોમાં યોગ પ્રધાન વસ્તુ છે.

યોગ સિદ્ધિનો સ્વયંગ્રહ :-

યોગ સાધીને સાધક પુરુષ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તેથી સિદ્ધિને ગ્રહણ કરનાર પુરુષ છે તોપણ જે પુરુષમાં યોગ નિષ્પન્ન થયો નથી તે પુરુષ સિદ્ધિને પ્રાપ્ત કરતો નથી, તેથી નિવૃત્તિરૂપ સિદ્ધિને સ્વયં ગ્રહણ કરવાનો હેતુ યોગ છે, તેથી યોગને સ્વયંગ્રહ કહેલ છે.

વળી, યોગ પ્રત્યે ગ્રંથકારશ્રીને અત્યંત આદર છે, તેથી યોગનો વાચક એવો અક્ષર દ્વયાત્મક 'યોગ' શબ્દ પણ ગ્રંથકારશ્રીને અત્યંત પ્રિય છે અને તેના પ્રત્યે અત્યંત આદર બતાવવા માટે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં 'યોગ' શબ્દ ફરી ફરી ગ્રહણ કરેલ છે. **॥૩૭॥**

શ્લોક :-

तथा च जन्मबीजाग्निर्जरसोऽपि जरा परा ।
दुःखानां राजयक्ष्माऽयं मृत्योर्मृत्युरुदाहृतः ।।३८।।

અન્વયાર્થ :-

तथा च=અને, अयं=યોગ, जन्मबीजाग्निः=જન્મના બીજ માટે અગ્નિ, जरसोऽपि=જરાની પણ, परा जरा=પ્રકૃષ્ટ જરા, दुःखानां राजयक्ष्मा=દુઃખોનો ક્ષયરોગ, मृत्योर्मृत्यः=મૃત્યુનું મૃત્યુ, उदाहृतः=કહેવાયો છે. ॥૩૮॥

શ્લોકાર્થ :-

અને યોગ જન્મના બીજ માટે અગ્નિ, જરાની પણ પ્રકૃષ્ટ જરા, દુઃખોનો ક્ષય રોગ, મૃત્યુનું મૃત્યુ કહેવાયો છે. ॥૩૮॥

ટીકા :-

'तथा च' इति समुच्चये, जन्मबीजाग्निः=पुनः पुनर्जन्मकारणकर्मशक्तिदाहकारी, तथा जरसोऽपि=जराया अपि, जरा वयोहानिकारणत्वात् परा=प्रकृष्टा । तथा दुःखानां शारीरमानसबाधारूपाणां राजयक्ष्मा=राजमान्द्यमिव, अयं=योगः, तथा मृत्योः=अन्तकस्य, मृत्युरुदाहृतः=शास्त्रकारैर्निरूपितः ।।३८।।

ટીકાર્થ :-

'तथा च' ..... शास्त्रकारैर्निरूपितः ।। 'तथा च' એ પૂર્વ શ્લોક સાથે યોગના અન્ય માહાત્મ્યના સમુચ્ચય માટે છે, આ=યોગ, જન્મબીજ માટે અગ્નિ છે=ફરી ફરી જન્મના કારણ એવા કર્મબંધને અનુકૂળ જીવમાં જે શક્તિ છે તેને બાળનાર છે, અને જરાની પણ પ્રકૃષ્ટ જરા છે; કેમ કે વયની હાનિનું કારણપણું છે=જરા જેમ વયની હાનિનું કારણ છે તેમ યોગ જરાની હાનિનું કારણ છે, અને શારીરિક-માનસિક બાધા રૂપ દુઃખોનો ક્ષયરોગ છે=ક્ષયરોગ જેમ શરીરનો ક્ષય કરે છે તેમ યોગ દુઃખોનો ક્ષય કરે છે અને મૃત્યુનું પણ મૃત્યુ શાસ્ત્રકારો વડે નિરૂપણ કરાયો છે. ।।૩૮।।

ભાવાર્થ :-

જન્મબીજાગ્નિ :-

જેમ અગ્નિ વૃક્ષોના બીજને બાળીને ભસ્મ કરે છે ત્યાર પછી તે બળેલું બીજ વૃક્ષની નિષ્પત્તિનું કારણ બનતું નથી તેમ આત્મામાં જન્મનું કારણ એવા કર્મને નિષ્પન્ન કરવાની શક્તિ પડેલી છે અને તે શક્તિ જીવમાં સંગનો પરિણામ ઉત્પન્ન કરે છે અને તે સંગના પરિણામને કારણે જીવ જન્મના કારણીભૂત એવા કર્મને બાંધે છે અને યોગ એ જીવનો વીતરાગભાવને અનુકૂળ ઉલ્લસિત થતો પરિણામ છે, તેથી વીતરાગભાવને અભિમુખ જતો એવો યોગનો પરિણામ કર્મબંધને અનુકૂળ એવી સંગશક્તિનો નાશ કરે છે, તેથી સંગશક્તિ વગરના થયેલા યોગી ફરી સંસારમાં જન્મતા નથી. માટે યોગ જન્મના બીજ માટે અગ્નિ કહેવાયો છે.

જરાની પણ જરા :-

શરીરધારી જીવોના દેહમાં જરા આવે છે ત્યારે શરીરની શક્તિ ક્ષીણ થાય છે, વયની હાનિ થાય છે તેમ દેહધારી આત્મામાં આવતી જરાને ક્ષીણ કરવામાં યોગ કારણ છે; કેમ કે યોગના માહાત્મ્યથી યોગી સિદ્ધ અવસ્થાને પામે છે, ત્યાર પછી તેઓને જરા આવતી નથી, તેથી યોગ જરાને માટે પ્રકૃષ્ટ જરા છે.

દુઃખોનો ક્ષયરોગ :-

દેહમાં ક્ષયરોગ થાય તો દેહ પ્રતિદિન ક્ષીણ-ક્ષીણતર થાય છે તેમ સંસારી જીવોમાં જે શારીરિક અને માનસિક બાધારૂપ દુઃખો વર્તે છે તે દુઃખો યોગના સેવનથી ક્ષીણ-ક્ષીણતર થાય છે.

આશય એ છે કે રાગાદિ આકુલ જીવોને શરીરનાં અને મનનાં દુઃખો પીડા કરે છે, પરંતુ યોગના સેવનથી તેમનું ચિત્ત નિર્લેપ થયેલું હોય તો પ્રાયઃ પુણ્યના ઉદયને કારણે શારીરિક-માનસિક દુઃખો પ્રાપ્ત થતાં નથી અને ક્વચિત્ પ્રાપ્ત થયેલાં હોય તો યોગના માહાત્મ્યથી ક્ષીણ-ક્ષીણતર થાય છે; કેમ કે યોગથી સંશ્લેષ વગરના થયેલા ચિત્તમાં દુઃખો પીડાકારી પ્રતીત થતાં નથી અને યોગના પ્રકર્ષથી સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ પછી શારીરિક-માનસિક દુઃખોનો સર્વથા નાશ થાય છે. માટે યોગ દુઃખોનો ક્ષયરોગ છે.

મૃત્યુનું મૃત્યુ :-

સંસારમાં જીવો મૃત્યુ પામે છે ત્યારે દેહાદિ સર્વ સંબંધોનો અભાવ થાય છે અને યોગના સેવનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે ત્યારે સંસારમાં જે મરણોની પ્રાપ્તિ હતી તે સર્વ મરણોનું મૃત્યુ થાય છે; કેમ કે મોક્ષમાં ગયા પછી મૃત્યુની પ્રાપ્તિ નથી. માટે યોગ મૃત્યુ માટે મૃત્યુ છે. **॥૩૮॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

ભાવાર્થ :-

શ્લોક-૩૭માં યોગનું માહાત્મ્ય બતાવ્યું અને શ્લોક-૩૮માં 'तथा च'થી અન્ય યોગના માહાત્મ્યનો સમુચ્ચય કર્યો, હવે 'किञ्च'થી અન્ય યોગમાહાત્મ્યનો સમુચ્ચય કરે છે –

શ્લોક :-

कुण्ठीभवन्ति तीक्ष्णानि मन्मथास्त्राणि सर्वथा ।
योगवर्मावृते चित्ते तपश्छिद्रकराण्यपि ।।३९।।

અન્વયાર્થ :-

योगवर्मावृते चित्ते=યોગ રૂપી બખ્તરથી આવૃત ચિત્ત હોતે છતે, तपश्छिद्रकराण्यपि=તપનાં છિદ્ર કરનારાં પણ=તપનો નાશ કરનારાં પણ, तीक्ष्णानि मन्मथास्त्राणि=તીક્ષ્ણ એવાં કામનાં શસ્ત્રો, सर्वथा=સર્વથા, कुण्ठीभवन्ति=કુંઠિત થાય છે. ॥૩૯॥

શ્લોકાર્થ :-

યોગરૂપી બખ્તરથી આવૃત ચિત્ત હોતે છતે તપનાં છિદ્ર કરનારાં પણ તીક્ષ્ણ એવાં કામનાં શસ્ત્રો સર્વથા કુંઠિત થાય છે. ॥૩૯॥

ટીકા :-

कुण्ठीभवन्ति=मन्दानि जायन्ते, तीक्ष्णानि=निशितानि, मन्मथास्त्राणि=कामशस्त्राणि शब्दादि-विषयरूपाणि, सर्वथा=सर्वप्रकारैः, क्वेत्याह – योगवर्मावृते=योगसन्नाहवति, चित्ते=मनसि, कीदृशा-नीत्याह – तपश्छिद्रकराण्यपि=मासक्षपणादितपोभ्रंशकारीण्यपि, तथाविधयोगविकलानां तपस्विनामिति ।।३९।।

ટીકાર્થ :-

कुण्ठीभवन्ति ..... तपस्विनामिति ।। તીક્ષ્ણ એવા શબ્દાદિ વિષયરૂપ કામનાં શસ્ત્રો સર્વથા=સર્વ પ્રકારે, કુંઠિત થાય છે=મંદ થાય છે, ક્યાં મંદ થાય છે ? એથી કહે છે – યોગરૂપી બખ્તરથી આવૃત ચિત્તમાં મંદ થાય છે, કેવા પ્રકારનાં કામનાં શસ્ત્રો મંદ થાય છે ? એથી કહે છે – તપનાં છિદ્રને કરનારાં પણ=તેવા પ્રકારના યોગથી વિકલ એવા અર્થાત્ મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા યોગથી વિકલ એવા તપસ્વીઓના માસક્ષપણાદિ તપનાં ભ્રંશકારી પણ, કામનાં શસ્ત્રો કુંઠિત થાય છે એમ્ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૯॥

❖ 'तपश्छिद्रकराण्यपि मासक्षपणादितपोभ्रंशकारीण्यपि'માં રહેલા 'अपि'થી એ કહેવું છે કે તપના છિદ્રને કરનારાં ન હોય તેવાં કામનાં શસ્ત્રો તો યોગરૂપી બખ્તરથી આવૃત ચિત્તમાં કુંઠિત થાય જ છે, પરંતુ તપના છિદ્રને કરનારાં પણ કામનાં શસ્ત્રો કુંઠિત થાય છે.

ભાવાર્થ :-

સંસારી જીવો સદા કામનાં શસ્ત્રોથી પીડિત હોય છે અને યોગીઓ કામના શસ્ત્રરૂપ શબ્દાદિ વિષયોથી દૂર રહીને યોગનું સેવન કરતા હોય છે, આમ છતાં બલવાન શબ્દાદિ વિષયો કામનાં તીક્ષ્ણ શસ્ત્રો છે, તેથી કોઈ મહાત્મા શબ્દાદિ વિષયોથી દૂર રહીને યોગમાર્ગનું સેવન કરતા હોય અને માસક્ષપણાદિ તપ કરતા હોય તોપણ વિશિષ્ટ પ્રકારના નિર્લેપ ચિત્તથી વિકલ હોય તો તે તપસ્વીઓને બલવાન શબ્દાદિ વિષયો પ્રાપ્ત થાય તો તપથી ભ્રંશ કરે છે, પરંતુ જેઓએ યોગમાર્ગમાં સુદૃઢ વ્યાપાર કરીને તેવું નિર્લેપ ચિત્ત પ્રગટ કર્યું છે તેઓનું ચિત્ત યોગરૂપી બખ્તરથી આવૃત છે, તેથી તીક્ષ્ણ એવા પણ શબ્દાદિ વિષયો સર્વથા કુંઠિત થાય છે, પરંતુ તે યોગીના ચિત્તને ક્ષોભ પમાડી શકતા નથી, તેથી યોગસેવનનું એવું અપૂર્વ માહાત્મ્ય છે કે જે તીક્ષ્ણ કામનાં શસ્ત્રો તપસ્વીઓને પણ તપમાર્ગથી ભ્રંશ કરી શકે છે તે કામનાં શસ્ત્રો યોગીઓના ચિત્તમાં કોઈ વિકાર ઉત્પન્ન કરી શકતાં નથી. **॥૩૯॥**

શ્લોક :-

अक्षरद्वयमप्येतत् श्रूयमाणं विधानतः ।
गीतं पापक्षयायोच्चैर्योगसिद्धैर्महात्मभिः ।।४०।।

અન્વયાર્થ :-

विधानतः=વિધાનથી=ઉચિત વિધિથી, श्रूयमाणं एतत् अक्षरद्वयमपि=સંભળાતું એવું આ અક્ષરદ્વય પણ, योगसिद्धैर्महात्मभिः=યોગસિદ્ધ એવા મહાત્માઓ વડે, उच्चैः=અત્યંત, पापक्षयाय=પાપક્ષય માટે, गीतं=કહેવાયું છે. ॥૪૦॥

શ્લોકાર્થ :-

ઉચિત વિધિથી સંભળાતું એવું આ અક્ષરદ્વય પણ યોગસિદ્ધ એવા મહાત્માઓ વડે અત્યંત પાપક્ષય માટે કહેવાયું છે. ।।૪૦।।

ટીકા :-

'अक्षरद्वयमपि' किं पुनः पञ्चनमस्कारादीन्यक्षराणीत्यपिशब्दार्थः एतत्='योग' इति शब्दलक्षणं, श्रूयमाणं=आकर्ण्यमानम्, तथाविधार्थानवबोधेऽपि विधानतो=विधानेन श्रद्धासंवेगादिशुद्धभावोल्लासकरकुड्मलयोजनादिलक्षणेन, गीतम्=उक्तं, पापक्षयाय=मिथ्यात्वमोहाद्यकुशलकर्मनिर्मूलनाय, उच्चैः=अत्यर्थम्, कैर्गीतमित्याह – योगसिद्धैः=योगः सिद्धो निष्पन्नो येषां ते तथा तैर्जिनगणधरादिभिः महात्मभिः प्रशस्तस्वभावैरिति ।।४०।।

ટીકાર્થ :-

अक्षरद्वयमपि ..... प्रशस्तस्वभावैरिति ।। અક્ષરદ્વય પણ આ='યોગ' એ પ્રકારના શબ્દલક્ષણ, તથાવિધ અર્થના અનવબોધમાં પણ=યોગના સૂક્ષ્મ અર્થના અનવબોધમાં પણ, વિધાનથી=શ્રદ્ધાસંવેગાદિ શુભભાવોલ્લાસપૂર્વક હાથ જોડવાદિ લક્ષણ વિધાનથી, સંભળાતું અત્યંત પાપક્ષય માટે=મિથ્યાત્વમોહાદિ અકુશલકર્મના નિર્મૂલન માટે, કહેવાયું છે, કોના વડે કહેવાયું છે ? એથી કહે છે – યોગ સિદ્ધ થયો છે=નિષ્પન્ન થયો છે જેઓને તેવા પ્રકારના જિન ગણધરાદિ પ્રશસ્ત સ્વભાવવાળા મહાત્મા વડે કહેવાયું છે.

વળી પંચનમસ્કારાદિ અનેક અક્ષરોનું શું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે='अक्षरद्वयमपि'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૦।।

❖ 'पञ्चनमस्कारादीनि'માં 'આદિ' પદથી અન્ય લોગસ્સ આદિ અનેક અક્ષરવાળાં સૂત્રોનું ગ્રહણ કરવું.

❖ 'तथाविधार्थानवबोधेऽपि'માં 'અપિ'થી એ કહેવું છે કે યોગમાર્ગના સૂક્ષ્મઅર્થના બોધમાં તો વિધિથી સંભળાતા 'યોગ' એ પ્રકારના બે અક્ષરથી પાપક્ષય થાય છે, પરંતુ યોગમાર્ગના તેવા પ્રકારના સૂક્ષ્મઅર્થના અનવબોધમાં પણ વિધિથી સંભળાતા બે અક્ષરથી પાપક્ષય થાય છે.

❖ 'श्रद्धासंवेगादि'માં 'આદિ' પદથી નિર્વેદ આદિનું ગ્રહણ કરવું.

❖ 'करकुड्मलयोजनादि'માં 'આદિ' પદથી મસ્તક નમાવવું વગેરે અન્યક્રિયાનું ગ્રહણ કરવું.

❖ 'मिथ्यात्वमोहादि'માં 'આદિ' પદથી અવિરતિઆપાદક આદિ કર્મનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે યોગીઓ સંસારથી ભય પામેલા છે અને સંસારથી નિસ્તારનો ઉપાય યોગ છે તેવું જાણીને યોગમાર્ગને

કહેનારાં શાસ્ત્રોનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે તે યોગીઓને યોગમાર્ગનો વાચક એવો 'યોગ' એ પ્રકારનો શબ્દ અત્યંત આદરણીય લાગે છે, તેથી તેવા યોગીઓ 'યોગ' શબ્દના શ્રવણથી પણ યોગમાર્ગ પ્રત્યે ભક્તિવાળા બને છે.

વળી, કેટલાક યોગીઓએ આ 'યોગ' શબ્દ યોગમાર્ગને કહેનારો છે તેવો બોધ સામાન્યથી પ્રાપ્ત કર્યો છે, આમ છતાં હજી યોગમાર્ગના સૂક્ષ્મ અભ્યાસપૂર્વક યોગના અર્થને જાણનારા નથી તેવા યોગીઓને પણ શ્રદ્ધા હોય છે કે આ યોગમાર્ગના સેવનથી જ સંસારનો અંત થાય છે અને આવા યોગીઓ યોગમાર્ગના મર્મને જાણનારા એવા યોગીઓના મુખથી શ્રદ્ધા-સંવેગાદિ શુભભાવના ઉલ્લાસપૂર્વક બે હાથ જોડી, મસ્તક નમાવી તે બે અક્ષર સાંભળે તે યોગીઓને યોગમાર્ગ પ્રત્યે ભક્તિ થાય છે, તેથી તેઓના ચિત્તમાં યોગમાર્ગ પ્રત્યે પ્રકર્ષવાળો રાગ ઉત્પન્ન થાય છે અને યોગમાર્ગ પ્રત્યેના રાગને કારણે, પૂર્વમાં જે સંસારમાર્ગ પ્રત્યેના રાગથી મિથ્યાત્વમોહનીય, ચારિત્રમોહનીય અને યોગમાર્ગમાં બાધક એવું જ્ઞાનાવરણીયરૂપ જે અશુભકર્મ બંધાયેલું હતું તે કર્મ અત્યંત નાશ પામે છે એમ તીર્થંકરાદિ કહે છે.

તેથી એ ફલિત થાય કે યોગ તો અદ્‌ભુત માહાત્મ્યવાળો છે, પરંતુ યોગનો વાચક એવો 'યોગ' એ પ્રકારનો શબ્દ પણ અદ્‌ભુત માહાત્મ્યવાળો છે. **॥૪૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી અન્ય પ્રકારનું યોગમાહાત્મ્ય બતાવવા માટે 'તથા'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

मलिनस्य यथा हेम्नो वह्नेः शुद्धिर्नियोगतः ।
योगाग्नेश्चेतसस्तद्वदविद्यामलिनात्मनः ।।४१।।

અન્વયાર્થ :-

यथा=જે પ્રમાણે, मलिनस्य हेम्नः=મલિન એવા સુવર્ણની, वह्नेः=અગ્નિથી, शुद्धिः=શુદ્ધિ, नियोगतः=નિયમથી થાય છે, तद्वत्=તેની જેમ, अविद्यामलिनात्मनः चेतसः=અવિદ્યાથી મલિન સ્વરૂપવાળા એવા ચિત્તની, योगाग्नेः=યોગ રૂપી અગ્નિથી શુદ્ધિ થાય છે. ॥૪૧॥

શ્લોકાર્થ :-

જે પ્રમાણે મલિન એવા સુવર્ણની અગ્નિથી શુદ્ધિ નિયમથી થાય છે તેની જેમ અવિદ્યાથી મલિન સ્વરૂપવાળા એવા ચિત્તની યોગરૂપી અગ્નિથી શુદ્ધિ થાય છે. ॥૪૧॥

ટીકા :-

मलिनस्य=ताम्रादिमलबहुलस्य, 'यथा' इति दृष्टान्तार्थः, हेम्नः=सुवर्णस्य, वह्नेः=वैश्वानरात्, शुद्धिः=निर्मलता, नियोगतो=नियोगे(यमे)न, शुद्धिकारणानां स्वकार्याव्यभिचारात्, योगाग्नेः=योगवह्नेः, चेतसो=मनसः शुद्धिः, तद्वद्=हेमवत्, कीदृशो मनस इत्याह अविद्यामलिनात्मनः=सद्भूतवस्तुविषय-भ्रान्तिवशाऽशुद्धीभूतस्वरूपस्येति ॥४१॥

ટીકાર્થ :-

मलिनस्य ..... भूतस्वरूपस्येति ॥ જે પ્રમાણે તામ્રાદિ મલ બહુલ એવા સુવર્ણની અગ્નિથી શુદ્ધિ=નિર્મળતા, નિયોગથી થાય છે; કેમ કે શુદ્ધિનાં કારણોનો સ્વકાર્યની સાથે અવ્યભિચાર છે=શુદ્ધિરૂપ કાર્યની સાથે અવિનાભાવ છે, તેની જેમ=સુવર્ણની જેમ, યોગરૂપી અગ્નિથી મનની શુદ્ધિ થાય છે, કેવા પ્રકારના મનની શુદ્ધિ થાય છે ? એથી કહે છે – અવિદ્યારૂપ મલથી મલિન સ્વરૂપવાળા=સદ્‌ભૂત વસ્તુના વિષયમાં ભ્રાંતિરૂપ જે અવિદ્યા તેના વશ અશુદ્ધિભૂત સ્વરૂપવાળા, ચિત્તની શુદ્ધિ થાય છે એમ અન્વય છે. ॥૪૧॥

ભાવાર્થ :-

સુવર્ણ ખાણમાંથી નીકળે છે ત્યારે અન્ય તામ્રાદિ ધાતુઓ અને માટી આદિથી મલિન હોય છે અને તે સુવર્ણ અગ્નિમાં નાખવાથી તામ્રાદિ ધાતુઓથી પૃથક્ પ્રાપ્ત થાય છે, તેથી એ નક્કી થાય કે શુદ્ધિનાં કારણોથી નિયમા શુદ્ધિ થાય છે, જેમ શુદ્ધિના કારણ એવા અગ્નિથી સુવર્ણની શુદ્ધિ થાય છે તેની જેમ મનની શુદ્ધિનું કારણ એવા યોગ રૂપ અગ્નિથી મનની શુદ્ધિ થાય છે.

આશય એ છે કે અનાદિ કાળથી આત્મા આત્માના પારમાર્થિક સ્વરૂપના વિષયમાં ભ્રાંતિવાળો છે અને તેને વશ એવું તેનું ચિત્ત સાંસારિક ભાવોથી આનંદ લેવાના મલિન સ્વભાવવાળું થયું છે અને તે મલિન સ્વભાવને દૂર કરવાનો ઉપાય યોગરૂપી અગ્નિ છે; કેમ કે સંસારના વિષયોના રાગ કરતાં વિપરીત એવા વીતરાગભાવના રાગથી યોગમાર્ગ ઉલ્લસિત થાય છે, તેથી સંસારના રાગનો ઉચ્છેદ કરીને યોગથી વીતરાગ પ્રત્યે પ્રસર્પણવાળું ચિત્ત થાય છે. માટે યોગ જીવના પારમાર્થિક સ્વરૂપ રૂપ તત્ત્વને દેખાડવા માટે કારણ બને તેવું શુદ્ધ મન નિષ્પન્ન કરે છે. **॥૪૧॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી અન્ય પ્રકારનું યોગમાહાત્મ્ય બતાવવા માટે 'तथा'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

अमुत्र संशयापन्नचेतसोऽपि ह्यतो ध्रुवम् ।
सत्स्वप्नप्रत्ययादिभ्यः, संशयो विनिवर्तते ।।४२।।

અન્વયાર્થ :-

અમુત્ર=પરલોકના વિષયમાં, संशयापन्नचेतसोऽपि हि=સંશયને પ્રાપ્ત કરેલા ચિત્તવાળા પુરુષનો પણ, अतः=આનાથી=યોગથી, सत्स्वप्नप्रत्ययादिभ्यः=सत्स्वप्नप्रत्यादि દ્વારા, ध्रुवम्=નક્કી, संशयः=સંશય, विनिवर्तते=નિવર્તન પામે છે. ।।૪૨।।

શ્લોકાર્થ :-

પરલોકના વિષયમાં સંશયને પ્રાપ્ત કરેલા ચિત્તવાળા પુરુષનો પણ યોગથી सत्स्वप्नप्रत्ययादि દ્વારા નક્કી સંશય નિવર્તન પામે છે. ।।૪૨।।

ટીકા :-

अमुत्र=परलोकविषये, संशयापन्नचेतसोऽपि, हि=भवान्तरं समस्ति न वेति भ्रान्तमनसः, किं पुनरन्यस्येत्यपिहीतिशब्दार्थः, अतो=योगात्, ध्रुवम्=असंशयम्, सत्स्वप्नप्रत्ययादिभ्यः= सत्स्वप्नावन्निद्रायमाणावस्थायां स्वर्गादिभवान्तरदर्शनलक्षणाद्यः प्रत्ययः=प्रतीतिर्भवान्तरस्य, आदिशब्दान्निजोहापोहतथाविधागमाभ्यासजन्यप्रत्ययग्रहस्तेभ्यः सकाशात्, संशयः=संदेहो, विनिवर्तते= उपरमति, शुद्धसमाचारा हि साधवः सत्स्वप्नलाभेन निजोहापोहयोगेन सदागमाभ्यासेन च प्राक् संशयितमनसोऽपि व्यावर्तित विपर्यासहेतुमिथ्यात्वादिमोहोदया अभ्रकगृहान्तर्ज्वलितप्रदीपप्रभोदाहरणेन भवान्तरं निर्णयन्त्येवेति ।।४२।।

ટીકાર્થ :-

अमुत्र ..... निर्णयन्त्येवेति ।। અમુત્ર=પરલોકવિષયમાં, સંશયાપન્ન ચિત્તવાળાનો પણ=ભવાંતર છે કે નહિ એ પ્રમાણે ભ્રાંતમનવાળાનો પણ, આનાથી=યોગથી, सत्स्वप्नप्रत्ययादिથી=સ્વર્ગાદિ ભવાંતર

દર્શન સ્વરૂપ સત્સ્વપ્નવાળી નિદ્રા અવસ્થામાં જે સ્વર્ગાદિ ભવાન્તરની પ્રતીતિ છે તેનાથી ધ્રુવ=અસંશય, સંશય=સંદેહ, નિવર્તન પામે છે.

યોગથી સંશય નિવર્તન કેમ પામે છે ? તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

શુદ્ધસમાચારવાળા સાધુઓ સત્સ્વપ્નના લાભથી, પોતાના ઊહાપોહના યોગથી અને સદાગમના અભ્યાસથી પૂર્વમાં સંશયિતમનવાળા પણ વ્યાવર્તિતવિપર્યાસ હેતુ એવા મિથ્યાત્વાદિમોહોદયવાળા અભ્રક ઘરની અંદર જ્વલિત પ્રદીપપ્રભાના ઉદાહરણથી ભવાંતરનો નિર્ણય કરે જ છે.

વળી અન્યસ્ય શું ? એ 'अपि हि' એ પ્રકારના શબ્દનો અર્થ છે='संशयापन्नचेतसोऽपि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ છે.

'सत्स्वप्नप्रत्ययादिभ्यः'માં રહેલા 'आदि' શબ્દથી પોતાનો ઊહાપોહ અને તેવા પ્રકારના આગમના અભ્યાસથી જન્ય પ્રત્યયનું ગ્રહણ કરવું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૪૨॥

ભાવાર્થ :-

કોઈ મહાત્મા શુદ્ધ આચારોનું સેવન કરતા હોય તો તેઓમાં યોગમાર્ગ પ્રવર્તે છે અને તેવા મહાત્માઓને કોઈક નિમિત્તથી પરલોકમાં સંશય થાય તો તે મહાત્માઓને યોગના માહાત્મ્યને કારણે સ્વર્ગાદિરૂપ ભવાંતરને દેખાડનારાં સ્વપ્નાઓ આવે છે અને તે સ્વપ્નમાં જોયેલ સ્વર્ગાદિ સદૃશ સ્વર્ગાદિનું વર્ણન શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય ત્યારે તે સ્વપ્નના બળથી તેઓને વિશ્વાસ થાય છે કે પરલોક છે.

વળી જે મહાત્માઓ યોગમાર્ગને સેવી રહ્યા છે તેઓને પરલોકમાં સંશય થાય તોપણ તેઓ માર્ગાનુસારી ઊહાપોહ કરે છે જેનાથી તેઓનો સંશય નિવર્તન પામે છે, જેમ કોઈ મહાત્માને પરલોકનો સંશય થયો હોય અને માર્ગાનુસારી ઊહાપોહ કરે તો તેને જણાય કે દેહની અંદર મારો આત્મા રહેલો છે, તેથી હું મારી ઇચ્છા પ્રમાણે ઉદ્યમ કરી શકું છું, વળી ઘણી પ્રવૃત્તિઓમાં જીવ પોતે ઇચ્છે છે, છતાં પોતાના ઉપર પોતાનો કાબૂ રહેતો નથી, આથી જ જપાદિ કાળમાં ચિત્ત અન્યત્ર ન જાય તેવા સંકલ્પથી જપાદિનો પ્રારંભ કર્યો હોવા છતાં ચિત્ત અન્યત્ર જતું પ્રત્યક્ષ દેખાય છે, તેથી પોતાના ઉપર અન્ય એવાં કર્મોનો પણ કાબૂ છે અને તે કર્મોના બળથી જ પોતાનામાં ઘણા પ્રકારના ભાવો પોતે ઇચ્છતો નથી છતાં થાય છે, આ પ્રકારનો ઊહાપોહ કરીને પરલોકના સંશયનું નિવર્તન કરે છે.

વળી પરલોકના સંશયના નિવર્તનના ઉપાયભૂત એવાં આગમોનો અભ્યાસ કરીને પણ પરલોકના સંશયનું નિવર્તન કરે છે, તેથી યોગનું સેવન પરલોકના સંશયના નિવર્તનનું કારણ છે.

કઈ રીતે યોગનું સેવન પરલોકનો સંશય નિવર્તન કરે છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

પરલોકના સંશયના કાળમાં મિથ્યાત્વનો ઉદય વર્તે છે, જેથી ભગવાનના વચનથી વિપરીત એવો પરલોકનો સંશય થાય છે અને યોગનું સેવન કરનારા મહાત્માઓ સત્સ્વપ્નાદિ દ્વારા તે વિપર્યાસને દૂર કરે

છે તેના કારણે અભ્રકના ઘરની અંદર પ્રગટ કરાયેલા દીવાની પ્રભાના ઉદાહરણથી ભવાંતરનો નિર્ણય કરે છે.

આશય એ છે કે અભ્રક પારદર્શક છે અને તેનાથી બનાવેલા ઘરમાં દીવો મૂકવામાં આવે તો તે દીવાની પ્રભા બહાર જાય છે તેમ આત્મામાં દીવા તુલ્ય જ્ઞાનનો પરિણામ પડેલો છે, પરંતુ વિપર્યાસને કારણે તે નષ્ટપ્રાયઃ જેવો હતો અને સત્સ્વપ્નાદિ દ્વારા મિથ્યાત્વ દૂર થાય છે ત્યારે આત્માની અંદર જિનવચનાનુસાર જ્ઞાનરૂપી દીવો પ્રગટે છે અને તે દીવાના પ્રકાશથી યોગી પરલોકના નિર્ણય માટે સમર્થ બને છે, તેથી અભ્રકના ઘરમાં રહેલા દીવાનો પ્રકાશ બહારના પદાર્થો દેખાડવા સમર્થ બને છે તેમ મિથ્યાત્વના વિગમનને કારણે પ્રગટ થયેલો જ્ઞાનનો પ્રકાશ પરલોકનો નિર્ણય કરવા સમર્થ બને છે.

આનાથી એ ફલિત થાય કે યોગમાર્ગના સેવનનું અદ્‌ભુત માહાત્મ્ય છે કે કોઈક નિમિત્તથી પરલોકનો સંશય થયો હોય તોપણ યોગના માહાત્મ્યથી તેનું નિવર્તન થાય છે. **॥૪૨॥**

અવતરણિકા :-

न च वक्तव्यं 'स्वप्नोऽपि कथं लभ्यते' इति, यतः –

અવતરણિકાર્થ :-

અને સ્વપ્ન પણ કેવી રીતે પ્રાપ્ત થાય ? એ પ્રમાણે ન કહેવું, જે કારણથી –

❖ 'स्वप्नोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પરલોકમાં સંશય થયેલો હોય તેવા પુરુષને યોગથી ઊહાપોહ તો ન થાય, પરંતુ સ્વપ્ન પણ કેવી રીતે થાય ?

ભાવાર્થ :-

શ્લોક-૪૨માં કહ્યું કે પરલોકમાં સંશય પામેલા જીવોને યોગથી સત્સ્વપ્નપ્રત્યયાદિ દ્વારા સંશય નિવર્તન પામે છે. ત્યાં કોઈને શંકા થાય કે યોગથી પરલોકના સંશયના નિવર્તનના કારણીભૂત સ્વપ્ન પણ કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ, તેને ગ્રંથકારશ્રી કહે છે – તે પ્રમાણે ન કહેવું, કેમ ન કહેવું ? તેથી કહે છે – જે કારણથી શ્લોકમાં બતાવાશે તે પ્રમાણે સ્વપ્નાદિ થઈ શકે.

શ્લોક :-

श्रद्धालेशान्नियोगेन बाह्ययोगवतोऽपि हि ।
शुक्लस्वप्ना भवन्तीष्टदेवतादर्शनादयः ।।४३।।

અન્વયાર્થ :-

श्रद्धालेशात्=શ્રદ્ધાલેશથી=યોગમાર્ગ પ્રત્યે બહુમાનના અંશથી, बाह्ययोगवतोऽपि हि=બાહ્યયોગવાળાને પણ, इष्टदेवतादर्शनादयः शुक्लस्वप्नाः=ઈષ્ટ દેવતા દર્શનાદિ છે જેમાં એવાં શુક્લ સ્વપ્નાંઓ, नियोगेन=નિયોગથી, भवन्ति=થાય છે. ॥૪૩॥

શ્લોકાર્થ :-

શ્રદ્ધાલેશથી બાહ્યયોગવાળાને પણ ઇષ્ટ દેવતા દર્શનાદિ છે જેમાં એવાં શુકલ સ્વપ્નાંઓ નિયોગથી થાય છે. ॥૪૩॥

ટીકા :-

श्रद्धालेशाद्=बहुमानांशाद्, नियोगेन=नियमेन, बाह्ययोगवतोऽपि हि=तथाविधोपयोगशून्यतया भावयोगानुरूपक्रियामात्रयुक्तस्य, किं पुनरबाह्ययोगवत इत्यपिहीतिशब्दार्थः, किमित्याह – शुक्लस्वप्नाः= अमलीमसाः स्वप्नाः, भवन्ति=जायन्ते, 'इष्टदेवतादर्शनादयः'=दिवसारब्धाराधनजिनगुरुधार्मिकदर्शनादि-लक्षणाः ।।४३।।

ટીકાર્થ :-

श्रद्धालेशाद् ..... दर्शनादिलक्षणाः ।। श्रद्धालेशथी=बहुमानअंशथी=આ સદનુષ્ઠાનો કલ્યાણનાં કારણ છે માટે મારે સેવવાં જોઈએ એ પ્રકારના બહુમાનના અંશથી, બાહ્યયોગવાળાને પણ=તેવા પ્રકારના ઉપયોગના શૂન્યપણાથી ભાવયોગને અનુરૂપ ક્રિયામાત્ર યુક્ત એવા પુરુષને પણ=તચ્ચિત્ત તલ્લેશ્યા તદ્મન ઇત્યાદિ ભાવયોગને અનુરૂપ ઉપયોગના શૂન્યપણાથી છતાં તેને અનુરૂપ ક્રિયામાત્ર કરનારા જીવોને પણ, ઇષ્ટ દેવતા દર્શનાદિ છે જેમાં એવાં શુકલ સ્વપ્નાંઓ=દિવસમાં આરંભ કરાયેલ આરાધનાને કારણે જિનનાં, ગુરુનાં કે ધાર્મિક પુરુષોનાં દર્શનાદિ લક્ષણવાળાં એવાં શુકલ સ્વપ્નાંઓ, નિયોગથી=નિયમથી, થાય છે.

શું વળી અબાહ્યયોગવાળાને એ પ્રકારનો 'अपि हि' શબ્દનો અર્થ છે='बाह्ययोगवतोऽपि हि'માં રહેલા 'अपि हि' નો અર્થ છે. ॥૪૩॥

❖ 'इष्टदेवतादर्शनादयः'માં રહેલા 'આદિ' શબ્દથી ઇષ્ટ દેવતા આદિની પ્રેરણાનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે યોગના સેવનથી પરલોકના સંશયના નિવર્તનનું કારણ બને તેવાં સ્વપ્નાંઓ આવે છે, તે કઈ રીતે સંભવે ? તેનું સ્પષ્ટીકરણ કરવા અર્થે કહે છે કે જે યોગીઓ તચ્ચિત્ત તલ્લેશ્યા તદ્મનથી સંયમના આચારો સેવે છે તે યોગીઓ તો ભાવયોગી છે, પરંતુ જેઓ તેવા સત્ત્વશાળી નથી, આમ છતાં યોગમાર્ગ પ્રત્યે જેઓને બહુમાનનો અંશ વિદ્યમાન છે અને ભાવયોગી જે પ્રકારનાં અનુષ્ઠાન કરે છે તેને અનુરૂપ ક્રિયાઓ શ્રદ્ધાલેશથી કરે છે તોપણ તચ્ચિત્ત તલ્લેશ્યા તદ્મન ઇત્યાદિરૂપ ભાવયોગી જેવો તેઓનો ઉપયોગ નથી તેવા આરાધક જીવોને દિવસમાં કરેલી આરાધનાને કારણે સ્વપ્નમાં તીર્થંકર, ગુરુ કે ધાર્મિક પુરુષોનાં દર્શન થાય છે, તેથી તેવા જીવોને પણ યોગમાર્ગની શ્રદ્ધા દૃઢ બને છે અને પરલોકાદિમાં સંશય ન થાય તેવો સ્થિર વિશ્વાસ યોગમાર્ગમાં થાય છે, તેથી જે ભાવયોગી નથી તેવા બાહ્ય યોગવાળા મહાત્માને જો નિર્મળ સ્વપ્નાં આવતાં હોય તો ભાવયોગને સેવનારા એવા યોગીઓને તો કોઈક નિમિત્તે પરલોકમાં સંશય થયો હોય તો તેના નિવર્તનના કારણીભૂત નિર્મળ સ્વપ્નાંઓ કેમ પ્રાપ્ત ન થઈ શકે ? અર્થાત્ અવશ્ય પ્રાપ્ત થાય જ. **॥૪૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી અન્ય પ્રકારનું યોગમાહાત્મ્ય બતાવવા માટે 'तथा'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

देवान् गुरून् द्विजान् साधून्, सत्कर्मस्था हि योगिनः ।
प्रायः स्वप्ने प्रपश्यन्ति हृष्टान् सन्नोदनापरान् ।।४४।।

અન્વયાર્થ :-

हि=જે કારણથી, सत्कर्मस्था योगिनः=સત્કર્મવાળા યોગીઓ, प्रायः स्वप्ने=પ્રાયઃ સ્વપ્નમાં, हृष्टान् सन्नोदनापरान् देवान् गुरून् द्विजान् साधून्=હર્ષવાળા સત્પ્રેરણામાં તત્પર એવા દેવતાઓને, ગુરુઓને, મુનિઓને, શેષ શિષ્ટ લોકોને, प्रपश्यन्ति=જુએ છે. ।।૪૪।।

શ્લોકાર્થ :-

જે કારણથી સત્કર્મવાળા યોગીઓ પ્રાયઃ સ્વપ્નમાં હર્ષવાળા સત્પ્રેરણામાં તત્પર એવા દેવતાઓને, ગુરુને, મુનિઓને, શેષ શિષ્ટલોકોને જુએ છે, તે કારણથી યોગને કારણે પરલોકનો સંશય નિવર્તન પામે છે, એમ શ્લોક-૪૨ સાથે સંબંધ છે. ।।૪૪।।

ટીકા :-

देवान्=आराध्यतमान् जिनादीन्, गुरून्=धर्माचार्यादीन् मातापित्रादीन्वा, द्विजान्=लब्धदीक्षा-नामकद्वितीयजन्मनो मुनीन्, साधून्=शेषशिष्टलोकान्, सत्कर्मस्थाः=स्वसिद्धान्ताऽविरुद्धक्रियास्थिताः, हि प्राग्वत् योगिनो=योगाभ्यासपराः प्राणिनः, किमित्याह – प्रायः=बाहुल्येन, स्वप्ने=प्रतीतरूप एव, प्रपश्यन्ति=प्रेक्षन्ते, हृष्टान्=हर्षवतः, तथा सन्नोदनापरान्=शुद्धार्थविषयप्रेरणपरायणान् ।।४४।।

ટીકાર્થ :-

देवान् ..... प्रेरणपरायणान् ।। આરાધ્યતમ એવા જિનાદિ દેવોને, ધર્માચાર્ય આદિ અથવા માતાપિતા આદિ ગુરુને, દ્વિજોને=પ્રાપ્ત થયો છે દીક્ષા નામનો બીજો જન્મ જેમને એવા મુનિઓને, સાધુઓને=મુનિઓથી શેષ એવા શિષ્ટ લોકોને, हि=શ્લોક-૧૩ની ટીકામાં 'हि'નો અર્થ 'यस्मात्' કર્યો

એમ જે કારણથી, સત્કર્મવાળા યોગીઓ=સ્વસિદ્ધાન્તથી અવિરુદ્ધ એવી ક્રિયામાં રહેલા યોગાભ્યાસમાં તત્પર પ્રાણીઓ, બહુલતાથી સ્વપ્નમાં જુએ છે તે કારણથી યોગને કારણે પરલોકનો સંશય નિવર્તન પામે છે. એમ અન્વય છે.

કેવા દેવતા આદિને જુએ છે તે સ્પષ્ટ કરે છે –

હર્ષવાળા અને સત્પ્રેરણમાં પરાયણ એવા=શુદ્ધ અર્થ વિષયક પ્રેરણા કરવામાં પરાયણ એવા, દેવતા આદિને જુએ છે એમ અન્વય છે. ॥૪૪॥

ભાવાર્થ :-

કોઈપણ દર્શનમાં રહેલા મોક્ષના અર્થી એવા યોગીઓ પોતાના સિદ્ધાંતથી અવિરુદ્ધક્રિયાને કરનારા હોય છે અને મોક્ષને અનુકૂળ એવા ઉપશમભાવનો અભ્યાસ કરવામાં તત્પર હોય છે તેવા યોગીઓ યોગના માહાત્મ્યથી પ્રાયઃ સ્વપ્નમાં દેવતા આદિને જુએ છે અને તે દેવતા આદિ હર્ષિત થઈને તેઓને યોગમાર્ગને અનુકૂળ શુદ્ધ એવા અર્થવિષયક પ્રેરણા કરે છે, તેથી તેઓની પ્રેરણાથી ઉત્સાહિત થઈને તે યોગીઓ યોગમાર્ગમાં દૃઢ યત્ન કરવા સમર્થ બને છે, આ પ્રકારનું યોગનું માહાત્મ્ય છે. **॥૪૪॥**

અવતરણિકા :-

न चासौ भ्रान्तेति भावयन्नाह –

અવતરણિકાર્થ :-

અને આ=દેવતા આદિની પ્રેરણા, ભ્રાંત નથી એ પ્રકારે ભાવન કરતાં કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૪૪માં કહ્યું કે સત્કર્મસ્થ યોગીઓને સ્વપ્નમાં દેવતા આદિ શુદ્ધ અર્થ વિષયક પ્રેરણા કરે છે, ત્યાં કોઈને શંકા થાય કે સ્વપ્નમાં આવેલ દેવતા આદિની પ્રેરણા ભ્રાંત છે, તેથી તે પ્રેરણા યોગના માહાત્મ્યથી થઈ છે તેમ કહી શકાય નહિ, એ પ્રકારની આશંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

नोदनापि च सा यतो यथार्थैवोपजायते ।
तथाकालादिभेदेन हन्त नोपप्लवस्ततः ।।४५।।

અન્વયાર્થ :-

હન્ત='હન્ત' શબ્દ કોમલ આમંત્રણમાં છે, यतः=જે કારણથી, सा नोदनापि च=તે પ્રેરણા પણ= શ્લોક-૪૪માં કહી તે દેવતાદિની પ્રેરણા પણ, तथाकालादिभेदेन=તે પ્રકારના કાલાદિના ભેદથી, यथार्थैव=યથાર્થ જ, उपजायते=થાય છે, ततः=તેથી, नोपप्लवः=ઉપપ્લવ નથી=મિથ્યા નથી. ॥૪૫॥

શ્લોકાર્થ :-

'હન્ત' શબ્દ કોમલ આમંત્રણમાં છે. જે કારણથી તે પ્રેરણા પણ તે પ્રકારના કાલાદિના ભેદથી યથાર્થ જ થાય છે, તેથી ઉપપ્લવ નથી. ।।૪૫।।

ટીકા :-

નોદનાપિ ચ ન કેવલં દેવતાદર્શનાદિ સા=દેવાદિકૃતા, યતો=યસ્માત્કારણાદ્, યથાર્થૈવ=સૂચિત-પ્રયોજનફલૈવ્, ઉપજાયતે, કથમિત્યાહ – તથાકાલાદિભેદેન=તત્પ્રકારકાલક્ષેત્રભાવવિશેષેણ, 'હન્ત' ઇતિ પ્રાગ્વત્, ન=નૈવ, ઉપપ્લવઃ=વાતાદિધાતુવિકારજનિતશ્ચિત્તસંક્ષોભો, વર્તતે પ્રેરણા તતઃ= યથાર્થત્વાદ્ધેતોઃ, ન હિ યથાર્થફલભાજઃ અવિસંવાદિરૂપત્વાલ્લોક ઉપપ્લવરૂપતાં લભન્તે, કિંન્તુ સત્યરૂપતામેવેતિ ।।૪૫।।

ટીકાર્થ :-

નોદનાપિ ..... સત્યરૂપતામેવેતિ ।। જે કારણથી તે=દેવાદિકૃતા પ્રેરણા પણ=યોગીને સ્વપ્નમાં કરાયેલી પ્રેરણા પણ, યથાર્થ જ=સૂચિત પ્રયોજનફલવાળી જ, થાય છે, કેવી રીતે સૂચિત પ્રયોજનફલવાળી થાય છે ? એથી કહે છે – તે પ્રકારના કાલાદિના ભેદથી=તે પ્રકારના કાલ-ક્ષેત્ર-ભાવવિશેષથી યથાર્થ જ થાય છે એમ અન્વય છે, 'હન્ત' શબ્દ શ્લોક-૨૨ની ટીકામાં કહ્યા પ્રમાણે કોમલ આમંત્રણમાં જાણવો, તે કારણથી=યથાર્થપણારૂપ હેતુથી, ઉપપ્લવરૂપ=વાતાદિ ધાતુવિકારજનિત ચિત્તસંક્ષોભરૂપ, પ્રેરણા નથી જ વર્તતી.

કેમ સ્વપ્નમાં આવેલી પ્રેરણા વાતાદિ ધાતુવિકારજનિત ચિત્તસંક્ષોભરૂપ નથી ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

યથાર્થ ફલવાળા એવા પ્રતિભાસો અવિસંવાદિરૂપપણું હોવાથી લોકમાં ઉપપ્લવરૂપતાને પ્રાપ્ત કરતા નથી જ, પરંતુ સત્યરૂપતાને જ પ્રાપ્ત કરે છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૫।।

❖ 'નોદનાપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે કેવલ દર્શનાદિ નહિ, પરંતુ નોદનાદિ પણ યથાર્થ જ થાય છે.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે સત્કર્મસ્થ યોગીઓ સ્વપ્નમાં પ્રેરણા કરતા દેવતાદિને જુએ છે તે ભ્રાંતરૂપ છે; કેમ કે સ્વપ્નાંઓ વાતાદિ ધાતુ વિકારથી જનિત ચિત્તના સંક્ષોભરૂપ છે, માટે તેવાં સ્વપ્નાંઓને પ્રમાણ કહી શકાય નહિ, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – યોગીઓને પ્રેરણા કરતા એવા દેવતાદિનું સ્વપ્નમાં જે દર્શન થાય છે તે પાછળથી તે પ્રકારના કાળ-ક્ષેત્ર અને ભાવવિશેષને આશ્રયીને યથાર્થ જ થાય છે, તેથી જે પ્રેરણા યથાર્થ ફલવાળી હોય તે ધાતુના વિકારથી ઉત્પન્ન થયેલા સ્વપ્ના જેવી નથી.

અહીં વિશેષ એ છે કે કોઈ યોગીને સ્વપ્નમાં કોઈ દેવતાદિ આવીને પ્રેરણા કરે કે અમુક કાળ પછી કે અમુક ક્ષેત્રમાં તમને આ વસ્તુની પ્રાપ્તિ થશે અને તે સ્વપ્ન અનુસાર તે યોગીને ફળની પ્રાપ્તિ થાય છે, તેથી તે સ્વપ્ન ધાતુના વિકારથી થયેલ નથી, પરંતુ યોગના પ્રભાવથી થયેલ છે. **॥૪૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

શ્લોક-૪૫માં કહ્યું કે યોગીઓ સ્વપ્નમાં પ્રેરણા કરનારા દેવતાદિને જુએ છે તે ભ્રાંત નથી, હવે સર્વ સ્વપ્નાંઓ ભ્રાંત નથી તે બતાવીને પણ યોગથી થનારાં સ્વપ્નાઓ ભ્રાંત નથી તે સ્પષ્ટ કરવા માટે 'તથા'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

स्वप्नमन्त्रप्रयोगाच्च, सत्यः स्वप्नोऽभिजायते ।
विद्वज्जनेऽविगानेन, सुप्रसिद्धमिदं तथा ।।४६।।

અન્વયાર્થ :-

च=અને, स्वप्नमन्त्रप्रयोगात्=સ્વપ્નમંત્રના પ્રયોગથી, सत्यः स्वप्नः अभिजायते=સત્ય સ્વપ્ન થાય છે, तथा=તે પ્રકારે, विद्वज्जने=વિદ્વાનલોકમાં, इदम्=આ=સ્વપ્નમંત્રના પ્રયોગથી સત્ય સ્વપ્ન થાય છે એ, अविगानेन=અવિગાનથી=એક મતથી, सुप्रसिद्धम्=સુપ્રસિદ્ધ છે. ॥૪૬॥

શ્લોકાર્થ :-

અને સ્વપ્નમંત્રના પ્રયોગથી સત્ય સ્વપ્ન થાય છે તે પ્રકારે વિદ્વાનલોકમાં આ એકમતથી સુપ્રસિદ્ધ છે. ॥૪૬॥

ટીકા :-

स्वप्नमन्त्रप्रयोगाच्च=स्वप्नमन्त्रः स्वप्नलाभफलो मन्त्रविशेषः तत्प्रयोगात्, चकारात्=शुद्धयोगात्, च सत्यः स्वप्नो=यथार्थस्वप्नः, अभिजायते=आविर्भवति, एतदेव दृढीकुर्वन्नाह – विद्वज्जने=मतिमल्लोके, अविगानेन=अविप्रतिपत्त्या, सुप्रसिद्धं=अतीव ख्यातिमागतं, इदं=स्वप्नमन्त्रप्रयोगात्सत्यः स्वप्नो जायत इत्येतत्, तथा=तेन प्रकारेण ।।४६।।

ટીકાર્થ :-

સ્વપ્નમન્ત્રપ્રયોગાચ્ચ ..... પ્રકારેણ ।। સ્વપ્નમન્ત્રના પ્રયોગથી=સ્વપ્નલાભફલવાળા એવા મંત્રવિશેષના પ્રયોગથી અને, 'ચ'કારથી=શુદ્ધ યોગથી, સત્ય સ્વપ્ન=યથાર્થ સ્વપ્ન, આવિર્ભાવ પામે છે, આને જ=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એને જ, દૃઢ કરતાં ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – વિદ્વાન લોકમાં=મતિમાન લોકમાં, અવિગાનથી=અવિપ્રતિપત્તિથી=એકવાક્યતાથી, તે પ્રકારે આ=સ્વપ્નમન્ત્રના પ્રયોગથી સત્ય સ્વપ્ન થાય છે એ, સુપ્રસિદ્ધ છે=અતિખ્યાતિને પામેલું છે. ॥૪૬॥

ભાવાર્થ :-

શ્લોક-૪૫ની અવતરણિકામાં કહેલ કે દેવતાદિ યોગીઓને સ્વપ્નમાં પ્રેરણા કરે છે તે વાતાદિ ધાતુ વિકારજનિત હોવાથી ભ્રાંત છે તેનું નિરાકરણ શ્લોક-૪૫માં કર્યું. હવે તે અવતરણિકાના કથનનું જ અન્ય રીતે નિરાકરણ કરતાં કહે છે –

કેટલાક મંત્રો એવા છે કે તે મંત્રનો વિધિપૂર્વક જાપ કરવામાં આવે તો તે મંત્રના પ્રયોગથી જે પ્રકારની પોતાને શંકા હોય તેનું નિરાકરણ થાય તેવું સ્વપ્ન આવે છે, વળી શુદ્ધ યોગથી પણ સ્વપ્ન આવે છે, તેથી મંત્રવિશેષથી અને શુદ્ધ યોગથી સત્ય સ્વપ્નાંઓ આવે છે એ કથન વિદ્વાનલોકમાં સર્વને પ્રમાણ રૂપે માન્ય છે, તેથી સ્વપ્ન પ્રમાણ માની શકાય નહિ એમ કહીને યોગના માહાત્મ્યથી થતાં સ્વપ્ન અપ્રામાણિક છે તેમ કહી શકાય નહિ. **॥૪૬॥**

અવતરણિકા :-

ન ચ ભૂતહેતુકોઽયં વ્યવહાર ઇતિ દર્શયતિ –

અવતરણિકાર્થ :-

ભૂતહેતુક=શરીરમાં રહેલા પાંચ ભૂત હેતુક, આ વ્યવહાર=દેવતાદર્શનાદિ વ્યવહાર, નથી એ બતાવે છે –

ભાવાર્થ :-

કેટલાક કહે છે કે પાંચભૂતોનું બનેલું આ શરીર છે અને તે પાંચભૂતોના કારણે તે તે પ્રકારનાં સ્વપ્નાંઓ આવે છે તેમ કોઈ યોગીને દેવતાનું દર્શન આદિ થાય છે એ વ્યવહાર પણ પાંચભૂતોના બનેલા શરીરજન્ય છે, પરમાર્થથી દેવતાના અનુગ્રહથી કે મંત્રપ્રયોગથી દેવતાનાં દર્શનાદિ થતાં નથી આ પ્રકારની કોઈકની માન્યતા ઉચિત નથી એ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

ન હ્યેતદ્ ભૂતમાત્રત્વનિમિત્તં સદ્ગતં વચઃ ।
અયોગિનઃ સમધ્યક્ષં યત્રૈવંવિધગોચરમ્ ।।૪૭।।

અન્વયાર્થ :-

એતદ્=આ=દેવતાદર્શનાદિ, ભૂતમાત્રત્વનિમિત્તં=દેહમાં રહેલા પાંચભૂતમાત્રત્વ નિમિત્ત, સઙ્ગતં વચઃ ન હિ=સંગત વચન નથી જ, યદ્=જે કારણથી, એવંવિધગોચરમ્=આવા પ્રકારનો વિષય=ભૂતમાત્રથી સ્વપ્ન થાય છે, મંત્રપ્રયોગાદિથી નહિ એવા પ્રકારનો વિષય, અયોગિનઃ=અયોગીને=છદ્મસ્થને, સમધ્યક્ષં ન=પ્રત્યક્ષ નથી. ।।૪૭।।

શ્લોકાર્થ :-

દેવતાદર્શનાદિ દેહમાં રહેલા પાંચભૂતમાત્રત્વ નિમિત્ત સંગત વચન નથી જ, જે કારણથી આવા પ્રકારનો વિષય અયોગીને પ્રત્યક્ષ નથી. ।।૪૭।।

ટીકા :-

न हि=नैव, एतद्=उक्तरूपं, देवतादर्शनादि, भूतमात्रत्वनिमित्तं=भूतमात्रत्वं-केवलभूतभाव एव निमित्तं हेतुर्यस्य तत्तथा, इत्येवं परेण प्रवर्तमानं सङ्गतं=घटमानकं, 'वचो'=वचनम्, 'एतत्स्वप्नदर्शनादि यत्कैश्चिद् भूतमात्रनिमित्तमित्युच्यते तदसङ्गतं वच' इत्यर्थः, कुत इत्याह – 'अयोगिनः'=अर्वाग्दर्शिनः प्रमातुः, समध्यक्षं=प्रत्यक्षं चाक्षुषादि, यत्=यस्मात्, न=नैव, एवंविधगोचरं-एवंविधः स्वप्नदर्शनादि-रतीन्द्रियोऽर्थो भूतमात्रनिमित्तो न तु देवतानुग्रहमन्त्रप्रयोगादिनिमित्तक इत्यादिकोऽर्थो गोचरो=विषयो यत्र तत्तथा, इदमुक्तं भवति-छद्मस्थस्य पृथिव्यादिरूपभूतमात्रपरिहारेणातीन्द्रिये देवतादावर्थे विधिप्रतिषेधयोः प्रत्यक्षमक्षममेव, तस्य तदविषयत्वादिति ।।४७।।

ટીકાર્થ :-

न हि=नैव, ... तदविषयत्वादिति ।। આ=ઉક્તસ્વરૂપવાળું દેવતા દર્શનાદિ=શ્લોક-૪૩માં કહ્યું એ રૂપ દેવતાદર્શનાદિ, ભૂતમાત્રત્વ નિમિત્ત એ પ્રકારે પર વડે પ્રવર્તમાન વચન સંગત=ઘટમાનક, નથી જ. ભૂતમાત્રત્વ નિમિત્તનો સમાસ સ્પષ્ટ કરે છે – ભૂતમાત્રત્વ=કેવલ ભૂતભાવ જ નિમિત્ત અર્થાત્ હેતુ છે જેને, તે તેવું છે=ભૂતમાત્રત્વ નિમિત્ત છે.

શ્લોકના પૂર્વાર્ધનું કથન સ્પષ્ટ કરતાં કહે છે –

આ સ્વપ્નદર્શનાદિ કેટલાક વડે જે ભૂતમાત્ર નિમિત્ત છે એ પ્રમાણે કહેવાય છે તે અસંગત વચન છે એ પ્રકારનો અર્થ છે, કેમ અસંગત વચન છે ? એથી કહે છે – જે કારણથી અયોગીને=સામે રહેલી વસ્તુને જોનારા એવા પ્રમાતૃને, આવા પ્રકારનો વિષય સમધ્યક્ષ=ચાક્ષુષાદિ પ્રત્યક્ષ, નથી જ. 'एवंविधगोचरम्'નો સમાસ સ્પષ્ટ કરે છે – 'एवंविधः'=સ્વપ્નદર્શનાદિ અતીન્દ્રિય અર્થ ભૂતમાત્રનિમિત્ત છે, પરંતુ દેવતા અનુગ્રહ મંત્રપ્રયોગાદિ નિમિત્તક નથી ઇત્યાદિક અર્થ ગોચર=વિષય છે જેમાં તે તેવું છે=એવંવિધ ગોચર છે.

શ્લોકના ઉત્તરાર્ધથી જે કહ્યું તેનાથી શું કહેવાયેલું થાય છે તે બતાવે છે –

આ કહેવાયેલું થાય છે – છદ્મસ્થને પૃથિવ્યાદિ રૂપ ભૂતમાત્રના પરિહારથી=પૃથિવ્યાદિ રૂપ ભૂતમાત્રને છોડીને અતીન્દ્રિય એવા દેવતાદિ અર્થમાં વિધિ અને પ્રતિષેધનું=દેવતાદિથી આ સ્વપ્ન દેખાયું છે એ પ્રકારની વિધિનું અને દેવતાદિથી આ સ્વપ્ન દેખાયું નથી એ પ્રકારના નિષેધનું, પ્રત્યક્ષ થતું નથી જ; કેમ કે તેનું=અતીન્દ્રિય એવા દેવતાદિ અર્થનું, તેનું અવિષયપણું છે=છદ્મસ્થના જ્ઞાનનું અવિષયપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૪૭॥

❖ 'देवतानुग्रहमन्त्रप्रयोगादिनिमित्तकः'માં 'आदि' પદથી યોગનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે યોગનિમિત્તક સ્વપ્નમાં દેવતાદર્શનાદિ થાય છે તે યોગનું માહાત્મ્ય છે. ત્યાં કોઈ શંકા કરે છે કે દેહ પાંચભૂતોનો બનેલો છે અને પાંચભૂત નિમિત્તક સ્વપ્નાંઓ આવે છે, તેથી સ્વપ્નમાં દેવતાદર્શનાદિ થાય છે તે યોગનું માહાત્મ્ય કહી શકાય નહિ, પરંતુ પાંચભૂત માત્રત્વનિમિત્તક દેવતાદર્શન છે, તેને ગ્રંથકારશ્રી કહે છે કે સ્વપ્નમાં દેવતાદર્શનાદિનું ભૂતમાત્રત્વનિમિત્તક છે એ અસંગત વચન છે, કેમ અસંગત વચન છે ? તેથી કહે છે –

છદ્મસ્થ જીવો સ્વપ્નમાં કોઈને દેવતાનું દર્શન થાય છે તે ભૂતમાત્રની નિમિત્તે થાય છે કે યોગના સેવનથી થાય છે તે પ્રત્યક્ષ જોઈ શકતા નથી, તેથી સ્વપ્ન શેનાથી આવે છે તે પ્રત્યક્ષથી દેખાતું ન હોય તે છતાં સ્વપ્નમાં પાંચ ભૂત નિમિત્તક દેવતાદર્શનાદિ થાય છે તેમ કહેવું ઉચિત નથી.

અહીં ભૂતમાત્રત્વ નિમિત્ત કહેવાથી એ પ્રાપ્ત થાય કે સ્વપ્નમાં દેવતાદર્શનાદિ થાય છે તે પાંચભૂતના શરીરના નિમિત્તે થાય છે, પરંતુ માત્ર પાંચ ભૂતના બનેલા શરીરના નિમિત્તે થતાં નથી પણ સ્વપ્નમંત્રના પ્રયોગથી પણ થાય છે અને યોગથી પણ થાય છે. છતાં માત્ર પાંચભૂતના બનેલા શરીર નિમિત્તે જ થાય છે તેમ છદ્મસ્થપુરુષ કહી શકે નહીં. **॥૪૭॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૪૭માં કહ્યું કે પાંચ ભૂતમાત્રત્વ નિમિત્ત દેવતાદર્શનાદિ છે એ પ્રમાણે જે પર કહે છે તે અસંગત વચન છે એને જ, ભાવન કરે છે –

શ્લોક :-

प्रलापमात्रं च वचो यदप्रत्यक्षपूर्वकम् ।
यथेहाप्सरसः स्वर्गे मोक्षे चानन्द उत्तमः ।।४८।।

અન્વયાર્થ :-

च=અને, यद्=જે, अप्रत्यक्षपूर्वकम् वचः=અપ્રત્યક્ષપૂર્વક વચન હોય તે, प्रलापमात्रं=પ્રલાપમાત્ર છે, यथा=જે પ્રમાણે, इह=અહીં=મનુષ્યલોકમાં, કોઈક કહે છે, स्वर्गे=સ્વર્ગમાં, अप्सरसः=અપ્સરાઓ છે, च=વળી, मोक्षे=મોક્ષમાં, उत्तमः आनन्दः=ઉત્તમ આનંદ છે. (તે પ્રલાપમાત્ર છે) ॥૪૮॥

શ્લોકાર્થ :-

અને જે અપ્રત્યક્ષપૂર્વક વચન હોય તે પ્રલાપમાત્ર છે, જે પ્રમાણે અહીં કોઈક કહે છે – સ્વર્ગમાં અપ્સરાઓ છે વળી મોક્ષમાં ઉત્તમ આનંદ છે. (તે પ્રલાપમાત્ર છે) ॥૪૮॥

ટીકા :-

प्रलापमात्रम्=अनर्थकमेव, 'चः' समुच्चये, वचो=वचनम्, कीदृशमित्याह – यदप्रत्यक्षपूर्वकं=प्रत्यक्षेणानुपलभ्य यद् भाषितम्, दृष्टान्तमाह – यथेह=मर्त्यलोके, कश्चिद्वक्त्यसर्वज्ञवादी मीमांसकादिः, अप्सरसः-मेनका-रम्भाद्याः, स्वर्गे सन्ति मोक्षे च=मुक्तौ पुनः, आनन्दः=आह्लादः, उत्तमः=सर्वातिशायी, साक्षाददृष्टे हि वाच्य अप्सरःप्रमुखे ब्रुवाणो मीमांसकादिः प्रलापमात्रकार्येव स्यात्, एवं नास्तिकोऽप्यतीन्द्रियं देवतादिकं निह्नुवान इति ॥४८॥

ટીકાર્થ :-

प्रलापमात्रं ..... निह्नुवान इति ॥ 'च' समुच्चयમાં છે=શ્લોક-૪૭ સાથે સમુચ્ચયમાં છે, પ્રલાપમાત્ર=અનર્થક જ, વચન છે, કેવું વચન અનર્થક છે ? એથી કહે છે – જે અપ્રત્યક્ષપૂર્વક છે=પ્રત્યક્ષથી પ્રાપ્ત કર્યા વગર જે બોલાયેલું છે તે અનર્થક છે એમ અન્વય છે.

દૃષ્ટાંતને કહે છે=શ્લોકના પૂવાર્ધના કથનમાં દૃષ્ટાંતને કહે છે – જે પ્રમાણે અહીં=મર્ત્યલોકમાં, કોઈક અસર્વજ્ઞવાદી મીમાંસકાદિ કહે છે – સ્વર્ગમાં મેનકા-રંભા આદિ અપ્સરાઓ છે. વળી મોક્ષમાં ઉત્તમ=સર્વાતિશાયી, આનંદ છે=આહ્લાદ છે.

શ્લોકનો ફલિતાર્થ સ્પષ્ટ કરે છે –

સાક્ષાદ્ અદૃષ્ટ અપ્સરા વગેરે વાચ્યમાં બોલતો મીમાંસકાદિ પ્રલાપમાત્રકારી જ થાય એ પ્રમાણે નાસ્તિક પણ=યોગના માહાત્મ્યને નહિ સ્વીકારનાર પણ, અતીન્દ્રિય એવા દેવતાદિકને અપલાપ કરતો પ્રલાપમાત્રકારી જ થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૪૮॥

ભાવાર્થ :-

યોગના માહાત્મ્યને નહિ સ્વીકારનાર સ્વપ્નમાં દેવતાદિ આવીને પ્રેરણા કરે છે તે સ્વીકારતો નથી અને કહે છે કે સ્વપ્ન પાંચ ભૂત હેતુ દેહ માત્ર નિમિત્તક છે તેનું તે વચન પ્રલાપમાત્રરૂપ છે; કેમ કે યોગીઓને

સ્વપ્નમાં દેવતાદિની પ્રેરણા થાય છે તે પાંચભૂત નિમિત્તક છે તે પ્રત્યક્ષથી જોઈને નાસ્તિક બોલતો નથી, પરંતુ યોગને નહિ સ્વીકારવાના વલણથી બોલે છે, માટે તેનું તે કથન પ્રલાપમાત્ર છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે –

કેટલાક મીમાંસકાદિ સર્વજ્ઞને સ્વીકારતા નથી, તેથી તેના મતે કોઈ સર્વજ્ઞ નથી, આમ છતાં મીમાંસકો કહે છે કે સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં ઉત્તમ સુખ છે, વસ્તુતઃ કોઈ સર્વજ્ઞ ન હોય તો મર્ત્યલોકમાં રહેનાર પુરુષ સ્વર્ગમાં અપ્સરા છે તેનો નિર્ણય કરી શકે નહિ અને મોક્ષમાં સુખ છે તેનો પણ નિર્ણય કરી શકે નહિ, માટે તેનું કથન જેમ પ્રલાપમાત્ર છે તેમ નાસ્તિકનું પણ કથન પ્રલાપમાત્ર જ છે.

અહીં મર્ત્યલોક કહેવાથી એ પ્રાપ્ત થાય કે સ્વર્ગલોકમાં રહેનારા કોઈ દેવતા કહે કે સ્વર્ગમાં અપ્સરા છે તો દેવતા અપ્સરાઓને પ્રત્યક્ષથી જોનાર હોવાને કારણે કહી શકે, પરંતુ મર્ત્યલોકમાં રહેનારા અસર્વજ્ઞવાદી મીમાંસક સ્વર્ગમાં અપ્સરાઓ છે તે કહી શકે નહિ, ફક્ત જેઓ સર્વજ્ઞને સ્વીકારે છે તેઓ સર્વજ્ઞના વચનના બળથી સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં ઉત્તમ સુખ છે તેમ કહી શકે; કેમ કે મર્ત્યલોકમાં રહેલા પણ સર્વજ્ઞ સ્વર્ગને અને મોક્ષને પ્રત્યક્ષથી જોનારા છે અને રાગાદિ અનાકુળ હોવાથી યથાર્થવાદી છે અને સર્વજ્ઞના વચનને અવલંબીને છદ્મસ્થો પણ કહી શકે કે સર્વજ્ઞ આપ્તપુરુષ છે અને તેઓ કહે છે કે સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં ઉત્તમ સુખ છે, માટે પોતે પણ સર્વજ્ઞના વચનાનુસાર સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં ઉત્તમ સુખ છે તેમ કહે તે પ્રલાપમાત્ર નથી, પરંતુ સર્વજ્ઞ નહિ માનનાર મીમાંસકનું તે વચન પ્રલાપમાત્ર છે, તેમ સ્વપ્ન દેવતાદિના અનુગ્રહથી થતું નથી એ પ્રકારનું નાસ્તિકનું વચન પ્રલાપમાત્ર છે. **॥૪૮॥**

અવતરણિકા :-

अथैवमनवकाशीकृतः कदाचित्परलोकसंशयवादी मीमांसको वा ब्रूयाद्यथा –

અવતરણિકાર્થ :-

હવે આ રીતે=શ્લોક-૪૮માં કહ્યું એ રીતે, અનવકાશીકૃત એવો પરલોક સંશયવાદી અથવા મીમાંસક કદાચ કહે, શું કહે તે 'યથા'થી બતાવે છે –

ભાવાર્થ :-

શ્લોક-૪૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સ્વપ્નમાં દેવતાદર્શનાદિ થાય છે તે યોગના માહાત્મ્યથી નથી એમ જે નાસ્તિક કહે છે તે પ્રલાપમાત્ર છે અને સ્વર્ગમાં અપ્સરા છે અને મોક્ષમાં ઉત્તમ આનંદ છે એમ અસર્વજ્ઞવાદી મીમાંસક કહે છે એ પ્રલાપમાત્ર છે એ પ્રમાણે કહીને ગ્રંથકારશ્રીએ નાસ્તિકને અને મીમાંસકને નહિ દેખાતા પદાર્થ વિષયક બોલતો બંધ કર્યો, તેથી પરલોકમાં સંશયવાદી એવો નાસ્તિક અથવા મીમાંસક ગ્રંથકારશ્રીના તે કથનના નિરાકરણ માટે જે પ્રમાણે બોલે તે શ્લોકમાં બતાવે છે –

શ્લોક :-

योगिनो यत्समध्यक्षं ततश्चेदुक्तनिश्चयः ।
आत्मादेरपि युक्तोऽयं तत एवेति चिन्त्यताम् ।।४९।।

અન્વયાર્થ :-

યોગિનઃ=યોગીને યત્સમધ્યક્ષં=જે પ્રત્યક્ષજ્ઞાન છે=સ્વર્ગમાં અપ્સરા છે અને મોક્ષમાં આનંદ છે તેનું પ્રત્યક્ષજ્ઞાન છે, તતઃ=તેનાથી=યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી, ઉક્તનિશ્ચયઃ=ઉક્તનિશ્ચય છે=સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે એનો નિર્ણય છે, ચેત્=એ પ્રમાણે જો પરલોક સંશયવાદી અથવા મીમાંસક કહે, તો ગ્રંથકારશ્રી કહે છે, તત એવ=તેનાથી જ=યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી જ, આત્માદેરપિ=આત્માદિનો પણ, અયં=આ=નિશ્ચય, યુક્તઃ=યુક્ત છે, ઇતિ=એ પ્રમાણે, ચિન્ત્યતામ્=વિચારવું જોઈએ. ।।૪૯।।

શ્લોકાર્થ :-

યોગીને જે પ્રત્યક્ષજ્ઞાન છે તેનાથી ઉક્તનિશ્ચય છે એ પ્રમાણે જો પરલોક સંશયવાદી અથવા મીમાંસક કહે, તો ગ્રંથકારશ્રી કહે છે, તેનાથી જ આત્માદિનો પણ નિશ્ચય યુક્ત છે એ પ્રમાણે વિચારવું જોઈએ. ।।૪૯।।

ટીકા :-

યોગિનો=દિવ્યદૃશઃ પ્રમાતુઃ, યત્સમધ્યક્ષં=પ્રત્યક્ષજ્ઞાનં, ततः= तत्समध्यक्षात्, चेद्=यदि, उक्तनिश्चयः= अप्सरसः स्वर्गे मोक्षे चानन्द इति प्रागुक्तार्थनिर्णयो, जायते एवं तर्हि, आत्मादेरपि अतीन्द्रियार्थस्य किं पुनः प्रस्तुतस्येत्यपिशब्दार्थः युक्तः=घटमानः, अयं=निश्चयः, तत एव=योगिसमध्यक्षादेव, इति= एतद्, चिन्त्यतां=विमृश्यतामिति ।।४९।।

ટીકાર્થ :-

યોગિનો ..... વિમૃશ્યતામિતિ ।। યોગીને=દિવ્યદૃષ્ટિવાળા પ્રમાતૃને, જે પ્રત્યક્ષજ્ઞાન છે તેનાથી=યોગીના તે પ્રત્યક્ષજ્ઞાનથી, ઉક્તનિશ્ચય છે=સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે એ પ્રકારનો પૂર્વમાં કહેલા અર્થનો નિર્ણય થાય છે, એમ જો પરલોકસંશયવાદી અથવા મીમાંસક કહે एवं तर्हि=આ રીતે તો=જે રીતે પરલોક સંશયવાદી કે મીમાંસકે સ્વર્ગમાં રહેલી અપ્સરાઓનો અને મોક્ષમાં રહેલા આનંદનો યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી નિર્ણય કર્યો એ રીતે તો, અતીન્દ્રિય અર્થ એવા આત્માદિનો પણ આ=નિશ્ચય, તેનાથી જ=યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી જ, યુક્ત છે=ઘટમાન છે, એને વિચારવું જોઈએ.

પ્રસ્તુતનું=સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે તે પ્રસ્તુતનું, વળી શું ? એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે='आत्मादेरपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૯।।

ભાવાર્થ :-

શ્લોક-૪૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે 'સ્વપ્ન દેવતા અનુગ્રહાદિથી થતું નથી, પાંચભૂત રૂપ શરીર હેતુક છે એમ જે નાસ્તિક કહે છે તે પ્રલાપમાત્ર છે' અને તેમાં દૃષ્ટાંત આપ્યું કે 'જેમ મીમાંસક સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં સુખ છે એમ કહે છે તે પ્રલાપમાત્ર છે' તેના નિરાકરણ માટે નાસ્તિક કહે છે કે 'સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં સુખ છે એ મીમાંસકનું કથન યોગીના પ્રત્યક્ષજ્ઞાનના બળથી છે માટે મીમાંસકનું કથન પ્રલાપમાત્ર છે તેમ કહીને તે દૃષ્ટાંતના બળથી અમારું કથન પ્રલાપમાત્ર છે તેમ કહો છો તે ઉચિત નથી' તેને ગ્રંથકારશ્રી કહે છે કે 'જો યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી મીમાંસક સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે તેમ કહેતો હોય અને તેથી તેનું કથન પ્રલાપમાત્ર ન હોય તો તે યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી જ અતીન્દ્રિય એવા આત્માદિ અર્થનો પણ નિર્ણય થઈ શકે છે, તેથી નાસ્તિકવાદીએ યોગીના જ્ઞાનના બળથી આત્માદિ અતીન્દ્રિય અર્થને સ્વીકારવા જોઈએ અને જો નાસ્તિક પરલોકમાં જનાર આત્માને સ્વીકારે તો પરલોકની સાધનાના કારણીભૂત એવું યોગનું માહાત્મ્ય પણ સ્વીકારવું જોઈએ.'

વસ્તુતઃ ગ્રંથકારશ્રીએ યોગનું માહાત્મ્ય બતાવીને પરલોકના વિષયમાં થતો સંશય યોગના માહાત્મ્યથી દૂર થાય છે તેમ કહ્યું અને નાસ્તિક પરલોકને સ્વીકારતો નથી, આથી યોગના માહાત્મ્યથી સાચાં સ્વપ્નાંઓ આવે છે અને પરલોકનો સંશય દૂર થાય છે તેમ માનતો નથી, પરંતુ જો યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી નાસ્તિક આત્માદિ અતીન્દ્રિય અર્થોને સ્વીકારી લે તો પરલોકના સંશયના નિવર્તનના કારણીભૂત સત્ય સ્વપ્નને અપ્રમાણ કહેવાનું કોઈ પ્રયોજન નાસ્તિકને રહેતું નથી એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય પ્રસ્તુત શ્લોકથી અભિવ્યક્ત થાય છે.

અહીં અવતરણિકામાં કહ્યું કે આ રીતે અનવકાશીકૃત પરલોક સંશયવાદી આ પ્રમાણે કહે તેનો ઉત્તર પ્રસ્તુત શ્લોકમાં આપેલ છે, આથી જ મીમાંસકના કથનને યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી સંગત કરવા માટે પરલોક સંશયવાદી પ્રયત્ન કરે તો યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી જ આત્માદિનો પણ નિશ્ચય પરલોક સંશયવાદીએ સ્વીકારવો જોઈએ તેમ ગ્રંથકારશ્રીએ કહેલ છે.

વળી અવતરણિકામાં કહેલ કે 'આ રીતે અનવકાશીકૃત એવો મીમાંસક કદાચ કહે', શું કહે તે ગ્રંથકારશ્રીએ શ્લોકના પૂર્વાર્ધથી બતાવેલ છે, અને શ્લોકના ઉત્તરાર્ધનું તાત્પર્ય મીમાંસકના કથન સામે નથી, પરંતુ નાસ્તિકના કથન સામે છે; કેમ કે અસર્વજ્ઞવાદી એવો મીમાંસક આત્માદિ વસ્તુને સ્વીકારે છે, આથી જ સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે એમ કહે છે, તેથી ઉત્તરાર્ધ દ્વારા ગ્રંથકારશ્રી આત્માદિ સ્વીકારનાર મીમાંસકને આત્માદિ સ્વીકારવાનું કહેતા નથી, પરંતુ નાસ્તિકને આત્માદિ સ્વીકારવાનું કહે છે.

આશય એ છે કે 'સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે' એ મીમાંસકના કથનને ગ્રંથકારશ્રીએ પ્રલાપમાત્ર કહ્યું તેની સામે મીમાંસક શું કહે તે ગ્રંથકારશ્રીએ શ્લોકના પૂર્વાર્ધમાં બતાવ્યું અને નાસ્તિક મીમાંસકના કથનની સંગતિ કરવા માટે શ્લોકના પૂર્વાર્ધમાં બતાવ્યું તે પ્રમાણે કહે અને પોતાનું કથન પ્રલાપમાત્ર છે તેમાં ગ્રંથકારશ્રીએ જે મીમાંસકનું દૃષ્ટાંત શ્લોક-૪૮માં આપ્યું તે અસંગત છે તેમ કહે તો તેના ઉત્તર રૂપે ગ્રંથકારશ્રીએ શ્લોકનો ઉત્તરાર્ધ કહેલ છે. **॥૪૯॥**

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૪૯માં કહ્યું કે જો યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં આનંદ છે તેનો નિર્ણય થઈ શકે તો યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી આત્માદિનો પણ નિર્ણય થઈ શકે એને જ ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

अयोगिनो हि प्रत्यक्षगोचरातीतमप्यलम् ।
विजानात्येतदेवं च, बाधाऽत्रापि न विद्यते ।।५०।।

અન્વયાર્થ :-

हि=જે કારણથી, अयोगिनः=અયોગીના, प्रत्यक्षगोचरातीतमपि एतद्=પ્રત્યક્ષ ગોચરાતીત પણ આને=છદ્મસ્થને પરોક્ષ પણ આત્માદિ વસ્તુને, अलम्=અત્યંત, विजानाति=યોગી જાણે છે, एवं च=અને એ રીતે=છદ્મસ્થને પરોક્ષ પણ આત્માદિ વસ્તુને યોગી પ્રત્યક્ષ જાણે છે એ રીતે, अत्रापि=આમાં પણ=આત્માદિ નિશ્ચયમાં પણ, बाधा=બાધા, न विद्यते=વિદ્યમાન નથી. ।।૫૦।।

શ્લોકાર્થ :-

જે કારણથી અયોગીના પ્રત્યક્ષ ગોચરાતીત પણ આને યોગી અત્યંત જાણે છે અને એ રીતે આમાં પણ બાધા વિદ્યમાન નથી. ।।૫૦।।

ટીકા :-

अयोगिनो=अर्वाग्दृशः प्रमातुः, हि=यस्मात्, प्रत्यक्षगोचरातीतमपि=ऐन्द्रियकाध्यक्षविषयभावातिक्रान्तमप्यात्मादिवस्तु, किं पुनरितररूपमित्यपिशब्दार्थः, अलम्=अत्यर्थं, हस्ततलन्यस्तनिस्तलस्थूलमुक्ताफलावलोकनोदाहरणेन विजानाति=प्रेक्षते, एतद्=योगिसमध्यक्षं, दिव्यदर्शनत्वात्तस्य । यदि नामैवं ततः किं सिद्धमित्याह – एवं च=अस्मिंश्च प्रकारे सति, 'बाधा' अघटनालक्षणा अत्रापि=आत्मादिनिश्चये, न केवलमप्सरःप्रभृतावर्थ इत्यपिशब्दार्थः, न विद्यते=नास्ति ।।५०।।

ટીકાર્થ :-

अयोगिनः ..... नास्ति ।। જે કારણથી અયોગીના=સામે રહેલી વસ્તુને જોનારા પ્રમાતૃના, પ્રત્યક્ષ ગોચરાતીત પણ આને=ઐન્દ્રિયક પ્રત્યક્ષના વિષયભાવ અતિક્રાન્ત પણ આત્માદિ વસ્તુ રૂપ યોગી પ્રત્યક્ષ વસ્તુને, હથેળીમાં રહેલા ગોળાકાર સ્થૂલ મુક્તાફલના અવલોકનના ઉદાહરણથી અત્યંત

જાણે છે=યોગી જુએ છે; કેમ કે તેમનું=યોગીનું, દિવ્યદર્શનપણું છે, જો આમ છે=છદ્મસ્થને પરોક્ષ પણ વસ્તુ યોગી હથેળીમાં રહેલા મુક્તાફલની જેમ જુએ છે તેમ પૂર્વમાં કહ્યું એમ છે, તેનાથી શું સિદ્ધ થયું ? એથી કહે છે – અને આ રીતે=આ પ્રકાર હોતે છતે=છદ્મસ્થને પરોક્ષ પણ વસ્તુ યોગી પ્રત્યક્ષથી જુએ છે એ પ્રકાર હોતે છતે, અહીં પણ=આત્માદિ નિશ્ચયમાં પણ, અઘટમાન સ્વરૂપ-વાળી બાધા વિદ્યમાન નથી.

વળી ઇતરરૂપનું શું ?=પ્રત્યક્ષથી ઇતરરૂપનું શું ?, એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે= 'प्रत्यक्षगोचरातीतमपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

કેવલ અપ્સરા પ્રભૃત અર્થમાં નહિ એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે='अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૫૦॥

ભાવાર્થ :-

શ્લોક-૪૯માં કહ્યું કે યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી સ્વર્ગમાં અપ્સરા છે અને મોક્ષમાં આનંદ છે તેનો નિર્ણય થતો હોય તો અતીન્દ્રિય એવા આત્માદિ અર્થનો પણ યોગીના જ્ઞાનથી નિર્ણય થઈ શકે એ કથનને જ સ્પષ્ટ કરતાં કહે છે –

છદ્મસ્થ એવા પ્રમાતૃને ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ નથી તેવી પણ આત્માદિ વસ્તુને અતીન્દ્રિય પદાર્થને જોનારા યોગી હાથમાં રહેલી વસ્તુની જેમ અત્યંત જુએ છે, તેથી એ ફલિત થાય કે છદ્મસ્થ જીવોને આત્મા, કર્મ, પરલોક આદિ પદાર્થો ઇંદ્રિયોથી દેખાતા નથી તે પદાર્થોને પણ અતીન્દ્રિય જ્ઞાની એવા કેવલી પ્રત્યક્ષથી જુએ છે અને તેમ સિદ્ધ થવાથી તેમના વચનથી છદ્મસ્થ જીવોને આત્માદિ પદાર્થોના નિશ્ચયમાં કોઈ બાધા નથી, તેથી યોગીના પ્રત્યક્ષજ્ઞાનથી સ્વર્ગમાં અપ્સરાઓ છે અને મોક્ષમાં સુખ છે તેનો નિર્ણય છદ્મસ્થને થઈ શકે છે તેમ યોગીના વચનથી જ આત્માદિ પદાર્થનો પણ નિર્ણય છદ્મસ્થને થઈ શકે છે. ॥૫૦॥

અવતરણિકા :-

इत्थमागमगम्यत्वमभिधायाऽधुनानुमानविषयत्वमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૫૦માં કહ્યું કે યોગી એવા કેવલીના વચનથી છદ્મસ્થને આત્માદિના નિશ્ચયમાં બાધા નથી એ રીતે, આગમગમ્યત્વને કહીને=આત્માદિ અતીન્દ્રિય પદાર્થોનું આગમગમ્યત્વ કહીને, હવે અનુમાનવિષયત્વને=અતીન્દ્રિય એવા આત્માદિ પદાર્થોના અનુમાન વિષયત્વને, કહે છે –

શ્લોક :-

आत्माद्यतीन्द्रियं वस्तु, योगिप्रत्यक्षभावतः ।
परोक्षमपि चान्येषां, न हि युक्त्या न युज्यते ।।५१।।

અન્વયાર્થ :-

યોગિપ્રત્યક્ષભાવતઃ=યોગીના પ્રત્યક્ષનો વિષય ભાવ હોવાને કારણે, ચ=અને, અન્યેષાં=અન્યોને, પરોક્ષમપિ=પરોક્ષ પણ, આત્માદ્યતીન્દ્રિયં વસ્તુ=આત્માદિ અતીન્દ્રિય વસ્તુ, યુક્ત્યા=યુક્તિથી, ન યુજ્યતે ન હિ=ઘટતી નથી એમ નહિ જ. ।।૫૧।।

શ્લોકાર્થ :-

યોગીના પ્રત્યક્ષનો વિષય ભાવ હોવાને કારણે અને અન્યોને પરોક્ષ પણ યુક્તિથી આત્માદિ અતીન્દ્રિય વસ્તુ ઘટતી નથી એમ નહિ જ. ।।૫૧।।

ટીકા :-

आत्मादि=आत्मकर्मसर्वज्ञादि, अतीन्द्रियम्=इन्द्रियविषयभावातीतं वस्तु, न हि न युज्यते इत्युत्तरेण योगः, कीदृशमित्याह–योगिप्रत्यक्षभावतः=सर्वज्ञज्ञानविषयभावेन, परोक्षमपि च= इन्द्रियज्ञानाऽगोचरमपि किं पुनरपरोक्षमित्यपिशब्दार्थः, अन्येषां=अस्मादृशामर्वाग्दृशां, न हि-नैव, युक्त्या शुद्धहेतुप्रयोगरूपया न युज्यते किं तु युज्यत एव, तत्र युक्तिः–

"अचेतनानि भूतानि, न तद्धर्मो न तत्फलम् ।
चेतनास्ति च यस्येयं, स एवात्मेति बुध्यताम् ।।३१।।

यदीयं भूतधर्मः स्यात्प्रत्येकं तेषु सर्वदा ।
उपलभ्येत सत्त्वादिकठिनत्वादयो यथा ।।३२।।

काठिन्यादिस्वभावानि, भूतान्यध्यक्षसिद्धितः ।
चेतना तु न तद्रूपा, सा कथं तत्फलं भवेत् ।।३३।।" **[शास्त्रवार्त्तासमुच्चय] इत्यादि ।।**

"तुल्यप्रतापोद्यमसाहसानां केचिल्लभन्ते निजकार्यसिद्धिम् ।
परे न तामत्र निगद्यतां मे, कर्मास्ति हित्वा यदि कोऽपि हेतुः ।।१।।

विचित्रदेहाकृतिवर्णगन्धप्रभावजातिप्रभवस्वभावाः ।
केन क्रियन्ते भुवनेऽङ्गिवर्गाश्चिरन्तनं कर्म निरस्य चित्राः ।।२।।

विवर्ध्य मासान्नव गर्भमध्ये, बहुप्रकारैः कललादिभावैः ।
उद्वर्त्य निष्कासयते सवित्र्याः, को गर्भतः कर्म विहाय पूर्वम् ।।३।।" **इत्यादि ।।**

'वीतरागोऽस्ति सर्वज्ञः, प्रमाणाऽबाधितत्वतः ।
सर्वदा विदितः सद्भिः, सुखादिकमिव ध्रुवम् ।।१।।

क्षीयते सर्वथा रागः, क्वापि कारणहानितः ।

ज्वलनो हीयते किं न, काष्ठादीनां वियोगतः ।।२।।

प्रकर्षस्य प्रतिष्ठानं, ज्ञानं क्वापि प्रपठ्यते ।

परिमाणमिवाकाशे, तारतम्योपलब्धितः ।।३।।" **इत्यादि ।।५१।।**

ટીકાર્થ :-

आत्मादि ..... इत्यादि ।। आत्मादि=આત્મા કર્મ સર્વજ્ઞાદિ, अतीन्द्रिय=ઈન્દ્રિયના વિષયભાવથી અતીત એવી વસ્તુ, નથી જ ઘટતી એમ નહિ એ પ્રમાણે શ્લોકના ઉત્તરભાગ સાથે સંબંધ છે, કેવા પ્રકારની આત્માદિ વસ્તુ ? એથી કહે છે – યોગીનો પ્રત્યક્ષ ભાવ હોવાને કારણે=સર્વજ્ઞના જ્ઞાનનો વિષય ભાવ હોવાને કારણે, અને અન્યોને=અમારા જેવા અર્વાગ્ દૃષ્ટિવાળાઓને, પરોક્ષ પણ=ઈન્દ્રિયના જ્ઞાનથી અગોચર પણ આત્માદિ વસ્તુ, શુદ્ધહેતુના પ્રયોગરૂપ યુક્તિથી નથી ઘટતી એમ નહિ, પરંતુ ઘટે જ છે તેમાં=આત્માદિની સિદ્ધિમાં, યુક્તિ બતાવે છે –

"ભૂતો અચેતન છે, તેનો ધર્મ નથી=ચેતના તેનો ધર્મ નથી, તેનું ફળ નથી=ચેતના ભૂતોનું ફળ નથી, અને જેની આ ચેતના છે તે જ આત્મા છે એ પ્રમાણે જાણવું જોઈએ.

જો આ=ચેતના, ભૂતનો ધર્મ હોય તો તેઓમાંથી પ્રત્યેકમાં સર્વદા પ્રાપ્ત થાય, જે પ્રમાણે સત્ત્વાદિ-કઠિનત્વાદિ ધર્મો.

કાઠિન્યાદિ સ્વભાવવાળા ભૂતો છે; કેમ કે પ્રત્યક્ષથી સિદ્ધિ છે, વળી ચેતના તદ્ રૂપ નથી=ભૂત રૂપ નથી, તે=ચેતના, કેવી રીતે તેનું ફળ=ભૂતનું ફળ, થાય ?" **(શાસ્ત્રવાર્તાસમુચ્ચય, શ્લોક-૩૧-૩૨-૩૩)**

ઇત્યાદિ શબ્દથી આવા અન્ય વક્તવ્યનો સંગ્રહ કરવો.

પૂર્વમાં ત્રણ શ્લોકો દ્વારા આત્માની સિદ્ધિ યુક્તિથી કઈ રીતે થાય છે તે બતાવ્યું. હવે કર્મની સિદ્ધિ યુક્તિથી કઈ રીતે થાય છે તે બતાવે છે –

"તુલ્ય પ્રતાપવાળા તુલ્ય ઉદ્યમવાળા અને તુલ્ય સાહસવાળામાંથી કેટલાક નિજકાર્યની સિદ્ધિને પ્રાપ્ત કરે છે, બીજા તેને=નિજકાર્યની સિદ્ધિને, પ્રાપ્ત કરતા નથી એમાં=તુલ્ય પ્રતાપવાળા તુલ્ય ઉદ્યમવાળા તુલ્ય સાહસવાળામાંથી કેટલાક કાર્યસિદ્ધિને પ્રાપ્ત કરે છે કેટલાક પ્રાપ્ત નથી કરતા એમાં, મને કહો, કર્મને છોડીને જો કોઈપણ હેતુ છે ?

ભુવનમાં વિચિત્ર દેહ-વિચિત્ર આકૃતિ-વિચિત્ર વર્ણ-વિચિત્ર ગંધ-વિચિત્ર પ્રભાવ-વિચિત્ર જાતિ પ્રભવ સ્વભાવવાળા જીવોનો સમુદાય ચિરંતન કર્મને છોડીને ચિત્ર કોના વડે કરાય છે ?

નવ મહિના સુધી ગર્ભમાં ઘણા પ્રકારના કલલાદિ ભાવો વડે વધારીને=બાળકનો ક્રમસર વિકાસ કરીને, ઉદ્વર્તન કરીને માતાના ગર્ભમાંથી પૂર્વ કર્મ સિવાય કોણ બહાર કાઢે છે ?"

ઇત્યાદિ શબ્દથી આવા અન્ય વક્તવ્યનો સંગ્રહ કરવો.

યુક્તિથી આત્મા અને કર્મની સિદ્ધિ કર્યા પછી સર્વજ્ઞની સિદ્ધિ કરે છે –

"પ્રમાણનું અબાધિતપણું હોવાથી=સર્વજ્ઞના સ્વીકાર માટેની યુક્તિરૂપ પ્રમાણનું અબાધિતપણું હોવાથી, સુખાદિકની જેમ સજ્જનો વડે નક્કી સર્વદા વિદિત વીતરાગ સર્વજ્ઞ છે."

પૂર્વ શ્લોકમાં કહ્યું કે પ્રમાણથી અબાધિતપણું હોવાથી વીતરાગ સર્વજ્ઞ છે, તેથી હવે વીતરાગ અને સર્વજ્ઞને બતાવવા માટે પ્રમાણ બતાવે છે –

"કારણની હાનિ હોવાથી=રાગની નિષ્પત્તિના કારણની હાનિ હોવાથી, કોઈક પુરુષમાં સર્વથા રાગ ક્ષય પામે છે, કાષ્ઠાદિના વિયોગથી અગ્નિ શું નાશ પામતો નથી ?

પ્રકર્ષના પ્રતિષ્ઠાનવાળું જ્ઞાન કોઈક પુરુષમાં કહેવાય છે; કેમ કે આકાશમાં પરિમાણની જેમ તારતમ્યની ઉપલબ્ધિ છે."

ઇત્યાદિ શબ્દથી આવા અન્ય વક્તવ્યનો સંગ્રહ કરવો.

વળી અપરોક્ષનું શું ? એ 'अपि' શબ્દનો અર્થ છે='परोक्षमपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૫૧॥

❖ 'आत्मकर्मसर्वज्ञादि'માં 'આદિ' પદથી વીતરાગનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

છદ્મસ્થ જીવો ઇન્દ્રિયોથી દેખાતા બાહ્ય પદાર્થ માત્રને પ્રત્યક્ષથી જોઈ શકે છે અને આત્મા, કર્મ, સર્વજ્ઞ વીતરાગ આદિ વસ્તુ યોગીઓ પ્રત્યક્ષથી જોઈ શકે છે અને છદ્મસ્થને આત્માદિ વસ્તુ અપ્રત્યક્ષ હોવા છતાં છદ્મસ્થ શુદ્ધ હેતુના પ્રયોગરૂપ યુક્તિથી આત્માદિ વસ્તુને જાણી શકે છે.

શુદ્ધ હેતુના પ્રયોગરૂપ યુક્તિથી છદ્મસ્થ આત્માને કઈ રીતે જાણી શકે છે તે ત્રણ શ્લોક દ્વારા ટીકાકારશ્રી બતાવે છે –

છદ્મસ્થને પ્રત્યક્ષથી દેખાતા પૃથ્વી આદિ પાંચ ભૂતો અચેતન છે, તેથી ચેતના તે ભૂતોનો ધર્મ નથી કે તે ભૂતોનું કાર્ય નથી; કેમ કે અચેતન એવા પદાર્થમાં ચેતના પ્રગટ થઈ શકે નહિ અને જેને ચેતના ધર્મ છે તે આત્મા છે, વળી જો ચેતના ભૂતોનો ધર્મ સ્વીકારવામાં આવે તો ભૂતોમાંથી પ્રત્યેકમાં ચેતના સર્વદા પ્રાપ્ત થવી જોઈએ, જેમ ભૂતોમાં સત્ત્વ-વસ્તુત્વ આદિ ધર્મો છે તે સદા પ્રાપ્ત થાય છે, પરંતુ ભૂતોમાં ચેતના સદા પ્રાપ્ત થતી નથી, માટે ચેતના ભૂતનો ધર્મ નથી, ભૂતોમાં કાઠિન્યાદિ સ્વભાવો પ્રત્યક્ષથી સિદ્ધ છે, માટે ચેતના ભૂત રૂપ નથી, તેથી ચેતના ભૂતનું ફલ થઈ શકે નહિ.

આ રીતે શુદ્ધ હેતુના પ્રયોગથી આત્માની સિદ્ધિ બતાવી. હવે શુદ્ધ હેતુના પ્રયોગથી કર્મની સિદ્ધિ બતાવે છે –

સંસારમાં કેટલાક જીવો તુલ્ય પ્રતાપવાળા હોય છે, તુલ્ય ઉદ્યમ કરનારા હોય છે અને તુલ્ય સાહસ કરનારા હોય છે છતાં તેમાંથી કેટલાક જીવો પોતાના કાર્યની સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે અને કેટલાક કાર્યની સિદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ નિષ્ફળ થાય છે, તેથી કાર્યને સફળ અને નિષ્ફળ કરવારૂપ

કાર્યનો ભેદ કરવામાં કર્મ સિવાય અન્ય કયો હેતુ છે ? અર્થાત્ એકનું કર્મ અનુકૂળ હતું, તેથી કાર્યની સિદ્ધિ થઈ, અન્યનું કર્મ પ્રતિકૂળ હતું, માટે કાર્યની સિદ્ધિ થઈ નહિ, તેમ માનવું ઉચિત છે. વળી સંસારમાં દેહધારી બધા જીવો સમાન દેહવાળા નથી, પરંતુ વિચિત્ર દેહવાળા છે અર્થાત્ કેટલાક પશુદેહવાળા તો કેટલાક મનુષ્યદેહવાળા છે, વળી સમાન દેહવાળામાં પણ દરેકની જુદી જુદી આકૃતિ છે, શરીરનાં વર્ણ-ગંધ આદિ જુદાં જુદાં છે, વળી જીવોનો જુદા જુદા પ્રકારનો પ્રભાવ છે, વળી જીવોમાં જુદી જુદી જાતિ પ્રભવ જુદા જુદા સ્વભાવો છે, તે સર્વ કર્મને છોડીને કોણ કરે છે ? અર્થાત્ જુદા જુદા કર્મનું જ તેવું જુદું જુદું કાર્ય છે, વળી બાળક ગર્ભમાં આવે છે ત્યારે પ્રથમ કલલભાવમાં હોય છે, પછી ક્રમસર નવ મહિના સુધી વિકાસને પામે છે અને નવ મહિના પછી માતાના ગર્ભમાંથી બહાર નીકળે છે, આ સર્વ કાર્ય કર્મને છોડીને કોણ કરે છે ? માટે દેખાતા પદાર્થની સંગતિ માટે કર્મને માનવું જોઈએ.

વળી ગ્રંથકારશ્રી વીતરાગ અને સર્વજ્ઞ શુદ્ધ હેતુ પ્રયોગ રૂપ યુક્તિથી બતાવે છે – જેમ સંસારી જીવોને સુખ અને જ્ઞાન સ્વસંવેદિત છે તેમ સદ્વિચારકોને સર્વદા જગતમાં વીતરાગ અને સર્વજ્ઞ છે એ પ્રકારનો નિર્ણય છે; કેમ કે એ પ્રકારનો નિર્ણય કરવા માટે અનુમાન પ્રમાણ અબાધિત છે અને તે અનુમાન પ્રમાણ બતાવે છે –

સંસારી જીવોમાં યત્નથી રાગનો નાશ થતો દેખાય છે, તે રીતે રાગના કારણનો નાશ કરવા માટે જેઓએ યત્ન કર્યો છે, તેઓમાં રાગના કારણની સંપૂર્ણ હાનિ થવાથી સર્વથા રાગ નાશ પામે છે, જેમ કાષ્ઠાદિના સંયોગથી અગ્નિ બળે છે અને કાષ્ઠાદિનો વિયોગ થાય તો અગ્નિ નાશ પામે છે, તેમ રાગાદિના પ્રતિપક્ષભાવનથી રાગાદિ નાશ પામે છે અને રાગાદિ વૃદ્ધિના ઉપાયો સેવવાથી રાગાદિની વૃદ્ધિ થાય છે તે પ્રત્યક્ષ સિદ્ધ છે માટે યુક્તિથી વિચારતાં સર્વથા રાગ રહિત એવા વીતરાગ પુરુષનો સંભવ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવોમાં સુખ દેખાય છે અને તેવું પ્રકર્ષવાળું સુખ વીતરાગને છે, વળી સંસારી જીવોમાં તરતમતાવાળું જ્ઞાન દેખાય છે અને તેવું પ્રકર્ષવાળું જ્ઞાન જેમનું જ્ઞાનનું આવરણ સંપૂર્ણ ચાલ્યું ગયું છે તેવા પુરુષમાં છે, વળી જગતમાં દેખાતી વસ્તુઓના પરિમાણમાં તારતમ્યની પ્રાપ્તિ થાય છે અને ઉત્કૃષ્ટ પરિમાણ આકાશમાં પ્રાપ્ત થાય છે તેમ સંસારી જીવોના જ્ઞાનના પરિમાણમાં તારતમ્યની પ્રાપ્તિ છે, તો ઉત્કૃષ્ટ જ્ઞાન સર્વજ્ઞમાં છે, આ રીતે છદ્મસ્થ પણ યુક્તિથી કોઈક પુરુષ વીતરાગ અને સર્વજ્ઞ છે તેમ નિર્ણય કરી શકે છે. **॥૫૧॥**

અવતરણિકા :-

अत्रैवाभ्युच्चयमाह –

અવતરણિકાર્થ :-

અહીં જ=શ્લોક-૪૨માં કહ્યું કે યોગીને યોગના માહાત્મ્યથી સત્સ્વપ્નાદિ આવે છે અને તેના કારણે યોગીને પરલોકમાં થયેલો સંશય નિવર્તન પામે છે, આ કથનમાં જ અભ્યુચ્ચયને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૩૭થી યોગનું માહાત્મ્ય બતાવવાનું શરૂ કર્યું, તેમાં અનેક પ્રકારે યોગના માહાત્મ્યને બતાવતા શ્લોક-૪૨માં કહ્યું કે યોગના પ્રભાવથી યોગીને સત્સ્વપ્ન પ્રત્યયાદિ થાય છે અને તેનાથી પરલોક વિષયક થયેલો યોગીનો સંશય નિવર્તન પામે છે. ત્યાં પ્રશ્ન થયો કે યોગથી સ્વપ્ન આવે છે તે કેમ નિર્ણય થઈ શકે ? તેથી શ્લોક-૪૩માં યોગથી કઈ રીતે સ્વપ્ન આવે છે તેની સ્પષ્ટતા કરી. વળી યોગનું માહાત્મ્ય બતાવતાં કહ્યું કે યોગીઓ પ્રાયઃ સ્વપ્નમાં પોતાને પ્રેરણા કરતા દેવતા આદિને જુએ છે તે પણ યોગનું માહાત્મ્ય છે, ત્યાં શંકા થઈ કે સ્વપ્નમાં દેવતા આદિની પ્રેરણા ભ્રાંત છે, તેનું નિરાકરણ શ્લોક-૪૫-૪૬માં કર્યું, ત્યાં આત્માને નહિ માનનાર નાસ્તિક કહે છે કે પાંચભૂતના બનેલા શરીરથી સ્વપ્નાંઓ આવે છે, માટે સ્વપ્નમાં થયેલી દેવતાદિની પ્રેરણા યોગનું માહાત્મ્ય છે તેમ કહી શકાય નહિ, તેનું નિરાકરણ શ્લોક-૪૭-૪૮માં કર્યું અને શ્લોક-૪૮માં કહ્યું કે પાંચ ભૂતહેતુક સ્વપ્ન આવે છે, દેવતાદિની પ્રેરણાથી સ્વપ્ન આવતું નથી તે નાસ્તિકનું વચન પ્રલાપમાત્ર છે, તેમાં દૃષ્ટાંત બતાવ્યું કે સર્વજ્ઞને નહિ માનનાર મીમાંસક સ્વર્ગમાં અપ્સરા અને મોક્ષમાં આનંદ કહે છે, એ વચન જેમ પ્રલાપમાત્ર છે તેમ સ્વપ્નમાં કરાયેલી દેવતાદિની પ્રેરણા યોગના માહાત્મ્યથી નથી એમ કહેનાર નાસ્તિકનું વચન પ્રલાપમાત્ર છે, ત્યાં મીમાંસકના વચનને પ્રલાપમાત્ર કહેનાર દૃષ્ટાંતને પ્રલાપમાત્ર નથી એ પ્રમાણે નાસ્તિક સંગત કરીને પોતાના કથનની પુષ્ટિ કરે છે તે બતાવીને જેમ યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી સ્વર્ગમાં અપ્સરા અને મોક્ષમાં આનંદનો નિર્ણય થઈ શકે છે તેમ યોગીના પ્રત્યક્ષ જ્ઞાનથી અતીન્દ્રિય એવા આત્માદિનો પણ નિર્ણય થઈ શકે છે અને આત્માદિનો નિર્ણય થાય તો યોગના માહાત્મ્યથી સ્વપ્નમાં થતી દેવતાદિની પ્રેરણા યથાર્થ સ્વીકારવામાં કોઈ બાધ નથી એમ શ્લોક-૪૯-૫૦માં સ્પષ્ટતા કરી.

વળી આત્માદિ જેમ યોગીના જ્ઞાનથી પ્રત્યક્ષ છે તેમ અનુમાનનો પણ વિષય છે એમ શ્લોક-૫૧માં બતાવ્યું, તેથી અતીન્દ્રિય એવા આત્માદિની સિદ્ધ થાય છે તેથી યોગના માહાત્મ્યથી પરલોકનો સંશય નિવર્તન પામે છે અને સ્વપ્નમાં યોગીને દેવતાદિ પ્રેરણા કરે છે તે પ્રકારનું યોગનું માહાત્મ્ય સંગત થાય છે. હવે યોગના માહાત્મ્યમાં જ અભ્યુચ્ચયને કહે છે –

શ્લોક :-

किञ्चान्यद्योगतः स्थैर्यं धैर्यं श्रद्धा च जायते ।
मैत्री जनप्रियत्वं च, प्रातिभं तत्त्वभासनम् ।।५२।।

અન્વયાર્થ :-

किञ्च=વળી, अन्यत्=અન્ય યોગનું ફળ છે=પૂર્વમાં યોગનું ફળ બતાવ્યું તેનાથી અન્ય યોગનું ફળ છે, योगतः=યોગથી, स्थैर्यं=સ્થૈર્ય, धैर्यं=ધૈર્ય, श्रद्धा=શ્રદ્ધા, मैत्री=મૈત્રી, जनप्रियत्वं=જનપ્રિયત્વ, प्रातिभं=પ્રાતિભ, च=અને, तत्त्वभासनम्=તત્ત્વભાસન, जायते=થાય છે. ।।૫૨।।

શ્લોકાર્થ :-

વળી અન્ય યોગનું ફળ છે, યોગથી સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, જનપ્રિયત્વ, પ્રાતિભ અને તત્ત્વભાસન થાય છે. ।।૫૨।।

ટીકા :-

'किञ्च' इत्यभ्युच्चये, 'अन्यत्=प्रागुक्ताद्विलक्षणं, योगफलमस्ति, तदेव दर्शयति – योगतो=योगात्, स्थैर्यं=स्थिरभावः प्रतिपन्ननिर्वाहणे, धैर्यं=व्यसनाशनिसन्निपातेऽप्यविचलितप्रकृतिभावः, श्रद्धा च रुचिस्तत्त्वमार्गानुगा जायते=आविर्भवति, मैत्री=सर्वसत्त्वेषु मित्रभावः, जनप्रियत्वं च- शिष्टलोक वल्लभभावः, प्रातिभं सहजप्रतिभाप्रभवम्, तत्त्वभासनं=जीवादितत्त्वावलोकनं, भवतीति ।।५२।।

ટીકાર્થ :-

'किञ्च' इत्यभ्युच्चये ..... भवतीति ।। 'किञ्च' એ અભ્યુચ્ચયમાં છે, અન્ય=પૂર્વમાં કહેલાથી અર્થાત્ પૂર્વમાં યોગફળ બતાવ્યાં તેનાથી વિલક્ષણ, યોગફળ છે, તેને જ=અન્ય યોગફળને જ, બતાવે છે - યોગથી સ્થૈર્ય=સ્વીકારેલા વ્રતના નિર્વાહણમાં સ્થિરભાવ, ધૈર્ય=વ્યસનરૂપી વજ્રના સન્નિપાતમાં પણ અવિચલિત પ્રકૃતિભાવ, અને શ્રદ્ધા=તત્ત્વમાર્ગને અનુસરનારી રુચિ, આવિર્ભાવ પામે છે, મૈત્રી=સર્વ જીવોમાં મિત્રભાવ, જનપ્રિયપણું=શિષ્ટ લોકનો વલ્લભભાવ, સહજ પ્રતિભા પ્રભવ એવું પ્રાતિભ જ્ઞાન, તત્ત્વભાસન=જીવાદિ તત્ત્વનું અવલોકન, થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૫૨।।

❖ 'व्यसनाशनिसन्निपातेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે આપત્તિનો સન્નિપાત ન થાય તો તો અવિચલિત પ્રકૃતિભાવ છે, પરંતુ આપત્તિના સન્નિપાતમાં પણ અવિચલિત પ્રકૃતિભાવ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં યોગનું ફળ બતાવ્યું કે યોગથી સત્સ્વપ્નાંઓ આવે છે, જેથી પરલોકનો સંશય દૂર થાય છે એનાથી અન્ય યોગનું ફળ છે અને તે યોગનું અન્ય ફળ બતાવે છે –

(૧) યોગથી સ્થૈર્ય :-

યોગના સેવનથી યોગીનું ચિત્ત નિર્લેપભાવવાળું બને છે, તેથી યોગીને વિષયોના વિકારો ઉત્પન્ન થતા નથી, માટે યોગી સ્વીકારેલાં વ્રતોમાં સ્થિરભાવ ધારણ કરી શકે છે, આનાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વના યોગના સેવનથી યોગીનું ચિત્ત કંઈક અંશથી વિકાર વગરનું બને છે, તેથી સ્વીકારેલાં વ્રતોને સ્થિરતાપૂર્વક સેવીને યોગી ઉપર ઉપરના યોગને પ્રાપ્ત કરે છે.

(૨) યોગથી ધૈર્ય :-

સંસારી જીવો સંસારમાં પ્રતિકૂળ સંયોગો આવે છે ત્યારે અત્યંત વિલ્વળ થાય છે, જ્યારે યોગમાર્ગના સેવનથી જીવમાં સુખ-દુઃખ પ્રત્યે શમભાવનો કંઈક અંશ પ્રગટે છે, તેથી દુઃખની પ્રાપ્તિમાં પણ યોગી વિલ્વળતાને પ્રાપ્ત કરતા નથી, પરંતુ ઉચિત ઉપાયને સેવીને યોગની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે, આ પ્રકારનું ધૈર્ય પૂર્વના સેવન કરાયેલા યોગથી આત્મામાં પ્રગટે છે.

(૩) યોગથી શ્રદ્ધા :-

યોગના સેવનથી યોગીનું ચિત્ત કંઈક ઉપશાંતભાવવાળું બને છે, તેથી તત્ત્વમાર્ગને અનુસરનારી રુચિ પ્રગટ થાય છે; કેમ કે તત્ત્વમાર્ગ એ વીતરાગતાને અભિમુખ જીવની પરિણતિરૂપ છે અને યોગના સેવનથી થયેલા શાંતરસથી વીતરાગતા પારમાર્થિક સુખરૂપ છે તેવી પ્રતીતિ થાય છે.

(૪) યોગથી મૈત્રી :-

વળી યોગના સેવનથી જીવમાં શમભાવ વધે છે, તેથી સર્વ જીવો પ્રત્યે શમભાવ પ્રગટ થવાથી પોતાના હિતની જેમ સર્વ જીવોના હિતની ચિંતા કરાવે તેવો મિત્રભાવ પ્રગટે છે.

(૫) યોગથી જનપ્રિયત્વ :-

યોગના સેવનથી યોગીનું ચિત્ત ઉત્તમ પ્રકૃતિવાળું બને છે, તેથી તેવા યોગી શિષ્ટ લોકોને વલ્લભ થાય છે.

(૬) યોગથી પ્રાતિભ :-

યોગના સેવનથી મોહની પરિણતિ ઘટે છે, તેથી જીવને મોહથી અનાકુળ એવો જ્ઞાનનો પરિણામ પ્રગટે છે, તેથી જીવમાં સહજ પ્રતિભાથી થયેલું નિર્મળ જ્ઞાન પ્રગટે છે, જેથી યોગમાર્ગના મર્મને જોવામાં સમર્થ એવી મતિવિશેષ યોગીને પ્રાપ્ત થાય છે.

(૭) યોગથી તત્ત્વભાસન :-

યોગમાર્ગના સેવનથી થયેલી નિર્મળ મતિને કારણે યોગીને જીવાદિ તત્ત્વોનું યથાર્થ અવલોકન થાય તેવું જ્ઞાન શાસ્ત્રવચનથી પ્રગટે છે.

આ સર્વ યોગનું માહાત્મ્ય છે. **॥૫૨॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

'તથા' શબ્દથી યોગના અન્ય ફલનો સમુચ્ચય કરે છે –

શ્લોક :-

विनिवृत्ताऽऽग्रहत्वं च, तथा द्वन्द्वसहिष्णुता ।
तदभावश्च लाभश्च, बाह्यानां कालसङ्गतः ।।५३।।

અન્વયાર્થ :-

विनिवृत्ताऽऽग्रहत्वं=विनिवृत्त आग्रहपणुं, तथा द्वन्द्वसहिष्णुता=ते प्रકारे द्वन्द्वसहिष्णुता=ઈष्टना वियोग अने अनिष्टना संयोगमां अव्याकुળता, तदभावः=तेनो अभाव=द्वन्द्वनो अभाव, च=अने, कालसङ्गतः बाह्यानां लाभः=કालसंगत બાह्य પદાર્થોનો લાભ. ।।૫૩।।

શ્લોકાર્થ :-

વિનિવૃત્ત આગ્રહપણું, તે પ્રકારે દ્વન્દ્વ સહિષ્ણુતા, તેનો અભાવ અને કાલસંગત બાહ્ય પદાર્થોનો લાભ. ।।૫૩।।

ટીકા :-

विनिवृत्ताग्रहत्वं च=निर्मुक्तानुचितार्थाभिनिवेशित्वं च, तथा द्वन्द्वसहिष्णुता=निरुपक्रमक्लिष्टकर्मोदयापादितानामिष्टवियोगानिष्टसम्प्रयोगादीनां व्यसनानां सम्यक्सहनभावः, तदभावश्च द्वन्द्वविनाशश्च, प्रायः परिशुद्धयोगोपहतशक्तिकत्वात् द्वन्द्वसम्पादकापायानाम्, लाभश्च=प्राप्तिश्च, 'बाह्यानां'=निर्वाहादीनां समाधिहेतूनाम्, 'कालसङ्गतो'=यो यत्र काले योग्य इति ।।५३।।

ટીકાર્થ :-

विनिवृत्ताऽऽग्रहत्वं ..... योग्य इति ।। विनिवृत्त आग्रहपणुं=अनुચित अर्थमां अभिनिवेशथी मुક્તपणुं, द्वन्द्वसहिष्णुता=निરुपक्रम ક્લિષ્ટ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ આદિ આપત્તિઓનો સમ્યક્ સહનભાવ, અને તેનો અભાવ=દ્વન્દ્વનો અભાવ; કેમ કે દ્વન્દ્વસંપાદક અપાયોનું પ્રાયઃ પરિશુદ્ધ યોગથી ઉપહત શક્તિપણું છે, અને બાહ્યોનો=સમાધિ હેતુ એવી નિર્વાહાદિ બાહ્ય સામગ્રીનો, કાલસંગત=જે કાલમાં યોગ્ય હોય એવો, લાભ થાય.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૫૩।।

❖ 'इष्टवियोगानिष्टसम्प्रयोगादीनां'માં 'आदि' પદથી રોગાદિનું ગ્રહણ કરવું.

❖ 'निर्वाहादीनां'માં 'आदि' પદથી ઔષધિ વગેરેનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે યોગીઓ ભાવથી યોગમાર્ગમાં પ્રવૃત્ત છે તે યોગીઓને યોગના સેવનથી જે લાભો થાય છે તે બતાવે છે –

(૧) વિનિવૃત્ત આગ્રહત્વ :-

યોગના સેવનથી યોગીનું ચિત્ત શાંતરસવાળું બને છે, તેથી અતીન્દ્રિય પદાર્થોમાં યથાર્થ નિર્ણય કરવા વિષયક અનુચિત પદાર્થનો અભિનિવેશ રહેતો નથી, પરંતુ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રવર્તે છે.

(૨) દ્વન્દ્વસહિષ્ણુતા :-

પૂર્વમાં બંધાયેલા નિરુપક્રમ ક્લિષ્ટ કર્મો ઉદયમાં આવે છે ત્યારે યોગીને પણ ઇષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ પ્રાપ્ત થાય છે અને તે વખતે દેહાદિની જે પ્રતિકૂળ અવસ્થા આવે છે તેમાં પણ યોગીઓ અવ્યાકુળ ભાવથી સ્વસ્થ રહી શકે છે, તે યોગનું માહાત્મ્ય છે. અહીં નિરુપક્રમ ક્લિષ્ટ કર્મો કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે કર્મનો ઉદય પ્રાપ્ત થયો હોય અને તે કર્મને ઉપક્રમની સામગ્રી પ્રાપ્ત ન થઈ શકે તેવું હોય, તેથી તે કર્મ અવશ્ય ફળને આપે છે, તેવા કર્મથી જ્યારે પ્રતિકૂળ સંયોગો આવે છે ત્યારે સંસારી જીવો વિહ્વળ થાય છે, પરંતુ યોગી સ્વસ્થતાપૂર્વક રહી શકે છે, તે યોગનો પ્રભાવ છે.

(૩) દ્વન્દ્વનો અભાવ :-

દ્વન્દ્વસંપાદક પ્રતિકૂળ સામગ્રીને પામીને કર્મો ઉદયમાં આવે છે અને જે યોગીઓ પરિશુદ્ધ યોગમાર્ગને સેવે છે તે યોગમાર્ગના સેવનથી પ્રાયઃ દ્વન્દ્વસંપાદક સામગ્રી ઉપહત શક્તિવાળી બને છે, તેથી પરિશુદ્ધ યોગવાળા યોગીઓને દ્વન્દ્વ પ્રાપ્ત થવાના સંયોગોનો વિનાશ થાય છે, તે યોગનું માહાત્મ્ય છે.

(૪) કાલસંગત બાહ્ય પદાર્થોનો લાભ :-

યોગીઓને યોગસાધનામાં સમાધિ થાય તેવી નિર્વાહક આદિ સામગ્રીની અપેક્ષા રહે છે અને એવા યોગીઓ જે કાળમાં હોય તે કાળને અનુરૂપ બાહ્ય સામગ્રીની પ્રાપ્તિ થાય છે, જેમ વર્તમાનકાળને અનુરૂપ કોઈ યોગીને શાસ્ત્રના ગંભીર પદાર્થોનો યથાર્થ બોધ થાય તો તે મહાત્મા યોગમાર્ગમાં સારી સમાધિ મેળવી શકે અને તે મહાત્મા સ્વશક્તિ અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય તો વર્તમાનકાળને અનુરૂપ તત્ત્વબોધ કરવાને અનુકૂળ કોઈક સામગ્રી તે મહાત્માને પ્રાપ્ત થાય, તેમાં કારણ તે મહાત્માનાં યોગનું સેવન બને છે. તે રીતે જીવનનિર્વાહની સામગ્રી કે ઔષધાદિ સામગ્રી પણ યોગના માંહાત્મ્યથી પ્રાપ્ત થાય છે. **॥૫૩॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

'तथा' શબ્દથી યોગના અન્ય ફલનો સમુચ્ચય કરે છે –

શ્લોક :-

धृतिः क्षमा सदाचारो, योगवृद्धिः शुभोदया ।
आदेयता गुरुत्वं च, शमसौख्यमनुत्तरम् ।।५४।। (त्रिभिर्विशेषकम्)

અન્વયાર્થ :-

धृतिः क्षमा सदाचारो योगवृद्धिः शुभोदया=શુભોદયવાળી ધૃતિ, શુભોદયવાળી ક્ષમા, શુભોદયવાળો સદાચાર, શુભોદયવાળી યોગવૃદ્ધિ, आदेयता=આદેયતા, गुरुत्वं=ગુરુત્વ, च=અને, शमसौख्यमनुत्तरम्=અનુત્તર એવું શમસૌખ્ય. ।।૫૪।।

શ્લોકાર્થ :-

શુભોદયવાળી ધૃતિ, શુભોદયવાળી ક્ષમા, શુભોદયવાળો સદાચાર, શુભોદયવાળી યોગવૃદ્ધિ, આદેયતા, ગુરુત્વ અને અનુત્તર એવું શમસૌખ્ય. ।।૫૪।।

ટીકા :-

धृतिः=येनकेनचिद्वसनभोजनादिना निर्वाहमात्रनिमित्तेन सन्तोषः, क्षमा=सत्येतरदोषश्रवणेन कार्यतत्त्वमविचार्यान्तर्बहिश्च कोपोदयाद्विक्रियामापद्यमानस्यात्मनो निरोधनम्, सदाचारः= सर्वोपकारप्रियवचनाकृत्रिमोचितस्नेहादिका सज्जनचेष्टा, योगवृद्धिः - सम्यग्दर्शनादिमुक्तिबीजोत्कर्षरूपा, शुभोदया=प्रशस्तफलोद्गमहेतुः, धृत्यादेः प्रत्येकविशेषणमेतत्, आदेयता परैरादरणीयवचनचेष्टनरूपा, गुरुत्वं च सर्वत्र गौरवलाभलक्षणम् तथा शमसौख्यम्=अतिमन्दीभूतकषायविषदोषतया प्रशमशर्म, अनुत्तरं=विषयसेवाजनितानन्दातिशायि, यतः पठ्यते – [प्रशमरतौ - २३८]

'निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम्' ।।२३८।।' **इति ।।**

अत्र च श्लोकत्रये चकारास्तथाशब्दश्च समुच्चयार्थाः ।।५४।।

ટીકાર્થ :-

धृतिर्येनकेन ..... समुच्चयार्थाः ।। धृति=જે કોઈ વસ્ત્ર-ભોજનાદિ નિર્વાહ માત્રના નિમિત્તથી સંતોષ, ક્ષમા=સત્ય કે ઇતરદોષના શ્રવણથી કાર્યતત્ત્વનો વિચાર કર્યા વગર અંતરંગ અને બાહ્ય કોપના ઉદયથી વિક્રિયાને પ્રાપ્ત કરતા એવા આત્માનો નિરોધ, સદાચાર=સર્વનો ઉપકાર-પ્રિયવચન-અકૃત્રિમ ઉચિત સ્નેહ આદિ રૂપ સજ્જનચેષ્ટા, સમ્યગ્દર્શનાદિ મુક્તિના બીજના ઉત્કર્ષરૂપ યોગવૃદ્ધિ, શુભોદયવાળી=પ્રશસ્ત ફલના ઉદ્ગમનો હેતુ, આ=શુભોદયા એ, વિશેષણ ધૃતિ આદિ પ્રત્યેકનું વિશેષણ છે, બીજાઓ વડે આદરણીય વચનચેષ્ટા રૂપ આદેયતા, સર્વત્ર ગૌરવલાભ સ્વરૂપ ગુરુપણું

અને અનુત્તર શમસૌખ્ય=અતિમન્દીભૂત એવું કષાયરૂપ વિષદોષપણું હોવાને કારણે વિષય સેવા જનિત આનંદથી અતિશાયી એવું પ્રશમસુખ.

સંસારના સુખ કરતાં પ્રશમનું સુખ અતિશયવાળું કેમ છે ? તે બતાવવા માટે કહે છે –

જે કારણથી પ્રશમરતિ શ્લોક-૨૩૮માં કહેવાય છે –

જીત્યો છે કામનો મદ એવા, વચનના, કાયાના અને મનના વિકારથી રહિત એવા, વિનિવૃત્ત થઈ છે પરની આશા એવા સુવિહિતોને અહીં જ મોક્ષ છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને આ ત્રણ શ્લોકમાં=૫૨-૫૩-૫૪ એ ત્રણ શ્લોકમાં 'च'કાર અને 'तथा' શબ્દ સમુચ્ચય અર્થવાળા છે. અને આ ત્રણે શ્લોકમાં બતાવેલાં ફળો યોગથી થાય છે એમ શ્લોક-૫૨ સાથે સંબંધ તે બતાવવા त्रिभिर्विशेषकम् કહેલ છે. ॥૫૪॥

ભાવાર્થ :-

યોગીઓ યોગમાર્ગનું સેવન કરે છે તેનાથી કયા ઉત્તમ ગુણો પ્રગટે છે તે બતાવે છે –

(૧) શુભોદયવાળી ધૃતિ :-

યોગના સેવનથી યોગીમાં બાહ્ય પદાર્થોની સ્પૃહા નષ્ટપ્રાયઃ હોય છે, તેથી દેહના નિર્વાહ માત્રના નિમિત્ત વસ્ત્ર-ભોજનાદિ જે કંઈ અલ્પ પ્રાપ્ત થાય તેનાથી યોગીઓને સંતોષ હોય છે અને આ સંતોષગુણ શુભોદયવાળો હોય છે; કેમ કે યોગના પક્ષપાતને કારણે થયેલ નિઃસ્પૃહ ચિત્તથી ઉત્પન્ન થયેલી આ ધૃતિ છે, જેથી પુણ્યાનુબંધીપુણ્યના સંચય દ્વારા કલ્યાણની પરંપરાનું કારણ બને છે.

આનાથી એ ફલિત થાય કે કેટલાક જીવોનો સ્વભાવ હોય છે કે પોતાને વસ્ત્ર-ભોજનાદિ જે કંઈ અલ્પ મળે તેનાથી પણ ચિત્તની વ્યાકુળતા વગર રહી શકે છે, પરંતુ તે ધૃતિ નિઃસ્પૃહ ચિત્તથી થયેલી નથી, માટે શુભોદયવાળી નથી, જ્યારે યોગના સેવનથી થયેલી ધૃતિ શુભોદયવાળી છે.

(૨) શુભોદયવાળી ક્ષમા :-

યોગીને કોઈ પોતાના સત્ય દોષો કહે અથવા અસત્ય દોષો કહે તેના શ્રવણથી કાર્યતત્ત્વનો વિચાર કર્યા વગર યોગીના ચિત્તમાં કે બાહ્ય અભિવ્યક્તિરૂપે કોપનો વિકાર થતો નથી, તે પ્રકારની શુભોદયવાળી ક્ષમા યોગના માહાત્મ્યથી થાય છે.

અહીં વિશેષ એ છે કે કેટલાક જીવોની પ્રકૃતિ હોય છે કે તેમના વિષયમાં કોઈ સત્ય કે મૃષા દોષ કહે તોપણ તેઓ તેની અસર લઈને વિલ્વળ થતા નથી, પરંતુ તે શબ્દો પ્રત્યે ઉપેક્ષાવાળા રહે છે, તે પ્રકારની તેઓની ક્ષમા યોગના સેવનથી થયેલી નથી, તેથી શુભોદયવાળી નથી, પરંતુ પોતાને નિરર્થક ક્લેશ કરવાની અપ્રીતિ છે તેથી ગુસ્સે થતા નથી, જ્યારે યોગી તો યોગના સેવન દ્વારા પોતાની શાંત પ્રકૃતિ નિષ્પન્ન કરવાના અર્થી છે અને તેના કારણે તેના દોષોના શ્રવણમાં વિલ્વળ થયા વગર પોતાની ક્ષમાની પ્રકૃતિને

અતિશય કરવા યત્ન કરે છે જેનાથી પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે, માટે યોગીની શુભોદયવાળી ક્ષમા છે.

અહીં 'कार्यतत्त्वमविचार्य' એમ કહેવાથી યોગી પણ કોઈના હિતના પ્રયોજન માટે ક્યારેક પ્રશસ્ત કોપ કરે, પરંતુ તેવું કોઈ કાર્ય ન હોય પણ પોતાના કોઈ દોષો ઉદ્ભાવન કરે એટલા માત્રથી કોપિત થતા નથી એ બતાવવું છે.

(૩) શુભોદયવાળો સદાચાર :-

યોગી સર્વનો ઉપકાર કરવાની પ્રકૃતિવાળા હોય છે, પ્રિયવચન બોલનારા હોય છે અને માયાથી કોઈના પ્રત્યે સ્નેહ બતાવતા નથી, પરંતુ અકૃત્રિમ ઉચિત સ્નેહ બતાવનારા હોય છે, આવી સજ્જનની ચેષ્ટા યોગના સેવનથી થનારી હોવાથી શુભોદયવાળી છે.

અહીં ઉચિત સ્નેહ કહેવાથી સંસારી જીવોને જે પ્રકારનો રાગી પાત્ર પ્રત્યે સ્નેહ છે તેવો સ્નેહ નથી, પરંતુ યોગ્ય જીવોને હિત કરવાની બુદ્ધિથી યોગીઓને ઉચિત સ્નેહ હોય છે. વળી આ સર્વ ઉપકાર આદિ ભાવોમાં યોગના સેવનથી વિવેકદૃષ્ટિ હોવાને કારણે શુભોદય વર્તે છે, જ્યારે સંસારી જીવો યોગમાર્ગના વલણવાળા નથી તેવા જીવો કોઈનો ઉપકાર કરે કે પ્રિયવચનાદિ બોલે તે સદાચારરૂપ હોવા છતાં શુભોદયવાળો સદાચાર નથી.

(૪) શુભોદયવાળી યોગવૃદ્ધિ :-

મોક્ષની પ્રાપ્તિનું કારણ રત્નત્રયીની પરિણતિ છે અને યોગીઓ યોગના સેવનથી કલ્યાણની પરંપરાનું કારણ બને તેવી રત્નત્રયીની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે અર્થાત્ તત્ત્વને જોવાની નિર્મળ પ્રજ્ઞારૂપ સમ્યગ્દર્શનની શુદ્ધિને પ્રાપ્ત કરે છે, યોગમાર્ગના સૂક્ષ્મબોધરૂપ સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને ઉત્તરોત્તર નિર્લેપ પરિણતિરૂપ ચારિત્રને પ્રાપ્ત કરે છે, તે સર્વ યોગના સેવનનું કાર્ય છે.

(૫) આદેયતા :-

યોગીઓની ઉચિત પ્રવૃત્તિઓને જોઈને અન્ય પુરુષો તેમના વચન અને તેમની ચેષ્ટાને અનુસરે છે, તે યોગસેવનનું કાર્ય છે.

(૬) ગુરુત્વ :-

યોગીઓ યોગસેવન કરતા હોય છે, તેથી શિષ્ટ લોકોમાં તેઓને ગૌરવની પ્રાપ્તિ થાય છે અર્થાત્ શિષ્ટ લોકો માને છે કે 'આ મહાત્મા ધન્ય છે કે જે મનુષ્યભવને પામીને આત્મહિત સાધે છે.'

(૭) અનુત્તર શમસૌખ્ય :-

યોગના સેવનથી કષાય રૂપી વિષ અત્યંત મંદ થાય છે, માટે અનુત્તર સુખ છે; કેમ કે ભોગસુખથી જે સુખ થાય છે તેમાં કષાય રૂપ વિષની વિલ્વળતા હોવાથી તેવું અતિશયવાળું નથી જેવા અતિશયવાળું યોગના સેવનથી સુખ થાય છે. **॥૫૪॥**

શ્લોક :-

आविद्वदङ्गनासिद्धमिदानीमपि दृश्यते ।
एतत्प्रायस्तदन्यत्तु, सुबह्वागमभाषितम् ।।५५।।

અન્વયાર્થ :-

एतत्=આ=શ્લોક-૫૨થી ૫૪ સુધી યોગનું ફળ બતાવ્યું એ, प्रायः=प्रायः, इदानीमपि=હમણાં પણ, आविद्वदङ्गनासिद्धम्=વિદ્વાનથી માંડીને સ્ત્રીઓ સુધી સર્વને પ્રતીત, दृश्यते=દેખાય છે, अन्यत्तु=વળી અન્ય=વળી અન્ય યોગનું ફળ, सुबह्वागमभाषितम्=ઘણું આગમભાષિત છે. ।।૫૫।।

શ્લોકાર્થ :-

શ્લોક-૫૨થી ૫૪ સુધી યોગનું ફળ બતાવ્યું એ પ્રાયઃ હમણાં પણ વિદ્વાનથી માંડીને સ્ત્રીઓ સુધી સર્વને પ્રતીત દેખાય છે. વળી અન્ય યોગનું ફળ ઘણું આગમભાષિત છે. ।।૫૫।।

ટીકા :-

आविद्वदङ्गनासिद्धम्=आविद्वद्भ्य आअङ्गनाभ्यश्च यो लोकस्तस्येत्यर्थः, सिद्धं=प्रतीतम्, इदानीमपि=दुःषमायां, किं पुनः सुषमदुःषमादावित्यपिशब्दार्थः, दृश्यते=अवलोक्यते, एतत्=प्रागुक्तं योगफलम्, प्रायो=बाहुल्येन, तदन्यत्तु=उक्तादन्यत्पुनर्योगफलम् सुबहु=अतिभूरि, आमर्षौषध्यादिकर्द्धि-प्राप्तिरूपम् आगमभाषितम्=आवश्यकनिर्युक्त्यादिनिरूपितम्, यदुक्तं तत्र –

'आमोसहिविप्पोसहिखेलोसहिजल्लमोसही चेव ।
संभिन्नसोयउज्जुमई, सव्वोसही चेव बोधव्वा ।।१।।
चारणआसीविसकेवली य, मणणाणिणो य पुव्वधरा ।
अरहन्तचक्कवट्टी, बलंदेवा वासुदेवा य' ।।२।। (आव. नि. ६९-७०)

तथा-

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं, गन्धः शुभो मूत्रपुरीषमल्पम् ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च, योगप्रवृत्तेः प्रथमं हि लिङ्गम् ।।१।।
मैत्र्यादियुक्तं विषयेष्वचेतः, प्रभाववद्धैर्यसमन्वितं च ।
द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो, जनप्रियत्वं च तथा परं स्यात् ।।२।।
दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी ।
वैरादिनाशोऽथ ऋतम्भराधीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ।।३।। **।।५५।।**

ટીકાર્થ :-

આવિદ્વદઙ્ગનાસિદ્ધમ્ .... ચિહ્નમેતત્ ।। આ=પૂર્વમાં કહેલું યોગનું ફળ=શ્લોક-૫૨થી ૫૪ સુધી બતાવ્યું એ યોગનું ફળ, પ્રાયઃ=બહુલતાએ, હમણાં પણ=દુષમાકાળમાં પણ, આવિદ્વદંગનાસિદ્ધ છે=વિદ્વાનથી માંડીને અને સ્ત્રીઓથી માંડીને જે લોક છે તેને પ્રતીત દેખાય છે. વળી તેનાથી અન્ય=શ્લોક-૫૨થી ૫૪માં કહેલ યોગફલથી અન્ય યોગનું ફળ, સુબહુ=અત્યંત, આમર્ષૌષધિ આદિ ઋદ્ધિની પ્રાપ્તિ રૂપ આગમભાષિત છે=આવશ્યક નિર્યુક્તિ આદિમાં નિરૂપિત છે, જે કારણથી ત્યાં=આવશ્યક નિર્યુક્તિમાં કહેવાયું છે –

"આમર્ષૌષધિ, વિપ્રુડૌષધિ, શ્લેષ્મૌષધિ, જલ્લઔષધિ, સંભિન્નશ્રોત લબ્ધિ, ઋજુમતી, સર્વ ઔષધિઓ જાણવી.

ચારણલબ્ધિવાળા, આસિવિસલબ્ધિવાળા, કેવલી, મનઃપર્યવજ્ઞાનીઓ, પૂર્વધરો, અરિહંત, ચક્રવર્તી, બળદેવો અને વાસુદેવો સર્વ યોગનું માહાત્મ્ય છે."

અને=અન્ય દર્શનના આગમોમાં બતાવેલ યોગમાહાત્મ્યને 'તથા'થી સંગ્રહ કરે છે –

"અલૌલ્ય, આરોગ્ય=શરીરનું આરોગ્ય, અનિષ્ઠુરપણું=દયાળુપણું, શુભ ગંધ=યોગના કારણે શરીરમાં શુભ ગંધનો ઉદ્ભવ, મૂત્ર-વિષ્ટાની અલ્પતા, કાંતિ=યોગના સેવનને કારણે સૌમ્ય સ્વભાવતા, પ્રસાદ=પ્રસન્નતા, સ્વરસૌમ્યતા=યોગના સેવનને કારણે મધુરભાષિતા, યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા ભાવોની પ્રાપ્તિ એ યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે."

તથા પરં=અને બીજું-મૈત્ર્યાદિયુક્ત ચિત્ત, વિષયેષુ અચેતઃ=વિષયોમાં અચેતન ચિત્ત, પ્રભાવવાળું ચિત્ત, ધૈર્યથી સમન્વિત ચિત્ત=યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ધૈર્યથી સમન્વિત ચિત્ત, દ્વન્દ્વોથી અધૃષ્યપણું=અનુકૂળ-પ્રતિકૂળમાં અનાકુળપણું, અભીષ્ટનો લાભ અને જનપ્રિયપણું, સ્યાત્=થાય=યોગપ્રવૃત્તિથી થાય.

દોષવ્યપાયઃ=દોષનો વિશેષરૂપે અપગમ અને પરમ તૃપ્તિ=ભોગાદિથી થતી તૃપ્તિ કરતાં વિશેષ કોટીની તૃપ્તિ, ઔચિત્ય યોગ=સર્વત્ર ઉચિત વ્યાપાર, ગુર્વી સમતા=શ્રેષ્ઠ કોટીની સમતા, વૈરાદિનો નાશ=સાંનિધ્યમાં આવનારા જીવોના વૈરાદિનો નાશ, ઋતમ્ભરા ધીઃ=અત્યંત તત્ત્વને સ્પર્શનારી બુદ્ધિ, જે અપેક્ષાએ પ્રાતિભજ્ઞાન અથવા કેવળજ્ઞાન સ્વરૂપ છે, નિષ્પન્ન યોગનું આ=પૂર્વમાં વર્ણન કરાયું એ, ચિહ્ન છે.

વળી સુષમદુઃષમામાં શું ? એ પ્રકારનો 'અપિ' શબ્દનો અર્થ છે='ઇદાનીમપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે. ।।૫૫।।

❖ 'સુષમદુઃષમાદૌ'માં 'આદિ' પદથી દુષમસુષમાનું ગ્રહણ કરવું.

અવતરણિકા :-

અથોક્તાદેવ યોગફલાત્તત્ત્વાન્તરપ્રસિદ્ધ્યર્થમાહ –

અવતરણિકાર્થ :-

હવે ઉક્ત જ યોગફલથી=શ્લોક-૫૨થી ૫૫ સુધી બતાવ્યા એ જ યોગફલથી, તત્ત્વાન્તરની પ્રસિદ્ધિ માટે=ભૂતસંઘાતરૂપ દેહથી અન્ય એવા આ તત્ત્વની પ્રસિદ્ધિ માટે, કહે છે –

ભાવાર્થ :-

નાસ્તિકદર્શનવાદી ભૂતસંઘાતરૂપ દેહથી અતિરિક્ત આત્માને સ્વીકારતો નથી, તેથી તેના વચનથી આત્મામાં કોઈને સંશય થાય તેના નિવર્તન માટે, વળી યોગીઓને પણ ક્યારેક પરલોકમાં સંશય થાય તો યોગના સેવનથી સત્સ્વપ્નાદિ દ્વારા પરલોકનો સંશય નિવર્તન પામે છે તે સંશયના નિવર્તનને દૃઢ કરવા માટે, વળી યોગના અર્થી જીવોને પણ પરલોકનો દૃઢ નિર્ણય ન હોય તો યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ થાય નહિ, તેથી યોગમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ કરાવવા માટે પૂર્વમાં યોગનું માહાત્મ્ય બતાવ્યું, તે યોગના માહાત્મ્યથી જ ભૂતસંઘાતરૂપ દેહથી અતિરિક્ત આત્માદિ સિદ્ધ થાય છે તે બતાવવા માટે કહે છે.

શ્લોક :-

न चैतद् भूतसङ्घातमात्रादेवोपपद्यते ।
तदन्यभेदकाभावे, तद्वैचित्र्याऽप्रसिद्धितः ।।५६।।

અન્વયાર્થ :-

एतद्=આ=શ્લોક-૫૨થી ૫૫ સુધી કહ્યું એ યોગનું માહાત્મ્ય, भूतसङ्घातमात्रादेव=ભૂતસંઘાતમાત્રથી જ, उपपद्यते न च=ઉપપન્ન થતું નથી જ; કેમ કે तदन्यभेदकाभावे=તેનાથી અન્ય એવા ભેદકના અભાવમાં=ભૂતસંઘાતરૂપ શરીરથી અન્ય એવા આત્માદિ રૂપ ભેદકના અભાવમાં, तद्वैचित्र्याप्रसिद्धितः=તેના વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ છે=ભૂતસંઘાતના વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ છે. ।।૫૬।।

શ્લોકાર્થ :-

શ્લોક-૫૨થી ૫૫ સુધી કહ્યું એ યોગનું માહાત્મ્ય ભૂતસંઘાતમાત્રથી જ ઉપપન્ન થતું નથી જ; કેમ કે તેનાથી અન્ય એવા ભેદકના અભાવમાં તેના વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ છે. ।।૫૬।।

ટીકા :-

न च=नैव, एतद् योगमाहात्म्यं भावयोगिषूपलभ्यमानम्, भूतसङ्घातमात्रादेव=पृथ्व्यादिमहाभूत-सङ्घातात् केवलादात्मादिरूपतत्त्वान्तरशून्याद्, उपपद्यते=घटते, कुत इत्याह – तदन्यभेदकाभावे=तस्माद् भूतसङ्घाताद्यदन्यत्तत्त्वान्तरमात्मादिलक्षणं भेदकं विशेषकारि तस्याभावे, तद्वैचित्र्याऽप्रसिद्धितः=तेषां भूतसङ्घातानां कायाकारपरिणतानामपि वैचित्र्यस्य नानात्वस्य योगमाहात्म्ययुक्तत्वेतरलक्षणस्याऽ-प्रसिद्धेरघटनात्, अतो बलादनुमिमीमहे – भूतसङ्घातातिरिक्तं विचित्रशक्तिसङ्गतं तत्त्वान्तरं समस्ति यद्वशादयं योगमाहात्म्यभावाभावलक्षणो भेदः सम्पद्यते ।।५६।।

ટીકાર્થ :-

ન ચ=નૈવ, ... સમ્પદ્યતે ।। ભાવયોગીમાં પ્રાપ્ત થતું એવું આ યોગમાહાત્મ્ય=શ્લોક-૫૨થી ૫૫ સુધી કહ્યું એ યોગમાહાત્મ્ય, ભૂતસંઘાતમાત્રથી જ=આત્માદિ રૂપ તત્ત્વાન્તર શૂન્ય એવા કેવલ પૃથ્વી આદિ મહાભૂતના સંઘાતથી, ઘટતું નથી જ, કેમ યોગમાહાત્મ્ય ઘટતું નથી ? એથી કહે છે – તેનાથી અન્ય એવા ભેદકના અભાવમાં=તે ભૂતસંઘાતથી અન્ય જે તત્ત્વાન્તર રૂપ આત્માદિ લક્ષણ ભેદક અર્થાત્ વિશેષકારી તેના અભાવમાં, તેના વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ હોવાથી=તે કાયાકાર પરિણત પણ ભૂતસંઘાતના વૈચિત્ર્યની અર્થાત્ યોગમાહાત્મ્ય યુક્તત્વ અને યોગમાહાત્મ્ય અયુક્તત્વ સ્વરૂપ વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ હોવાથી અર્થાત્ અઘટન હોવાથી, ભૂતમાત્રના સંઘાતથી યોગમાહાત્મ્ય ઘટતું નથી એમ અન્વય છે, એના બલથી=ભૂતસંઘાત માત્રથી યોગમાહાત્મ્ય ઘટતું નથી એના બલથી, અમે અનુમાન કરીએ છીએ–ભૂતસંઘાતથી અતિરિક્ત વિચિત્ર શક્તિથી યુક્ત આત્માદિ સ્વરૂપ તત્ત્વાન્તર છે જેના વશથી આ યોગમાહાત્મ્યના ભાવાભાવ સ્વરૂપભેદ પ્રાપ્ત થાય છે. ।।૫૬।।

❖ 'आत्मादिरूपतत्त्वान्तरशून्याद्'માં 'आदि' પદથી કર્મનું ગ્રહણ કરવું.

❖ 'कायाकारपरिणतानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે કાયાકાર પરિણત ન હોય તેવા ભૂતસંઘાતના તો વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ છે, પરંતુ કાયાકાર પરિણત પણ ભૂતસંઘાતના વૈચિત્ર્યની અપ્રસિદ્ધિ છે.

ભાવાર્થ :-

શ્લોક-૫૨થી ૫૫ સુધી યોગનું માહાત્મ્ય બતાવ્યું એ યોગનું માહાત્મ્ય ભાવયોગીઓમાં પ્રાપ્ત થાય છે અને ભૂતસંઘાતના બનેલા દેહ રૂપ જ સંસારી જીવો છે તેમ માનવામાં આવે, પરંતુ દેહમાં દેહથી અતિરિક્ત આત્મા અને કર્મો છે તેમ ન માનવામાં આવે તો આ યોગનું માહાત્મ્ય ઘટે નહિ, કેમ ઘટે નહિ ? તેથી કહે છે –

ભૂતસંઘાતના બનેલા દેહ સ્વરૂપ સંસારી જીવો છે તેમ સ્વીકારવામાં આવે તો કાયાકાર પરિણત રૂપ ભૂતસંઘાતનું પરસ્પર વૈચિત્ર્ય સંગત થાય, પરંતુ એક પ્રકારના કાયાકારપરિણતજીવો યોગમાહાત્મ્ય વગરના છે અને અન્ય કાયાકાર પરિણત જીવો યોગમાહાત્મ્યવાળા છે, એ પ્રકારનો ભેદ આત્મા આદિ સ્વીકાર્યા વગર સંગત થાય નહિ; કેમ કે દેહની અંદર દેહથી અતિરિક્ત એવો આત્મા હોય અને તે આત્માનાં તેવા પ્રકારનાં કર્મો ક્ષયોપશમભાવવાળાં હોય તો તે દેહધારી આત્મા યોગમાં પ્રવૃત્તિ કરીને યોગના સેવનથી નિષ્પાદ્ય ગુણોને પ્રાપ્ત કરે છે એમ કહી શકાય અને જે દેહધારી આત્માઓ યોગનું સેવન કરતા નથી તે દેહમાં રહેલા આત્માનાં મોહ આપાદક કર્મો છે, તેથી યોગના માહાત્મ્યથી થતા ઉત્તમભાવો કરતાં વિપરીત ભાવોને તે જીવો પ્રાપ્ત કરે છે તેમ કહી શકાય અને જો પાંચભૂતના સંઘાતરૂપ સંસારી જીવો હોય તો દરેક સંસારી જીવોને ઇષ્ટમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ થતો દેખાય છે તેવો ભાવ યોગીને પણ થવો જોઈએ; કેમ કે યોગીનો દેહ પણ પાંચ ભૂતના સંઘાતરૂપ છે, પરંતુ યોગીને યોગસાધનાથી સંસારી જીવો કરતાં જે જુદા ભાવો થાય છે તે દેહથી પૃથક્ આત્મા અને કર્મ સ્વીકાર્યા વગર સંગત થાય નહિ. **॥૫૬॥**

અવતરણિકા :-

અથ યોગમાહાત્મ્યાદેવ પ્રકારાન્તરેણ પરલોકસિદ્ધિમાહ –

અવતરણિકાર્થ :-

હવે યોગમાહાત્મ્યથી જ પ્રકારાન્તર વડે=શ્લોક-૫૬માં બતાવ્યું તેનાથી અન્ય પ્રકારે, પરલોકની સિદ્ધિને બે શ્લોકથી બતાવે છે –

ભાવાર્થ :-

શ્લોક-૫૬માં યોગના ફળ દ્વારા ભૂત સંઘાતરૂપ શરીરથી અતિરિક્ત આત્મા અને કર્મ છે તેમ સિદ્ધ કર્યું, તેથી અર્થથી પરલોકમાં જનારો આત્મા છે તેમ સિદ્ધ થયું, તેથી પરલોકની સિદ્ધિ થઈ. હવે યોગના માહાત્મ્યથી જ અન્ય પ્રકારે પરલોકસિદ્ધિને બતાવે છે –

શ્લોક :-

ब्रह्मचर्येण तपसा, सद्वेदाध्ययनेन च ।
विद्यामन्त्रविशेषेण, सत्तीर्थासेवनेन च ।।५७।।

અન્વયાર્થ :-

બ્રહ્મચર્યેણ=બ્રહ્મચર્યથી, તપસા=તપથી, સદ્વેદાધ્યયનેન=સદ્વેદના અધ્યયનથી, વિદ્યામન્ત્રવિશેષેણ=વિદ્યા અને મંત્રના વિશેષથી, ચ=અને, સત્તીર્થાસેવનેન=સત્તીર્થના આસેવનથી પુરુષ જાતિસ્મરણવાળો થાય એમ શ્લોક-૫૮ સાથે સંબંધ છે. ।।૫૭।।

શ્લોકાર્થ :-

બ્રહ્મચર્યથી, તપથી, સદ્વેદના અધ્યયનથી, વિદ્યા અને મંત્રના વિશેષથી અને સત્તીર્થના આસેવનથી પુરુષ જાતિસ્મરણવાળો થાય એમ શ્લોક-૫૮ સાથે સંબંધ છે. ।।૫૭।।

ટીકા :-

ब्रह्मचर्येण=भावतो बस्तिनिरोधरूपेण, तपसा=उपवासादिना, सद्वेदाध्ययनेन च=सता सुन्दरेणात्मानुग्रहादिपरिणामयुक्ततया वेदस्य-सद्भूतार्थागमस्याध्ययनेन वाचनापृच्छनादिस्वभावेन, चः समुच्चये, विद्यामन्त्रविशेषेण=ससाधना स्त्रीस्वामिका वा विद्या, मन्त्रश्च तदितररूपः, ततो (तयोः) मन्त्रव्याकरणप्रसिद्धयोर्विद्यामन्त्रयोर्विशेषेण=भेदेन, सत्तीर्थासेवनेन च=सतः सातिशयस्य व्यसनसलिलनिधिनिस्तारणोपायस्य स्थावरजङ्गमभेदभिन्नस्य तीर्थस्यासेवनेन पर्युपासनेन, चः प्राग्वत् ।।५७।।

ટીકાર્થ :-

બ્રહ્મચર્યેણ ..... चः प्राग्वत् ।। બ્રહ્મચર્યથી=ભાવથી કામવૃત્તિના નિરોધરૂપ બ્રહ્મચર્યથી, ઉપવાસાદિ તપથી, સદ્વેદના અધ્યયનથી=આત્માના અનુગ્રહાદિ પરિણામયુક્તપણું હોવાને કારણે સદ્ભૂત અર્થવાળા આગમરૂપ વેદના સુંદર અધ્યયનથી અર્થાત્ વાચના-પૃચ્છનાદિ સ્વભાવ રૂપ અધ્યયનથી, વિદ્યા-મંત્ર વિશેષથી=સસાધના અથવા સ્ત્રી સ્વામિકા વિદ્યા અને તેનાથી ઈતર રૂપ મંત્ર, મંત્ર વ્યાકરણ પ્રસિદ્ધ એવા તે વિદ્યા-મંત્રના વિશેષથી અર્થાત્ ભેદથી, અને સત્તીર્થના આસેવનથી=અતિશયવાળા આપત્તિરૂપી દરિયાથી નિસ્તરણના ઉપાયરૂપ સ્થાવર-જંગમ ભેદથી ભિન્ન એવા તીર્થના આસેવનથી અર્થાત્ પર્યુપાસનથી, પુરુષ જાતિસ્મરણવાળો થાય છે એમ શ્લોક-૫૮ સાથે સંબંધ છે.

શ્લોકમાં રહેલ 'च' શબ્દ સમુચ્ચયમાં છે અને શ્લોકના અંતે રહેલ 'च' શબ્દ પૂર્વના 'च' શબ્દની જેમ જ સમુચ્ચયમાં છે. ।।૫૭।।

❖ 'आत्मानुग्रहादिपरिणामयुक्ततया'માં 'आदि' પદથી કર્મનો ક્ષયોપશમ ગ્રહણ કરવો.

❖ ટીકામાં 'ततो मन्त्रव्याकरणप्रसिद्धयोः' પાઠ છે ત્યાં 'तयोः मन्त्रव्याकरणप्रसिद्धयोः' પાઠ હોવાની સંભાવના છે.

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

શ્લોક-૫૭માં જાતિસ્મરણ થવાનાં પાંચ કારણો બતાવ્યાં. હવે જાતિસ્મરણનાં અન્ય કારણોનો સમુચ્ચય કરવા માટે 'तथा'થી કહે છે –

શ્લોક :-

पित्रोः सम्यगुपस्थानाद्, ग्लानभैषज्यदानतः ।
देवादिशोधनाच्चैव, भवेज्जातिस्मरः पुमान् ।।५८।। (युग्मम्)

અન્વયાર્થ :-

पित्रोः=માતાપિતાના, सम्यगुपस्थानाद्=સમ્યગ્ ઉપસ્થાનથી=ત્રણ સંધ્યા પ્રણામાદિ રૂપ વિનયથી, ग्लानभैषज्यदानतः=ગ્લાનને ઔષધના દાનથી, चैव=અને, देवादिशोधनात्=દેવાદિના શોધનથી, पुमान्=પુરુષ, जातिस्मरः=જાતિસ્મરણવાળો, भवेत्=થાય છે. ।।૫૮।।

શ્લોકાર્થ :-

માતાપિતાના સમ્યગ્ ઉપસ્થાનથી, ગ્લાનને ઔષધના દાનથી અને દેવાદિના શોધનથી પુરુષ જાતિસ્મરણવાળો થાય છે. ।।૫૮।।

ટીકા :-

पित्रोः=जननीजनकयोः, 'सम्यग्'=यथावद्, 'उपस्थानात्' त्रिसन्ध्यप्रणामादिविनयरूपात्, 'पूजनं चास्य विज्ञेयं, त्रिसन्ध्यं नमनक्रिया' (श्लो. - १११) इत्यादिवक्ष्यमाणात्, 'ग्लानभैषज्यदानतो'=ग्लानानां-ज्वरादिरोगोपहतशरीरशक्तीनां, भैषज्यस्य=औषधस्य, दानतो=वितरणात्, 'देवादिशोधनाच्चैव'=देवदेवस्थानपुस्तकसाधूपाश्रयादेर्धर्मकार्योपयोगिनः शोधनात्तथाविधमलापनयनेन निर्मलीकरणाद्, 'भवेत्'=जायेत, 'जातिस्मरो=अनुभूतभवस्मर्ता, 'पुमान्'=प्राणी, ब्रह्मचर्यादीनां योगविशेषाणां ज्ञानावरणह्रासान्तरङ्गकारणत्वात् ।।५८।।

ટીકાર્થ :-

पित्रोः ..... ज्ञानावरणह्रासान्तरङ्गकारणत्वात् ।। માતાપિતાના સમ્યગ્=યથાવત્, ત્રણ સંધ્યા પ્રણામાદિવિનયરૂપ ઉપસ્થાનથી="આનું પૂજન અર્થાત્ માતાપિતાનું પૂજન જાણવું ત્રણ સંધ્યા નમસ્કાર ક્રિયા" ઇત્યાદિ આગળ કહેવાશે એ રૂપ ઉપસ્થાનથી, ગ્લાનને ઔષધના દાનથી=જ્વરાદિ રોગથી હણાયેલી શક્તિવાળા ગ્લાન જીવોને ઔષધના દાનથી, અને દેવાદિના શોધનથી=દેવ-દેવસ્થાન-પુસ્તક-સાધુ-ઉપાશ્રય આદિ ધર્મકાર્યની ઉપયોગી વસ્તુના શોધનથી અર્થાત્ તેવા પ્રકારના મલના અપનયન દ્વારા નિર્મલીકરણથી, પુરુષ=પ્રાણી, જાતિસ્મરણવાળો=અનુભવ કરેલા પૂર્વભવનું સ્મરણ કરનારો, થાય છે; કેમ કે બ્રહ્મચર્યાદિ યોગવિશેષોનું=શ્લોક-૫૭-૫૮માં બતાવ્યા એ બ્રહ્મચર્યાદિ યોગવિશેષોનું, જ્ઞાનાવરણ કર્મના હ્રાસનું અંતરંગ કારણપણું છે. ।।૫૮।।

ભાવાર્થ :-

કોઈ મહાત્મા કામવૃત્તિનું પારમાર્થિક વિડંબના સ્વરૂપ અત્યંત ભાવન કરે, જેથી કામના વિકારો ભાવથી ઉદ્ભવ ન પામે તેવું ચિત્ત નિષ્પન્ન થાય તે બ્રહ્મચર્ય છે, તેનાથી જાતિસ્મરણ થાય છે.

ઉપવાસાદિ તપના સેવનથી વિશુદ્ધ થયેલા અધ્યવસાયને કારણે જ્ઞાનાવરણીયકર્મના હ્રાસથી જાતિસ્મરણ થાય છે.

પદાર્થના પારમાર્થિક સ્વરૂપને બતાવનાર આગમનો વાચના-પૃચ્છનાદિ પ્રકારે સ્વાધ્યાય કરવાથી આત્મા શાસ્ત્રોના પદાર્થથી ભાવિત બને છે તેનાથી આત્માનાં જ્ઞાનાવરણીય આદિ કર્મો ક્ષયોપશમભાવને પામે છે, તે પ્રકારના સુંદર શાસ્ત્ર-અધ્યયનથી પુરુષને જાતિસ્મરણ જ્ઞાન થાય છે.

જાતિસ્મરણ નિષ્પત્તિના કારણીભૂત વિદ્યાવિશેષથી કે જાતિસ્મરણના કારણીભૂત મંત્રવિશેષથી પુરુષને જાતિસ્મરણ થાય છે.

વળી સત્તીર્થના સેવનથી=સંસારના નિસ્તારના કારણીભૂત એવા અતિશયવાળાં તીર્થસ્થાનો કે તેવા અતિશયવાળા સુસાધુના સેવનથી, પુરુષને જાતિસ્મરણ થાય છે.

વળી શ્લોક-૧૧૧માં બતાવાશે એ પ્રકારે માતાપિતાનો વિનય કરવાથી પુરુષને જાતિસ્મરણ થાય છે.

વળી કોઈ જીવો રોગાદિથી પીડાતા હોય તેમના પ્રત્યે અત્યંત દયા થવાથી ઔષધાદિ આપે તો તે પ્રવૃત્તિથી જ્ઞાનાવરણીયકર્મનો હ્રાસ થવા દ્વારા જાતિસ્મરણ થાય છે.

વળી દેવની પ્રતિમાને ભક્તિના અતિશયથી સ્વચ્છ કરવામાં આવે, દેવસ્થાનકને ભક્તિના અતિશયથી સ્વચ્છ કરવામાં આવે, સત્શાસ્ત્રો પ્રત્યે ભક્તિના અતિશયથી તેના ઉપર લાગેલ ધૂળ આદિને દૂર કરવામાં આવે કે સાધુના દેહ પર લાગેલ મલને ભક્તિથી દૂર કરવામાં આવે કે ઉપાશ્રય આદિ આ ધર્મનાં સ્થાનો છે એ પ્રકારે ભક્તિપૂર્વક સાફ કરવામાં આવે તો આત્મા ઉપર લાગેલા જ્ઞાનાવરણીય કર્મમલનો અપગમ થાય છે, જેથી પુરુષને જાતિસ્મરણ થાય છે. **॥૫૭-૫૮॥**

અવતરણિકા :-

अत्रैव प्रसङ्गसिद्धिमाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=બ્રહ્મચર્યાદિ જાતિસ્મરણના હેતુ છે એમ શ્લોક-૫૭-૫૮માં બતાવ્યું એમાં જ, પ્રસંગથી=જન્માંતરથી આવેલા સર્વ જીવોને સમાન સ્મૃતિ થતી નથી એ પ્રસંગથી, સિદ્ધિને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૫૭-૫૮માં કહ્યું કે બ્રહ્મચર્યાદિ જાતિસ્મરણના હેતુ છે તેની સિદ્ધિ પ્રસંગથી કરે છે અર્થાત્ જો બ્રહ્મચર્યાદિ જાતિસ્મરણના હેતુ ન હોય તો જન્માંતરથી આવેલા સર્વ જીવોને જાતિસ્મરણ થવાની આપત્તિ આવે, તે પ્રસંગથી બ્રહ્મચર્યાદિ જ જાતિસ્મરણના હેતુ છે, તેની સિદ્ધિને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

अत एव न सर्वेषामेतदागमनेऽपि हि ।
परलोकाद्यथैकस्मात्स्थानात्तनुभृतामिति ।।५९।।

અન્વયાર્થ :-

अत एव=આથી જ=બ્રહ્મચર્યાદિનું જાતિસ્મરણનું હેતુપણું હોવાથી જ, सर्वेषाम्=સર્વ જીવોનું, परलोकाद्=પરલોકથી, आगमनेऽपि हि=આગમન હોવા છતાં પણ, एतद्=આ=જાતિસ્મરણ, न=થતું નથી જ, यथा=જે પ્રમાણે, एकस्मात्स्थानात्तनुभृताम्=એક સ્થાનથી આવનારા શરીરધારીઓને ત્યાં અનુભવ કરેલા અર્થનું સ્મરણ થતું નથી. इति='इति' શબ્દ વાક્ય પરિસમાપ્તિમાં છે. ।।૫૯।।

શ્લોકાર્થ :-

બ્રહ્મચર્યાદિનું જાતિસ્મરણનું હેતુપણું હોવાથી જ સર્વ જીવોનું પરલોકથી આગમન હોવા છતાં

પણ જાતિસ્મરણ થતું નથી જ, જે પ્રમાણે એકસ્થાનથી આવનારા શરીરધારીઓને ત્યાં અનુભવ કરેલા અર્થનું સ્મરણ થતું નથી. ।।૫૯।।

ટીકા :-

અત એવ=બ્રહ્મચર્યાદેર્જાતિસ્મરણહેતુત્વાદેવ, ન=નૈવ, સર્વેષાં દેહિનામ્ એતદ્=જાતિસ્મરણમ્, આગમનેઽપિ હિ=આગતાવપિ, કિં પુનર્લોકાયતમતેન તદભાવ ઇત્યપિહિશબ્દાર્થઃ, પરલોકાત્=પરભવાત્, 'યથા' ઇતિ દૃષ્ટાન્તાર્થે, એકસ્માત્સ્થાનાત્પાટલિપુત્રકાદેરાગમનેઽપિ તનુભૃતાં તત્રાનુભૂતાર્થસ્મરણમ્, 'ઇતિઃ' - વાક્યપરિસમાપ્તૌ, ઇદમુક્તં ભવતિ-યથૈકસ્માત્પાટલિપુત્રકાદેઃ સ્થાનાદાગતાનામપિ સુબહૂનાં પથિકાનાં ક્વચિદ્વિવક્ષિતે સ્થાને ન સર્વેષાં પ્રાગનુભૂતાર્થસ્મૃતિરુપજાયતે, કિન્તુ કેષાઞ્ચિદેવ, એવં ભવાન્તરસ્મૃતાવપિ યોજના કાર્યેતિ, ન ચાલ્પબહુત્વેન સ્મર્તૃણાં દૃષ્ટાન્તદાર્ષ્ટાન્તિકયોર્વૈષમ્યમુદ્ભાવનીયં, સ્મર્તૃસમ્ભવમાત્રસ્ય પ્રતિપાદયિતુમિષ્ટત્વાદ્ દૃષ્ટાન્તદાર્ષ્ટાન્તિકયોઃ સર્વથા સાધર્મ્યાભાવાચ્ચ ।।૫૯।।

ટીકાર્થ :-

અત એવ ..... સાધર્મ્યાભાવાચ્ચ ।। આથી જ=બ્રહ્મચર્યાદિનું જાતિસ્મરણનું હેતુપણું હોવાથી જ, સર્વજીવોનું પરલોકથી=પરભવથી, આગમન હોવા છતાં પણ આ=જાતિસ્મરણ, નથી જ થતું, જે પ્રમાણે પાટલિપુત્રકાદિ એકસ્થાનથી આગમનમાં પણ શરીરધારીઓને ત્યાં અનુભૂત અર્થનું સ્મરણ=પાટલિપુત્રમાં અનુભૂત અર્થનું સ્મરણ, બધાને થતું નથી. 'ઇતિ'=શ્લોકમાં રહેલો 'ઇતિ' શબ્દ વાક્ય પરિસમાપ્તિમાં છે.

આ=આગળ કહે છે એ, કહેવાયેલું થાય છે=શ્લોકના કથનથી કહેવાયેલું થાય છે –

જે પ્રમાણે એક એવા પાટલિપુત્રકાદિ સ્થાનથી કોઈક વિવક્ષિત સ્થાનમાં આવેલા પણ ઘણા પથિકોના સર્વને પૂર્વના અનુભૂત અર્થની સ્મૃતિ=પાટલિપુત્રાદિ નગરમાં અનુભવ કરેલા અર્થની સ્મૃતિ, થતી નથી, પરંતુ કેટલાકને જ થાય છે, એ રીતે ભવાંતરની સ્મૃતિમાં પણ યોજના કરવી જોઈએ, 'ઇતિ' શબ્દ 'ઇદમુક્તં ભવતિ'ના કથનની સમાપ્તિમાં છે.

અને સ્મરણ કરનારાઓનું અલ્પબહુત્વ હોવાથી=પાટલિપુત્રથી અન્ય નગરમાં આવનારા સર્વ પથિકોમાંથી કેટલાકને અલ્પનું સ્મરણ છે, કેટલાકને ઘણું સ્મરણ છે તેથી, દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકમાં વૈષમ્યનું ઉદ્ભાવન કરવું નહિ; કેમ કે સ્મરણ કરનારાઓના સંભવમાત્રનું પ્રતિપાદન કરવાને ઇષ્ટપણું છે અને દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકમાં સર્વથા સાધર્મ્યનો અભાવ છે.

વળી લોકાયમતથી તેના અભાવમાં=પરલોકથી આગમનના અભાવમાં, વળી શું ? એ પ્રકારે 'અપિ હિ' શબ્દનો અર્થ છે='આગમનેઽપિ હિ'માં રહેલા 'અપિ હિ' શબ્દનો અર્થ છે. ।।૫૯।।

❖ 'ભવાન્તરસ્મૃતાવપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે પાટલિપુત્રાદિ નગરથી અન્ય નગરમાં જનારાઓની સ્મૃતિમાં કેટલાકને જ સ્મૃતિ છે, તેમ ભવાંતરની સ્મૃતિમાં પણ એ પ્રમાણે યોજના કરવી.

ભાવાર્થ :-

શ્લોક-૫૭-૫૮માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે બ્રહ્મચર્યાદિથી પુરુષ જાતિસ્મરણવાળા થાય છે, તેથી નક્કી થાય છે કે સંસારમાં જે જીવો જન્મ્યા છે તે સર્વે પરલોકમાંથી આવેલા છે તોપણ બધાને જાતિસ્મરણ થતું નથી, જો બ્રહ્મચર્યાદિ જાતિસ્મરણના હેતુ ન હોય અને જેનો અનુભવ ભૂતકાળમાં થયો હોય તે અનુભવ જ જાતિસ્મરણનો હેતુ હોય તો પરલોકમાંથી આવનારા બધા જીવોને જાતિસ્મરણ થવું જોઈએ અને બધા જીવોને જાતિસ્મરણ થતું નથી, તેથી નક્કી થાય છે કે બ્રહ્મચર્યાદિ જાતિસ્મરણના હેતુ છે.

અહીં પ્રશ્ન થાય કે પરલોકમાંથી બધા જીવો આવેલા છે છતાં પરલોકમાં જે જે અનુભવ કર્યો છે તેનું સ્મરણ આ ભવમાં બધાને કેમ થતું નથી ? એ કથન દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

પાટલિપુત્રાદિ કોઈ એક નગરથી ઘણા જીવો અન્ય નગરમાં આવ્યા હોય તેઓએ પાટલિપુત્રમાં જે અનુભવ કર્યો છે તેની સ્મૃતિ બધાને થતી નથી, પરંતુ કેટલાકને જ થાય છે, એ રીતે ભવાંતરના અનુભવની સ્મૃતિ પણ બધાને થતી નથી, પરંતુ બ્રહ્મચર્યાદિના કારણે તથાપ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મોનો હ્રાસ થાય તે જીવોને થાય છે, અન્ય જીવોને નહિ.

અહીં પ્રશ્ન થાય કે પાટલિપુત્રથી આવેલા ઘણા જીવોમાંથી કેટલાકને ઘણું સ્મરણ હોય છે, તો કેટલાકને અલ્પ સ્મરણ હોય છે, પરંતુ પોતે પાટલિપુત્રથી આવ્યા છે તેવું સ્મરણ તો બધાને સામાન્યથી છે, જ્યારે પરલોકથી આવેલા બધા જીવોને પોતે પરલોકમાંથી આવ્યા છે તેવું સામાન્ય પણ સ્મરણ થતું નથી, તેથી દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય છે, તેનું સમાધાન કરતાં ટીકાકારશ્રી કહે છે કે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું સર્વથા સાધર્મ્ય નથી, પરંતુ પાટલિપુત્રથી આવેલા ઘણા જીવોમાંથી કેટલાકને ત્યાંના કેટલાક અનુભવોનું સ્મરણ થતું નથી એ સંભવમાત્રની અપેક્ષાએ દૃષ્ટાંતને ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ કહેલ છે કે જેમ પાટલિપુત્રથી આવેલા કેટલાક જીવોને ત્યાંના કેટલાક અનુભવનું સ્મરણ થતું નથી તેમ પરલોકથી આવેલા જીવોને પરલોકનું સ્મરણ થતું નથી. માટે એક સ્થાનથી આવેલા પુરુષોનું દૃષ્ટાંત એક દેશથી હોવાને કારણે દોષ નથી. ॥૫૯॥

અવતરણિકા :-

એતદેવ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આને જ=પાટલિપુત્રાદિ એક સ્થાનથી આવેલા ઘણા લોકોમાંથી બધાને ત્યાંના અનુભવવિશેષનું સ્મરણ થતું નથી માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું વૈષમ્ય નથી એમ શ્લોક-૫૯ની ટીકામાં કહ્યું એને જ ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૫૯ની ટીકામાં શંકા કરી કે પાટલિપુત્રથી આવનારા ઘણા લોકોમાંથી કેટલાક લોકોને થોડું સ્મરણ થાય છે અને કેટલાકને ઘણું સ્મરણ થાય છે ત્યારે પરલોકમાંથી આવનારાને તો કંઈ જ સ્મરણ થતું

નથી, માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવમાં વૈષમ્ય છે તેનું સમાધાન કરતાં કહ્યું કે જેમ પાટલિપુત્રથી આવનારા કેટલાકને કેટલાક વિશેષ ભાવોનું સ્મરણ થતું નથી તેને આશ્રયીને જ દૃષ્ટાંતનું ગ્રહણ છે માટે દોષ નથી. એને જ પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

શ્લોક :-

न चैतेषामपि ह्येतदुन्मादग्रहयोगतः ।
सर्वेषामनुभूतार्थस्मरणं स्याद्विशेषतः ।।६०।।

અન્વયાર્થ :-

हि=જે કારણથી, उन्मादग्रहयोगतः=ઉન્માદ અને ગ્રહના યોગથી, एतेषामपि सर्वेषाम्=આ પણ સર્વને=એક સ્થાનથી પણ આવેલા સર્વને, एतद् अनुभूतार्थस्मरणं=આ અનુભૂત અર્થનું સ્મરણ, विशेषतः=વિશેષથી, न च स्यात्=નથી જ થતું, તે કારણથી પરલોકથી આવેલા સર્વને જાતિસ્મરણ થતું નથી એમ અધ્યાહાર છે. ।।૬૦।।

શ્લોકાર્થ :-

જે કારણથી ઉન્માદ અને ગ્રહના યોગથી એક સ્થાનથી પણ આવેલા સર્વને આ અનુભૂત અર્થનું સ્મરણ વિશેષથી નથી જ થતું, તે કારણથી પરલોકથી આવેલા સર્વને જાતિસ્મરણ થતું નથી એમ અધ્યાહાર છે. ।।૬૦।।

ટીકા :-

न च=नैव, एतेषामपि=एकस्थानादागतानां, किं पुनर्भवान्तरादागतानामपीत्यपिशब्दार्थः, हि=यस्माद्, एतद्=इदम्, उन्मादग्रहयोगतः=उन्मादो मोहावेशो, ग्रहश्च भूतावेशस्तत उन्मादग्रहयोर्योगः सम्बन्धस्तस्मात्, सर्वेषां=समस्तानाम्, किमित्याह – अनुभूतार्थस्मरणं स्यात्=भवेत्, विशेषतः=सर्वान्विशेषान्प्रतीत्य, किन्तु सामान्येनैव ।।६०।।

ટીકાર્થ :-

न च=नैव, ... सामान्येनैव ।। જે કારણથી આમને પણ=એક સ્થાનથી આવેલા પણ સર્વ જીવોને, ઉન્માદ અને ગ્રહના યોગથી=ઉન્માદ અર્થાત્ મોહનો આવેશ અને ગ્રહ અર્થાત્ ભૂતાવેશ તેના યોગથી, આ અનુભૂત અર્થનું સ્મરણ=એક સ્થાનમાં જે પોતે જોયેલું છે એ અનુભૂત અર્થનું સ્મરણ, વિશેષથી=સર્વ વિશેષને આશ્રયીને, નથી જ થતું, પરંતુ સામાન્યથી જ થાય છે, તે કારણથી પરલોકમાંથી આવેલા સર્વને જાતિસ્મરણ થતું નથી એમ 'यस्मात्'થી અર્થથી પ્રાપ્ત થાય છે.

ભવાંતરથી આવેલાઓને પણ શું કહેવું ? એ પ્રમાણે 'अपि' શબ્દનો અર્થ છે='एतेषामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૬૦।।

ભાવાર્થ :-

પાટલિપુત્રાદિ કોઈક એક નગરથી ઘણા પથિકો કોઈ અન્ય નગરમાં આવેલા હોય તેઓ પાટલિપુત્રમાં રહેલા ત્યારે ઘણા અનુભવો કરેલા તેમાંથી કેટલાક જીવોને તે સર્વ અનુભવોનું સ્મરણ થાય છે, તો કેટલાક જીવોને ઉન્માદને વશ=વિસ્મૃતિને વશ, અથવા કોઈને વળગાડ થયેલો હોય તેને વશ પાટલિપુત્રમાં અનુભવેલા અર્થોનું સર્વ વિશેષને આશ્રયીને સ્મરણ થતું નથી, પરંતુ સામાન્યથી જ સ્મરણ થાય છે કે અમે પાટલિપુત્રથી આવ્યા છીએ, તેમ જન્માંતરથી આવેલા જીવોને પણ પોતે જન્માંતરમાં જે અનુભવો કર્યા તેનું સ્મરણ થતું નથી, એટલું-જ નહિ, પણ પરલોકમાંથી આવ્યા છીએ તેવું પણ સ્મરણ થતું નથી, પણ જેઓને જાતિસ્મરણ થાય છે તેઓને જ પરલોકનું સ્મરણ થાય છે. **॥૬૦॥**

અવતરણિકા :-

અથ દાર્ષ્ટાન્તિકે સર્વેષાં સામાન્યેન સ્મૃતિર્યથા સ્યાત્તથાહ –

અવતરણિકાર્થ :-

હવે દાર્ષ્ટાન્તિકમાં=પરલોકથી આવેલા સર્વ જીવોમાં, સર્વ જીવોને સામાન્યથી સ્મૃતિ જે પ્રમાણે થાય છે તે પ્રમાણે કહે છે –

ભાવાર્થ :-

પાટલિપુત્રથી આવેલા જીવોમાં બધાને સર્વ વિશેષને આશ્રયીને સ્મરણ થતું નથી, તોપણ સામાન્યથી પોતે પાટલિપુત્રથી આવ્યા છે તેવું સ્મરણ થાય છે તેમ પરલોકથી આવેલા જીવોને પોતે પરલોકના કયા ભવમાંથી આવ્યા છે તેવું સામાન્યથી સ્મરણ થતું નથી, તોપણ પરલોકના અનુભવનું કેવા પ્રકારનું સામાન્યથી સ્મરણ થાય છે તે બતાવે છે –

શ્લોક :-

सामान्येन तु सर्वेषां, स्तनवृत्त्यादिचिह्नितम् ।
अभ्यासातिशयात्स्वप्नवृत्तितुल्यं व्यवस्थितम् ।।६१।।

અન્વયાર્થ :-

તુ=વળી, સામાન્યેન=સામાન્યથી, સર્વેષામ્=સર્વ જીવોને=પરલોકમાંથી આવેલા સર્વ જીવોને, અભ્યાસાતિશયાન્=અભ્યાસના અતિશયને કારણે, સ્વપ્નવૃત્તિતુલ્યં=સ્વપ્નવૃત્તિ તુલ્ય=દિવસના અનુભવની સ્વપ્નમાં થતી મનોવૃત્તિ તુલ્ય, સ્તનવૃત્ત્યાદિચિહ્નિતં=સ્તનપાનાદિ ચિહ્નિત જાતિસ્મરણ, વ્યવસ્થિતમ્=વ્યવસ્થિત છે. ॥૬૧॥

શ્લોકાર્થ :-

વળી સામાન્યથી પરલોકમાંથી આવેલા સર્વ જીવોને અભ્યાસના અતિશયને કારણે સ્વપ્નવૃત્તિ તુલ્ય સ્તનપાનાદિ ચિહ્નિત જાતિસ્મરણ વ્યવસ્થિત છે. ।।૬૧।।

ટીકા :-

सामान्येन=साधारणतया, 'तुः'विशेषणार्थः, सर्वेषां=समस्तानां प्राणिनाम्, स्तनवृत्त्यादिचिह्नितं= स्तनवृत्तिस्तदहर्जातानां स्तनपानरूपा आदिशब्दाद्रमणीयरूपकन्दुकाद्यवलोकनकुतूहलादिका विविधा चेष्टा गृह्यते तया चिह्नितं व्यक्तीभावमानीतम्, 'जातिस्मरणं' इति गम्यते, कीदृशमित्याह – अभ्यासातिशयात्=पुनःपुनरासेवनमभ्यासस्तस्यातिशय उत्कर्षस्तस्मात्, स्वप्नवृत्तितुल्यं= स्वप्नकालोपलभ्यमानदिवसानुभूतवनदेवकुलादिविहारादिव्यवहारसमम्, 'व्यवस्थितं'=प्रतिष्ठितम्, यथाभ्यासातिशयात्स्वप्ने दिनानुभूतोऽर्थ उपलभ्यते, एवं स्तनवृत्त्यादिको व्यवहारः प्राग्भवानुभूतो भवान्तर इति ।।६१।।

ટીકાર્થ :-

सामान्येन ..... भवान्तर इति ।। 'तु' વિશેષણ અર્થક છે=એક નગરથી આવેલા જીવોમાંથી કેટલાકને સામાન્યથી સ્મૃતિ થાય છે તેના કરતાં પરલોકથી આવેલાને કયા પ્રકારની સામાન્યથી સ્મૃતિ થાય છે. તે વિશેષને બતાવવા અર્થક છે. સામાન્યથી=સાધારણપણાથી, સર્વ પ્રાણીઓને=પરલોકથી આવેલા સર્વ જીવોને, સ્તનવૃત્તિ આદિ ચિહ્નિત=તે દિવસે ઉત્પન્ન થયેલા બાળકની સ્તનપાનરૂપ ચેષ્ટા તેનાથી ચિહ્નિત અર્થાત્ તેનાથી વ્યક્તિભાવને પ્રાપ્ત એવું જાતિસ્મરણ, વ્યવસ્થિત છે, વળી તે જાતિસ્મરણ કેવું છે ? એથી કહે છે – અભ્યાસના અતિશયથી=ફરી ફરી આસેવનના અભ્યાસના અતિશયને કારણે=દરેક ભવમાં આહારગ્રહણને અનુકૂળ ક્રિયાના આસેવનના અભ્યાસના અતિશયને કારણે, સ્વપ્નવૃત્તિ તુલ્ય વ્યવસ્થિત છે=સ્વપ્નકાળમાં ઉપલભ્યમાન દિવસે અનુભવેલો વનવિહાર-દેવકુલાદિ વિહાર આદિ વ્યવહાર જેવું જાતિસ્મરણ પ્રતિષ્ઠિત છે, જે પ્રમાણે અભ્યાસના અતિશયને કારણે સ્વપ્નમાં દિવસે અનુભવેલો અર્થ પ્રાપ્ત થાય છે, એ રીતે પૂર્વભવમાં અનુભવેલો સ્તન-વૃત્ત્યાદિક વ્યવહાર ભવાંતરમાં પ્રાપ્ત થાય છે. 'इति' શબ્દ 'यथा'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.

'સ્તનવૃત્ત્યાદિ'માં રહેલા 'આદિ' શબ્દથી બાળકની રમણીય રૂપવાળા દડા આદિના અવલોકનને અનુકૂળ કુતૂહલાદિ વિવિધ ચેષ્ટા ગ્રહણ કરાય છે. ।।૬૧।।

❖ 'स्वप्नकालोपलभ्यमानदिवसानुभूतवनदेवकुलादिविहारादिव्यवहारसमम्'માં 'देवकुलादि'માં રહેલા 'आदि' પદથી દિવસના અનુભૂત અન્ય સ્થાનનું ગ્રહણ કરવું અને 'विहारादि'માં રહેલા 'आदि' પદથી દિવસની અનુભૂત વિહરણથી અન્ય ચેષ્ટાનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સંસારવર્તી જીવો દરેક ભવમાં ક્ષુધા લાગે ત્યારે આહાર કરવા માટે તે તે પ્રકારની કાયચેષ્ટા કરે છે, તેથી જન્મેલું બાળક પણ સ્તનપાનની પ્રવૃત્તિ કરે છે, વસ્તુતઃ ભૂખ લાગી હોય ત્યારે તેના શમન માટે કેવી ચેષ્ટા કરવી જોઈએ તેનો બોધ તે જીવને કોઈએ કરાવ્યો નથી છતાં જન્માંતરના અત્યંત અભ્યાસને કારણે આત્મામાં રહેલા તે પ્રકારના સંસ્કારથી જન્મેલા બાળકની સ્તનપાનની પ્રવૃત્તિ થાય છે, વળી કંઈક વૃદ્ધિ પામેલા બાળકની બાહ્ય દેખાતી રમણીય વસ્તુના અવલોકનને અનુકૂળ કુતૂહલાદિ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દેખાય છે તે પ્રકારની પ્રવૃત્તિ કરવાના તે જીવમાં વર્તતા પૂર્વભવના સંસ્કારો છે, તેથી શિક્ષણ વગર તે પ્રકારની પ્રવૃત્તિ સામાન્યથી સર્વ જીવો કરે છે, તેનાથી અનુમાન થાય છે કે પૂર્વભવના અનુભવોના સંસ્કારોની સ્મૃતિથી બાળકની સ્તનપાન આદિ પ્રવૃત્તિઓ થાય છે, વળી તે પ્રવૃત્તિઓ કેવી છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જેમ સંસારી જીવોને દિવસના અનુભવને અનુરૂપ સ્વપ્નમાં દેવકુલ આદિમાં ગમનની ચેષ્ટાઓ દેખાય છે તેના જેવી બાળકની સ્તનપાનની વૃત્તિ છે અર્થાત્ જેમ દિવસના અનુભવને અનુરૂપ ચેષ્ટા સ્વપ્નમાં થાય છે તેમ જન્મેલા બાળકની પૂર્વભવના અનુભવને અનુરૂપ સ્તનપાન આદિ ચેષ્ટા થાય છે.

અહીં વિશેષ એ છે કે સ્તનપાનની પ્રવૃત્તિ પંચેન્દ્રિયભવમાં થાય છે, એકેન્દ્રિયાદિ ભવોમાં થતી નથી અને જીવ અનાદિથી નિગોદમાં હતો ત્યારે પંચેન્દ્રિય ભવને પામેલો ન હતો અને પ્રથમ પંચેંદ્રિયભવને પામે ત્યારે જન્મેલું બાળક સ્તનપાન કરે છે, તેથી એ નક્કી થાય છે કે આહાર ગ્રહણ કરવાને અનુકૂળ જેવો અંતરંગ વ્યાપાર કરવાની પ્રવૃત્તિ એકેન્દ્રિયાદિ દરેક ભવોમાં હતી તે પ્રવૃત્તિના સંસ્કારો દરેક ભવોમાં આધાન થાય છે અને તેના સંસ્કારથી જ પરભવમાંથી આવેલ જીવ માના ગર્ભમાં આવે છે ત્યારે આહાર ગ્રહણ કરવાને અનુકૂળ વ્યાપાર કરે છે અને પોતાના શરીરની નિષ્પત્તિ કરે છે અને તે રીતે માના ગર્ભમાં વિકસ્યા પછી જન્મ વખતે પણ આહારને અનુકૂળ પ્રવૃત્તિરૂપે જ પૂર્વભવના સંસ્કારના વશથી સ્તનપાન કરે છે, તેથી આહાર ગ્રહણ કરવાને અનુકૂળ કેવો વ્યાપાર કરવો જોઈએ તેનો બોધ દરેક જીવને વર્તમાનભવમાં પૂર્વભવના સંસ્કારોથી થાય છે. વળી, એકેન્દ્રિયાદિ ભવોમાં પણ ઇન્દ્રિયને અનુકૂળ ભાવોમાં રતિ અને તેને ગ્રહણ કરવાનો અભિમુખ ભાવ થાય છે. તેના સંસ્કારથી જ રમણિય વસ્તુને જોઈને બાળકને કુતૂહલાદિ ભાવો થાય છે. **॥૬૧॥**

અવતરણિકા :-

ननु स्वप्नवृत्तिः पश्चादपि स्मर्यते न त्वेवं स्तनादिवृत्तिर्भवान्तरसम्बन्धिनीह स्मर्यत इति कथमनयोर्दृष्टान्तदार्ष्टान्तिकभाव इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

સ્વપ્નવૃત્તિ પાછળથી પણ સ્મરણ થાય છે=સવારે ઊઠ્યા પછી દિવસના અનુભવને અનુરૂપ સ્વપ્નમાં મેં આ પ્રવૃત્તિ કરી એ પ્રમાણે જીવ વડે સ્મરણ થાય છે, વળી એ રીતે ભવાંતર સંબંધી

સ્તનાદિવૃત્તિ અહીં=આ ભવમાં, સ્મરણ થતી નથી, એથી આ બેનો=દિવસે અનુભવેલા સ્વપ્નનો અને જન્માંતરના અનુભવને અનુરૂપ સ્તનાદિવૃત્તિનો, દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવ કઈ રીતે છે ? એ પ્રકારની 'ननु'થી આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'पश्चादपि'માં 'अपि'થી એ કહેવું છે કે સ્વપ્નવૃત્તિ સ્વપ્નકાળમાં તો અનુભવાય છે, પરંતુ પાછળથી પણ સ્મરણ કરાય છે.

ભાવાર્થ :-

શ્લોક-૬૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દરેક જીવને અભ્યાસના અતિશયથી સ્વપ્નવૃત્તિ તુલ્ય સ્તનવૃત્તિથી ચિહ્નિત પૂર્વભવનું સ્મરણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે જેમ દિવસના અનુભવને અનુરૂપ સ્વપ્નમાં પ્રવૃત્તિ થાય છે તેમ જન્મેલા બાળકની જન્માંતરના અનુભવને અનુરૂપ સ્તનપાનની પ્રવૃત્તિ થાય છે, આ પ્રકારના દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક કથનમાં 'ननु'થી કોઈક શંકા કરે છે કે સ્વપ્નમાં કરેલી પ્રવૃત્તિ ઊઠ્યા પછી સ્મરણમાં આવે છે અને જણાય છે કે દિવસના અભ્યાસને અનુરૂપ મેં આ પ્રવૃત્તિ કરી, તેની જેમ જન્માંતરના અભ્યાસને અનુરૂપ આ સ્તનપાનની પ્રવૃત્તિ છે તે પ્રકારે કોઈને સ્મરણ થતું નથી, તેથી સ્વપ્નના દૃષ્ટાંતથી સ્તનપાનની પ્રવૃત્તિ પૂર્વભવના અભ્યાસથી થયેલી છે તેવું કહી શકાય નહિ, તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

स्वप्ने वृत्तिस्तथाभ्यासाद्विशिष्टस्मृतिवर्जिता ।
जाग्रतोऽपि क्वचित्सिद्धा, सूक्ष्मबुद्ध्या निरूप्यताम् ।।६२।।

અન્વયાર્થ :-

तथाभ्यासाद्=તે પ્રકારના અભ્યાસથી=મન્દ અભ્યાસથી, स्वप्ने वृत्तिः=સ્વપ્નમાં થયેલી પ્રવૃત્તિ जाग्रतोऽपि=જાગતા પણ પુરુષને, क्वचित्=કોઈક વખતે, विशिष्टस्मृतिवर्जिता सिद्धा=વિશિષ્ટ સ્મૃતિ રહિત સિદ્ધ છે એ, सूक्ष्मबुद्ध्या=સૂક્ષ્મબુદ્ધિથી, निरूप्यताम्=વિચારવું. ।।૬૨।।

શ્લોકાર્થ :-

તે પ્રકારના અભ્યાસથી સ્વપ્નમાં થયેલી પ્રવૃત્તિ જાગતા પણ પુરુષને કોઈક વખતે વિશિષ્ટ સ્મૃતિ રહિત સિદ્ધ છે એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. ।।૬૨।।

ટીકા :-

स्वप्ने वृत्तिः=उक्तरूपा, तथाभ्यासात्=तत्प्रकारादभ्यासात्=मन्दाभ्यासादित्यर्थः, विशिष्टस्मृतिवर्जिता=स्फुटप्रतिभासरूपस्मरणरहिता, क्वचित्सिद्धा, इत्युत्तरेण योगः तथा जाग्रतोऽपि=क्षीणनिद्रस्य कस्यचित्किं पुनरन्यस्येति, क्वचित्क्षेत्रे काले वा, सिद्धा=सर्वलोकसंमत्या प्रतिष्ठिता, वृत्तिःगच्छत्तृणस्पर्शादिका

तथाभ्यासादेव स्मृतिवर्जिता, एतदर्थप्रतीतावुपदेशमाह–सूक्ष्मबुद्ध्या परिभाव्यतामेतत्, अन्यथोक्तस्याप्यर्थस्य सम्यगवगमाभावात् ।।६२।।

ટીકાર્થ :-

સ્વપ્ને ..... સમ્યગવગમાભાવાત્ ।। સ્વપ્નમાં ઉક્ત સ્વરૂપવાળી વૃત્તિ=દિવસે કરેલા અભ્યાસની પ્રવૃત્તિને બતાવનાર એવા ઉક્તરૂપવાળી વૃત્તિ, તે પ્રકારના અભ્યાસથી=મન્દ અભ્યાસથી, વિશિષ્ટ સ્મૃતિ વર્જિત=સ્પષ્ટ પ્રતિભાસરૂપ સ્મરણ રહિત, 'કોઈક કાળમાં સિદ્ધ છે' એ પ્રમાણે શ્લોકના ઉત્તરભાગની સાથે સંબંધ છે અને જાગતાને પણ=ક્ષીણનિદ્રાવાળા કોઈક પુરુષને પણ, કોઈક ક્ષેત્રમાં કે કોઈક કાળમાં સર્વલોકની સંમતિથી પ્રતિષ્ઠિત છે.

સ્મૃતિ વર્જિત અનુભવ થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જતા પુરુષને તૃણ સ્પર્શાદિક વૃત્તિ તે પ્રકારના અભ્યાસથી જ=મંદ ઉપયોગના અભ્યાસથી જ, સ્મૃતિ વર્જિત થાય છે, આ અર્થની પ્રતીતિમાં=મંદ અભ્યાસથી સ્વપ્નમાં જોયેલી પ્રવૃત્તિ જાગતા પણ પુરુષને વિશિષ્ટ સ્મૃતિ વગરની સિદ્ધ છે એ અર્થના નિર્ણયમાં, ઉપદેશને કહે છે –

સૂક્ષ્મબુદ્ધિથી=નિપુણ ઉપયોગથી, આ=પૂર્વમાં કહ્યું કે વિશિષ્ટ સ્મૃતિ વગરની સ્વપ્નની પ્રવૃત્તિ પણ સિદ્ધ છે એ, પરિભાવન કરવું જોઈએ; કેમ કે અન્યથા=નિપુણબુદ્ધિથી સમ્યગ્ પરિભાવન કરવામાં ન આવે તો, કહેવાયેલા પણ અર્થના સમ્યગ્ બોધનો અભાવ થાય. ।।૬૨।।

❖ 'जाग्रतोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિદ્રાવાળા પુરુષને તો નિદ્રાકાળમાં ક્યારેક સ્વપ્નનો સ્પષ્ટ પ્રતિભાસ નથી હોતો, પરંતુ જાગતા પણ પુરુષને ક્યારેક વિશિષ્ટ સ્મરણ રહિત સ્વપ્નની પ્રવૃત્તિ સિદ્ધ છે.

❖ 'उक्तस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે સૂક્ષ્મબુદ્ધિથી પરિભાવન કરવામાં ન આવે તો નહિ કહેવાયેલા અર્થનો તો સમ્યગ્ બોધ થતો નથી, પરંતુ કહેવાયેલા પણ અર્થનો સમ્યગ્ બોધ થતો નથી.

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે સ્વપ્નમાં કરેલી પ્રવૃત્તિ દિવસના અનુભવ અનુસાર છે એ પ્રકારે પાછળથી સ્મરણ થાય છે અને સ્તનપાનની પ્રવૃત્તિ ભવાંતરની પ્રવૃત્તિ સાથે સંબંધવાળી છે તેવું સ્મરણ થતું નથી, માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવ સંગત થતો નથી, તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે ક્યારેક મંદ અભ્યાસથી સ્વપ્નની પ્રવૃત્તિ થાય છે, તે સ્વપ્નની પ્રવૃત્તિ જાગેલા પુરુષને સ્મરણમાં આવતી નથી કે દિવસના અભ્યાસને અનુરૂપ પ્રવૃત્તિ મેં સ્વપ્નમાં કરી છે, પરંતુ સ્વપ્નમાં મેં કંઈક પ્રવૃત્તિ કરી તેટલું જ સ્મરણ થાય છે, તેમ જન્માંતરમાં સ્તનપાન કરેલું તે પ્રવૃત્તિ અનુસાર વર્તમાનમાં સ્તનપાનની પ્રવૃત્તિ થાય છે, પરંતુ આ સ્તનપાનની પ્રવૃત્તિ ભવાંતર સાથે સંબંધવાળી છે તેવું સ્મરણ થતું નથી, તે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવામાં આવે તો આ ભવના મંદ ઉપયોગવાળી સ્વપ્નની પ્રવૃત્તિ તુલ્ય જન્માંતરની પ્રવૃત્તિને અનુરૂપ સ્તનપાનની પ્રવૃત્તિ છે તે સંગત થાય છે, માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકભાવમાં વિરોધ નથી એ પ્રકારે પ્રસ્તુત

શ્લોકનો અર્થ અર્થથી પ્રાપ્ત થાય છે, શબ્દથી તો વિશિષ્ટ સ્મરણ વગર પણ સ્વપ્નની પ્રવૃત્તિ સિદ્ધ છે એટલું જ કથન શ્લોકમાં બતાવેલ છે. **॥૬૨॥**

अवतरणिका :-

अथ प्रकारान्तरत एव जातिस्मरणादात्मसिद्धिमभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

હવે પ્રકારાન્તરથી જ જાતિસ્મરણથી આત્માની સિદ્ધિને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે -

ભાવાર્થ :-

શ્લોક-૬૧માં સ્તનપાનની પ્રવૃત્તિ દ્વારા પરલોકમાંથી આવનાર આત્માની સિદ્ધિ કરી. હવે અન્ય પ્રકારથી જાતિસ્મરણની સિદ્ધિને બતાવીને પરલોકમાંથી આવનાર આત્મા છે તે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

श्रूयन्ते च महात्मान एते दृश्यन्त इत्यपि ।
क्वचित्संवादिनस्तस्मादात्मादेर्हन्त निश्चयः ।।६३।।

અન્વયાર્થ :-

च=અને, महात्मान एते=મહાત્મા એવા આ=મહાત્મા એવા જાતિસ્મરણ કરનારા, श्रूयन्ते=સંભળાય છે=કથાનકોમાં સંભળાય છે, संवादिनः=સંવાદિ એવા જાતિસ્મરણવાળા, क्वचित्=ક્યારેક, दृश्यन्त इत्यपि=દેખાય પણ છે, तस्माद्=તે કારણથી, हन्त=ખરેખર, आत्मादेः निश्चयः=આત્માદિનો નિશ્ચય છે. ॥૬૩॥

શ્લોકાર્થ :-

અને મહાત્મા એવા જાતિસ્મરણ કરનારા સંભળાય છે, સંવાદિ એવા જાતિસ્મરણવાળા ક્યારેક દેખાય પણ છે, તે કારણથી ખરેખર આત્માદિનો નિશ્ચય છે. ॥૬૩॥

ટીકા :-

श्रूयन्ते=समाकर्ण्यन्ते, कथानकेषु भरुकच्छादौ शकुनिकाजीवराजपुत्रीसुदर्शनादयः, चकारो हेत्वन्तरसमुच्चये, महात्मानः=प्रशस्तस्वभावाः, एते=जातिस्मरकाः, दृश्यन्त इत्यपि=दृश्यन्ते साक्षादेव क्वचिदिदानीमप्युपलभ्यन्ते, कीदृशा इत्याह–संवादिनः=विसंवादविकलवचनाः, ततः किमित्याह–तस्मात्=जातिस्मरकादिसंवादात्, आत्मादेः=जीवकर्मादेरतीन्द्रियस्यापि कथंचित् 'हन्त' इति कोमलामन्त्रणे निश्चयः सम्पद्यत इति ।।६३।।

ટીકાર્થ :-

શ્રૂયન્તે ..... સમ્પદ્યત ઇતિ ।। ભરુકચ્છાદિમાં મહાત્મા એવા=પ્રશસ્ત સ્વભાવવાળા, આ=જાતિસ્મરણને કરનારા, સમળીનો જીવ એવી રાજપુત્રી સુદર્શના આદિ કથાનકોમાં સંભળાય છે, દેખાય પણ છે=સાક્ષાદ્ જ ક્યારેક હમણાં પણ ઉપલબ્ધ થાય છે=જાતિસ્મરણવાળા મહાત્માઓ ઉપલબ્ધ થાય છે.

કેવા જાતિસ્મરણવાળા ઉપલબ્ધ થાય છે ? એથી કહે છે –

સંવાદિ=વિસંવાદ વિકલ વચનવાળા જાતિસ્મરણ કરનારા ઉપલબ્ધ થાય છે, તેનાથી શું ? એથી કહે છે - તેનાથી=જાતિસ્મરકાદિના સંવાદથી, આત્માદિનો=કથંચિદ્ અતીન્દ્રિય પણ જીવકર્માદિનો, નિશ્ચય પ્રાપ્ત થાય છે. શ્લોકમાં રહેલ 'હન્ત' શબ્દ કોમલ આમંત્રણમાં છે, શ્લોકમાં 'ચ'કાર આત્માદિના નિશ્ચય માટે જાતિસ્મરણ સિવાય અન્ય હેતુના સમુચ્ચય અર્થે છે. ॥૬૩॥

❖ 'जातिस्मरणादिसंवादात्'માં 'आदि' પદથી યુક્તિનું ગ્રહણ કરવું.

❖ 'जीवकर्मादेः'માં 'आदि' પદથી સર્વજ્ઞનું ગ્રહણ કરવું.

❖ 'कथंचिद् अतीन्द्रियस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે કંઈક અંશથી આત્મા અનુભવસિદ્ધ છે, તો પણ કેવલીની જેમ સંપૂર્ણ છદ્મસ્થથી ગ્રાહ્ય નથી, તેથી કથંચિદ્ અતીન્દ્રિય પણ આત્માદિનો જાતિસ્મરણાદિથી નિશ્ચય થાય છે અર્થાત્ અતીન્દ્રિય ન હોય તો તો નિશ્ચય થાય, પરંતુ કથંચિદ્ અતીન્દ્રિય પણ આત્માદિનો જાતિસ્મરણાદિથી નિશ્ચય થાય છે.

ભાવાર્થ :-

શાસ્ત્રમાં જાતિસ્મરણ કરનારા મહાત્માઓના દૃષ્ટાંતો સંભળાય છે, તેથી નક્કી થાય છે કે પરલોકમાંથી આવનાર આત્મા અને કર્મ છે, આથી જ પરલોકમાં અનુભવેલા ભાવોનું સ્મરણ આ ભવમાં તે મહાત્માઓને થયું, વળી વર્તમાનમાં પણ ક્યારેક જાતિસ્મરણનાં દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે અને તે જાતિસ્મરણ વિસંવાદ વિકલ યથાર્થ વચનવાળાં પ્રાપ્ત થાય છે, તેથી પણ નક્કી થાય છે કે પરલોકમાંથી આવનાર પોતાનો આત્મા છે અને પરલોકમાંથી આ ભવની પ્રાપ્તિ થઈ તેને અનુકૂળ કોઈક કર્મો છે. **॥૬૩॥**

અવતરણિકા :-

अथ निगमयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે નિગમન કરતાં કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૩૭ થી યોગના માહાત્મ્યને કહેવાનો પ્રારંભ કર્યો, હવે તે સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

एवं च तत्त्वसंसिद्धेर्योग एव निबन्धनम् ।
अतो यन्निश्चितैवेयं, नान्यतस्त्वीदृशी क्वचित् ।।६४।।

અન્વયાર્થ :-

ચ=અને, એવં=આ રીતે=પૂર્વમાં કહ્યું કે યોગના સેવનથી પરલોકના સંશયના નિવર્તનને અનુકૂળ સત્સ્વપ્નાંઓ આવે છે અથવા જાતિસ્મરણ થાય છે એ રીતે, યોગ એવ=યોગ જ, તત્ત્વસંસિદ્ધેઃ નિબન્ધનમ્=તત્ત્વસંસિદ્ધિનું કારણ છે, યત્=જે કારણથી, અતો=આનાથી=યોગથી, ઇયં=આ=તત્ત્વસંસિદ્ધિ, નિશ્ચિતૈવ=નિશ્ચિત જ થાય છે, અન્યતઃ તુ=અન્યથી વળી=યોગથી અન્ય એવા વાદ-પ્રતિવાદ આદિથી, ક્વચિત્=ક્યારેય, ઈદૃશી=આવા પ્રકારની=નિશ્ચયરૂપ તત્ત્વસંસિદ્ધિ, ન=થતી નથી. ।।૬૪।।

શ્લોકાર્થ :-

અને પૂર્વમાં કહ્યું કે યોગના સેવનથી પરલોકના સંશયના નિવર્તનને અનુકૂળ સત્સ્વપ્નાંઓ આવે છે અથવા જાતિસ્મરણ થાય છે એ રીતે યોગ જ તત્ત્વસંસિદ્ધિનું કારણ છે, જે કારણથી યોગથી તત્ત્વસંસિદ્ધિ નિશ્ચિત જ થાય છે, અન્યથી વળી ક્યારેય આવા પ્રકારની થતી નથી. ।।૬૪।।

ટીકા :-

एवं च=उक्तन्यायेनैव, तत्त्वसंसिद्धेः=आत्माऽदृष्टादिप्रतीतेः, योग एव नापरं किञ्चिद्, निबन्धनं=हेतुर्वर्तते, एतदपि कुत इत्याह–अतः=योगात्, यत्=यस्मात्, निश्चितैव=अविपर्यासवत्येव, इयं=तत्त्वसिद्धिः, स्यात्, न=नैव, अन्यतः=अन्यस्माद्वादप्रतिवादादेः, 'तुः' पुनरर्थे, ईदृशी=निश्चितरूपा तत्त्वसंसिद्धिः, क्वचित् क्षेत्रादौ ।।६४।।

ટીકાર્થ :-

एवं च ..... क्षेत्रादौ ।। અને આ રીતે=ઉક્તન્યાયથી જ=પૂર્વમાં યોગનું માહાત્મ્ય બતાવ્યું એ ન્યાયથી જ, યોગ જ તત્ત્વસંસિદ્ધિનો=આત્મા-અદૃષ્ટાદિની પ્રતીતિનો, હેતુ વર્તે છે, બીજો કોઈ હેતુ નથી, આ પણ=તત્ત્વસંસિદ્ધિનો હેતુ યોગ જ છે એ પણ, કેમ છે ? એથી કહે છે – જે કારણથી આનાથી=યોગથી, નિશ્ચિત જ=અવિપર્યાસવાળી જ, આ=તત્ત્વસિદ્ધિ, થાય છે, અન્યથી=યોગથી અન્ય એવા વાદ-પ્રતિવાદાદિથી વળી આવા પ્રકારની=નિશ્ચિતરૂપ તત્ત્વસંસિદ્ધિ, કોઈ ક્ષેત્રાદિમાં થતી નથી જ. ।।૬૪।।

- ❖ 'आत्माऽदृष्टादिप्रतीतेः'માં 'આદિ' પદથી સર્વજ્ઞનું ગ્રહણ કરવું.
- ❖ 'वादप्रतिवादादेः'માં 'આદિ' પદથી દૃષ્ટાંત, હેતુ આદિનું ગ્રહણ કરવું.
- ❖ 'क्षेत्रादौ'માં 'આદિ' પદથી કાલનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૩૬માં ગ્રંથકારશ્રીએ યોગમાહાત્મ્યને કહેવાની પ્રતિજ્ઞા કરેલી અને શ્લોક-૩૭થી અત્યાર સુધી અનેક પ્રકારે યોગનું માહાત્મ્ય બતાવ્યું અને તેમાં બતાવ્યું કે યોગના માહાત્મ્યથી આત્મામાં શ્રદ્ધા આદિ અનેક ગુણો પ્રગટ થાય છે, વળી યોગમાહાત્મ્યથી પરલોકનો સંશય થયો હોય તો સત્સ્વપ્નપ્રત્યયાદિથી નિવર્તન પામે છે, વળી યોગમાહાત્મ્યથી જાતિસ્મરણ થાય છે, એ સર્વ કથનથી આત્મા-અદૃષ્ટ આદિ વસ્તુ સિદ્ધ થાય છે, તેથી અતીન્દ્રિય આત્માદિ પદાર્થોનો નિર્ણય કરવામાં યોગ જ હેતુ છે, અન્ય કોઈ હેતુ નથી; કેમ કે આત્માદિ પદાર્થના નિર્ણય માટે કોઈ વાદ-પ્રતિવાદ કરે તો અથવા કોઇ બુદ્ધિમાન પુરુષ યુક્તિ-દૃષ્ટાંત-ઉદાહરણથી આત્માદિ અતીન્દ્રિય પદાર્થો સમજાવવા યત્ન કરે તો કોઈકને ક્યારેક કંઈક વિશ્વાસ ઉત્પન્ન થાય તો પણ નિશ્ચિતરૂપે આત્માદિનો નિર્ણય થતો નથી, આથી જ આત્માદિને સ્વીકારવાના વિષયમાં પ્રતિપક્ષની યુક્તિ કે પ્રતિપક્ષ દૃષ્ટાંત પ્રાપ્ત થાય તો આત્માદિનો કંઈક નિર્ણય થયેલો હોય તેમાં સંશય ઉત્પન્ન થાય છે, તેથી વાદ-પ્રતિવાદથી કે યુક્તિઓથી આત્માદિ પદાર્થોનો નિશ્ચિત નિર્ણય થઈ શકતો નથી, પરંતુ યોગના માહાત્મ્યથી નિશ્ચિત નિર્ણય થઈ શકે છે.

અહીં વિશેષ એ છે કે યોગના સેવનથી જ્ઞાનાવરણીય આદિ કર્મનો નાશ થાય છે, તેથી તત્ત્વના નિર્ણયને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે, તેથી આત્માદિ તત્ત્વનો નિર્ણય થાય છે.

વળી યોગના સેવનને કારણે તથાપ્રકારની પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે, જેથી સત્સ્વપ્નાદિની પ્રાપ્તિ થાય છે, તેથી આત્માદિ તત્ત્વનો નિર્ણય થાય છે.

વળી યોગના સેવનને કારણે પૂર્વભવના અનુભવનું સ્મરણ કરાવે તેવો મતિજ્ઞાનનો ક્ષયોપશમ થાય છે, તેથી યોગથી આત્માદિ તત્ત્વનો નિર્ણય થાય છે.

વળી વાદ-પ્રતિવાદથી આત્માદિ તત્ત્વનો નિર્ણય થાય તેવા પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ નહિ થતો હોવાથી નિશ્ચિત તત્ત્વનિર્ણય થતો નથી, આથી જ આટલા કાળ સુધીમાં ઘણા બુદ્ધિમાન પુરુષો થયા અને અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે ઘણા વાદો-પ્રતિવાદો થયા તોપણ નિશ્ચિત તત્ત્વની સિદ્ધિ કોઈ કરી શક્યા નહિ. **॥૬૪॥**

શ્લોક :-

अतोऽत्रैव महान् यत्नस्तत्तत्तत्त्वप्रसिद्धये ।
प्रेक्षावता सदा कार्यो, वादग्रन्थास्त्वकारणम् ।।६५।।

અન્વયાર્થ :-

अतः=આથી=શ્લોક-૬૪માં કહ્યું કે યોગથી નિશ્ચિત જ તત્ત્વસિદ્ધિ થાય છે આથી, अत्रैव=અહીં જ=યોગમાં જ, तत्तत्तत्त्वप्रसिद्धये=તે તે તત્ત્વની સિદ્ધિ માટે, प्रेक्षावता=બુદ્ધિમાન પુરુષે, सदा=સદા, यत्नः कार्यः=યત્ન કરવો જોઈએ, तु=વળી, वादग्रन्थाः=વાદગ્રંથો अकारणम्=અકારણ છે=તત્ત્વપ્રતીતિના અહેતુ છે. ॥૬૫॥

શ્લોકાર્થ :-

શ્લોક-૬૪માં કહ્યું કે યોગથી નિશ્ચિત જ તત્ત્વસિદ્ધિ થાય છે આથી યોગમાં જ તે તે તત્ત્વની સિદ્ધિ માટે બુદ્ધિમાન પુરુષે સદા યત્ન કરવો જોઈએ, વળી વાદગ્રંથો અકારણ છે. ।।૬૫।।

ટીકા :-

अतो=अस्मात्कारणात्, अत्रैव=योगे, महान्=अन्योपायातिशायी, यत्न=आदरः, (तस्य)तस्य तत्त्वस्य= स्वर्गनरकादेः, प्रसिद्धये=प्रतीत्यर्थम्, प्रेक्षावता=बुद्धिमता, सदा=सर्वकालम्, कार्यो=विधेयः, उपायान्तरप्रतिषेधमाह–वादग्रन्थाः=परपक्षनिराकरणेन स्वपक्षप्रतिष्ठापनानि तर्कप्रकरणानि, 'तुः' प्राग्वत् अकारणं=तत्त्वप्रतीतेरहेतवः ।।६५।।

ટીકાર્થ :-

अतः ..... तत्त्वप्रतीतेरहेतवः ।। આથી=આ કારણથી=શ્લોક-૬૪માં કહ્યું કે યોગથી નિશ્ચિત જ તત્ત્વસિદ્ધિ થાય છે એ કારણથી, અહીં જ=યોગમાં જ, તે તે તત્ત્વની=સ્વર્ગ-નરકાદિની, પ્રસિદ્ધિ માટે=પ્રતીતિ માટે, બુદ્ધિમાન પુરુષે સદા મહાન યત્ન=અન્ય ઉપાયથી અતિશાયી એવો યત્ન, કરવો જોઈએ.

ઉપાયાન્તરના પ્રતિષેધને કહે છે=તત્ત્વના નિર્ણય માટે યોગથી અન્ય ઉપાયના પ્રતિષેધને કહે છે -

વળી વાદગ્રંથો=પરપક્ષના નિરાકરણ દ્વારા સ્વપક્ષનું પ્રતિષ્ઠાપન કરનારાં તર્કપ્રકરણો, અકારણ છે=તત્ત્વપ્રતીતિના અહેતુ છે. ।।૬૫।।

ભાવાર્થ :-

યોગના મહાત્મ્યનું નિગમન કરતાં શ્લોક-૬૪માં કહ્યું કે યોગ જ આત્મા, અદૃષ્ટાદિના નિર્ણયનો હેતુ છે, આથી આત્મા, અદૃષ્ટ આદિનો નિર્ણય કરવા માટે અને સ્વર્ગ-નરકાદિ છે તેનો નિર્ણય કરવા માટે બુદ્ધિમાન પુરુષે યોગમાં જ મહાન યત્ન કરવો જોઈએ.

અહીં 'મહાન'નો અર્થ અન્ય ઉપાયથી અતિશાયી કર્યો, તેથી એ પ્રાપ્ત થાય કે અતીન્દ્રિય તત્ત્વોની સિદ્ધિ માટે યુક્તિઓ, આગમવચનો આદિમાં તો યત્ન કરવો જોઈએ, પરંતુ અતિશય યત્ન યોગમાર્ગમાં કરવો જોઈએ; કેમ કે યોગના સેવનથી તથાપ્રકારનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે, જેથી આત્માદિ તત્ત્વોનો નિર્ણય થાય છે.

વળી યોગના સેવનથી તથાપ્રકારનું પુણ્ય જાગ્રત થાય છે, જેથી સ્વર્ગ-નરકાદિનો નિર્ણય થાય એવાં સત્સ્વપ્નાંદિ આવે છે, માટે નિશ્ચિત તત્ત્વના નિર્ણય માટે યોગમાં જ અતિશય યત્ન કરવો જોઈએ.

વળી જેઓ સ્વ-સ્વ-દર્શનના બદ્ધરાગવાળા છે તેઓ સ્વ-સ્વ-દર્શનના પદાર્થોને સ્થાપન કરવા માટે વાદ કરે છે અને સ્વદર્શનના સ્થાપક એવા વાદગ્રંથો લખે છે, તે વાદગ્રંથો તત્ત્વપ્રતીતિના હેતુ નથી; કેમ કે તે તે

વાદગ્રંથો પરપક્ષના નિરાકરણ દ્વારા સ્વપક્ષનું સ્થાપન કરવામાં તર્કશક્તિથી રચાયેલા છે, તેથી તે તર્કશક્તિની કસરત કરવાથી તે પ્રકારની તર્કશક્તિનો વિકાસ થાય છે પણ તે ગ્રંથો તત્ત્વની પ્રતીતિ કરાવી શકતા નથી, જ્યારે યોગનું સેવન તત્ત્વની પ્રતીતિ કરાવી શકે છે, માટે યોગના સેવનમાં જ સદા ઉદ્યમ કરવો જોઈએ. ॥૬૫॥

અવતરણિકા :-

एतदेव समर्थयमान आह –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૬૫માં કહ્યું કે તત્ત્વપ્રતીતિમાં વાદગ્રંથો અકારણ છે એને જ, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

उक्तं च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः ।
भावियोगिहितायोच्चैर्मोहदीपसमं वचः ।।६६।।

અન્વયાર્થ :-

च=વળી, तपोनिर्धूतकल्मषैः योगमार्गज्ञैः=તપથી દૂર કરાયેલી કલ્મષવાળા યોગમાર્ગના જાણનારા એવા પતંજલિ વગેરે વડે, भावियोगिहिताय=ભાવિયોગિના હિત માટે, उच्चैः=અત્યંત, मोहदीपसमं वचः=મોહનો નાશ કરવામાં દીપક તુલ્ય વચન, उक्तं=કહેવાયું છે. ॥૬૬॥

શ્લોકાર્થ :-

વળી તપથી દૂર કરાયેલી કલ્મષવાળા યોગમાર્ગના જાણનારા એવા પતંજલિ વગેરે વડે ભાવિયોગિના હિત માટે અત્યંત મોહનો નાશ કરવામાં દીપક તુલ્ય વચન કહેવાયું છે. ॥૬૬॥

ટીકા :-

उक्तं च=निरूपितं पुनः, योगमार्गज्ञैः=अध्यात्मविद्भिः, पतञ्जलिप्रभृतिभिः तपोनिर्धूतकल्मषैः=प्रशमप्रधानेन तपसा क्षीणप्रायमार्गानुसारिबोधबाधकमोहमलैः, भावियोगिहिताय=भविष्यद्विवादबहुल-कलिकालयोगिहितार्थम्, उच्चैः=अत्यर्थम्, मोहदीपसमं=मतिमोहान्धकारप्रदीपस्थानीयम्, वचो=वचनम् ।।६६।।

ટીકાર્થ :-

उक्तं च ..... वचनम् ।। તપથી દુર કરાયેલી કલ્મષવાળા=પ્રશમપ્રધાન એવા તપથી ક્ષીણપ્રાયઃ માર્ગાનુસારી બોધના બાધક મોહમલવાળા, યોગમાર્ગના જાણનારા=અધ્યાત્મને જાણનારા એવા,

પતંજલિ વગેરે વડે ભાવિયોગીના હિત માટે=ભવિષ્યમાં થનારા વિવાદ બહુલ એવા કલિકાલના યોગીના હિત માટે, અત્યંત મોહદીપ સમાન=મતિ મોહરૂપી અંધકાર માટે પ્રદીપ સ્થાનીય એવું, વચન કહેવાયું છે. ॥૬૬॥

ભાવાર્થ :-

અન્ય દર્શનમાં પણ કેટલાક યોગીઓ પ્રશમપ્રધાન તપાદિ અનુષ્ઠાનો સેવે છે જેનાથી તેઓનો માર્ગાનુસારી બોધ માટે બાધક એવો મિથ્યાત્વમલ ક્ષીણ થયો છે અને તેના કારણે અધ્યાત્મના પરમાર્થને જાણનારા થયા છે તેવા પતંજલિ આદિ ઋષિઓ વડે તેઓના પછી ભવિષ્યમાં થનારા વિવાદ બહુલ એવા કલિકાલના યોગીઓના હિત માટે ઉચિત વચન કહેવાયું છે.

કેમ ઉચિત વચન છે ? એથી કહે છે –

તત્ત્વના અર્થી જીવો મતિમોહના અંધકારને કારણે તત્ત્વની પ્રાપ્તિ માટે યોગમાર્ગને છોડીને વાદગ્રંથોમાં શ્રમ કરે છે તેઓના મતિમોહના અંધકારને દૂર કરવા માટે દીપક જેવું આ યોગીઓનું વચન છે, માટે ઉચિત વચન છે.

તેઓનું વચન શું છે ? તે ગ્રંથકારશ્રી સ્વયં આગળના શ્લોકમાં બતાવે છે –

આ કથનથી એ ફલિત થયું કે વાદગ્રંથો તત્ત્વપ્રાપ્તિનો ઉપાય નથી, પરંતુ યોગમાર્ગનું સેવન તત્ત્વપ્રાપ્તિનો ઉપાય છે, તેનું સમર્થન ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકથી કરેલ છે. **॥૬૬॥**

અવતરણિકા :-

एतदेव दर्शयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૬૬માં કહ્યું કે ભાવિ યોગિના હિત માટે પતંજલિ આદિ વડે મોહદીપ સમાન વચન કહેવાયું છે એને જ, બતાવે છે –

શ્લોક :-

वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ।।६७।।

અન્વયાર્થ :-

तथा=તે પ્રકારના, निश्चितान् वादांश्च प्रतिवादांश्च वदन्तो=નિશ્ચિત વાદ અને પ્રતિવાદને કરતા સર્વ દર્શનવાળા, गतौ=પ્રવૃત્તિમાં, तिलपीलकवद्=તલ પીલનારા બળદની જેમ तत्त्वान्तं=તત્ત્વના અંતને, गच्छन्ति नैव=પામતા નથી જ. ॥૬૭॥

શ્લોકાર્થ :-

તે પ્રકારના નિશ્ચિત વાદ અને પ્રતિવાદને કરતા સર્વ દર્શનવાળા પ્રવૃત્તિમાં તલ પીલનારા બળદની જેમ તત્ત્વના અંતને પામતા નથી જ. ॥૬૭॥

ટીકા :-

वादांश्च पूर्वपक्षरूपान्, प्रतिवादांश्च=परोपन्यस्तपक्षप्रतिवचनरूपान्, चौ-समुच्चये वदन्तो=ब्रुवाणाः, निश्चितान् असिद्धानैकान्तिकादिहेतुदोषपरिहारेण, तथा-तेन प्रकारेण तत्तच्छास्त्रप्रसिद्धेन, सर्वेऽपि दर्शनिनो मुमुक्षवोऽपि, किमित्याह–तत्त्वान्तं आत्मादितत्त्वप्रसिद्धिरूपं, नैव गच्छन्ति= प्रतिपद्यन्ते, तिलपीलकवत्=निरुद्धाक्षसंचारतिलयन्त्रवाहननियुक्तैकगोमहिषादिवत्, गतौ=वहनरूपायां सत्यामिति, यथासौ तिलपीलको गवादिर्निरुद्धाक्षतया नित्यं भ्राम्यन्नपि न तत्परिमाणमवबुध्यते, एवमेतेऽपि वादिनः स्वपक्षाभिनिवेशान्धा विचित्रं वदन्तोऽपि नोच्यमानन्तत्त्वं प्रतिपद्यन्त इति ।।६७।।

ટીકાર્થ :-

वादांश्च ..... प्रतिपद्यन्त इति ।। તે પ્રકારે=તે તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા તે પ્રકારે, નિશ્ચિત એવા=અસિદ્ધ-અનેકાન્તિક આદિ હેતુના દોષના પરિહારથી નિશ્ચિત એવા, પૂર્વપક્ષરૂપ વાદોને અને પર વડે ઉપન્યાસ કરાયેલા પક્ષના નિરાકરણ વચન રૂપ પ્રતિવાદોને બોલતા સર્વ પણ દર્શનવાળા મુમુક્ષુઓ પણ તત્ત્વાન્તને=આત્માદિ તત્ત્વની પ્રસિદ્ધિરૂપ તત્ત્વના પરમાર્થને, પ્રાપ્ત કરતા નથી જ.

કોની જેમ ? તેથી દૃષ્ટાન્તને કહે છે –

ગતિ હોતે છતે=વહન રૂપ ગતિ હોતે છતે, તલ પીલનારાની જેમ=નિરુદ્ધ કરાયેલા ચક્ષુના સંચારવાળા એવા તલયંત્રને વહન કરવા માટે નિયુક્ત કરાયેલા એવા એક બળદ અથવા પાડા આદિની જેમ, તત્ત્વના અંતને પામતા નથી. 'इति' શબ્દ દૃષ્ટાન્તની સમાપ્તિમાં છે.

દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિક ભાવ સ્પષ્ટ કરતાં કહે છે –

જે પ્રમાણે નિત્ય ભ્રમણ કરતો પણ આ તલ પીલનાર બળદ આદિ આંખે પાટો બાંધેલ હોવાથી તેના પરિમાણને=ગમનના પરિમાણને, જાણતો નથી એ રીતે આ પણ વાદીઓ=સ્વ-સ્વ-દર્શન અનુસાર આત્માદિ તત્ત્વની પ્રસિદ્ધિ માટે વાદ-પ્રતિવાદને કરતા વાદીઓ, સ્વપક્ષમાં અભિનિવેશથી અંધ એવા વિચિત્રને બોલતા પણ=વિવિધ પ્રકારના આત્માદિના સ્વરૂપને બોલતા પણ. ઉચ્ચમાન તત્ત્વને=પરપક્ષ વડે કહેવાતા તત્ત્વને, પ્રાપ્ત કરતા નથી.

'इति' શબ્દ દૃષ્ટાન્ત-દાર્ષ્ટાંતિકભાવના કથનની સમાપ્તિ માટે છે. ॥૬૭॥

❖ 'सर्वेऽपि दर्शनिनो'માં 'अपि'થી એ કહેવું છે કે કોઈ એક દર્શનવાળા તો વાદ-પ્રતિવાદથી તત્ત્વની પ્રાપ્તિ કરતા નથી, પરંતુ સર્વ પણ દર્શનવાળા વાદ-પ્રતિવાદથી તત્ત્વની પ્રાપ્તિ કરતા નથી.

❖ 'मुमुक्षवोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે જેઓ મુમુક્ષુ નથી, પરંતુ પ્રતિવાદીને પરાસ્ત કરવામાં રાગવાળા છે તેઓ તો વાદ-પ્રતિવાદથી તત્ત્વના અંતને પામતા નથી, પરંતુ મોક્ષના અર્થી એવા પણ વાદી અને પ્રતિવાદી તત્ત્વના અંતને પામતા નથી.

❖ 'भ्राम्यन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે ભમતો ન હોય તેવો બળદ તો ગતિના પરિણામને જાણતો નથી, પરંતુ નિત્ય ભમતો પણ બળદ ગતિના પરિણામને જાણતો નથી.

❖ 'एवमेतेऽपि वादिनः'માં 'अपि'થી એ કહેવું છે કે ભમતો બળદ તો ગતિપરિણામને જાણતો નથી, પરંતુ આ પણ વાદીઓ પર વડે કહેવાતા તત્ત્વને પ્રાપ્ત કરતા નથી.

❖ 'वदन्तोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વાદ-પ્રતિવાદ ન બોલતા હોય તો તો પર વડે કહેવાતું તત્ત્વ પ્રાપ્ત ન કરે, પરંતુ બોલતા પણ એવા તેઓ પર વડે કહેવાતા તત્ત્વને પ્રાપ્ત કરતા નથી.

ભાવાર્થ :-

પોતપોતાની માન્યતાવાળા તે તે દર્શનકારોમાંથી કોઈક આત્માને ક્ષણિક સ્વીકારે છે, કોઈક નિત્ય સ્વીકારે છે, કોઈક સર્વવ્યાપી સ્વીકારે છે, કોઈક દેહવ્યાપી સ્વીકારે છે, ઇત્યાદિ અનેક પ્રકારના મતભેદો પ્રવર્તે છે. વળી કર્મને પણ કોઈક આત્માના પરિણામરૂપ સ્વીકારે છે, કોઈક વાસનારૂપ સ્વીકારે છે, કોઈક આત્માથી પૃથક્ તત્ત્વરૂપ સ્વીકારે છે, આ રીતે આત્માદિ વિષયમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે અને તે તે દર્શનના વાદીઓ અને પ્રતિવાદીઓ સ્વપક્ષમાં અંધ થઈને પોતપોતાના શાસ્ત્રમાં પ્રસિદ્ધ પ્રકારથી હેતુના દોષોના પરિહારપૂર્વક વાદ અને પ્રતિવાદને કરે છે, આમ છતાં જેની પાસે બલવાન તર્કશક્તિ હોય તે પોતાનો પક્ષ સ્થાપન કરી શકે છે, વળી બલવાન તર્કશક્તિથી કોઈ વાદીએ પોતાના પક્ષનું સ્થાપન કર્યું તેનો પ્રતિપક્ષવાદી અન્ય કોઈ બલવાન ઉપસ્થિત થાય તો તે પ્રતિપક્ષવાદી પોતાના પક્ષનું સ્થાપન કરી શકે છે, આ રીતે વાદ-પ્રતિવાદ કરનારા તે તે દર્શનવાળા મુમુક્ષુઓ પણ તત્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી, જેમ આંખે પાટો બાંધેલ હોવાથી તલ પીલનાર બળદ પોતે કેટલું ચાલ્યો તેનું પરિમાણ જાણતો નથી તેમ સ્વપક્ષના અભિનિવેશથી તત્ત્વને જોવાની ચક્ષુ બંધ છે જેમની તેવા વાદીઓ પર પક્ષ દ્વારા કહેવાતા ભિન્ન નયની દૃષ્ટિના કથનને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ પોતાની માન્યતા અનુસાર તત્ત્વ સ્થાપન કરવા માટે જ ઉદ્યમ કરે છે. તેથી સર્વ નયોની દૃષ્ટિથી પદાર્થનું સ્વરૂપ યથાર્થ કેવું છે, તેના પરમાર્થને પ્રાપ્ત કરી શકતા નથી, માટે સ્વદર્શનના સ્થાપનના રાગથી થતા વાદ અને પ્રતિવાદ તત્ત્વની પ્રાપ્તિમાં કારણ નથી.

અહીં વિશેષ એ છે કે અધ્યાત્મયોગીઓ તત્ત્વની પ્રાપ્તિના અર્થી થઈને વાદ-પ્રતિવાદ કરે છે એવા અધ્યાત્મ તરફ વળેલા મહાત્માઓને અધ્યાત્મ પ્રત્યેનો રાગ હોવાથી વાદ-પ્રતિવાદ દ્વારા પણ તત્ત્વની પ્રાપ્તિ થાય છે, પરંતુ મોક્ષમાં જવાની ઇચ્છાવાળા અને અધ્યાત્મના આચારની પ્રવૃત્તિ કરનારા પણ સ્વ-સ્વ દર્શનના રાગી વાદ-પ્રતિવાદ દ્વારા પણ તત્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી; કેમ કે તેમની તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ સ્વપક્ષના અભિનિવેશથી નષ્ટ થયેલી છે. તેથી ન્યાયશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા અસિદ્ધ-અનેકાન્તિક આદિ હેતુના દોષના પરિહારપૂર્વક તર્કથી સ્વપક્ષનું સ્થાપન કરતા હોય તોપણ તત્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી. **॥૬૭॥**

અવતરણિકા :-

તર્હિ કસ્તત્ર પ્રતિપત્ત્યુપાય ઇત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

તો તેમાં=આત્માદિ તત્ત્વમાં, પ્રતિપત્તિનો ઉપાય=યથાર્થ નિર્ણયનો ઉપાય, કયો છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

अध्यात्ममत्र परम उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं, यथैव ह्यप्रमादिनः ।।६८।।

અન્વયાર્થ :-

અત્ર=તત્ત્વના નિર્ણયમાં, અધ્યાત્મં=અધ્યાત્મ, પરમ ઉપાયઃ=પરમ ઉપાય, પરિકીર્તિતઃ=કહેવાયો છે, યથૈવ=જે પ્રમાણે જ, ગતૌ=પ્રાપ્તિમાં=વિશિષ્ટ નગરની પ્રાપ્તિમાં, અપ્રમાદિનઃ સન્માર્ગગમનં=અપ્રમાદી પુરુષોનું સન્માર્ગગમન, હિ=પ્રગટ ઉપાય છે. ।।૬૮।।

શ્લોકાર્થ :-

તત્ત્વના નિર્ણયમાં અધ્યાત્મ પરમ ઉપાય કહેવાયો છે, જે પ્રમાણે જ વિશિષ્ટ નગરની પ્રાપ્તિમાં અપ્રમાદી પુરુષોનું સન્માર્ગગમન પ્રગટ ઉપાય છે. ।।૬૮।।

ટીકા :-

अध्यात्मं वक्ष्यमाणरूपम् अत्र=तत्त्वप्रतिपत्तौ, परमः=प्रकृष्टः, उपायो=हेतुः, परिकीर्तितः=प्रज्ञप्तः, दृष्टान्तमाह–गतौ=विशिष्टनगरप्राप्तौ, सन्मार्गगमनं=सताऽविसंवादकेन मार्गेण पथा गमनम्, 'यथैव' इति दृष्टान्तार्थः हि=स्फुटम्, अप्रमादिनः गन्तुरुपाय इति ।।६८।।

ટીકાર્થ :-

अध्यात्मं ..... गन्तुरुपाय इति ।। આગળ કહેવાશે એવા સ્વરૂપવાળું અધ્યાત્મ અહીં=તત્ત્વની પ્રતિપત્તિમાં, પરમ=પ્રકૃષ્ટ, ઉપાય કહેવાયો છે.

દૃષ્ટાન્તને કહે છે –

અપ્રમાદી એવા જનારાનો પ્રાપ્તિમાં=વિશિષ્ટ નગરની પ્રાપ્તિમાં, સન્માર્ગથી ગમન=અવિસંવાદક એવા માર્ગથી ગમન પ્રગટ ઉપાય છે.

શ્લોકમાં રહેલો 'યથૈવ' શબ્દ દૃષ્ટાંત અર્થમાં છે. ।।૬૮।।

ભાવાર્થ :-

કોઈ પુરુષ ચોક્કસ નગરની પ્રાપ્તિનો અવિસંવાદક એવો જે માર્ગ હોય તે માર્ગથી અપ્રમાદપૂર્વક જાય તો તેને તે નગરની નક્કી પ્રાપ્તિ થાય છે તેમ આત્માદિ તત્ત્વના નિર્ણયનો ઉપાય અધ્યાત્મ હોવાથી જે પુરુષ અધ્યાત્મમાં અપ્રમાદભાવથી સમ્યગ્ ઉદ્યમ કરે છે તેની અધ્યાત્મની પ્રવૃત્તિથી તે પુરુષના તત્ત્વના નિર્ણયમાં પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય કર્મનો હ્રાસ થાય છે, તેથી નક્કી તત્ત્વનો નિર્ણય થાય છે, માટે આત્માદિ તત્ત્વના નિર્ણયના અર્થીએ અધ્યાત્મમાં જ ઉદ્યમ કરવો જોઈએ. **॥૬૮॥**

અવતરણિકા :-

एवं सति यद्विधेयं तदाह –

અવતરણિકાર્થ :-

આમ હોતે છતે=શ્લોક-૬૮માં કહ્યું એ પ્રમાણે તત્ત્વની પ્રાપ્તિમાં અધ્યાત્મ પરમ ઉપાય હોતે છતે, જે કરવું જોઈએ=તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ જે કરવું જોઈએ, તેને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

मुक्त्वाऽतो वादसङ्घट्टमध्यात्ममनुचिन्त्यताम् ।
नाविधूते तमःस्कन्धे, ज्ञेये ज्ञानं प्रवर्तते ।।६९।।

અન્વયાર્થ :-

अतः=આથી=શ્લોક-૬૮માં કહ્યું એ પ્રમાણે તત્ત્વપ્રતિપત્તિનો ઉપાય અધ્યાત્મ છે એથી, वादसङ्घट्टम् मुक्त्वा=વાદસંઘટ્ટને છોડીને, अध्यात्ममनुचिन्त्यताम्=અધ્યાત્મનું અનુચિંતન કરવું જોઈએ=અધ્યાત્મનું પારમાર્થિક સ્વરૂપ જાણીને આત્મામાં અધ્યાત્મ નિષ્પન્ન થાય તે પ્રકારનું ચિંતવન કરવું જોઈએ, (જે કારણથી) अविधूते तमःस्कन्धे=તમઃસ્કન્ધ દૂર નહિ થયે છતે=તત્ત્વને જોવા માટે અજ્ઞાનાદિ રૂપ અંધકાર દૂર નહિ થયે છતે, ज्ञेये=જ્ઞેયમાં=આત્માદિ જ્ઞેયમાં, ज्ञानं प्रवर्तते न=જ્ઞાન પ્રવર્તતું નથી. ॥૬૯॥

શ્લોકાર્થ :-

શ્લોક-૬૮માં કહ્યું એ પ્રમાણે તત્ત્વપ્રતિપત્તિનો ઉપાય અધ્યાત્મ છે એથી વાદસંઘટ્ટને છોડીને અધ્યાત્મનું અનુચિંતન કરવું જોઈએ, તમઃસ્કન્ધ દૂર નહિ થયે છતે જ્ઞેયમાં જ્ઞાન પ્રવર્તતું નથી. ॥૬૯॥

ટીકા :-

मुक्त्वा=प्रोज्झ्य, अतो=अध्यात्मस्यैव तत्त्वप्रतिपत्त्युपायत्वाद्धेतोः, वादसङ्घट्टं=सभ्यसभापति-निरुल्बणेन वादप्रतिवादरूपम्, अध्यात्ममनुचिन्त्यताम्, कुतः ? यतो न=नैव, अविधूते=अनिर्घाटिते,

तमःस्कन्धे=मिथ्यात्वाभिनिवेशाद्यन्धकारप्रबन्धे, अध्यात्मानुचिन्तनदीपेन, ज्ञेये आत्मादौ, ज्ञानं प्रतीतिरूपं, प्रवर्तते=सञ्जायत, इति ।।६९।।

ટીકાર્થ :-

मुक्त्वा ..... सञ्जायत इति ।। આથી=અધ્યાત્મનું જ તત્ત્વપ્રતિપત્તિના ઉપાયપણારૂપ હેતુથી, વાદસંઘટ્ટને= સભ્ય અને સભાપતિ હોવાને કારણે નિરુલ્બણરૂપે અર્થાત્ સભ્ય અને સભાપતિ હોવાને કારણે વાદ-પ્રતિવાદની મર્યાદારૂપે વાદ-પ્રતિવાદરૂપ વાદસંઘટ્ટને, મૂકીને અધ્યાત્મનું અનુચિંતન કરવું જોઈએ= અધ્યાત્મથી આત્માને ભાવિત કરવો જોઈએ.

કેમ વાદસંઘટ્ટને છોડીને અધ્યાત્મથી આત્માને ભાવિત કરવો જોઈએ ? એથી કહે છે –

જે કારણથી અધ્યાત્મના અનુચિંતન રૂપ દીપથી અવિધૂત તમઃસ્કન્ધ હોતે છતે=દૂર નહિ કરાયેલ મિથ્યાત્વ અભિનિવેશ આદિ અંધકાર પ્રબંધ હોતે છતે, જ્ઞેય એવા આત્માદિ વિષયમાં પ્રતીતિરૂપ જ્ઞાન થતું નથી જ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૬૯।।

❖ 'मिथ्यात्वाभिनिवेशादि'માં 'आदि' પદથી અતત્ત્વ પ્રત્યેના અનિવર્તનીય રાગનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૬૮માં કહ્યું કે તત્ત્વપ્રતિપત્તિમાં અધ્યાત્મ જ પરમ ઉપાય છે, તેથી વાદસંઘટ્ટને છોડીને અધ્યાત્મમાં જ પ્રવૃત્તિ કરવી જોઈએ.

વાદસંઘટ્ટનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે જે વાદમાં તત્ત્વજિજ્ઞાસુ સભ્યો હોય, મધ્યસ્થ સભાપતિ હોય, અને મધ્યસ્થ સભાપતિ હોય છે તેથી વાદી અને પ્રતિવાદી ઉલ્બણતાથી=ઉકળાટથી, વાદ-પ્રતિવાદ ન કરે, પરંતુ વાદની મર્યાદાથી વાદને કરે તેવા વાદ-પ્રતિવાદને પણ છોડીને અધ્યાત્મમાં જ ઉદ્યમ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે તત્ત્વના નિર્ણય માટે વાદ-પ્રતિવાદ પણ ઉપયોગી છે, તેથી તેને છોડીને અધ્યાત્મમાં યત્ન કરવાનું કેમ કહ્યું ? તેથી કહે છે –

જ્યાં સુધી પોતાનામાં સ્વદર્શન પ્રત્યે અભિનિવેશ છે અને જ્યાં સુધી પોતાનામાં અતીન્દ્રિય પદાર્થ પ્રત્યે વિપર્યાસ છે ત્યાં સુધી આત્મામાં અંધકાર વર્તી રહ્યો છે અને જો અધ્યાત્મના અનુચિંતવનથી એ અંધકાર દૂર ન થાય તો વાદ-પ્રતિવાદથી અતીન્દ્રિય એવા આત્માદિ વિષયમાં પ્રતીતિ રૂપ જ્ઞાન પ્રગટ થતું નથી, તેથી કલ્યાણના અર્થી જીવે અધ્યાત્મનું સ્વરૂપ શું છે ? તેનો યથાર્થ નિર્ણય કરીને તેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી વિપર્યાસ દૂર થાય અને સ્વમતના આગ્રહરૂપ અભિનિવેશ દૂર થાય અને પદાર્થ જોવામાં વર્તતો વિષર્યાસ અને સ્વમતના આગ્રહરૂપ અભિનિવેશ દૂર થાય તો જ આત્માદિની પ્રતીતિ થઈ શકે અને સ્વમતના આગ્રહપૂર્વક તર્કમાં કુશળ એવા જે વાદી અને પ્રતિવાદી વાદસંઘટ્ટ કરે છે અને પોતાના બલવાન તર્કથી સ્વમતનું સ્થાપન કરી શકે છે તેનાથી વાદમાં જય પામે

છે તોપણ પોતાનો મિથ્યા અભિનિવેશ દૂર કરી શકતા નથી, પરંતુ વાદમાં જય પામ્યાના ગર્વથી પોતાનો વિપરીત અભિનિવેશ દૃઢ કરે છે, માટે અધ્યાત્મથી ભાવિત થયા પછી ક્વચિત્ કોઈના ઉપકાર માટે મધ્યસ્થતાપૂર્વક વાદ કરે તો અહિત થાય નહિ, પરંતુ સ્વયં અધ્યાત્મને નહિ પામેલ વાદસંઘટ્ટમાં પડે તો આત્મહિત સાધી શકે નહિ અને યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ થાય નહિ, માટે તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ અધ્યાત્મનું ચિંતવન કરવું જોઈએ. ॥૬૯॥

અવતરણિકા :-

એતદેવ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૬૯માં કહ્યું કે તત્ત્વપ્રાપ્તિના અર્થીએ વાદસંઘટ્ટને મૂકીને અધ્યાત્મનું અનુચિંતન કરવું જોઈએ એને જ, ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ અધ્યાત્મનું અનુચિંતન કરવું જોઈએ; કેમ કે અધ્યાત્મ એ તત્ત્વપ્રાપ્તિનો ઉપાય છે અને પ્રાજ્ઞપુરુષ ઉપેયનો અર્થી હોય છે માટે ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે પરંતુ અન્યત્ર પ્રવૃત્તિ કરતો નથી, માટે પ્રાજ્ઞએ તત્ત્વની પ્રાપ્તિના ઉપાયભૂત અધ્યાત્મમાં યત્ન કરવો જોઈએ, એમ શ્લોક-૬૯માં કહ્યું એને સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

सदुपायाद्यथैवाप्तिरुपेयस्य तथैव हि ।
नेतरस्मादिति प्राज्ञः, सदुपायपरो भवेत् ।।७०।।

અન્વયાર્થ :-

યથૈવ=જે પ્રમાણે જ, સદુપાયાદ્=સદુપાયથી, ઉપેયસ્ય=ઉપેયની, આપ્તિઃ=પ્રાપ્તિ છે, તથૈવ હિ=તે પ્રમાણે જ, ઇતરસ્માદ્ ન=ઇતરથી નથી, ઇતિ=એથી, પ્રાજ્ઞઃ=પ્રાજ્ઞ પુરુષ, સદુપાયપરઃ=સદુપાયપર, ભવેત્=થાય. ॥૭૦॥

શ્લોકાર્થ :-

જે પ્રમાણે જ સદુપાયથી ઉપેયની પ્રાપ્તિ છે, તે પ્રમાણે જ ઇતરથી નથી, એથી પ્રાજ્ઞપુરુષ સદુપાયપર થાય. ॥૭૦॥

ટીકા :-

सदुपायाद्=उपायाभासपरिहारेण सामान्येन सम्यगुपायात् 'यथैव' इति दृष्टान्तार्थः, आप्तिः=उपलम्भः,

उपेयस्य=साध्यस्य, तथैव हि=सदुपायादेव, (सदुपायवत्) न=नैव, इतरस्माद्=असदुपायात्, इति=अस्माद्धेतोः, प्राज्ञो=युक्तायुक्तविभागज्ञः पुमान्, सदुपायपरः=सर्वत्र विमृश्य सम्यगुपायपरायणो, भवेद्=जायेत, अन्यथा प्राज्ञतैव न स्यात् ।।७०।।

❖ ટીકામાં 'तथैव हि सदुपायादेव' પાઠ છે ત્યાં 'तथैव हि सदुपायवत्' પાઠ જોઈએ, શુદ્ધિ ઉપલબ્ધ નથી.

ટીકાર્થ :-

सदुपायाद् ..... न स्यात् ।। સદુપાયથી=ઉપાયાભાસના પરિહારપૂર્વક સામાન્યરૂપે સમ્યગ્ ઉપાયથી, જે પ્રમાણે જ ઉપેયની=સાધ્યની, પ્રાપ્તિ છે. તે પ્રમાણે જ=સદુપાયની જેમ જ, ઇતરથી=અસદ્ઉપાયથી, નથી જ=ઉપેયની પ્રાપ્તિ નથી જ, એ હેતુથી પ્રાજ્ઞ=યુક્તાયુક્ત વિભાગને જાણનાર પુરુષ=પોતાને ઇષ્ટ એવા સાધ્યને માટે શેમાં પ્રયત્ન કરવો જોઈએ અને શેમાં પ્રયત્ન ન કરવો જોઈએ તેના પરમાર્થને જાણનાર પુરુષ, સદુપાયપર થાય=સર્વ પ્રવૃત્તિઓમાં વિચાર કરીને અર્થાત્ ઉપાય-અનુપાયનો યથાર્થ નિર્ણય કરીને સમ્યગ્ ઉપાયપરાયણ થાય, અન્યથા પ્રાજ્ઞતા જ ન થાય. ॥૭૦॥

ભાવાર્થ :-

તત્ત્વપ્રાપ્તિનો ઉપાય વાદસંઘટ્ટ નથી અથવા અધ્યાત્મની માત્ર બાહ્ય આચરણા નથી અથવા મિથ્યા-અભિનિવેશપૂર્વક અધ્યાત્મની વિચારણા નથી, પરંતુ તે સર્વ પ્રવૃત્તિ ઉપાયાભાસરૂપ છે અને સામાન્યથી કાર્યમાત્રને આશ્રયીને સમ્યગ્ ઉપાયમાં પ્રવૃત્તિ કરવાથી જ ઉપેયની પ્રાપ્તિ છે, ઉપાયાભાસમાં પ્રવૃત્તિ કરવાથી ઉપેયની પ્રાપ્તિ નથી માટે વિચારકે આત્માદિ તત્ત્વની પ્રતીતિરૂપ જ્ઞાન માટે મિથ્યાઅભિનિવેશનો ત્યાગ કરીને અધ્યાત્મનું પારમાર્થિક સ્વરૂપ જે જે શાસ્ત્રમાં મળતું હોય તે શાસ્ત્રથી તેના પરમાર્થને જાણીને તેની પ્રાપ્તિમાં ઉદ્યમ કરવો જોઈએ, જેનાથી અધ્યાત્મની પ્રાપ્તિ થાય, અન્યથા તે પુરુષ પ્રાજ્ઞ ન કહેવાય; કેમ કે પ્રાજ્ઞ પુરુષ સર્વત્ર ઉપાયનો નિર્ણય કરીને સમ્યગ્ ઉપાયપરાયણ જ થાય છે.

અહીં સદુપાયનો અર્થ કર્યો કે ઉપાયાભાસના પરિહારપૂર્વક સામાન્યથી સમ્યગ્ ઉપાય તે સદુપાય છે, ત્યાં 'સામાન્યથી' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈ પુરુષ રોગથી અત્યંત ઉદ્વિગ્ન થયેલો હોય અને મૃત્યુ પામવાની ઇચ્છાથી તેના રોગના નાશનું કારણ બને તેવા પ્રકારના વિષાદિનું ભક્ષણ કરે અને તે વિષાદિ જ તે રોગનું ઔષધ હોવાથી તે વિષથી તેને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. તે વખતે તે પુરુષે મૃત્યુ માટે ઝેરનું ભક્ષણ કરેલ છતાં તેને ઇષ્ટ એવા આરોગ્યની પ્રાપ્તિ થઈ તે સ્થાનમાં તેને આ વિષ આરોગ્યનો ઉપાય છે તેવું જ્ઞાન નહિ હોવાથી તે સમ્યગ્ ઉપાયપર ન હતો છતાં તેને આરોગ્યના સમ્યગ્ ઉપાયની પ્રાપ્તિ થઈ તોપણ કાર્ય સામાન્ય પ્રત્યે ઉપાયથી જ કાર્યની પ્રાપ્તિ થાય છે માટે વિચારક પુરુષ સમ્યગ્ ઉપાયથી ઉપેયને સાધવા યત્ન કરે છે. **॥૭૦॥**

અવતરણિકા :-

અથ પ્રસ્તુતમેવાધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતને જ આશ્રયીને=આત્માદિ જ્ઞેયના જ્ઞાનમાં અધ્યાત્મ જ કારણ છે એ રૂપ પ્રસ્તુતને જ આશ્રયીને, કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૭૦માં કહ્યું કે સદુપાયથી ઉપેયની પ્રાપ્તિ છે, માટે પ્રાજ્ઞપુરુષ સદુપાયપર થાય, તેથી પ્રાજ્ઞ માટે આત્માદિની પ્રતીતિના ઉપાયરૂપ અધ્યાત્મ છે એ રૂપ પ્રસ્તુતને આશ્રયીને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

सदुपायश्च नाध्यात्मादन्यः सन्दर्शितो बुधैः ।
दुरापं किन्त्वदोऽपीह, भवाब्धौ सुष्ठु देहिनाम् ।।७१।।

અન્વયાર્થ :-

च=વળી, बुधैः=બુધો વડે, अध्यात्माद्=અધ્યાત્મથી, अन्यः सदुपायः=અન્ય સદુપાય, सन्दर्शितो न=બતાવાયો નથી=આત્માદિની પ્રતીતિ માટેનો સદુપાય અન્ય બતાવાયો નથી, किन्तु=પરંતુ, इह भवाब्धौ=આ ભવસમુદ્રમાં, देहिनाम्=જીવોને, अदोऽपि=આ પણ=અધ્યાત્મ પણ, सुष्ठु दुरापं=અત્યંત દુર્લભ છે. ।।૭૧।।

શ્લોકાર્થ :-

વળી બુધો વડે અધ્યાત્મથી અન્ય સદુપાય બતાવાયો નથી, પરંતુ આ ભવસમુદ્રમાં જીવોને અધ્યાત્મ પણ અત્યંત દુર્લભ છે. ।।૭૧।।

ટીકા :-

सदुपायश्च=सम्यगुपायः पुनः, नाध्यात्मादन्यो=विलक्षणः, सन्दर्शितो=निरूपितः, बुधैः=पूर्वशास्त्रकारैः, तत्त्वप्रतीताविति, दुरापं=दुर्लभम्, किन्तु-किं पुनः अदोऽपि=अध्यात्ममपि, किं पुनस्तत्त्वप्रतीतिरित्यपिशब्दार्थः इह भवाब्धौ=भवसमुद्रे, सुष्ठु=अतिशयेन, देहिनां=जन्तूनामिति ।।७१।।

ટીકાર્થ :-

सदुपायश्च ..... जन्तूनामिति ।। વળી તત્ત્વપ્રતીતિમાં અધ્યાત્મથી અન્ય=વિલક્ષણ, સમ્યગ્ ઉપાય બુધો વડે=પૂર્વ શાસ્ત્રકારો વડે, બતાવાયો નથી, પરંતુ આ પણ=અધ્યાત્મ પણ, આ ભવસમુદ્રમાં જીવોને અતિશય દુર્લભ છે.

વળી તત્ત્વપ્રતીતિ શું ? એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે='अदोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૭૧॥

ભાવાર્થ :-

શ્લોક-૩૫૮માં ગ્રંથકારશ્રી અધ્યાત્મનું લક્ષણ બતાવશે તે અનુસાર કોઈ પુરુષ ઉચિત પ્રવૃત્તિપૂર્વક વ્રત ગ્રહણ કરે અને ભાવથી દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનકમાં રહેલો હોય તે પુરુષ જ્યારે શાસ્ત્રવચનનું અવલંબન લઈને તત્ત્વચિંતન કરે તે તત્ત્વચિંતન ઉત્તરોત્તર આત્મભાવમાં નિવેશને અનુકૂળ અધ્યાત્મરૂપ છે અને અધ્યાત્મથી આત્માદિ તત્ત્વની પ્રતીતિ થાય છે; કેમ કે અધ્યાત્મના સેવનથી મોહનું ઉન્મૂલન થાય છે અને મોહના ઉન્મૂલનને કારણે તત્ત્વપ્રતીતિમાં બાધક જ્ઞાનાવરણીય કર્મનો હ્રાસ થાય છે, તેથી તત્ત્વપ્રતીતિમાં સદુપાય અધ્યાત્મ છે, અન્ય કોઈ વસ્તુ નથી એમ બુધપુરુષો કહે છે, પરંતુ આ સંસારસમુદ્રમાં જીવોને અધ્યાત્મની પ્રાપ્તિ પણ દુર્લભ છે અર્થાત્ તત્ત્વની પ્રતીતિ તો દુર્લભ છે, પરંતુ અધ્યાત્મની પ્રાપ્તિ પણ દુર્લભ છે, તેથી તેની દુર્લભતાનું સમ્યગ્ જ્ઞાન કરીને તેના ઉપાયભૂત પૂર્વસેવામાં ઉદ્યમ કરવો જોઈએ અને પૂર્વસેવાના બળથી સંચિત વીર્યવાળા જીવને દુર્લભ એવા અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે તે બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અધ્યાત્મની પ્રાપ્તિ પણ જીવોને દુર્લભ છે. **॥૭૧॥**

અવતરણિકા :-

अध्यात्मदुरापत्वमेव भावयति –

અવતરણિકાર્થ :-

અધ્યાત્મના દુર્લભપણાને જ ભાવન કરે છે –

ભાવાર્થ :-

શ્લોક-૭૧માં કહ્યું કે સંસારસમુદ્રમાં જીવોને અધ્યાત્મ દુર્લભ છે, તેથી હવે શ્લોક-૧૦૮ સુધી અધ્યાત્મની દુર્લભતાને જ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

चरमे पुद्गलावर्ते, यतो यः शुक्लपाक्षिकः ।
भिन्नग्रन्थिश्चरित्री च तस्यैवैतदुदाहृतम् ॥७२॥

અન્વયાર્થ :-

यतः=જે કારણથી, चरमे पुद्गलावर्ते=ચરમ પુદ્ગલપરાવર્તમાં, यः=જે, शुक्लपाक्षिकः भिन्नग्रन्थिश्चरित्री च=શુક્લપાક્ષિક ભિન્નગ્રંથિ છે વળી ચરિત્રી છે, तस्यैव=તેને જ, एतद्=आ=અધ્યાત્મ, उदाहृतम्=કહેવાયું છે, તે કારણથી સંસારસમુદ્રમાં જીવોને અધ્યાત્મ દુર્લભ છે એમ પૂર્વશ્લોક સાથે 'यतः'નો અન્વય છે. ॥૭૨॥

શ્લોકાર્થ :-

જે કારણથી ચરમપુદ્ગલપરાવર્તમાં જે શુક્લપાક્ષિક ભિન્નગ્રંથિ છે, વળી ચારિત્રી છે તેને જ અધ્યાત્મ કહેવાયું છે, તે કારણથી સંસારસમુદ્રમાં જીવોને અધ્યાત્મ દુર્લભ છે એમ પૂર્વશ્લોક સાથે 'यतः'નો અન્વય છે. ।।૭૨।।

ટીકા :-

चरमे=पर्यन्तवर्तिनि, पुद्गलावर्ते=द्रव्यतः सामान्येन सर्वपुद्गलग्रहणोज्झनरूपे प्रवृत्ते सति, यतो=यस्मात्, यः=कश्चिद्भव्यविशेषः, तत्रापि शुक्लपाक्षिको=अपार्धपुद्गलावर्तान्तर्गतसंसारः, यत उक्तम्-

"जेसिं अवढ्ढो पोग्गलपरियट्टो सेसओ उ संसारो।
ते सुक्कपक्खिया खलु, अहिगे पुण किण्हपक्खि" ।।१।। **त्ति ।**

तत्रापि भिन्नग्रन्थिः=अपूर्वकरणवज्रप्रहारविदारितघनरागद्वेषमोहपरिणामः, तत्रापि चरित्री=देशतः सर्वतो वा सावद्याचारनिवृत्तः, 'चः' प्राग्वत्, तस्यैव=नान्यस्य, एतद्=अध्यात्मम्, उदाहृतम्=उक्तमिति ।।७२।।

ટીકાર્થ :-

चरमे=पर्यन्तवर्तिनि ..... उक्तमिति ।। જે કારણથી ચરમ પુદ્ગલાવર્ત હોતે છતે=દ્રવ્યથી સામાન્યરૂપે સર્વ પુદ્ગલના ગ્રહણ અને ત્યાગરૂપ પર્યન્તવર્તિ પુદ્ગલપરાવર્ત પ્રવૃત્ત થયે છતે, જે કોઈ ભવ્યવિશેષ, તેમાં પણ શુક્લપાક્ષિક=અપાર્ધપુદ્ગલાવર્ત અંતર્ગત સંસારવાળો, તેમાં પણ ભિન્નગ્રંથિ=અપૂર્વકરણરૂપ વજ્રના પ્રહારથી વિદારણ કરેલો છે ઘન રાગ-દ્વેષ-મોહનો પરિણામ જેણે એવો, તેમાં પણ ચારિત્રી=દેશથી અથવા સર્વથી સાવદ્યાચારથી નિવૃત્ત, તેને જ અન્યને નહિ, આ=અધ્યાત્મ, કહેવાયું છે.

શુક્લપાક્ષિકનું લક્ષણ બતાવતાં કહે છે –

જે કારણથી કહેવાયું છે -

"જેઓને અર્ધપુદ્ગલપરાવર્ત શેષ સંસાર છે તે ખરેખર શુક્લપાક્ષિક છે, વળી અધિકમાં કૃષ્ણપાક્ષિક છે."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

'च' શબ્દ પૂર્વની જેમ=શ્લોક-૭૧ની જેમ, 'पुनः' અર્થમાં છે અને તેનો સંબંધ ચારિત્રી સાથે છે અર્થાત્ ભિન્નગ્રંથિમાં પણ વળી ચારિત્રીને આ અધ્યાત્મ છે એ પ્રકારે 'च'નો સંબંધ છે. ।।૭૨।।

ભાવાર્થ :-

દરેક જીવ અનંતકાળથી સંસારમાં છે અને અનંત પુદ્ગલપરાવર્તો પસાર કર્યા, તેનું કારણ અનંત પુદ્ગલપરાવર્ત સંસાર ચાલે તેવો તીવ્ર ભાવમલ જીવમાં હતો અને તે ભાવમલ ઘટતાં ઘટતાં એક

પુદ્ગલપરાવર્તન સુધી ચાલી શકે તેટલી માત્રાનો જેનો અલ્પ થયો છે તેવા જીવને ચરમપુદ્ગલપરાવર્તની પ્રાપ્તિ છે અને આવું ચરમપુદ્ગલપરાવર્ત ભવ્ય જીવને પ્રાપ્ત થાય છે અન્યને નહિ, તેથી અન્ય ભવ્યો કરતાં ચરમપુદ્ગલપરાવર્તને પામેલો ભવ્ય જીવ કંઈક વિશેષ છે અર્થાત્ ગુણસંપત્તિને પ્રાપ્ત કરી શકે તેવી યોગ્યતાવાળો છે અને તે ભવ્યવિશેષમાં પણ શુક્લપાક્ષિક છે તે અર્ધપુદ્ગલપરાવર્ત સંસારવાળો છે, તેથી તે શુક્લપાક્ષિક જીવ ભવ્યવિશેષ કરતાં પણ અધિક ગુણસંપત્તિને ધારણ કરનાર છે અને તે શુક્લપાક્ષિકમાં પણ જેણે અપૂર્વકરણરૂપી વજના પ્રહારથી ઘન રાગ-દ્વેષ-મોહના પરિણામરૂપ ગ્રંથિને ભેદી છે તે જીવ શુક્લપાક્ષિક કરતાં વિશેષ પ્રકારની ગુણસંપત્તિવાળો છે અને તેવા ભિન્નગ્રંથિ જીવમાં પણ જેણે દેશથી કે સર્વથી સાવદ્ય આચારની નિવૃત્તિ કરી છે તે ચારિત્રી છે, જે સમ્યગ્દૃષ્ટિ કરતાં પણ અધિક ગુણસંપત્તિવાળો છે અને તેવા ચારિત્રવાળો જીવ ભગવાનના વચનાનુસાર તત્ત્વચિંતન કરે તેને અધ્યાત્મ પ્રગટ થાય, બીજાને નહિ, તેથી ભવસમુદ્રમાં અધ્યાત્મ દુર્લભ છે, એમ શ્લોક-૭૧ સાથે સંબંધ છે.

અહીં ટીકામાં ચરમ પુદ્ગલાવર્તનો અર્થ કરતાં કહ્યું કે દ્રવ્યથી સામાન્યરૂપે સર્વ પુદ્ગલના ગ્રહણત્યાગરૂપ પર્યન્તવર્તિ પુદ્ગલાવર્ત.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવ ઔદારિકાદિ આઠ વર્ગણાઓરૂપે પુદ્ગલને ગ્રહણ કરે છે, તે આઠે વર્ગણામાંથી કોઈ એક વર્ગણારૂપે સર્વ પુદ્ગલોનું ગ્રહણ-મોચન નહિ, પરંતુ સામાન્યથી તે આઠે વર્ગણારૂપે જગતવર્તી સર્વ પુદ્ગલોનું ગ્રહણ-મોચન જીવ વડે થાય તેને પુદ્ગલાવર્ત કહેવાય અને તે સર્વ પુદ્ગલ દ્રવ્યોને સામાન્યથી જીવે અનંતી વખત ગ્રહણ કર્યા છે, હવે તે ગ્રહણ-મોચન એક કરતાં અધિક વખત જીવ ન કરે તેવી યોગ્યતા જે જીવમાં પ્રગટી છે તે જીવ ચરમપુદ્ગલપરાવર્તવાળો કહેવાય.

ચરમપુદ્ગલાવર્તમાં આવેલો જીવ કંઈક ગુણસંપત્તિવાળો છે અને તેને ઉપદેશાદિ સામગ્રી મળે તો ગુણોનો વિકાસ થાય અને ગુણોનો વિકાસ થાય તો તે શુક્લપાક્ષિક બને, તેથી તે જીવમાં હવે અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર ચલાવી શકે તેટલી જ મલિનતા પ્રાપ્ત થાય અને તેવા જીવને ઉપદેશાદિ સામગ્રી મળે તો તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ અપૂર્વકોટીના તે જીવ અપૂર્વકરણ નામના અધ્યવસાયરૂપ વજ દ્વારા ગ્રંથિનો ભેદ કરે છે અર્થાત્ તત્ત્વને જોવામાં બાધક એવા રાગ-દ્વેષનો ઉચ્છેદ કરે છે ત્યારે તે જીવ ભગવાનના વચન પ્રત્યે સ્થિર રુચિવાળો બને છે, મોક્ષના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેની પ્રાપ્તિનો અત્યંત અભિલાષી બને છે અને સંસારની વિડંબના જાણીને તેના ઉચ્છેદની અત્યંત રુચિવાળો બને છે. સંસારના ઉચ્છેદનો અને મોક્ષપ્રાપ્તિનો ઉપાય ભગવાનનું વચન છે અને ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ છે તેવી સ્થિર બુદ્ધિવાળો બને છે અને આવો ગુણસંપત્તિવાળો જીવ જો સમ્યક્ત્વથી પાત ન પામે તો અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે, આવા પણ ગુણસંપત્તિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવને પણ અધ્યાત્મની પ્રાપ્તિ નથી, પરંતુ તે સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે કંઈક પરાક્રમ ફોરવીને ચારિત્ર મોહનીય કર્મનો ઉચ્છેદ કરે છે, ત્યાર પછી તેનામાં વિશેષ ગુણસંપત્તિ પ્રગટે છે, આવો વિશેષ ગુણસંપત્તિવાળો જીવ શાસ્ત્રવચનાનુસાર તત્ત્વચિંતન કરે ત્યારે અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે, માટે અધ્યાત્મ અત્યંત દુર્લભ છે. **॥૭૨॥**

અવતરણિકા :-

અથ કથમન્યથા ન ભવતીત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

અન્યથા=ચરમાવર્તમાં આવેલો શુક્લપાક્ષિક ભિન્નગ્રંથિ ચારિત્રને પામેલો ન હોય તેવા જીવને, કેમ થતું નથી=અધ્યાત્મ કેમ થતું નથી ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

प्रदीर्घभवसद्भावाद् मालिन्यातिशयात्तथा ।
अतत्त्वाभिनिवेशाच्च, नान्येष्वन्यस्य जातुचित् ।।७३।।

અન્વયાર્થ :-

प्रदीर्घभवसद्भावाद्=પ્રદીર્ઘ સંસારનો સદ્ભાવ હોવાથી, मालिन्यातिशयात्=માલિન્યનો અતિશય હોવાથી, अतत्त्वाभिनिवेशात्=અતત્ત્વનો અભિનિવેશ હોવાથી, अन्येषु=અન્ય પુદ્ગલપરાવર્તોમાં, च=વળી, अन्यस्य=ચરમ પુદ્ગલપરાવર્તમાં પણ અન્યને=શ્લોક-૭૨માં કહેલા ગુણોથી વિકલ એવા ભવ્યને जातुचित् न=અધ્યાત્મ ક્યારે પણ થતું નથી. तथा='तथा' શબ્દ અન્યને અધ્યાત્મ નથી થતું તેના અન્ય હેતુનો સમુચ્ચય કરે છે. ।।૭૩।।

શ્લોકાર્થ :-

પ્રદીર્ઘ સંસારનો સદ્ભાવ હોવાથી, માલિન્યનો અતિશય હોવાથી, અતત્ત્વનો અભિનિવેશ હોવાથી અન્ય પુદ્ગલપરાવર્તોમાં, વળી ચરમ પુદ્ગલપરાવર્તમાં પણ અન્યને અધ્યાત્મ ક્યારે પણ થતું નથી. ।।૭૩।।

ટીકા :-

प्रदीर्घभवसद्भावात् प्रदीर्घस्य=अतिद्राघीयसो, भवस्य=संसारस्य, सद्भावात्=संभवात्, मालिन्यातिशयात्=तथाभव्यत्वापरिपाकलक्षणात्, 'तथा' इति हेत्वन्तरसमुच्चये, अतत्त्वाभिनिवेशाद्=विपरीतवस्तुस्वभावात्यन्ताऽऽग्रहात् 'चः'-प्राग्वत्, नान्येषु=पुद्गलावर्तेषु, चरमेऽपि नान्यस्य=उक्तगुणविकलस्य भव्यस्यापि, जातुचित्=कदाचिदपि ।।७३।।

ટીકાર્થ :-

प्रदीर्घभवसद्भावात् ..... कदाचिदपि ।। પ્રદીર્ઘ ભવનો સદ્ભાવ હોવાથી=અતિ દીર્ઘ એવા સંસારનો સંભવ હોવાથી, અને માલિન્યનો અતિશય હોવાથી=તથાભવ્યત્વના અપરિપાકસ્વરૂપ માલિન્યનો સદ્ભાવ હોવાથી, વળી અતત્ત્વનો અભિનિવેશ હોવાથી=વિપરીત વસ્તુના સ્વભાવમાં અત્યંત આગ્રહ

હોવાથી, અન્ય પુદ્ગલપરાવર્તોમાં, ચરમમાં પણ અન્યને=ઉક્ત ગુણવિકલ એવા ભવ્યને પણ=શ્લોક-૭૨માં કહેલા ગુણથી રહિત એવા ભવ્યને પણ, ક્યારે પણ અધ્યાત્મ થતું નથી.

શ્લોકમાં રહેલ 'तथा' શબ્દ અધ્યાત્મ નહિ થવામાં અન્ય હેતુ છે તેના સમુચ્ચય માટે છે. 'च' શબ્દ પૂર્વની જેમ=શ્લોક-૭૧માં કહ્યું તેમ 'पुनः' અર્થમાં છે. ॥૭૩॥

❖ 'चरमेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે અચરમ પુદ્ગલપરાવર્તમાં તો અધ્યાત્મ થતું નથી, પરંતુ ચરમ પુદ્ગલપરાવર્તમાં પણ શ્લોક-૭૨માં કહેલા ગુણથી રહિત એવા ભવ્યને અધ્યાત્મ થતું નથી.

❖ 'भव्यस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે અભવ્યને તો અધ્યાત્મ થતું નથી, પરંતુ ઉક્ત ગુણવિકલ એવા ભવ્યને પણ અધ્યાત્મ થતું નથી.

ભાવાર્થ :-

શ્લોક-૭૨માં કહેલ કે ચરમાવર્તમાં આવેલ શુક્લપાક્ષિક હોય, ભિન્નગ્રંથિ હોય, વળી ચારિત્રી હોય તેને જ અધ્યાત્મની પ્રાપ્તિ છે, અન્યને નહિ.

કેમ અન્યને અધ્યાત્મની પ્રાપ્તિ નથી ? તેમાં હેતુ કહે છે –

ચરમાવર્ત બહારના જીવોમાં ઘણો સંસાર ચાલે તેવી મલિનતાનો સદ્ભાવ છે, તેથી દીર્ઘ સંસારમાં ભટકનારા જીવોને આત્માના શુદ્ધ ભાવોમાં જવાને અનુકૂળ વ્યાપારરૂપ અધ્યાત્મનો સંભવ નથી.

વળી ચરમાવર્ત બહાર માલિન્યનો અતિશય છે અર્થાત્ ભવ્ય જીવોમાં રહેલા તથાભવ્યત્વના અપરિપાકરૂપ માલિન્યનો અતિશય છે, માટે અન્ય પુદ્ગલપરાવર્તોમાં અધ્યાત્મ પ્રાપ્ત થતું નથી.

આશય એ છે કે જીવમાં રહેલું સિદ્ધિગમન યોગ્યત્વરૂપ ભવ્યત્વ છે અને તે ભવ્યત્વ સિદ્ધિગમનને કંઈક અભિમુખ થાય ત્યારે તે જીવના તે પ્રકારના ભવ્યત્વનો કંઈક પરિપાક થાય છે અને તે ભવ્યત્વનો પરિપાક જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને યોગનિરોધકાળમાં પ્રકૃષ્ટ પરિપાકને પામે છે અને તેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અચરમાવર્તિ જીવમાં આવા ભવ્યત્વનો લેશ પણ પરિપાક થયો નથી, તેથી તે જીવમાં માલિન્યનો અતિશય છે, તેથી અન્ય પુદ્ગલપરાવર્તમાં અધ્યાત્મ થતું નથી. વળી અતત્ત્વનો અભિનિવેશ હોવાથી=આત્માદિ વસ્તુનો સ્વભાવ જેવો છે તેનાથી વિપરીત સ્વભાવમાં અત્યંત આગ્રહ હોવાથી, અચરમાવર્તમાં કે ચરમાવર્તમાં પણ સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે અધ્યાત્મ થતું નથી.

વળી ચરમપુદ્ગલપરાવર્તમાં પણ શ્લોક-૭૨માં કહ્યું તે પ્રકારના સર્વ ગુણોથી યુક્ત એવા ચારિત્રીને છોડીને કોઈને ક્યારે પણ અધ્યાત્મ પ્રાપ્ત થતું નથી.

શ્લોકમાં રહેલા 'तथा' શબ્દથી અધ્યાત્મની અપ્રાપ્તિમાં અન્ય હેતુનો સમુચ્ચય થાય છે, તેથી જેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ નથી, તેઓની અવિચારકતા કે કુવિચારકતા વગેરે અધ્યાત્મની અપ્રાપ્તિના હેતુ છે. તેનો સમુચ્ચય થાય છે. **॥૭૩॥**

અવતરણિકા :-

ચરમે પુદ્‌ગલાવર્ત ઇત્યુક્તમ્, અથાન્યેઽપિ કિં તે સન્તીત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

ચરમ પુદ્‌ગલાવર્તમાં એ પ્રમાણે શ્લોક-૭૨માં કહેવાયું, અથ=આથી, અન્ય પણ શું તે છે ?=પુદ્‌ગલાવર્તો છે ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'અન્યેઽપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે ચરમ પુદ્‌ગલપરાવર્ત તો છે, પરંતુ ચરમથી અન્ય પણ પુદ્‌ગલાવર્ત છે ? એ પ્રકારની આશંકા કરે છે.

શ્લોક :-

अनादिरेष संसारो, नानागतिसमाश्रयः ।
पुद्‌गलानां परावर्ता, अत्रानन्तास्तथा गताः ।।७४।।

અન્વયાર્થ :-

એષ=આ=પ્રત્યક્ષથી દેખાતો, સંસારઃ=સંસાર, અનાદિઃ=અનાદિ, નાનાગતિસમાશ્રયઃ=નાના ગતિ આશ્રય-વાળો છે=નરકાદિ વિચિત્રગતિઓના આશ્રયવાળો છે, અત્ર=સંસારમાં, તથા=તે પ્રકારે, પુદ્‌ગલાનાં પરાવર્તાઃ=પુદ્‌ગલોના પરાવર્તો, અનન્તાઃ ગતાઃ=અનંતા પસાર થયા. ।।૭૪।।

શ્લોકાર્થ :-

આ સંસાર અનાદિ નાના ગતિ આશ્રયવાળો છે, સંસારમાં તે પ્રકારે પુદ્‌ગલોના પરાવર્તો અનંતા પસાર થયા. ।।૭૪।।

ટીકા :-

અનાદિઃ=અવિદ્યમાનમૂલારમ્ભઃ, એષ=પ્રત્યક્ષતો દૃશ્યમાનઃ, સંસારો=ભવઃ, કીદૃશ ઇત્યાહ – નાનાગતિસમાશ્રયઃ=નરકાદિચિત્રપર્યાયપાત્રં વર્તતે, તતશ્ચ પુદ્‌ગલાનામ્=ઔદારિકાદિવર્ગણારૂપાણાં સર્વેષાં, પરાવર્ત્તા=ગ્રહણમોક્ષાત્મકાઃ, અત્ર=સંસારે, અનન્તા=અનન્તવારસ્વભાવાઃ, તથા=તેન સમયપ્રસિદ્ધપ્રકારેણ, ગતા=અતીતાઃ ।।૭૪।।

ટીકાર્થ :-

અનાદિ ..... અતીતાઃ ।। અનાદિ=અવિદ્યમાન મૂળ આરંભવાળો, આ=પ્રત્યક્ષથી દેખાતો, સંસાર=ભવ છે.

વળી તે કેવો છે ? એથી કહે છે –

નાના ગતિના આશ્રયવાળો છે=ભવ નરકાદિ ચિત્ર પર્યાયનું પાત્ર વર્તે છે, અને તેથી ઔદારિકાદિ વર્ગણારૂપ સર્વ પુદ્ગલોના ગ્રહણ-મોક્ષરૂપ પરાવર્તો અહીં=સંસારમાં, તે પ્રકારે=સમય પ્રસિદ્ધ પ્રકારે, અનંતા ગયા=અનંતવાર સ્વભાવવાળા= અનંતી વાર ગ્રહણ સ્વભાવવાળા, પસાર થયા. ॥૭૪॥

ભાવાર્થ :-

દરેક જીવનો પ્રત્યક્ષથી દેખાતો વર્તમાનનો ભવ છે અને તે ભવ અનાદિનો છે અર્થાત્ આ ભવ પહેલો છે એ પ્રકારનું મૂળ વિદ્યમાન નથી તેવો અનાદિનો છે. વળી આ ભવ નરકાદિ અનેક પ્રકારની ગતિના પર્યાયોનું સ્થાન છે, તેથી સંસારી જીવોને ક્યારેક નરક પર્યાય પ્રાપ્ત થાય છે તો ક્યારેક મનુષ્ય પર્યાય પ્રાપ્ત થાય છે એરૂપે ચારે ગતિમાં અનાદિથી જીવ વર્તે છે, તેથી અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા.

પુદ્ગલપરાવર્ત એટલે ઔદારિકાદિ વર્ગણારૂપે સર્વ પુદ્ગલોનું ગ્રહણ કરીને મૂકવું, અને તેવા પુદ્ગલપરાવર્તો શાસ્ત્રમાં જે પ્રકારે પ્રસિદ્ધ છે તે પ્રકારે જીવે અનંતી વખત પુદ્ગલો ગ્રહણ કર્યા અને મૂક્યા, તેથી પુદ્ગલોમાં જીવથી અનંતી વખત ગ્રહણ થવાનો સ્વભાવ હતો અને જીવમાં તેને અનંતી વખત ગ્રહણ કરવાનો સ્વભાવ હતો, તેથી અનંત પુદ્ગલપરાવર્ત પસાર થયા. **॥૭૪॥**

અવતરણિકા :-

केषामित्याह –

અવતરણિકાર્થ :-

કોને ? એથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૭૪માં કહ્યું કે આ સંસાર અનાદિનો છે અને આ સંસારમાં અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા, કોને પસાર થયા ? એ પ્રકારની જિજ્ઞાસામાં કહે છે –

શ્લોક :-

सर्वेषामेव सत्त्वानां, तत्स्वाभाव्यनियोगतः ।
नान्यथा संविदेतेषां, सूक्ष्मबुद्ध्या विभाव्यताम् ।।७५।।

અન્વયાર્થ :-

तत्स्वाभाव्यनियोगतः=તત્સ્વભાવપણાના વ્યાપારથી=અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણના સ્વભાવપણાના વ્યાપારથી, सर्वेषामेव सत्त्वानां=સર્વ જ જીવોને અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા એમ શ્લોક-૭૪ સાથે સંબંધ છે. अन्यथा=તત્સ્વભાવપણાના વ્યાપાર વગર, एतेषां=આમનો=અનંત પુદ્ગલપરાવર્તોનો संविद् न=અવબોધન ઘટતો નથી (એ), सूक्ष्मबुद्ध्या=સૂક્ષ્મબુદ્ધિથી, विभाव्यताम्=વિચારવું જોઈએ. ॥૭૫॥

શ્લોકાર્થ :-

અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણના સ્વભાવપણાના વ્યાપારથી સર્વ જ જીવોને અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા એમ શ્લોક-૭૪ સાથે સંબંધ છે. અન્યથા અનંત પુદ્ગલપરાવર્તોનો અવબોધ ઘટતો નથી, એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ.।।૭૫।।

ટીકા :-

सर्वेषामेव सत्त्वानां=प्राणिनाम्, तत्स्वाभाव्यम्=अनन्तपुद्गलपरावर्तपरिभ्रमणस्वभावता, तस्य नियोगो=व्यापारः, तस्मात्, अत्रैव व्यतिरेकमाह–न=नैव, अन्यथा=तत्स्वाभाव्यनियोगमन्तरेण, संविद्=अवबोधो घटते एतेषां=अनन्तपुद्गलपरावर्तानाम्, सूक्ष्मबुद्ध्या=निपुणाभोगेन, विभाव्यतां=अनुचिन्त्यताम् एतत् ।।७५।।

ટીકાર્થ :-

सर्वेषामेव ..... एतत् ।। સર્વ જ જીવોને તત્સ્વભાવપણાના નિયોગથી=અનંત પુદ્ગલપરાવર્તના પરિભ્રમણના સ્વભાવપણાના વ્યાપારથી, અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા એમ શ્લોક-૭૪ સાથે સંબંધ છે.

આમાં જ=તત્સ્વભાવપણાના વ્યાપારથી સર્વ જીવોને અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા એમાં જ, વ્યતિરેકને કહે છે –

અન્યથા=તત્સ્વભાવપણાના વ્યાપાર વગર, આમનું સંવેદન=અનંત પુદ્ગલપરાવર્તોનો અવબોધ, ઘટતો નથી જ=સર્વ જીવોને સ્વસંવેદનથી અનંત પુદ્ગલપરાવર્તોનો જે અવબોધ થયો છે તે ઘટતો નથી જ, એ=સર્વ જીવોને અનંતપુદ્ગલપરાવર્તો પસાર થયા એ, સૂક્ષ્મબુદ્ધિથી વિભાવન કરવું જોઈએ. ।।૭૫।।

ભાવાર્થ :-

શ્લોક-૭૪માં કહ્યું કે આ પ્રત્યક્ષ દેખાતા સંસારમાં અનંતપુદ્ગલપરાવર્તો પસાર થયા, ત્યાં પ્રશ્ન થાય કે કોને અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા? તેના ઉત્તરરૂપે કહે છે કે સર્વ જીવોમાં અનંત પુદ્ગલપરાવર્તો પરિભ્રમણ કરવાનો સ્વભાવ છે અને તે સ્વભાવના વ્યાપારને કારણે સર્વ જ જીવોએ અનંત પુદ્ગલપરાવર્તો પસાર કર્યા, ફક્ત જે જીવોને ચરમાવર્ત પ્રાપ્ત થયું છે તે જીવો હવે પછી એક પુદ્ગલપરાવર્તથી અધિક ભ્રમણ કરશે નહિ, આમ છતાં તે જીવોએ પણ પૂર્વમાં તે પ્રકારના સ્વભાવને કારણે અનંત પુદ્ગલપરાવર્તો પસાર કર્યા છે.

અહીં પ્રશ્ન થાય કે જીવનો અનંત પુદ્ગલપરાવર્તો પરિભ્રમણ કરવાનો સ્વભાવ હતો તેના વ્યાપારથી અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા તે કેમ નક્કી થાય? તેને વ્યતિરેકથી દૃઢ કરવા માટે કહે છે –

જો જીવમાં અનંત પુદ્ગલપરાવર્ત પરિભ્રમણ કરવાનો સ્વભાવ ન હોય અને તે સ્વભાવ વ્યાપારવાળો ન થાય તો જીવે અત્યાર સુધી અનંત પુદ્ગલપરાવર્તોનું સંવેદન કરેલ છે તે ઘટે જ નહિ.

આશય એ છે કે વર્તમાનમાં પોતે પુદ્ગલોને ગ્રહણ કરે છે અને મૂકે છે તેનું સંવેદન દરેક જીવને છે તેમ દરેક જીવે પોતાના પૂર્વ પૂર્વ ભવોમાં પણ પુદ્ગલનું ગ્રહણ અને મોચન કર્યું તેનો અનુભવ ત્યારે ત્યારે દરેક જીવને થયો છે, ફક્ત અત્યારે તેનું સ્મરણ થતું નથી, પરંતુ સૂક્ષ્મબુદ્ધિથી વિચારીએ તો સંસારવર્તિ દરેક જીવ સંસારમાં શાશ્વત હોવાથી દરેક ભવમાં તે તે પુદ્ગલોના ગ્રહણ-મોચનનો અનુભવ કર્યો છે તે અનુભવ જો તે જીવમાં અનંત વખત પરિભ્રમણનો સ્વભાવ વ્યાપારવાળો ન થયો હોત તો તે પ્રકારનો પરિભ્રમણનો અનુભવ થાત નહિ, એ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ, જેથી પોતાને પણ નિર્ણય થાય કે આપણે અનાદિકાળથી તે પ્રકારના સ્વભાવને કારણે સંસારમાં પરિભ્રમણ કરીએ છીએ, માટે આપણા અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા. **॥૭૫॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૭૫માં કહ્યું કે તત્સ્વભાવના નિયોગ વગર સર્વ જીવોને અનંત પુદ્ગલપરાવર્તોનો અવબોધ ઘટતો નથી એને જ, ભાવન કરે છે –

શ્લોક :-

यादृच्छिकं न यत्कार्यं, कदाचिज्जायते क्वचित् ।
सत्त्वपुद्गलयोगश्च, तथा कार्यमिति स्थितम् ।।७६।।

અન્વયાર્થ :-

यत्=જે કારણથી, यादृच्छिकं कार्यं=યાદૃચ્છિક કાર્ય, कदाचित्=કોઈપણ કાળમાં, क्वचित्=કોઈપણ ક્ષેત્રમાં, न जायते=થતું નથી તે કારણથી અનંત પુદ્ગલપરાવર્તોનું પરિભ્રમણ તત્સ્વભાવ નિયોગ વગર સર્વ જીવોને નથી તેમ શ્લોક-૭૫ સાથે 'यद्'નો સંબંધ છે.

च=અને, सत्त्वपुद्गलयोगः=સત્ત્વ અને પુદ્ગલનો યોગ, कार्यं=કાર્ય છે, इति स्थितम्=એ રીતે સ્થિત છે=તત્સ્વભાવના નિયોગ નિમિત્ત પુદ્ગલોનું પરાવર્તન છે એ રીતે સ્થિત છે. तथा='तथा' શબ્દ પાદપૂર્તિ માટે છે. ।।૭૬।।

શ્લોકાર્થ :-

જે કારણથી યાદૃચ્છિક કાર્ય કોઈપણ કાળમાં, કોઈપણ ક્ષેત્રમાં થતું નથી તે કારણથી અનંત પુદ્ગલપરાવર્તોનું પરિભ્રમણ તત્સ્વભાવ નિયોગ વગર સર્વ જીવોને નથી તેમ શ્લોક-૭૫ સાથે 'यद्'નો સંબંધ છે.

અને સત્ત્વ અને પુદ્ગલનો યોગ કાર્ય છે એ રીતે સ્થિત છે. ।।૭૬।।

ટીકા :-

यादृच्छिकं=यदृच्छानिमित्तम्, न=नैव, यद्=यस्मात्, कार्यं कदाचित्=कुत्रापि काले, जायते= भवति, क्वचित्क्षेत्रे, इत्थं सामान्येन कारणपूर्वकत्वं कार्यस्य प्रसाध्य प्रस्तुते योजयन्नाह–सत्त्वपुद्गलयोगश्च तथा कार्यं इति, तथा च सत्त्वपुद्गलयोगो=जीवपुद्गलसम्बन्धः कार्यं, ततोऽनुमीयतेऽस्या(स्य) किञ्चित्कारणम्, यच्च तत्कारणं तन्नियमाज्जीवतत्स्वाभाव्यनियोगमन्तरेण नान्यदुपपद्यते, इति स्थितं=एवं प्रतिष्ठितं, तत्स्वाभाव्यनियोगनिमित्तत्वं पुद्गलपरावर्तानामिति ।।७६।।

ટીકાર્થ :-

यादृच्छिकं ..... पुद्गलपरावर्तानामिति ।। જે કારણથી ક્યારેય=કોઈપણ કાળમાં, કોઈપણ ક્ષેત્રમાં યાદૃચ્છિક=યદૃચ્છાનિમિત્ત=કારણનિરપેક્ષ, કાર્ય નથી જ થતું, તે કારણથી તત્સ્વભાવના વ્યાપારથી સર્વ જીવોને અનંત પુદ્ગલપરાવર્તોનો અનુભવ છે એમ શ્લોક-૭૫ સાથે સંબંધ છે, આ રીતે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, સામાન્યથી=કાર્ય સામાન્યથી, કાર્યનું કારણપૂર્વકત્વ પ્રસાધન કરીને પ્રસ્તુતમાં=સર્વ જીવોના સંસારપરિભ્રમણરૂપ પ્રસ્તુત કાર્યમાં, યોજનને કરતાં ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે -

અને સત્ત્વ-પુદ્ગલનો યોગ કાર્ય છે અને તે રીતે સત્ત્વ અને પુદ્ગલનો યોગ=જીવ અને પુદ્ગલનો સંબંધ, કાર્ય છે, તેનાથી અનુમાન કરાય છે કે આનું કોઈક કારણ છે=જીવ અને પુદ્ગલના સંબંધરૂપ કાર્યનું કોઈક કારણ છે, અને જે તેનું કારણ છે=જીવ અને પુદ્ગલના સંબંધરૂપ કાર્યનું કારણ છે, તે નિયમથી જીવના તત્સ્વભાવના નિયોગ વગર અન્ય ઘટતું નથી, એ પ્રકારે સ્થિત છે=એ પ્રકારે પ્રતિષ્ઠિત છે.

આનાથી શું ફલિત થયું ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પુદ્ગલના પરાવર્તોનું તત્સ્વાભાવ્ય નિયોગ નિમિત્તપણું છે=જીવના સ્વભાવપણાના વ્યાપારનું નિમિત્તપણું છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ।।૭૬।।

ભાવાર્થ :-

સામાન્યથી જગતમાં જે કંઈ કાર્યો થાય છે તે સર્વ કાર્યો કારણથી જ થાય છે, યદૃચ્છાનિમિત્ત થતાં નથી અર્થાત્ વગર કારણે થતાં નથી, આ પ્રકારનો કાર્યકારણભાવ છે અને જીવ અને પુદ્ગલનો સંબંધ એ પણ કાર્ય છે, તેથી અનુમાન થાય છે કે જીવ અને પુદ્ગલના સંબંધરૂપ કાર્ય પ્રત્યે કોઈક કારણ છે અને તે કારણ નક્કી જીવના તે પ્રકારના સ્વભાવના વ્યાપારથી અન્ય ઘટતું નથી. તેથી નક્કી થાય છે કે જીવનો તેવા પ્રકારનો સ્વભાવ છે કે પુદ્ગલ સાથે સંબંધને પ્રાપ્ત કરે અને તેવા સ્વભાવના વ્યાપારને કારણે જીવનો પુદ્ગલ સાથે સંબંધ થાય છે અને જીવ અનાદિકાળથી પુદ્ગલના સંબંધવાળો છે, તેથી અનાદિકાળથી અત્યાર સુધી જીવના પુદ્ગલની સાથેના સંબંધ રૂપ જેટલાં કાર્યો થયાં તે સર્વ કાર્યો તેના સ્વભાવના વ્યાપારને કારણે થયાં, તેથી સર્વ જીવોનો અનંત પુદ્ગલપરાવર્ત કરવાનો સ્વભાવ છે, તેથી સર્વ જીવોએ અનંત પુદ્ગલપરાવર્તો પસાર કર્યા, પરંતુ આકસ્મિક અનંત પુદ્ગલપરાવર્તો કોઈ જીવ પસાર કરતો નથી. **॥૭૬॥**

અવતરણિકા :-

અથ તત્સ્વાભાવ્યસ્યૈવ વૈચિત્ર્યં સાધયન્નાહ -

અવતરણિકાર્થ :-

હવે તત્સ્વાભાવ્યના જ=અનંત પુદ્ગલપરાવર્ત પસાર કરે એ પ્રકારના જીવના સ્વભાવપણાના જ, વિચિત્રપણાને સાધતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

चित्रस्यास्य तथाभावे, तत्स्वाभाव्यादृते परः ।
न कश्चिद्धेतुरेवं च, तदेव हि तथेष्यताम् ।।७७।।

અન્વયાર્થ :-

चित्रस्यास्य=ચિત્ર એવા આના=સર્વ જીવોના ભિન્ન ભિન્ન સંખ્યાવાળા અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના, तथाभावे=તથાભાવમાં=દેશ-કાલના નિયમથી થવામાં तत्स्वाभाव्यादृते=તત્સ્વભાવપણા સિવાય=તે તે જીવના તે પ્રકારના સ્વભાવપણા સિવાય, परः कश्चिद्धेतुः=કોઈ બીજો હેતુ, न=નથી, एवं च=અને એ રીતે=કાર્યના વિચિત્રપણારૂપે, तदेव हि=તે જ=સર્વ જીવોનો સ્વભાવ જ, तथा=તે પ્રકારે=કાર્યના વૈચિત્ર્યના નિયામક પ્રકારે, इष्यताम्=ઈચ્છાવ. ।।૭૭।।

શ્લોકાર્થ :-

સર્વ જીવોના ભિન્ન ભિન્ન સંખ્યાવાળા અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના તથાભાવમાં તત્સ્વભાવપણા સિવાય કોઈ બીજો હેતુ નથી અને એ રીતે તે જ તે પ્રકારે ઈચ્છાવ. ।।૭૭।।

ટીકા :-

चित्रस्य-कस्यचिज्जन्तोः कियत्संख्यारूपतया विचित्ररूपभाजः, अस्य=अनन्तपुद्गलपरावर्त-रूपकार्यस्य, तथा=देशकालनियमेन, भावे=सम्भवे, तत्स्वाभाव्यादृते=तत्स्वाभाव्यमन्तरेण, परो=विलक्षणः, न=नैव, कश्चिद्धेतुः, एवं च=अनेन च कार्यवैचित्र्यप्रकारेण, तदेव हि=तत्स्वाभाव्यमेव, तथा विचित्रतया इष्यताम्=अङ्गीक्रियतामिति ।।७७।।

ટીકાર્થ :-

चित्रस्य ..... अङ्गीक्रियतामिति ।। ચિત્ર એવા આના=કોઈક જીવને કેટલીક સંખ્યારૂપપણાથી વિચિત્ર રૂપવાળા એવા અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના, તથાભાવમાં=દેશ-કાલના નિયમથી સંભવમાં, તેના સ્વભાવપણા સિવાય=તે તે જીવના તે તે પ્રકારે તેટલી તેટલી સંખ્યાવાળા પુદ્ગલપરાવર્ત કરવાના સ્વભાવપણા સિવાય, પર=વિલક્ષણ, કોઈ હેતુ નથી જ, અને એ રીતે=આ પ્રકારના

કાર્યવૈચિત્ર્ય પ્રકારથી=સર્વ જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના પુદ્ગલપરાવર્તો થાય છે એ પ્રકારના કાર્ય વૈચિત્ર્યપ્રકારથી, તે જ=તે તે જીવનું તે તે પ્રકારના કાર્યને અનુકૂળ સ્વભાવપણું જ, તે પ્રકારના વિચિત્રપણાથી ઇચ્છાવું જોઈએ=સ્વીકારવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૭૭॥

ભાવાર્થ :-

સંસારવર્તી સર્વ જીવો અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે, તેમાંથી કેટલાક જીવો અનંત પુદ્ગલપરાવર્ત પહેલાં મોક્ષમાં ગયા, કેટલાક જીવો અસંખ્યાત પુદ્ગલપરાવર્ત પહેલાં મોક્ષમાં ગયા, કેટલાક જીવો સંખ્યાત પુદ્ગલપરાવર્ત પહેલાં મોક્ષમાં ગયા, કેટલાક જીવો વર્તમાનના પુદ્ગલપરાવર્તમાં મોક્ષમાં ગયા, કેટલાક જીવો વર્તમાનમાં મોક્ષમાં જઈ રહ્યા છે, કેટલાક જીવો અનંત પુદ્ગલપરાવર્ત પછી મોક્ષમાં જશે, સર્વ જીવોમાં પરસ્પર આ પ્રકારની પુદ્ગલપરાવર્તોની અનંત સંખ્યામાં વૈચિત્ર્યની પ્રાપ્તિ થાય છે, તેથી વિચિત્ર પ્રકારના અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્ય જે જે જીવમાં જે જે પ્રકારે થાય છે તે તે પુદ્ગલપરાવર્તો તે તે જીવ તે તે દેશમાં અને તે તે કાળમાં તે તે ભવની પ્રાપ્તિ દ્વારા પસાર કરે છે, આ પ્રકારના અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના વૈચિત્ર્યમાં તે તે જીવના તે તે પ્રકારના સ્વભાવપણા સિવાય અન્ય કોઈ હેતુ નથી.

તેથી ફલિત થાય છે કે સંસારવર્તી સર્વ જીવોના અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના સંખ્યાકૃત વૈચિત્ર્યમાં અને તે તે કાળમાં અને તે તે દેશમાં તે તે ભવની પ્રાપ્તિરૂપ વૈચિત્ર્યમાં તે જીવનો તેવો જ વિચિત્ર સ્વભાવ કારણ છે, જેથી તે સ્વભાવને અનુરૂપ કાર્ય તે જીવને પ્રાપ્ત થાય છે. **॥૭૭॥**

અવતરણિકા :-

अत्रैव परमतमाशंक्य परिहरन्नाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=સર્વ જીવોના અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યના વૈચિત્ર્યના નિયામક સ્વભાવના વૈચિત્ર્યમાં જ, પરમતની આશંકા કરીને પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

स्वभाववादापत्तिश्चेदत्र को दोष उच्यताम् ।
तदन्यवादाभावश्चेन्न तदन्याऽनपोहनात् ।।७८।।

અન્વયાર્થ :-

स्वभाववादापत्तिः=સ્વભાવવાદની આપત્તિ છે, चेद्=એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે, अत्र=આમાં=સ્વભાવવાદની આપત્તિમાં, को दोषः उच्यताम्=કયો દોષ છે તે કહો, तदन्यवादाभावः=તેનાથી અન્યવાદનો અભાવ છે=સ્વભાવવાદથી અન્યવાદનો અભાવ છે, चेद्=એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો

ગ્રંથકારશ્રી કહે છે, ન=અન્યવાદનો અભાવ નથી, તદન્યાઽનપોહનાત્=કેમ કે, તેનાથી અન્યનું અનપોહન છે=સ્વભાવથી અન્ય કારણોનું અનિરાકરણ છે. ।।૭૮।।

શ્લોકાર્થ :-

સ્વભાવવાદની આપત્તિ છે એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

સ્વભાવવાદની આપત્તિમાં કયો દોષ છે તે કહો. 'તેનાથી અન્યવાદનો અભાવ છે' એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – અન્યવાદનો અભાવ નથી; કેમ કે તેનાથી અન્યનું અનપોહન છે. ।।૭૮।।

ટીકા :-

સ્વભાવવાદાપત્તિઃ="कः कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं, विचित्रभावं मृगपक्षिणां च ।

स्वभावतः सर्वमिदं प्रवृत्तं, न कामचारोऽस्ति कुतः प्रयत्नः" ।। [**बुद्ध च.९/६२**]

एवंलक्षणो यः स्वभाववादस्तस्यापत्तिः=प्रसङ्गस्तत्स्वाभाव्यात्कार्योत्पत्त्यभ्युपगमे, चेद्=यदि ब्रूषे, अत्र=स्वभाववादापत्तौ को दोष उच्यतां=भण्यताम्, तदन्यवादाभावः=कालादिशेषकारणापलापः, चेत्=यदि, ब्रूषे आचार्यः न=नैव, तत्=परोक्तम्, कुत इत्याह–तदन्याऽनपोहनात्=तस्मात्तत्स्वाभाव्याद्येऽन्ये कालादयस्तेषामनपोहनादनिराकरणात्, तेषामपि कारणत्वेनाभ्युपगमात् ।।७८।।

ટીકાર્થ :-

સ્વભાવવાદાપત્તિઃ ..... કારણત્વેનાભ્યુપગમાત્ ।। સ્વભાવવાદની આપત્તિ છે=ઉદ્ધરણમાં બતાવેલ છે એવા લક્ષણવાળો જે સ્વભાવવાદ તેની આપત્તિ=પ્રસંગ છે, એમ અન્વય છે.

"કાંટાઓનું તીક્ષ્ણપણું કોણ કરે છે ? અને મૃગપક્ષીઓનો વિચિત્રભાવ કોણ કરે છે ? સર્વ આ=વિચિત્રપણું, સ્વભાવથી પ્રવૃત્ત છે, કામચાર નથી=ઇચ્છા પ્રમાણે નથી, પ્રયત્ન ક્યાંથી થાય ?" **(બુદ્ધચ. ૯/૬૨)**

ક્યારે પ્રસંગ પ્રાપ્ત થાય ? એથી કહે છે –

તત્સ્વભાવપણાથી કાર્યની ઉત્પત્તિ સ્વીકાર કરાયે છતે=શ્લોક-૭૭માં કહ્યું એ પ્રમાણે સર્વ જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્યની ઉત્પત્તિ તત્સ્વભાવપણાથી સ્વીકાર કરાયે છતે, સ્વભાવવાદની આપત્તિ છે એમ અન્વય છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે - આમાં=સ્વભાવવાદની આપત્તિમાં, કયો દોષ છે ? તે તમે કહો, તેને પૂર્વપક્ષી કહે છે – તદન્યવાદનો અભાવ છે=કાલાદિ શેષકારણનો અપલાપ છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો આચાર્ય કહે છે – તે=પર વડે કહેવાયેલું=પૂર્વપક્ષી વડે કહેવાયેલું, નથી જ, કેમ નથી ? એથી કહે છે – તેનાથી અન્યનું અનપોહન છે=તત્સ્વભાવપણારૂપ તેનાથી જે અન્ય કાલાદિ છે તેઓનું અનપોહન છે=અનિરાકરણ છે; કેમ કે તેઓને પણ=કાલાદિને પણ, કારણપણારૂપે સ્વીકારે છે. ।।૭૮।।

❖ 'तेषामपि'માં 'अपि'થી એ કહેવું છે કે સ્વભાવને તો અમે કારણપણારૂપે સ્વીકારીએ છીએ, પરંતુ તેઓને પણ અર્થાત્ કાલાદિને પણ અમે કારણપણારૂપે સ્વીકારીએ છીએ.

ભાવાર્થ :-

શ્લોક-૭૭માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચિત્ર અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્ય તે તે જીવમાં થાય છે, તેનો નિયામક જીવમાં રહેલો તે તે પ્રકારનો સ્વભાવ છે, અન્ય કોઈ હેતુ નથી.

ત્યાં પૂર્વપક્ષી કહે છે કે આ પ્રકારે સ્વીકારવાથી તો 'કાંટાઓનું તીક્ષ્ણપણું કોણ કરે છે ? મૃગ-પક્ષીઓના વિચિત્રભાવો કોણ કરે છે ? અર્થાત્ સ્વભાવથી જ આ સર્વ વિચિત્રપણું થાય છે, માટે પ્રયત્ન કાર્યનું વિચિત્રપણું કરનાર નથી', એ પ્રકારના બૌદ્ધ દર્શનવાળા વડે સ્વીકારાયેલ સ્વભાવવાદના સ્વીકારની તમને આપત્તિ છે.

એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

સ્વભાવવાદ સ્વીકારવામાં શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી, તો પૂર્વપક્ષી કહે છે કે સ્વભાવથી અન્ય એવા કાલાદિ શેષકારણોનો અપલાપ થાય છે એ દોષ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીએ જે કહ્યું કે કાલાદિ શેષકારણોનો અપલાપ થાય છે તે એમ નથી; કેમ કે સ્વભાવથી અન્ય એવાં કાલાદિ ચાર કારણોનો અમે અસ્વીકાર કરતા નથી, પરંતુ કાર્ય પ્રત્યે જેમ સ્વભાવને કારણ સ્વીકારીએ છીએ તેમ કાલાદિ શેષકારણોને પણ કારણરૂપે સ્વીકારીએ છીએ. માટે સ્વભાવથી તે તે જીવોના ભિન્ન ભિન્ન સંખ્યારૂપ પુદ્ગલપરાવર્તનો થાય છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે સર્વ જીવોના ભિન્ન ભિન્ન પ્રકારની સંખ્યાવાળા અનંત પુદ્ગલપરાવર્તનોરૂપ કાર્ય થવામાં પાંચે કારણો કારણ હોવા છતાં મુખ્યરૂપે તે તે જીવોનો તે તે પ્રકારનો સ્વભાવ કારણ છે, તેથી જે જીવોનો વર્તમાનમાં મોક્ષમાં જનારા જીવોની અપેક્ષાએ અલ્પ અનંત સંખ્યાવાળા પુદ્ગલપરાવર્તનના પરિભ્રમણપૂર્વક મોક્ષમાં જવાનો સ્વભાવ હતો તેઓ વર્તમાનના પુદ્ગલપરાવર્તનથી અનંત સંખ્યાવાળા પૂર્વના પુદ્ગલપરાવર્તનમાં મોક્ષમાં ગયા અને જે જીવોનો તે જીવોની અપેક્ષાએ અધિક અનંત પુદ્ગલપરાવર્તન પસાર કરવાનો સ્વભાવ હતો તે જીવો વર્તમાનના પુદ્ગલપરાવર્તનમાં સંસારનો અંત કરીને મોક્ષમાં ગયા. તેથી જે જીવો જ્યારે મોક્ષમાં જાય છે તે જીવોના જેટલા પુદ્ગલપરાવર્ત પસાર થયા તે પુદ્ગલપરાવર્તરૂપ કાર્ય પ્રત્યે પાંચે કારણે સ્યાદ્વાદી સ્વીકારે છે માટે કોઈ દોષ નથી; કેમ કે અનુભવ અનુસાર જે જે કાર્ય પ્રત્યે જેટલાં કારણ દેખાતાં હોય તે સર્વ કારણોને તે પ્રકારે જ સ્વીકારવાં એ જ યથાર્થવાદરૂપ સ્યાદ્વાદ છે. **॥૭૮॥**

અવતરણિકા :-

एतदेव भावयन्नाह –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૭૮માં કહ્યું કે સ્વભાવથી અન્ય કાલાદિ શેષકારણોનો અમે સ્વીકાર કરીએ છીએ એને જ, ભાવન કરતાં કહે છે –

શ્લોક :-

कालादिसचिवश्चायमिष्ट एव महात्मभिः ।
सर्वत्र व्यापकत्वेन, न च युक्त्या न युज्यते ।।७९।।

અન્વયાર્થ :-

च=વળી, सर्वत्र=સર્વ કાર્યોમાં, व्यापकत्वेन=વ્યાપકપણાથી, कालादिसचिवः अयम्=કાલાદિની સહાયતાવાળો આ=કાલાદિની સહાયતાવાળો સ્વભાવ, महात्मभिः=મહાત્માઓ વડે, इष्ट एव=સમ્મત જ છે, च=અને, युक्त्या=યુક્તિથી, न युज्यते न=નથી ઘટતો એમ નહિ. ।।૭૯।।

શ્લોકાર્થ :-

વળી, સર્વ કાર્યોમાં વ્યાપકપણાથી કાલાદિની સહાયતાવાળો સ્વભાવ મહાત્માઓ વડે સમ્મત જ છે અને યુક્તિથી નથી ઘટતો એમ નહિ. ।।૭૯।।

ટીકા :-

कालादिसचिवश्च=कालादिसहायः पुनः, अयं=स्वभावः, इष्ट एव=सम्मत एव, महात्मभिः=सिद्धसेन-मल्लवादिप्रभृतिभिरस्मत्स्वयूथ्यैः, कथमित्याह–सर्वत्र कार्ये, व्यापकत्वेन=कात्स्न्र्यवृत्त्या, संमतिप्रभृतिशास्त्रेषु, न चेष्टमात्रमेवेदं किन्तु युक्तियुक्तमपीत्याह–न च=नैव, युक्त्या=उपपत्त्या, न युज्यते, किन्तु युज्यत एव ।।७९।।

ટીકાર્થ :-

कालादिसचिवश्च ..... युज्यत एव ।। વળી કાલાદિની સહાયતાવાળો આ=સ્વભાવ, મહાત્માઓ વડે=સિદ્ધસેન-મલ્લવાદિ વગેરે અમારા પૂજ્યો વડે, ઇષ્ટ જ છે=સમ્મત જ છે, કેવી રીતે સમ્મત છે ? એથી કહે છે – સંમતિ વગેરે શાસ્ત્રોમાં સર્વત્ર=સર્વ કાર્યોમાં, વ્યાપકપણાથી=કાત્સ્ન્યવૃત્તિથી=સર્વ કાર્યોમાં કારણપણારૂપે વૃત્તિથી, સમ્મત જ છે એમ અન્વય છે અને આ ઇષ્ટમાત્ર જ નથી, પરંતુ યુક્તિયુક્ત પણ છે એને શ્લોકના ચોથા પાદમાં કહે છે – યુક્તિથી=ઉપપત્તિથી, ઘટતું નથી એમ નહિ જ, પરંતુ ઘટે જ છે. ।।૭૯।।

❖ 'युक्तियुक्तमपि'માં 'अपि'થી એ કહેવું છે કે મહાત્માઓ વડે કાર્ય માત્ર પ્રત્યે પાંચ કારણો સમ્મત તો છે જ, પરંતુ યુક્તિયુક્ત પણ છે.

ભાવાર્થ :-

શ્લોક-૭૭માં સ્થાપન કર્યું કે જીવનો તે તે પ્રકારનો સ્વભાવ છે, તેથી ભિન્ન ભિન્ન સંખ્યાવાળા અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય તે તે જીવમાં થાય છે અને આ સ્વભાવ કાલાદિ અન્ય ચાર કારણોની સહાયતાવાળો સિદ્ધસેનદિવાકરસૂરિ આદિ મહાત્માઓ વડે સંમતિ વગેરે ગ્રંથોમાં સ્વીકારાયેલો છે, તેથી પોતાના પૂર્વાચાર્યોના વચનથી સ્વભાવવાદને સ્વીકારવા છતાં કાલાદિ શેષકારણોનો અપલાપ થતો નથી. વળી કાલાદિની સહાયતાવાળો સ્વભાવ કાર્ય કરે છે તે માત્ર પૂર્વાચાર્યના વચનથી ઇષ્ટ નથી, પરંતુ યુક્તિયુક્ત પણ છે.

કઈ રીતે યુક્તિયુક્ત છે તે ગ્રંથકારશ્રી સ્વયં આગળના શ્લોકોમાં સ્પષ્ટ કરે છે. **॥૭૯॥**

અવતરણિકા :-

તથાહિ –

અવતરણિકાર્થ :-

તે આ પ્રમાણે –

ભાવાર્થ :-

શ્લોક-૭૯ના અંતે કહ્યું કે કાલાદિની સહાયતાવાળો સ્વભાવ સર્વ કાર્ય પ્રત્યે કારણ છે એ યુક્તિથી ઘટતું નથી એમ નહિ, તેથી હવે તે યુક્તિથી કઈ રીતે ઘટે છે તે શ્લોક-૮૦-૮૧માં "તથાહિ"થી સ્પષ્ટ કરે છે -

શ્લોક :-

तथात्मपरिणामात्तु, कर्मबन्धस्ततोऽपि च ।
तथादुःखादि कालेन, तत्स्वभावादृते कथम् ।।८०।।

અન્વયાર્થ :-

तथात्मपरिणामात्तु=તે પ્રકારના આત્મપરિણામથી જ, कर्मबन्धः=કર્મબંધ છે, च=અને, ततोऽपि=તેનાથી પણ=કર્મબંધથી પણ, कालेन=કાલ દ્વારા, तथादुःखादि=તે પ્રકારના દુઃખાદિ, तत्स्वभावादृते=તેનાં સ્વભાવ વગર=જીવના તે પ્રકારના સ્વભાવ વગર, कथम्=કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. ॥૮૦॥

શ્લોકાર્થ :-

તે પ્રકારના આત્મપરિણામથી જ કર્મબંધ છે અને કર્મબંધથી પણ કાલ દ્વારા તે પ્રકારના દુઃખાદિ જીવના તે પ્રકારના સ્વભાવ વગર કેવી રીતે થાય ? ॥૮૦॥

ટીકા :-

तथात्मपरिणामात्तु=तत्प्रकारात्मपरिणतेरेव, कर्मबन्धः=कर्मोपादानं, सम्पद्यते ततोऽपि च= कर्मबन्धाच्च, तथा दुःखादि=तत्प्रकारसुखदुःखलक्षणं कार्यम्, उज्जृम्भते, कालेन=ग्रीष्मवर्षादिरूपेण,

તત્સ્વભાવાદૃતે=તત્સ્વભાવં વિના, કથં=કેન પ્રકારેણ, નૈવેત્યર્થઃ, તત્સ્વાભાવ્યે તુ સતિ સ્વપરિણામા-દેવોપાત્તકર્મા તથાવિધકાલબલેન સુખદુઃખભાગાત્મા ભવતીતિ ।।૮૦।।

ટીકાર્થ :-

તથાત્મપરિણામાત્તુ ..... ભવતીતિ ।। તે પ્રકારના આત્મપરિણામથી જ=જે પ્રકારે જીવ કર્મ બાંધે છે અને તે તે કાળને આશ્રયીને તે કર્મના ફળને અનુભવે છે તે પ્રકારના કર્મબંધને અનુકૂળ આત્મપરિણતિથી જ, કર્મબંધ=કર્મનું ગ્રહણ, થાય છે અને તેનાથી પણ=કર્મબંધથી પણ, તે પ્રકારનાં દુઃખાદિ=તે પ્રકારનાં સુખ-દુઃખ લક્ષણ કાર્ય, કાલથી=ગ્રીષ્મવર્ષાદિ રૂપ કાલથી, થાય છે તે કાર્ય તત્સ્વભાવ વગર કેવી રીતે થઈ શકે ? અર્થાત્ ન જ થાય, એ પ્રકારનો અર્થ છે.

શ્લોકના કથનથી શું સ્પષ્ટ થાય છે તે બતાવે છે –

તત્સ્વભાવપણું, હોતે છતે=જે પ્રકારનું કાર્ય થાય છે તેને અનુરૂપ જીવમાં સ્વભાવપણું હોતે છતે, સ્વપરિણામથી જ=કર્મબંધને અનુકૂળ એવા જીવના સ્વવ્યાપારથી જ, ગ્રહણ કરાયેલા કર્મવાળો આત્મા તે પ્રકારના કાલના બળથી=કર્મ ફળ આપે તેને અનુકૂળ કાલના બળથી, સુખ-દુઃખને ભોગવનાર થાય છે. 'ઇતિ' શબ્દ શ્લોકના કથનના ફલિતાર્થની સમાપ્તિ માટે છે ।।૮૦।।

❖ 'ततोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે તે પ્રકારના આત્મપરિણામથી તો કર્મબંધ દ્વારા દુઃખાદિ થાય છે, પરંતુ તેનાથી પણ=કર્મબંધથી પણ, તે પ્રકારનાં દુઃખાદિ થાય છે.

ભાવાર્થ :-

કાલાદિની સહાયતાવાળા સ્વભાવથી આત્મામાં કાર્ય ઉત્પન્ન થાય છે તે સ્પષ્ટ કરતાં બતાવે છે –

જીવને જે પ્રકારનો કર્મબંધ થાય છે તે પ્રકારના કર્મબંધને અનુકૂળ એવો આત્મપરિણામ જીવમાં થાય છે અને તે આત્મપરિણામથી જ જીવ કર્મને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરાયેલું કર્મ તે કર્મને અનુકૂળ ઋતુની પ્રાપ્તિ થાય તે પ્રકારના કાળના બળથી સુખ-દુઃખરૂપ ફળ આપે છે અને જીવમાં આ પ્રકારનું સુખ-દુઃખરૂપ કાર્ય તે પ્રકારના સ્વભાવ વગર થઈ શકે નહિ. તેથી જેમ સુખ-દુઃખરૂપ કાર્ય તેને અનુકૂળ સ્વભાવથી થાય છે તેમ જે જીવના જેટલી સંખ્યાવાળા અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય થાય છે તે પણ તેના સ્વભાવ વગર થાય નહિ અને જેમ જીવ તે પ્રકારના સ્વભાવને કારણે તે તે પ્રકારની આત્મપરિણતિ કરે છે અને તેનાથી કર્મ બાંધે છે અને તે કર્મના વિપાકને અનુકૂળ કાળથી કર્મના સુખ-દુઃખ રૂપ ફળને પ્રાપ્ત કરે છે તેમ તે તે જીવ તેના અનંત પુદ્ગલપરાવર્તન પરિભ્રમણ કરવાનાં કારણ બને તેવા વિચિત્ર પ્રકારના સ્વભાવને કારણે વિચિત્ર પ્રકારનાં કર્મ બાંધે છે, જેથી તે સ્વભાવને અનુરૂપ તેટલી અનંત સંખ્યાવાળા પુદ્ગલપરાવર્તન પરિભ્રમણ કરવા રૂપ કાર્યને કરે છે અને જ્યારે તે જીવનો ચરમ પુદ્ગલપરાવર્તનને અનુકૂળ કાળ પાકે ત્યારે તે જીવ અનંત પુદ્ગલપરાવર્તન પરિભ્રમણ કરે તેવાં કર્મ બાંધતો નથી, પરંતુ એક પુદ્ગલપરાવર્તની અંદર સંસારને સમાપ્ત કરે તેવાં અલ્પ શક્તિવાળાં કર્મ બાંધે છે.

તેથી એ ફલિત થયું કે જીવ પોતાના સ્વભાવને અનુરૂપ પરિણામ કરે છે તેનાથી સંસારમાં સુખદુઃખાદિ કાર્ય અને અનંત પુદ્ગલપરાવર્તનના પરિભ્રમણરૂપ કાર્ય થાય છે અને તે સ્વભાવને અનુરૂપ પરિણામ એ જીવનો વ્યાપાર છે અને તે વ્યાપાર દ્વારા વ્યાપારને અનુરૂપ કર્મબંધ કરે છે અને તે કર્મ તે પ્રકારના કાલની સહાયતાથી સુખદુઃખાદિરૂપ કાર્ય કે અનંત પુદ્ગલપરાવર્તનના પરિભ્રમણરૂપ કાર્ય કરે છે.

આ કથનમાં ચાર કારણોની પ્રાપ્તિ થઈ :- 'તત્સ્વભાવ' શબ્દથી સ્વભાવની પ્રાપ્તિ થઈ, 'સ્વપરિણામ' શબ્દથી પુરુષકારની પ્રાપ્તિ થઈ અને 'ઉપાત્તકર્મા' શબ્દથી કર્મની પ્રાપ્તિ થઈ, 'તથાવિધકાલબલેન' શબ્દથી કાલની પ્રાપ્તિ થઈ અને અર્થથી ભવિતવ્યતાનું પણ ગ્રહણ છે. **॥૮૦॥**

અવતરણિકા :-

एवं च तत्स्वाभाव्याधीने सति सर्वस्मिन् कार्ये –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૮૦માં બતાવ્યું એ રીતે, તેના સ્વભાવપણાને આધીન સર્વ કાર્ય હોતે છતે=જીવમાં થતા તે તે પ્રકારના કાર્યને અનુકૂળ તે પ્રકારના સ્વભાવને આધીન સર્વ કાર્ય હોતે છતે, શું ? તેનું જોડાણ શ્લોક-૮૧ સાથે છે –

શ્લોક :-

वृथा कालादिवादश्चेन्न तद्बीजस्य भावतः ।
अकिञ्चित्करमेतच्चेन्न स्वभावोपयोगतः ।।८१।।

અન્વયાર્થ :-

कालादिवादः वृथा=કાલાદિવાદ વૃથા છે=એ રીતે સર્વ કાર્ય તત્સ્વભાવને આધીન હોતે છતે કાલાદિવાદ વૃથા છે એમ અવતરણિકા સાથે સંબંધ છે चेत्=એમ જો પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે न= પૂર્વપક્ષીનું કથન બરાબર નથી तद्बीजस्य भावतः=કેમ કે તેના બીજનો ભાવ છે=સ્વભાવની શક્તિરૂપ કાલાદિ બીજનો ભાવ છે एतद् अकिञ्चित्करम्=આ અકિંચિત્કર છે=કાલાદિ બીજ અકિંચિત્કર છે चेत्=એમ જો પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે न=પૂર્વપક્ષીનું કથન બરાબર નથી स्वभावोपयोगतः=કેમ કે સ્વભાવમાં ઉપયોગ છે=સર્વ ભાવોનાં કાર્યોમાં સ્વભાવ સ્વતઃ પ્રવર્તમાન હોતે છતે કાલાદિ બીજોનો સહકારીરૂપે ઉપયોગ છે. ॥૮૧॥

શ્લોકાર્થ :-

'કાલાદિવાદ વૃથા છે', એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું કથન બરાબર નથી; કેમ કે તેના બીજનો ભાવ છે, 'આ અકિંચિત્કર છે' એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે - પૂર્વપક્ષીનું કથન બરાબર નથી; કેમ કે સ્વભાવમાં ઉપયોગ છે. ॥૮૧॥

ટીકા :-

वृथा=विफलः, कालादिवादः=तत्स्वाभाव्यविलक्षणकारणाभ्युपगमः, चेद्=यदि, ब्रूषे, न=नैवैतद्यदुक्तं परेण, कुत इत्याह—तद्बीजस्य=कालादिबीजस्य तच्छक्तिरूपस्य, भावतः=सत्त्वात्, तत्स्वाभाव्याधीनतायामपि कार्याणाम्, अकिंचित्करं=कार्याऽकारि, एतत्=कार्यादि(?कालादि)बीजम्, चेत्=यदि, उच्यते परेण, न=नैव, एतत्कुत इत्याह—स्वभावोपयोगतः=स्वभावे सर्वभावानां कार्येषु स्वत एव प्रवर्तमाने उपयोगतः=कालादिबीजानां सहकारित्वेन व्यापारान्मृद इव घटपरिणतौ चक्रचीवरादीनामिति ।।८१।।

ટીકાર્થ :-

वृथा=विफलः..... चक्रचीवरादीनामिति ।। कालादिवाद=तत्स्वभावपणाथी विलक्षण कारणना स्वीकाररूप कालादिवाद=जीवमां जे जे प्रकारनां कार्यो थाय छे तेने अनुकूळ स्वभावपणाथी विलक्षण एवा कालादि कारणोना स्वीकाररूप कालादिवाद, वृथा छे=विफल छे, एम जो पूर्वपक्षी कहे तो ग्रंथकारश्री कहे छे – न=जे पर वडे कहेवायुं, ए बराबर नथी ज, केम बराबर नथी ? तेमां हेतु कहे छे – तेना बीजनो भाव छे=तत्स्वभावपणाने आधीनतावाळां पण कार्योना तत्शक्तिरूप कालादि बीजनुं सत्त्व छे, आ=कालादि बीज, अकिंचित्कर छे=कार्यने नहि करनारां छे, ए प्रमाणे जो पर वडे कहेवाय छे, तो ग्रंथकारश्री कहे छे – नथी ज=पूर्वपक्षी कहे छे एम नथी ज, ए शेनाथी ?=पूर्वपक्षी कहे छे ए बराबर नथी ए शेनाथी नक्की थाय ? एथी कहे छे – स्वभावमां उपयोग होवाथी=सर्व भावोनां कार्योमां स्वतः ज स्वभाव प्रवर्तमान होते छते उपयोग होवाथी अर्थात् माटीनी घटपरिणतिमां चक्र-चीवर आदिनी जेम कालादि बीजोनो सहकारीपणारूपे व्यापार होवाथी पूर्वपक्षी कहे छे ए बराबर नथी एम अन्वय छे.

'इति' शब्द टीकानी समाप्तिमां छे. ।।८१।।

❖ 'तत्स्वाभाव्याधीनतायामपि'मां 'अपि'थी ए कहेवुं छे के तत्स्वभावने आधीनतावाळां कार्यो न होय तो तो कालादि बीजनो सद्भाव छे, परंतु तत्स्वभावनी आधीनतावाळां पण कार्योना तत्शक्तिरूप कालादिबीजनो सद्भाव छे.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૮૦માં સ્થાપન કર્યું એ રીતે જીવના સ્વભાવપણાને આધીન જીવમાં સર્વ કાર્યો થાય છે તેમ સ્વીકારવામાં આવે તો 'કાલાદિવાદ વૃથા સિદ્ધ થાય અર્થાત્ કાર્ય પ્રત્યે કાલાદિ કારણ છે એ પ્રકારનો સ્વીકાર વૃથા સિદ્ધ થાય', એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી. કેમ બરાબર નથી તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે – જીવમાં થતાં સર્વ કાર્યો જીવના સ્વભાવને આધીન છે તોપણ જીવના સ્વભાવમાં કાર્ય કરવાને અનુકૂળ શક્તિરૂપે કાલાદિ બીજોનો સદ્ભાવ છે, તેથી સ્વભાવ કાર્ય કરતો હોવા છતાં તે સ્વભાવમાં શક્તિરૂપે રહેલ કાલાદિ બીજો પણ કાર્ય પ્રત્યે કારણ છે, માટે કાલાદિવાદ વૃથા નથી.

અહીં પૂર્વપક્ષી કહે છે કે સ્વભાવથી જ્યારે કાર્ય થતું હોય ત્યારે સ્વભાવમાં શક્તિરૂપે રહેલાં કાલાદિ બીજો અકિંચિત્કર છે અર્થાત્ કાલાદિ બીજો શક્તિરૂપે હોવા છતાં કાર્યને કરતાં નથી, કાર્ય તો સ્વભાવથી જ થાય છે તેમ માનવાની તમને આપત્તિ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષી કહે છે એ બરાબર નથી, તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

સર્વ ભાવોનાં કાર્યોમાં સ્વભાવ સ્વતઃ પ્રવર્તમાન હોવા છતાં પણ સહકારીરૂપે કાલાદિ બીજોનો ઉપયોગ છે, તેથી સહકારી કારણરૂપે કાલાદિ બીજો કાર્ય પ્રત્યે કારણ છે, માટે કાલાદિ બીજો કાર્ય કરતાં નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે વચન બરાબર નથી.

કાલાદિ બીજો સહકારીરૂપે સ્વભાવમાં કઈ રીતે સહાયક છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ –

માટી ઘટરૂપે પરિણમન પામે છે અને તે માટી સ્વયં ઘટરૂપે પરિણમન પામતી નથી, પરંતુ ઘટને અનુકૂળ વ્યાપારથી ઘટરૂપે પરિણમન પામે છે અને માટીથી થતી ઘટની પરિણતિમાં માટીનો સ્વભાવ કારણ છે તોપણ ચક્ર-ચીવરાદિ માટીના સ્વભાવને ઘટરૂપે પરિણમન પમાડવામાં સહકારીરૂપે કારણ છે, તેથી સહકારી એવાં ચક્ર-ચીવરાદિની સહાયતા વગર માટી ઘટરૂપે પરિણમન પામતી નથી, તેથી સહકારી એવાં ચક્ર-ચીવરાદિ ઘટરૂપ કાર્ય પ્રત્યે અકિંચિત્કર નથી, પરંતુ સહકારીરૂપે કાર્યને કરનાર છે.

તેમ –

જીવમાં વર્તતા તે તે પ્રકારના સ્વભાવથી તે તે સંખ્યાવાળાં અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય થાય છે, તે કાર્ય પ્રત્યે જીવનો તેવો સ્વભાવ કારણ હોવા છતાં જીવના તેવા સ્વભાવમાં શક્તિરૂપે રહેલાં કાલાદિ બીજો સ્વભાવને પોતાનું કાર્ય કરવામાં સહકારીરૂપે ઉપયોગી છે, માટે કાલાદિ બીજો કાર્યનાં અકારિ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે બરાબર નથી. **॥૮૧॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=સ્વભાવથી થતા કાર્ય પ્રત્યે સહકારીરૂપે કાલાદિ બીજો પણ કારણ છે એમ શ્લોક-૮૧માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

सामग्र्याः कार्यहेतुत्वं, तदन्याभावतोऽपि हि ।
तदभावादिति ज्ञेयं, कालादीनां नियोगतः ।।८२।।

અન્વયાર્થ :

સામગ્ર્યાઃ કાર્યહેતુત્વં=સામગ્રીનું કાર્યનું હેતુપણું છે તદન્યાભાવતોઽપિ હિ=કેમ કે તેનાથી અન્યના અભાવથી પણ=ઉપાદાનકારણથી અન્ય એવા સહકારીકારણના અભાવથી પણ તદભાવાદ્=તેનો અભાવ છે=કાર્યનો અભાવ છે ઇતિ=એ કારણથી કાલાદીનાં નિયોગતઃ=કાલાદિના નિયોગથી=કાલાદિ સહાકારી કારણોના વ્યાપારથી જ્ઞેયં=જાણવું.=પ્રસ્તુત પણ કાર્ય જાણવું=જીવમાં થતું અનંત પુદ્ગલપરાવર્તરૂપ કાર્ય કે સુખદુઃખાદિરૂપ પણ કાર્ય જાણવું. ।।૮૨।।

શ્લોકાર્થ :-

સામગ્રીનું કાર્યનું હેતુપણું છે; કેમ કે તેનાથી અન્યના અભાવથી પણ તેનો અભાવ છે, એ કારણથી કાલાદિ સહકારી કારણોના વ્યાપારથી પ્રસ્તુત પણ કાર્ય જાણવું. ।।૮૨।।

ટીકા :-

સામગ્ર્યાઃ=સમગ્રસંયોગલક્ષણાયાઃ, કાર્યહેતુત્વં=સામાન્યેન ઘટાદિસાધ્યનિમિત્તત્વમ્, તદન્યાભાવતોઽપિ હિ=તસ્ય પરિણામિકારણસ્ય યાન્યન્યાનિ સહકારિકારણાનિ તેષામભાવતોઽભાવાત્, કિં પુનઃ પરિણામિહેતોરભાવઃ ઇત્યપિહિશબ્દાર્થઃ, તદભાવાત્=કાર્યાભાવાત્, ઇતિ=અસ્માત્કારણાત્, જ્ઞેયં= અવગન્તવ્યમ્ પ્રસ્તુતમપિ કાર્યં, કાલાદીનાં સહકારિણાં નિયોગતો=વ્યાપારાત્તત્સ્વાભાવ્યે સત્યપિ ન પુનરન્યથેતિ ।।૮૨।।

નોંધ :-

❖ 'सहकारी कारणानि तेषामभावतोऽभावात्' ના સ્થાને 'सहकारी कारणानि तेषामभावतोऽपि हि' પાઠ જોઈએ, પાઠ મળ્યો નથી.

ટીકાર્થ :-

સામગ્ર્યાઃ ..... પુનરન્યથેતિ ।। સામગ્રીનું=સમગ્ર કારણસમુદાયના સંયોગરૂપ સામગ્રીનું, કાર્યનું હેતુપણું છે=સામાન્યથી ઘટાદિ સાધ્યનું નિમિત્તપણું છે.

કેમ સામગ્રીનું કાર્યનું હેતુપણું છે ? તેમાં હેતુ કહે છે –

તેનાથી અન્યના અભાવથી પણ=તે પરિણામી કારણનાં જે અન્ય સહકારી કારણો છે તેના અભાવથી પણ, તેનો અભાવ હોવાથી=કાર્યનો અભાવ હોવાથી, સામગ્રીનું કાર્ય હેતુપણું છે એમ અન્વય છે, ઇતિ=એ કારણેથી, પ્રસ્તુત પણ કાર્ય સહકારી એવા કાલાદિના નિયોગથી=વ્યાપારથી, જાણવું. તત્સ્વભાવપણું હોતે છતે પણ=પ્રસ્તુત કાર્યને અનુકૂળ ઉપાદાનનું તદ્સ્વભાવપણું હોતે છતે પણ, સહકારી એવા કાલાદિના વ્યાપારથી કાર્ય થાય છે, વળી અન્યથા નહિ=કાલાદિના વ્યાપાર વગર સ્વભાવથી જ કાર્ય થતું નથી.

'तदन्याभावतोऽपि हि'માં 'अपि हि' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે – શું વળી પરિણામી હેતુના અભાવમાં ? એ પ્રકારનો 'अपि हि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૨॥

ભાવાર્થ :-

સામાન્યથી જે કોઈ ઘટાદિ કાર્યો થાય છે તે સર્વ કાર્યો પ્રત્યે સમગ્ર કારણોનો સંયોગ હેતુ છે અર્થાત્ સમગ્ર કારણો પોતપોતાના વ્યાપારવાળાં હોય ત્યારે તે કારણસામગ્રી કાર્ય પ્રત્યે હેતુ બને છે, જેમ કે – દંડ, ચક્ર, ચીવર, કુંભાર, માટી વગેરે સર્વ કારણો પોતાનો વ્યાપાર કરતાં હોય ત્યારે તે સર્વ કારણોના વ્યાપારથી ઘટરૂપ કાર્ય થાય છે.

સમગ્ર કારણોના સંયોગ કાર્ય પ્રત્યે હેતુ છે, માત્ર ઉપાદાન કારણમાં રહેલો સ્વભાવ હેતુ નથી તે સ્પષ્ટ કરવા માટે યુક્તિ બતાવે છે –

કાર્યના પરિણામી કારણથી અન્ય સહકારી કારણો છે તેના અભાવથી પણ કાર્યનો અભાવ થાય છે, તેથી નક્કી થાય છે કે માત્ર પરિણામી કારણથી કાર્ય થતું નથી, પરંતુ પરિણામી કારણરૂપ સ્વભાવ અને સહકારી કારણરૂપ અન્ય સાધન સામગ્રી બન્નેના સંયોગથી કાર્ય થાય છે, તેથી સામાન્યથી ઘટાદિ કાર્ય પ્રત્યે સામગ્રીનું હેતુપણું છે એ રીતે જીવમાં થતું પ્રસ્તુત કાર્ય પણ=અનિયત સંખ્યાવાળા અનંતપુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય કે સુખ-દુઃખાદિરૂપ કાર્ય પણ, સહાકારી એવા કાલાદિના વ્યાપારથી થાય છે, માત્ર જીવમાં તેવા પ્રકારનો સ્વભાવ છે તેનાથી તેવું કાર્ય થતું નથી, માટે માત્ર સ્વભાવ કાર્ય પ્રત્યે હેતુ નથી, પરંતુ સહકારી એવા કાલાદિ પણ કાર્ય પ્રત્યે હેતુ છે તેમ સિદ્ધ થાય છે. **॥૮૨॥**

અવતરણિકા :-

प्रस्तुतमेवार्थमाश्रित्याह –

અવતરણિકાર્થ :-

પ્રસ્તુત જ અર્થને આશ્રયીને=શ્લોક-૮૨માં કહ્યું કે સામગ્રીનું જ કાર્ય હેતુપણું છે એથી જીવમાં થતું અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય પણ માત્ર સ્વભાવથી થયું નથી પરંતુ કાલાદિ સહકારી કારણના વ્યાપારથી થયેલું છે એ રૂપ પ્રસ્તુત જ અર્થને આશ્રયીને, કહે છે –

શ્લોક :-

एतच्चान्यत्र महता प्रपञ्चेन निरूपितम् ।
नेह प्रतन्यतेऽत्यन्तं लेशतस्तूक्तमेव हि ।।૮૩।।

અન્વયાર્થ :-

ચ=વળી एतद्=આ=સામગ્રીનું કાર્ય હેતુપણું છે એ अन्यत्र=અન્ય ગ્રંથોમાં महता प्रपञ्चेन=મોટા

વિસ્તારથી નિરૂપિતમ્=નિરૂપણ કરાયેલું છે=ગ્રંથકારશ્રી વડે બતાવાયેલું છે ઇહ=અહીં=પ્રસ્તુત ગ્રંથમાં અત્યન્તં=અત્યંત ન પ્રતન્યતે=વિસ્તાર કરાતો નથી લેશતસ્તુ=વળી લેશથી ઉક્તમેવ હિ=કહેવાયેલું જ છે. ॥૮૩॥

શ્લોકાર્થ :-

વળી સામગ્રીનું કાર્ય હેતુપણું છે એ અન્ય ગ્રંથોમાં મોટા વિસ્તારથી નિરૂપણ કરાયેલું છે, પ્રસ્તુત ગ્રંથમાં અત્યંત વિસ્તાર કરાતો નથી, વળી લેશથી કહેવાયેલું જ છે. ॥૮૩॥

ટીકા :-

એતચ્ચ=એતત્પુનઃ સામગ્ર્યાઃ કાલાદિકાયાઃ કાર્યહેતુત્વમ્, અન્યત્ર=શાસ્ત્રવાર્તાસમુચ્ચયાદિષુ, મહતા=બૃહતા, પ્રપञ્ચેન નિરૂપિતં=ચર્ચિતં, યતઃ તતો ન=નૈવ, ઇહ=શાસ્ત્રે, પ્રતન્યતે=વિસ્તાર્યતે, અત્યન્તમ્=અતીવ, લેશતસ્તુ=સંક્ષેપેણ પુનઃ, ઉક્તમેવ હિ=દર્શિતમેવ હિ ।।૮૩।।

ટીકાર્થ :-

એતચ્ચ ..... દર્શિતમેવ હિ ।। વળી આ=કાલાદિરૂપ સામગ્રીનું કાર્ય હેતુપણું છે એ, જે કારણથી અન્યત્ર=શાસ્ત્રવાર્તાસમુચ્ચયાદિ ગ્રંથોમાં, મોટા વિસ્તારથી નિરૂપણ કરાયું છે=ચર્ચા કરાયું છે, તે કારણથી અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, અત્યંત વિસ્તાર કરાતું નથી જ, વળી લેશથી=સંક્ષેપથી, કહેવાયેલું જ છે=બતાવાયેલું જ છે. ॥૮૩॥

અવતરણિકા :-

અત એવાહ –

અવતરણિકાર્થ :-

આથી જ=શ્લોક-૮૩માં કહ્યું કે સામગ્રીથી કાર્ય થાય છે એ વસ્તુનો વિસ્તાર અન્ય ગ્રંથોમાં કરાયો છે, લેશથી અહીં બતાવાયો આથી જ, કહે છે –

શ્લોક :-

कृतमत्र प्रसङ्गेन प्रकृतं प्रस्तुमोऽधुना ।
नाध्यात्मं योगभेदत्वादावर्तेष्वपरेष्वपि ।।૮૪।।

અન્વયાર્થ :-

અત્ર=અહીં=સામગ્રીથી કાર્ય થાય છે એ સ્થાનમાં પ્રસङ્गેન કૃતં=પ્રસંગથી સર્યું=પ્રસંગથી પર્યાપ્ત છે પ્રકૃતં=પ્રકૃતને=યોગના સ્વરૂપને કહેવાનું જે પ્રકૃત છે તેને અધુના=હવે પ્રસ્તુમઃ=અમે કહીએ છીએ

યોગભેદત્વાદ્=યોગભેદપણું હોવાથી=અધ્યાત્મનું યોગનું ભેદપણું હોવાથી, અપરેષ્વપિ આવર્તેષુ=અપર પણ આવર્તોમાં અધ્યાત્મં ન=અધ્યાત્મ નથી. ।।૮૪।।

શ્લોકાર્થ :-

સામગ્રીથી કાર્ય થાય છે એ સ્થાનમાં પ્રસંગથી સર્યું, પ્રકૃતને હવે અમે કહીએ છીએ, યોગભેદપણું હોવાથી અપર પણ આવર્તોમાં અધ્યાત્મ નથી. ।।૮૪।।

ટીકા :-

कृतं=पर्याप्तम्, अत्र स्थाने प्रसङ्गेन=प्रबन्धेन कालादिसामग्रीविषयेण, प्रकृतं=प्रारब्धम्, प्रस्तुमः=प्रवर्तयामः, अधुना=सम्प्रति, तदेव च दर्शयति–न=नैव, अध्यात्मं योगभेदत्वाद्=योगविशेषत्वात्, आवर्तेषु=पुद्गलपरावर्तरूपेषु, अपरेष्वपि=चरमव्यतिरिक्तेषु, चरमे तावद्भवत्येवेत्यपिशब्दार्थः ।।૮૪।।

ટીકાર્થ :-

कृतं=पर्याप्तम् ..... तावद्भवत्येवेत्यपिशब्दार्थः ।। આ સ્થાનમાં=સામગ્રીથી કાર્ય થાય છે એ સ્થાનમાં, પ્રસંગથી=કાલાદિ સામગ્રીવિષયક પ્રબંધથી, સર્યું=પર્યાપ્ત છે=પ્રસ્તુત ગ્રંથમાં જે અલ્પ વિસ્તાર કર્યો તે પર્યાપ્ત છે, હવે પ્રકૃતને અમે કહીએ છીએ=અધ્યાત્માદિ યોગને કહેવાનો જે પ્રારંભ કરેલ તેને અમે કહીએ છીએ, અને તેને જ=પ્રકૃતને જ, બતાવે છે, યોગભેદપણું હોવાથી=અધ્યાત્મનું યોગવિશેષપણું હોવાથી, અપરમાં પણ=ચરમથી વ્યતિરિક્ત એવા પુદ્ગલપરાવર્તનોમાં પણ, અધ્યાત્મ નથી જ.

❖ 'अपरेष्वपि'માં 'अपि' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

ચરમમાં થાય જ છે=અધ્યાત્મ થાય જ છે, એ 'अपि' શબ્દનો અર્થ છે. ।।૮૪।।

ભાવાર્થ :-

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે જીવોમાં ભિન્ન ભિન્ન પ્રકારના અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય થાય છે તેમાં તે તે જીવનો તેવા તેવા પ્રકારનો સ્વભાવ કારણ છે અને સમર્થન કર્યું કે તેવા તેવા સ્વભાવથી ચિત્ર અનંત પુદ્ગલપરાવર્તનરૂપ કાર્ય કાલાદિ કારણોના સહકારથી થયેલ છે. હવે તેટલો વિસ્તાર ગ્રંથકારશ્રીએ કર્યો તે પર્યાપ્ત છે, માટે હવે ગ્રંથકારશ્રી તેનો વિસ્તાર કરતા નથી, પરંતુ અધ્યાત્મનું નિરૂપણ કરવાનો જે પ્રારંભ કરેલ તેને બતાવે છે અને તેમાં પ્રથમ કહે છે કે ચરમપુદ્ગલપરાવર્તથી અન્ય પુદ્ગલપરાવર્તોમાં કોઈ જીવમાં અધ્યાત્મ પ્રગટ થતું નથી જ; કેમ પ્રગટ થતું નથી ? તેથી કહે છે - અધ્યાત્મ એ યોગવિશેષ છે, માટે ચરમપુદ્ગલપરાવર્તથી પૂર્વના પુદ્ગલપરાવર્તોમાં અધ્યાત્મ પ્રગટ થતું નથી.

આશય એ છે કે પૂર્વસેવારૂપ યોગસામાન્ય પણ ચરમાવર્ત પૂર્વ થતું નથી, તેથી યોગસામાન્ય કરતાં વિશેષ પ્રકારના યોગરૂપ અધ્યાત્મ તો ચરમપુદ્ગલપરાવર્ત પહેલાં થઈ શકે જ નહિ.

યોગસામાન્ય એટલે મોક્ષને આત્માની સાથે યોજન કરે તેવો પ્રથમ ભૂમિકાનો યોગ.

યોગવિશેષ એટલે મોક્ષને આત્માની સાથે યોજન કરે તેવો રત્નત્રયીની પરિણતિરૂપ પાંચમા ગુણસ્થાનકથી પ્રગટ થતો પ્રથમ ભૂમિકા કરતાં ઉપરની ભૂમિકાનો યોગ. **॥૮૪॥**

અવતરણિકા :-

અત્ર હેતુમાહ –

અવતરણિકાર્થ :-

આમાં=પૂર્વશ્લોકમાં કહ્યું કે ચરમપુદ્ગલપરાવર્તથી પૂર્વના આવર્તોમાં અધ્યાત્મ થતું નથી, કેમ થતું નથી એમાં, હેતુને કહે છે –

શ્લોક :-

तीव्रपापाभिभूतत्वाज्ज्ञानलोचनवर्जिताः ।
सद्वर्त्मावतरन्त्येषु, न सत्त्वा गहनान्धवत् ।।८५।।

અન્વયાર્થ :-

तीव्रपापाभिभूतत्वात्=તીવ્રપાપથી અભિભૂતપણું હોવાને કારણે, ज्ञानलोचनवर्जिताः सत्त्वाः=જ્ઞાનલોચનથી રહિત એવા જીવો, एषु=આમાં=ચરમપુદ્ગલપરાવર્તથી અન્ય પુદ્ગલપરાવર્તોમાં, गहनान्धवत्=ગહનમાં પડેલા અંધપુરુષની જેમ, सद्वर्त्म अवतरन्ति न=સન્માર્ગમાં અવતાર પામતા નથી. ॥૮૫॥

શ્લોકાર્થ :-

તીવ્રપાપથી અભિભૂતપણું હોવાને કારણે જ્ઞાનલોચનથી રહિત એવા જીવો ચરમપુદ્ગલપરાવર્તથી અન્ય પુદ્ગલપરાવર્તોમાં ગહનમાં પડેલા અંધપુરુષની જેમ સન્માર્ગમાં અવતાર પામતા નથી. ॥૮૫॥

ટીકા :-

तीव्रपापाभिभूतत्वात्-तीव्रेण=अतिदारुणेन, पापेन मिथ्यात्वादिना अभिभूतत्वात्परतन्त्रीकृतत्वात्, अत एव ज्ञानलोचनवर्जिताः =युक्तायुक्तविवेचननिपुणसंवेदननयनरहिताः, किमित्याह सद्वर्त्म=सन्मार्गं, अवतरन्ति=आगच्छन्ति, एषु=अन्येषु परावर्तेषु, न=नैव, सत्त्वाः=जन्तवः, दृष्टान्तमाह–गहनान्धवत्= महाकान्तारपतितजात्यन्ध इवेति ।।८५।।

ટીકાર્થ :-

तीव्रपापा..... इवेति ।। તીવ્રપાપથી અભિભૂતપણું હોવાથી=તીવ્ર અર્થાત્ અતિદારુણ એવા મિથ્યાત્વાદિરૂપ પાપથી અભિભૂતપણું હોવાથી અર્થાત્ પરતંત્રીકૃતપણું હોવાથી, આથી જ=તીવ્રપાપથી અભિભૂતપણું હોવાથી જ, જ્ઞાનલોચનથી રહિત એવા જીવો=આત્માને માટે શું યુક્ત છે અને શું

અયુક્ત છે એના વિવેચનમાં નિપુણ એવા સંવેદનરૂપ નયનથી રહિત એવા જીવો, આમાં=અન્ય પરાવર્તોમાં, સન્માર્ગમાં અવતાર પામતા નથી જ.

અચરમાવર્તમાં જીવો સન્માર્ગમાં અવતાર કેમ પામતા નથી તેમાં દૃષ્ટાંતને કહે છે –

ગહનમાં પડેલા અંધપુરુષની જેમ=મહાજંગલમાં પડેલા જાત્યન્ધ પુરુષની જેમ સન્માર્ગમાં અવતાર પામતા નથી એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૫॥

❖ 'मिथ्यात्वादिना'માં 'आदि' પદથી તીવ્ર અવિરતિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

કોઈ જન્મથી અંધ પુરુષ ગીચ ઝાડીઓથી યુક્ત એવા ગહન જંગલમાં આવી પડેલો હોય તો તે પુરુષને પોતાને ઈષ્ટ નગરમાં જવાને અનુકૂળ માર્ગ પ્રાપ્ત થતો નથી તેમ જીવ ચરમાવર્તની પૂર્વના પુદ્ગલપરાવર્તોમાં અનાદિ કાળથી ગાઢ મિથ્યાત્વાદિ ભાવોથી જાત્યન્ધ પુરુષ જેવો અન્ધ છે, તેથી તે જીવ આત્માને અત્યંત ઇષ્ટ એવા મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતો નથી; કેમ તે જીવ મોક્ષમાર્ગરૂપ સન્માર્ગને પ્રાપ્ત કરતો નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

ચરમાવર્ત બહારના જીવોમાં વિપર્યાસ આધાયક એવું તીવ્ર મિથ્યાત્વમોહનીયકર્મ અને અવિરતિ આપાદક એવું પણ કર્મ તીવ્ર વર્તે છે, તેથી સાંયોગિક સુખમાં અત્યંત સુખબુદ્ધિ છે અને સાંયોગિક સુખથી રહિત એવા આત્માના પારમાર્થિક સુખને જોવા માટે, જાણવા માટે કે વિચારવા માટે પણ અભિમુખ થાય તેવી આંતર્ચક્ષુ તેઓની નષ્ટ થયેલી છે, તેથી આત્માને માટે શું યુક્ત છે અને શું અયુક્ત છે તેનો વિભાગ કરવાને અનુકૂળ નિપુણ સંવેદન કરાવે તેવી આંતર્ચક્ષુ તેઓને નથી, તેથી તેઓ આત્માના પારમાર્થિક સુખની પ્રાપ્તિના ઉપાયભૂત સન્માર્ગમાં અવતાર પામતા નથી, આથી ચરમાવર્ત પૂર્વના આવર્તોમાં અધ્યાત્મ નથી એમ અન્વય છે.

અહીં વિશેષ એ છે કે ચરમાવર્ત બહારના જીવો અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ છે અને ચરમાવર્તમાં આવેલા જીવો પણ જ્યાં સુધી સમ્યક્ત્વ પામ્યા નથી ત્યાં સુધી અનાદિ મિથ્યાદૃષ્ટિ છે, તેથી ચરમાવર્ત બહારના જીવો જાત્યંધ જેવા છે તેમ જેઓએ સમ્યક્ત્વ ક્યારેય પ્રાપ્ત કર્યું નથી તેવા ચરમાવર્તવર્તી જીવો પણ જાત્યંધ જેવા જ છે, આમ છતાં જેઓનું ગાઢ મિથ્યાત્વ અને ગાઢ અવિરતિ આપાદકર્મ કંઈક શિથિલ થયું છે તેઓ જ ચરમાવર્તમાં આવેલા છે અને ચરમાવર્તમાં આવ્યા પછી તેઓનું મિથ્યાત્વ અનાદિનું હોવા છતાં કંઈક શિથિલ થયેલું હોવાથી તેઓની અંતરંગચક્ષુ યુક્તાયુક્ત વિવેકને અનુકૂળ કંઈક પ્રગટ થયેલી છે, તેથી મિથ્યાત્વઅવસ્થામાં પણ ચરમાવર્તવર્તી જીવો અધ્યાત્મરૂપ સન્માર્ગની પૂર્વભૂમિકારૂપ એવી પૂર્વસેવાને સેવે છે અને તે પૂર્વસેવાના બળથી મિથ્યાત્વ આદિ પાપોનો નાશ કરીને અધ્યાત્મને પ્રાપ્ત કરે છે ત્યારે ચરમાવર્તવાળા જીવો સન્માર્ગમાં અવતાર પામે છે જ્યારે ચરમાવર્ત પૂર્વના આવર્તોવાળા જીવો તો સન્માર્ગમાં અવતાર પામતા નથી જ. **॥૮૫॥**

અવતરણિકા :-

एतदपि कुत इत्याह –

અવતરણિકાર્થ :-

આ પણ=શ્લોક-૮૫માં કહ્યું કે અન્ય પરાવર્તોમાં જીવો જ્ઞાનલોચનથી રહિત છે આથી સન્માર્ગમાં અવતાર પામતા નથી એ પણ, કેમ છે ? એથી કહે છે –

શ્લોક :-

भवाभिनन्दिनः प्रायस्त्रिसंज्ञा एव दुःखिताः ।
केचिद्धर्मकृतोऽपि स्युर्लोकपंक्तिकृतादराः ।।८६।।

અન્વયાર્થ :-

અન્ય આવર્તોમાં જીવો, भवाभिनन्दिनः=ભવાભિનંદી, प्रायस्त्रिसंज्ञा एव=પ્રાયઃ ત્રણસંજ્ઞાવાળા જ, दुःखिताः=દુઃખિત, केचिद्धर्मकृतोऽपि=કેટલાક ધર્મને કરનારા પણ, लोकपंक्तिकृतादराः=લોકપંક્તિમાં કરાયેલા આદરવાળા, स्युः=થાય. ।।૮૬।।

શ્લોકાર્થ :-

અન્ય આવર્તોમાં જીવો ભવાભિનંદી પ્રાયઃ ત્રણસંજ્ઞાવાળા જ દુઃખિત કેટલાક ધર્મને કરનાર પણ લોકપંક્તિમાં કરાયેલા આદરવાળા થાય. ।।૮૬।।

❖ પૂર્વના શ્લોકમાંથી 'अन्यावर्तेषु' એ પ્રકારના શબ્દની અનુવૃત્તિ છે.

ટીકા :-

जातिजरामरणाद्युपद्रवव्रातविधुरितमपि भवमभिनन्दन्ति तच्छीलाश्च ये ते तथा, प्रायो=बाहुल्येन, त्रिसंज्ञा एव=तिस्र आहारभयपरिग्रहरूपाः संज्ञा येषां ते तथा, मैथुनसंज्ञायाश्च कदाचित्केषाञ्चिदव्यक्तावस्थाया अपि भावात् प्रायस्त्रिसंज्ञा एवेत्येवमुक्तमिति, अत एव दुःखिताः=दुःखापोहकविवेकस्य स्वप्नेऽप्यभावात् सततमेव दुःखभाजः, तथा केचित् न सर्वे धर्मकृतोऽपि=लौकिकलोकोत्तरप्रव्रज्यादिधर्मकारिणः, किं पुनस्तदकारिण इत्यपिशब्दार्थः, स्युः=भवेयुः, कीदृशा इत्याह–लोकपंक्तिकृतादराः=लोकपंक्तिर्लोकसदृशभावसम्पादनरूपा तस्यां कृतयत्नाः, अन्यावर्तेषु इति अनुवर्तत इति ।।८६।।

ટીકાર્થ :-

जातिजरामरणा..... अनुवर्तत इति ।। જન્મ-જરા-મરણ આદિ ઉપદ્રવોના સમૂહથી વ્યાકુળ એવા પણ ભવમાં આનંદ પામે છે અને તે પ્રકારના સ્વભાવવાળા જેઓ છે તેઓ તેવા છે=ભવાભિનંદી છે.

વળી તે ભવાભિનંદી કેવા છે તે બતાવે છે –

પ્રાયઃ=બહુલતાથી, ત્રણ સંજ્ઞાવાળા જ છે=આહાર-ભય-પરિગ્રહરૂપ ત્રણ સંજ્ઞાઓ જેઓને છે તેઓ તેવા છે=ત્રણ સંજ્ઞાવાળા છે.

અહીં પ્રશ્ન થાય કે મૈથુનસંજ્ઞાનું કેમ ગ્રહણ ન કર્યું ? તેથી કહે છે –

અને ક્યારેક કેટલાકને અવ્યક્ત અવસ્થાવાળી પણ મૈથુનસંજ્ઞાનો ભાવ હોવાથી પ્રાયઃ ત્રણસંજ્ઞાવાળા જ છે, એ પ્રમાણે કહેવાયું છે.

'ઇતિ' શબ્દ મૈથુનસંજ્ઞાના અગ્રહણનું પ્રયોજન બતાવવાની સમાપ્તિ માટે છે.

વળી તે ભવાભિનંદી ત્રણ સંજ્ઞાવાળા જીવો કેવા છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

આથી જ=ત્રણ સંજ્ઞાવાળા છે આથી જ, દુઃખિત છે=દુઃખનો નાશ કરવાને અનુકૂળ વિવેકનો સ્વપ્નમાં પણ અભાવ હોવાથી સતત જ દુઃખને અનુભવનારા છે, અને સર્વ નહિ કેટલાક ધર્મ કરનારા પણ થાય=લૌકિક-લોકોત્તર પ્રવ્રજ્યા આદિ ધર્મને કરનારા થાય, વળી તેઓ કેવા છે તો કહે છે – લોકપંક્તિના કરાયેલા આદરવાળા છે=લોકસદૃશભાવસંપાદનરૂપ લોકપંક્તિ તેમાં કરાયેલા યત્નવાળા છે, આવા ભવાભિનંદી જીવો અન્ય આવર્તોમાં છે તે બતાવવા માટે શ્લોકમાં 'अन्यावर्तेषु' એ પ્રકારનો શબ્દ પૂર્વશ્લોકમાંથી અનુવર્તન પામે છે.

'धर्मकृतोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

શું વળી તેના અકારિણઃ ? એ 'अपि' શબ્દનો અર્થ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૬॥

❖ 'जातिजरामरणाद्युपद्रवव्रातविधुरितमपि'માં 'आदि' પદથી રોગ-શોકનું ગ્રહણ કરવું. અને 'अपि'થી એ કહેવું છે કે જન્મ આદિ ઉપદ્રવોથી ભવ વિધુરિત ન હોય તો તો તેવા ભવમાં આનંદ લે, પરંતુ જન્મ આદિ ઉપદ્રવોથી વિધુરિત એવા પણ ભવમાં આનંદ લે છે.

❖ 'अव्यक्तावस्थाया अपि'માં 'अपि'થી એ કહેવું છે કે પંચેન્દ્રિય આદિ ભાવોમાં વ્યક્ત અવસ્થાવાળી પણ મૈથુનસંજ્ઞા છે, પરંતુ એકેન્દ્રિય આદિમાં રહેલા કેટલાકને અવ્યક્તઅવસ્થાવાળી પણ મૈથુનસંજ્ઞાનો ભાવ છે.

❖ 'स्वप्नेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે જાગ્રતઅવસ્થામાં તો દુઃખ અપોહક વિવેકનો અભાવ છે, પરંતુ સ્વપ્નમાં પણ દુઃખ અપોહક વિવેકનો અભાવ છે.

ભાવાર્થ :-

શ્લોક-૮૫માં કહ્યું કે અન્ય આવર્તોમાં રહેલા જીવો સન્માર્ગમાં અવતાર પામતા નથી, કેમ અવતાર પામતા નથી તેમાં યુક્તિ બતાવે છે –

અન્ય આવર્તોમાં રહેલા જીવો ભવાભિનંદી હોય છે, ત્રણ સંજ્ઞાઓથી યુક્ત હોય છે, આથી જ સંસારના ઉચ્છેદને અનુકૂળ વિવેક વગરના હોવાથી સંસારની કદર્થનાને પામનારા દુઃખિત હોય છે, વળી તેમાંથી

કેટલાક જીવો ધર્મની બાહ્ય આચરણા કરતા હોય તોપણ જિનવચનાનુસાર સંસારના ઉચ્છેદનું કારણ બને તેવી ધર્મની પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ લોકપંક્તિથી ધર્મ કરનારા છે, માટે તેઓને ક્યારેય સંસારના ઉચ્છેદનું કારણ બને એવો સન્માર્ગ પ્રાપ્ત થતો નથી.

શ્લોકમાં અચરમાવર્તવાળા જીવોને ભવાભિનંદી આદિ કહ્યા, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

૧. ભવાભિનંદી :- સંસાર જન્મ-જરા-મરણ-રોગ-શોક-કલેશ આદિ અનેક ખરાબ ભાવોથી યુક્ત છે, આમ છતાં ભવથી અતીત અવસ્થા પ્રત્યે જેઓને લેશ પણ રુચિ થતી નથી તેવા જીવો આવા ઉપદ્રવવાળા પણ ભવને યત્કિંચિત્ તુચ્છ બાહ્ય સુખોથી યુક્ત જોઈને સારરૂપે જુએ છે, તેથી ભવાભિનંદી છે અને ચરમાવર્ત બહારના જીવો આવા ભવાભિનંદી છે.

૨. ત્રણ સંજ્ઞાવાળા :- વળી સંસારવર્તી જીવો આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞાથી વ્યાપ્ત છે અને ચરમાવર્ત બહારના જીવો આ ચાર સંજ્ઞાથી અત્યંત અભિભૂત છે, ફક્ત તેવા પ્રકારની એકેન્દ્રિય અવસ્થામાં મૈથુનસંજ્ઞા અવ્યક્ત વર્તે છે, તેથી ચરમાવર્ત બહારના જીવોને પ્રાયઃ ત્રણ સંજ્ઞાથી યુક્ત કહેલ છે અને જેઓ આ ત્રણ સંજ્ઞાઓથી કે ચાર સંજ્ઞાઓથી અત્યંત અભિભૂત હોય તેઓ સન્માર્ગમાં અવતાર પામી શકે નહિ, પરંતુ સંજ્ઞાનો પ્રભાવ જેના ઉપર કંઈક અલ્પ થયો છે તેઓ જ સન્માર્ગમાં અવતાર પામી શકે, આથી સંજ્ઞાઓથી અભિભૂત એવા અચરમાવર્તવાળા જીવો સન્માર્ગમાં અવતાર પામતા નથી.

૩. દુઃખિત :- વળી અચરમાવર્તવાળા જીવો સંજ્ઞાઓથી અભિભૂત હોવાને કારણે જ સતત દુઃખવાળા છે; કેમ કે દુઃખનો નાશ કરે તેવો વિવેક તેઓને ક્યારેય થતો નથી.

૪. લોકસદૃશભાવસંપાદનરૂપ લોકપંક્તિથી ધર્મ કરનારા :- વળી કેટલાક ચરમાવર્ત બહારના જીવો લૌકિક કે લોકોત્તર પ્રવ્રજ્યા આદિ ધર્મને કરનારા થાય છે તોપણ તે ધર્મની પ્રવૃત્તિ લોકસદૃશભાવસંપાદનરૂપ લોકપંક્તિથી કરે છે, પરંતુ મોહના નાશનું કારણ બને તે રીતે કરતા નથી.

આશય એ છે કે આ લોકનાં કે પરલોકનાં ભૌતિક સુખો પ્રત્યે ચરમાવર્ત બહારના જીવોને અત્યંત રાગ હોય છે, તેથી તેના ઉપાયરૂપે તેઓ ધર્મની પ્રવૃત્તિ કરે છે, પરંતુ સંસારના ઉચ્છેદના ઉપાયરૂપે તેઓ ધર્મની પ્રવૃત્તિ કરતા નથી, જેમ કોઈ વેપારીને સારો ઘરાક ક્યારેક ગરમ થઈને કહે કે તમે આપેલો માલ સાવ ખરાબ હતો અને આક્રોશથી પણ કંઈક કહે છતાં ધનના લોભથી તે વેપારી ક્ષમાને ધારણ કરે છે, પરંતુ ગુસ્સો અભિવ્યક્ત કરતો નથી, આ પ્રકારનો ક્ષમાનો ભાવ લોકમાં દેખાય છે તેના જેવો ધર્મનો ભાવ અચરમાવર્તી જીવો આ લોકના અને પરલોકના ફળની આશંસાથી કરે છે, તેથી તેઓનો કરાયેલો ધર્મ સન્માર્ગની પ્રાપ્તિરૂપ નથી, પરંતુ તેઓની ધર્મની પ્રવૃત્તિ સંસારની અન્યપ્રવૃત્તિ સદૃશ છે. **॥૮૬॥**

અવતરણિકા :-

અથ ભવાભિનન્દિસ્વરૂપમાહ —

અવતરણિકાર્થ :-

હવે ભવાભિનંદીના સ્વરૂપને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૮૫માં કહેલ કે અચરમાવર્તવાળા જીવો સન્માર્ગમાં અવતાર પામતા નથી અને શ્લોક-૮૬માં કહ્યું કે અચરમાવર્તવાળા જીવો ભવાભિનંદી આદિ ભાવોવાળા છે, આથી સન્માર્ગમાં અવતાર પામતા નથી, તેથી જિજ્ઞાસા થાય કે કેવી પ્રકૃતિવાળા જીવો ભવાભિનંદી છે તે સ્પષ્ટ કરવા માટે ભવાભિનંદીના સ્વરૂપને બતાવે છે –

શ્લોક :-

क्षुद्रो लाभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दीस्यान्निष्फलारम्भसङ्गतः ।।८७।।

અન્વયાર્થ :-

क्षुद्रः=क्षुद्र, लाभरतिः=લાભમાં રતિવાળો, दीनः=દીન, मत्सरी=મત્સરી, भयवान्=ભયવાળો, शठः=શઠ, अज्ञः=અજ્ઞ, भवाभिनन्दी स्यात् निष्फलारम्भसङ्गतः=નિષ્ફલ આરંભથી યુક્ત ભવાભિનંદી જીવ છે. ।।૮૭।।

શ્લોકાર્થ :-

ક્ષુદ્ર, લાભમાં રતિવાળો, દીન, મત્સરી, ભયવાળો, શઠ, અજ્ઞ, નિષ્ફલ આરંભથી યુક્ત ભવાભિનંદી જીવ છે. ।।૮૭।।

ટીકા :-

क्षुद्रः=कृपणो, लाभरतिः=याञ्चाशीलः, दीनः=सदैवादृष्टकल्याणः, मत्सरी=परकल्याणदुःस्थितः, भयवान्=नित्यभीतः, शठो=मायावी, अज्ञो=मूर्खः, भवाभिनन्दी –

"असारोऽप्येष संसारः, सारवानिव लक्ष्यते ।
दधिदुग्धाम्बुताम्बूलपुष्पपण्याङ्गनादिभिः।।१।।"

इत्यादिवचनैः संसाराभिनन्दनशीलः, स्याद्=भवेत् कीदृश इत्याह–निष्फलारम्भसङ्गतः=सर्वत्राऽतत्त्वाभिनिवेशाद्वन्ध्यक्रियासम्पन्न, इति ।।८७।।

ટીકાર્થ :-

क्षुद्रः ..... क्रियासम्पन्न, इति ।। क्षुद्र=કૃપણ, લાભરતિ=યાંચાશીલ, દીન=સદા અદૃષ્ટ કલ્યાણવાળો, મત્સરી=પરકલ્યાણમાં દુઃસ્થિત, ભયવાળો=નિત્યભીત, શઠ=માયાવી, અજ્ઞ=મૂર્ખ, ભવાભિનંદી –
"અસાર પણ આ સંસાર દહીં-દૂધ-પાણી-તાંબુલ-પુષ્પ-વેશ્યા આદિ ભોગસામગ્રીથી સારવાળાની જેમ જણાય છે"

ઇત્યાદિ વચન વડે સંસારમાં આનંદ લેવાના સ્વભાવવાળો, નિષ્ફળ આરંભ સંગતા છે=સર્વત્ર અતત્ત્વના અભિનિવેશને કારણે વંધ્યક્રિયાથી યુક્ત છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૭॥

ભાવાર્થ :-

(૧) **ક્ષુદ્ર :-** ભવાભિનંદી જીવોને ભવના કારણીભૂત એવા બાહ્ય પદાર્થોમાંથી આનંદ લેવાની મનોવૃત્તિ છે, જે ક્ષુદ્રભાવો છે. સમ્યગ્દૃષ્ટિ તત્ત્વને જોનારા છે, તેથી શ્લોક-૭૩માં બતાવ્યું તે રીતે પદાર્થોનું સમ્યગ્ વેદન કરે છે, તેના કારણે ભૌતિક પદાર્થોમાંથી આનંદ લેવાની મનોવૃત્તિ નથી; આમ છતાં તીવ્ર અવિરતિનો ઉદય હોય કે બલવાન નિમિત્ત હોય ત્યારે અનાદિ સંસ્કારને કારણે બાહ્ય ભોગાદિમાં પણ યત્ન કરે છે, તોપણ વિકારના શમનથી આનંદ થાય છે, તેવી સ્થિરબુદ્ધિવાળા છે=ભોગથી જે આનંદ છે તેના કરતાં વિકાર વગરની અવસ્થાનો આનંદ છે તે પારમાર્થિક આનંદ છે તેવી સ્થિર બુદ્ધિવાળા છે. તેથી ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ ક્ષુદ્ર પ્રકૃતિવાળા નથી. પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોમાં કંઈક વિવેક ખૂલ્યો છે, તે અપેક્ષાએ તેઓમાં અપારમાર્થિક પણ વેદ્યસંવેદ્યપદ છે, તેમ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના શ્લોક-૬૭માં બતાવ્યું. તે અપેક્ષાએ ચાર દૃષ્ટિવાળાઓ ક્ષુદ્ર પ્રકૃતિવાળા નથી; આમ છતાં યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના શ્લોક-૬૯માં બતાવ્યું તે પ્રમાણે અવેદ્યસંવેદ્યપદને કારણે ચિત્ર અનાભોગથી ચાર દૃષ્ટિવાળા જીવો પાપની પ્રવૃત્તિ કરે છે, તે અપેક્ષાએ તેઓમાં ભૌતિક પદાર્થમાંથી કંઈક આનંદ લેવાની વૃત્તિ પણ છે. તેથી તે અંશથી તેઓમાં પણ ક્ષુદ્રતા છે, ફક્ત સામગ્રી મળે તો તે વિપર્યાસ નિવર્તન પામે તેવો છે. તેથી તે ક્ષુદ્ર પ્રકૃતિ પણ અતિદૃઢ નથી.

(૨) **લોભરતિ :-** લોભરતિ=બાહ્યપદાર્થનો પોતાને લોભ છે, તેમાં આનંદ લેવાનો સ્વભાવ. કોઈક ઠેકાણે લાભરતિ પણ પાઠ છે, અને તે પ્રમાણે અર્થ કરીએ તો બાહ્ય પદાર્થોના લાભમાં રતિવાળો=બાહ્ય પદાર્થોની યાચના કરવાના સ્વભાવવાળો, ભવાભિનંદી જીવ છે; કેમ કે ભવના કારણીભૂત બાહ્ય પદાર્થોના વિકારોમાં સુખની બુદ્ધિ છે. તેથી બાહ્ય પદાર્થોને મેળવીને હું સુખી છું તેવો રતિનો પરિણામ તેને થાય છે. જોકે સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ ભોગના પ્રવૃત્તિકાળમાં રતિનું વેદન છે, તોપણ સમ્યગ્દૃષ્ટિમાં વિવેક હોવાથી વિકારના શમનમાં સુખ છે તેમ જાણતા હોવાથી પારમાર્થિક રતિ તો તેને નિર્વિકારી અવસ્થામાં દેખાય છે. આમ છતાં જ્યારે વિકારો સતાવે છે ત્યારે તેઓ બાહ્ય પદાર્થોમાં પ્રવૃત્તિ કરીને પણ રતિનો અનુભવ કરે છે, તોપણ તેવી રતિમાં સમ્યગ્દૃષ્ટિ જીવો માગણ સ્વભાવવાળા નથી. જેમ, ખણજના રોગીને ખણજની ક્રિયામાં રતિ હોય છે, તોપણ ખણજની વૃદ્ધિમાં ઇચ્છા હોતી નથી; તેમ સમ્યગ્દૃષ્ટિને આ વિકારી આનંદને વધારવાની ઇચ્છા હોતી નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ યાંચાશીલ=માગણ નથી, જ્યારે ભવાભિનંદી જીવ યાંચાશીલ છે; અને ચાર દૃષ્ટિવાળા જીવોમાં પણ જે અંશથી વિપર્યાસ છે, તે અંશથી ભૌતિક પદાર્થોમાં પણ આનંદ લઈને કંઈક અંશથી યાંચાશીલ સ્વભાવ પણ છે. આથી સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ વિકારોનું શમન એ તેમનું પ્રધાન લક્ષ્ય છે, અને ભવાભિનંદી જીવનું વિકારોની વૃદ્ધિ કરીને વિકારોમાંથી આનંદ મેળવવો એ પ્રધાન લક્ષ્ય છે; અને ચાર દૃષ્ટિવાળા જીવોમાં જેટલો વિવેક ખૂલ્યો છે

એટલા અંશે વિકારોને શમાવવા માટે પ્રધાન યત્ન છે, તોપણ જે અંશમાં વિવેક ખૂલ્યો નથી તે અંશમાં વિપર્યાસ છે, અને તે અંશમાં વિકારોને જિવાડવામાં પણ યત્ન થાય છે.

(૩) **દીન** :- સંસારમાં જેમ અતિ દરિદ્ર માણસો પ્રકૃતિથી દીન હોય છે અને તેઓએ ક્યારેય સુંદર ભોગો જોયેલા હોતા નથી, તેથી સદા અસાર ભોગોથી આનંદ લેનારા હોય છે; તેમ ભવાભિનંદી જીવે ઉપશમભાવનું સુખ ક્યારેય જોયું નથી, તેથી સદા અકલ્યાણને જોનારો હોય છે, અને તેથી નિઃસાર એવા ભોગોમાંથી આનંદ લેવા યત્ન કરે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવો તો ઉપશમના સુખને જોઈ શકે છે, આથી ઉપશમસુખના ફળરૂપ મોક્ષને પૂર્ણ સુખમય જોનારા છે, તેથી મોક્ષપ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત એવા યોગમાર્ગરૂપ કલ્યાણને જોનારા હોય છે; તેથી ક્વચિત્ ભોગાદિમાં યત્ન કરતા હોય તોપણ તેમનું ચિત્ત યોગમાર્ગ પ્રત્યે જ આવર્જિત હોય છે; જ્યારે ભવાભિનંદી જીવોનું ચિત્ત તુચ્છ એવાં વિકારી સુખો પ્રત્યે આવર્જિત હોય છે. તેથી તેઓ કલ્યાણને જોનારા નથી, અને ચાર દૃષ્ટિમાં રહેલા જીવો પણ જે અંશથી તત્ત્વને જોઈ શકતા નથી તે અંશથી કલ્યાણને નહિ જોનારા છે.

(૪) **મત્સરી** :- ભવાભિનંદી જીવો પારકાના કલ્યાણને નહિ સહન કરનારા હોય છે. સામાન્ય રીતે જીવોને ભૌતિક પદાર્થનું મહત્ત્વ હોય ત્યારે પોતાનાથી અધિક ભૌતિક સામગ્રી બીજા પાસે જુએ ત્યારે તેને સહન કરી શકતા નથી, અને તેમને થાય છે કે કઈ રીતે હું તેનાથી અધિક સંપત્તિવાળો થાઉં ? અને અન્યની અધિક સંપત્તિ જોઈને અસહનશીલ પણ પ્રાયઃ હોય છે. તેને સામે રાખીને ભવાભિનંદી જીવને મત્સર દોષવાળો કહેલ છે. ક્વચિત્ સમ્યગ્દૃષ્ટિ આદિમાં પણ નિમિત્તને પામીને મત્સરભાવ દેખાય, તોપણ તત્ત્વને જોનાર હોવાથી સમ્યગ્દૃષ્ટિને મત્સરભાવ પ્રાયઃ થાય નહિ; અને ભવાભિનંદીને તુચ્છ પદાર્થનું મહત્ત્વ હોવાથી બહુલતાએ મત્સરભાવ થાય છે. તેથી બહુલતાએ જે ભાવ ભવાભિનંદીમાં વર્તે છે, તે ભાવને બતાવીને ભવાભિનંદીનો પરિચય કરાવેલ છે. તેથી ભવાભિનંદીનું પરિચાયક લિંગ મત્સરદોષ છે.

(૫) **ભયવાન** :- ભવાભિનંદી જીવો ભયવાળા હોય છે; કેમ કે જે જીવોને બાહ્ય ભૌતિક પદાર્થોનું મહત્ત્વ હોય તે પદાર્થો તેમના જીવનનો શ્વાસ છે, અને તે ચાલ્યા જાય તો પોતે દુઃખી થાય તેમ છે. તેથી તેના રક્ષણમાં પોતાની સર્વ શક્તિ વાપરે છે, માટે સદા ભયભીત છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ તો તત્ત્વને જોનારા છે, અને તેઓને ભૌતિક પદાર્થોનું મહત્ત્વ નહિવત્ છે અને યોગમાર્ગનું અત્યંત મહત્ત્વ છે, અને યોગમાર્ગના સેવનના બળથી પોતે સંસારમાં સુરક્ષિત છે તેવો નિર્ણય છે. તેથી 'સાત ભયથી વ્યાપ્ત એવા સંસારથી હું અવશ્ય યોગમાર્ગના બળથી પારને પામીશ' તેવો નિશ્ચય છે. તેથી નિર્ભય રીતે યોગમાર્ગમાં યત્ન કરે છે, ક્વચિત્ બાહ્ય ભય ઉપસ્થિત થાય ત્યારે તેઓમાં ભય પણ દેખાય, તોપણ નિત્ય ભીત નથી; અને ભવાભિનંદી જીવો બાહ્ય સુરક્ષાનાં સાધનોના બળથી ભય વગરના દેખાય, તોપણ ભયના નિવારણના ઉપાયમાં વ્યગ્ર હોવાથી નિત્ય ભીત છે.

(૬) **શઠ** :- ભવાભિનંદી જીવ=મિથ્યાદૃષ્ટિ જીવ, શઠ હોય છે અર્થાત્ માયાવી હોય છે, સામાન્ય રીતે મિથ્યાત્વ અવસ્થામાં જીવને ભૌતિક પદાર્થનું મહત્ત્વ હોય છે. તેથી કોઈક નિમિત્તને પામીને માયા કરવાના પરિણામો થાય છે તેને સામે રાખીને ભવાભિનંદી જીવોને માયાવી કહેલ છે, સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને પણ

કોઈક નિમિત્તને પામીને માયાનો પરિણામ થાય અને અનંતાનુબંધીની માયા ઉદયમાં આવે તો ભવાભિનંદી બને. જેમ, મલ્લિનાથ ભગવાનના આત્માએ પૂર્વભવમાં માયા કરી, ત્યારે અનંતાનુબંધી માયા આવવાથી તે વખતે સ્ત્રીવેદ બાંધ્યો, અને ચરમભવમાં સ્ત્રીવેદની પ્રાપ્તિ થઈ, અને તે અનંતાનુબંધીમાયાના કારણે ભવના કારણીભૂત તુચ્છ એવી બીજા કરતાં અધિક થવાના પરિણામની લાલસા થઈ, જે ભવાભિનંદીપણાનો અંશ છે; તોપણ આવા ગુણિયલ જીવો નિમિત્તને પામીને માયાવી થયા પછી પણ શીઘ્ર તત્ત્વમાર્ગમાં આવી જાય છે. તેથી તીર્થંકરનામકર્મ પણ બાંધી શક્યા.

(૭) અજ્ઞ :- ભવાભિનંદી જીવ મૂર્ખ હોય છે, ક્વચિત્ બાહ્ય રીતે બુદ્ધિશાળી પણ હોય, તોપણ અસાર એવા સંસારને અસારરૂપે જોઈ શકતો નથી, આત્મહિતનું ભાન નથી, તેથી તત્ત્વ જોવામાં તે મૂર્ખ છે, આથી કોઈએ શ્રાવકધર્મ સ્વીકાર્યો હોય કે સાધુપણું પણ લીધું હોય, આમ છતાં તત્ત્વને જોવા માટે કંઈ યત્ન ન કરે અને માત્ર બાહ્ય આચરણા કરીને ધર્મીની ખ્યાતિ મેળવીને આનંદ લેતા હોય, તેઓ પણ મૂર્ખ છે; કેમ કે પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં ઉચિત પ્રવૃત્તિ કરીને ગુણોને વિકસાવવામાં યત્ન કરતા નથી, અને અસાર એવા બાહ્ય ભાવોથી ભવને ભર્યો ભર્યો માને છે તે મૂર્ખતા છે.

(૮) નિષ્ફલારંભસંગત :- વળી ભવાભિનંદી નિષ્ફળ આરંભથી યુક્ત હોય છે; કેમ કે સર્વ પ્રવૃત્તિઓમાં અતત્ત્વનો અભિનિવેશ હોય છે. આશય એ છે કે ભવાભિનંદી જીવો સંસારમાં વૈભવ મેળવે તોપણ અતત્ત્વ પ્રત્યેનો અભિનિવેશ હોવાને કારણે તેઓનો વૈભવ દુર્ગતિની પરંપરાનું કારણ બને છે, તેથી તેઓનો તે ધન અર્જનનો પ્રયાસ નિષ્ફળ આરંભવાળો હોય છે, ક્વચિત્ ભવાભિનંદી જીવ ધર્મમાર્ગમાં ધન વ્યય કરતો હોય તોપણ અતત્ત્વનો અભિનિવેશ હોવાને કારણે તે ધનવ્યયથી પણ આ લોકનાં તુચ્છ માન-ખ્યાતિ મેળવે છે, પરંતુ તેઓનું દાન આત્મકલ્યાણનું કારણ બનતું નથી. વળી ક્વચિત્ ભવાભિનંદી જીવે સંયમ ગ્રહણ કર્યું હોય તોપણ ભગવાનના વચનમાં અભિનિવેશ હોતો નથી, પરંતુ જ્યાં તેની મતિ વર્તે છે, ત્યાં તેને અભિનિવેશ હોય છે, આથી અતત્ત્વના અભિનિવેશને કારણે તેઓનું ત્યાગમય સંયમજીવન પણ કલ્યાણનું કારણ બનતું નથી. તેથી તેઓની સંયમની આચરણા પણ નિષ્ફળ આરંભવાળી છે.

ઉપર વર્ણન કર્યું એવાં લક્ષણવાળો, સંસારના બહુમાનવાળો ભવાભિનંદી જીવ હોય છે. **॥૮૭॥**

અવતરણિકા :-

સમ્પ્રતિ લોકપંક્તિસ્વરૂપં વ્યાચષ્ટે —

અવતરણિકાર્થ :-

હવે લોકપંક્તિના સ્વરૂપને ગ્રંથકારશ્રી કહે છે —

ભાવાર્થ :-

શ્લોક-૮૬માં કહ્યું કે અન્ય આવર્તમાં રહેલા ભવાભિનંદી જીવો કેટલાક લોકપંક્તિથી ધર્મને કરનારા પણ હોય છે, તેથી લોકપંક્તિના સ્વરૂપને ગ્રંથકારશ્રી બતાવે છે —

શ્લોક :-

लोकाराधनहेतोर्या, मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया साऽत्र, लोकपंक्तिरुदाहृता ।।८८।।

અન્વયાર્થ :-

लोकाराधनहेतोः=લોક આરાધનના હેતુથી मलिनेनान्तरात्मना=મલિન એવા ચિત્ત વડે या सत्क्रिया=જે સત્ક્રિયા क्रियते=કરાય છે सा=તે अत्र=અહીં=યોગની વિચારણામાં लोकपंक्तिरुदाहृता=લોકપંક્તિ કહેવાયેલી છે. ॥૮૮॥

શ્લોકાર્થ :-

લોક આરાધનાના હેતુથી મલિન એવા ચિત્ત વડે જે સત્ક્રિયા કરાય છે તે યોગની વિચારણામાં લોકપંક્તિ કહેવાયેલી છે. ॥૮૮॥

ટીકા :-

लोकाराधनहेतोः=लोकचित्तावर्जननिमित्तं या, मलिनेन=कीर्तिस्पृहादिमालिन्यवता अन्तरात्मना-चित्तरूपेण क्रियते=विधीयते, सत्क्रिया शिष्टसमाचाररूपा, सा अत्र=योगनिरूपणायाम्, लोकपंक्तिः प्रागुद्दिष्टा उदाहृता योगशास्त्रज्ञैः ।।८८।।

ટીકાર્થ :-

लोकाराधनहेतोः..... योगशास्त्रज्ञैः ।। લોક આરાધનાના હેતુથી=લોકોના ચિત્તના આવર્જન નિમિત્તે, મલિન એવા અંતરાત્માથી=કીર્તિ-સ્પૃહાદિ માલિન્યવાળા એવા ચિત્તરૂપ અંતરાત્માથી, જે શિષ્ટ સમાચારરૂપ સત્ક્રિયા=જે ધર્મનાં અનુષ્ઠાનો કરાય છે તે, અહીં=યોગના નિરૂપણમાં, યોગશાસ્ત્રના જાણનારાઓ વડે પૂર્વમાં ઉદ્દેશ કરાયેલી એવી લોકપંક્તિ કહેવાયેલી છે. ॥૮૮॥

ભાવાર્થ :-

ચરમાવર્ત બહારના જીવો ક્યારેક કોઈક નિમિત્તને પામીને ધર્મ કરનારા થાય છે તોપણ તેઓ લોકપંક્તિથી ધર્મ કરનારા છે અને લોકપંક્તિનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

જેઓ લોકના ચિત્તના આવર્જન નિમિત્તે કીર્તિ-સ્પૃહાદિવાળા મલિન ચિત્તથી સત્ક્રિયાઓ કરે છે=ધર્મનાં અનુષ્ઠાનો કરે છે, તે ધર્મનાં અનુષ્ઠાનો લોકપંક્તિ કહેવાય છે.

આનાથી એ ફલિત થાય કે સંસારના ભોગો પ્રત્યેના બલવાન રાગવાળા જીવો વીતરાગના વીતરાગ સ્વરૂપ પ્રત્યે રાગવાળા થતા નથી, પરંતુ વીતરાગનું સ્વરૂપ તેઓને અપ્રીતિકર થાય છે, તેથી વીતરાગનું વચન વીતરાગતાથી પ્રાપ્તિનું કારણ બને તે રીતે સેવવાને અનુકૂળ લેશ પણ અભિમુખ ભાવ જેઓનો નથી તેઓની ધર્મક્રિયા લોકપંક્તિથી કરાયેલી છે. **॥૮૮॥**

અવતરણિકા :-

અથૈતાં દૂષયન્નાહ —

અવતરણિકાર્થ :-

હવે આને=લોકપંક્તિને, દોષ આપતાં કહે છે –

શ્લોક-૮૮માં અચરમાવર્તી જીવો કેવા પ્રકારની લોકપંક્તિથી ધર્મ કરે છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે ધર્મક્રિયામાં વર્તતી લોકપંક્તિ અનર્થકારી છે તે બતાવતાં કહે છે –

શ્લોક :-

भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि ।
महतो हीनदृष्ट्योच्चैर्दुरन्तां तद्विदो विदुः ।।८९।।

અન્વયાર્થ :-

महतो हीनदृष्ट्या=મહાન એવા ધર્મની હીનદૃષ્ટિ હોવાને કારણે भवाभिनन्दिनो लोकपंक्त्या धर्मक्रियामपि=ભવાભિનંદી જીવની લોકપંક્તિથી ધર્મક્રિયાને પણ उच्चैर्दुरन्तां=અત્યંત ખરાબ પરિણામવાળી तद्विदः=તેના સ્વરૂપને જાણનારા विदुः=કહે છે. ।।૮૯।।

શ્લોકાર્થ :-

મહાન એવા ધર્મની હીનદૃષ્ટિ હોવાને કારણે ભવાભિનંદી જીવની લોકપંક્તિથી ધર્મક્રિયાને પણ અત્યંત ખરાબ પરિણામવાળી તેના સ્વરૂપને જાણનારા કહે છે. ।।૮૯।।

ટીકા :-

भवाभिनन्दिनो-जीवस्य लोकपंक्त्योक्तरूपया धर्मक्रियामपि किं पुनरितरक्रियामित्यपिशब्दार्थः, किमित्याह–महतः=अधरीकृतकल्पद्रुमचिन्तामणिकामधेनोर्धर्मस्य, हीनदृष्ट्या=बुद्धिमतामत्यन्तमनादेयस्य कीर्त्यादिमात्रस्य हेतुभावेन नियोजनाद्धीनतयावलोकनेन, उच्चैः=अत्यर्थं शेषानर्थहेतुभ्यः सकाशात्, दुरन्तां=दारुणपरिणामां, तद्विदः-लोकपंक्तिस्वरूपविदः विदुः=जानते, इति लोकपंक्तिस्त्याज्यैवेति ।।८९।।

ટીકાર્થ :-

भवाभिनन्दिनो..... लोकपंक्तिस्त्याज्यैवेति ।। ભવાભિનંદી જીવની ઉક્તરૂપવાળી એવી લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયાને પણ અત્યંત=શેષ અનર્થોની અતિશયિત, દુરન્તાને=દારુણ પરિણામને, તેના જાણનારા=લોકપંક્તિના સ્વરૂપને જાણનારા, કહે છે એમ ટીકાના અંતમાં અન્વય છે.

કેમ ધર્મક્રિયાને અત્યંત દારુણ પરિણામવાળી કહે છે ? એથી તેમાં હેતુ કહે છે –

મહાન એવા ધર્મની=કલ્પવૃક્ષ-ચિંતામણિ-કામધેનુ આદિને હીન કર્યા છે એવા ધર્મની, હીનદૃષ્ટિ છે=બુદ્ધિમાનોને અત્યંત અનાદેય એવા કીર્તિ આદિ માત્રના હેતુભાવથી નિયોજનને કારણે હીનપણાથી અવલોકન છે, એથી લોકપંક્તિ ત્યાજ્ય જ છે.

'ધર્મક્રિયામપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

શું વળી ઇતરક્રિયાને ? એ પ્રમાણે 'અપિ' શબ્દનો અર્થ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૮૯॥

ભાવાર્થ :-

શ્લોક-૮૮માં બતાવ્યું એવા સ્વરૂપવાળી લોકપંક્તિથી ભવાભિનંદી જીવો ધર્મક્રિયાને કરે છે, તેથી ભવાભિનંદી જીવોની ધર્મક્રિયા પણ અન્ય અનર્થો કરતાં અધિક દારુણ પરિણામવાળી છે એમ લોકપંક્તિના સ્વરૂપને જાણનારા મહાત્માઓ કહે છે.

અહીં પ્રશ્ન થાય કે ભવાભિનંદી જીવો પાપક્રિયા કરતા હોય તેને ખરાબ પરિણામવાળી કહેવી ઉચિત કહેવાય, પરંતુ ધર્મક્રિયાને પણ દારુણ પરિણામવાળી કેમ કહે છે ? તેમાં યુક્તિ બતાવે છે –

સંસારમાં કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ વગેરે પદાર્થો શ્રેષ્ઠ ગણાય છે અને ધર્મ તો તેનાથી પણ શ્રેષ્ઠ છે; કેમ કે કલ્પવૃક્ષ આદિ માત્ર આ લોકના હિતને કરનારા છે, માટે શ્રેષ્ઠ છે, જ્યારે ધર્મ તો આ લોક અને પરલોકના હિતની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરાવનાર છે, માટે અત્યંત મહાન છે અને તેવા મહાન ધર્મને પણ ભવાભિનંદી જીવો હીન દૃષ્ટિથી જોનારા છે અર્થાત્ બુદ્ધિમાનોને અત્યંત અનાદેય એવા કીર્તિ આદિ માત્રના કારણરૂપે ધર્મને યોજન કરીને ધર્મને હીનરૂપે ભવાભિનંદી જીવો જુએ છે, તેથી ઉત્તમ એવા ધર્મઅનુષ્ઠાનમાં હીનબુદ્ધિ કરીને ભવાભિનંદી જીવો પાપને બાંધે છે, જેથી સંસારમાં પ્રાપ્ત થતા અન્ય અનર્થો કરતાં મહાન અનર્થોની પરંપરાને પ્રાપ્ત કરશે, માટે ભવાભિનંદી જીવોનો સેવાયેલો ધર્મ અત્યંત દારુણ પરિણામવાળો છે એમ લોકપંક્તિના સ્વરૂપને જાણનારા કહે છે. માટે ધર્મ કરનારા જીવોએ લોકપંક્તિને ત્યાગ કરવી જોઈએ. **॥૮૯॥**

અવતરણિકા :-

અથૈષાપિ વિવેકિનઃ સુન્દરપરિણામા સ્યાદિત્યભિધિત્સુરાહ —

અવતરણિકાર્થ :-

હવે આ પણ=લોકપંક્તિ પણ, વિવેકીની સુંદર પરિણામવાળી છે એ પ્રમાણે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક-૮૮માં લોકપંક્તિ ખરાબ સ્વરૂપવાળી છે તેમ બતાવ્યું અને શ્લોક-૮૯માં ભવાભિનંદી જીવો લોકપંક્તિથી ધર્મક્રિયા કરે છે તે ધર્મક્રિયા પણ લોકપંક્તિને કારણે ખરાબ ફળવાળી છે તેમ બતાવ્યું.

હવે વિવેકવાળા પુરુષની આ લોકપંક્તિ પણ સુંદર પરિણામવાળી છે અર્થાત્ ધર્મક્રિયા તો સુંદર પરિણામવાળી છે, પરંતુ લોકપંક્તિ પણ સુંદર પરિણામવાળી-છે, એ પ્રમાણે કહેવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

धर्मार्थं लोकपंक्तिः स्यात् कल्याणाङ्गं महामतेः ।
तदर्थं तु पुनर्धर्मः, पापायाल्पधियामलम् ।।९०।।

અન્વયાર્થ :-

महामतेः=વિવેકી પુરુષની धर्मार्थं=ધર્મ માટે लोकपंक्तिः=લોકપંક્તિ कल्याणाङ्गं=કલ્યાણનું કારણ स्यात्=થાય तदर्थं तु पुनः=વળી તેના માટે જ=લોકપંક્તિ માટે જ अल्पधियाम् धर्मः=અલ્પબુદ્ધિવાળા પુરુષોનો ધર્મ अलम्=અત્યંત पापाय=પાપ માટે છે. ।।૯૦।।

શ્લોકાર્થ :-

વિવેકી પુરુષની ધર્મ માટે લોકપંક્તિ કલ્યાણનું કારણ થાય, વળી લોકપંક્તિ માટે જ અલ્પ બુદ્ધિવાળા પુરુષોનો ધર્મ અત્યંત પાપ માટે છે. ।।૯૦।।

ટીકા :-

धर्मार्थं=सम्यग्दर्शनादिमोक्षबीजाधाननिमित्तम्, लोकपंक्तिःदानसम्मानोचितसम्भाषणादिभिश्चित्रैरुपायैः, स्याद्=भवेत्, कल्याणाङ्गं=श्रेयःकारणं, महामतेः=प्रशस्तबुद्धेः, अत एवोच्यते-

"युक्तं जनप्रियत्वं, शुद्धं सद्धर्मसिद्धिफलदमलम् ।
धर्मप्रशंसनादे, बीजाधानादिभावेन ।।१।।" **इति ।।**

व्यतिरेकमाह–तदर्थं तु=लोकपंक्तिनिमित्तमेव, पुनर्धर्मः सदाचाररूपः पापाय=पापकर्मनिमित्तं, अल्पधियां=तुच्छबुद्धीनां पुंसां, अलं=अत्यर्थमिति ।।९०।।

ટીકાર્થ :-

धर्मार्थं..... अत्यर्थमिति ।। ધર્મ માટે=સમ્યગ્દર્શનાદિ મોક્ષબીજના આધાન નિમિત્તે, મહામતિની=પ્રશસ્ત બુદ્ધિવાળા પુરુષની, લોકપંક્તિ=દાન-સન્માન-ઉચિત સંભાષણ આદિ ચિત્ર ઉપાયથી સેવાયેલી લોકપંક્તિ, કલ્યાણનું અંગ=શ્રેયઃનું કારણ થાય, આથી જ=બુદ્ધિમાનની લોકપંક્તિ કલ્યાણનું કારણ છે આથી જ કહેવાય છે=ષોડશક-૪ના શ્લોક-૭માં કહેવાય છે –

અત્યંત સદ્ધર્મની સિદ્ધિના ફળને દેનારું શુદ્ધ જનપ્રિયપણું યુક્ત છે=ઉચિત છે; કેમ કે ધર્મ પ્રશંસનાદિથી બીજાધાનાદિનો ભાવ છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

વ્યતિરેકને કહે છે=પૂર્વમાં ધર્મ માટે કરાતી લોકપંક્તિ બતાવી. હવે તેનાથી વ્યતિરેકને=લોકપંક્તિ માટે કરાતા ધર્મને કહે છે –

તેના માટે જ=લોકપંક્તિ નિમિત્તે જ, વળી અલ્પબુદ્ધિવાળા પુરુષોનો=તુચ્છ બુદ્ધિવાળા પુરુષોનો, સદાચારરૂપ ધર્મ અત્યંત પાપ માટે છે=અતિશય પાપકર્મનું નિમિત્ત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૯૦॥

ભાવાર્થ :-

શ્લોક-૮૮માં કહ્યું કે લોકના ચિત્તના આવર્જનનું નિમિત્ત એવી જે પ્રવૃત્તિ છે તે લોકપંક્તિ છે અને જે મહાત્માઓ સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે તેવા મહામતિવાળા મહાત્માઓ સર્વ ઉદ્યમથી સંસારના અંતને કરવા માટે ધર્મમાં પ્રવૃત્તિ કરનારા છે, આમ છતાં યોગ્ય જીવોને મોક્ષના કારણભૂત એવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ નિમિત્તે લોકપંક્તિનો આશ્રય કરે છે અર્થાત્ ધર્મ પામે તેવા યોગ્ય જીવોની સાથે દાન-સન્માન-ઉચિત સંભાષણ આદિ પ્રવૃત્તિ કરે છે, જે લોકપંક્તિરૂપ છે; કેમ કે યોગ્ય જીવોનું ચિત્ત તે મહાત્માની દાનાદિ પ્રવૃત્તિથી આવર્જિત થાય છે અને મહાત્માની સેવાયેલી આવી વિવેકવાળી લોકપંક્તિ લોકોના હિતના ઉત્તમ આશયવાળી હોવાથી મહાત્માને માટે કલ્યાણનું કારણ છે અને આથી જ ષોડશકમાં કહ્યું છે કે મહાત્માનું જનપ્રિયપણું યુક્ત છે; કેમ કે મહાત્માની ઉચિત સંભાષણ આદિરૂપ લોકપંક્તિથી યોગ્ય જીવોને ધર્મ પ્રત્યે આદર થાય છે અને તેના કારણે તે યોગ્ય જીવોને બીજાધાનાદિની પ્રાપ્તિ થાય છે, માટે અન્યજીવોને બીજાધાનાદિના આશયથી સેવાયેલ લોકપંક્તિરૂપ જનપ્રિયપણું સદ્ધર્મની સિદ્ધિના ફળને આપનારું છે.

આથી જ ચંદનબાળા સાધ્વીજી તે નગરમાં વર્તતા ચૌદપૂર્વીને વંદન કરવા માટે શિષ્યાસમુદાય સાથે જાય છે તે વખતે ઘણા શ્રાવકો પણ તેમની સાથે વંદન કરવા જાય છે, તે પ્રકારના આડંબરપૂર્વક જતાં ચંદનબાળા સાધ્વીજીને જોઈને કોઈક દ્રમક કુતૂહલથી લોકોને પૂછે છે, આ કોણ છે ? અને ક્યાં જાય છે ? અને તે દ્રમક પણ કુતૂહલથી તેમની સાથે તે મહાત્માને વંદન કરવાના સ્થાને આવે છે ત્યારે તે દ્રમકના જીવની યોગ્યતાને જાણીને તે મહાત્માએ અન્ય સાધુને કહ્યું કે 'આ પુરુષ ભૂખ્યો છે માટે તેને ખાવાનું આપો,' આ પ્રકારની તેમની દાનની પ્રવૃત્તિથી તે દ્રમકનું ચિત્ત આવર્જિત થાય છે, ત્યાર પછી તેની યોગ્યતા જાણીને મહાત્મા તેને દીક્ષા આપે છે અને તેને સ્થિર કરવા માટે ચંદનબાળા સાધ્વીજીના સ્થાને તેને કોઈક મહાત્મા સાથે મોકલે છે, તેમને આવેલા જાણીને ચંદનબાળા સાધ્વીજી ઊભાં થાય છે, વંદન કરે છે, સુખશાતા આદિ પૂછે છે, તે સર્વ સન્માનની પ્રવૃત્તિ તે દ્રમકના જીવને સ્થિર કરવાનું કારણ હોવાથી ધર્મ માટેની લોકપંક્તિ સ્વરૂપ છે અને તેનાથી તે મહાત્માને કલ્યાણની પ્રાપ્તિ થાય છે અને તે લોકપંક્તિથી યોગ્ય જીવોને ધર્મની પ્રાપ્તિ થાય છે, માટે તે લોકપંક્તિ દોષરૂપ નથી.

શ્લોકના પૂર્વાર્ધથી યોગ્ય જીવોને ધર્મની પ્રાપ્તિ માટે સેવાયેલી લોકપંક્તિ કલ્યાણનું કારણ છે તેમ બતાવીને હવે વ્યતિરેકથી શ્લોકના ઉતરાર્ધ દ્વારા બતાવે છે –

જે જીવો લોકના ચિત્તના આવર્જન માટે ધર્મ કરે છે તેઓની તે પ્રવૃત્તિ લોકપંક્તિ નિમિત્તે છે અને તેવી ધર્મની પ્રવૃત્તિ અલ્પ બુદ્ધિવાળા જીવો કરે છે અર્થાત્ ધર્મના પરમાર્થને નહિ જાણનારા એવા તુચ્છ બુદ્ધિવાળા જીવો કરે છે અને તેઓની લોકપંક્તિ માટે કરાતી ધર્મની પ્રવૃત્તિ અત્યંત પાપ માટે છે; કેમ કે કર્મબંધ આશય પ્રમાણે થાય છે અને જેઓ લોકોના ચિત્તના આવર્જનના નિમિત્તરૂપ મલિન આશયથી ધર્મ કરે છે તે ધર્મની બાહ્ય પ્રવૃત્તિ દ્વારા પુષ્ટ થયેલો તેમનો મલિન આશય અત્યંત પાપબંધનું કારણ બને છે. ॥૯૦॥

અવતરણિકા :-

अत्रैव किञ्चिद्विशेषमाह —

અવતરણિકાર્થ :-

આમાં જ=લોકપંક્તિથી કરાયેલા ધર્મના વિષયમાં જ, કંઈક વિશેષ કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૯૦માં કહ્યું કે લોકપંક્તિ માટે કરાતો ધર્મ અત્યંત પાપ માટે છે તેના જ વિષયમાં કંઈક વિશેષને કહે છે –

શ્લોક :-

लोकपंक्तिमतः प्राहुरनाभोगवतो वरम् ।
धर्मक्रियां न महतो, हीनताऽत्र यतस्तथा ।।९१।।

અન્વયાર્થ :-

लोकपंक्तिमतः अनाभोगवतः धर्मक्रियां=લોકપંક્તિવાળા એવા અનાભોગથી ક્રિયા કરનારાની ધર્મક્રિયાને, वरं=સારી, प्राहुः=કહે છે, यतः=જે કારણથી, अत्र=આમાં=અનાભોગવાળા પુરુષની ધર્મક્રિયામાં, तथा=તે પ્રકારે, महतो हीनता न=મહાન ધર્મની હીનતા નથી. ॥૯૧॥

શ્લોકાર્થ :-

લોકપંક્તિવાળા એવા અનાભોગથી ક્રિયા કરનારાની ધર્મક્રિયાને સારી કહે છે, જે કારણથી અનાભોગવાળા પુરુષની ધર્મક્રિયામાં તે પ્રકારે મહાન ધર્મની હીનતા નથી. ॥૯૧॥

ટીકા :-

लोकपंक्तिमतो=लोकचित्ताराधनप्रधानस्य, प्राहुः=ब्रुवते, कीदृशस्येत्याह—अनाभोगवतः= सम्मूर्छनजप्रायस्य स्वभावत एव वैनयिकप्रकृतेः, वरं=पूर्वोक्ताल्पबुद्धिधर्मक्रियायाः सकाशात्प्रधानं, यथा भवति, धर्मक्रियां=सदाचाररूपाम्, कुत इत्याह—न=नैव, महतो धर्मस्य हीनता=हीनभावः, अत्र=अनाभोगवतो धर्मक्रियायां, यतः=यस्मात्कारणात्, तथा=तेन प्रकारेण यथा मलिनात्मारब्ध-धर्मक्रियायाम्, इदमुक्तं भवति-अनाभोगवतो लोकाराधनप्रधानस्य कीर्त्यादिस्पृहामलिनात्मधर्मक्रियायाः सकाशात् मनाक् सुन्दरैव धर्मक्रिया, महतो धर्मस्य तत्र हीनतयाऽनवलोकनादिति ।।९१।।

નોંધ :-

ટીકામાં 'सकाशात् प्रधानं ' પછી 'यथा भवति' છે તે વધારાનું જણાય છે, તેથી અર્થ કર્યો નથી.

ટીકાર્થ :-

लोकपंक्तिमतो..... हीनतयाऽनवलोकनादिति ।। લોકપંક્તિવાળા એવા=લોકચિત્તના આરાધનપ્રધાન એવા, અનાભોગવાળા પુરુષની=સંમૂર્છિમ જીવો જેવા સ્વભાવથી જ વૈનયિકપ્રકૃતિવાળા પુરુષની, સદાચારરૂપ ધર્મક્રિયાને સારી=શ્લોક-૯૦માં કહેલ અલ્પબુદ્ધિવાળા જીવોની ધર્મક્રિયાથી સારી, શાસ્ત્રકારો કહે છે.

કેમ સારી કહે છે ? એથી કહે છે –

જે કારણથી તે પ્રકારે=જે પ્રકારે મલિન આત્મા વડે આરબ્ધ ધર્મક્રિયામાં મહાન ધર્મની હીનતા છે તે પ્રકારે, અહીં=અનાભોગવાળાની ધર્મક્રિયામાં, મહાન એવા ધર્મની હીનતા=હીનભાવ, નથી જ, તે કારણથી તેઓની ધર્મક્રિયાને સારી કહે છે એમ અન્વય છે.

શ્લોકના કથનથી શું ફલિત થયું તે સ્પષ્ટ કરે છે –

આ=આગળ કહે છે એ, કહેવાયેલું=શ્લોકના કથનથી કહેવાયેલું, થાય છે, અનાભોગવાળા લોકઆરાધનપ્રધાન એવા પુરુષની=લોકઅનુસરણપ્રધાન એવા પુરુષની, ધર્મક્રિયા કીર્તિ આદિ સ્પૃહાથી મલિન ચિત્તવાળાની ધર્મક્રિયાથી કંઈક સુંદર જ છે; કેમ કે તેમાં=અનાભોગવાળાની ધર્મક્રિયામાં, મહાનધર્મનું હીનપણારૂપે અનવલોકન છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૯૧।।

ભાવાર્થ :-

લોકપંક્તિ ત્રણ રીતે થાય છે –

૧. લોકોના ચિત્તના આવર્જન નિમિત્તે કીર્તિ આદિની સ્પૃહાથી ધર્મપ્રવૃત્તિ થાય છે તેમાં વર્તતી લોકપંક્તિ પાપબંધનું કારણ છે.

૨. યોગ્ય જીવોને ધર્મની પ્રાપ્તિ કરાવવાના આશયથી તેઓની સાથે મહાત્મા ઉચિત સંભાષણ આદિ કરે તે લોકપંક્તિ છે, જે મહાત્મા માટે કલ્યાણનું કારણ છે.

૩. લોકો જે પ્રકારે ધર્મ કરતા હોય તે પ્રકારે લોકના અનુસરણ રૂપ જે ધર્મક્રિયા થાય છે, તે લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા છે.

આ ત્રણ પ્રકારની લોકપંક્તિમાંથી ત્રીજા પ્રકારની લોકપંક્તિથી ક્રિયા કરનારા જીવો કીર્તિ આદિની સ્પૃહારૂપ દુષ્પ્રણિધાનવાળા નથી અને સર્વજ્ઞએ કહેલ ધર્મને સેવીને સંસારનો ઉચ્છેદ કરવો છે તેવા સુપ્રણિધાનવાળા પણ નથી અને આ રીતે લોકપંક્તિથી જે ક્રિયાઓ તે જીવો કરે છે તે અનનુષ્ઠાનરૂપ છે અને આવા અનાભોગવાળા જીવોની લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા પ્રથમ પ્રકારની લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા કરતાં કંઈક સુંદર છે, કેમ સુંદર છે ? તેમાં યુક્તિ બતાવે છે –

જે પ્રકારે કીર્તિ આદિ સ્પૃહાવાળા મલિનઆશયથી ધર્મક્રિયા કરે છે અને તેના કારણે મહાન એવા ધર્મમાં હીનબુદ્ધિ કરીને પાપ બાંધે છે તેવી અનાભોગવાળાની લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા નથી; કેમ કે મહાન એવા ધર્મમાં હીનતાની બુદ્ધિ નથી, આટલા અંશથી જ પ્રથમ પ્રકારના લોકપંક્તિથી ધર્મક્રિયા કરનારા જીવો કરતા અનોભોગવાળા જીવોની લોકપંક્તિથી ધર્મક્રિયા સુંદર છે. **॥૯૧॥**

અવતરણિકા :-

શ્લોક-૮૮-૮૯માં બતાવેલી લોકપંક્તિથી કરાતી ધર્મક્રિયા અત્યંત પાપ માટે છે વળી શ્લોક-૯૦માં બતાવેલ કે ધર્મ માટે કરાતી લોકપંક્તિ સુંદર છે અને શ્લોક-૯૧માં બતાવેલ કે અનાભોગવાળાની લોકપંક્તિથી કરાતી ધર્મક્રિયા કંઈક સુંદર છે. હવે શ્લોક-૮૮-૮૯માં બતાવેલ અને શ્લોક-૯૧માં બતાવેલ તે બન્ને પ્રકારની ધર્મક્રિયા પરમાર્થથી ધર્મક્રિયા નથી તે બતાવવા માટે કહે છે –

શ્લોક :-

तत्त्वेन तु पुनर्नैकाप्यत्र धर्मक्रिया मता ।
तत्प्रवृत्त्यादिवैगुण्याल्लोभक्रोधक्रिया यथा ।।९२।।

અન્વયાર્થ :-

अत्र=અહીં=કીર્તિ આદિની સ્પૃહાવાળા અને અનોભોગવાળા પુરુષથી કરાયેલી ધર્મક્રિયામાં, तत्त्वेन तु पुनः=તત્ત્વથી વળી, एकापि=એકપણ, धर्मक्रिया=ધર્મક્રિયા, मता न=મનાઈ નથી જ, तत्प्रवृत्यादिवैगुण्यात्=કેમ કે તેની પ્રવૃત્તિ આદિનું વૈગુણ્ય છે=ધર્મની પ્રવૃત્તિ અને ધર્મના ફળનો અભાવ છે, यथा=જે પ્રમાણે, लोभक्रोधक्रिया=લોભ-ક્રોધની ક્રિયા. ।।૯૨।।

શ્લોકાર્થ :-

કીર્તિ આદિની સ્પૃહાવાળા અને અનાભોગવાળા પુરુષની કરાયેલી ધર્મક્રિયામાં તત્ત્વથી વળી

એક પણ ધર્મક્રિયા મનાઈ નથી જ; કેમ કે તેની પ્રવૃત્તિ આદિનું વૈગુણ્ય છે, જે પ્રમાણે લોભ-ક્રોધની ક્રિયા. ।।૯૨।।

ટીકા :-

तत्त्वेन तु पुनः=तत्त्ववृत्त्या पुनः, न=नैव, 'एकापि' किं पुनर्द्वे इत्यपिशब्दार्थः, अत्र=अनयोर्मलिनान्तरात्मानाभोगवत्पुरुषकृतयोर्धर्मक्रिययोः मध्ये, धर्मक्रिया मता=संमता, कुत इत्याह-तत्प्रवृत्त्यादिवैगुण्यात् तत्र धर्मे प्रवृत्तिविघ्नजयसिद्धिविनियोगानां (प्रवृत्तिफलयोः) वैगुण्याद्=अभावात्, दृष्टान्तमाह – लोभक्रोधक्रिया प्रतीतरूपा यथा=येन प्रकारेणेति ।।९२।।

❖ 'तत्प्रवृत्त्यादिवैगुण्याद्'નો અર્થ કરતાં 'ત્યાં=ધર્મમાં, પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ અને વિનિયોગનું વૈગુણ્ય હોવાથી=અભાવ હોવાથી' એ પ્રમાણે ટીકામાં પાઠ ઉપલબ્ધ છે, પરંતુ તે સંગત થતો નથી; કેમ કે તે પાઠ પ્રમાણે અર્થ કરીએ તો, પ્રણિધાન આશયનું વૈગુણ્ય નથી એવો અર્થ પ્રાપ્ત થાય, તેથી અમે પ્રવૃત્તિફલયોः 'ધર્મની પ્રવૃત્તિનું અને ધર્મના ફળનું વૈગુણ્ય હોવાથી' એવો અર્થ કરેલ છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

ટીકાર્થ :-

तत्त्वेन तु ..... प्रकारेणेति ।। અહીં=મલિન અંતરાત્માકૃત અને અનાભોગવાળા પુરુષકૃત બંને ધર્મક્રિયામાં, તત્ત્વથી વળી=તત્ત્વવૃત્તિથી વળી, એક પણ ધર્મક્રિયા મનાઈ નથી જ=સંમત નથી જ, કેમ સંમત નથી ? એથી કહે છે – તેની પ્રવૃત્તિ આદિનું વૈગુણ્ય છે=ધર્મની પ્રવૃત્તિ અને ધર્મના ફળનો અભાવ છે.

દૃષ્ટાંતને કહે છે – જે પ્રકારે પ્રતીતરૂપ એવી લોભક્રિયા અને ક્રોધક્રિયા ધર્મક્રિયા નથી.

'एकापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

બંનેનું વળી શું કહેવું ? એ પ્રકારે 'अपि' શબ્દનો અર્થ છે. ।।૯૨।।

ભાવાર્થ :-

જે જીવો કીર્તિ આદિની સ્પૃહાથી ધર્મક્રિયા કરે છે અને જે જીવો અનાભોગથી ધર્મક્રિયા કરે છે, તે બંને પ્રકારના જીવોની ધર્મક્રિયા પરમાર્થ દૃષ્ટિથી વિચારીએ તો ધર્મક્રિયા નથી જ; કેમ કે ધર્મક્રિયાથી આત્મામાં મોહનીય કર્મના અભાવકૃત કંઈક વિશુદ્ધ એવી ધર્મની પરિણતિ પ્રગટે છે અને તેના ફળરૂપે પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે તેવી આ ધર્મની પ્રવૃત્તિ નથી, માટે બાહ્ય સ્વરૂપથી ધર્મની પ્રવૃત્તિ દેખાવા છતાં પરમાર્થથી ધર્મની પ્રવૃત્તિ નથી.

આશય એ છે કે સર્વજ્ઞના વચનાનુસાર જે ધર્મઅનુષ્ઠાન સેવાય છે તે ધર્મઅનુષ્ઠાનથી આત્મામાં પારમાર્થિક ધર્મ નિષ્પન્ન થાય છે અને તે ધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સિદ્ધ અવસ્થારૂપ ફળમાં પર્યવસાન પામે છે અને જે ધર્મની પ્રવૃત્તિ દૂરદૂરવર્તી પણ સર્વજ્ઞના વચનાનુસાર હોય તે ધર્મ પ્રવૃત્તિ ગુણનિષ્પત્તિનું

કારણ છે અને જે જીવો કીર્તિ આદિની સ્પૃહાથી ધર્મ કરે છે અથવા જે જીવો શાસ્ત્રવચનાનુસાર નહિ, પરંતુ લોકોના આચરણ અનુસાર ધર્મની પ્રવૃત્તિ કરે છે તે ધર્મની ક્રિયામાં દૂરદૂરવર્તી પણ સર્વજ્ઞ વચનાનુસારિતા નથી, માટે તે ધર્મની પ્રવૃત્તિ નથી અને તે પ્રવૃત્તિથી ધર્મનું ફળ મળતું નથી, માટે પરમાર્થથી તેને ધર્મક્રિયા કહેવાય નહિ, જેમ કોઈ પુરુષ લોભને વશ થઈને કૂટ તોલ - કૂટ માપ આદિ કરે અથવા કોઈ પુરુષ ક્રોધને વશ થઈને યુદ્ધાદિની ક્રિયા કરે તો તે બંને ક્રિયાઓ ધર્મક્રિયા કહેવાય નહિ, તેમ લોકપંક્તિથી કરનારા મલિન આશયવાળા જીવોની કે અનાભોગવાળા જીવોની સ્થૂલથી દેખાતી ધર્મની પ્રવૃત્તિ ધર્મની ક્રિયા કહેવાય નહિ. ॥૯૨॥

અવતરણિકા :-

અથ નિગમયન્નાહ —

અવતરણિકાર્થ :-

હવે નિગમન કરતાં કહે છે=ફલિતાર્થ બતાવતાં કહે છે –

શ્લોક-૮૪માં કહેલ કે ચરમ આવર્તથી પૂર્વના આવર્તોમાં અધ્યાત્મ થતું નથી, કેમ અધ્યાત્મ થતું નથી તે બતાવતાં શ્લોક-૮૫માં કહેલ કે અચરમાવર્તવાળા જીવો તીવ્રપાપથી અભિભૂત હોવાને કારણે વિવકચક્ષુ વગરના છે, ત્યાં પ્રશ્ન થયો કે તેઓ વિવેકચક્ષુ વગરના કેમ છે, તેથી શ્લોક-૮૬માં કહેલ કે અચરમાવર્તવાળા જીવો ભવાભિનંદી છે અને ક્યારેક ધર્મ કરે છે તોપણ લોકપંક્તિથી કરે છે, ત્યારપછી તે લોકપંક્તિનું સ્વરૂપ બતાવીને શ્લોક-૯૨માં કહ્યું કે મલિનઆશયવાળા કે અનાભોગવાળા જીવોની લોકપંક્તિથી કરાયેલી ક્રિયા ધર્મક્રિયા નથી, એ સર્વ કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે -

શ્લોક :-

तस्मादचरमावर्तेष्वध्यात्मं नैव युज्यते ।
कायस्थितितरोर्यद्वत्तज्जन्मस्वामरं सुखम् ।।९३।।

અન્વયાર્થ :-

તસ્માદ્=તે કારણથી=શ્લોક-૯૨માં કહ્યું તેમ લોકપંક્તિથી કરાતી ક્રિયા ધર્મક્રિયા નથી તે કારણથી અચરમાવર્તેષુ=અચરમાવર્તોમાં અધ્યાત્મં=અધ્યાત્મ નૈવ યુજ્યતે=ઘટતું નથી જ યદ્વત્=જે પ્રમાણે કાયસ્થિતિતરોઃ=કાયસ્થિતિવાળા તરુને તજ્જન્મસુ=તે જન્મોમાં=વનસ્પતિકાયના જન્મોમાં આમરં સુખમ્= અમર સંબંધી સુખ. ॥૯૩॥

શ્લોકાર્થ :-

શ્લોક-૯૨માં કહ્યું તેમ લોકપંક્તિથી કરાતી ક્રિયા ધર્મક્રિયા નથી તે કારણથી અચરમાવર્તોમાં અધ્યાત્મ ઘટતું નથી જ, જે પ્રમાણે કાયસ્થિતિવાળા તરુને વનસ્પતિકાયના જન્મોમાં અમર સંબંધી સુખ. ॥૯૩॥

ટીકા :-

तस्माद्=लोकपंक्तिमात्रफलाया धर्मक्रियाया अधर्मत्वाद्धेतोः, अचरमावर्तेषु उक्तरूपेषु अध्यात्मं नैव युज्यते, अत्र दृष्टान्तमाह–कायस्थितितरोः=काये वनस्पतिकाय एवानन्तोत्सर्पिण्यवसर्पिणीप्रमाणा स्थितिरवस्थानं यस्य स तथा तस्य तरोर्वनस्पतेः, यद्वद्-यथा, तज्जन्मसु=वनस्पतिजन्मस्वनन्तानन्तरूपेषु, आमरं=अमरसम्बन्धि सुखं, तत्सुखकारणानामणुव्रतमहाव्रतादीनां तेषु कदाचिदप्यभावात् ।।९३।।

ટીકાર્થ :-

तस्माद् ..... कदाचिदप्यभावात् ।। તે કારણથી=શ્લોક-૯૨માં કહ્યું તે પ્રમાણે લોકપંક્તિમાત્ર ફલવાળી ધર્મક્રિયાના અધર્મપણારૂપ હેતુથી, ઉક્તરૂપવાળા અચરમાવર્તોમાં=શ્લોક-૭૭માં કહ્યું એવા ચિત્ર રૂપવાળા અચરમાવર્તોમાં, અધ્યાત્મ ઘટતું નથી જ.

અહીં=અચરમાવર્તોમાં અધ્યાત્મ ઘટતું નથી એમાં, દૃષ્ટાંતને કહે છે - કાયસ્થિતિવાળા તરુને=કાયમાં અર્થાત્ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણવાળી વનસ્પતિકાયમાં જ સ્થિતિ અર્થાત્ અવસ્થાન છે જેને તે તેવું છે અર્થાત્ કાયસ્થિતિવાળું તરુ છે તેવા કાયસ્થિતિવાળા તરુને અર્થાત્ વનસ્પતિને, જેમ તે જન્મોમાં=અનંતાનંત રૂપવાળા વનસ્પતિના જન્મોમાં, અમર સંબંધ સુખ=દેવ સંબંધી સુખ, ઘટતું નથી જ; કેમ કે તે સુખના કારણ એવા અણુવ્રત અને મહાવ્રતાદિનો તેઓમાં ક્યારે પણ=સદા અભાવ છે. ।।૯૩।।

❖ 'अणुव्रतमहाव्रतादीनां'માં 'આદિ' પદથી દેવગતિના બંધનાં અન્ય કારણોનો સંગ્રહ કરવો.

ભાવાર્થ :-

સામાન્યથી દેવભવનું સુખ દેવભવમાં જ અનુભવાય છે, અન્ય ભવોમાં તેનો અનુભવ થાય નહિ અને જે ભવોમાં દેવભવને અનુકૂળ પુણ્ય બંધાય છે તે ભવોને ગ્રહણ કરીએ તો દેવભવના કારણીભૂત એવા અણુવ્રતનો અને મહાવ્રતાદિનો સદ્ભાવ પંચેન્દ્રિયપણામાં છે, અન્ય એવા એકેન્દ્રિયાદિપણામાં નથી, તેથી દેવભવનું સુખ ઉપચારથી પંચેન્દ્રિયપણામાં છે તેમ કહી શકાય, પરંતુ પંચેન્દ્રિયથી પૂર્વના એકેન્દ્રિયથી માંડીને ચઉરિન્દ્રિય સુધીના જીવો ક્યારેય તે ભવમાં દેવગતિનું કર્મ બાંધતા નથી, તેથી તેઓમાં પણ દેવ સંબંધી સુખ નથી તેમ કહી શકાય, આમ છતાં તે એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીની ગતિના પરિભ્રમણના કાલના અંતરાલમાં કોઈ જીવો પંચેન્દ્રિયપણું પામીને દેવગતિને અનુકૂળ પુણ્ય બાંધે છે, તેથી એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવોને ગ્રહણ કરવાનું છોડીને ગ્રંથકારશ્રીએ કાયસ્થિતિવાળા વનસ્પતિકાયના જીવોને દૃષ્ટાંતરૂપે ગ્રહણ કરેલ છે, તેથી એ પ્રાપ્ત થાય કે વનસ્પતિકાયમાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ કાયસ્થિતિ છે જેમને તેવા જીવો તે સર્વ દીર્ઘકાળમાં દેવ સંબંધી સુખનું કારણ થાય તેવું પુણ્ય ક્યારેય બાંધતા નથી, તેથી તેઓને તેના ફળરૂપે દેવભવની પ્રાપ્તિથી દેવભવનું સુખ થાય નહિ તેમ અચરમાવર્તરૂપ દીર્ઘકાળમાં સંસારી જીવો ક્યારે પણ આત્મામાં મોક્ષને અનુકૂળ ધર્મ પ્રગટ થાય તેવી ધર્મક્રિયાઓ સેવતા

નથી જ, તેથી જેમ કાયસ્થિતિવાળા વૃક્ષોને દેવલોકના સુખના કારણીભૂત એવા અણુવ્રતાદિની પ્રાપ્તિ નથી તેમ અચરમાવર્તવાળા જીવોને તે દીર્ઘકાળમાં ક્યારે પણ અધ્યાત્મની પ્રાપ્તિનું કારણ બને તેવી ધર્મક્રિયા નથી, તેથી અચરમાવર્તકાળમાં અધ્યાત્મ ઘટતું નથી જ. ॥૯૩॥

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

શ્લોક-૯૩માં કાયસ્થિતિવાળા વનસ્પતિના દૃષ્ટાંતથી અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તેમ બતાવ્યું. હવે 'તથા'થી અન્ય દૃષ્ટાંતનો સમુચ્ચય કરતાં અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તે બતાવે છે –

શ્લોક :-

तैजसानां च जीवानां, भव्यानामपि नो तदा ।
यथा चारित्रमित्येवं, नान्यदा योगसम्भवः ।।९४।।

અન્વયાર્થ :-

भव्यानामपि तैजसानां च जीवानां=ભવ્ય પણ તૈજસ્કાયના અને વાઉકાયના જીવોને तदा=ત્યારે=તૈજસ્કાય અને વાઉકાય અવસ્થાકાળમાં यथा=જે પ્રમાણે चारित्रं नो=ચારિત્ર નથી इत्येवं=એ પ્રમાણે अन्यदा= અચરમાવર્તમાં योगसम्भवः न=યોગનો સંભવ નથી. ॥૯૪॥

શ્લોકાર્થ :-

ભવ્ય પણ તૈજસ્કાયના અને વાઉકાયના જીવોને તૈજસ્કાય અને વાઉકાય અવસ્થાકાળમાં જે પ્રમાણે ચારિત્ર નથી, એ પ્રમાણે અચરમાવર્તમાં યોગનો સંભવ નથી. ॥૯૪॥

ટીકા :-

तैजसानां चकाराद्वायूनां च मनुष्यत्वमात्रत्वस्याप्ययोग्यानां जीवानाम् भव्यानामपि किं पुनरितरेषाम्, नो=नैव, तदा=तैजसावस्थाकाले, 'यथा' इति दृष्टान्तार्थः, चारित्रं देशतः सर्वतो वा, इत्येवं दार्ष्टान्तिकार्थः, नान्यदा=अन्यावर्तेषु, योगसम्भव इति ।।९४।।

ટીકાર્થ :-

तैजसनां..... योगसम्भव इति ।। ભવ્ય પણ તૈજસ્કાયના અને 'च'કારથી વાઉકાયના મનુષ્યત્વ

માત્રત્વના પણ અયોગ્ય એવા જીવોને ત્યારે=તૈજસ્ અવસ્થાકાળમાં, જે પ્રમાણે દેશથી અથવા સર્વથી ચારિત્ર નથી જ, એ પ્રમાણે અન્યદા=અન્ય આવર્તોમાં, યોગનો સંભવ નથી.

'યથા' શબ્દ દૃષ્ટાંત અર્થમાં છે અને 'इत्येवं' શબ્દ દૃષ્ટાંતિક અર્થમાં છે.

'भव्यनामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

ઇતરોને=અભવ્યોને, ચારિત્ર નથી તેમાં શું કહેવું ?

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૯૪॥

ભાવાર્થ :-

ચારિત્રની પ્રાપ્તિનું કારણ મનુષ્યપણું છે અને તેઉકાયના જીવો અને વાઉકાયના જીવો ભવસ્વભાવે જ ચારિત્રની પ્રાપ્તિમાં ઉપયોગી અંગભૂત એવા મનુષ્યપણાનું પુણ્ય બાંધી શકતા નથી, તેથી ચારિત્રના કારણીભૂત એવું મનુષ્યપણું જે પ્રમાણે તેજસ્કાય આદિ અવસ્થામાં રહેલા ભવ્ય જીવો પણ પ્રાપ્ત કરી શકતા નથી તેમ અન્ય આવર્તોમાં=ચરમાવર્તથી પૂર્વના આવર્તોમાં, યોગની પ્રાપ્તિના કારણીભૂત એવી ધર્મક્રિયાઓ થતી નથી, તેથી અન્ય આવર્તોમાં યોગનો સંભવ નથી.

અહીં વિશેષ એ છે કે પ્રથમના દૃષ્ટાંત પ્રમાણે કાયસ્થિતિવાળા વનસ્પતિકાયના જીવો દેવગતિની પ્રાપ્તિનું કારણ બને તેવું પુણ્ય બાંધતા નથી, તેથી તેના ફળરૂપ દેવનું સુખ તેઓને નથી તેમ અચરમાવર્તવાળા જીવોમાં પરમાર્થથી ધર્મક્રિયા નથી, તેથી ધર્મક્રિયાના ફળરૂપ અધ્યાત્મની પ્રાપ્તિ નથી અને બીજા દૃષ્ટાંત પ્રમાણે તેઉકાય અને વાઉકાયના જીવોમાં ચારિત્રની પ્રાપ્તિના કારણીભૂત મનુષ્યપણાના બંધનો અભાવ છે, તેથી તેઉકાય આદિ જીવોને ચારિત્ર નથી તેમ અચરમાવર્તવાળા જીવોને પારમાર્થિક ધર્મક્રિયા નથી, તેથી તેના ફળભૂત અધ્યાત્મનો યોગ નથી. **॥૯૪॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

શ્લોક-૯૪માં તેઉકાય જીવોના દૃષ્ટાંતથી અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તેમ બતાવ્યું. હવે 'तथा'થી અન્ય દૃષ્ટાંતનો સમુચ્ચય કરતાં અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તે બતાવે છે –

શ્લોક :-

तृणादीनां च भावानां, योग्यानामपि नो यथा ।
तदा घृतादिभावः स्यात्, तद्वद्योगोऽपि नान्यदा ।।९५।।

અન્વયાર્થ :-

તદા=ત્યારે=તૃણાદિ કાળમાં, યથા=જે પ્રમાણે, યોગ્યનામપિ તૃણાદીનાં ચ ભાવાનાં=યોગ્ય પણ તૃણાદિ ભાવોનો=ઘી આદિને માટે યોગ્ય એવા પણ તૃણાદિભાવોનો, ઘૃતાદિભાવઃ=ઘૃતાદિભાવ, નો સ્યાત્=નથી, તદ્વદ્=તેની જેમ, અન્યદા=અચરમાવર્તમાં, યોગોઽપિ ન=યોગ પણ નથી=અધ્યાત્મ પણ નથી. ॥૯૫॥

શ્લોકાર્થ :-

તૃણાદિકાળમાં જે પ્રમાણે યોગ્ય પણ તૃણાદિભાવોનો ઘૃતાદિ ભાવ નથી તેની જેમ અચરમાવર્તમાં યોગ પણ નથી. ॥૯૫॥

ટીકા :-

તૃણાદીનાં=તૃણપત્રપુષ્પફલખલાદીનાં ગવાદિચારણાર્હાણામ્, ચકારો દૃષ્ટાન્તાન્તરસમુચ્ચયે, ભાવાનાં-પદાર્થાનામ્ યોગ્યાનામપિ=ઘૃતાદિ પ્રતીત્યાઽનન્તરમેવોપપન્નહેતુરૂપાણાં, કિં પુનરિતરેષામિત્યપિશબ્દાર્થઃ નો યથા તદા=તૃણાદિકાલે, ઘૃતાદિભાવો=ઘૃતદુગ્ધદધ્યાદિભાવઃ, સ્યાદ્=ભવેત્, તદ્વત્=તથા, યોગોઽપિ=અધ્યાત્માદિકં, કિં પુનર્ઘૃતાદિકં તૃણાદિકાલે ઇત્યપિશબ્દાર્થઃ નાન્યદેતિ ।।૯૫।।

ટીકાર્થ :-

તૃણાદીનાં..... નાન્યદેતિ ।। યોગ્ય પણ=ઘી આદિને આશ્રયીને અનન્તર જ ઉપપન્ન એવા હેતુરૂપ પણ તૃણાદિ ભાવોનો=તૃણ-પત્ર-પુષ્પ-ફલ-ખલ આદિરૂપ ગાય આદિના ચારણને યોગ્ય એવા પદાર્થોનો, ત્યારે=તૃણાદિ કાલમાં, જે પ્રમાણે ઘૃતાદિભાવ=ઘી-દૂધ-દહીં આદિ ભાવ, ન થાય, તેની જેમ=તે પ્રમાણે, અધ્યાત્માદિ યોગ પણ અન્યદા નથી=અચરમાવર્તમાં નથી.

'યોગોઽપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

તૃણાદિકાલમાં વળી ઘૃતાદિનું શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે.

'યોગ્યાનામપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

ઇતરોનું=અયોગ્યોનું, વળી શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૯૫॥

ભાવાર્થ :-

ઘાસ આદિ પદાર્થો ગાય આદિ પ્રાણીઓ ચરે છે, તેનાથી દૂધ બને છે અને ક્રમે કરીને ઘીની પ્રાપ્તિ થાય છે. વ્યવહારનય દૂધ, દહીં આદિને ઘીનું કારણ સ્વીકારે છે, પરંતુ તૃણાદિને ઘીનું કારણ સ્વીકારતો નથી, તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

તૃણાદિ કાળમાં ઘી આદિને યોગ્ય એવા પણ તૃણાદિ પદાર્થોમાં ઘૃતાદિ ભાવ નથી તેની જેમ ચરમાવર્ત બહારના જીવોની ધર્મક્રિયામાં અધ્યાત્મ નથી તેથી જેમ તૃણાદિમાંથી ઘી પ્રગટ થતું નથી તેમ ચરમાવર્ત

બહારના જીવોની ધર્મક્રિયાથી અધ્યાત્મ પ્રગટ થતું નથી, ફક્ત જેમ તૃણાદિ પણ ગાય આદિ ચરે અને દૂધાદિરૂપે બને ત્યારે તે દૂધમાં ઘી આદિનો ભાવ છે; કેમ કે દૂધમાં ઘી આદિ ભાવની નિષ્પત્તિની પ્રતીતિ છે તેમ અચરમાવર્તવાળા જીવો જ ચરમાવર્તમાં આવે ત્યારે તેઓની ધર્મક્રિયામાં અધ્યાત્મની નિષ્પત્તિની પ્રતીતિ છે, તેથી જેમ દૂધ આદિમાં ઘૃતાદિનો યોગ છે તેમ ચરમાવર્તમાં અધ્યાત્મનો યોગ છે, તેના પૂર્વ અધ્યાત્મનો યોગ નથી. **॥૯૫॥**

અવતરણિકા :-

अत एवाह –

અવતરણિકાર્થ :-

આથી જ=ઘૃતાદિભાવની જેમ યોગ પણ અન્યદા નથી આથી જ, કહે છે=શ્લોકમાં કહે છે –

શ્લોક :-

नवनीतादिकल्पस्तत्तद्भावेऽत्र निबन्धनम् ।
पुद्गलानां परावर्तश्चरमो न्यायसङ्गतम् ।।९६।।

અન્વયાર્થ :-

तत्=તે કારણથી=શ્લોક-૯૩થી ૯૫માં જુદાં જુદાં દૃષ્ટાંતોથી કહ્યું કે અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તે કારણથી, अत्र=અહીં=યોગની વિચારણામાં, तद्भावे=તેના ભાવમાં=અધ્યાત્માદિના પરિણામમાં, निबन्धनम्=હેતુ એવો, नवनीतादिकल्पः=નવનીતાદિ તુલ્ય, पुद्गलनां चरमः परावर्तः=પુદ્ગલોનો ચરમ પરાવર્ત, न्यायसङ्गतम्=ન્યાયસંગત છે. ॥૯૬॥

શ્લોકાર્થ :-

શ્લોક-૯૩થી ૯૫માં જુદાં જુદાં દૃષ્ટાંતોથી કહ્યું કે અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તે કારણથી યોગની વિચારણામાં તેના ભાવમાં હેતુ એવો નવનીતાદિ તુલ્ય પુદ્ગલોનો ચરમ પરાવર્ત ન્યાયસંગત છે. ॥૯૬॥

ટીકા :-

नवनीतं=म्रक्षणम्, आदिशब्दाद्दधिदुग्धादिग्रहः ततो घृतादिपरिणामे नवनीतादिकल्पः तत्=तस्मात्, तद्भावे=अध्यात्मादिपरिणामे, अत्र=योगविचारे, निबन्धनं=हेतुः, पुद्गलानां परावर्त उक्तरूपः चरमः=अपश्चिमः, न्यायसंगतं=युक्तियुक्तमेतत् ।।९६।।

ટીકાર્થ :-

नवनीतं ..... युक्तमेतत् ।। નવનીત=માખણ, આદિ શબ્દથી દહીં-દૂધ આદિનું ગ્રહણ કરવું, તેથી

ઘૃતાદિ પરિણામમાં નવનીતાદિ તુલ્ય ચરમ પુદ્ગલપરાવર્ત છે એમ અન્વય છે, તે કારણથી=પૂર્વમાં ત્રણ દૃષ્ટાંતથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અચરમાવર્તમાં અધ્યાત્મ નથી તે કારણથી, અહીં=યોગના વિચારમાં, તેના ભાવમાં=અધ્યાત્માદિના પરિણામમાં, નિબંધન=હેતુ એવો, નવનીતાદિકલ્પ ઉક્ત રૂપવાળો પુદ્ગલોનો ચરમ પરાવર્ત ન્યાયસંગત છે=એ યુક્તિયુક્ત છે=પૂર્વમાં કહ્યું કે અધ્યાત્માદિ પરિણામમાં પુદ્ગલોનો ચરમપરાવર્ત હેતુ છે એ યુક્તિયુક્ત છે. ॥૯૬॥

ભાવાર્થ :-

શ્લોક-૯૩થી ૯૫ સુધી ત્રણ દૃષ્ટાંતો દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'અચરમાવર્તમાં અધ્યાત્મ આદિ યોગ નથી' તે કથનથી શું ફલિત થયું તે બતાવતાં કહે છે –

યોગ્ય જીવોમાં અધ્યાત્માદિ પરિણામ થવામાં ચરમ પુદ્ગલપરાવર્ત કારણ છે.

વળી તે ચરમ પુદ્ગલપરાવર્ત કેવો છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

ઘી આદિ પરિણામમાં જેમ માખણ આદિ કારણ છે તેમ તેના તુલ્ય અધ્યાત્માદિ પરિણામમાં ચરમ પુદ્ગલપરાવર્ત કારણ છે.

તેથી શ્લોક-૭૨માં કહેલ કે 'ચરમ પુદ્ગલપરાવર્તમાં ભિન્નગ્રંથિ ચારિત્રીને અધ્યાત્મ થાય છે, અન્યને નહિ' એ કથન ન્યાયસંગત છે=યુક્તિયુક્ત છે; કેમ કે ચરમાવર્ત પૂર્વે ક્યારે પણ કોઈ જીવમાં અધ્યાત્માદિ યોગ પ્રગટ થતો નથી. **॥૯૬॥**

અવતરણિકા :-

શ્લોક-૯૬માં સ્થાપન કર્યું કે અધ્યાત્માદિ પરિણામ પ્રત્યે ચરમાવર્ત હેતુ છે, એને જ પુષ્ટ કરવા માટે કહે છે –

શ્લોક :-

अत एवेह निर्दिष्टा, पूर्वसेवापि या परैः ।
साऽऽसन्नाऽन्यगता मन्ये, भवाभिष्वङ्गभावतः ।।९७।।

અન્વયાર્થ :-

अत एव=આથી જ=ચરમાવર્તમાં અધ્યાત્મનો ભાવ છે આથી જ, इह=અહીં=યોગની વિચારણામાં, परैः=બીજા વડે=કપિલાદિ વડે, या पूर्वसेवापि निर्दिष्टा=જે પૂર્વસેવા પણ બતાવાઈ, सा=તે आसन्नाऽन्यगता= આસન્ન એવા અન્યગતા=ચરમાવર્તની આસન્ન એવા અન્ય આવર્તગતા છે, मन्ये=એ પ્રમાણે હું માનું છું, भवाभिष्वङ्गभावतः=કેમ કે ભવઅભિષ્વંગનો ભાવ છે=પર વડે બતાવાયેલી પૂર્વસેવામાં અત્યંત દૃઢ સાંસારિક ફળનો રાગ છે. ॥૯૭॥

શ્લોકાર્થ :-

ચરમાવર્તમાં અધ્યાત્મનો ભાવ છે આથી જ અહીં બીજા વડે જે પૂર્વસેવા પણ બતાવાઈ તે આસન્ન એવા અન્યગતા છે; કેમ કે ભવઅભિષ્વંગનો ભાવ છે. ॥૯૭॥

ટીકા :-

अत एव=चरमावर्तेऽध्यात्मभावादेव, इह=योगप्रज्ञापनायाम्, निर्दिष्टा=निरूपिता, पूर्वसेवापि=भोगार्थं यमनियमाराधनरूपा, किं पुनर्लोकपंक्तिमात्रमित्यपिशब्दार्थः या परैः=कापिलादिभिः, सा आसन्नान्यगता=चरमावर्तासन्नान्यतरपरावर्तवर्तिनीति मन्येऽहं, न पुनश्चरमावर्तगतेति, कुत इत्याह - भवाभिष्वङ्गभावतः=अत्यन्तदृढसांसारिकफलप्रतिबन्धात् ।।९७।।

ટીકાર્થ :-

अत एव ..... प्रतिबन्धात् ।। આથી જ=ચરમાવર્તમાં અધ્યાત્મનો ભાવ હોવાથી જ, અહીં=યોગની વિચારણામાં, પૂર્વસેવા પણ=ભોગ માટે યમ-નિયમની આરાધનારૂપ પૂર્વસેવા પણ, જે બીજા વડે=કાપિલાદિ દર્શનવાળા વડે, બતાવાઈ તે=તે પૂર્વસેવા, આસન્ન અન્યગતા=ચરમાવર્તના આસન્ન એવા અન્ય પરાવર્તવર્તિની છે, એ પ્રમાણે હું માનું છું, પરંતુ ચરમાવર્તવર્તિની નથી એ પ્રમાણે હું માનું છું.

કેમ ગ્રંથકારશ્રી એ પ્રમાણે માને છે ? એથી કહે છે –

ભવ અભિષ્વંગનો ભાવ હોવાથી=કાપિલાદિ દર્શનવાળાને ભોગાર્થે પૂર્વસેવાના નિરૂપણમાં અત્યંત દૃઢ સાંસારિક ફળનો પ્રતિબંધ હોવાથી ગ્રંથકારશ્રીને તે પૂર્વસેવા અન્ય આવર્તવાળી છે એમ જણાય છે.

'पूर्वसेवापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

લોકપંક્તિમાત્રનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે. ॥૯૭॥

ભાવાર્થ :-

ચરમાવર્ત બહારના જીવોને સાંસારિક સુખો પ્રત્યે ગાઢ રાગ હોય છે, તેથી ચરમાવર્ત બહારના જીવોમાં અધ્યાત્મ પ્રગટ થતું નથી, પરંતુ ચરમાવર્તમાં જ અધ્યાત્માદિનો ભાવ છે, આથી જ કપિલાદિ વડે ભોગ માટે જે યમનિયમની આરાધનારૂપ પૂર્વસેવા બતાવાઈ છે તે પૂર્વસેવા બતાવનારા કપિલાદિમાં સાંસારિક ફળનો દૃઢ રાગ હોવાથી તેઓની યમ-નિયમની આચરણા ચરમાવર્તના પૂર્વના પણ ચરમાવર્તની નજીકના આવર્તવર્તિ છે એમ ગ્રંથકારશ્રીને જણાય છે. વસ્તુતઃ તેઓનો ભવનો અભિષ્વંગ અત્યંત છે, તેથી તેઓની પૂર્વસેવા ચરમાવર્ત બહારની હોવાની સંભાવના ગ્રંથકારશ્રી કરે છે; કેમ કે ચરમાવર્તમાં પણ કેટલાક જીવો ભવઅભિષ્વંગવાળી પૂર્વસેવા આચરે છે, તેથી અતિશયજ્ઞાની સિવાય છદ્મસ્થ કોઈની ભવઅભિષ્વંગવાળી પૂર્વસેવાને જોઈને આ પૂર્વસેવા ચરમાવર્ત બહારની હશે તેવી સંભાવના માત્ર કરી શકે, પરંતુ આ પૂર્વસેવા

ચરમાવર્ત બહારની જ છે તેમ કહી શકે નહિ. આથી જ ગ્રંથકારશ્રીએ પણ કપિલાદિની પૂર્વસેવાને અચરમાવર્તની હોવાની સંભાવના જ બતાવેલ છે.

અહીં વિશેષ એ છે કે ભાવથી ભાવની પ્રસુતિ છે એ ન્યાય પ્રમાણે કપિલાદિઋષિઓ ભવનાં અભિષ્વંગવાળા હોવાથી મોક્ષ અર્થ પણ બતાવેલ તેમની યમનિયમની આચરણા ભોગર્થ જ છે; કેમ કે ઉપદેશકનાં ભાવથી પ્રાયઃ શ્રોતાને પણ ભવનો અભિષ્વંગ જ થાય છે માટે ભોગાર્થ તેમની પૂર્વ સેવા છે એમ ભાષે છે તત્ત્વબહુશ્રુત વિચાર. ॥૯૭॥

અવતરણિકા :-

એનામેવાધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૯૭માં કહ્યું કે ભવઅભિષ્વંગના ભાવને કારણે પર વડે બતાવાયેલી પૂર્વસેવા અન્ય આવર્તગતા છે એને જ, આશ્રયીને કહે છે –

શ્લોક :-

अपुनर्बन्धकादीनां, भवाब्धौ चलितात्मनाम् ।
नासौ तथाविधा युक्ता, वक्ष्यामो युक्तिमत्र तु ।।९८।।

અન્વયાર્થ :-

भवाब्धौ=ભવસમુદ્રમાં, चलितात्मनाम् अपुनर्बन्धकादीनां=ચલિત આત્માવાળા એવા અપુનર્બંધકાદિની, असौ=આ=પૂર્વસેવા, तथाविधा=તેવા પ્રકારની=કપિલાદિ વડે બતાવાઈ તેવા પ્રકારની, युक्ता न=યુક્ત નથી, तु=વળી, अत्र=આમાં=અપુનર્બંધકાદિની અને ચરમાવર્ત બહારના જીવોની પૂર્વસેવાના ભેદમાં, युक्तिम्=યુક્તિને, वक्ष्यामः=અમે કહીશું. ॥૯૮॥

શ્લોકાર્થ :-

ભવસમુદ્રમાં ચલિત આત્માવાળા એવા અપુનર્બંધકાદિની પૂર્વસેવા તેવા પ્રકારની યુક્ત નથી, વળી અપુનર્બંધકાદિની અને ચરમાવર્ત બહારના જીવોની પૂર્વસેવાના ભેદમાં યુક્તિને અમે કહીશું. ॥૯૮॥

ટીકા :-

अपुनर्बन्धकादीनाम्=अपुनर्बन्धकसम्यग्दृष्ट्यादीनाम्, भवाब्धौ=संसारजलधौ, चलितात्मनां=विनिवर्तमानात्मनाम्, किमित्याह–नासौ=पूर्वसेवा, तथाविधा=अपरोपन्यस्तपूर्वसेवासदृशी युक्ता, कुतः ? यतः वक्ष्यामो=भणिष्यामो, युक्तिं=हेतुं, अत्र तु=अनयोः, पुनः पूर्वसेवयोर्विशेषगतामिति ।।९८।।

❖ શ્લોકમાં રહેલા 'अत्र तु'નો અર્થ કરતાં ટીકામાં કહ્યું કે 'अनयोः पुनः पूर्वसेवयोर्विशेषगताम्' ત્યાં 'अनयोः पुनः पूर्वसेवयोर्विशेषगतायाम्' એ પ્રમાણે પાઠ જોઈએ. પાઠશુદ્ધિ મળી નથી, પરંતુ 'अत्र' શબ્દ સપ્તમ્યર્થક છે, તેથી 'विशेषगतायाम्' એ પ્રમાણે સપ્તમી જોઈએ.

ટીકાર્થ :-

अपुनर्बन्धकादीनाम् ..... पूर्वसेवयोर्विशेषगतामिति ।। ભવસમુદ્રમાં ચલિત આત્માવાળા=સંસારસમુદ્રમાં વિનિવર્તમાન સ્વરૂપવાળા એવા, અપુનર્બંધકાદિની=અપુનર્બંધક-સમ્યગ્દૃષ્ટિ આદિની, આ=પૂર્વસેવા, તેવા પ્રકારની=બીજાઓ વડે ઉપન્યાસ કરાયેલી પૂર્વસેવા સદૃશી, યુક્ત નથી.

કેમ યુક્ત નથી ? એથી કહે છે –

જે કારણથી વળી આમાં=આ બન્ને પૂર્વસેવાના વિશેષગતમાં, યુક્તિને=હેતુને, અમે કહીશું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૯૮।।

ભાવાર્થ :-

અપુનર્બંધક જીવો સંસારના કંઈક વાસ્તવિક સ્વરૂપને જોનારા છે અને સમ્યગ્દૃષ્ટિ જીવો તો સૂક્ષ્મબોધવાળા હોવાને કારણે સંસારનું વાસ્તવિક સ્વરૂપ યથાર્થ જોનારા છે, તેથી અપુનર્બંધકાદિ જીવોનું ચિત્ત સંસારથી પર થવા માટે તત્પર છે, તેથી તે જીવો યમ-નિયમની આચરણારૂપ પૂર્વસેવા સેવે છે તે સંસારના ઉચ્છેદ માટે સેવે છે, પરંતુ સંસારના ભોગ માટે સેવતા નથી, વળી સ્વદર્શન પ્રત્યેનો ગાઢ રાગ હોવાથી કપિલાદિ વડે યમ-નિયમની આચરણા બતાવાયેલી હોવા છતાં સ્વદર્શનની એકાંત માન્યતામાં અનિવર્તનીય રાગ વર્તે છે, તેથી તેઓની યમ-નિયમની આચરણા પણ તત્ત્વના પક્ષપાતથી પ્રરૂપણા કરાયેલી નથી, પરંતુ પોતાના દર્શન પ્રત્યેના ગાઢ રાગથી પ્રરૂપણા કરાયેલી છે, તેથી અપુનર્બંધક જીવો જે પૂર્વસેવા સેવે છે તે પૂર્વસેવા અન્ય દર્શનવાળા વડે બતાવાયેલી પૂર્વસેવા સદૃશી નથી.

કેમ સદૃશી નથી, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

ગ્રંથકારશ્રી સ્વયં અપુનર્બંધકાદિની પૂર્વસેવા અને સ્વ-સ્વ-દર્શનના રાગવાળાથી બતાવાયેલી પૂર્વસેવામાં રહેલા ભેદમાં યુક્તિને આગળ બતાવશે, તેથી નક્કી થાય કે અપુનર્બંધકાદિ જીવોની જેવી પૂર્વસેવા છે તેવી પૂર્વસેવા કપિલાદિ વડે બતાવાઈ નથી.

અહીં વિશેષ એ છે કે તે તે દર્શનના નિરૂપક એવા કપિલ, બુદ્ધ આદિ સ્વ-સ્વ-દર્શન પ્રત્યે ગાઢ અભિષ્વંગવાળા હતા, એથી તેઓએ જે યમ-નિયમની આચરણા બતાવી તે સર્વ સાથે પોતાના એકાંત દર્શનનો બદ્ધ રાગ વર્તે છે, તેથી તે આચરણા બતાવનારા કપિલાદિમાં સ્વદર્શનના અત્યંત રાગરૂપ ભવનો અભિષ્વંગ હતો, તેથી તેઓની બતાવાયેલી પૂર્વસેવા અપુનર્બંધકાદિ જીવોથી સેવાતી પૂર્વસેવા કરતાં વિલક્ષણ છે, આથી જ તેઓની પૂર્વસેવા ગ્રંથકારશ્રી ચરમાવર્ત બહારની હોવાની સંભાવના કરે છે.

વળી કપિલાદિ દર્શનમાં રહેલા જે યોગ્ય જીવો છે અને જેઓ કદાગ્રહ વગરના તત્ત્વના અર્થી છે તેઓ પ્રથમની ચાર દૃષ્ટિમાં રહેલા છે અને તેઓ અપુનર્બંધક દશાવાળા છે અને તેઓ સર્વજ્ઞે બતાવેલા યોગમાર્ગને જ તત્ત્વથી યમ-નિયમાદિરૂપે સેવે છે તેઓ અન્યદર્શનમાં રહેલા હોવા છતાં કદાગ્રહ વગરના હોવાથી તેઓની પૂર્વસેવા ચરમાવર્તવર્તી છે તેમ સ્વયં ગ્રંથકારશ્રીએ યોગદૃષ્ટિમાં સ્થાપન કરેલ છે.

તેથી એ ફલિત થાય કે કદાગ્રહ વગરના તત્ત્વના અર્થી અન્ય દર્શનમાં રહેલા જે અપુનર્બંધક જીવો યમ-નિયમની આચરણા કરે છે તે ચરમાવર્તવર્તી છે અને જૈનદર્શનમાં રહેલા સ્થૂલ બોધવાળા કદાગ્રહ વગરના જીવો જે પાંચ મહાવ્રતો કે અણુવ્રતોની આચરણા કરે છે એ રૂપ પૂર્વસેવા ચરમાવર્તવર્તી છે અને જેઓ જૈનદર્શનમાં રહેલા કદાગ્રહી છે, તત્ત્વ પ્રત્યેના બદ્ધ રાગવાળા નથી, પરંતુ સ્વ સ્વ માન્યતા પ્રત્યે બદ્ધ રાગવાળા છે તેઓની પાંચ મહાવ્રતની આચરણા કે પાંચ અણુવ્રતની આચરણા પોતાના પક્ષના રાગને દૃઢ કરવારૂપ ભોગાર્થ હોવાથી ચરમાવર્ત બહારની હોવાની સંભાવના છે અને કપિલાદિ દર્શનવાળા પણ જે સ્વદર્શનના ગાઢ રાગવાળા છે તેઓની યમ-નિયમની આચરણા પોતાના દર્શનના પક્ષપાતને પોષનારી હોવાથી ભોગાર્થ છે મોક્ષાર્થ નથી, તેથી તે આચરણાને ગ્રંથકારશ્રી બહારની હોવાની સંભાવના કરે છે. **॥૯૮॥**

અવતરણિકા :-

યુક્તિમેવાહ –

અવતરણિકાર્થ :-

યુક્તિને જ કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૯૮માં કહેલ કે 'અપુનર્બંધકાદિની પૂર્વસેવા અને અન્ય દર્શનવાળા વડે ઉપન્યસ્ત એવી પૂર્વસેવાના વિશેષગતમાં યુક્તિને અમે કહીશું', તેથી હવે યુક્તિને જ બતાવે છે –

શ્લોક :-

मुक्तिमार्गपरं युक्त्या, युज्यते विमलं मनः ।
सद्बुद्ध्यासन्नभावेन, यदमीषां महात्मनाम् ।।९९।।

અન્વયાર્થ :-

यद्=જે કારણથી, अमीषां महात्मनाम्=આ મહાત્માઓનું=અપુનર્બંધકાદિ પ્રશસ્ત સ્વભાવવાળા જીવોનું, सद्बुद्ध्यासन्नभावेन=સદ્બુદ્ધિ આસન્ન ભાવને કારણે, मुक्तिमार्गपरं विमलं मनः=મુક્તિમાર્ગમાં પરાયણ એવું વિમલ મન, युक्त्या युज्यते=યુક્તિથી ઘટે છે (તે કારણથી કપિલાદિની બતાવાયેલી ભવઅભિષ્વંગવાળી પૂર્વસેવા કરતાં અપુનર્બંધકાદિની પૂર્વસેવાનો ભેદ છે, એમ શ્લોક-૯૮ સાથે સંબંધ છે.) ॥૯૯॥

શ્લોકાર્થ :-

જે કારણથી આ મહાત્માઓનું સદ્‌બુદ્ધિ આસન્ન ભાવને કારણે મુક્તિમાર્ગમાં પરાયણ એવું વિમલ મન યુક્તિથી ઘટે છે, તે કારણથી કપિલાદિની બતાવાયેલી ભવઅભિષ્વંગવાળી પૂર્વ સેવા કરતાં અપુનર્બંધકાદિની પૂર્વસેવાનો ભેદ છે, એમ શ્લોક-૯૮ સાથે સંબંધ છે. ।।૯૯।।

ટીકા :-

मुक्तिमार्गपरं=निर्वाणपथपरायणम्, युक्त्या युज्यते=घटते, किमित्याह–विमलं=अतितीव्रमिथ्यात्वादिमलविकलं, मनः=अन्तःकरणं, सद्‌बुद्ध्यासन्नभावेन=सम्यक्त्वाद्युत्तरोत्तरशुद्धगुणस्थानसमीपभावेन, यत्=यस्मात्, अमीषां=अपुनर्बन्धकादीनां, महात्मनां=प्रशस्तस्वभावानां, न पुनरावर्तान्तरवर्तिनां, यमनियमानुष्ठानेऽप्यतिदृढभवाभिष्वङ्गभावादिति ।।९९।।

ટીકાર્થ :-

मुक्तिमार्गपरं ..... भवाभिष्वङ्गभावादिति ।। જે કારણથી આ અપુનર્બંધકાદિ મહાત્માઓને=પ્રશસ્ત સ્વભાવવાળા જીવોને, મુક્તિમાર્ગમાં પર=નિર્વાણપથમાં પરાયણ, યુક્તિથી ઘટે છે, શું ઘટે છે ? એથી કહે છે – વિમલ મન ઘટે છે=અતિતીવ્ર મિથ્યાત્વાદિ મલથી વિકલ એવું અંતઃકરણ ઘટે છે.

કેમ વિમલ મન ઘટે છે, તેમાં યુક્તિ આપે છે –

સદ્‌બુદ્ધિનો આસન્ન ભાવ હોવાને કારણે=સમ્યક્ત્વાદિ ઉત્તરોત્તર શુદ્ધ ગુણસ્થાનકનો સમીપ ભાવ હોવાને કારણે, વિમલ મન ઘટે છે એમ અન્વય છે. વળી આવર્તાન્તરવર્તી જીવોને=ચરમાવર્તથી અન્ય આવર્તવર્તી જીવોને, વિમલ મન ઘટતું નથી; કેમ કે યમ-નિયમના અનુષ્ઠાનમાં પણ અતિદૃઢ ભવઅભિષ્વંગનો ભાવ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૯૯।।

❖ 'अतितीव्रमिथ्यात्वादि'માં 'आदि' પદથી અતિતીવ્રચારિત્રમોહનીયનું ગ્રહણ કરવું.

❖ 'सम्यक्त्वाद्युत्तरोत्तर'માં 'आदि' પદથી દેશવિરતિ-સર્વવિરતિનું ગ્રહણ કરવું.

❖ 'अपुनर्बन्धकादीनां'માં 'आदि' પદથી સમ્યગ્‌દૃષ્ટિ આદિનું ગ્રહણ કરવું.

❖ 'यमनियमानुष्ठानेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સંસારની પ્રવૃત્તિમાં તો અતિદૃઢ ભવઅભિષ્વંગનો ભાવ છે, પરંતુ યમ-નિયમના અનુષ્ઠાનમાં પણ અતિદૃઢ ભવઅભિષ્વંગનો ભાવ છે.

ભાવાર્થ :-

શ્લોક-૯૮માં ગ્રંથકારશ્રીએ કહેલ કે 'અન્ય આવર્તવાળા જીવોની પૂર્વસેવા અને અપુનર્બંધકાદિની પૂર્વસેવામાં ભેદ છે અને તેમાં અમે યુક્તિને કહીશું.' તેથી હવે અપુનર્બંધક જીવોની પૂર્વસેવા અને અન્ય આવર્તવાળા જીવોની યમ-નિયમની આચરણારૂપ પૂર્વસેવાના ભેદને સ્પષ્ટ કરતાં કહે છે –

અપુનર્બંધક જીવો અને સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વાદિ ઉત્તરોત્તર શુદ્ધ ગુણસ્થાનકના સમીપભાવવાળા છે અર્થાત્ અપુનર્બંધક જીવો સમ્યક્ત્વ ગુણસ્થાનકના સમીપભાવવાળા છે, સમ્યગ્દૃષ્ટિ જીવો દેશવિરતિ ગુણસ્થાનકના સમીપભાવવાળા છે, તેથી પોતાની ભૂમિકાની ઉત્તરની ભૂમિકાને અનુરૂપ સદ્બુદ્ધિનો આસન્નભાવ અપુનર્બંધકાદિ જીવોમાં છે, તેથી અપુનર્બંધક જીવોનું મન અતિતીવ્ર મિથ્યાત્વમલથી વિકલ છે, સમ્યગ્દૃષ્ટિ જીવોનું મન મિથ્યાત્વમલથી વિકલ છે, દેશવિરતિવાળા જીવોનું મન તીવ્ર અવિરતિના મલથી વિકલ છે, તેથી અપુનર્બંધકાદિ જીવોનું મન મોક્ષમાર્ગમાં પરાયણ છે તે યુક્તિથી ઘટે છે, વળી અન્ય આવર્તવાળા જીવો યમ-નિયમની આચરણા કરતા હોય તોપણ સ્વ-સ્વ-દર્શનમાં અતિ રાગવાળા હોવાને કારણે સંસારના ઉચ્છેદના કારણભૂત તત્ત્વના રાગથી વિપરીત ભવના દૃઢ અભિષ્વંગવાળા છે, તેથી તેઓ યમ-નિયમની આચરણા કરતા હોવા છતાં તેઓનું મન વિમલ નથી.

આથી ફલિત થાય કે અપુનર્બંધકાદિ જીવો તત્ત્વ તરફના વલણવાળા હોય છે, તેથી તેઓને અનિવર્તનીય અસદ્ગ્રહ હોતો નથી અને અન્ય આવર્તવાળા જીવોમાં અનિવર્તનીય અસદ્ગ્રહ હોય છે, તેથી અપુનર્બંધકાદિ જીવોની પૂર્વસેવા અને અન્ય આવર્તવાળા જીવોની પૂર્વસેવા પરસ્પર સમાન નથી. ॥૯૯॥

અવતરણિકા :-

अथैतदेव तीर्थान्तरीयमतेन संवादयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે આને જ=શ્લોક-૯૯માં કહ્યું કે અપુનર્બંધકાદિ મહાત્માને વિમલ મન ઘટે છે એને જ, તીર્થાંતરીયના મતથી સંવાદન કરતાં કહે છે –

શ્લોક :-

तथा चान्यैरपि ह्येतद्योगमार्गकृतश्रमैः ।
सङ्गीतमुक्तिभेदेन, यद्गौपेन्द्रमिदं वचः ।।१००।।

અન્વયાર્થ :-

तथा च=અને તે રીતે=શ્લોક-૯૯માં કહ્યું કે અપુનર્બંધકાદિને વિમલ મન ઘટે છે તે રીતે, योगमार्गकृतश्रमैः अन्यैरपि=યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા એવા અન્ય વડે પણ, उक्तिभेदेन=ઉક્તિભેદથી=ગ્રંથકારશ્રીના વચન કરતાં અન્ય પ્રકારના વચનથી, एतद्=આ=ચરમાવર્તમાં જ વિમલ મન થાય છે એ, संङ्गीतम्=કહેવાયું છે, यद्=જે કારણથી, गौपेन्द्रं=ગોપેન્દ્રનું, इदं वचः=આ વચન છે=આગળના શ્લોકમાં બતાવાશે એ વચન છે. ॥૧૦૦॥

શ્લોકાર્થ :-

શ્લોક-૯૯માં કહ્યું કે અપુનર્બંધકાદિને વિમલ મન ઘટે છે તે રીતે યોગમાર્ગમાં કરાયેલા

શ્રમવાળા એવા અન્ય વડે પણ ઉક્તિભેદથી આ કહેવાયું છે, જે કારણથી ગોપેન્દ્રનું આ વચન છે. ।।૧૦૦।।

ટીકા :-

'तथा च' इति पूर्वोक्तार्थभावनार्थः अन्यैरपि हि किं पुनरस्माभिरित्यपिहिशब्दार्थः, एतत्=चरमावर्त एव विमलमनोलक्षणं वस्तु, योगमार्गकृतश्रमैः=योगमार्गविहिताभ्यासैः, सङ्गीतं=उक्तम्, उक्तिभेदेन शब्दविशेषलक्षणेन, कुतः ? यद्=यस्मात्, गौपेन्द्रं=भगवद्गोपेन्द्रोक्तम् इदं=अनन्तरमेव वक्ष्यमाणं, वचो=वचनम् ।।१००।।

ટીકાર્થ :-

'तथा च' ..... वचनम् ।। 'तथा च' શબ્દ પૂર્વોક્ત અર્થના ભાવન માટે છે, તેથી तथा च=તે રીતે=શ્લોક-૯૯માં ગ્રંથકારશ્રીએ કહ્યું તે રીતે, અન્ય વડે પણ આ=ચરમાવર્તમાં જ વિમલ મન લક્ષણ વસ્તુ છે એ, કહેવાયું છે.

કેવા અન્ય વડે કહેવાયું છે ?

યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા અન્ય વડે=યોગમાર્ગમાં કરાયેલા અભ્યાસવાળા અન્ય વડે, કહેવાયું છે.

કઈ રીતે કહેવાયું છે ? એથી કહે છે –

શબ્દવિશેષલક્ષણ ઉક્તિભેદથી કહેવાયું છે=ગ્રંથકારશ્રીના શબ્દ કરતાં અન્ય પ્રકારના શબ્દથી કહેવાયું છે, કેવી રીતે નક્કી થાય કે અન્ય વડે કહેવાયું છે ? જે કારણથી ગોપેન્દ્રનું=ભગવદ્ગોપેન્દ્રથી કહેવાયેલું, આ=અનંતર જ શ્લોકમાં કહેવાનારું વચન છે.

'अन्यैरपि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ કરે છે –

અમારા વડે તો શું કહેવું ? એ 'अपि हि' શબ્દનો અર્થ છે. ।।૧૦૦।।

ભાવાર્થ :-

જેમ –

અન્યદર્શનમાં કેટલાક સ્વદર્શન પ્રત્યેના ગાઢ રાગવાળા છે તેઓ સ્વદર્શનની યુક્તિ રહિત પણ એકાંત માન્યતા પ્રત્યે દૃઢ રાગવાળા હોય છે, તેથી તેઓ યમ-નિયમ સેવતા હોય તોપણ સ્વદર્શન પ્રત્યે અતાત્ત્વિક રાગ ધરાવે છે.

તેમ –

અન્યદર્શનમાં પણ કેટલાક માર્ગાનુસારી બુદ્ધિવાળા છે તેઓ યોગમાર્ગની પારમાર્થિક વિચારણા કરનારા હોય છે એવા જીવોને સ્વદર્શન પ્રત્યે અવિચારક રાગ હોતો નથી, પરંતુ સ્વદર્શનમાં જે યમ-નિયમની સુંદર આચરણા છે તેના પ્રત્યે રાગ હોય છે તેવા માર્ગાનુસારી બુદ્ધિવાળા અને યોગમાર્ગમાં જેમણે અભ્યાસ કર્યો

છે તેવા અન્ય દર્શનવાળા વડે પણ ગ્રંથકારશ્રીના શબ્દ કરતાં અન્ય શબ્દમાં કહેવાયું છે કે ચરમાવર્તમાં જ વિમલ મન હોય છે તેના પૂર્વે નહિ અને તેવું વચન ગોપેન્દ્રઋષિનું છે તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે -

ગોપેન્દ્રઋષિએ આગળના શ્લોકમાં બતાવાશે તે કહેલું છે અને તે વચનથી અર્થથી સિદ્ધ થાય છે કે ચરમાવર્તમાં જ વિમલ મન હોય છે. **॥૧૦૦॥**

અવતરણિકા :-

एतदेव दर्शयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૧૦૦માં કહ્યું કે ગોપેન્દ્રઋષિનું આ વચન છે એને જ, બતાવે છે –

શ્લોક :-

अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि ।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासापि प्रवर्तते ।।१०१।।

અન્વયાર્થ :-

सर्वथैव हि=સર્વથા જ, अनिवृत्ताधिकारायां प्रकृतौ=અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે, पुंसः=પુરુષને, अस्मिन् तत्त्वमार्गे=આ તત્ત્વમાર્ગમાં, जिज्ञासापि=જિજ્ઞાસા પણ, न प्रवर्तते=પ્રવર્તતી નથી. ।।૧૦૧।।

શ્લોકાર્થ :-

સર્વથા જ અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે પુરુષને આ તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા પણ પ્રવર્તતી નથી. ।।૧૦૧।।

ટીકા :-

अनिवृत्ताधिकारायां=अनिवृत्तोऽव्यावृत्तोऽधिकारः पुरुषाभिभवरूपो यस्याः सा तथा तस्याम्, प्रकृतौ-प्रधानाभिधानायाम्, सर्वथैव हि=सर्वैरेव प्रकारैः, अपुनर्बन्धकत्वस्याप्यप्राप्तावित्यर्थः, न=नैव, पुंसः=पुरुषस्य, तत्त्वमार्गेऽस्मिन्वक्तुमुपक्रान्ते, जिज्ञासापि=योगमार्गं ज्ञातुमिच्छा, किं पुनस्तदभ्यास इत्यपिशब्दार्थः प्रवर्तते=सञ्जायत इति ।।१०१।।

ટીકાર્થ :-

अनिवृत्ताधिकारायां ..... सञ्जायत इति ।। અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે=અનિવૃત્ત અર્થાત્ અવ્યાવૃત્ત પુરુષના અભિભવરૂપ અધિકાર છે જેને તે તેવી છે તે પ્રધાન નામવાળી પ્રકૃતિ હોતે છતે, સર્વથા જ=સર્વ પ્રકારે જ, અપુનર્બંધકત્વની પણ અપ્રાપ્તિ હોતે છતે પુરુષને કહેવા માટે ઉપકાન્ત એવા આ તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા પણ=યોગમાર્ગને જાણવાની ઇચ્છા પણ, થતી નથી જ.

'जिज्ञासापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

તેના અભ્યાસમાં=યોગમાર્ગના અભ્યાસમાં, વળી શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૦૧॥

❖ 'अपुनर्बन्धकत्वस्यापि'માં રહેલા 'अपि'થી એ કહેવું છે કે સમ્યક્ત્વની અપ્રાપ્તિ હોતે છતે તો પ્રકૃતિનો અધિકાર નિવર્તન નથી પામ્યો, પરંતુ અપુનર્બંધકપણાની પણ અપ્રાપ્તિ હોતે છતે સર્વ પ્રકારે પ્રકૃતિનો અધિકાર નિવર્તન નથી પામ્યો.

ભાવાર્થ :-

ગોપેન્દ્રઋષિ માને છે કે સંસારઅવસ્થામાં પ્રધાન નામવાળી પ્રકૃતિ પુરુષનો અભિભવ કરે છે અને જે જીવો ઉપરથી સર્વથા જ પ્રકૃતિકૃત અભિભવની નિવૃત્તિ થઈ નથી તેઓ જે કંઈ વિચારણા કરે છે તે કર્મ પ્રકૃતિને પરવશ થઈને કરે છે, તેથી આગળ જે યોગમાર્ગ કહેવાશે તે યોગમાર્ગના વિષયમાં તેવા જીવોને જિજ્ઞાસા થતી નથી, પરંતુ કર્મપ્રકૃતિના સર્વથા અભિભવને કારણે તેઓ ભોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે અને ક્વચિત્ કોઈક નિમિત્તને પામીને યમ-નિયમની આચરણા કરે તોપણ યોગમાર્ગના પરમાર્થને જાણવાની ઇચ્છા તેઓને થતી નથી, પરંતુ સર્વથા પ્રકૃતિના અભિભવને કારણે સ્વદર્શનમાં જ બદ્ધરાગ વર્તે છે, તેથી તે જીવો સંસારથી ચલિત માનસવાળી એવી અપુનર્બંધકદશાને પણ પામ્યા નથી અને યમ-નિયમ સેવીને પણ સ્વ-સ્વ-દર્શનના દૃઢ અભિષ્વંગને કારણે સંસારના રાગને પોષે છે. **॥૧૦૧॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૧૦૧માં કહ્યું કે સર્વથા જ અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે પુરુષને યોગમાર્ગમાં જિજ્ઞાસા પણ થતી નથી એને જ, ભાવન કરે છે=દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

क्षेत्ररोगाभिभूतस्य, यथात्यन्तं विपर्ययः ।
तद्वदेवास्य विज्ञेयस्तदावर्तनियोगतः ।।१०२।।

અન્વયાર્થ :-

यथा=જે પ્રમાણે, क्षेत्ररोगाभिभूतस्य=क्षेत्ररोगथी अभिभूत એવા પુરુષને, अत्यन्तं विपर्ययः=अत्यंत विपर्यय છે, तद्वद्=તેની જેમ, तदावर्तनियोगतः=તે આવર્તના નિયોગથી=અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિના કાલમાં થનાર આવર્તના વ્યાપારથી, अस्य=આને=અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને, विज्ञेयः=જાણવો=અત્યંત વિપર્યય જાણવો. ॥૧૦૨॥

શ્લોકાર્થ :-

જે પ્રમાણે ક્ષેત્રરોગથી અભિભૂત એવા પુરુષને અત્યંત વિપર્યય છે તેની જેમ અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિના કાલમાં થનાર આવર્તના વ્યાપારથી અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને અત્યંત વિપર્યય જાણવો. ।।૧૦૨।।

ટીકા :-

क्षेत्ररोगाभिभूतस्य=क्षेत्ररोगेण रोगान्तराधारभूतेन कुष्ठादिनाऽभिभूतस्य 'यथा' इति दृष्टान्तार्थः अत्यन्तम्=अतीव, विपर्ययो=मतिभ्रंशरूपः स्यात् तद्वदेव इति दार्ष्टान्तिकार्थः अस्य= अनिवृत्तप्रकृत्यधिकारस्य पुंसः, विज्ञेयो विपर्ययो योगमार्गाऽप्रतिपत्तिरूपः, कुत इत्याह– तदावर्त्तनियोगतः=तस्याऽनिवृत्ताधिकारप्रकृतिकालभाविन आवर्तस्य प्रकृतेरेव परिवर्तस्य नियोगतो व्यापारात् ।।१०२।।

ટીકાર્થ :-

क्षेत्ररोगाभिभूतस्य ..... व्यापारात् ।। ક્ષેત્રરોગથી અભિભૂતને=રોગાન્તરના આધારભૂત એવા કોઢ આદિ ક્ષેત્રરોગથી અભિભૂત પુરુષને, જે પ્રમાણે અત્યંત મતિભ્રંશરૂપ વિપર્યય થાય, તેની જેમ જ આને=અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને, યોગમાર્ગની અપ્રતિપત્તિરૂપ વિપર્યય જાણવો.

શેનાથી વિપર્યય થાય છે ? એથી કહે છે –

તે આવર્તના નિયોગથી=અનિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિના કાલમાં થનાર એવા તે આવર્તના અર્થાત્ પ્રકૃતિના જ પરિવર્તનના નિયોગથી અર્થાત્ વ્યાપારથી, પુરુષને વિપર્યય વર્તે છે એમ અન્વય છે. ।।૧૦૨।।

ભાવાર્થ :-

મનુષ્યને કેટલાક રોગોમાં કુપથ્ય જ પોતાના રોગમાં હિતકારી છે તેવો મતિભ્રંશ વર્તે છે, તેથી તેવા રોગી જીવો કુપથ્યને સેવીને અનેક નવા રોગો ઉત્પન્ન કરે છે. તેવા રોગો અન્ય રોગના આધારભૂત કહેવાય છે. તેવા અન્ય રોગના આધારભૂત એવા કોઢ આદિ રોગવાળા જીવોને જે પ્રકારે વિપર્યાસ વર્તે છે તેની જેમ જે જીવો ઉપરથી કર્મનો અધિકાર લેશ પણ નિવર્તન પામ્યો નથી તેઓને યોગમાર્ગના અસ્વીકારરૂપ વિપર્યય વર્તે છે, તેથી કર્મથી અત્યંત અભિભવ પામેલા જીવો બાહ્યથી યમ-નિયમની આચરણા કરતા હોય કે શ્રાવકના આચારો પાળતા હોય કે જૈનસાધુપણું ગ્રહણ કરીને પાંચ મહાવ્રતો પાળતા હોય તોપણ જે યોગમાર્ગ સર્વ સંગથી પર થવાની દિશા બતાવે છે તે દિશાથી વિરુદ્ધ દિશામાં ચાલનારા છે, તેથી સ્વ-સ્વ દર્શન પ્રત્યે કે સ્વ-સ્વ માન્યતા પ્રત્યે ગાઢ પક્ષપાત કરીને તેઓ સંગની વાસનાને જ અતિશય કરે છે, તેથી તેઓની ધર્મપ્રવૃત્તિ પણ યોગમાર્ગરૂપ બનતી નથી, પરંતુ સંસારમાર્ગ જ બને છે.

કેમ આ જીવો યોગમાર્ગના વિષયમાં વિપર્યયવાળા હોય છે ? તેથી કહે છે – પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો નથી તેવા કાળવાળા કર્મના આવર્તના વ્યાપારથી તેઓની બુદ્ધિમાં વિપર્યાસ વર્તે છે, તેથી તેઓ યોગમાર્ગને અભિમુખ બનતા નથી. **॥૧૦૨॥**

અવતરણિકા :-

एतदपि कथमित्याह –

અવતરણિકાર્થ :-

આ પણ=શ્લોક-૧૦૨માં કહ્યું એ પ્રમાણે અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને અત્યંત વિપર્યય વર્તે છે એ પણ, કેમ છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૨માં કહ્યું કે સર્વથા અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને યોગમાર્ગમાં અત્યંત વિપર્યય વર્તે છે, ત્યાં જિજ્ઞાસા થાય કે તે જીવોને અત્યંત વિપર્યય છે તે કેમ નક્કી થાય ? એથી કહે છે –

શ્લોક :-

जिज्ञासायामपि ह्यत्र, कश्चित्सर्गो निवर्तते ।
नाक्षीणपाप एकान्तादाप्नोति कुशलां धियम् ।।१०३।।

અન્વયાર્થ :-

हि=જે કારણથી, अत्र=અહીં=પ્રસ્તુત ગ્રંથમાં નિરૂપણના વિષયભૂત યોગના વિષયમાં, जिज्ञासायामपि=જિજ્ઞાસા હોતે છતે પણ, कश्चित्सर्गः=કંઈક સર્ગ=પ્રકૃતિથી પુરુષના અભિભવરૂપ કંઈક સર્ગ, निवर्तते=નિવર્તન પામે છે (તે કારણથી અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને યોગમાર્ગના વિષયમાં અત્યંત વિપર્યય વર્તે છે એમ શ્લોક-૧૦૨ સાથે સંબંધ છે), अक्षीणपापः=અક્ષીણપાપવાળો પુરુષ, एकान्ताद्= એકાંતથી, कुशलां धियम्=કુશલબુદ્ધિને, न आप्नोति=પ્રાપ્ત કરતો નથી. ।।૧૦૩।।

શ્લોકાર્થ :-

જે કારણથી નિરૂપણના વિષયભૂત યોગના વિષયમાં જિજ્ઞાસા હોતે છતે પણ કંઈક સર્ગ નિવર્તન પામે છે, તે કારણથી અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને યોગમાર્ગના વિષયમાં અત્યંત વિપર્યય વર્તે છે એમ શ્લોક-૧૦૨ સાથે સંબંધ છે. અક્ષીણપાપવાળો પુરુષ એકાંતથી કુશલબુદ્ધિને પ્રાપ્ત કરતો નથી. ।।૧૦૩।।

ટીકા :-

जिज्ञासायामपि=ज्ञातुमिच्छायां, किं पुनरभ्यास इत्यपिशब्दार्थः हिः=यस्मात्, अत्र=योगे विषयभूते,

कश्चिदनिर्धारितरूपः सर्गः प्रकृतेः पुरुषाभिभवलक्षणः निवर्तते, एतदपि कुत इत्याह—न=नैव, अक्षीणपापः=अव्यावृत्तकल्मषः, एकान्तात्=एकान्तेनैव, आप्नोति=लभते प्राणी, कुशलां=मुक्तिपथानुवर्तिनीं धियं=बुद्धिमिति, किंतु कथंचित्क्षीणपापः ।।१०३।।

ટીકાર્થ :-

जिज्ञासायामपि ..... कथंचित्क्षीणपापः ।। જે કારણથી પ્રસ્તુત ગ્રંથમાં નિરૂપણના વિષયભૂત એવા યોગના વિષયમાં જિજ્ઞાસા હોતે છતે પણ=જાણવાની ઇચ્છા હોતે છતે પણ, કંઈક સર્ગ=અનિર્ધારિતરૂપવાળો પ્રકૃતિથી પુરુષના અભિભવરૂપ સર્ગ, નિવર્તન પામે છે, તે કારણથી અનિવૃત્ત પ્રકૃતિના અધિકારવાળા પુરુષને અત્યંત વિપર્યય છે એમ 'यस्माद्'નો અન્વય પૂર્વના શ્લોક સાથે છે, આ પણ=પ્રકૃતિનો અધિકાર હોય ત્યારે જિજ્ઞાસા પણ થતી નથી એ પણ, શેનાથી છે ? એથી કહે છે – અક્ષીણ પાપવાળો પુરુષ=નહિ દૂર થયેલા કલ્મષવાળો પુરુષ, એકાંતથી જ મુક્તિપથને અનુવર્તન કરનારી એવી કુશલબુદ્ધિને પ્રાપ્ત કરતો નથી, પરંતુ કથંચિત્ ક્ષીણપાપવાળો પ્રાપ્ત કરે છે.

ટીકામાં 'धियम्'નો અર્થ 'बुद्धिम्' કર્યો, ત્યારપછી 'इति' શબ્દ છે એ વધારાનો લાગે છે.

'जिज्ञासायामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

અભ્યાસમાં વળી શું કહેવું ? એ अपि શબ્દનો અર્થ છે. ।।૧૦૩।।

ભાવાર્થ :-

શ્લોક-૧૦૨માં કહ્યું કે અનિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા પુરુષને યોગમાર્ગમાં અત્યંત વિપર્યય વર્તે છે, ત્યાં પ્રશ્ન થાય કે અનિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા પણ કેટલાક જીવો યમ-નિયમની આચરણારૂપ યોગમાર્ગને સેવતા દેખાય છે, તેથી તેઓને અત્યંત વિપર્યય છે તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

જે જીવોને આ સંસારના અંતના કારણીભૂત એવા યોગમાર્ગ પ્રત્યે કંઈક અભિમુખભાવ થવાને કારણે સામાન્ય બોધ થયો છે અર્થાત્ 'આ યોગમાર્ગ ભવનો અંત કરનાર છે' તેવો સામાન્ય બોધ થયો છે અને તેના કારણે યોગમાર્ગના પરમાર્થને જાણવા માટે જિજ્ઞાસા થઈ છે તેવા જીવો ઉપરથી પ્રકૃતિનો અધિકાર કંઈક નિવર્તન પામ્યો છે અને જે જીવોને યોગમાર્ગ પ્રત્યેની પારમાર્થિક જિજ્ઞાસા પ્રગટી નથી અને સ્વ-સ્વ દર્શન પ્રત્યે અવિચારક રાગ વર્તે છે તેવા જીવોમાં તત્ત્વની જિજ્ઞાસા વર્તતી નથી, તેથી જણાય છે કે તેઓ ઉપરથી કર્મનો અધિકાર લેશ પણ દૂર થયો નથી; કેમ કે પ્રકૃતિનો અધિકાર કંઈક નિવર્તન પામે ત્યારે જીવો સંસારના અંતના કારણીભૂત યોગમાર્ગ પ્રત્યેના વલણવાળા થાય છે અને ત્યારે તેઓને યોગમાર્ગને વિશેષ જાણવાની ઇચ્છા પ્રગટે છે.

અહીં પ્રશ્ન થાય કે જે જીવો યમ-નિયમને સેવે છે તેઓને યોગમાર્ગના વિષયમાં જિજ્ઞાસા કેમ થતી નથી ? એથી કહે છે –

જે જીવો અક્ષીણપાપવાળા છે=ગાઢ મિથ્યાત્વ જેઓનું ક્ષય થયું નથી તેવા છે, તેવા જીવોને એકાંતથી જ કુશલબુદ્ધિની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ આત્માના હિતને કરનારી એવી નિર્મળબુદ્ધિ લેશ પણ થતી નથી, તેથી માત્ર ભોગમાર્ગના અર્થી એવા કે સ્વ-સ્વ-દર્શન પ્રત્યેના અવિચારક રાગથી અંધ એવા તે જીવો બાહ્યથી ધર્મ કરીને પણ સંસારની વૃદ્ધિ કરે છે. **॥૧૦૩॥**

અવતરણિકા :-

શ્લોક-૧૦૩માં કહ્યું કે અક્ષીણપાપવાળા જીવોને એકાંતથી કુશલબુદ્ધિ થતી નથી. હવે જેઓને કુશલબુદ્ધિ થાય છે તે કઈ રીતે કલ્યાણનું કારણ છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

શ્લોક :-

ततस्तदात्वे कल्याणमायत्यां तु विशेषतः ।
मन्त्राद्यपि सदा चारु, सर्वावस्थाहितं मतम् ।।१०४।।

અન્વયાર્થ :-

ततः=તેનાથી=કુશલબુદ્ધિની પ્રાપ્તિથી, तदात्वे=तदात्वમાં=કુશલબુદ્ધિના પ્રાપ્તિકાળમાં, कल्याणम्=કલ્યાણ છે, तु=વળી, आयत्यां=આગામી કાળમાં, विशेषतः=વિશેષથી કલ્યાણ છે, सदा चारु मन्त्राद्यपि=સદા ચારુ એવા મન્ત્રાદિ પણ, सर्वावस्थाहितं मतम्=સર્વ અવસ્થામાં હિત મનાયા છે. ॥૧૦૪॥

શ્લોકાર્થ :-

કુશલબુદ્ધિની પ્રાપ્તિથી કુશલબુદ્ધિના પ્રાપ્તિકાળમાં કલ્યાણ છે, વળી આગામી કાળમાં વિશેષથી કલ્યાણ છે, સદા ચારુ એવા મંત્રાદિ પણ સર્વ અવસ્થામાં હિત મનાયા છે. ॥૧૦૪॥

ટીકા :-

ततः-कुशलधीप्राप्तेः, तदात्वे=कुशलधीप्राप्तिकाले, कल्याणं=श्रेयःसमागमरूपम्, आयत्यां तु=आगामिनि काले पुनः, कुशलबुद्धिप्रभावोपात्तपुण्यपरिपाकवशेन विशेषतो=विशेषेण, एतदेव प्रतिवस्तूपमया दर्शयति–मन्त्राद्यपि=मन्त्रमण्यौषध्यादि, किं पुनः प्रकृतो योगः, सदा=सर्वकालम्, चारु=सुन्दरस्वभावम्, सर्वावस्थाहितं=सर्वावस्थासु व्यापारणाऽव्यापारणरूपासु हितं कल्याणावहम्, मतं=इष्टं, मतिमतामिति ।।१०४।।

ટીકાર્થ :-

ततः ..... मतिमतामिति ।। તેનાથી=કુશલબુદ્ધિની પ્રાપ્તિથી, કુશલબુદ્ધિના પ્રાપ્તિકાળમાં શ્રેયઃના સમાગમરૂપ કલ્યાણ છે, વળી આગામી કાળમાં કુશલબુદ્ધિના પ્રભાવથી પ્રાપ્ત થયેલા પુણ્યના પરિપાકના વશથી વિશેષથી કલ્યાણ છે, આને જ=કુશલબુદ્ધિની પ્રાપ્તિ થાય ત્યારે અને આગામી

કાળમાં કુશલબુદ્ધિ કલ્યાણનું કારણ છે એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ વસ્તુના દૃષ્ટાંતથી બતાવે છે – મન્ત્રાદિ પણ=મન્ત્ર-મણિ-ઔષધિ આદિ પણ, સદા=સર્વકાળ, સુંદર સ્વભાવવાળા સર્વ અવસ્થામાં હિત મનાયા છે=મન્ત્રાદિના વ્યાપારણ અને અવ્યાપારણ રૂપ સર્વ અવસ્થામાં કલ્યાણને લાવનાર એવાં હિત મતિમાનોને ઈષ્ટ છે.

'मन्त्राद्यपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

વળી પ્રકૃત એવા યોગનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૦૪॥

ભાવાર્થ :-

જે જીવોને કર્મના વિગમનને કારણે સંસારથી કંઈક વિમુખભાવ થયો છે અને તેના કારણે સંસારના અંતનું કારણ યોગમાર્ગ છે તેવું યોગીઓ પાસેથી સાંભળીને યોગમાર્ગના પરમાર્થને જાણવાની જિજ્ઞાસા થઈ છે જે જિજ્ઞાસા ઉત્તરોત્તર યોગમાર્ગને જાણવામાં સમ્યગ્ ઉદ્યમ કરાવીને યોગમાર્ગના રહસ્યનો બોધ કરાવે તેવી છે તે જીવોને તે કુશલબુદ્ધિની પ્રાપ્તિના કાળમાં કલ્યાણની પ્રાપ્તિ છે=પારમાર્થિક જિજ્ઞાસાને કારણે યોગમાર્ગના પરમાર્થનો બોધ કરાવે તેવા શ્રેયના સમાગમ રૂપ કલ્યાણની પ્રાપ્તિ છે. વળી તે કુશલબુદ્ધિને કારણે ભાવિમાં વિશેષ પ્રકારના યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ એવું પુણ્ય બંધાય છે અને તે પુણ્યના વિપાકથી આગામી કાળમાં તે જીવોને વિશેષથી કલ્યાણની પ્રાપ્તિ થશે.

પૂર્વમાં કહ્યું કે જે જીવોને કુશલબુદ્ધિ થાય છે તેઓને ત્યારે કલ્યાણ પ્રાપ્ત થાય છે અને ભવિષ્યમાં વિશેષથી કલ્યાણ પ્રાપ્ત થાય છે એ કથનને જ સદૃશ ઉપમાવાળા દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ પુરુષને વિશિષ્ટ પ્રકારનો મંત્ર, વિશિષ્ટ પ્રકારનો મણિ કે વિશિષ્ટ પ્રકારની ઔષધી પ્રાપ્ત થઈ હોય તે પુરુષ તે મંત્રાદિનો ઉપયોગ ન કરતો હોય ત્યારે પણ તે મન્ત્રાદિ તે પુરુષ માટે સુંદર સ્વભાવવાળા છે; કેમ કે પોતાની પાસે તે મન્ત્રાદિ હોવાને કારણે પોતે તે મન્ત્રાદિના બળથી સુરક્ષિત છે તેમ નિશ્ચિંત રહે છે અને જ્યારે કોઈ આપત્તિ આવે ત્યારે તે મન્ત્રાદિના વ્યાપાર દ્વારા પોતાનું હિત સાધી શકે છે, તેથી મન્ત્રાદિની પ્રાપ્તિ મન્ત્રાદિના વ્યાપારકાળમાં અને મન્ત્રાદિના અવ્યાપારકાળમાં હિત છે તેમ કુશલબુદ્ધિના વ્યાપારકાળમાં અને કુશલબુદ્ધિના અવ્યાપારકાળમાં કુશલબુદ્ધિ હિત છે અર્થાત્ કુશલબુદ્ધિથી પ્રાપ્ત થયેલો પુણ્યનો ઉદય હજી વિપાકમાં નથી તે વખતે કુશલબુદ્ધિનો અવ્યાપાર હોવા છતાં કુશલબુદ્ધિ હિતરૂપ છે અને કુશલબુદ્ધિથી જન્ય પુણ્યના વિપાકકાળમાં કુશલબુદ્ધિનો વ્યાપાર વર્તે છે ત્યારે કુશલબુદ્ધિ હિતરૂપ છે. **॥૧૦૪॥**

અવતરણિકા :-

इत्थं गोपेन्द्रमतमनूद्य वस्तुस्थितिं प्रतिपादयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૧૦૧ થી ૧૦૪ સુધી બતાવ્યું એ રીતે, ગોપેન્દ્રઋષિના મતને ઉદ્દેશીને વસ્તુસ્થિતિનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૦માં ગ્રંથકારશ્રીએ કહેલ કે ગોપેન્દ્રનું આ વચન છે, ત્યારપછી શ્લોક-૧૦૧માં ગોપેન્દ્રનો મત બતાવ્યો અને તેનું સમર્થન અત્યાર સુધી કર્યું. હવે આ રીતે ગોપેન્દ્ર મતને ઉદ્દેશીને 'જેમ ગોપેન્દ્રએ મધ્યસ્થતાથી કહ્યું કે પ્રકૃતિનો અધિકાર દૂર થાય ત્યારે પુરુષને તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા પ્રગટે છે તેમ ગોપેન્દ્રએ મધ્યસ્થતાથી શું સ્વીકારવું જોઈએ ? જેથી યોગમાર્ગને અનુકૂળ મધ્યસ્થભાવ સુંદર બને', એ રૂપ વસ્તુસ્થિતિને પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

उभयोस्तत्स्वभावत्वात्तदावर्त्तनियोगतः ।
युज्यते सर्वमेवैतन्नान्यथेति मनीषिणः ।।१०५।।

અન્વયાર્થ :-

सर्वमेवैतद्=સર્વ જ આ=કુશલબુદ્ધિની પ્રાપ્તિ આદિ જે ગોપેન્દ્ર કહે છે સર્વ જ આ, उभयोस्तत्स्वभावत्वात्=ઉભયનું તત્સ્વભાવપણું હોવાના કારણે, तदावर्तनियोगतः=તે આવર્તના નિયોગથી=ચરમાવર્તના નિયોગથી, युज्यते=ઘટે છે, नान्यथा=અન્યથા નહિ=પુરુષ અને પ્રકૃતિના તત્સ્વભાવપણાના અભાવમાં નહિ, इति=એને, मनीषिणः=બુદ્ધિમાન કહે છે. ।।૧૦૫।।

શ્લોકાર્થ :-

સર્વ જ આ ઉભયનું તત્સ્વભાવપણું હોવાના કારણે તે ચરમાવર્તના નિયોગથી ઘટે છે, અન્યથા નહિ, એને બુદ્ધિમાન કહે છે. ।।૧૦૫।।

ટીકા :-

उभयोः=पुरुषप्रकृत्योः, तत्स्वभावत्वात्=प्रकृतेर्व्यावृत्त्यधिकारस्वभावत्वात्, तद्व्यावृत्त्यधिकारत्वे च पुरुषस्य कुशलबुद्धिप्रापकस्वभावत्वात् तदावर्तनियोगतः=तस्य चरमावर्तस्य नियोगतः सामर्थ्यात्, युज्यते=घटते, सर्वमेवैतत्=कुशलधीप्राप्त्यादि, नान्यथा-उभयोस्तत्स्वभावत्वाभावे, इत्येतत्प्राहुः मनीषिणो=मतिमन्तः ।।१०५।।

ટીકાર્થ :-

उभयोः ..... मतिमन्तः ।। ઉભયનું અર્થાત્ પુરુષનું અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું હોવાથી=પ્રકૃતિનું

વ્યાવૃત્તિ અધિકાર સ્વભાવપણું હોવાથી અને પ્રકૃતિનું વ્યાવૃત્તિ અધિકારપણું હોતે છતે પુરુષનું કુશલબુદ્ધિપ્રાપક સ્વભાવપણું હોવાથી, તે આવર્તના નિયોગથી=તે ચરમ આવર્તના સામર્થ્યથી, સર્વ જ આ=ગોપેન્દ્ર જે કુશલબુદ્ધિની પ્રાપ્તિ આદિ કહે છે સર્વ જ આ, ઘટે છે, અન્યથા નહિ=પુરુષ અને પ્રકૃતિ ઉભયના તત્સ્વભાવપણાના અભાવમાં નહિ, એને મનીષી કહે છે. ॥૧૦૫॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૦૧માં ગોપેન્દ્રએ જે કહ્યું તે બતાવ્યું, પરંતુ ગોપેન્દ્ર સાંખ્ય દર્શનને માનનાર હોવાથી પુરુષને કૂટસ્થ નિત્ય માને છે અને પ્રકૃતિનો આ સર્વ વિલાસ છે તેમ માને છે તે ગોપેન્દ્રને ઉદ્દેશીને હવે ગ્રંથકારશ્રી કહે છે –

ગોપેન્દ્ર કુશલબુદ્ધિ પ્રાપ્તિ આદિ સ્વીકારે છે તે સર્વ તો જ ઘટી શકે કે જો ગોપેન્દ્ર પુરુષ અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું સ્વીકારે અર્થાત્ પ્રકૃતિનું વ્યાવૃત્તિ અધિકાર સ્વભાવપણું સ્વીકારે અને જ્યારે પ્રકૃતિ વ્યાવૃત્તિ અધિકારવાળી બને ત્યારે પુરુષનું કુશલબુદ્ધિ પ્રાપક સ્વભાવપણું સ્વીકારે, તો જે પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો છે તે પુરુષને ચરમાવર્તના સામર્થ્યને કારણે કુશલબુદ્ધિ પ્રાપ્તિ આદિ થાય છે એ સર્વ ઘટે અને જો પુરુષનો અને પ્રકૃતિનો તેવો સ્વભાવ ન હોય તો ગોપેન્દ્ર જે કહે છે તે સર્વ ઘટે નહિ એમ બુદ્ધિમાન પુરુષો કહે છે.

અહીં વિશેષ એ છે કે પુરુષ અને પ્રકૃતિ ઉભયના મિલનરૂપ સંસારઅવસ્થા છે અને જ્યાં સુધી આત્મા ઉપર પ્રકૃતિનો અધિકાર વર્તે છે ત્યાં સુધી આત્માને કુશલબુદ્ધિ થતી નથી અને આત્મા ઉપરથી પ્રકૃતિનો અધિકાર કંઈક જાય ત્યારે પુરુષને કુશલબુદ્ધિ થાય છે, તેથી માનવું પડે કે આત્મા સાથે સંબંધવાળી એવી પ્રકૃતિનો વ્યાવૃત્તિ પામવાનો સ્વભાવ છે, તેથી આત્મા ઉપરથી પ્રકૃતિનો અધિકાર વ્યાવૃત્તિ પામે છે અને જ્યારે આત્મા ઉપરથી પ્રકૃતિનો અધિકાર વ્યાવૃત્તિ પામે ત્યારે તે આત્માને કુશલબુદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી એમ માનવું પડે કે આત્માનો પણ તેવો સ્વભાવ છે કે પ્રકૃતિનો અધિકાર જાય ત્યારે કુશલબુદ્ધિને પ્રાપ્ત કરે અને જ્યારે પ્રકૃતિનો અધિકાર જાય ત્યારે જીવને ચરમાવર્તની પ્રાપ્તિ થાય છે અને ચરમાવર્તના સામર્થ્યને કારણે જીવને કુશલબુદ્ધિ પ્રાપ્ત થાય છે અને કુશલબુદ્ધિ પ્રાપ્ત થવાથી તત્ત્વાતત્ત્વને જાણવા માટે ઉદ્યમ કરે છે અને તત્ત્વના અને અતત્ત્વના વિભાગને જાણીને યોગમાર્ગનું સેવન કરે છે, આ સર્વ અનુભવથી દેખાતો પદાર્થ આત્માનો અને પ્રકૃતિનો તેવો સ્વભાવ સ્વીકારવાથી સંગત થાય છે, માટે આત્માને અને પ્રકૃતિને પરિણામી સ્વીકારવાં જોઈએ એ પ્રકારની વસ્તુસ્થિતિ ગ્રંથકારશ્રી ગોપેન્દ્રને બતાવે છે. **॥૧૦૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

'તથા'થી સમુચ્ચય કરે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૫ની અવતરણિકામાં કહ્યું કે ગોપેન્દ્રઋષિના મતને ઉદ્દેશીને વસ્તુસ્થિતિના પ્રતિપાદનને કરતાં ગ્રંથકારશ્રી કહે છે અને તે પ્રમાણે વસ્તુસ્થિતિ બતાવતાં શ્લોક-૧૦૫માં કહ્યું કે પુરુષ અને પ્રકૃતિનો તેવો સ્વભાવ સ્વીકારવો જોઈએ તો ગોપેન્દ્રનું કથન સંગત થાય અને તેમ બતાવીને પુરુષને અપરિણામી સ્વીકારનાર ગોપેન્દ્રને પુરુષને પરિણામી સ્વીકારવો જોઈએ તેમ વસ્તુ સ્થિતિ બતાવી. હવે ગોપેન્દ્રઋષિ સાંખ્ય મતાનુસાર સર્વ જીવોની કર્મપ્રકૃતિ ભિન્ન સ્વીકારતા નથી, પરંતુ જીવો અનંતા છે અને પ્રકૃતિ એક છે તેમ માને છે તે ઉચિત નથી પણ સર્વ જીવોને આશ્રયીને જુદી જુદી કર્મની પ્રકૃતિઓ છે તે પ્રમાણે વસ્તુસ્થિતિ ગોપેન્દ્રઋષિએ સ્વીકારવી જોઈએ તેનો 'तथा'થી સમુચ્ચય કરતાં કહે છે –

શ્લોક :-

अत्राप्येतद्विचित्रायाः, प्रकृतेर्युज्यते परम् ।
इत्थमावर्तभेदेन, यदि सम्यग्निरूप्यते ।।१०६।।

અન્વયાર્થ :-

अत्रापि=અહીં પણ=શ્લોક-૧૦૫માં કહ્યું એ પ્રમાણે પુરુષ અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું હોતે છતે પણ, यदि=જો, इत्थं=આ રીતે=શ્લોક-૧૦૫માં કહ્યું એ રીતે, आवर्तभेदेन=આવર્તના ભેદથી, सम्यग्=સમ્યગ્, निरूप्यते=વિમર્શ કરાય તો, परं=કેવલ, विचित्रायाः प्रकृतेः=તે તે જીવને આશ્રયીને નાના રૂપવાળી એવી વિચિત્ર કર્મરૂપ પ્રકૃતિનું, एतद्=આ=નિવૃત્ત અધિકારપણું, युज्यते=ઘટે છે. ।।૧૦૬।।

શ્લોકાર્થ :-

શ્લોક-૧૦૫માં કહ્યું એ પ્રમાણે પુરુષ અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું હોતે છતે પણ જો આ રીતે આવર્તના ભેદથી સમ્યગ્ વિમર્શ કરાય તો કેવલ તે તે જીવને આશ્રયીને નાના રૂપવાળી એવી વિચિત્ર કર્મરૂપ પ્રકૃતિનું નિવૃત્ત અધિકારપણું ઘટે છે. ।।૧૦૬।।

ટીકા :-

अत्रापि=उभयोस्तत्स्वभावत्वे, किं पुनस्तदभावे न घटत इत्यपिशब्दार्थः, एतद्=निवृत्ताधिकारत्वम्, विचित्रायास्तत्सामग्रीबलेन (तत्तज्जीवमाश्रित्य) नानारूपायाः प्रकृतेः कर्मरूपायाः युज्यते परं=केवलम्, इत्थमुक्तप्रकारेण आवर्तभेदेन चरमावर्तरूपेण, यदि=चेत्, सम्यग्=यथावत्, निरूप्यते=विमृश्यत इति ।।१०६।।

ટીકાર્થ :-

अत्राप्युभयो ..... विमृश्यत इति ।। અહીં પણ=પુરુષ અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું હોતે છતે પણ, કેવલ તે તે જીવને આશ્રયીને નાના રૂપવાળી એવી વિચિત્ર કર્મરૂપ પ્રકૃતિનું આ=નિવૃત્ત અધિકારપણું, ઘટે છે.

ક્યારે ઘટે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

જો આ રીતે=શ્લોક-૧૦૫માં કહ્યું એ પ્રકારે, ચરમાવર્તરૂપ આવર્તના ભેદથી સમ્યગ્=યથાવત્, વિમર્શ કરાય.

'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

વળી તેના અભાવમાં=ઉભયના તત્સ્વભાવપણાના અભાવમાં, શું કહેવું ? અર્થાત્ ઘટતું નથી એ 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૦૬॥

❖ ટીકામાં 'विचित्रायास्तत्सामग्रीबलेन नानारूपायाः' છે ત્યાં 'विचित्रायास्तत्तज्जीवमाश्रित्य नानारूपायाः' એ પ્રમાણે પાઠ જોઈએ. શુદ્ધિ ઉપલબ્ધ નથી અને તેવો અર્થ ન સ્વીકારીએ તો શ્લોક-૧૦૭-૧૦૮નું કથન સંગત થતું નથી. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

ભાવાર્થ :-

ગોપેન્દ્રઋષિ કહે છે કે પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર કંઈક ઓછો થાય ત્યારે પુરુષને તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા થાય છે, તેને ગ્રંથકારશ્રી કહે છે કે ગોપેન્દ્રઋષિ પુરુષ અને પ્રકૃતિનું તત્સ્વભાવપણું સ્વીકારે અને જે જીવો ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો છે તે જીવોને ચરમાવર્તની પ્રાપ્તિ થઈ છે અર્થાત્ અનેક પુદ્ગલપરાવર્તો સંસારપરિભ્રમણ કરવાની શક્તિ ગઈ અને એક પુદ્ગલપરાવર્ત સંસારપરિભ્રમણ કરવાની શક્તિ છે તેમ સ્વીકારે, તો ગોપેન્દ્રઋષિ કહે છે તે વસ્તુ સંગત થાય અને વળી એમ સ્વીકારે કે તે તે જીવને આશ્રયીને પ્રકૃતિ જુદી જુદી છે અને જો સર્વ જીવોની જુદી જુદી પ્રકૃતિ છે એમ ન સ્વીકારે અને સર્વ જીવો સાધારણ એક જ પ્રકૃતિ છે એ પ્રમાણે જે સાંખ્ય દર્શનકાર માને છે તેમ સ્વીકારે તો આત્મા ઉપરથી પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થાય છે તે ગોપેન્દ્રઋષિનું કથન સંગત થાય નહિ.

આમ બતાવીને ગોપેન્દ્રઋષિ સર્વ જીવ સાધારણ એક પ્રકૃતિ સ્વીકારે છે તે સંગત નથી, પરંતુ દરેક જીવની જુદી જુદી પ્રકૃતિઓ છે એ પ્રકારની વસ્તુસ્થિતિ ગોપેન્દ્રઋષિએ સ્વીકારવી જોઈએ એમ ગ્રંથકારશ્રી કહે છે અને જો પ્રકૃતિને દરેક જીવને આશ્રયીને જુદી જુદી ન સ્વીકારવામાં આવે તો શું દોષ પ્રાપ્ત થાય તે ગ્રંથકારશ્રી સ્વયં શ્લોક-૧૦૭-૧૦૮માં બતાવે છે. **॥૧૦૬॥**

અવતરણિકા :-

अत्रैव विपक्षे बाधामाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=કર્મપ્રકૃતિના વિષયમાં જ, વિપક્ષમાં=દરેક જીવને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રકૃતિ ન સ્વીકારવા રૂપ વિપક્ષમાં, બાધાને કહે છે –

શ્લોક :-

अन्यथैकस्वभावत्वादधिकारनिवृत्तितः ।
एकस्य सर्वतद्भावो, बलादापद्यते सदा ।।१०७।।

અન્વયાર્થ :-

અન્યથા=અન્યથા=દરેક જીવને આશ્રયીને પ્રકૃતિના વૈચિત્ર્યના અભાવમાં, एकस्वभावत्वाद्=એક સ્વભાવપણું હોવાથી=સર્વ જીવોની કર્મપ્રકૃતિનું એક સ્વભાવપણું હોવાથી, एकस्य अधिकारनिवृत्तितः=એકના અધિકારની નિવૃત્તિથી=એક પુરુષના પ્રકૃતિના અધિકારની નિવૃત્તિથી, सर्वतद्भावः=સર્વ પુરુષોમાં તેનો ભાવ=સર્વ પુરુષોમાં પ્રકૃતિના અધિકારની નિવૃત્તિનો ભાવ, बलाद्=બલથી=સર્વ જીવોને આશ્રયીને પ્રકૃતિના એકસ્વભાવત્વના સામર્થ્યથી, सदा=સદા, आपद्यते=પ્રાપ્ત થાય. ।।૧૦૭।।

શ્લોકાર્થ :-

અન્યથા એકસ્વભાવપણું હોવાથી એકના અધિકારની નિવૃત્તિથી સર્વ પુરુષોમાં તેનો ભાવ બલથી સદા પ્રાપ્ત થાય. ।।૧૦૭।।

ટીકા :-

अन्यथा=प्रकृतिवैचित्र्याभावे, एकस्वभावत्वाद्=एकः कथञ्चिदविचलितः स्वभावो यस्याः सा तथा तद्भावस्तत्त्वं तस्मात्, अधिकारनिवृत्तितो=अधिकारनिवृत्तौ सत्यामित्यर्थः, एकस्य=पुंसः सर्वतद्भावः=सर्वेषु पुरुषेष्वधिकारनिवृत्तिभावः, बलाद्=एकस्वभावत्वसामर्थ्यात्, आपद्यते=प्राप्नोति, सदा=सर्वकालम्, अन्यथा सर्वत्रापि जगति तस्या एकस्वभावत्वाऽयोगात् ।।१०७।।

ટીકાર્થ :-

अन्यथा ..... एकस्वभावत्वाऽयोगात् ।। અન્યથા=તે તે જીવને આશ્રયીને પ્રકૃતિના વૈચિત્ર્યનો અભાવ હોતે છતે, એકસ્વભાવપણું હોવાને કારણે=એક અર્થાત્ કથંચિદ્ અવિચલિત સ્વભાવ છે જેને તે તેવી છે અર્થાત્ એકસ્વભાવવાળી છે તેનો ભાવ તત્ત્વં અર્થાત્ એક સ્વભાવપણું હોવાને કારણે, એક પુરુષના અધિકારની નિવૃત્તિ થયે છતે સર્વ પુરુષોમાં અધિકારની નિવૃત્તિનો ભાવ બળથી=એક સ્વભાવત્વના સામર્થ્યથી, સદા પ્રાપ્ત થાય; કેમ કે અન્યથા=સર્વ જીવોમાં એક કાળમાં પ્રકૃતિના અધિકારની નિવૃત્તિનો ભાવ ન થાય તો, સર્વત્ર પણ જગતમાં તેના=પ્રકૃતિના એક સ્વભાવત્વનો અયોગ છે. ।।૧૦૭।।

ભાવાર્થ :-

શ્લોક-૧૦૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ગોપેન્દ્રઋષિ તે તે જીવને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રકૃતિ સ્વીકારે તો પ્રકૃતિનું નિવૃત્ત અધિકારપણું ઘટે અને જો દરેક જીવને આશ્રયીને પ્રકૃતિનું વૈચિત્ર્ય ન સ્વીકારે

તો દરેક જીવની કર્મપ્રકૃતિ એક સ્વભાવવાળી છે તેમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારવામાં આવે તો એક સ્વભાવત્વના બળથી એક પુરુષની પ્રકૃતિનો અધિકાર તે પુરુષ ઉપરથી નિવર્તન પામે તો સર્વ જીવો ઉપરથી પ્રકૃતિનો અધિકાર નિવર્તન પામેલો સદા પ્રાપ્ત થાય; કેમ કે સર્વ જીવોને આશ્રયીને એક પ્રકૃતિ છે અને તે પ્રકૃતિનો અધિકાર જેમ એક પુરુષ ઉપરથી ગયો તેમ સર્વ પુરુષો ઉપરથી ગયો તેમ માનવું પડે અને તેમ ન સ્વીકારીએ અને કહીએ કે કોઈક પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો છે અને તેના કારણે તે પુરુષને વિમલબુદ્ધિ થઈ છે અને અન્ય પુરુષ ઉપરથી પ્રકૃતિનો અધિકાર ગયો નથી, માટે તે અન્ય પુરુષને વિમલબુદ્ધિ થઈ નથી તો કર્મપ્રકૃતિ સર્વ જીવોને આશ્રયીને એક સ્વભાવવાળી છે તેમ સ્વીકારી શકાય નહિ, પરંતુ ભિન્ન સ્વભાવવાળી છે તેમ માનવું પડે અને કર્મપ્રકૃતિ દરેક જીવની ભિન્ન ભિન્ન સ્વભાવવાળી છે તેમ સ્વીકારવાથી દરેક જીવની કર્મપ્રકૃતિ ભિન્ન ભિન્ન છે તેમ સિદ્ધ થાય; કેમ કે સ્વભાવના ભેદથી વસ્તુનો ભેદ છે. **॥૧૦૭॥**

અવતરણિકા :-

दूषणान्तरमाह –

અવતરણિકાર્થ :-

દૂષણાન્તરને કહે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૦૭માં ગોપેન્દ્રઋષિને દૂષણ આપ્યું કે સર્વજીવસાધારણ એક પ્રકૃતિ સ્વીકારવામાં આવે તો એક જીવ ઉપરથી પ્રકૃતિનો અધિકાર નિવર્તન પામે તો સર્વ જીવો ઉપરથી પ્રકૃતિનો અધિકાર નિવર્તન પામવો જોઈએ અને તેથી સર્વ જીવોને સાથે વિમલબુદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ. હવે સર્વજીવ સાધારણ એક પ્રકૃતિ સ્વીકારવાથી અન્ય શું દોષ પ્રાપ્ત થાય છે તે બતાવે છે –

શ્લોક :-

तुल्य एव तथा सर्गः, सर्वेषां सम्प्रसज्यते ।
ब्रह्मादिस्तम्बपर्यन्त एवं मुक्तिः ससाधना ।।१०८।।

અન્વયાર્થ :-

तथा=અને, सर्गः=પ્રકૃતિના સર્જનરૂપ સર્ગ, सर्वेषाम्=સર્વ જીવોને, ब्रह्मादिस्तम्बपर्यन्तः=બ્રહ્મથી માંડીને સ્તમ્બ સુધી, तुल्य एव=તુલ્ય જ, सम्प्रसज्यते=પ્રાપ્ત થાય, एवं=એ રીતે=સર્ગની જેમ, ससाधना मुक्तिः= સાધનથી સહિત મુક્તિ સર્વ જીવોને તુલ્ય જ પ્રાપ્ત થાય. ॥૧૦૮॥

શ્લોકાર્થ :-

અને પ્રકૃતિના સર્જનરૂપ સર્ગ સર્વ જીવોને બ્રહ્મથી માંડીને સ્તમ્બ સુધી તુલ્ય જ પ્રાપ્ત થાય, એ રીતે સાધનથી સહિત મુક્તિ સર્વ જીવોને તુલ્ય જ પ્રાપ્ત થાય. ।।૧૦૮।।

ટીકા :-

तुल्य एव=सदृश एव, 'तथा' इति दूषणान्तरार्थः, सर्गः स्वर्गादिसृष्टिरूपः सर्वेषां सृष्टिमताम् सम्प्रसज्यत=आपद्यते, ब्रह्मादि=ब्रह्मलोकप्रभृतिकः, स्तम्बपर्यन्तो=नारकतिर्यग्रूपलोकपर्यवसानः, सांख्यसमयप्रसिद्धः, तथा च ते पठन्ति ।

"उर्ध्वं सत्त्वविशालस्तमोविशालश्च मूलतः सर्गः ।

मध्ये रजोविशालो, ब्रह्मादिस्तम्बपर्यन्तः ।।१।।"

एवं=सर्गवत्, मुक्तिः=मोक्षः, सर्वपुरुषाणां ससाधना=यमनियमानुष्ठानसहिता तुल्या सम्पद्यते ।।१०८।।

ટીકાર્થ :-

तुल्य एव ..... सम्पद्यते ।। શ્લોકમાં 'तथा' શબ્દ દૂષણાન્તર અર્થવાળો છે, તેથી 'तथा' શબ્દનો અર્થ અને છે. તુલ્ય જ=સદૃશ જ, સ્વર્ગાદિ સૃષ્ટિરૂપ સર્ગ સર્વ સૃષ્ટિવાળા જીવોને પ્રાપ્ત થાય.

કેવો સર્ગ તે સ્પષ્ટ કરે છે –

બ્રહ્માદિ=બ્રહ્મલોક વગેરેવાળો, સ્તમ્બપર્યન્ત=નારક-તિર્યગ્રૂપ લોકમાં પર્યવસાન, સાંખ્ય શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવો સર્ગ સર્વ જીવોને તુલ્ય પ્રાપ્ત થાય એમ અન્વય છે, અને તે પ્રકારે=સર્ગ બ્રહ્મથી માંડીને નરકમાં પર્યવસાન છે તે પ્રકારે, તેઓ=સાંખ્ય દર્શનકારો, કહે છે –

"સર્ગ ઊર્ધ્વમાં સત્ત્વવિશાલ છે, મૂળથી=અધોભાગથી, તમોવિશાલ છે, મધ્યમાં રજોવિશાલ છે, આવો સર્ગ બ્રહ્મથી માંડીને સ્તમ્બ પર્યન્તવાળો છે."

એ રીતે=સર્ગની જેમ, સર્વ પુરુષોની મુક્તિ=મોક્ષ, સસાધના=યમ-નિયમ અનુષ્ઠાનથી સહિત, તુલ્ય પ્રાપ્ત થાય. ।।૧૦૮।।

ભાવાર્થ :-

ગોપેન્દ્રઋષિ સર્વજીવસાધારણ એક પ્રકૃતિને સ્વીકારે છે અને તેમ સ્વીકારવાથી તેઓને શું દૂષણાન્તર પ્રાપ્ત થાય તે બતાવતાં કહે છે –

સાંખ્ય દર્શનકારો પ્રકૃતિજન્ય સર્ગ બ્રહ્મલોકથી માંડીને નારકતિર્યંચરૂપ લોકમાં પર્યવસાન સ્વીકારે છે અને તેવો પ્રકૃતિજન્ય સર્ગ સર્વ જીવોને સમાન જ પ્રાપ્ત થાય; કેમ કે તેવા સર્ગની પ્રાપ્તિનું કારણ પ્રકૃતિ છે અને તે પ્રકૃતિ સર્વજીવસાધારણ એક છે, તેથી તે પ્રકૃતિજન્ય સર્ગ પણ સર્વ જીવોને સમાન જ પ્રાપ્ત થાય.

વળી યોગીઓ મોક્ષ માટે જે યમ-નિયમ અનુષ્ઠાનો સેવે છે તે પણ સર્વ જીવોને એક કાળમાં સમાન રીતે પ્રાપ્ત થાય અને તેના ફળરૂપ મોક્ષ પણ સર્વ જીવોને એક કાળમાં પ્રાપ્ત થવો જોઈએ; કેમ કે પ્રકૃતિ એક હોવાથી પ્રકૃતિના અધિકારની નિવૃત્તિથી વિમલબુદ્ધિ બધાને એક કાળમાં થાય અને પ્રકૃતિના અધિકારની વિશેષ વિશેષ નિવૃત્તિથી વિશેષ વિશેષ યોગમાર્ગનું સેવન પણ બધાને સમાન પ્રાપ્ત થાય.

વસ્તુતઃ 'સર્વ જીવોનો કર્મજન્ય સર્ગ સમાન નથી અને સર્વ જીવો એક કાળમાં મોક્ષના ઉપાયને સેવતા નથી અને સર્વ જીવો એક કાળમાં મોક્ષમાં જતા નથી' તે કથન સાંખ્ય દર્શનકારને પણ સંમત છે, માટે સાંખ્ય દર્શનને માનનાર એવા ગોપેન્દ્રઋષિએ જેમ મધ્યસ્થતાથી વિચારીને કહ્યું કે પ્રકૃતિનો અધિકાર પુરુષ ઉપરથી કંઈક દૂર થાય છે ત્યારે પુરુષને તત્ત્વમાર્ગમાં જિજ્ઞાસા થાય છે તેમ મધ્યસ્થતાથી વિચારીને ગોપેન્દ્રઋષિએ સ્વીકારવું જોઈએ કે પ્રકૃતિ સર્વજીવસાધારણ એક નથી, પરંતુ તે તે જીવને આશ્રયીને ભિન્ન ભિન્ન છે, તેથી જ દરેકનો સંસાર જુદા જુદા પ્રકારનો પ્રાપ્ત થાય છે અને દરેકને યોગમાર્ગની પ્રાપ્તિ પણ ભિન્ન ભિન્ન કાળમાં થાય છે અને એકની સાધનાથી એકની જ મુક્તિ થાય છે, સર્વની મુક્તિ થતી નથી તે સર્વ સંગત થાય. **॥૧૦૮॥**

અવતરણિકા :-

इत्थं योगमाहात्म्यं तद्दूरापतां चाभिधाय साम्प्रतं प्रागुद्दिष्टपूर्वसेवाक्रममाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક-૫૭ થી ૧૦૮ સુધી બતાવ્યું એ રીતે, યોગનું માહાત્મ્ય અને તેની દૂરાપતાને=યોગની પ્રાપ્તિની દુષ્કરતાને, કહીને, હવે પૂર્વમાં શ્લોક-૩૬માં ઉદ્દેશ કરાયેલા પૂર્વસેવાના ક્રમને કહે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૫૭ થી ૭૧ સુધી યોગનું માહાત્મ્ય બતાવ્યું, જેથી યોગ્ય જીવોને યોગના પરમાર્થને જાણવાની ઇચ્છા ઉત્પન્ન થાય. વળી યોગની પ્રાપ્તિ સંસારવર્તી જીવોને અતિદુષ્કર છે તે શ્લોક-૭૨ થી ૧૦૮ સુધી બતાવ્યું, જેથી યોગના અર્થી જીવો દુષ્કર એવા યોગમાર્ગની પ્રાપ્તિ માટે સમ્યગ્ યત્ન કરીને યોગને પ્રાપ્ત કરી શકે અને યોગની પ્રાપ્તિની દુર્લભતા બતાવ્યા પછી હવે પૂર્વમાં ઉદ્દેશ કરાયેલી એવી પૂર્વસેવાના ક્રમને કહે છે –

શ્લોક :-

पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरुदेवादिपूजनम् ।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेह प्रकीर्तिता ।।१०९।।

અન્વયાર્થ :-

इह=અહીં=યોગની વિચારણામાં, तन्त्रज्ञैः=તત્ત્વના જાણનારાઓ વડે, गुरुदेवादिपूजनम्=ગુરુદેવાદિનું

પૂજન, સદાચારઃ=સદાચાર, તપઃ=તપ, ચ=અને, મુક્ત્યદ્વેષઃ=મુક્તિનો અદ્વેષ, તુ=વળી, પૂર્વસેવા પ્રકીર્તિતા= પૂર્વસેવા કહેવાઈ છે. ॥૧૦૯॥

શ્લોકાર્થ :-

અહીં તત્ત્વના જાણનારાઓ વડે ગુરુદેવાદિનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિનો અદ્વેષ પૂર્વસેવા કહેવાઈ છે. ॥૧૦૯॥

ટીકા :-

પૂર્વસેવા તુ=યોગપ્રસાદપ્રથમભૂમિકારૂપા પુનઃ, તન્ત્રજ્ઞૈઃ=સમ્યગધિગતશાસ્ત્રૈઃ, પ્રકીર્તિતા=ઇત્યુત્તરેણ યોગઃ, કીદૃશીત્યાહ–ગુરુદેવાદિપૂજનં વક્ષ્યમાણરૂપં ૧, તથા સદાચારઃ ૨, તપો ૩, મુક્ત્યદ્વેષશ્ચ ૪, ઇહ=યોગચિન્તાયાં, પ્રકીર્તિતા=નિરૂપિતા ।।૧૦૯।।

ટીકાર્થ :-

પૂર્વસેવા ..... નિરૂપિતા ।। વળી યોગ રૂપ પ્રાસાદની પ્રથમ ભૂમિકારૂપ પૂર્વસેવા તન્ત્રના જાણનારાઓ વડે=સમ્યગ્ રીતે જાણ્યાં છે શાસ્ત્રો જેમણે એવા યોગીઓ વડે, કહેવાઈ છે, એ પ્રમાણે શ્લોકના અંતિમ ભાગ સાથે સંબંધ છે.

કેવા પ્રકારની પૂર્વસેવા કહેવાઈ છે ? એથી કહે છે –

૧. વક્ષ્યમાણ સ્વરૂપવાળું ગુરુદેવાદિનું પૂજન, ૨. સદાચાર, ૩. તપ અને ૪. મુક્તિનો અદ્વેષ. અહીં=યોગની વિચારણામાં, કહેવાઈ છે=પૂર્વસેવા કહેવાઈ છે. ॥૧૦૯॥

ભાવાર્થ :-

આત્માને મોક્ષની સાથે યોજન કરે એ યોગ કહેવાય, એથી મોક્ષને અનુકૂળ એવી સર્વ ઉચિત આચરણા યોગ છે અને તે યોગરૂપ પ્રાસાદની પ્રથમ ભૂમિકા પૂર્વસેવા છે અર્થાત્ જેમ પ્રાસાદનો પાયો પ્રાસાદની પ્રથમ ભૂમિકા છે તેમ યોગરૂપ પ્રાસાદનો પૂર્વસેવારૂપ પાયો પ્રથમ ભૂમિકા છે, તેમ શાસ્ત્રના જાણનારાઓ કહે છે અને તે પૂર્વસેવા ચાર પ્રકારની છે :- ૧. ગુરુદેવાદિનું પૂજન, ૨. સદાચાર, ૩. તપ અને ૪ મુક્તિનો અદ્વેષ. **॥૧૦૯॥**

અવતરણિકા :-

એતદેવ ક્રમેણ વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વસેવાના ૪ ભેદને જ, ક્રમથી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯માં ૪ પ્રકારની પૂર્વસેવા બતાવી, તેમાં ગુરુદેવાદિનું પૂજન પૂર્વસેવાનો પ્રથમ ભેદ છે, તેથી શ્લોક-૧૧૦ થી ૧૧૫ સુધી ગુરુપૂજનનું સ્વરૂપ બતાવશે, શ્લોક-૧૧૬ થી ૧૨૦ સુધી દેવપૂજનનું સ્વરૂપ બતાવશે અને ગુરુદેવાદિપૂજનમાં 'આદિ' પદથી પ્રાપ્ત એવા પૂજનીયાન્તરનું સ્વરૂપ શ્લોક-૧૨૧ થી ૧૨૫ સુધી બતાવશે, ત્યારપછી ક્રમસર સદાચારાદિ અન્ય ત્રણ પૂર્વસેવાને બતાવશે.

શ્લોક :-

माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ।।११०।।

અન્વયાર્થ :-

सतां=શિષ્ટ પુરુષોને, माता पिता कलाचार्यः=માતા-પિતા-કલાચાર્ય, तथा=અને, एतेषां ज्ञातयः=એમના જ્ઞાતિઓ, वृद्धा धर्मोपदेष्टारः=વૃદ્ધ એવા ધર્મોપદેશકો, गुरुवर्गः=ગુરુવર્ગ, मतः=મનાયો છે. ।।૧૧૦।।

શ્લોકાર્થ :-

શિષ્ટ પુરુષોને માતા-પિતા-કલાચાર્ય અને એમના જ્ઞાતિઓ, વૃદ્ધ એવા ધર્મોપદેશકો ગુરુવર્ગ મનાયો છે. ।।૧૧૦।।

ટીકા :-

माता=जननी, पिता=जनकः, कलाचार्यो=लिप्यादिकलाशिक्षणोपाध्यायः, एतेषां=मातृप्रभृतीनां, ज्ञातयो=भ्रातृभगिन्यादयः, 'तथा' इति समुच्चये वृद्धाः=श्रुतवयोवृद्धलक्षणाः कीदृशा इत्याह– धर्मोपदेष्टारः=धर्मोपदेशप्रवर्तकाः, किमित्याह–गुरुवर्गः=गौरववल्लोकसमुदायरूपः, सतां=शिष्टानां, मतः=अभीष्ट इति ।।११०।।

ટીકાર્થ :-

माता=जननी ..... અભીષ્ટ इति ।। माता=જનની, પિતા=જનક, કલાચાર્ય=લિપિ આદિ કલા શીખવનાર ઉપાધ્યાય, અને એમના=માતા વગેરેના, જ્ઞાતિઓ=ભાઈ-ભગિની આદિ, શ્રુત અને વયથી વૃદ્ધ લક્ષણવાળા વૃદ્ધ એવા ધર્મઉપદેશકો=ધર્મઉપદેશના પ્રવર્તકો, ગૌરવવાળા લોકસમુદાયરૂપ ગુરુવર્ગ, સંતોને=શિષ્ટોને, મનાયો છે=અભિમત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૦।।

ભાવાર્થ :-

ગુરુનું પૂજન એ પૂર્વસેવાનો પ્રથમ ભેદ છે, તેથી પૂજનીય એવો ગુરુવર્ગ કોણ છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

માતા, પિતા, લિપિ આદિ કલાઓને શીખવનાર ઉપાધ્યાય અને માતા આદિ ત્રણેનાં ભાઈ-ભગિની આદિ જ્ઞાતિજનો ગુરુવર્ગ છે. વળી ધર્મોપદેશ આપનારા એવા શ્રુત અને વયથી વૃદ્ધપુરુષો ગુરુવર્ગ છે, તેથી ધર્મ સાંભળવાના અર્થી જીવો જે ધર્મઉપદેશક પાસેથી ધર્મ સાંભળવા યત્ન કરતા હોય તે વૃદ્ધ એવા ધર્મઉપદેશકો ગુરુવર્ગ કહેવાય. **॥૧૧૦॥**

અવતરણિકા :-

શ્લોક-૧૦૯માં ગુરુદેવાદિ પૂજન પૂર્વસેવાનો પ્રથમ ભેદ છે તેમ કહ્યું, તેથી પૂજનીય એવો ગુરુવર્ગ કોણ છે તે શ્લોક-૧૧૦માં બતાવ્યું. હવે તેઓનું પૂજન કઈ રીતે થાય છે તે શ્લોક-૧૧૧થી ૧૧૫ સુધી બતાવે છે –

શ્લોક :-

पूजनं चास्य विज्ञेयं, त्रिसंध्यं नमनक्रिया ।
तस्यानवसरेऽप्युच्चैश्चेतस्यारोपितस्य तु ।।१११।।

અન્વયાર્થ :-

च=વળી, त्रिसंध्यं=ત્રણ સંધ્યા, नमनक्रिया=નમનક્રિયા, अस्य पूजनं=આનું પૂજન=ગુરુવર્ગનું પૂજન, विज्ञेयं=જાણવું. तु=વળી, तस्य=તેના=ગુરુવર્ગના, अनवसरेऽपि=અનવસરમાં પણ, चेतसि=ચિત્તમાં, उच्चैः=અત્યંત, आरोपितस्य=આરોપિત એવા ગુરુવર્ગનું પૂજન જાણવું. ।।૧૧૧।।

શ્લોકાર્થ :-

વળી ત્રણસંધ્યા નમનક્રિયા આનું પૂજન જાણવું. વળી તેના અનવસરમાં પણ ચિત્તમાં અત્યંત આરોપિત એવા ગુરુવર્ગનું પૂજન જાણવું. ।।૧૧૧।।

ટીકા :-

पूजनं च=पूजनं पुनः, अस्य=गुरुवर्गस्य, विज्ञेयं-अवगन्तव्यम्, किमित्याह–त्रिसंध्यं=संध्यात्रयाराधनेन, नमनक्रिया प्रणामरूपा, यदि कथंचित्साक्षादसौ प्रणन्तुं न पार्यते तदा किं कृत्यमित्याह–तस्य=गुरुवर्गस्य, अनवसरेऽपि तथाविधप्रघट्टकवशात् 'किं पुनरवसर' इत्यपिशब्दार्थः उच्चैः=अत्यर्थं, चेतसि=मनसि, आरोपितस्य तु पूर्ववद् गुरुवर्गस्य पूजनमिति ।।१११।।

ટીકાર્થ :-

પૂજનં ચ ..... પૂજનમિતિ ।। વળી આનું=ગુરુવર્ગનું, પૂજન જાણવું. પૂજન શું છે ? એથી કહે છે - ત્રણ સંધ્યા=સંધ્યાત્રયના આરાધનથી, પ્રણામરૂપ નમનક્રિયા પૂજન છે એમ અન્વય છે.

જો કોઈક રીતે સાક્ષાદ્ આ=ગુરુવર્ગ, નમસ્કાર કરવા માટે શક્ય નથી, ત્યારે શું કરવું જોઈએ ? એથી કહે છે –

તેવા પ્રકારના પ્રઘટ્ટકવશથી તેવા પ્રકારના સંયોગના વશથી, તેના=ગુરુવર્ગના, અનવસરમાં પણ ચિત્તમાં=મનમાં, અત્યંત આરોપિત એવા ગુરુવર્ગનું પૂર્વની જેમ પૂજન જાણવું.

શ્લોકમાં 'अनवसरेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

વળી અવસરમાં શું કહેવું ? અર્થાત્ અવસરમાં તે અવશ્ય નમનક્રિયા કરે એ 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૧૧॥

ભાવાર્થ :-

શ્લોક-૧૧૦માં બતાવેલા ગુરુવર્ગને ત્રણસંધ્યા પ્રણામરૂપ નમનક્રિયા એ પૂજન છે અને કોઈક તેવા સંયોગને કારણે ગુરુવર્ગને નમસ્કાર સાક્ષાત્ થઈ શકે તેમ ન હોય તો, તે ગુરુવર્ગને ચિત્તમાં અત્યંત ઉપસ્થિત કરીને પ્રણામરૂપ ક્રિયા કરે તે પૂજન છે.

અહીં વિશેષ એ છે કે માતા-પિતા આદિએ પોતાને ઉછેરીને મોટો કર્યો છે અને પોતાની હિતચિંતા કરીને પોતાને સંપન્ન કર્યો છે તેમના તે ઉપકારને યાદ કરે અને તેમને ત્રણ સંધ્યા નમસ્કાર કરે અને કલાચાર્યએ પોતાને લિપિ આદિ કલાઓ શીખવી છે તે ઉપકારને યાદ કરીને ત્રણ સંધ્યા તેમને નમસ્કાર કરે અને ધર્મોપદેશક પોતાને ધર્મમાર્ગનો બોધ કરાવનારા છે, તેથી પોતાને ધર્મના બોધની પ્રાપ્તિમાં પોતાના ઉપર જે ઉપકાર થયેલો છે, તેને સ્મૃતિમાં લાવીને તેમને ત્રણસંધ્યા નમસ્કાર કરે તો કૃતજ્ઞતાગુણ પુષ્ટ બને છે.

આ રીતે માતા-પિતા આદિ ત્રણેને ત્રિસંધ્યા નમસ્કારરૂપ ઉચિત શિષ્ટાચારના પાલનથી જીવમાં ઉત્તમ પ્રકૃતિ નિષ્પન્ન થાય છે, માટે ગુરુવર્ગને ત્રણ સંધ્યા નમસ્કાર કરવો જોઈએ. **॥૧૧૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

ગુરુવર્ગનું પૂજન પૂર્વશ્લોકમાં બતાવ્યું, હવે તે ગુરુવર્ગનું પૂજન અન્ય પ્રકારે બતાવવા અર્થે 'तथा'થી સમુચ્ચય કરે છે.

શ્લોક :-

अभ्युत्थानादियोगश्च, तदन्ते निभृतासनम् ।
नामग्रहश्च नाऽस्थाने, नावर्णश्रवणं क्वचित् ।।११२।।

અન્વયાર્થ :-

અભ્યુત્થાનાદિયોગ:ચ=અને અભ્યુત્થાનાદિનો યોગ=ગુરુવર્ગ આવે ત્યારે અભુત્થાનાદિ વ્યાપાર કરે, તદન્તે=તેમની પાસે, નિભૃતાસનં=નમ્રતાથી બેસે, અસ્થાને=અસ્થાનમાં, નામગ્રહઃ ન=નામનું ગ્રહણ કરે નહિ, ચ=અને, ક્વચિત્=પરપક્ષ મધ્યે બેઠેલો હોય ત્યારે, ન અવર્ણશ્રવણં=અવર્ણ શ્રવણ કરે નહિ. ।।૧૧૨।।

શ્લોકાર્થ :-

ગુરુવર્ગ આવે ત્યારે અભ્યુત્થાનાદિ વ્યાપાર કરે, તેમની પાસે નમ્રતાથી બેસે, અસ્થાનમાં નામનું ગ્રહણ કરે નહિ અને પરપક્ષ મધ્યે બેઠેલો હોય ત્યારે અવર્ણ શ્રવણ કરે નહિ. ।।૧૧૨।।

ટીકા :-

अभ्युत्थानादियोगो-ऽभ्युत्थानासनप्रदानस्थितपर्युपासनादिविनयव्यापाररूपः, चः समुच्चये, तदन्ते= गुरुवर्गान्ते, निभृतासनम्=अप्रगल्भतयावस्थानम्, नामग्रहश्च नामोच्चारणरूपः, न=नैव, अस्थाने मूत्रपुरीषोत्सर्गादिस्थानरूपे, न=नैव, अवर्णश्रवणं=अवर्णवादाकर्णनम्, क्वचित्परपक्षमध्यावस्थानेऽपीति ।।११२।।

ટીકાર્થ :-

अभ्युत्थानादियोगो ..... परपक्षमध्यावस्थानेऽपीति ।। અભ્યુત્થાન-આસનપ્રદાન-સ્થિત=આસન ઉપર રહેલા ગુરુવર્ગના પર્યુપાસનાદિ વિનય વ્યાપારરૂપ અભ્યુત્થાનાદિયોગ ગુરુવર્ગનું પૂજન છે, 'च' સમુચ્ચયમાં છે=પ્રસ્તુત શ્લોકમાં બતાવેલા ચારે પ્રકારના પૂજનના સમુચ્ચય માટે છે, તેમની પાસે=ગુરુવર્ગની પાસે, નિભૃત આસનથી બેસવું=નમ્રતાથી બેસવું, મૂત્ર-મલ ઉત્સર્ગાદિસ્થાનરૂપ અસ્થાનમાં નામના ઉચ્ચારણરૂપ નામનું ગ્રહણ ન જ કરે, ક્યારેક પરપક્ષના મધ્યઅવસ્થાનમાં પણ અવર્ણવાદનું શ્રવણ ન જ કરે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૧૨।।

❖ 'परपक्षमध्यावस्थानेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પરપક્ષની મધ્યમાં બેઠો ન હોય ત્યારે તો ગુરુની નિંદા

સાંભળે નહિ, પરંતુ કોઈક તેવા સંયોગમાં ગુરુવર્ગના વિરોધી પક્ષમાં બેઠેલો હોય ત્યારે પણ જો તેઓ ગુરુવર્ગની નિંદા કરે તો તે સ્થાનમાં પણ મૌન બેસીને સાંભળે નહિ, પરંતુ સંયોગાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે.

ભાવાર્થ :-

જેમ ગુરુવર્ગને નમનની ક્રિયા પૂજન છે તેમ ગુરુવર્ગ આવતા હોય ત્યારે સામે ઊભા થઈને તેમનો સત્કાર કરે, આસન આપે તે પણ ગુરુવર્ગની પૂજનક્રિયા છે. વળી ગુરુવર્ગ ઉચિત આસન ઉપર બેઠેલા હોય ત્યારે તેઓના ભક્તિ આદિ વિનયરૂપ વ્યાપારો કરે તે પણ પૂજન છે. વળી ગુરુવર્ગ પાસે નમ્રતાથી બેસે તે પણ તેમનું પૂજન છે. વળી મૂત્ર-મલ આદિ નાખવાના સ્થાને કોઈક કારણથી પોતે ઊભો હોય ત્યારે પૂજ્ય એવા ગુરુવર્ગનું નામોચ્ચારણ પણ કરે નહિ તે પણ તેમના પ્રત્યેના પૂજ્યભાવની અભિવ્યક્તિની ક્રિયા છે. વળી કોઈક સંયોગવશ વિરોધી વર્ગ સાથે બેસવાનો પ્રસંગ આવે ત્યારે પણ પરપક્ષ દ્વારા ગુરુવર્ગનો અવર્ણવાદ થતો હોય તો તે સાંભળે નહિ, પરંતુ સંયોગાનુસાર તેઓના કથનનો વિરોધ કરે અથવા તે સ્થાનને છોડીને ચાલ્યો જાય તે પણ ગુરુવર્ગ પ્રત્યેના પૂજ્યભાવની અભિવ્યક્તિની ક્રિયા છે.

આ સર્વ શિષ્ટાચારોના પાલનથી જીવમાં માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે છે. **॥૧૧૨॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી ગુરુવર્ગનું પૂજન અન્ય પ્રકારે બતાવવા અર્થે 'तथा'થી સમુચ્ચય કરે છે.

શ્લોક :-

साराणां च यथाशक्ति, वस्त्रादीनां निवेदनम् ।
परलोकक्रियाणां च, कारणं तेन सर्वदा ।।११३।।

અન્વયાર્થ :-

यथाशक्ति=યથાશક્તિ, साराणां वस्त्रादीनां निवेदनम्=શ્રેષ્ઠ વસ્ત્રાદિનું સમર્પણ, च=અને, तेन=તેમના વડે=ગુરુવર્ગ વડે, सर्वदा=હંમેશાં, परलोकक्रियाणां च कारणं=પરલોકની ક્રિયાઓનું કરાવણ એ પૂજન છે. ॥૧૧૩॥

શ્લોકાર્થ :-

યશાશક્તિ શ્રેષ્ઠ વસ્ત્રાદિનું સમર્પણ અને તેમના વડે હંમેશાં પરલોકની ક્રિયાઓનું કરાવણ એ પૂજન છે. ॥૧૧૩॥

ટીકા :-

साराणां च=उत्कृष्टानाम्, यथाशक्ति=यस्य यावती शक्तिस्तया वस्त्रादीनां=वसनपानभोजनालङ्कारादीनाम्, निवेदनं=समर्पणम्, तथा परलोकक्रियाणां च=देवातिथिदीनानाथप्रतिपत्तिप्रभृतीनाम्, कारणं=विधापनम्, तेन=गुरुवर्गेण, सर्वदा=सर्वकालम् ।।११३।।

ટીકાર્થ :-

साराणां ..... सर्वकालम् ।। સાર=ઉત્કૃષ્ટ એવા, વસ્ત્રાદિનું=વસ્ત્ર-પાન-ભોજન-અલંકારાદિનું, યથાશક્તિ નિવેદન=જેની જેટલી શક્તિ હોય તેને અનુસાર સમર્પણ અને પરલોકની ક્રિયાઓનું=દેવ-અતિથિ-દીન-અનાથ આદિની પ્રતિપત્તિ વગેરેનું, તેમના વડે=ગુરુવર્ગ વડે, સર્વ કાલ કરાવવું તે પૂજન છે એમ અન્વય છે. ।।૧૧૩।।

ભાવાર્થ :-

વળી માતા-પિતા આદિ ગુરુવર્ગને પોતાની શક્તિ અનુસાર શ્રેષ્ઠ કોટીનાં વસ્ત્રાદિ સમર્પણ કરે અને પરલોક અર્થે કરાતી એવી દેવની ભક્તિ, અતિથિ=સુસાધુની ભક્તિ અને દીન-અનાથાદિને કરાતું અનુકંપાદાન વગેરે ગુરુવર્ગ પાસેથી હંમેશાં કરાવે, જેથી તેઓની ઉચિત ભક્તિ થાય છે, તેથી આ પ્રકારની ક્રિયા પણ ગુરુવર્ગનું પૂજન છે. **॥૧૧૩॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી ગુરુવર્ગનું પૂજન અન્ય પ્રકારે બતાવવા અર્થે 'तथा'થી સમુચ્ચય કરે છે.

શ્લોક :-

त्यागश्च तदनिष्टानां, तदिष्टेषु प्रवर्तनम् ।
औचित्येन त्विदं ज्ञेयं, प्राहुर्धर्माद्यपीडया ।।११४।।

અન્વયાર્થ :-

तदनिष्टानां=તેમના અનિષ્ટોનો=ગુરુવર્ગને અસંમત એવા વ્યવહારોનો, त्यागः=ત્યાગ, च=અને, तदिष्टेषु=તેઓને ઇષ્ટ એવા વ્યવહારોમાં, प्रवर्तनम्=પ્રવર્તન, तु=વળી, धर्माद्यपीडया=ધર્માદિની અપીડાથી, औचित्येन=ઔચિત્યપૂર્વક, इदं=આ=ત્યાગ અને પ્રવર્તનરૂપ પૂજન, ज्ञेयं=જાણવું, प्राहुः=એમ શિષ્ટો કહે છે. ।।૧૧૪।।

શ્લોકાર્થ :-

તેમના અનિષ્ટોનો ત્યાગ અને તેઓને ઇષ્ટ એવા વ્યવહારોમાં પ્રવર્તન. વળી ધર્માદિની અપીડાથી ઔચિત્યપૂર્વક આ જાણવું એમ શિષ્ટો કહે છે. ।।૧૧૪।।

ટીકા :-

त्यागश्च=प्रोज्झनम्, तदनिष्टानां=गुरुवर्गासंमतानां व्यवहाराणाम्, तदिष्टेषु=गुरुवर्गप्रियेषु व्यवहारेष्वेव, प्रवर्तनम्, अत्रापवादमाह—औचित्येन तु=औचित्यवृत्त्या पुनः, इदं=पूजनं, ज्ञेयं प्राहुः= उक्तवन्तः, पूर्वं औचित्यमेव व्यनक्ति धर्माद्यपीडया=धर्मादीनां पुरुषार्थानामबाधया, यदि तदनिष्टेभ्यो निवृत्तौ तदिष्टेषु च प्रवृत्तौ धर्मादयः पुरुषार्था बाध्यन्ते, तदा न तदनुवृत्तिपरेण भाव्यं किंतु पुरुषार्थाराधनपरेणैव, अतिदुर्लभत्वात्पुरुषार्थाराधनकालस्येति ।।११४।।

ટીકાર્થ :-

त्यागश्च ..... पुरुषार्थाराधनकालस्येति ।। તેમના અનિષ્ટોનો=ગુરુવર્ગને અસંમત એવા વ્યવહારોનો, ત્યાગ અને ગુરુવર્ગને પ્રિય એવા વ્યવહારોમાં જ પ્રવર્તન. આમાં=ગુરુવર્ગને અનિષ્ટ વ્યવહારોનો ત્યાગ અને ગુરુવર્ગને ઇષ્ટ વ્યવહારોમાં પ્રવર્તનના વિષયમાં, અપવાદને કહે છે –

વળી ઔચિત્યવૃત્તિથી આ=ગુરુવર્ગનું પૂજન જાણવું એમ શિષ્ટપુરુષો કહે છે. પૂર્વના ઔચિત્યને જ વ્યક્ત કરે છે –

ધર્માદિ અપીડાથી=ધર્માદિ પુરુષાર્થોની અબાધાથી, તેઓના અનિષ્ટનો ત્યાગ અને તેઓના ઇષ્ટમાં પ્રવર્તન કરે એમ અન્વય છે.

ધર્માદિ પુરુષાર્થની અબાધાને સ્પષ્ટ કરે છે –

જો તેમના અનિષ્ટોથી નિવૃત્તિમાં અને તેઓના ઇષ્ટમાં પ્રવૃત્તિ કરાયે છતે ધર્માદિ પુરુષાર્થો બાધા પામે છે તો તેઓના અનુવૃત્તિપર થવું જોઈએ નહિ=ગુરુવર્ગના વચનના અનુસરણપર થવું જોઈએ નહિ, પરંતુ પુરુષાર્થ આરાધનાપર જ થવું જોઈએ; કેમ કે પુરુષાર્થના આરાધનકાલનું અતિદુર્લભપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૧૪।

❖ 'धर्माद्यपीडया=धर्मादीनां पुरुषार्थानामबाधया'માં 'આદિ' પદથી અર્થ પુરુષાર્થ અને કામપુરુષાર્થનું ગ્રહણ છે.

ભાવાર્થ :-

માતા-પિતા આદિ ગુરુવર્ગને જે પ્રવૃત્તિ અનિષ્ટ જણાતી હોય તેવી પ્રવૃત્તિનો ત્યાગ અને માતા-પિતા આદિ ગુરુવર્ગને જે પ્રવૃત્તિ ઇષ્ટ જણાતી હોય તેવી પ્રવૃત્તિ કરવી તે તેઓનું પૂજન છે. આ પ્રકારના પૂજનમાં અપવાદ બતાવે છે –

તેઓના અનિષ્ટનો ત્યાગ અને તેઓના ઇષ્ટમાં પ્રવૃત્તિ ઔચિત્યપૂર્વક કરવી જોઈએ અને તે ઔચિત્ય એ છે કે ધર્મ-અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થોનો વ્યાઘાત થતો ન હોય તેવી પ્રવૃત્તિ માતા-પિતા આદિની ઇચ્છા અનુસાર કરવાથી તેઓનું પૂજન થાય છે, પરંતુ ધર્માદિ પુરુષાર્થનો બાધ થતો હોય તો તેઓના વચનનું અનુસરણ ન કરવામાં આવે તોપણ ગુરુવર્ગના પૂજનનો ભંગ થતો નથી; કેમ કે મનુષ્યભવની પ્રાપ્તિમાં પુરુષાર્થની આરાધનાનો કાળ અતિદુર્લભ છે, તેથી પુરુષાર્થની આરાધનાપર જ થવું જોઈએ; કેમ કે વિવેકીપુરુષ ધર્મથી નિયંત્રિત અર્થ પુરુષાર્થ અને કામપુરુષાર્થ સેવે છે તે વિકારવૃદ્ધિનું કારણ નથી પરંતુ ચિત્તની સ્વસ્થતાનું જ કારણ છે અને તે ચિત્તની સ્વસ્થતા એ જ પુરુષાર્થ-આરાધનાનું ફળ છે તેથી ચિત્તની સ્વસ્થતાનાં કારણભૂત ધર્મ પુરુષાર્થ, અર્થ પુરુષાર્થ અને કામ પુરુષાર્થરૂપ પુરુષાર્થની આરાધના અતિદુર્લભ છે. ॥૧૧૪॥

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

વળી ગુરુવર્ગનું પૂજન અન્ય પ્રકારે બતાવવા અર્થે 'तथा'થી સમુચ્ચય કરે છે –

શ્લોક :-

तदासनाद्यभोगश्च तीर्थे तद्वित्तयोजनम् ।
तद्बिम्बन्याससंस्कार ऊर्ध्वदेहक्रिया परा ।।११५।।

અન્વયાર્થ :-

तदासनाद्यभोगः=તેમના આસન આદિનો અભોગ, तीर्थे=તીર્થમાં, तद्वित्तयोजनम्=તેમના ધનનું યોજન=ગુરુવર્ગના ધનનું યોજન, तद्बिम्बन्याससंस्कारः=ગુરુવર્ગના પ્રતિબિંબના સ્થાપનનો ધૂપ-પુષ્પાદિ પૂજારૂપ સંસ્કાર, च=અને, परा ऊर्ध्वदेहक्रिया=શ્રેષ્ઠ એવી મૃતદેહની ક્રિયા ગુરુવર્ગનું પૂજન જાણવું. ॥૧૧૫॥

શ્લોકાર્થ :-

તેમના આસન આદિનો અભોગ, તીર્થમાં તેમના ધનનું યોજન, ગુરુવર્ગના પ્રતિબિંબના સ્થાપનનો ધૂપ-પુષ્પાદિપૂજારૂપ સંસ્કાર અને શ્રેષ્ઠ એવી મૃતદેહની ક્રિયા ગુરુવર્ગનું પૂજન જાણવું. ॥૧૧૫॥

ટીકા :-

तदासनाद्यभोगश्च=गुरुवर्गस्यासनशयनभोजनपात्रादीनामभोगोऽपरिभोगः, तीर्थे=देवतायतनादौ,

तद्वित्तयोजनम्=अलङ्कारादिगुरुवर्गद्रव्यनियोजनम्, अन्यथा तत्स्वयंग्रहे गुरुवर्गमरणाद्यनुमतिप्रसङ्गः स्यात्, तद्बिम्बन्याससंस्कारः=तस्य गुरुवर्गस्य यो बिम्बन्यासः प्रतिबिम्बस्थापनारूपस्तस्य संस्कारो धूपपुष्पादिपूजारूपः, 'तत्कारितदेवतादेः पूजारूप' इत्यन्ये, ऊर्ध्वदेहक्रिया=गुरुदेवपूजनादिमृतकार्य-करणरूपा परा=दर्शितादरा ।।११५।।

ટીકાર્થ :-

तदासन्नाद्यभोगश्च ..... दर्शितादरा ।। તેમના આસન આદિનો અભોગ=ગુરુવર્ગના આસન-શયન-ભોજનપાત્ર આદિનો અપરિભોગ, તીર્થમાં=દેવતા આયતનાદિમાં, તેમના ધનનું યોજન=અલંકારાદિ ગુરુવર્ગના દ્રવ્યનું યોજન, અન્યથા=તેમના ધનનું તીર્થમાં યોજન ન કરવામાં આવે અને તેનું સ્વયં ગ્રહણ કરવામાં આવે તો, ગુરુવર્ગના મરણાદિની અનુમતિનો પ્રસંગ થાય, તેમના બિંબન્યાસનો સંસ્કાર=તે ગુરુવર્ગનો જે પ્રતિબિંબસ્થાપનરૂપ બિંબન્યાસ તેમનો ધૂપપુષ્પાદિ પૂજારૂપ સંસ્કાર, તેમના કરાવેલા દેવતાદિની પૂજારૂપ તેમના બિંબન્યાસરૂપ સંસ્કાર છે એ પ્રમાણે અન્ય શિષ્ટો કહે છે. ગુરુદેવપૂજનાદિરૂપ મૃતકાર્યકરણ સ્વરૂપ એવી ઊર્ધ્વદેહક્રિયા શ્રેષ્ઠ બતાવાયેલા આદરવાળી કરે.।।૧૧૫।।

ભાવાર્થ :-

ગુરુવર્ગ જે આસનનો-શયનનો પરિભોગ કરતા હોય, જે ભોજનપાત્રમાં તેઓ આહાર વાપરતા હોય તેવી અન્ય પણ તેઓની પરિભોગની વસ્તુનો સ્વયં પરિભોગ કરે નહિ તે તેમના પ્રત્યેના પૂજ્યભાવની અભિવ્યક્તિ છે, માટે તેમનું પૂજન છે. વળી ગુરુવર્ગ કાળ કરી જાય તો તેમના અલંકારાદિ દ્રવ્યો દેવતા આયતનાદિ શુભ કાર્યોમાં વાપરે અને જો તે અલંકારાદિ સ્વયં ગ્રહણ કરે તો તેમના મરણની અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થાય. વળી તેઓ કાળ કરી જાય પછી તેમના બિંબનું સ્થાપન કરીને ધૂપ-પુષ્પાદિથી તેમની પૂજા કરે. વળી અન્ય કહે છે કે ગુરુવર્ગથી કરાવાયેલા દેવતા આદિની પ્રતિમાની પૂજા કરે એ પણ ગુરુવર્ગ પ્રત્યેની ભક્તિની અભિવ્યક્તિ છે, માટે ગુરુવર્ગનું પૂજન છે. વળી તેઓ કાળ કરી ગયા પછી તેમના મૃત્યુ નિમિત્તે શ્રેષ્ઠ આદરપૂર્વક ગુરુનું પૂજન-દેવનું પૂજન આદિ શુભ કાર્યો કરે તે પણ ગુરુવર્ગ પ્રત્યેના પૂજ્યભાવની અભિવ્યક્તિ છે, માટે ગુરુવર્ગનું પૂજન છે. **॥૧૧૫॥**

અવતરણિકા :-

અથ દેવપૂજાવિધિમાહ –

અવતરણિકાર્થ :-

હવે દેવપૂજાની વિધિને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯માં ગુરુદેવાદિપૂજનરૂપ પૂર્વસેવાનો પ્રથમભેદ બતાવેલ, તેમાં ગુરુનું પૂજન અત્યાર સુધી સ્પષ્ટ કર્યું, હવે દેવના પૂજનની વિધિને બતાવે છે –

શ્લોક :-

पुष्पैश्च बलिना चैव, वस्त्रैः स्तोत्रैश्च शोभनैः ।
देवानां पूजनं ज्ञेयं, शौचश्रद्धासमन्वितम् ।।११६।।

અન્વયાર્થ :-

शौभनैः पुष्पैश्च बलिना चैव वस्त्रैः स्तोत्रैश्च=શોભન એવાં પુષ્પ-બલિ-વસ્ત્ર અને સ્તોત્ર વડે, देवानां=દેવોનું, शौचश्रद्धासमन्वितम् पूजनं=શૌચ-શ્રદ્ધાયુક્ત પૂજન, ज्ञेयं=જાણવું. ।।૧૧૬।।

શ્લોકાર્થ :-

શોભન એવાં પુષ્પ-બલિ-વસ્ત્ર અને સ્તોત્ર વડે દેવોનું શૌચશ્રદ્ધાયુક્ત પૂજન જાણવું. ।।૧૧૬।।

ટીકા :-

पुष्पैः जातिशतपत्रिकादिसम्भवैः, बलिना पक्वान्नफलाद्युपहाररूपेण, वस्त्रैः=वसनैः, स्तोत्रैः=स्तवनैः, चशब्दौ चैवशब्दश्च समुच्चयार्थाः, शोभनैरादरोपहितत्वेन सुन्दरैः, देवानां=आराध्यतमानाम् पूजनं ज्ञेयम्, कीदृशमित्याह–शौचश्रद्धासमन्वितं=शौचेन शरीरवस्त्रद्रव्यव्यवहारशुद्धिरूपेण, श्रद्धया च बहुमानेन समन्वितं युक्तिमिति ।।११६।।

ટીકાર્થ :-

पुष्पैः ..... युक्तिमिति ।। જાતિશતપત્રિકાદિ સંભવ એવાં પુષ્પો, પક્વાન્ન-ફલાદિ ઉપહારરૂપ બલિ, વસ્ત્રો અને સ્તોત્રો વડે આરાધ્યતમ એવા દેવોનું પૂજન જાણવું. શ્લોકમાં 'च' શબ્દ અને 'चैव' શબ્દ પૂજનની સામગ્રીના સમુચ્ચય અર્થમાં છે.

પુષ્પાદિ કેવાં જોઈએ તે સ્પષ્ટ કરતાં કહે છે –

શોભન=આદરથી ઉપહિતપણારૂપે સુંદર=જોતાંની સાથે તે પુષ્પાદિ પ્રત્યે આદર ઉત્પન્ન થાય તેવાં સુંદર એવાં પુષ્પો વડે દેવોનું પૂજન જાણવું એમ અન્વય છે.

વળી તે પૂજન કેવા પ્રકારનું છે ? એને કહે છે –

શૌચ-શ્રદ્ધાથી યુક્ત=શરીરની શુદ્ધિ-વસ્ત્રની શુદ્ધિ-દ્રવ્યની શુદ્ધિ અને પૂજાની ક્રિયાના કરણરૂપ વ્યવહારની શુદ્ધિ સ્વરૂપ શૌચથી અને બહુમાનરૂપશ્રદ્ધાથી સમન્વિત પૂજન જાણવું એમ અન્વય છે. ।।૧૧૬।।

ભાવાર્થ :-

શિષ્ટ પુરુષોનો આચાર છે કે પોતે ગુણથી પૂર્ણ જે પુરુષને દેવ તરીકે આરાધ્યતમ માનતા હોય તે દેવની ઉત્તમકોટીનાં પુષ્પો, પક્વાન્ન-ફલાદિ, ઉત્તમ કોટીનાં વસ્ત્રો અને તેઓના ગુણોનું સ્મરણ થાય તેવાં સ્તોત્રો વડે પૂજા કરે. વળી આ પૂજાની ક્રિયા શરીરની શુદ્ધિ, વસ્ત્રની શુદ્ધિ, પૂજાની સામગ્રીરૂપ દ્રવ્યની શુદ્ધિ અને પૂજાની ઉચિત ક્રિયાના વ્યવહારની શુદ્ધિપૂર્વક કરે અને ક્રિયાકાળમાં બહુમાન ધારણ કરે કે ગુણવાન એવા આ પુરુષ પૂજનીય છે, જેની પૂજા કરીને હું આ સંસારથી નિસ્તારને પામું. આ પ્રકારના ઉચિત વ્યવહારથી પોતાને ઇષ્ટ એવા દેવની પૂજા કરવી તે યોગની પૂર્વસેવા છે. **॥૧૧૬॥**

અવતરણિકા :-

एतच्च –

અવતરણિકાર્થ :-

અને આ=દેવનું પૂજન, શું ? તે શ્લોકમાં બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં ગૃહસ્થો દેવનું પૂજન કઈ રીતે કરે તે બતાવ્યું. હવે એ દેવનું પૂજન આદ્ય ભૂમિકાવાળા ગૃહસ્થો ક્યા દેવનું કરે તો તેઓનું દેવનું પૂજન પૂર્વસેવા બને તે બતાવવા અર્થે કહે છે –

શ્લોક :-

अविशेषेण सर्वेषामधिमुक्तिवशेन वा ।
गृहिणां माननीया यत्, सर्वे देवा महात्मनाम् ।।११७।।

અન્વયાર્થ :-

(અને આ=દેવનું પૂજન) अविशेषेण=અવિશેષથી, वा=અથવા, अधिमुक्तिवशेन=અધિમુક્તિના વશથી, सर्वेषाम्=સર્વ દેવોનું કરે, यत्=જે કારણથી, महात्मनां गृहिणाम्=મહાત્મા એવા ગૃહસ્થોને, सर्वे देवा माननीया=સર્વ દેવો માનનીય છે. ॥૧૧૭॥

શ્લોકાર્થ :-

(અને આ=દેવનું પૂજન) અવિશેષથી અથવા અધિમુક્તિના વશથી સર્વ દેવોનું કરે, જે કારણથી મહાત્મા એવા ગૃહસ્થોને સર્વ દેવો માનનીય છે. ॥૧૧૭॥

ટીકા :-

अविशेषेण=साधारणवृत्त्या, सर्वेषां=पारगतसुगतहरहरिहिरण्यगर्भादीनाम्, पक्षान्तरमाह-अधिमुक्तिवशेन वा=अथवा यस्य यत्र देवतायामतिशयेन श्रद्धा तद्वशेन, कुत इत्याह–गृहिणां=अद्यापि

कुतोऽपि मतिमोहादनिर्णीतदेवताविशेषाणां, माननीयाः=गौरवार्हाः, यत्=यस्मात्, सर्वे देवाः=उक्तरूपाः महात्मनां परलोकप्रधानतया प्रशस्तात्मनामिति ।।११७।।

ટીકાર્થ :-

अविशेषेण ..... प्रशस्तात्मनामिति ।। અને આ દેવનું પૂજન અવિશેષથી=સાધારણવૃત્તિથી, સર્વ દેવોનું જાણવું=પારગત-સુગત-હર અર્થાત્ મહાદેવ-હરિ અર્થાત્ કૃષ્ણ-હિરણ્યગર્ભ આદિ સર્વ દેવોનું જાણવું.

પક્ષાન્તરને કહે છે=અવિશેષથી સર્વ દેવોના પૂજનથી અન્ય પક્ષને કહે છે –

અથવા અધિમુક્તિના વશથી=જેને જે દેવતામાં અતિશયથી શ્રદ્ધા છે તેના વશથી, સર્વ દેવોનું પૂજન કરવું જોઈએ એમ અન્વય છે.

કેમ અવિશેષથી અથવા અધિમુક્તિના વશથી ગૃહસ્થોએ સર્વ દેવોનું પૂજન કરવું જોઈએ ? એથી કહે છે –

ગૃહસ્થોને=હજી પણ કોઈક પણ મતિમોહથી અનિર્ણીત દેવતાવિશેષવાળા એવા ગૃહસ્થોને જે કારણથી ઉક્તરૂપવાળા એવા સર્વ દેવો માનનીય છે=ગૌરવયોગ્ય છે.

કેવા ગૃહસ્થોને સર્વ દેવો ગૌરવયોગ્ય છે ? એથી કહે છે –

મહાત્માઓને=પરલોકપ્રધાનપણું હોવાને કારણે પ્રશસ્ત આત્મા એવા ગૃહસ્થોને, સર્વ દેવો માનનીય છે. ।।૧૧૭।।

ભાવાર્થ :-

જે ગૃહસ્થો પરલોકને પ્રધાન કરીને ઉચિત શિષ્ટાચારરૂપ પૂર્વસેવા સેવનારા છે તેઓ મહાત્મા છે; કેમ કે માત્ર આ લોકમાં ભોગવિલાસ કરીને સંતોષ માનનારા નથી, પરંતુ મૃત્યુ પછી પોતાનો પરભવ પણ સુંદર થાય તેના અર્થે ઉચિત કૃત્યો કરનારા છે. વળી પરલોક અર્થે પ્રવૃત્તિ કરનારા તે ગૃહસ્થોમાંથી જે ગૃહસ્થોને ક્યા દેવો ગુણથી પૂર્ણ છે અને ક્યા દેવો ગુણથી પૂર્ણ નથી તેવો વિશેષ નિર્ણય હજી થયો નથી તેવા ગૃહસ્થોને ઉપાસ્ય એવા દેવના વિષયમાં આ દેવ ઉપાસ્ય છે અને આ દેવ ઉપાસ્ય નથી તેવો પક્ષપાત કરવો ઉચિત નથી, પરંતુ ઉપાસ્યરૂપે પ્રસિદ્ધ સર્વ દર્શનને અભિમત એવા બધા દેવોની ઉપાસના કરવી ઉચિત છે.

કઈ રીતે બધા દેવોની ઉપાસના કરવી જોઈએ, તેમાં બે વિકલ્પ બતાવે છે –

જે જીવોને કોઈક દેવતાવિશેષમાં અતિશય શ્રદ્ધા હોય=જેમ કોઈ બુદ્ધને ઉપાસ્યરૂપે અતિશયથી માનતા હોય તો કોઈ વીર ભગવાનને ઉપાસ્યરૂપે અતિશયથી માનતા હોય તે રીતે જેને જે દેવતામાં અતિશય શ્રદ્ધા હોય, તે જીવોએ તે દેવતાની વિશેષથી પૂજા કરવી જોઈએ અને અન્ય દેવતાની સામાન્યથી પૂજા કરવી

જોઈએ અને જેઓને કોઈ દેવતામાં વિશેષથી શ્રદ્ધા ન હોય તેવા ગૃહસ્થોએ સર્વ દર્શનને અભિમત દેવતાની અવિશેષથી પૂજા કરવી જોઈએ.

અહીં વિશેષ એ છે કે ઉપાસ્ય દેવ તરીકે દેવ-દેવીઓ અભિમત નથી, પરંતુ ગુણથી પૂર્ણ પુરુષો ઉપાસ્યરૂપે અભિમત છે અને કોઈક દર્શનવાળા તેવા પૂર્ણપુરુષ તરીકે બુદ્ધને કહે છે, તો વળી જૈનદર્શનવાળા તેવા પૂર્ણપુરુષ તરીકે અરિહંતને કહે છે, તો વળી અન્ય કોઈક દર્શનવાળા તેવા પૂર્ણપુરુષ તરીકે કૃષ્ણને કહે છે. તે સર્વ દેવો ગુણથી પૂર્ણ છે એમ માનીને તેઓ તેમની ઉપાસના કરે છે અને આદ્યભૂમિકાવાળા ગૃહસ્થોએ તેવા સર્વ દેવોની પૂજા કરવી જોઈએ, પરંતુ આ દેવ પૂજનીય છે અને આ દેવ પૂજનીય નથી તેવો પક્ષપાત કરવો જોઈએ નહિ, જેથી તેઓની મધ્યસ્થ વૃત્તિ પુષ્ટ બને. આથી સર્વ દેવોને પૂજવા જોઈએ એમ કહેલ છે. **॥૧૧૭॥**

અવતરણિકા :-

एतदपि कथमित्याह –

અવતરણિકાર્થ :-

આ પણ=શ્લોક-૧૧૭માં કહ્યું એ પ્રમાણે ગૃહસ્થોએ સર્વ દેવનું પૂજન કરવું જોઈએ એ પણ, કેમ છે ? એથી કહે છે –

શ્લોક :-

सर्वान्देवान्नमस्यन्ति, नैकं देवं समाश्रिताः ।
जितेन्द्रिया जितक्रोधा, दुर्गाण्यतितरन्ति ते ।।११८।।

અન્વયાર્થ :-

सर्वान् देवान्=સર્વ દેવોને, नमस्यन्ति=નમસ્કાર કરે છે, एकं देवं=એક દેવને, न समाश्रिताः=સમાશ્રિત નથી. जितेन्द्रिया जितक्रोधा ते=જિતેન્દ્રિય જિતક્રોધવાળા તેઓ, दुर्गाणि=દુર્ગોને=દુર્ગતિના પાતરૂપ આપત્તિઓને, अतितरन्ति=અતિશયથી તરે છે. ॥૧૧૮॥

શ્લોકાર્થ :-

સર્વ દેવોને નમસ્કાર કરે છે, એક દેવને સમાશ્રિત નથી. જિતેન્દ્રિય જિતક્રોધવાળા તેઓ દુર્ગોને અતિશયથી તરે છે. ॥૧૧૮॥

ટીકા :-

सर्वान्देवान्नमस्यन्ति=नमस्कुर्वते, व्यतिरेकमाह–नैकं कंचन देवं समाश्रिताः=प्रतिपन्ना, वर्तन्ते ये ततो जितेन्द्रियाः=निगृहीतहृषीकाः, जितक्रोधाः=अभिभूतकोपाः, दुर्गाणि=नरकपातादीनि व्यसनानि, अतितरन्ति=व्यतिक्रामन्ति, ते सर्वदेवनमस्कर्तारः ।।११८।।

ટીકાર્થ :-

सर्वान्देवान्नमस्यन्ति ..... सर्वदेवनमस्कर्तारः ।। સર્વ દેવોને નમસ્કાર કરે છે, વ્યતિરેકને=સર્વ દેવોને નમસ્કાર કરે છે એ કથનને દૃઢ કરવા અર્થે વ્યતિરેકને કહે છે –

કોઈક એક દેવને સમાશ્રિત=સ્વીકારેલા જેઓ વર્તતા નથી, તેથી=ગુણપૂર્ણ માનીને સર્વ દેવોને નમસ્કાર કરે છે તેથી, જિતેન્દ્રિય=નિગ્રહ કરાયેલી ઇન્દ્રિયોવાળા, જિતકોધવાળા એવા તેઓ=સર્વ દેવોને નમસ્કાર કરનારા, દુર્ગો=નરકપાતાદિ આપત્તિઓને, અતિ તરે છે. ॥૧૧૮॥

❖ 'नरकपातादीनि'માં 'आदि' પદથી તિર્યંચપાતનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે જીવો ભદ્ર પ્રકૃતિવાળા છે અને આ દેવતા ગુણથી પૂર્ણ છે, માટે ઉપાસ્ય છે અને આ દેવતા ગુણથી પૂર્ણ નથી માટે ઉપાસ્ય નથી, તેવો વિશેષ નિર્ણય જેઓને પરીક્ષા કરીને થયો નથી એવા ગૃહસ્થો સર્વ દેવોને નમસ્કાર કરે છે, કોઈ એક દેવને ઉપાસ્યરૂપે આશ્રય કરીને વર્તતા નથી અને ભદ્રકપ્રકૃતિવાળા હોવાને કારણે સર્વ દેવોને નમસ્કાર કરીને ઇન્દ્રિયોનો જય કરે છે અને ક્રોધ પ્રકૃતિને શાંત કરે છે; કેમ કે ઉપાસ્ય દેવો ગુણથી પૂર્ણ છે તેમ માનીને ઉપાસના કરે છે જેનાથી વિકારો શાંત થાય છે અને આ રીતે ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરીને સર્વ દેવને નમસ્કાર કરનારા ગૃહસ્થો નરકની કે પશુભવની પ્રાપ્તિને કરતા નથી, તેથી અવતરણિકામાં કહેલ કે સર્વ દેવોને નમસ્કાર કેમ કરે છે ? તેનું સમાધાન થાય છે કે આ રીતે સર્વ દેવોને નમસ્કાર કરવાથી કદાગ્રહ વગરના થયેલા એવા તેઓ દુર્ગતિઓના પાતને પામતા નથી. માટે તેવા જીવોએ સર્વ દેવોનું પૂજન કરવું જોઈએ. **॥૧૧૮॥**

અવતરણિકા :-

ननु नैते लोके व्यवह्रियमाणाः सर्वेऽपि देवा मुक्तिपथप्रस्थितानामनुकूलाचरणा भवन्तीति कथमविशेषेण नमस्करणीयतेत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

લોકમાં વ્યવહાર કરાતા એવા સર્વપણ આ દેવો મુક્તિપથમાં પ્રસ્થિત જીવોને અનુકૂલ આચરણાવાળા નથી એથી કેવી રીતે અવિશેષથી તેઓની નમસ્કરણીયતા છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે -

❖ 'सर्वेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે લોકમાં પૂજ્યરૂપે વ્યવહાર કરાતા કોઈક દેવ મુક્તિપથમાં પ્રસ્થિતજીવોને અનુકૂલ આચરણાવાળા છે, પરંતુ સર્વ પણ દેવો નથી.

ભાવાર્થ :-

લોકમાં ઉપાસ્યરૂપે વ્યવહાર કરાતા પારગત-સુગત-હરિહરાદિ છે અને વીરભગવાન પણ છે તે સર્વ પણ દેવો મુક્તિમાર્ગમાં પ્રસ્થિત એવા યોગ્ય જીવોને અનુકૂલ આચરણાવાળા નથી અર્થાત્ મુક્તિપથમાં

પ્રસ્થિત જીવોને શુદ્ધ યોગમાર્ગ બતાવીને તેઓને યોગમાર્ગમાં પ્રવર્તક બને તેવા નથી, પરંતુ તે સર્વ દેવોમાંથી જેઓ વીતરાગ અને સર્વજ્ઞ છે તેવા વીર ભગવાન જ મુક્તિપથમાં ચાલનારા જીવોને શુદ્ધ યોગમાર્ગને બતાવનારા અને શુદ્ધ યોગમાર્ગના ફળભૂત વીતરાગતાને પામેલા છે, તેથી વીતરાગ અને સર્વજ્ઞ એવા વીર ભગવાન જ મોક્ષના અર્થી જીવો માટે નમસ્કરણીય છે, આમ છતાં ગૃહસ્થોને 'સર્વ દેવો અવિશેષથી નમસ્કરણીય છે' એમ ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૧૭માં કેમ કહ્યું ? એ પ્રકારની આશંકા કરીને કહે છે.

શ્લોક :-

चारिसञ्जीवनीचारन्याय एष सतां मतः ।
नान्यथात्रेष्टसिद्धिः स्याद्विशेषेणादिकर्मणाम् ।।११९।।

અન્વયાર્થ :-

आदिकर्मणाम्=આદિ ધાર્મિક જીવોને, विशेषेण=સમ્યગ્દૃષ્ટિ આદિ ભૂમિકાની પ્રાપ્તિને ઉચિત દેશનાના પરિહારરૂપ વિશેષથી, चारिसञ्जीवनीचारन्यायः=ચારિસંજીવની ચાર ન્યાયવાળો, एष=આ=દેવતા નમસ્કરણીયતાનો ઉપદેશ, सतां=સંતોને, मतः=અભિપ્રેત છે. अन्यथा=ચારિસંજીવની ચાર ન્યાય વગર, अत्र=અહીં=દેવપૂજાદિના વિષયમાં, इष्टसिद्धिः=ઈષ્ટસિદ્ધિ, न स्यात्=ન થાય. ।।૧૧૯।।

શ્લોકાર્થ :-

આદિ ધાર્મિક જીવોને સમ્યગ્દૃષ્ટિ આદિ ભૂમિકાની પ્રાપ્તિને ઉચિત દેશનાના પરિહારરૂપ વિશેષથી ચારિસંજીવનીચારન્યાયવાળો આ ઉપદેશ સંતોને અભિપ્રેત છે. ચારિસંજીવની ચાર ન્યાય વગર અહીં ઈષ્ટસિદ્ધિ ન થાય. ।।૧૧૯।।

ટીકા :-

चारेः प्रतीतरूपाया मध्ये संजीवनी=औषधिविशेषश्चारिसंजीवनी तस्याश्चारः=चरणं, स एव न्यायो=दृष्टान्तश्चारिसंजीवनीचारन्यायः, एषो=अविशेषेण देवतानमस्करणीयतोपदेशः सतां=शिष्टानाम्, मतो=अभिप्रेतः।

"भावार्थस्तु कथागम्यः, सा चेयमभिधीयते ।
अस्ति स्वस्तिमती नाम, नगरी नागराकुला ।।१।।

तस्यामासीत्सुता काचिद्, ब्राह्मणस्य तथा सखी ।
तस्या एव परं पात्रं, सदा प्रेम्णो गतावधेः ।।२।।

तयोर्विवाहवशतो, भिन्नस्थाननिवासिता ।
जज्ञेऽन्यदा द्विजसुता, जाता चिन्तापरायणा ।।३।।

कथमास्ते सखीत्येवं, ततः प्राघूर्णिका गता ।
दृष्टा विषादजलधौ, निमग्ना सा तया ततः ।।४।।

पप्रच्छ-किं त्वमत्यन्तविच्छायवदना सखी? ।
तयोचे पापसद्माहं, पत्युर्दुर्भगतां गता ।।५।।

मा विषीद विषादोऽयं, निर्विशेषो विषात्सखि ।
करोम्यनड्वाहमहं, पतिं ते मूलिकाबलात् ।।६।।

तस्याः सा मूलिकां दत्त्वा, संनिवेशं निजं ययौ ।
अप्रीतमानसा तस्य, प्रायच्छत् तामसौ ततः ।।७।।

अभूद् गौरुद्धुरस्कन्धो, झगित्येव च सा हृदि ।
विद्राणैष कथं सर्वकार्याणामक्षमो भवेत् ।।८।।

गोयूथान्तर्गतो नित्यं, बहिश्चारयितुं सकः ।
तयारब्धो वटस्याधः, सोऽन्यदा विश्रमं गतः ।।९।।

तच्छाखायां नभश्चारिमिथुनस्य कथंचन ।
विश्रान्तस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् ।।१०।।

नात्रैष गौः स्वभावेन, किं तु वैगुण्यतोऽजनि ।
पत्नी प्रतिबभाषे सा, पुनर्नासौ कथं भवेत् ।।११।।

मूल्यन्तरोपयोगेन, क्वास्ते सास्य तरोरधः ।
श्रुत्वैतत्सा पशोः पत्नी, पश्चात्तापितमानसा ।।१२।।

अभेदज्ञानतश्चारिं, सर्वां चारयितुं तकम् ।
प्रवृत्ता मूलिकाभोगात्, सद्योऽसौ पुरुषो भवत् ।।१३।।

अजानानो(ना) यथा भेदं, मूलिकायास्तया पशुः ।
चारितः सर्वतश्चारिं, पुनर्नृत्वोपलब्धये ।।१४।।

तथा धर्मगुरुः शिष्यं, पशुप्रायं विशेषतः ।
प्रवृत्तावक्षमं ज्ञात्वा, देवपूजादिके विधौ ।।१५।।

सामान्यदेवपूजादौ, प्रवृत्तिं कारयन्नपि ।
विशिष्टसाध्यसिद्ध्यर्थं, न स्याद्दोषी मनागपि ।।१६।।" **इति।।**

विपक्षे बाधामाह–न=नैव, अन्यथा=चारिसंजीवनीचारन्यायमन्तरेण, अत्र=देवपूजनादौ प्रस्तुते, इष्टसिद्धिः विशिष्टमार्गावताररूपा स्यात्=भवेत्, अयं चोपदेशो यथा येषां दातव्यस्तदाह–विशेषेण

सम्यग्दृष्ट्याद्युचितदेशनापरिहाररूपेण, आदिकर्मणां=प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम्, न ह्यत्यन्तमुग्धतया कंचन देवतादिविशेषमजानाना विशेषप्रवृत्तेरद्यापि योग्याः, किं तु सामान्यरूपाया एवेति ।।११९।।

ટીકાર્થ :-

चारेः प्रतीतरूपाया ..... एवेति ।। પ્રતીતરૂપવાળા ચારાની મધ્યમાં=લોકમાં પ્રતીત એવા ઘાસચારાની મધ્યમાં, સંજીવની=ઔષધિવિશેષ, ચારિસંજીવની છે, તેનો ચાર=ચરવાની ક્રિયા, તે જ ન્યાય=દૃષ્ટાંત, ચારિસંજીવનીચાર ન્યાયવાળો આ=અવિશેષથી દેવતાને નમસ્કરણીયતાનો ઉપદેશ, સંતોને=શિષ્ટોને, અભિપ્રેત છે.

"વળી ભાવાર્થ કથાગમ્ય છે અને તે=કથા, આ કહેવાય છે=આગળ કહેવાય છે – સ્વસ્તિમતી નામવાળી નગરજનોથી યુક્ત નગરી છે. ।।૧।।

તેમાં=તે નગરીમાં, બ્રાહ્મણની કોઈક પુત્રી હતી અને તેણીની જ=તે બ્રાહ્મણની પુત્રીની જ, હંમેશા ગતઅવધિવાળા પ્રેમનું પરમ પાત્ર સખી હતી. ।।૨।।

વિવાહના વશથી તે બન્નેની ભિન્નસ્થાનમાં નિવાસિતા થઈ. અન્યદા બ્રાહ્મણપુત્રી 'સખી કેવી રીતે રહે છે ?' એ પ્રકારની ચિંતાપરાયણ થઈ, તેથી પ્રાધૂર્ણિકા એવી તે ગઈ=સખી પાસે ગઈ, વિષાદસમુદ્રમાં નિમગ્ન એવી તે સખી તેણી વડે જોવાઈ, તેથી ।।૩-૪।।

પૂછ્યું=બ્રાહ્મણપુત્રીએ સખીને પૂછ્યું – હે સખી ! તું અત્યંત વિષાદ મુખવાળી કેમ છે ? તેણી વડે કહેવાયું - પતિની દુર્ભગતાને પામેલી=પતિની અપ્રીતિને પામેલી એવી, હું પાપનું ઘર છું. ।।૫।।

હે સખી ! વિષથી નિર્વિશેષ આ વિષાદ છે=વિષની જેમ આ વિષાદ મૃત્યુનું કારણ છે, તું વિષાદ કર નહિ, તારા પતિને મૂલિકાના બળથી હું બળદ કરું છું. ।।૬।।

તેણીને મૂલિકા આપીને તેણી=બ્રાહ્મણપુત્રી, પોતાના ગામે ગઈ. અપ્રીતમાનસવાળી એવી આણે=સખીએ, ત્યારપછી તેને=પોતાના પતિને, તેને=મૂલિકાને આપી. ।।૭।।

તરત જ તે ઉદ્ધુરસ્કંધવાળો બળદ થયો અને તેણી હૃદયમાં વ્યાકુળ થઈ, સર્વ કાર્યમાં અસમર્થ એવો બળદ આ=પુરુષ, કેવી રીતે થાય ? ।।૮।।

તેણી વડે ગાયના ટોળાની અંતર્ગત એવો તે બળદ હંમેશાં બહાર ચરાવવાને આરંભ કરાયો. એકવાર તે બળદ વડલાની નીચે વિશ્રામને પામ્યો. ।।૯।।

તેની ડાળી ઉપર=વડલાની ડાળી ઉપર, વિશ્રાંત એવા વિદ્યાધર યુગલના કોઈક રીતે પરસ્પર વાર્તાલાપમાં વિદ્યાધરપુરુષ બોલ્યો. ।।૧૦।।

અહીં=વડ નીચે રહેલો, આ બળદ સ્વભાવથી નથી, પરંતુ વૈગુણ્યથી થયેલો છે=કોઈક પ્રક્રિયાના વિપરીત ગુણને કારણે થયેલો છે, તે પત્ની=વિદ્યાધરપત્ની, બોલી, આ=બળદ, કોઈ રીતે ફરી ન થાય ?=કોઈ રીતે આ પુરુષ ન થાય ? ।।૧૧।।

તેના પતિએ જવાબ આપ્યો – મૂલિ અંતરના ઉપયોગથી થાય=જે મૂલિકાથી બળદ થયો છે તે મૂલિકાથી અન્ય મૂલિકાના સેવનથી પુરુષ થાય, વિદ્યાધર પત્નીએ પુછયું – તે મૂલિકા ક્યાં છે ? વિદ્યાધરે કહ્યું. તે=તે મૂલિકા આ વૃક્ષની નીચે છે. આ સાંભળીને=વિદ્યાધરના વચનને સાંભળીને, પશ્ચાત્તાપિત માનસવાળી બળદરૂપી પશુની તે પત્ની અભેદજ્ઞાન હોવાને કારણે તે બળદને સર્વ ચારો ચરાવવા માટે પ્રવૃત્ત થઈ, મૂલિકાના સેવનથી આ=બળદ, તરત પુરુષ થયો. ॥૧૨-૧૩॥

જે પ્રમાણે મૂલિકાના ભેદને નહિ જાણતી એવી તેણી વડે ફરીથી મનુષ્યત્વની પ્રાપ્તિ માટે પશુ સર્વથી ચારો ચરાવાયો. ॥૧૪॥

તે પ્રમાણે પશુપ્રાયઃ એવા શિષ્યને વિશેષથી પ્રવૃત્તિમાં અસમર્થ જાણીને=આ દેવ ઉપાસનીય છે અને આ દેવ ઉપાસનીય નથી એ પ્રકારના વિશેષથી સુદેવના નિર્ણયપૂર્વક સુદેવવિષયક પૂજાની પ્રવૃત્તિમાં અસમર્થ જાણીને, દેવપૂજાદિકવિધિવિષયક વિશિષ્ટ સાધ્યની સિદ્ધિ માટે=મધ્યસ્થતાપૂર્વક સુદેવનો નિર્ણય કરીને સુદેવની પૂજા કરે જેનાથી વિશિષ્ટ નિર્જરાની પ્રાપ્તિ કરે એ પ્રકારના વિશિષ્ટ સાધ્યની સિદ્ધિ માટે, સામાન્ય દેવપૂજાદિમાં=પક્ષપાત વગર સર્વ દેવવિષયકપૂજાદિમાં, પ્રવૃત્તિને કરાવતા પણ ધર્મગુરુ થોડા પણ દોષવાળા ન થાય=અન્યદેવની પૂજા કરાવવાકૃત પાપબંધના થોડા પણ ભાગી ન થાય." ॥૧૫-૧૬॥

વિપક્ષમાં બાધાને કહે છે=આદિ ધાર્મિક જીવોને ચારિસંજીવની ચારના દૃષ્ટાંતથી દેવપૂજા ન કરાવવામાં આવે તો શું અનર્થ થાય એ રૂપ બાધાને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

અન્યથા=ચારિસંજીવની ચારના દૃષ્ટાંત વગર, આમાં=પ્રસ્તુત એવા દેવપૂજનાદિના વિષયમાં= આદિધાર્મિક જીવોને કરાવવા યોગ્ય એવા દેવપૂજનાદિના વિષયમાં, વિશિષ્ટમાર્ગમાં અવતારરૂપ ઇષ્ટસિદ્ધિ=મધ્યસ્થતાપૂર્વક સુદેવના સ્વીકારરૂપે વિશિષ્ટમાર્ગમાં અવતારરૂપ ઇષ્ટસિદ્ધિ, થાય નહિ જ અને આ ઉપદેશ જે પ્રમાણે જેઓને આપવા યોગ્ય છે, તેને કહે છે=શ્લોકના ચોથા પાદથી કહે છે -

સમ્યગ્દૃષ્ટિ આદિની ઉચિત દેશનાના પરિહારરૂપ વિશેષથી=સમ્યગ્દર્શનની દેશવિરતિની કે સર્વવિરતિની પ્રાપ્તિ કરી શકે તેવી ઉચિત દેશનાના પરિહારરૂપ વિશેષથી, આદિ કર્મવાળા જીવોને= પ્રથમ જ આરંભ કરાયો છે સ્થૂલધર્મનો આચાર જેમના વડે એવા જીવોને, અવિશેષથી સર્વદેવોને નમસ્કાર કરવાનો ઉપદેશ આપવો જોઈએ એમ અન્વય છે, જે કારણથી અત્યંત મુગ્ધપણાને કારણે કોઈ દેવતાદિવિશેષને નહિ જાણતા એવા તેઓ વિશેષપ્રવૃત્તિને હજી પણ યોગ્ય નથી, પરંતુ સામાન્યરૂપ જ પ્રવૃત્તિને યોગ્ય છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૧૯॥

❖ 'देवपूजनादौ'માં 'आदि' પદથી ગુરુપૂજનનું ગ્રહણ કરવું.

❖ 'देवतादिविशेषम्'માં 'आदि' પદથી ગુરુનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

દૃષ્ટાંતમાં કહ્યું તે પ્રમાણે જેમ તે સ્ત્રી પ્રસ્તુત ચારા અંતર્ગત સંજીવની છે તેમ જાણે છે, છતાં સંજીવની ચારો ક્યો છે તે જાણતી નથી, તેથી તે બળદને સર્વ ચારો ચરાવે છે અને તે બળદ પુરુષ બને છે તેમ ધર્મગુરુ

શિષ્યને પશુપ્રાયઃ જાણતા હોવાથી વિશેષ પ્રવૃત્તિમાં અસમર્થ જાણે છે અર્થાત્ આ શિષ્ય હજી સુદેવ અને કુદેવના સ્વરૂપને સમજી શકે તેવી વિશિષ્ટ પ્રજ્ઞાને પામેલ નથી માટે પશુ જેવો છે તેથી અન્ય દેવોનો ત્યાગ કરીને વિશેષ દેવની પૂજા કરવા દ્વારા તત્ત્વ પ્રત્યેના પક્ષપાતવાળી મધ્યસ્થબુદ્ધિ કેળવવારૂપ પ્રવૃત્તિમાં અસમર્થ છે તેમ જાણે છે, તેથી 'સર્વ દેવોની પૂજા કરવી જોઈએ' એ પ્રકારે ઉપદેશ આપીને તે શિષ્યને દેવપૂજામાં પ્રવૃત્તિ કરાવે છે જેથી 'ગુણસંપન્ન પુરુષોની હું ભક્તિ કરું છું' તેવો પક્ષપાત વગરનો અધ્યવસાય થાય છે તે ચારિસંજીવનીચારન્યાયવાળો સર્વ દેવતાને નમસ્કાર કરવાનો ઉપદેશ છે અને આદ્યભૂમિકાવાળા જીવોને આ પ્રકારનો ઉપદેશ આપવો એ જ શિષ્ટ પુરુષોને સંમત છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ થવા માટે ઉપયોગી તત્ત્વના પક્ષપાતવાળી દેશના આપી શકાય તેવી આદ્યભૂમિકાવાળા જીવોના ચિત્તની ભૂમિકા નથી, તેથી પક્ષપાત વગર સર્વ દેવોની અને સર્વ ત્યાગી એવા સંન્યાસીઓની ભક્તિ કરે તો જ તે જીવો ત્યાગમાર્ગ પ્રત્યેના પક્ષપાત દ્વારા કલ્યાણ સાધી શકે છે, તેથી તેવા જીવોને સામાન્ય રીતે સર્વ દેવોની પૂજાથી જ કલ્યાણની પ્રાપ્તિ છે.

અહીં વિશેષ એ છે કે કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા નથી, તોપણ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઉપદેશ દ્વારા તત્ત્વને પામી શકે તેવી નિર્મળ પ્રજ્ઞાવાળા છે તેઓને ઉપદેશક ઉપદેશ આપે કે 'આત્મા અનાદિનો છે, કર્મ સાથે અનાદિથી સંબંધવાળો છે અને રાગાદિ ભાવોનો સંશ્લેષ તે કર્મબંધનું કારણ છે અને રાગાદિના ઉચ્છેદથી સંસારનો નાશ થાય છે અને આત્મા પરિણામીસ્વભાવવાળો છે, તેથી રાગાદિભાવોના પરિણામને કારણે કર્મને બાંધીને સંસારમાં પરિભ્રમણ કરે છે અને સંસારના કારણભૂત રાગાદિના ઉચ્છેદથી રાગાદિ પરિણામ રહિત એવો આત્મા કર્મથી મુક્ત બને છે અને સંસારના ઉચ્છેદ માટે સ્વયં પ્રયત્ન કરીને જેઓ વીતરાગ-સર્વજ્ઞ બન્યા છે, ત્યારપછી તેઓએ જગતના જીવોને હિતકારી સંસારના ઉચ્છેદને અનુકૂલ પ્રવૃત્તિનો ઉપદેશ આપ્યો છે તે સર્વજ્ઞ વીતરાગ દેવ પૂજ્ય છે અને તે દેવે બતાવેલા યોગમાર્ગમાં અપ્રમાદથી જેઓ યત્ન કરે છે તેવા ગુરુઓ ગુરુ તરીકે ઉપાસ્ય છે અને તે સર્વજ્ઞ ભગવંતે બતાવેલો યોગમાર્ગ ધર્મ છે અને તે સર્વજ્ઞ ભગવંતે આત્માને પરિણામી સ્વીકાર્યો છે, તેથી તેમના મતાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ અને સંસાર-મોક્ષ સંગત થાય છે અને અન્ય દર્શનવાળા પણ મોક્ષ અર્થે ઉપદેશ આપે છે, છતાં કેટલાક દર્શનવાળા આત્માને કૂટસ્થ નિત્ય માને છે અને કેટલાક દર્શનવાળા આત્માને ક્ષણિક માને છે, તેઓના મતે આત્મા પરિણામી નહિ હોવાને કારણે પૂર્વમાં જે આત્મા સંસારી હતો તે જ સાધના કરીને મુક્ત થાય છે તે કથન પરમાર્થથી સંગત થતું નથી.' આ પ્રકારના ઉપદેશને સાંભળીને મધ્યસ્થતાપૂર્વક સર્વ દર્શનોના વચનને જાણવા પ્રયત્ન કરે તો 'અન્ય અન્ય દર્શનોમાં યોગમાર્ગને ઉચિત કેટલીક આચરણાની પ્રાપ્તિ હોવા છતાં અન્ય દર્શનો એકાંતવાદી હોવાથી તેઓનાં વચનો પૂર્ણ યોગમાર્ગની સંગતિને બતાવનારાં નથી' તેવો નિર્ણય જેઓ કરી શકે છે તેવા જીવો સમ્યગ્દૃષ્ટિ થવા માટે ઉપયોગી એવી દેશનાને યોગ્ય છે, પરંતુ જેઓની બુદ્ધિ હજી તે પ્રકારે વિચાર કરવા સમર્થ બની નથી અને મધ્યસ્થતાપૂર્વક તત્ત્વનો નિર્ણય કરી શકે તેવી સંપન્ન નથી તેઓને ત્યાગપ્રધાન માર્ગ પ્રત્યે રુચિ થાય અને મધ્યસ્થતાપૂર્વક ત્યાગીઓની ભક્તિ કરે તેવો જ ઉપદેશ આપવો ઉચિત છે. **॥૧૧૯॥**

અવતરણિકા :-

તર્હિ કદા વિશેષેણ પ્રવૃત્તિરનુમન્યત ઇત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

તો ક્યારે વિશેષથી=સર્વ દેવોને ઉપાસ્યરૂપે સ્વીકારવાનું છોડીને સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને જ ઉપાસ્યરૂપે સ્વીકારવારૂપ વિશેષથી, પ્રવૃત્તિ=ભગવાનની ભક્તિની પ્રવૃત્તિ, સ્વીકારાય છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૧૯માં કહ્યું કે આદિ ધાર્મિક જીવોને સર્વ દેવોની ભક્તિ કરવાથી જ ઇષ્ટની સિદ્ધિ થાય છે, ત્યાં પ્રશ્ન થાય કે તો પછી ક્યારે અન્ય દેવોનો ઉપાસ્યરૂપે અસ્વીકાર કરીને વીતરાગ સર્વજ્ઞ એવા ભગવાનને જ ઉપાસ્યરૂપે સ્વીકારવાની પ્રવૃત્તિ ઉચિત ગણાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

गुणाधिक्यपरिज्ञानाद्, विशेषेऽप्येतदिष्यते ।
अद्वेषेण तदन्येषां, वृत्ताधिक्ये तथात्मनः ।।१२०।।

અન્વયાર્થ :-

गुणाधिक्यपरिज्ञानाद्=ગુણાધિક્યના પરિજ્ઞાનથી, तथा=અને, आत्मनः वृत्ताधिक्ये=પોતાનું વૃત્તાધિક્ય હોતે છતે=અન્ય દેવોની અપેક્ષાએ પોતાના આચારોનું અધિકપણું હોતે છતે, तदन्येषां अद्वेषेण=તેનાથી અન્ય દેવોના અદ્વેષથી=પોતે જેની ઉપાસના કરે છે તેનાથી અન્ય દર્શનના ઉપાસ્યદેવોના અદ્વેષથી, विशेषेऽपि=વિશેષમાં પણ, एतद्=આ=પૂજન, इष्यते=ઇચ્છાય છે. ।।૧૨૦।।

શ્લોકાર્થ :-

ગુણાધિક્યના પરિજ્ઞાનથી અને પોતાનું વૃત્તાધિક્ય હોતે છતે તેનાથી અન્ય દેવોના અદ્વેષથી વિશેષમાં પણ આ ઇચ્છાય છે. ।।૧૨૦।।

ટીકા :-

गुणाधिक्यपरिज्ञानाद्=देवतान्तरेभ्यो गुणाधिकस्य गुणवृद्धेरवगमात्, विशेषेऽप्यर्हदादौ किं पुनः सामान्येन एतत्पूजनमिष्यते, कथमित्याह–अद्वेषेण=अमत्सरेण, तदन्येषां=पूज्यमानदेवताव्यतिरिक्तानां देवतान्तराणां, वृत्ताधिक्ये=आचाराधिक्ये सति, 'तथा' इति विशेषणसमुच्चये, आत्मनः=स्वस्य, देवतान्तराणि प्रतीत्येति ।।१२०।।

ટીકાર્થ :-

गुणाधिक्यपरिज्ञानाद् ..... प्रतीत्येति ।। ગુણાધિક્યના પરિજ્ઞાનથી=દેવતાન્તરથી ગુણાધિક્યનો અર્થાત્ ગુણવૃદ્ધિનો બોધ થવાથી, વિશેષ એવા અરિહંતાદિમાં પણ આ પૂજન ઇચ્છાય છે.

કેવી રીતે ઇચ્છાય છે ? એથી કહે છે – तद् अन्योना=પૂજ્યમાન એવા દેવતાથી વ્યતિરિક્ત એવા દેવતાન્તરોના, अद्वेषथी=અમત્સરથી, આ પૂજન ઇચ્છાય છે એમ અન્વય છે.

ક્યારે દેવતાન્તરોનો અદ્વેષ કરવો જોઈએ તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

आत्मानुं=પોતાનું, દેવતાન્તરોને આશ્રયીને વૃત્તાધિક્ય હોતે છતે અન્ય=આચારોનું અધિકપણું હોતે છતે, દેવતાઓના અમત્સરથી પૂજન કરવું જોઈએ એમ અન્વય છે.

'विशेषेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સામાન્યથી તો શું ?=વિશેષથી પણ અરિહંતાદિમાં આ પૂજન ઇચ્છાય છે.

શ્લોકમાં 'तथा' શબ્દ છે તે વિશેષણના સમુચ્ચયમાં છે=વિશેષ એવા અરિહંતાદિના પૂજનમાં કારણીભૂત એવા ગુણાધિક્યનું પરિજ્ઞાન અને અન્ય દેવોનો અદ્વેષ એ બે વિશેષણના સમુચ્ચય માટે છે અર્થાત્ ગુણાધિક્યનું પરિજ્ઞાન અને અન્યના અદ્વેષથી વિશિષ્ટ પૂજન અરિહંતાદિમાં ઇચ્છાય છે, એ પ્રમાણે અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૨૦॥

❖ 'अर्हदादौ'માં 'आदि' પદથી સુગુરુનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સંસારથી ભય પામેલા અને સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિના અર્થી જીવો સંસારના ઉચ્છેદના ઉપાયને જાણવા માટે મધ્યસ્થતાપૂર્વક પ્રયત્ન કરે અને મોક્ષમાર્ગને કહેનારાં અનેક દર્શનોનાં જુદાં જુદાં વચનોને સાંભળીને ક્યું દર્શન પરિપૂર્ણ શુદ્ધમાર્ગને બતાવનાર છે તેના નિર્ણય અર્થે સુવર્ણપરીક્ષાની જેમ કષ-છેદ-તાપ પરીક્ષા દ્વારા આ દર્શન જ પરિપૂર્ણ શુદ્ધ છે, અન્ય દર્શન નથી તેવો નિર્ણય થાય ત્યારે આ દર્શનના પ્રરૂપકદેવ વીતરાગ સર્વજ્ઞ છે, આથી જ પરિપૂર્ણ શુદ્ધ યોગમાર્ગ બતાવે છે તેવો વિશ્વાસ થવાથી અન્ય દર્શનના દેવો કરતાં વીતરાગ સર્વજ્ઞ એવા દેવમાં ગુણાધિક્યનું પરિજ્ઞાન થાય છે, તેથી તેવા જીવો અન્ય દેવોની ઉપાસનાનો ત્યાગ કરીને વીતરાગ સર્વજ્ઞદેવની જ ઉપાસના કરે તે તેના માટે ઉચિત છે. વળી ગુણાધિક્યના પરિજ્ઞાનવાળા પુરુષે કઈ રીતે અરિહંતાદિની ઉપાસના કરવી જોઈએ તે બતાવતાં કહે છે -

અન્ય દર્શનના દેવોના આચારો કરતાં પોતાના આચારો અધિક છે તેવો નિર્ણય થવા છતાં, આ અન્ય દર્શનના દેવો કરતાં તો અમારા આચારો અધિક છે, માટે તેવા હીન આચારવાળા દેવોને કઈ રીતે પૂજાય ? એમ વિચારીને તેઓ પ્રત્યે મત્સરભાવ ધારણ ન કરે, પરંતુ પોતાના આચારો કરતાં પણ હીન આચારોવાળા અન્ય દેવો પ્રત્યે મત્સર રાખ્યા વગર અરિહંત આદિ વિશેષમાં પૂજન કરે તે ઇચ્છાય છે. **॥૧૨૦॥**

અવતરણિકા :-

ગુરુદેવાદિપૂજનમિત્યત્રાદિશબ્દપ્રગૃહીતં પૂજનીયાન્તરમધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

ગુરુદેવાદિપૂજન એ પ્રકારના આમાં=શ્લોક-૧૦૯માં બતાવેલા કથનમાં, 'આદિ' શબ્દથી ગ્રહણ કરાયેલ પૂજનીયાન્તરને આશ્રયીને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯માં ચાર પ્રકારની પૂર્વસેવા બતાવી, તેમાં ગુરુદેવાદિપૂજન પૂર્વસેવાનો પ્રથમભેદ છે તેમ કહ્યું, તેથી ત્યારપછી ગુરુપૂજનનું સ્વરૂપ બતાવ્યું, ત્યારપછી દેવપૂજનનું સ્વરૂપ બતાવ્યું, હવે ગુરુદેવાદિમાં રહેલા 'આદિ' શબ્દથી ગ્રહણ થતા એવા પૂજનીયાન્તરને આશ્રયીને શ્લોક-૧૨૫ સુધી કહે છે.

શ્લોક :-

पात्रे दीनादिवर्गे च, दानं विधिवदिष्यते ।
पोष्यवर्गाविरोधेन, न विरुद्धं स्वतश्च यत् ।।१२१।।

અન્વયાર્થ :-

પોષ્યવર્ગાઽવિરોધેન=પોષ્યવર્ગના અવિરોધથી, ન વિરુદ્ધં=વિરુદ્ધ નહિ એવું=ધર્મબાધાને નહિ કરનાર, ચ=અને, સ્વતઃ=પોતાનાથી, પાત્રે દીનાદિવર્ગે ચ=પાત્રમાં અને દીનાદિવર્ગમાં, યદ્ દાનં=જે અપાતું દાન, વિધિવદ્=વિધિયુક્ત, ઇષ્યતે=ઇચ્છાય છે. ।।૧૨૧।।

શ્લોકાર્થ :-

પોષ્યવર્ગના અવિરોધથી વિરુદ્ધ નહિ એવું અને પોતાનાથી પાત્રમાં અને દીનાદિવર્ગમાં જે અપાતું દાન વિધિયુક્ત ઇચ્છાય છે. ।।૧૨૧।।

ટીકા :-

પાત્રે દાયકલોકરક્ષાકરે નિર્દિક્ષ્યમાણલક્ષણે, દીનાદિવર્ગે ચ ભણિષ્યમાણરૂપ એવ, દાનં સ્વવિભવાતિસર્ગરૂપમ્, વિધિવદ્=વિધિયુક્તમ્, ઇષ્યતે મતિમદ્ભિઃ, કથમિત્યાહ–પોષ્યવર્ગાઽવિરોધેન= માતાપિત્રાદિપોષણીયલોકસ્ય વૃત્તેરનુચ્છેદનેન, ન વિરુદ્ધં=ન દાયકગ્રાહકયોર્ધર્મબાધાકારિ હલોદૂખ-લાદિવત્, સ્વતશ્ચ=સ્વાત્મના ચ, યદ્દીયમાનમિતિ ।।૧૨૧।।

ટીકાર્થ :-

પાત્રે ..... યદ્દીયમાનમિતિ ।। આગળ બતાવાશે એવા લક્ષણવાળા દાયકલોકની રક્ષા કરનારા પાત્રમાં અને આગળ કહેવાશે એવા સ્વરૂપવાળા જ દીનાદિ વર્ગમાં સ્વવૈભવના ત્યાગરૂપ દાન વિધિયુક્ત મતિમાન વડે ઇચ્છાય છે.

કેવી રીતે ઇચ્છાય છે ? એથી કહે છે –

પોષ્યવર્ગના અવિરોધથી=માતા-પિતાદિ પોષણીયલોકની આજીવિકાના અનુચ્છેદથી, ઈચ્છાય છે.

વળી કેવું દાન ઇચ્છાય છે તે બતાવે છે –

વિરુદ્ધ ન હોય એવું=હલ-ઉદૂખલ આદિની જેમ દાયક અને ગ્રાહકના ધર્મને બાધા કરનારું ન હોય અને પોતાનાથી જે અપાતું હોય તેવું દાન વિધિયુક્ત ઈચ્છાય છે એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૨૧॥

ભાવાર્થ :-

સદ્ગૃહસ્થો માતા-પિતા આદિ ગુરુવર્ગની પૂજા કરે છે, ઉપાસ્ય એવા દેવની પૂજા કરે છે અને પાત્રવર્ગ અને દીનાદિવર્ગમાં દાન આપે છે તે પાત્રવર્ગ અને દીનાદિવર્ગ પૂજનીયાન્તર છે; કેમ કે 'તારે તે તીર્થ' એ પ્રકારની તીર્થની વ્યુત્પત્તિ કરીને પાત્ર અને દીનાદિવર્ગમાં જે દાન અપાય છે તે તારનાર છે એવું કથન ધર્મબિંદુમાં કરેલ છે, તેથી જે ગૃહસ્થો સુપાત્રમાં ભક્તિથી દાન આપે છે અને દીનાદિવર્ગમાં અનુકંપાબુદ્ધિથી દાન આપે છે તે દાનની ક્રિયા તે ગૃહસ્થને સંસારના પરિભ્રમણથી તારનાર છે, માટે તરવાના વિષયરૂપ સુપાત્ર અને દીનાદિવર્ગને પૂજનીયાન્તર શબ્દથી અહીં ગ્રહણ કરેલ છે.

જેઓ સન્માર્ગ બતાવીને દાયક લોકોની દુર્ગતિથી રક્ષા કરે છે તેઓ દાન માટે પાત્ર છે અને દીનાદિનું સ્વરૂપ ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવશે, આવા પાત્ર અને દીનાદિવર્ગમાં વિધિપૂર્વક દાન આપવું જોઈએ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે પાત્રવર્ગના ગુણોનું સ્મરણ કરીને તેઓ પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે દાન આપવું જોઈએ અને દીનાદિવર્ગ અનુકંપાપાત્ર છે, તેથી તેઓની દીનાદિ અવસ્થા જોઈને હૈયામાં તેઓનાં દુઃખ દૂર કરવાના પરિણામરૂપ અનુકંપાથી ઉચિત રીતે દાન આપવું જોઈએ જેથી કોઈ યોગ્ય જીવો તે દાનના કારણે ધર્મ પ્રત્યે અભિમુખભાવવાળા બને; કેમ કે ધર્મી જીવ દીનદુઃખિયા પ્રત્યે અનુકંપા કરે તે જોઈને પણ કેટલાક ભદ્રક પ્રકૃતિવાળા જીવો ધર્મ પ્રત્યે અહોભાવવાળા થાય છે.

વળી આ પાત્રદાન અને અનુકંપાદાન પોતાના દ્વારા પોષણ કરવા યોગ્ય માતા-પિતા આદિની આજીવિકાનો ઉચ્છેદ ન થાય તે રીતે આપવું જોઈએ જેથી તે દાનની ક્રિયા પોષ્યવર્ગના ક્લેશનું કારણ બને નહિ.

વળી તે દાન પાત્ર અને દીનાદિવર્ગમાં તેવું કરવું જોઈએ જેથી પાત્રના, દીનાદિવર્ગના કે આપનાર એવા પોતાના ધર્મને બાધા કરનાર બને નહિ, જેમ કે દીનાદિવર્ગને આરંભ-સમારંભના સાધનો આપવામાં આવે તો, તેનાથી તેઓ વિશેષ આરંભ કરીને પાપ બાંધે. માટે તેવું દાન કરવું જોઈએ નહીં.

વળી પાત્રવર્ગને પણ તેવું દાન આપવામાં આવે કે જેથી સુપાત્રની કાયાને વ્યાઘાત થાય તો તે આહારાદિ દાન પાત્રના ધર્મને બાધા કરનાર બને. માટે સુપાત્રને પણ તેવું દાન આપવું જોઈએ નહીં. વળી પાત્ર પણ જીવો કોઈક કારણથી પ્રમાદવશ થયા હોય તો તેઓના પ્રમાદનું પોષણ થાય તેવું દાન આપે તો તે દાન પાત્રના ધર્મને બાધા કરનાર બને. માટે પાત્રમાં પણ વિવેકપૂર્વક દાન કરવું જોઈએ.

આ રીતે દીનાદિવર્ગમાં કે પાત્રમાં તેઓના ધર્મની બાધા કરે તેવું દાન જે ગૃહસ્થ આપે તે દાન ગ્રાહક એવા સુપાત્ર અને દીનાદિવર્ગના ધર્મને બાધા કરનાર છે તેમ આપનારના પણ ધર્મની બાધાને કરનાર છે; કેમ કે કોઈનું અહિત થાય તેવી દાનની પ્રવૃત્તિ આપનારના ધર્મની બાધાને કરનાર કહેવાય. માટે પોતાના ધર્મનો બાધ ન થાય અને ગ્રાહકના પણ ધર્મનો બાધ ન થાય તેવું વિવેકપૂર્વકનું દાન ગૃહસ્થએ કરવું જોઈએ. **॥૧૨૧॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=પાત્ર અને દીનાદિવર્ગ કોણ છે ? એને જ, શ્લોક-૧૨૨-૧૨૩માં સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः ।
स्वसिद्धान्ताऽविरोधेन, वर्तन्ते ये सदैव हि ।।१२२।।

અન્વયાર્થ :-

व्रतस्था लिङ्गिनः पात्रम्=વ્રતમાં રહેલા લિંગને ધારણ કરનારા પાત્ર છે, तु=વળી, ये=જેઓ, सदैव हि=હંમેશાં જ, अपचाः=પાકને નહિ કરનારા, स्वसिद्धान्ताऽविरोधेन=સ્વસિદ્ધાન્તના અવિરોધથી, वर्तन्ते=વર્તે છે, विशेषतः=તેઓ વિશેષથી પાત્ર છે. ॥૧૨૨॥

શ્લોકાર્થ :-

વ્રતમાં રહેલા લિંગને ધારણ કરનારા પાત્ર છે. વળી જેઓ હંમેશાં જ પાકને નહિ કરનારા સ્વસિદ્ધાંતના અવિરોધથી વર્તે છે તેઓ વિશેષથી પાત્ર છે. ॥૧૨૨॥

ટીકા :-

व्रतस्था=हिंसानृतादिपापस्थानविरतिमन्तः, लिङ्गिनो=व्रतसूचकतथाविधनेपथ्यवन्तः, पात्रम् अविशेषेण वर्तन्ते, अत्रापि विशेषमाह–अपचास्तु=स्वयमेवापाचकाः, पुनरुपलक्षणत्वात्परैरपाचयितारः पच्यमाननननुमन्तारश्च लिङ्गिन एव विशेषतो=विशेषेण, पात्रमिति, तथा स्वसिद्धान्ताऽविरोधेन= स्वशास्त्रोक्तक्रियानुल्लङ्घनेन, वर्तन्ते चेष्टन्ते ये सदैव हि=सर्वकालमेवेति ।।१२२।।

ટીકાર્થ :-

व्रतस्था ..... सर्वकालमेवेति ।। વ્રતમાં રહેલા=હિંસા-અસત્ય આદિ પાપસ્થાનની વિરતિવાળા, લિંગને ધારણ કરનારા=વ્રતના સૂચક તેવા પ્રકારના વસ્ત્રને ધારણ કરનારા, અવિશેષથી=સામાન્યથી,

પાત્ર છે, આમાં પણ=પાત્રમાં પણ, વિશેષને કહે છે –

પાકને નહિ કરનારા=સ્વયં પાકને નહિ કરનારા, વળી ઉપલક્ષણપણું હોવાથી બીજા વડે પાક નહિ કરાવનારા અને પાક કરતાની અનુમોદના નહિ કરનારા લિંગિઓ જ વિશેષથી પાત્ર છે અને સ્વસિદ્ધાંતના અવિરોધથી=સ્વશાસ્ત્રમાં કહેલી ક્રિયાના અનુલ્લંઘનથી, જેઓ સદા જ વર્તે છે=સર્વકાલ જ પ્રવૃત્તિ કરે છે, તેઓ વિશેષથી પાત્ર છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૨૨॥

❖ 'अत्राप्रि'માં 'अपि'થી એ કહેવું છે કે પાત્રમાં સામાન્યથી કહ્યું, તે સામાન્યમાં પણ વિશેષને કહે છે.

ભાવાર્થ :-

ત્યાગી સાધુઓ ગૃહસ્થોને ભક્તિપાત્ર છે, તેથી જેઓએ ત્યાગનું લિંગ ધારણ કર્યું છે અને હિંસા-અસત્ય આદિ પાપસ્થાનોનો ત્યાગ કર્યો છે તેવા ત્યાગીઓ કોઈપણ દર્શનમાં રહેલા હોય તેઓ ગૃહસ્થો માટે સામાન્યથી ભક્તિપાત્ર છે.

વળી પાત્રના વિષયમાં જ વિશેષને બતાવતાં કહે છે –

જેઓ આરંભ-સમારંભની પ્રવૃત્તિ ન કરતા હોય તેઓ સ્વયં અપાચક છે, વળી બીજા પાસે તેવી આરંભ-સમારંભની પ્રવૃત્તિ નથી કરાવતા અને સંસારી જીવો પોતાના અર્થે આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરતા હોય તેમાં કોઈ પ્રકારનું અનુમોદન પ્રાપ્ત ન થાય તે પ્રકારે નિર્દોષ ભિક્ષાચર્યા દ્વારા પોતાના દેહનું પાલન કરતા હોય અને પાપના વિરામ અર્થે પોતાના શાસ્ત્રમાં કહેલી સર્વ ક્રિયાઓ શાસ્ત્રમર્યાદાના ઉલ્લંઘન વગર સર્વદા જ કરતા હોય તેઓ વિશેષથી પાત્ર છે; કેમ કે પોતાના શાસ્ત્રને પરતંત્ર થઈને સંસારના ઉચ્છેદ અર્થે સંપૂર્ણ નિરારંભ જીવન જીવતા હોય એવા મહાત્માઓની ભક્તિ કરવાથી ગૃહસ્થોને પણ સંસારના ઉચ્છેદનું મહાવીર્ય શીઘ્ર પ્રાપ્ત થાય તેમાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. અને આવા પ્રકારના વિશેષ પાત્ર સર્વજ્ઞના વચન અનુસાર પ્રવૃત્તિ કરનારા અપ્રમાદી સાધુ જ પ્રાપ્ત થાય; કેમ કે કરણ-કરાવણ અને અનુમોદનથી પાપની નિવૃત્તિ તેઓ જ કરી શકે છે. **॥૧૨૨॥**

શ્લોક :-

दीनान्धकृपणा ये तु, व्याधिग्रस्ता विशेषतः ।
निःस्वाः क्रियान्तराऽशक्ता, एतद्वर्गो हि मीलकः ।।१२३।।

અન્વયાર્થ :-

दीनान्धकृपणाः=દીન-અન્ધ અને કૃપણો, तु=વળી, ये व्याधिग्रस्ताः=વ્યાધિગ્રસ્ત એવા જેઓ, विशेषतः=વિશેષથી, निःस्वाः क्रियान्तराऽशक्ताः=ધનરહિત એવા ક્રિયાન્તરમાં અસમર્થ જીવો સ્વભાવથી જ સંતોને કૃપાનું સ્થાન છે, एतद्वर्गः=આનો વર્ગ=દીનાદિનો વર્ગ, मीलकः=મીલક છે=દીનાદિનો સમુદાય છે. ॥૧૨૩॥

શ્લોકાર્થ :-

દીન-અન્ધ અને કૃપણો વળી વ્યાધિગ્રસ્ત એવા જેઓ વિશેષથી, ધનરહિત એવા ક્રિયાન્તરમાં અસમર્થ જીવો સ્વભાવથી જ સંતોને કૃપાનું સ્થાન છે, આનો વર્ગ મીલક છે. ।।૧૨૩।।

ટીકા :-

दीनान्धकृपणा-दीनाः=क्षीणसकलपुरुषार्थशक्तयः, अन्धाः=नयनरहिताः, कृपणाः, स्वभावत एव सतां कृपास्थानम्, ये तु-ये च व्याधिग्रस्ताः=कुष्ठाद्यभिभूताः, विशेषतो=अत्यन्तम् तथा निःस्वाः= निर्धनाः, कीदृशा एत इत्याह–क्रियान्तराशक्ता=निर्वाहहेतुव्यापारान्तराऽसमर्था ये प्राणिविशेषाः, किमित्याह – एतद्वर्गः=दीनादिवर्गो यः प्रागुद्दिष्टः, हिः पादपूरणार्थः मीलकः दीनादीनामेवेति ।।१२३।।

ટીકાર્થ :-

दीनान्धकृपणा ..... दीनादीनामेवेति ।। દીન-અન્ધ અને કૃપણો-દીન=ક્ષય થયેલ સકલપુરુષાર્થની શક્તિવાળા, અન્ધો=નયન વગરના, કૃપણો=કંજૂસ પ્રકૃતિવાળા સ્વભાવથી જ સંતપુરુષોને કૃપાનું સ્થાન છે અને જેઓ વ્યાધિગ્રસ્ત છે તેવા જીવો=કુષ્ઠાદિરોગથી અભિભૂત થયેલા તેઓ અત્યંત કૃપાનું સ્થાન છે એમ અન્વય છે અને નિર્ધન ક્રિયાન્તરમાં અસમર્થ=જીવનનિર્વાહના હેતુ એવા વ્યાપારાન્તરમાં અસમર્થ એવા જે પ્રાણીઓ છે તેઓ સંતોને કૃપાનું સ્થાન છે એમ અન્વય છે, આમનો વર્ગ=પ્રાગુદ્દિષ્ટ એવો જે દીનાદિવર્ગ=શ્લોક-૧૨૧માં ઉદ્દેશ કરાયેલો એવો જે દીનાદિવર્ગ, દીનાદિનો જ મીલક છે=દીનાદિનો સમુદાય છે. શ્લોકમાં 'हि' શબ્દ પાદપૂરણ માટે છે. ।।૧૨૩।।

ભાવાર્થ :-

યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા એવા સંતપુરુષો પૂર્વસેવારૂપે દીનાદિવર્ગની અનુકંપા કરે છે તે દીનાદિવર્ગનું સ્વરૂપ બતાવે છે –

જેઓ ધર્મ-અર્થ અને કામ ત્રણે પ્રકારની પુરુષાર્થશક્તિથી ક્ષીણ થયેલા છે, તેથી તેવા જીવો ધન કમાઈ શકે તેમ નથી, ભોગાદિ કરી શકે તેમ પણ નથી અને ધર્મ કરી શકે તેમ પણ નથી તેવા જીવો કોઈક પ્રકારની શારીરિક અને માનસિક સ્થિતિની વિષમતાવાળા છે તેઓ સ્વભાવથી જ સંતપુરુષોને કૃપાનું સ્થાન છે.

કેટલાક જીવો ચક્ષુ વગરના છે તેઓ માગનારા ન પણ હોય, છતાં તેઓની તેવી સ્થિતિ જોઈને સંતપુરુષોને તેઓ પ્રત્યે કૃપા થાય છે, આથી જ તેવા અંધપુરુષોને કોઈ સ્થાને જવું હોય તો, અનુકંપાવાળા એવા સંતપુરુષો તેઓને તે પ્રકારની પ્રવૃત્તિમાં સહાયક થાય છે.

વળી કેટલાક જીવો કૃપણ હોય છે અર્થાત્ અત્યંત કંજૂસ હોય છે તેઓને જોઈને પણ સંતપુરુષોને અનુકંપા થાય છે, તેથી તેવા કૃપણ પુરુષોને જે પ્રકારે સહાયતાનું કારણ બને તે પ્રકારની પ્રવૃત્તિ અનુકંપાથી કરે છે.

વળી જેઓ કુષ્ઠાદિ વ્યાધિથી અભિભૂત છે તેવા જીવો પ્રત્યે સંતપુરુષોને અત્યંત દયા આવે છે, તેથી તેઓને વ્યાધિમાં રાહત થાય તેવું સર્વ ઉચિત કાર્ય અનુકંપાથી કરે છે.

વળી કેટલાક જીવો ધન વગરના છે અને નિર્વાહ હેતુ એવો કોઈ વ્યાપાર કરી શકે એવા નથી તેઓ પણ સંતોને કૃપાનું સ્થાન છે, તેથી તેવા જીવોને જીવનનિર્વાહ માટે શક્તિ અનુસાર સહાય કરે છે.

આ પ્રકારના સર્વ જીવો દીનાદિવર્ગથી સંગૃહીત છે, તેથી તેવા વર્ગમાં પૂર્વસેવા સેવનારા મહાત્માઓ ઔચિત્ય અનુસાર અનુકંપાબુદ્ધિથી સર્વ પ્રયત્નો કરે છે. **॥૧૨૩॥**

અવતરણિકા :-

विधिवदित्युक्तमथ तदेव व्याचष्टे –

અવતરણિકાર્થ :-

'વિધિયુક્ત' એ પ્રમાણે કહેવાયું=શ્લોક-૧૨૧માં કહેવાયું, હવે તેને જ=દાનવિષયક વિધિને જ, કહે છે –

શ્લોક :-

दत्तं यदुपकाराय, द्वयोरप्युपजायते ।
नातुरापथ्यतुल्यं तु, तदेतद्विधिवन्मतम् ।।१२४।।

અન્વયાર્થ :-

दत्तं यद्=અપાયેલું એવું જે દાન, द्वयोरपि=બન્નેના પણ, उपकाराय=ઉપકાર માટે, उपजायते=થાય છે, तु=પરંતુ, आतुरापथ्यतुल्यं तद् न=તે આતુરને અપથ્ય આપવા તુલ્ય નથી, एतद्विधिवन्मतम्=આ વિધિવાળું મનાયું છે. ॥૧૨૪॥

શ્લોકાર્થ :-

અપાયેલું એવું જે દાન બન્નેના પણ ઉપકારને માટે થાય છે, વળી તે આતુરને અપથ્ય આપવા તુલ્ય નથી, આ વિધિવાળું મનાયું છે. ॥૧૨૪॥

ટીકા :-

दत्तं=वितीर्णम्, यदन्नादि उपकाराय=अनुग्रहाय, द्वयोरपि=दायकग्राहकयोः, उपजायते=न पुनरेकस्यैवेत्यपिशब्दार्थः, व्यतिरेकमाह–न=नैव, आतुरापथ्यतुल्यं तु=ज्वरादिरोगविधुरस्य घृतादिदानसदृशं पुनः यन्मुसलहलादि तद्दायकग्राहकयोरपकारि, एतद्दत्तं विधिवन्मतं=अभीष्टम् ।।१२४।।

ટીકાર્થ :-

દત્તં ..... અભીષ્ટમ્ ।। અપાયેલું જે અન્નાદિ બન્નેના પણ=દાન આપનાર અને દાન લેનાર બન્નેના પણ, ઉપકાર માટે થાય છે, પરંતુ એકના જ ઉપકાર માટે નહિ, એ 'અપિ' શબ્દનો અર્થ છે. વ્યતિરેકને કહે છે –

આતુરને અપથ્યતુલ્ય નથી જ=જ્વરાદિરોગથી વિહ્વળ થયેલાને ઘી આદિના દાન સદૃશ વળી જે મુશળ-હળ આદિ તે દાયકના અને ગ્રાહકના અપકારી છે તેવું નથી જ, આ અપાયેલું=પૂર્વમાં કહ્યું એવા પ્રકારનું આ અપાયેલું વિધિવાળું મનાયું છે. ॥૧૨૪॥

ભાવાર્થ :-

પાત્રમાં અને દીનાદિવર્ગમાં વિધિયુક્ત દાન ઇચ્છાય છે તેમ શ્લોક-૧૨૧માં કહેલ, તેથી તે વિધિનું સ્વરૂપ બતાવતાં કહે છે –

સુપાત્રમાં કે અનુકંપાપાત્રમાં અપાયેલું અન્નાદિનું દાન બન્નેના ઉપકાર માટે થાય તે વિધિયુક્ત દાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સુપાત્રને અપાયેલું દાન સુપાત્રના ધર્મની વૃદ્ધિનું કારણ બને અને સુપાત્રમાં અપાયેલા દાનથી પોતાનું સચ્ચિત્ત નાશ ન પામે, પરંતુ સુપાત્રની ભક્તિથી પોતાના ઉત્તમચિત્તની નિષ્પત્તિ થાય તેવું વિવેકવાળું દાન વિધિયુક્ત છે.

વળી દીનાદિવર્ગમાં અપાયેલું દાન દીનાદિવર્ગને પોતાની જીવનવ્યવસ્થામાં ઉપષ્ટંભક થવા દ્વારા ચિત્તની સ્વસ્થતાનું કારણ બને તો તેઓનો ઉપકાર થાય અને આપનાર પણ પોતાની ભૂમિકા પ્રમાણે અનુકંપાબુદ્ધિથી તેઓને દાન આપે, પરંતુ પોતાનું સચ્ચિત્ત નાશ ન પામે તેનો વિચાર કર્યા વગર, પોતાની શક્તિનો વિચાર કર્યા વગર, પોષ્યવર્ગનો વિચાર કર્યા વગર કે આ અપાયેલું દાન અધર્મનું સાધન છે કે નહિ તેનો વિચાર કર્યા વગર આપે તો તે દાન પોતાના ઉપકાર માટે થાય નહિ, આથી જ કહે છે કે જેમ રોગીને 'ઘી' આદિનું દાન કરવામાં આવે તો તેના રોગની વૃદ્ધિ થાય છે તેમ આરંભ-સમારંભનાં સાધનોનું દાન કરવામાં આવે તો આપનાર અને ગ્રહણ કરનાર બન્નેના અપકારનું સાધન બને છે તેવા દાનના પરિહારપૂર્વક જે વિવેકવાળું દાન છે તે વિધિયુક્ત દાન છે. **॥૧૨૪॥**

અવતરણિકા :-

અથ દાનમેવ સ્તુવન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે દાનની જ સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગૃહસ્થએ પાત્રમાં અને દીનાદિવર્ગમાં વિધિયુક્ત દાન આપવું જોઈએ તેનું સમર્થન શ્લોક-૧૨૧થી ૧૨૪ સુધી કર્યું. હવે દાનધર્મ ગૃહસ્થ માટે અત્યંત કલ્યાણનું કારણ છે તે બતાવવા અર્થે કહે છે –

શ્લોક :-

धर्मस्यादिपदं दानं, दानं दारिद्र्यनाशनम् ।
जनप्रियकरं दानं, दानं कीर्त्यादिवर्धनम् ।।१२५।।

અન્વયાર્થ :-

ધર્મસ્યાદિપદં=ધર્મનું આદિ પદ, દાનં=દાન છે, દાનં=દાન, દારિદ્ર્યનાશનમ્=દારિદ્રનો નાશ કરનાર છે, દાનં=દાન, જનપ્રિયકરં=લોકનું પ્રિય કરનાર છે, દાનં=દાન, કીર્ત્યાદિવર્ધનમ્=કીર્તિ આદિની વૃદ્ધિનો હેતુ છે. ।।૧૨૫।।

શ્લોકાર્થ :-

ધર્મનું આદિ પદ દાન છે, દાન દારિદ્રનો નાશ કરનાર છે, દાન લોકનું પ્રિય કરનાર છે, દાન કીર્તિ આદિની વૃદ્ધિનો હેતુ છે. ।।૧૨૫।।

ટીકા :-

ધર્મસ્ય શ્રેયોરૂપસ્ય આદિપદં=પ્રથમસ્થાનમ્, દાનમુક્તલક્ષણમ્, દાનં દારિદ્ર્યનાશનં= ઇહપરભવયોર્લાભાન્તરાયકર્મોપઘાતેન વિશિષ્ટલાભસમ્ભવાદ્દૌર્ગત્યાપોહકારિ, જનપ્રિયકરં= લોકસંતોષહેતુર્દાનમ્, દાનં કીર્ત્યાદિવર્ધનં=કીર્તિઃ સ્વચિત્તસંતોષજનનસૌભાગ્યાદિવૃદ્ધિહેતુઃ, યદત્ર પુનઃ પુનર્દાનશબ્દોચ્ચારણં તદત્યન્તાદરણીયતાજ્ઞાપનાર્થમિતિ ।।૧૨૫।।

ટીકાર્થ :-

ધર્મસ્ય ..... જ્ઞાપનાર્થમિતિ ।। શ્રેયરૂપ ધર્મનું આદિ પદ=પ્રથમસ્થાન, ઉક્ત લક્ષણવાળું=શ્લોક-૧૨૧માં બતાવ્યું એવા લક્ષણવાળું, દાન છે. દાન દારિદ્રનો નાશ કરનાર છે=આ ભવ અને પરભવના લાભાંતરાય કર્મના ઉપઘાતથી વિશિષ્ટ લાભનો સંભવ હોવાને કારણે અર્થાત્ દાનની પ્રવૃત્તિથી વિશિષ્ટ લાભનો સંભવ હોવાને કારણે દૌર્ગત્યને દૂર કરનાર છે. જનપ્રિયકર દાન છે=લોકના સંતોષનો હેતુ દાન છે. દાન કીર્તિ આદિને વધારનારું છે, કીર્તિ-સ્વચિત્તને સંતોષ કરનાર એવા સૌભાગ્યાદિની વૃદ્ધિનો હેતુ છે. અહીં=શ્લોકમાં, જે ફરી ફરી દાન શબ્દનું ઉચ્ચારણ છે તે અત્યંત આદરણીયતાના જ્ઞાપન માટે છે=દાનની અત્યંત આદરણીયતા જણાવવા માટે છે. ।।૧૨૫।।

ભાવાર્થ :-

ચાર પ્રકારના ધર્મમાં શ્લોક-૧૨૧માં બતાવેલ લક્ષણવાળું દાન પ્રથમ સ્થાન છે. તેથી એ ફલિત થાય કે ગૃહસ્થએ શક્તિ અનુસાર વિધિયુક્ત દાન અવશ્ય કરવું જોઈએ, જેનાથી ગૃહસ્થના જીવનમાં ધર્મની નિષ્પત્તિ થાય છે.

વળી આ ભવમાં કે પરભવમાં લાભનું કારણ બને તેમાં અંતરાય કરનારું લાભાંતરાયકર્મ વિદ્યમાન હોય તો તે કર્મ દાન આપવાથી નાશ પામે છે, તેથી દાન આપનારને આ ભવમાં અને પરભવમાં વિશિષ્ટ લાભનો સંભવ થાય છે, તેથી વિવેકપૂર્વકનું અપાયેલું દાન આ ભવમાં અને પરભવમાં દરિદ્રતાનો નાશ કરનાર છે. તેથી એ ફલિત થાય કે વિવેકપૂર્વક દાન આપનાર ગૃહસ્થને આ ભવમાં જ ઘણી ધનસંપત્તિ મળે છે અને જન્માંતરમાં પણ ઘણી ધનસંપત્તિ મળે છે, જેથી વિશેષ વિશેષ પ્રકારનો દાનધર્મ સેવીને તે મહાત્મા શ્રેયનું કારણ એવા ધર્મની વૃદ્ધિ કરે છે.

વળી દાન લોકોના સંતોષનો હેતુ છે; કેમ કે દાનવીરને જોઈને યાચકવર્ગ સંતોષ પામે છે અને તેવા ઉચિત દાન કરનારાને જોઈને અન્ય જીવોને પણ સંતોષ થાય છે અને વિચારે છે કે આ મહાત્માએ પૂર્વમાં ધર્મ કર્યો છે, તેથી વૈભવ પ્રાપ્ત થયો છે અને અત્યારે પણ દાન કરીને સુંદર ધર્મ કરે છે, તેથી દાન લોકોની પ્રીતિનો હેતુ છે.

વળી દાન કીર્તિ-સ્વચિત્તના સંતોષને ઉત્પન્ન કરે એવું સૌભાગ્ય વગેરેની વૃદ્ધિ કરે છે; કેમ કે દાન આપનાર પુરુષની કીર્તિ લોકમાં વૃદ્ધિ પામે છે.

શ્લોકમાં 'દાન' શબ્દ ફરી ફરી કહેવા દ્વારા ગૃહસ્થને માટે દાનધર્મ અત્યંત આદરણીય છે, તેનું જ્ઞાપન થાય છે. **॥૧૨૫॥**

અવતરણિકા :-

અથ સદાચારમાહ –

અવતરણિકાર્થ :-

હવે સદાચારને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯માં ચાર પ્રકારની પૂર્વસેવા છે તેમ કહેલ, તેમાંથી ગુરુદેવાદિપૂજનરૂપ પૂર્વસેવાનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. હવે પૂર્વસેવાના બીજા ભેદ સદાચારને શ્લોક-૧૩૦ સુધી કહે છે –

શ્લોક :-

लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्तितः ।।१२६।।

અન્વયાર્થ :-

लोकापवादभीरुत्वं=લોકઅપવાદભીરુપણું, दीनाभ्युद्धरणादरः=દીનનો ઉદ્ધાર કરવામાં આદર, कृतज्ञता=કૃતજ્ઞતા, सुदाक्षिण्यं=સુદાક્ષિણ્ય, सदाचारः प्रकीर्तितः=સદાચાર કહેવાયો છે. ॥૧૨૬॥

શ્લોકાર્થ :-

લોકઅપવાદભીરુપણું, દીનનો ઉદ્ધાર કરવામાં આદર, કૃતજ્ઞતા, સુદાક્ષિણ્ય સદાચાર કહેવાયો છે. ॥૧૨૬॥

ટીકા :-

लोकापवादभीरुत्वं=यतः कुतोऽपि लोकापवादान्मरणान्निर्विशिष्यमाणाद् भीतभावः, दीनाभ्युद्धरणादर=उपलक्षणत्वाद्दीनानाथोपकारप्रयत्नः, कृतज्ञता=परकृतोपकारपरिज्ञानम्, सुदाक्षिण्यं=गम्भीरधीरचेतसो निर्मत्सरस्य च प्रकृत्यैव परकृत्याभियोगपरता, किमित्याह—सदाचारः प्रागुपन्यस्तः प्रकीर्तितः=प्रज्ञप्तः ।।१२६।।

ટીકાર્થ :-

लोकापवादभीरुत्वं ..... प्रज्ञप्तः ।। લોકઅપવાદભીરુપણું=મરણથી નિર્વિશેષ એવા જે કોઈપણ લોકઅપવાદથી ભીતભાવ, દીનના અભ્યુદ્ધરણનો આદર, ઉપલક્ષણપણું હોવાથી='દીન' શબ્દનું ઉપલક્ષણપણું હોવાથી, દીન-અનાથના ઉપકારમાં પ્રયત્ન, કૃતજ્ઞતા=પર વડે કરાયેલા ઉપકારનું પરિજ્ઞાન, સુદાક્ષિણ્ય=ગંભીર-ધીર ચિત્તવાળા નિર્મત્સર એવા જીવની પ્રકૃતિથી પરકૃત્ય અભિયોગપરતા જ અર્થાત્ પરકૃત્યને કરવામાં તત્પરતા, પૂર્વમાં કહેવાયેલ=શ્લોક-૧૦૯માં કહેવાયેલ, સદાચાર કહેવાયો છે. ॥૧૨૬॥

ભાવાર્થ :-

લોકઅપવાદભીરુપણું : શિષ્ટ પુરુષોને લોકો તેના માટે 'આ અનુચિત કરનાર છે' તેવું કહે તેવી પ્રવૃત્તિ મરણતુલ્ય જણાય છે અને મરણતુલ્ય એવો જે કોઈપણ લોકઅપવાદ છે તેનાથી તેઓ હંમેશાં ભય પામનારા હોય છે, તેથી લોકમાં જે પ્રવૃત્તિ નિંદાનું સ્થાન બને તેવી પ્રવૃત્તિ તેઓ ક્યારેય સેવતા નથી.

દીનઅભ્યુદ્ધરણાદર : શિષ્ટ પુરુષો દયાળુ સ્વભાવવાળા હોય છે, તેથી જેઓ ધર્મ-અર્થ અને કામની સર્વ શક્તિથી ક્ષીણ છે તેવા દીનને અને જેઓને કોઈ નાથ નથી તેવા અનાથ જીવોને જોઈને દયાનો પરિણામ થાય છે, તેથી સ્વશક્તિ અનુસાર તેઓના ઉપકાર માટે પ્રયત્ન કરે છે.

કૃતજ્ઞતા : શિષ્ટ પુરુષોનો સ્વભાવ હોય છે કે પોતાની ઉપર પર વડે કરાયેલો કોઈપણ પ્રકારનો ઉપકાર હોય તેને ભૂલતા નથી, તેથી પ્રસંગે તે ઉપકારને યાદ કરીને ઉચિત પ્રવૃત્તિ અવશ્ય કરે છે.

સુદાક્ષિણ્ય : શિષ્ટ પુરુષો ગંભીર અને ધીર ચિત્તવાળા હોય છે અને કોઈના પ્રત્યે મત્સરભાવવાળા હોતા નથી અને તેવા જીવો પ્રકૃતિથી જ પરકૃત્ય કરવામાં તત્પર હોય છે, તે તેઓનો સુદાક્ષિણ્ય સ્વભાવ છે.

આ ચાર સદાચારો કહેવાયા છે. **॥૧૨૬॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

'तथा' થી અન્ય સદાચારોનો સમુચ્ચય કરે છે.

શ્લોક :-

सर्वत्र निन्दासन्त्यागो, वर्णवादश्च साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं तद्वत्सम्पदि नम्रता ।।१२७।।

અન્વયાર્થ :-

सर्वत्र=सर्वत्र, निन्दासन्त्यागः=निंदानो संत्याग, साधुषु=सदाचारवाळा पुरुषोमां, वर्णवादः=वर्णवाद, आपदि=आपत्तिमां, अत्यन्तं अदैन्यं=अत्यंत अदैन्य, च=अने, तद्वत्=तेनी जेम=आपत्तिमां अदैन्यनी जेम, सम्पदि=संपत्तिमां, नम्रता=नम्रता. ।।१२७।।

શ્લોકાર્થ :-

सर्वत्र निंदानो संत्याग, सदाचारवाळा पुरुषोमां वर्णवाद, आपत्तिमां अत्यंत अदैन्य अने तेनी जेम संपत्तिमां नम्रता. ।।१२७।।

ટીકા :-

सर्वत्र=जघन्यमध्यमोत्तमजनेषु, निन्दासन्त्यागः=परिवादापनोदः, वर्णवादश्च=प्रशंसारूपः, साधुषु=सदाचारेषु जनेषु, आपदि=व्यसने, अदैन्यं=अदीनभावः, अत्यन्तं=अतीव, तद्वद्=आपद्यदैन्यवत्, सम्पदि=विभवसमागमे, नम्रता=औचित्येन नमनशीलता ।।१२७।।

ટીકાર્થ :-

सर्वत्र ..... नमनशीलता ।। सर्वत्र=જઘન્ય-મધ્યમ-ઉત્તમ જનોમાં, નિંદાનો સંત્યાગ=પરિવાદનો ત્યાગ, સાધુઓમાં=સદાચારવાળા લોકોમાં, પ્રશંસારૂપ વર્ણવાદ, આપત્તિમાં અત્યંત અદૈન્ય=અદીનભાવ, તેની જેમ=આપત્તિમાં અદૈન્યની જેમ, સંપત્તિમાં=વૈભવના સમાગમમાં, નમ્રતા=ઔચિત્યથી નમનશીલતા. ।।૧૨૭।।

ભાવાર્થ :-

નિંદાનો સંત્યાગ : શિષ્ટ પુરુષો સર્વ જીવો પ્રત્યે નિંદાના ત્યાગના પરિણામવાળા હોય છે, તેથી હલકા જીવોની પણ અનુચિત આચરણા જોઈને નિંદા કરતા નથી, મધ્યમજીવો ક્યારેક પ્રમાદવશ કંઈક અનુચિત પ્રવૃત્તિ કરે તેને જોઈને પણ નિંદા કરતા નથી અને ઉત્તમ પુરુષોની પણ ક્યારેય નિંદા કરતા નથી, ફક્ત કોઈકની અનુચિત પ્રવૃત્તિ દેખાય તો તેના હિત અર્થે કે અન્ય યોગ્યજીવોના હિત અર્થે વિવેકપૂર્વક તેનું કથન કરે છે.

सदाचारिपुरुषोविषयक वर्णवाद : શિષ્ટ પુરુષો સદાચારવાળા પુરુષોને જોઈને તેઓની ઉચિત આચરણાની હંમેશાં પ્રશંસા કરે છે; કેમ કે સદાચાર પ્રત્યે તેઓને સહજભાવથી પક્ષપાત છે.

આપત્તિમાં અદૈન્ય : શિષ્ટ પુરુષો હંમેશાં વિચારશીલ હોય છે, તેથી વિચારે છે કે ભૂતકાળનાં મારાં તેવાં કૃત્યોને કારણે જ મને અત્યારે આપત્તિ આવી છે, તેથી અત્યંત અદીનભાવથી તે આપત્તિના નિવારણનો ઉચિત ઉપાય વિચારે છે, પરંતુ ક્ષુદ્ર જીવોની જેમ આપત્તિમાં વિહ્વળ થતા નથી.

સંપત્તિમાં નમ્રતા : વળી શિષ્ટ પુરુષો જેમ આપત્તિમાં અદીનભાવવાળા હોય છે તેમ વૈભવની પ્રાપ્તિમાં સર્વ જીવો સાથે ઔચિત્યપૂર્વક વર્તન કરે છે, પરંતુ વૈભવને પામીને છકી જતા નથી. **॥૧૨૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ભાવાર્થ :-

'तथा'થી અન્ય સદાચારોનો સમુચ્ચય કરે છે.

શ્લોક :-

प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।
प्रतिपन्नक्रिया चेति, कुलधर्मानुपालनम् ।।१२८।।

અન્વયાર્થ :-

प्रस्तावे=પ્રસ્તાવમાં, मितभाषित्वं=મિતભાષિપણું, अविसंवादनं=અવિસંવાદન=પોતાના વચનનું અવિસંવાદન, तथा प्रतिपन्नक्रिया=સ્વીકારાયેલાં વ્રતોનો નિર્વાહ, च=અને, कुलधर्मानुपालनम्=કુલધર્મનું અનુપાલન. ॥૧૨૮॥

શ્લોકાર્થ :-

પ્રસ્તાવમાં મિતભાષિપણું, પોતાના વચનનું અવિસંવાદન, સ્વીકારાયેલાં વ્રતોનો નિર્વાહ અને કુલધર્મનું અનુપાલન. ।।૧૨૮।।

ટીકા :-

પ્રસ્તાવે=ભાષણાવસર ઉપલબ્ધે, મિતભાષિત્વં=મિતહિતભાષણશીલતા, અવિસંવાદનં=વિસંવાદવતઃ સ્વવચનસ્યાકરણમ્, તથા પ્રતિપન્નક્રિયા ચેતિ=પ્રતિપન્નસ્ય વ્રતનિયમાદેઃ ક્રિયા=નિર્વાહણં, ઇતિઃ પદસમાપ્તૌ, કુલધર્માનુપાલનં=અવિરુદ્ધસ્વકુલાચારાનુવર્તનમ્ ।।૧૨૮।।

ટીકાર્થ :-

પ્રસ્તાવે ..... સ્વકુલાચારાનુવર્તનમ્ ।। પ્રસ્તાવમાં=બોલવાનો અવસર ઉપલબ્ધ થયે છતે, મિતભાષિપણું= પરિમિત અને હિતકારી બોલવાના સ્વભાવપણું, અવિસંવાદન=વિસંવાદવાળા પોતાના વચનનું અકરણ, અને પ્રતિપન્નક્રિયા=સ્વીકારાયેલાં વ્રતનિયમાદિની ક્રિયાનો નિર્વાહ. 'ઇતિ' શબ્દ પદની સમાપ્તિમાં છે. કુલધર્મનું અનુપાલન=અવિરુદ્ધ એવા પોતાના કુલના આચારોનું અનુસરણ. ।।૧૨૮।।

ભાવાર્થ :-

પ્રસ્તાવમાં મિતભાષિપણું : શિષ્ટ પુરુષો ગંભીર સ્વભાવવાળા હોય છે, તેથી બોલવાનો અવસર ન હોય ત્યારે બોલે નહિ અને બોલવાનો અવસર પ્રાપ્ત થયો હોય ત્યારે પરિમિત શબ્દોમાં કોઈનું હિત થાય તેટલું જ બોલે છે, પરંતુ વિચાર્યા વગર યથાતથા બોલતા નથી એ તેઓનો સદાચાર છે.

અવિસંવાદન : શિષ્ટ પુરુષો જે કોઈ વચન બોલે છે તે વચનો પૂર્વના કથન સાથે અવિસંવાદવાળાં હોય છે, પરંતુ ક્ષુદ્ર જીવોની જેમ વિસંવાદિવચનો બોલતા નથી.

પ્રતિપન્નક્રિયા : શિષ્ટ પુરુષો પોતાની ભૂમિકા અનુસાર જે વ્રત-નિયમાદિ સ્વીકારે છે તેનો સમ્યક્ નિર્વાહ કરે છે, પરંતુ ભાવાવેશમાં આવીને વ્રતનિયમો સ્વીકારનારા અને પાલનના સમયે સંયોગને અનુરૂપ વ્રત-મર્યાદાનું ઉલ્લંઘન કરનારા જીવોની જેમ વ્રત ગ્રહણ કરતા નથી અને ગ્રહણ કરેલાં વ્રતોનું નિષ્ઠાથી પાલન કરે છે.

કુલધર્મનું અનુપાલન : શિષ્ટ પુરુષો ધર્મની સાથે અવિરુદ્ધ એવા પોતાના કુલના આચારોનું હંમેશાં પાલન કરે છે, પરંતુ પોતાના કુલને ક્લંક લાગે તેવું કૃત્ય કરતા નથી. ધર્મને અવિરુદ્ધ કહેવાથી એ કહેવું છે કે પોતાના કુલના કોઈક વડીલો દ્વારા ધર્મને વિરુદ્ધ એવો આચાર સ્વીકારાયેલો હોય તો તેવા કુલધર્મનું પાલન કરતા નથી એમ અર્થથી પ્રાપ્ત થાય. **॥૧૨૮॥**

અવતરણિકા :-

વળી અન્ય સદાચારોને બતાવે છે –

શ્લોક :-

असद्व्ययपरित्यागः, स्थाने चैतत्क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्जनम् ।।१२९।।

અન્વયાર્થ :-

असद्व्ययपरित्यागः=અસદ્ વ્યયનો પરિત્યાગ, स्थाने=સ્થાનમાં, सदा=સદા, एतत्क्रिया=આ ક્રિયા=ધન વ્યયની ક્રિયા, प्रधानकार्ये=પ્રધાન કાર્યમાં, निर्बन्धः=આગ્રહ, च=અને, प्रमादस्य विवर्जनम्=પ્રમાદનો ત્યાગ. ।।૧૨૯।।

શ્લોકાર્થ :-

અસદ્ વ્યયનો પરિત્યાગ, સ્થાનમાં સદા આ ક્રિયા, પ્રધાનકાર્યમાં આગ્રહ અને પ્રમાદનો ત્યાગ. ।।૧૨૯।।

ટીકા :-

असद्व्ययपरित्यागो=ऽसतः पुरुषार्थानुपयोगित्वेनासुन्दरस्य व्ययस्य वित्तविनियोगरूपस्य परित्यागः, स्थाने च=स्थान एव देवपूजनादौ, एतत्क्रिया=व्ययक्रिया, सदा=सर्वकालम्, प्रधानकार्ये=विशिष्टफलदायिनी प्रयोजने, निर्बन्धः=आग्रहः, प्रमादस्य मद्यपानादिरूपस्य विवर्जनं=उज्झनम् ।।१२९।।

ટીકાર્થ :-

असद्व्ययपरित्यागो ..... विवर्जनमुज्झनम् ।। અસદ્ વ્યયનો પરિત્યાગ=અસત્, અર્થાત્ પુરુષાર્થને અનુપયોગીપણું હોવાને કારણે અસુંદર એવો=ધર્મ-અર્થ અને કામ ત્રણે પુરુષાર્થમાંથી કોઈપણ પુરુષાર્થને અનુપયોગીપણું હોવાને કારણે અસુંદર એવો ધનના વિનિયોજનરૂપ વ્યયનો પરિત્યાગ, સ્થાનમાં જ=દેવપૂજનાદિમાં જ, સદા આ ક્રિયા=સર્વકાલ ધન વ્યયની ક્રિયા, પ્રધાનકાર્યમાં=વિશિષ્ટ ફલ આપનારા પ્રયોજનમાં, નિર્બંધ=આગ્રહ, મદ્યપાનાદિરૂપ પ્રમાદનો ત્યાગ. ।।૧૨૯।।

ભાવાર્થ :-

અસદ્ વ્યયનો પરિત્યાગ : શિષ્ટ પુરુષો 'મનુષ્યભવમાં ધર્મ જ સેવવા જેવો છે' તેવી બુદ્ધિવાળા હોય છે, આમ છતાં પોતાના ચિત્તની ભૂમિકાનુસાર ધર્મ-અર્થ અને કામ ત્રણે પુરુષાર્થોને સેવે છે અને તેમાં પણ

ધર્મની પ્રધાનતાપૂર્વક અર્થ-કામપુરુષાર્થ સેવે છે અને અર્થપુરુષાર્થ સેવીને જે ધનની પ્રાપ્તિ કરે છે તે ધનનો વ્યય, ધર્મ-અર્થ અને કામપુરુષાર્થને ઉપયોગી ન હોય તેવો માન-ખ્યાતિ આદિથી કે મૂઢતાથી કરતા નથી.

સ્થાનમાં ધનવ્યયની ક્રિયા : શિષ્ટ પુરુષો જે કંઈ ધનઉપાર્જન કરે છે તેમાંથી દેવની પૂજામાં, પાત્રની ભક્તિમાં કે અનુકંપાયોગ્ય પાત્રમાં શક્તિ અનુસાર ધનના વ્યયની ક્રિયા સદા કરે છે; કેમ કે તેઓને સ્થિરબુદ્ધિ હોય છે કે ઉચિત પાત્રમાં વ્યય કરાયેલું ધન જ સફળ છે, તેથી હંમેશાં ઉચિત દાનાદિ કરીને પોતાનો મનુષ્યભવ સફળ કરે છે.

પ્રધાન કાર્યમાં આગ્રહ : શિષ્ટ પુરુષો ભોગાદિ કરે છે, અર્થઉપાર્જન કરે છે, તોપણ પરલોકના હિતનું કારણ હોય તેવા વિશિષ્ટ ફલને દેનારાં સત્કાર્યોમાં તેઓનો આગ્રહ હોય છે, તેથી ઉત્તરોત્તર ગુણવૃદ્ધિનું કારણ બને તેવાં સર્વ કૃત્યો કરે છે.

પ્રમાદનો ત્યાગ : શિષ્ટ પુરુષો મદ્યપાન કે અન્ય પણ નિંદ્યકૃત્યો રૂપ પ્રમાદનો ત્યાગ કરે છે. **॥૧૨૯॥**

શ્લોક :-

लोकाचारानुवृत्तिश्च, सर्वत्रौचित्यपालनम् ।
प्रवृत्तिर्गर्हिते नेति, प्राणैः कण्ठगतैरपि ।।१३०।।

અન્વયાર્થ :-

च=અને, लोकाचारानुवृत्तिः=લોકાચારનું અનુસરણ, सर्वत्र=સર્વત્ર, औचित्यपालनम्=ઔચિત્યનું પાલન, कण्ठगतैरपि प्राणैः=કંઠગત પણ પ્રાણથી, गर्हिते=ગર્હિતમાં, प्रवृत्तिः न=પ્રવૃત્તિ નથી. 'इति' પાદપૂર્તિ માટે છે. ॥૧૩૦॥

શ્લોકાર્થ :-

અને લોકાચારનું અનુસરણ, સર્વત્ર ઔચિત્યનું પાલન, કંઠગત પણ પ્રાણથી ગર્હિતમાં પ્રવૃત્તિ નથી. ॥૧૩૦॥

ટીકા :-

लोकाचारानुवृत्तिश्च बहुजनरूढाऽविरोधिलोकव्यवहारानुपालनरूपा, सर्वत्र=स्वपक्षे परपक्षे च, औचित्यपालनं समुचिताचाररूपम्, प्रवृत्तिर्गर्हिते=कुत्सिते कुलदूषणादौ, न=नैव, इतिः प्राग्वत् । प्राणैरुच्छ्वासरूपैः कण्ठगतैरपि=गलस्थानप्राप्तैः, किं पुनः स्वभावस्थैरित्यपिशब्दार्थः ।।१३०।।

ટીકાર્થ :-

लोकाचारानुवृत्तिश्च ..... स्वभावस्थैरित्यपिशब्दार्थः ।। ઘણા લોકોમાં રૂઢ અવિરોધી એવા લોકવ્યવહારના અનુપાલનરૂપ લોકાચારનું અનુસરણ, सर्वत्र=સ્વપક્ષમાં અને પરપક્ષમાં, સમુચિત આચારરૂપ ઔચિત્યનું પાલન, કંઠગત પણ=ગલસ્થાન પ્રાપ્ત પણ, ઉચ્છ્વાસરૂપ પ્રાણથી ગર્હિતમાં=કુત્સિત એવા કુલદૂષણાદિમાં,

પ્રવૃત્તિ કરતા નથી જ, વળી સ્વભાવસ્થ પ્રાણો વડે તો શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે. 'इति' શબ્દ પૂર્વની જેમ=શ્લોક-૧૨૮માં કહ્યું તેમ, પદની સમાપ્તિમાં છે. ॥૧૩૦॥

ભાવાર્થ :-

લોકાચારનું અનુસરણ : શિષ્ટ પુરુષો શિષ્ટતાની વિરોધી ન હોય તેવી બહુજનોમાં રૂઢ એવી લોકઆચરણાનું પાલન કરે છે.

સર્વત્ર ઔચિત્યનું પાલન : શિષ્ટ પુરુષો પોતાના પક્ષમાં બેઠા હોય કે કોઈક તેવા સંયોગમાં પોતાના પક્ષ કરતાં વિરોધી પક્ષમાં બેઠા હોય તે સર્વ પ્રસંગોમાં ઔચિત્યનું પાલન કરનારા હોય છે, પરંતુ સ્વપક્ષમાં પણ પોતાની ક્ષુદ્રપ્રકૃતિને કારણે અનુચિત વર્તન કરતા નથી અને પરપક્ષમાં પણ આ આપણો વિરોધી પક્ષ છે તેવી બુદ્ધિથી અનુચિત પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ શિષ્ટને શોભે તેવો સર્વત્ર ઉચિત વ્યવહાર કરે છે.

મૃત્યુનો પ્રસંગ હોય તોપણ ગર્હિતમાં પ્રવૃત્તિ ન કરે : શિષ્ટ પુરુષો પોતાના કુલને દૂષણ લાગે તેવી કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી, ક્વચિત્ તેવી અનુચિત પ્રવૃત્તિના પરિહાર માટે પોતાના પ્રાણનો ભોગ આપવો પડે તો મૃત્યુને સ્વીકારીને પણ ગર્હિત પ્રવૃત્તિ કરતા નથી.

શ્લોક-૧૨૬થી ૧૩૦ સુધી ગૃહસ્થઅવસ્થામાં વર્તતા ઉત્તમ પુરુષોના સુંદર આચારોનું સ્વરૂપ બતાવ્યું, આવા સર્વ આચારો પાળનારા જીવો ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે. વળી કેટલાક જીવોમાં તેવું સત્ત્વ હોતું નથી, જેથી આ સર્વ આચારો પરિપૂર્ણ પાળી શકે, આમ છતાં આ ઉત્તમ આચારો પ્રત્યે જેઓને પક્ષપાત છે અને આ ઉત્તમ આચારોને સાંભળીને તેના પ્રત્યે જેઓને પ્રીતિ થાય છે તેઓમાં પણ કંઈક રુચિ અંશથી આ ઉત્તમ આચારો છે અને તેવા જીવો શાસ્ત્ર દ્વારા આ ઉત્તમ આચારોને વારંવાર શ્રવણ કરે અને આવા ઉત્તમ આચારવાળા પુરુષોનાં ચરિત્રોને વાંચે અને વારંવાર તે આચારોને સેવવા માટે શક્ય યત્ન કરે તો, આવા ઉત્તમ આચારોને સેવવાની પ્રકૃતિ જીવનમાં પ્રગટ થાય છે, જેથી યોગમાર્ગની પ્રવૃત્તિની પૂર્વભૂમિકારૂપ પૂર્વસેવા સુંદર બને છે અને જે જીવોએ પૂર્વસેવા સુંદર સેવેલી હોય એવા જીવોને આગળ બતાવાશે તેવો યોગમાર્ગ શીઘ્ર પ્રાપ્ત થાય છે, માટે યોગના અર્થી જીવોએ આ સદાચારોને સેવવા માટે શક્ય યત્ન કરવો જોઈએ. **॥૧૩૦॥**

અવતરણિકા :-

अथ तपः प्राह –

અવતરણિકાર્થ :-

હવે તપને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯થી ચાર પ્રકારની પૂર્વસેવા કહેવાનો પ્રારંભ કર્યો, હવે ક્રમપ્રાપ્ત પૂર્વસેવાના ત્રીજા ભેદ તપને કહે છે –

શ્લોક :-

तपोऽपि च यथाशक्ति, कर्तव्यं पापतापनम् ।
तच्च चान्द्रायणं कृच्छ्रं, मृत्युघ्नं पापसूदनम् ।।१३१।।

અન્વયાર્થ :-

यथाशक्ति=यथाशक्ति, पापतापनं तपोऽपि च=પાપનો નાશ કરનાર તપ પણ, कर्तव्यं=કરવો જોઈએ, च=અને, तद्=તે=તપ, चान्द्रायणं कृच्छ्रं मृत्युघ्नं पापसूदनम्=ચાંદ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન છે. ।।૧૩૧।।

શ્લોકાર્થ :-

યથાશક્તિ પાપનો નાશ કરનાર તપ પણ કરવો જોઈએ અને તે ચાંદ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન છે. ।।૧૩૧।।

ટીકા :-

तपोऽपि च किं पुनः प्रागुक्तमनुष्ठानम् यथाशक्ति=यस्य यावती शक्तिस्तया, कर्तव्यं=विधेयम्, कीदृशमित्याह–पापतापनं=स्मृत्यादिप्रसिद्धं तथाविधापराधवशसमुत्पन्नाशुभकर्मतापकारि, तच्च=तत्पुनः, १ चान्द्रायणं २ कृच्छ्रं ३ मृत्यघ्नं ४ पापसूदनं इति चतुष्प्रकारम् ।।१३१।।

ટીકાર્થ :-

तपोपि ..... चतुष्प्रकारम् ।। તપ પણ, વળી પૂર્વમાં કહેવાયેલા સદાચારરૂપ અનુષ્ઠાનનું શું કહેવું ? યથાશક્તિ=જેની જેટલી શક્તિ છે તે પ્રમાણે કરવું જોઈએ.

તપ કેવા પ્રકારનું છે ? એથી કહે છે –

પાપને તપાવનારું છે=સ્મૃતિ આદિમાં પ્રસિદ્ધ તેવા પ્રકારના અપરાધને વશ ઉત્પન્ન થયેલા અશુભકર્મના તાપને કરનાર છે=નાશને કરનાર છે. વળી તે તપ ચાંદ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન એ પ્રમાણે ચાર પ્રકારવાળું છે. ।।૧૩૧।।

ભાવાર્થ :-

શિષ્ટ પુરુષો પરલોકપ્રધાન કૃત્ય કરનારા હોય છે, તેથી તેઓએ શક્તિ અનુસાર પૂર્વમાં બતાવેલા સદાચારો સેવવા જોઈએ. વળી પોતાની શક્તિ અનુસાર તપ કરવો જોઈએ. તે તપ પાપનો નાશ કરનાર છે અને તપના ભેદોનું સ્વરૂપ સ્મૃતિ આદિ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે અને પ્રમાદને વશ જે કોઈ અપરાધ થયા હોય તેનાથી બંધાયેલા અશુભકર્મને તપ નાશ કરે છે. માટે શિષ્ટોએ સદા તપ કરવો જોઈએ અને તે તપ ચાર ભેદવાળો છે. **॥૧૩૧॥**

અવતરણિકા :-

ઇદમેવ શ્લોકચતુષ્ટયેન વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

આને જ=તપના ચાર ભેદને જ, ચાર શ્લોકોથી કહે છે –

શ્લોક :-

एकैकं वर्धयेद् ग्रासं, शुक्ले कृष्णे च हापयेत ।
भुञ्जीत नामावास्यायामेष चान्द्रायणो विधिः ।।१३२।।

અન્વયાર્થ :-

શુક્લે=શુક્લપક્ષમાં, એકૈકં ગ્રાસં=એક એક કવલ, વર્ધયેદ્=વધારે, ચ=અને, કૃષ્ણે=કૃષ્ણપક્ષમાં, હાપયેત=ઘટાડે, અમાવાસ્યાયામ્=અમાવાસ્યામાં, ન ભુઞ્જીત=વાપરે નહિ, એષ ચાન્દ્રાયણો વિધિઃ=એ ચાંદ્રાયણતપની વિધિ છે. ।।૧૩૨।।

શ્લોકાર્થ :-

શુક્લપક્ષમાં એક એક કવલ વધારે અને કૃષ્ણપક્ષમાં ઘટાડે, અમાવાસ્યામાં વાપરે નહિ, એ ચાંદ્રાયણતપની વિધિ છે. ।।૧૩૨।।

ટીકા :-

એકૈકં ન તુ દ્રવ્યાદિરૂપમ્ વર્ધયેદ્=વૃદ્ધિમાનયેત્, ગ્રાસં=કવલમત્રસ્ય, શુક્લે=શુક્લપક્ષે, પ્રતિપત્તિથેરારભ્ય યાવત્પૌર્ણમાસ્યાં પઞ્ચદશ કવલાઃ તથા કૃષ્ણે ચ=કૃષ્ણપક્ષે પુનશ્ચતુર્દશાદૌ કૃત્વા હાપયેદ્-હીનં કુર્યાદેકૈકં ગ્રાસમેવં યાવત્ અમાવાસ્યા, તતો ભુઞ્જીત નામાવાસ્યાયાં, તસ્યાં સકલકવલક્ષયાત્, એષ ઉક્તરૂપશ્ચાન્દ્રાયણઃ ચન્દ્રેણ વૃદ્ધિભાજા ક્ષયભાજા ચ સહ ઇયતે=ગમ્યતે, યત્તચ્ચાન્દ્રાયણં, તસ્યાયમિતિ ચાન્દ્રાયણો વિધિઃ=કરણપ્રકાર ઇતિ, એતચ્ચ ચાન્દ્રાયણં લૌકિકશાસ્ત્રોક્તં પ્રથમધાર્મિકયોગ્યતયા ચેહોપન્યસ્તં, લોકોત્તરં ત્વિત્થમન્યથા ચ શાસ્ત્રાન્તરાદવસેયમિતિ ।।૧૩૨।।

ટીકાર્થ :-

એકૈકં ..... સેયમિતિ ।। એક એક ગ્રાસ=અન્નનું કવલ, શુક્લપક્ષમાં વધારે, અહીં દ્રવ્યાદિરૂપ એક એક વસ્તુનું ગ્રહણ નથી, પરંતુ કવલનું ગ્રહણ છે.

આનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરે છે –

શુક્લમાં=શુક્લપક્ષમાં સુદ એકમથી માંડીને પૂર્ણિમામાં પંદર કવલ ગ્રહણ કરે અને કૃષ્ણપક્ષમાં વળી ચઉદ કવલને આદિમાં કરીને એક એક કવલ હીન કરે. આ રીતે અમાવાસ્યા સુધી કરે, તેથી

અમાવાસ્યામાં વાપરે નહિ; કેમ કે તેમાં=અમાવાસ્યામાં, સકલ કવલનો ક્ષય છે. આ ઉક્તરૂપવાળો ચાંદ્રાયણ વૃદ્ધિભાગ્ અને ક્ષયભાગ્ એવા ચંદ્રની સાથે ગમન કરે છે જે તે ચાંદ્રાયણ તપ છે.

ચાંદ્રાયણ શબ્દની વ્યુત્પત્તિ કરે છે –

તેનો આ=ચંદ્રનો આ, એ ચાંદ્રાયણ વિધિ એટલે કરણનો પ્રકાર=તપસેવનનો પ્રકાર અને આ ચાંદ્રાયણ લૌકિકશાસ્ત્રમાં કહેવાયેલું છે અને પ્રથમ ધાર્મિક જીવોને યોગ્યપણું હોવાથી=ચાંદ્રાયણતપમાં યોગ્યપણું હોવાથી, અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, ઉપન્યાસ કરાયો છે, વળી લોકોત્તર આ રીતે=પૂર્વમાં ચાંદ્રાયણતપનું વર્ણન કર્યું એ રીતે, અને અન્યથા=અન્ય પ્રકારવાળું છે તે શાસ્ત્રાંતરથી જાણવું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૩૨॥

શ્લોક :-

सन्तापनादिभेदेन, कृच्छ्रमुक्तमनेकधा ।
अकृच्छ्रादतिकृच्छ्रेषु, हन्त सन्तारणं परम् ।।१३३।।

અન્વયાર્થ :-

સન્તાપનાદિભેદેન=સંતાપનાદિના ભેદથી, કૃચ્છ્ર=કૃચ્છ્ર તપ, અનેકધા=અનેક પ્રકારે, उक्तम्=કહેવાયું છે, हन्त=ખરેખર ! अतिकृच्छ्रेषु=અતિકૃચ્છ્ર એવા નરકાદિ અપરાધોમાં, अकृच्छ्राद्=તપના અતિ અલ્પકષ્ટથી, परं सन्तारणं=પ્રકૃષ્ટ સંતરણનું કારણ કૃચ્છ્ર તપ છે. ॥૧૩૩॥

શ્લોકાર્થ :-

સંતાપનાદિના ભેદથી કૃચ્છ્રતપ અનેક પ્રકારે કહેવાયું છે. ખરેખર ! અતિકૃચ્છ્ર એવા નરકાદિ અપરાધોમાં તપના અતિ અલ્પકષ્ટથી પ્રકૃષ્ટ સંતરણનું કારણ કૃચ્છ્ર તપ છે. ॥૧૩૩॥

ટીકા :-

इह कृच्छ्रमनेकधा यथा-सन्तापनकृच्छ्रं, पादकृच्छ्रं, सम्पूर्णकृच्छ्रमित्यादि, तत्र सन्तापनकृच्छ्रम् -

"त्र्यहमुष्णं पिबेदम्बु, त्र्यहमुष्णं घृतं पिबेत् ।
त्र्यहमुष्णं पिबेन्मूत्रं, त्र्यहमुष्णं पिबेत्पयः ।।१।।"

तथा–

"एकभक्तेन भुक्तेन, तथैवाऽयाचितेन च ।
उपवासेन चैकेन पादकृच्छ्रं विधीयते ।।२।।"

सम्पूर्णकृच्छ्रं पुनरेतदेव चतुर्गुणमिति । ततः सन्तापनं=सन्तापनकृच्छ्रमादौ यस्य स तथा । स चासौ भेदश्च विशेषस्तेन कृच्छ्रनामकम्, उक्तमनेकधा=अनेकप्रकारं तपः शास्त्रेषु, कीदृशमित्याह -

अकृच्छ्रात्=अकृच्छ्रेण, अतिकृच्छ्रेषु=नरकादिपातफलेष्वपराधेषु विषये 'हन्त' इति प्रत्यवधारणे पुनः सन्तारणं=सन्तरणहेतु, परं=प्रकृष्टं, प्राणिनामिति ।।१३३।।

ટીકાર્થ :-

इह कृच्छ्रमनेकधा ..... प्राणिनामिति ।। અહીં=કૃચ્છ્રતપના વિષયમાં, કૃચ્છ્ર અનેક પ્રકારે છે જેમ-સંતાપનકૃચ્છ્ર-પાદકૃચ્છ્ર-સંપૂર્ણકૃચ્છ્ર ઇત્યાદિ, ત્યાં=સંતાપનાદિકૃચ્છ્રોમાં, સંતાપનકૃચ્છ્ર – ત્રણ દિવસ ઉષ્ણ પાણી પીએ, ત્રણ દિવસ ઉષ્ણ ઘી પીએ, ત્રણ દિવસ ઉષ્ણ મૂત્ર પીએ, ત્રણ દિવસ ઉષ્ણ દૂધ પીએ **અને** એકભક્ત ભોજનથી, તે જ પ્રમાણે=પૂર્વમાં કહ્યું તે જ પ્રમાણે, અયાચિત એવા એક ભક્ત ભોજનથી અને એક ઉપવાસથી પાદકૃચ્છ્ર કરાય છે, **વળી આ જ=પાદકૃચ્છ્ર તપ જ, ચારગણું સંપૂર્ણ કૃચ્છ્ર છે. 'इति' શબ્દ સંતાપનકૃચ્છ્ર આદિ ત્રણ ભેદોના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

'ततः'=ત્યારપછી=સંતાપનાદિ ત્રણ ભેદો બતાવ્યા પછી, 'सन्तापनादिभेदेन' શબ્દનો સમાસ સ્પષ્ટ કરે છે – सन्तापन=સંતાપનકૃચ્છ્ર આદિમાં છે જેને તે તેવું છે=સંતાપનાદિ છે, અને તે એવો આ ભેદ=સંતાપનાદિ એવો આ ભેદ અર્થાત્ વિશેષ, તેનાથી=સંતાપનાદિ ભેદથી, કૃચ્છ્રનામક તપ શાસ્ત્રમાં અનેક પ્રકારે કહેવાયું છે.

કેવા પ્રકારનું કૃચ્છ્રતપ છે ? એથી કહે છે –

अकृच्छ्रथी=તપના અલ્પ કષ્ટથી અતिकृच्छ्रोમાં=નરકાદિપાતફલવાળા અપરાધવાળાં કૃત્યોમાં, વળી પ્રાણીઓને પર=પ્રકૃષ્ટ સંતરણનો હેતુ છે.

'हन्त' એ પ્રકારનો શબ્દ પ્રત્યવધારણમાં છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૩૩।।

❖ 'नरकादिपातफलेषु'માં 'आदि' પદથી તિર્યંચનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શરીરને કષ્ટ આપે તેવા પ્રકારનું કૃચ્છ્રતપ સંતાપનાદિભેદથી શાસ્ત્રમાં અનેક પ્રકારે કહ્યું છે અને તેના ત્રણ પ્રકારનું સ્વરૂપ ટીકામાં સ્પષ્ટ કરેલ છે, અતિક્લેશકારી એવા નરકાદિપાતના ફલવાળા અપરાધવાળાં કૃત્યોમાં જીવોનો જે નરકાદિપાત થવાનો હતો તેનાથી અતિ અલ્પ કષ્ટવાળા આ તપથી અત્યંત સંતરણ થાય છે, તેથી પરલોકપ્રધાન એવા શિષ્ટ પુરુષો શાસ્ત્રવચનથી કૃચ્છ્રતપનું આ પ્રકારનું માહાત્મ્ય જાણીને પરલોકના અનર્થથી આત્માનું રક્ષણ કરવા અર્થે સંતાપનાદિ કૃચ્છ્રતપ કરે છે. **॥૧૩૩॥**

શ્લોક :-

मासोपवासमित्याहुर्मृत्युघ्नं तु तपोधनाः ।
मृत्युञ्जयजपोपेतं परिशुद्धं विधानतः ।।१३४।।

અન્વયાર્થ :-

તુ=વળી, વિધાનતઃ=વિધાનથી, પરિશુદ્ધં=પરિશુદ્ધ, મૃત્યુઞ્જયજપોપેતં માસોપવાસં=મૃત્યુંજયજપથી યુક્ત એવા માસઉપવાસ છે, ઇતિ=એને, તપોધનાઃ=મુનિઓ, મૃત્યુઘ્નં=મૃત્યુઘ્નતપ=સંસાર સાથે અવિનાભાવી એવા મૃત્યુને નાશ કરનાર, આહુઃ=કહે છે. ।।૧૩૪।।

શ્લોકાર્થ :-

વળી વિધાનથી પરિશુદ્ધ મૃત્યુંજય જપથી યુક્ત એવા માસઉપવાસ છે એને મુનિઓ મૃત્યુઘ્ન તપ કહે છે. ।।૧૩૪।।

ટીકા :-

मासं यावदुपवासो यत्र तत्तथा इति=एतत्, आहुः=उक्तवन्तः, मृत्युघ्नं तु=मृत्युघ्ननामकं पुनस्तपः, तपोधनाः=तपःप्रधाना मुनयः, मृत्युञ्जयजपोपेतं=पञ्चपरमेष्ठिनमस्कारादिरूपं मृत्युञ्जयसंज्ञमन्त्र-स्मरणसमन्वितम् परिशुद्धमिहलोकाशंसादिपरिहारेण विधानतः=कषायनिरोधब्रह्मचर्यदेवपूजादि-रूपाद्विधानात् ।।१३४।।

ટીકાર્થ :-

मासं ..... देवपूजादिरूपाद्विधानात् ।। મહિના સુધી ઉપવાસ છે જેમાં તે તેવું છે=માસોપવાસ છે, इति=એને=માસોપવાસને, તપોધન=તપપ્રધાન મુનિઓ, વળી મૃત્યુઘ્ન નામનું તપ કહે છે.

તે મૃત્યુઘ્ન તપ કેવા સ્વરૂપવાળું છે તે સ્પષ્ટ કરે છે –

મૃત્યુંજય જપથી યુક્ત=પંચપરમેષ્ઠિના નમસ્કારાદિરૂપ મૃત્યુના જયની સંજ્ઞાવાળા મંત્રના સ્મરણથી યુક્ત, ઇહલોક આશંસાદિ પરિહારથી પરિશુદ્ધ, કષાયનિરોધ-બ્રહ્મચર્ય-દેવપૂજાદિરૂપ વિધિથી કરાયેલું માસોપવાસ મૃત્યુઘ્નતપ છે એમ અન્વય છે. ।।૧૩૪।।

- ❖ 'पञ्चपरमेष्ठिनमस्कारादिरूपं'માં 'आदि' પદથી પંચપરમેષ્ઠિના ધ્યાનનું ગ્રહણ કરવું.
- ❖ 'इहलोकाशंसादिपरिहारेण'માં 'आदि' પદથી પરલોકાશંસાનું ગ્રહણ કરવું.
- ❖ 'कषायनिरोधब्रह्मचर्यदेवपूजादिरूपाद्विधानात्'માં 'आदि' પદથી તપવિષયક અન્ય ઉચિતવિધિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શિષ્ટ પુરુષો સંસારનું અત્યંત મૃત્યુ કરવાના અર્થી હોય છે; કેમ કે સંસાર જન્મ-જરા-મરણાદિ ક્લેશબહુલ છે તેનો અત્યંત નાશ કરવા માટે તપપ્રધાન મુનિઓ મૃત્યુઘ્ન નામના તપને બતાવે છે તે તપ એક મહિના સુધી ઉપવાસ કરીને વિધિપૂર્વક કરવાથી થાય છે તેની વિધિ સ્પષ્ટ કરતાં કહે છે –

આ લોક અને પરલોકની આશંસાથી રહિત માત્ર સંસારના ઉચ્છેદ અર્થે કરવામાં આવે, કષાયનો ઉદ્રેક ન થાય તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ દ્વારા મહિના સુધી કષાયનો નિરોધ કરવામાં આવે, બ્રહ્મચર્યનું પાલન

કરવામાં આવે અને પૂર્ણ ગુણસંપન્ન એવા દેવની પૂજા કરવામાં આવે અને તપકાળ દરમ્યાન મૃત્યુના જયને કરવા માટે અત્યંત કારણભૂત પંચપરમેષ્ઠિના નમસ્કારનો જાપ કરવામાં આવે કે પંચપરમેષ્ઠિના સ્વરૂપનું અવલંબન લઈને તેમાં તન્મય થવા માટે યત્ન કરવામાં આવે તો તે માસોપવાસ તપ સંસારના ઉચ્છેદનું કારણ હોવાથી મૃત્યુઘ્નતપ કહેવાય છે.

અહીં વિશેષ એ છે કે પંચ પરમેષ્ઠિમાં અરિહંતપદથી વીતરાગ સર્વજ્ઞ અપાયાપગમ આદિ ચાર અતિશયવાળા અરિહંતનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે, સિદ્ધપદથી સર્વ કર્મરહિત એવા મુક્તાત્માઓનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે, આચાર્યાદિ ત્રણ પદોથી સંસારના ઉચ્છેદ માટે જિનવચનાનુસાર મહા ઉદ્યમ કરનારા મહાત્માઓની ઉપસ્થિતિ થાય છે અને તેવા મહાત્માઓના ગુણોના સ્મરણપૂર્વક નમસ્કારનો જાપ કે નમસ્કારમંત્રનું ધ્યાન સંસારના મૃત્યુનું કારણ છે, વળી તત્સહવર્તિ આ લોક-પરલોકની આશંસાથી રહિત માસોપવાસ તપ પણ દેહાદિના પ્રતિબંધનો ત્યાગ કરાવીને નિર્લેપ થવામાં પ્રબળ કારણ છે અને કષાયનો નિરોધ-બ્રહ્મચર્યનું પાલન અને દેવપૂજાદિ વિધિ પણ નિર્લેપતાના અતિશયનું કારણ છે, તેથી વિધિપૂર્વક સેવાયેલો મૃત્યુઘ્ન તપ અલ્પ કાળમાં જીવના સંસારના મૃત્યુનું કારણ બને છે, તેથી આ તપ સંસારમાં પ્રાપ્ત થતા મૃત્યુને હણનાર છે. **॥૧૩૪॥**

શ્લોક :-

पापसूदनमप्येवं तत्तत्पापाद्यपेक्षया ।
चित्रमन्त्रजपप्रायं प्रत्यापत्तिविशोधितम् ।।१३५।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=શ્લોક-૧૩૪માં કહ્યું એ રીતે પરિશુદ્ધ અને વિધાનથી, तत्तत्पापाद्यपेक्षया=તે તે પાપાદિની અપેક્ષાથી, पापसूदनमपि=પાપસૂદન પણ, चित्रमन्त्रजपप्रायं=ચિત્રમંત્રજપવાળું, प्रत्यापत्ति-विशोधितम्=પ્રત્યાપત્તિવિશોધિત જાણવું=તે તે અપરાધસ્થાનથી મોટા સંવેગયુક્ત પ્રતિકાંતિથી વિશોધિત જાણવું. ॥૧૩૫॥

શ્લોકાર્થ :-

આ રીતે તે તે પાપાદિની અપેક્ષાથી પાપસૂદન પણ ચિત્રમંત્રજપવાળું પ્રત્યાપત્તિ વિશોધિત જાણવું. ॥૧૩૫॥

ટીકા :-

पापसूदनमपि किं पुनर्मृत्युघ्नमित्यपिशब्दार्थः एवं=परिशुद्धं विधानतश्च ज्ञेयम्, कथमित्याह– तत्तत्पापाद्यपेक्षया=तत्तच्चित्ररूपं यत्पापं साधुद्रोहादि, आदिशब्दाज्ज्ञानावरणाद्यष्टविधं कर्मापेक्ष्येति, तत्र

"महुराए जउणराया, जउणावङ्के य डण्डमणगारे ।

वहणं च कालकरणं, सक्कागमणं च पव्वज्जा ।।१।।" [आ.नि.] **इति ।।**

अत्र कथानके डण्डानगारहन्तुर्यमुनराजस्य तत्पापशुद्ध्यर्थमङ्गीकृतप्रव्रज्यस्य साधुवधस्मरणे तद्दिनप्रतिपन्नाऽभोजनाभिग्रहस्य षण्मासान्यावज्जातव्रतपर्यायस्य सम्यक्सम्पन्नाराधनस्य किल न क्वचिद्दिने भोजनमजनीति, तत् तपः तत्तत्पापापेक्षया पापसूदनमिति। कर्मसूदनतपस्तु प्रतिकर्मेत्थमाचरितं दृश्यते-उपवासैकाशनैकसिक्थैकस्थानकैकदत्तिऽनिर्विकृतिकाऽचाम्लाऽऽष्टकवलानि । कीदृशमेतदित्याह–चित्रमन्त्रजपप्रायं=चित्रो, नानाविधः 'ॐ ह्रीँ अ सि आ उ सा नमः' इत्यादि मन्त्रस्मरणरूपो जपः प्रायो=बहुलो यत्र तत्तथा–प्रत्यापत्तिविशोधितं प्रत्यापत्तिस्तत्तदपराधस्थानान्महता संवेगेन प्रतिक्रान्तिस्तया विशोधितं=विशुद्धिमानीतम् ।।१३५।।

टीकार्थ :-

पापसूदनमपि ..... विशुद्धिमानीतम् ।। पापसूदन पण वळी मृत्युघ्ननुं शुं कहेवुं એ 'अपि' शब्दनो अर्थ छे='पापसूदनमपि'मां रहेला 'अपि' शब्दनो अर्थ छे, એ रीते=श्लोक-१३४मां मृत्युघ्नतपमां कह्युं એ रीते, परिशुद्ध अने विधानथी जाणवुं=पापसूदनतप जाणवुं.

केवी रीते ? એथी कहे छे –

ते ते पापदिनी अपेक्षाथी=ते ते चित्ररूप जे साधुद्रोहादि पापनी अने आदि शब्दथी ज्ञानावरणादि आठ प्रकारनुं कर्म तेनी अपेक्षाथी, पापसूदन तप छे એम अन्वय छे. त्यां=पापसूदनतपमां, दृष्टांत बतावे छे –

"मथुरामां यमून राजा हतो, अने यमूनावंकमां डंड नामना अणगार, तेनो वध राजाએ कर्यो, कालकरण=डंड अणगार कालधर्म पाम्या, शकनुं आगमन=डंड अणगारना महोत्सव अर्थे शकनुं आगमन, यमूनराजानी प्रव्रज्या."

'इति' शब्द उद्धरणनी समाप्तिमां छे.

आ कथानकमां ते पापनी शुद्धि माटे स्वीकारायेली प्रव्रज्यावाळा साधुवधना स्मरणमां ते दिवसना स्वीकारायेला अभोजनना अभिग्रहवाळा छ मास सुधी थयेला व्रतपर्यायवाळा सम्यक्संपन्न आराधनावाळा डंड अणगारना हणनारा यमूनराजाने कोई दिवस भोजन थयुं नहि એथी ते तप ते पापनी अपेक्षाथी पापसूदन छे. 'इति' शब्द पापसूदनना એक प्रकारना कथननी समाप्ति माटे छे.

वळी कर्मसूदन तप प्रतिकर्म=दरेक कर्मने आश्रयीने, आ रीते=आगळ बतावे छे એ रीते, आचरित देखाय छे – उपवास-એकासणुं-એक सिक्थ=એक दाणाथी एकासणुं-એकलठाणुं-એक दत्ति-निवि-आयंबिल-आठ कवल.

आ केवा प्रकारनुं छे ?=पापसूदन केवा प्रकारनुं छे ? એथी कहे छे –

ચિત્રમંત્ર જપપ્રાયઃ છે – ચિત્ર=જુદા જુદા પ્રકારવાળા 'ૐ હ્રીં અ સિ આ ઉ સા નમઃ' ઇત્યાદિ મંત્રસ્મરણરૂપ જપ પ્રાયઃ=બહુલ છે જેમાં તે તેવું છે=ચિત્રમંત્રજપપ્રાયઃ છે.

વળી તે પાપસૂદન કેવું છે તે સ્પષ્ટ કરે છે –

પ્રત્યાપત્તિ વિશોધિત છે – પ્રત્યાપત્તિ=તે તે અપરાધસ્થાનથી મોટા સંવેગ વડે પ્રતિકાંતિ, તેના વડે=પ્રતિકાંતિ વડે, વિશોધિત છે=વિશોધિને પામેલું છે. ॥૧૩૫॥

ભાવાર્થ :-

પોતાનાથી થયેલા પાપના નાશ અર્થે પાપસૂદન તપ કરાય છે અને તે પાપસૂદન પણ આ લોકની અને પરલોકની આશંસાથી રહિત હોય તો પરિશુદ્ધ બને છે અને કષાયનિરોધ-બ્રહ્મચર્યનું પાલન-દેવપૂજાદિ વિધિથી કરાય તો વિધાનથી છે. વળી તે તપકાળમાં ૐ હ્રીં અ સિ આ ઉ સા નમઃ ઇત્યાદિ જાપ કરાય છે, જેથી પરમેષ્ઠિ પ્રત્યેનો બહુમાન ભાવ વધે છે અને પોતે જે પાપ કરેલું હોય તે પાપના સ્થાનથી મોટા સંવેગપૂર્વક નિવૃત્તિ થાય તે પ્રકારે વિશુદ્ધિવાળું કરવામાં આવે તો તે થયેલા પાપના નાશનું કારણ બને છે જેમ –

યમૂનરાજાએ ડંડ અણગારનો વધ કર્યો અને પાછળથી પશ્ચાત્તાપને કારણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી પછી સંકલ્પ કર્યો કે સાધુના વધનું સ્મરણ થાય તો ભોજન કરવું નહિ, આવા પ્રકારના અભિગ્રહથી છ મહિના સુધી આહાર વગર રહ્યા અને અભિગ્રહનું પાલન કરીને તે મહાત્માએ તે પાપનો નાશ કર્યો, તેથી પાપ થયું હોય તેના પ્રત્યે મહાન સંવેગપૂર્વક પાપથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવામાં આવે તો વિશુદ્ધ એવું પાપસૂદન તપ પાપનો નાશ કરે છે.

અહીં વિશેષ એ છે કે આ પાપસૂદનતપ પૂર્વસેવારૂપે અહીં બતાવેલ છે તેમાં યમૂનરાજાનું દૃષ્ટાંત બતાવેલ છે તે યમૂનરાજા સાધુપણાને સ્વીકારીને ભાવથી સંયમ પાળનારા મહાત્મા હતા. તેથી એ ફલિત થાય કે પૂર્વસેવાની ભૂમિકામાં રહેલા ગૃહસ્થો સ્વભૂમિકાનુસાર પાપનો નાશ કરવા અર્થે પોતાના જીવનમાં જે જે પ્રકારનું પાપ થયેલું હોય તે તે પ્રકારનું પાપસૂદન તપ કરે છે અને તે વખતે તે મહાત્મા 'ૐ હ્રીં અ સિ આ ઉ સા નમઃ' ઇત્યાદિ જપ કરે છે અને કષાયનિરોધાદિપૂર્વક તે તે તપની વિધિનું સેવન કરે છે.

પૂર્વસેવાની ભૂમિકાથી ઉપરની ભૂમિકાવાળા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર આદિ જીવો પણ પોતાના જીવનમાં કોઈ પાપ થયેલું હોય તો તેની શુદ્ધિ અર્થે તે તે પાપને અનુરૂપ તપ કરે છે. જેમ – યમૂનરાજાએ પોતે જે મુનિહત્યા કરી હતી તેના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારે અભિગ્રહનું પાલન કરીને છ મહિનાના સંયમપાલન દ્વારા તે પાપની શુદ્ધિ કરેલ. **॥૧૩૫॥**

અવતરણિકા :-

અથ મુક્ત્યદ્વેષમભિધિત્સુરાહ –

અવતરણિકાર્થ :-

હવે મુક્તિઅદ્વેષને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૦૯માં પૂર્વસેવાના ચાર ભેદો બતાવ્યા, હવે ક્રમપ્રાપ્ત પૂર્વસેવાના ચોથા ભેદ મુક્તિ અદ્વેષને કહેવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

कृत्स्नकर्मक्षयान्मुक्तिर्भोगसंक्लेशवर्जिता ।
भवाभिनन्दिनामस्यां द्वेषोऽज्ञाननिबन्धनः ।।१३६।।

અન્વયાર્થ :-

कृत्स्नकर्मक्षयाद् भोगसंक्लेशवर्जिता मुक्तिः=સંપૂર્ણ કર્મના ક્ષયથી ભોગના સંક્લેશથી રહિત મુક્તિ છે, अस्यां=આમાં=મુક્તિમાં, भवाभिनन्दिनाम्=ભવાભિનંદી જીવોને, अज्ञाननिबन्धनः द्वेषः=અજ્ઞાન નિબંધન દ્વેષ છે. ।।૧૩૬।।

શ્લોકાર્થ :-

સંપૂર્ણકર્મના ક્ષયથી ભોગના સંક્લેશથી રહિત મુક્તિ છે, આમાં ભવાભિનંદી જીવોને અજ્ઞાનનિબંધન દ્વેષ છે. ।।૧૩૬।।

ટીકા :-

कृत्स्नकर्मक्षयाद्=निखिलमलप्रलयात्, मुक्तिः=निर्वृतिः, सञ्जायते, कीदृशीत्याह–भोगसंक्लेश-वर्जिता=इन्द्रियार्थाभिष्वङ्गरूपदुःखविकला, ततो भवाभिनन्दिनां=अत्यन्तासारमपि संसारं प्रति बहुमानवतां जन्तूनाम्, अस्यां=मुक्तौ सर्वाङ्गसुखखानिभूतायां, केषांचिद्यो द्वेषो=मत्सरः, सोऽज्ञाननिबन्धनो=मुक्तिस्वरूपापरिज्ञाननिमित्तः, न हि स्वभावसुन्दरे वस्तुनि तथैव च ज्ञाते कश्चिद्विपश्चिद् द्वेषं प्रतिपद्यत इति ।।१३६।।

ટીકાર્થ :-

कृत्स्नकर्मक्षयाद् ..... प्रतिपद्यत इति ।। સંપૂર્ણ કર્મના ક્ષયથી=સંપૂર્ણ મલના નાશથી, મુક્તિ થાય છે.

કેવા સ્વરૂપવાળી છે ? એથી કહે છે –

ભોગના સંક્લેશથી રહિત છે=ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે અભિષ્વંગરૂપ અર્થાત્ રાગરૂપ દુઃખથી વિકલ છે, તેથી ભવાભિનંદી જીવોને=અત્યંત અસાર પણ સંસાર પ્રત્યે બહુમાનવાળા જીવોને, આમાં=સર્વાંગસુખની ખાણભૂત એવી મુક્તિમાં, કેટલાકને જે દ્વેષ છે તે અજ્ઞાનનિબંધન છે=મુક્તિના સ્વરૂપના અપરિજ્ઞાન નિમિત્ત છે. હિ=જે કારણથી, સ્વભાવસુંદર વસ્તુમાં અને તે પ્રકારે જ્ઞાન થયે છતે=આ વસ્તુ સ્વભાવથી સુંદર છે તે પ્રકારે જ જ્ઞાન થયે છતે=મુક્તિ સ્વભાવથી સુંદર છે તે પ્રકારે જ જ્ઞાન થયે છતે, કોઈ બુદ્ધિમાન દ્વેષને કરતા નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૩૬॥

❖ 'असारमपि संसारं'માં 'अपि'થી એ કહેવું છે કે અસાર ન હોય તો તો બહુમાન થાય, પરંતુ અસાર પણ સંસાર પ્રત્યે ભવાભિનંદી જીવોને બહુમાન થાય છે.

ભાવાર્થ :-

આત્માથી ભિન્ન એવું કર્મ ચાર ગતિમાં ભ્રમણ કરાવીને સંસારવર્તી જીવોની કદર્થના કરે છે અને તેવા કદર્થના કરાવનારા સંપૂર્ણ કર્મથી આત્માની મુક્તિ એ મોક્ષ છે. વળી સંસારવર્તી જીવોને ઇન્દ્રિયોના વિષયોમાં રાંગરૂપ અંતરંગ દુઃખ ઉત્પન્ન થાય છે તે પ્રકારના રાગના દુઃખથી વિકલ મુક્તિ છે, આમ છતાં અસાર પણ સંસાર જેઓને ભોગસામગ્રીના કારણે સારભૂત દેખાય છે એવા જીવોને મુક્તિ પ્રત્યે દ્વેષ થાય છે તે મુક્તિનો દ્વેષ ભવાભિનંદી જીવોને મુક્તિના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનને કારણે થાય છે; કેમ કે સ્વભાવથી સુંદર મોક્ષ હોય અને આ મોક્ષ જીવની સ્વભાવથી સુંદર અવસ્થા છે તેવું જ્ઞાન જે જીવોને હોય તેવા જીવોને ક્યારે પણ મોક્ષ પ્રત્યે દ્વેષ થાય નહિ, પરંતુ ભવ પ્રત્યેના ઉત્કટ રાગવાળા જીવોને સંપૂર્ણ ભોગરહિત મોક્ષ છે તેવું જ્ઞાન થવાથી મોક્ષ પ્રત્યે દ્વેષ થાય છે જેમ – બાળકને કેટબરી પ્રત્યે અત્યંત રાગ હોય તો કેટબરીના ત્યાગ પ્રત્યે દ્વેષ થાય છે, તેથી તેની 'મા' તેને આ 'છી' છે તેમ કહે તોપણ તેને સ્વીકારતો નથી. વળી તે બાળક બાળ અવસ્થામાં વિષ્ટાને પણ ક્યારેક ખાય છે અને તેની 'મા' તેને 'છી' કહે તો વિષ્ટા પ્રત્યે ઉત્કટ રાગ નહિ હોવાથી તે બાળકને વિષ્ટાના ત્યાગ પ્રત્યે દ્વેષ થતો નથી, તેથી 'મા'ના વચન અનુસાર તે બાળક પણ 'છી છી' એમ કરે છે તેમ જેઓને ભોગ પ્રત્યે ઉત્કટ રાગ નથી, તેઓ મોક્ષનું વર્ણન સાંભળે ત્યારે ભોગના ત્યાગરૂપ મુક્તિ પ્રત્યે દ્વેષ કરતા નથી અને જેઓને ભોગ પ્રત્યે ઉત્કટ રાગ છે તેઓ ભોગસામગ્રી વગરની મુક્તિને સાંભળીને મુક્તિ પ્રત્યે દ્વેષ કરે છે તે તેઓનું મુક્તિના સ્વરૂપ વિષયક પારમાર્થિક અજ્ઞાન છે. **॥૧૩૬॥**

અવતરણિકા :-

न च वक्तव्यं, असौ द्वेषोऽसम्भव्येव इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

અને ન કહેવું, આ દ્વેષ અસંભવિ જ છે=મોક્ષ પ્રત્યે દ્વેષ અસંભવિ જ છે, એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

સામાન્યથી દેખાતી વસ્તુને જોઈને કોઈકને તે વસ્તુ ગમે નહિ તો તેને જોઈને દ્વેષ થાય, પરંતુ મુક્તિ તો દેખાતી વસ્તુ નથી, તેથી મુક્તિ પ્રત્યે દ્વેષનો સંભવ નથી એમ ન કહેવું, એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

श्रूयन्ते चैतदालापा लोके तावदशोभनाः ।
शास्त्रेष्वपि हि मूढानामश्रोतव्याः सदा सताम् ।।१३७।।

અન્વયાર્થ :-

च=અને, लोके=લોકમાં, शास्त्रेष्वपि हि=શાસ્ત્રોમાં પણ, मूढानाम् अशोभनाः एतदालापाः=મૂઢોના અશોભન એવા આ આલાપો, श्रूयन्ते=સંભળાય છે, सताम्=સંતોને, सदा=સદા, अश्रोतव्याः=અશ્રોતવ્ય છે=તે આલાપો સાંભળવા યોગ્ય નથી. ।।૧૩૭।।

શ્લોકાર્થ :-

અને લોકમાં, શાસ્ત્રોમાં પણ મૂઢોના અશોભન એવા આ આલાપો સંભળાય છે, સંતોને સદા અશ્રોતવ્ય છે. ।।૧૩૭।।

ટીકા :-

श्रूयन्ते=आकर्ण्यन्ते, चकारः पूर्वोक्तभावनार्थः, एतदालापाः=मुक्तिद्वेषवचनानि, लोके=संव्यवहारार्हे जने, तावच्छब्दः क्रमार्थः, अशोभनाः=अश्रेयोरूपाः, तथा च पठन्ति–

"जइ तत्थ नत्थि सीमंतिणीओ मणहरपियंगुवन्नाओ ।
ता रे सिद्धन्तिय ! बन्धणं खु मोक्खो न सो मोक्खो ।।१।।"

तथा 'शास्त्रेष्वपि हि' तथाविधस्मृतिपुराणरूपेषु 'किं पुनर्लोक' इत्यपिहीतिशब्दार्थः, मूढानां=तत्त्वं प्रति व्यामोहवतां शास्त्रकृताम्, कीदृशा इत्याहः-अश्रोतव्याः=श्रोतुमनर्हाः, सदा=सर्वकालम्, सतां=शिष्टानाम् ।।१३७।।

ટીકાર્થ :-

श्रूयन्ते ..... शिष्टानाम् ।। લોકમાં=સંવ્યવહારયોગ્ય એવા લોકમાં, આ આલાપો=મુક્તિદ્વેષનાં વચનો, સંભળાય છે, 'च'કાર=શ્લોકમાં રહેલો 'च' શબ્દ, પૂર્વકથનના ભાવન માટે છે=શ્લોક-૧૩૬માં કહેલ કે ભવાભિનંદી જીવોનો મુક્તિમાં દ્વેષ અજ્ઞાન નિમિત્ત છે તેના ભાવન માટે છે, 'तावत्' શબ્દ ક્રમ અર્થમાં છે=લોકના અને શાસ્ત્રોના મુક્તિદ્વેષનાં વચનોના ક્રમને બતાવવા અર્થે છે.

અને તે મુક્તિદ્વેષનાં વચનો કેવાં છે ? તેથી કહે છે –

અશોભન છે=અશ્રેયરૂપ છે, અને તે પ્રમાણે=મુક્તિના અદ્વેષને અભિવ્યક્ત કરે તે પ્રમાણે, બોલે છે – જો ત્યાં=મુક્તિમાં, મનોહર પ્રિયંગુના જેવા વર્ણવાળી સ્ત્રીઓ નથી, તો હે સિદ્ધાંતને જાણનાર !

મોક્ષ બંધન છે તે મોક્ષ નથી અને તેવા પ્રકારના સ્મૃતિપુરાણશાસ્ત્રોમાં પણ મૂઢોના=તત્ત્વ પ્રત્યે વ્યામોહવાળા શાસ્ત્રકારોના, અશોભન એવા આ આલાપો સંભળાય છે.

'शास्त्रेष्वरपि हि'માં રહેલા 'अपि हि'નો અર્થ કરતાં કહે છે –

લોકમાં વળી શું કહેવું ? એ પ્રકારે 'अपि हि' એ શબ્દનો અર્થ છે.

વળી લોકના અને શાસ્ત્રોના તે આલાપો કેવા છે ? એથી કહે છે –

સંતોને=શિષ્ટોને, સદા અશ્રોતવ્ય છે=સાંભળવા અયોગ્ય છે. ॥૧૩૭॥

ભાવાર્થ :-

સામાન્યથી દેખાતા પદાર્થને જોઈને કોઈને તે પદાર્થ અરોચક જણાય તો દ્વેષ થાય છે, પરંતુ મુક્તિ ચક્ષુ અને અન્ય ઇન્દ્રિયથી દેખાતી નથી, તોપણ સદ્ઉપદેશકો સંસારથી નિસ્તાર પામવાનો ઉપદેશ આપે અને મોક્ષ કેવો રમ્ય છે તેનું સ્વરૂપ બતાવે અને કહે કે સંસારના ભોગોના સર્વ ક્લેશથી રહિત મુક્તિ છે તે સાંભળીને જેઓ ભવના ઉત્કટ રાગવાળા છે તેઓને દ્વેષ થાય છે અને ભવના રાગને વશ મોક્ષનું સ્વરૂપ સાંભળીને કહે કે 'જો મુક્તિમાં સુંદર સ્ત્રીઓ નથી તો તે મુક્તિ જીવને માટે બંધન છે; કેમ કે મોક્ષમાં ગયા પછી ક્યારે ય સંસારમાં જન્મ પામીને સ્ત્રી આદિ ભોગોની પ્રાપ્તિ ન થાય, તેથી ભોગોથી વંચિત રાખનાર મોક્ષ પરમાર્થથી મહાબંધનરૂપ છે, માટે તે મોક્ષ નથી' આવા અશોભન આલાપો લોકમાં સંભળાય છે. વળી મૂઢ એવા શાસ્ત્રકારોના પણ આવા આલાપો સંભળાય છે અને તે આલાપો શિષ્ટ પુરુષોને સદા સાંભળવા યોગ્ય નથી; કેમ કે તેવા આલાપો સાંભળીને મોક્ષ પ્રત્યે સ્હેજ પણ અરુચિ થાય તો મહાઅનર્થની પ્રાપ્તિ થાય. **॥૧૩૭॥**

અવતરણિકા :-

एतदेव दर्शयति –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વશ્લોકમાં કહ્યું કે મૂઢ એવા શાસ્ત્રકારોના મુક્તિદ્વેષના આલાપો સંભળાય છે એને જ, બતાવે છે –

શ્લોક :-

वरं वृन्दावने रम्ये, क्रोष्टुत्वमभिवाञ्छितम् ।
न त्वेवाऽविषयो मोक्षः, कदाचिदपि गौतम! ।।१३८।।

અન્વયાર્થ :-

रम्ये वृन्दावने=રમ્ય એવા વૃંદાવનમાં, अभिवाञ्छितम् क्रोष्टुत्वम्=અભિલષિત એવું શિયાળપણું, वरं=સારું છે, तु=પરંતુ, गौतम=હે ગૌતમ ! अविषयो मोक्षः=અવિષયવાળો મોક્ષ, कदाचिदपि=ક્યારે પણ, न एव=સારો નથી જ. ॥૧૩૮॥

શ્લોકાર્થ :-

રમ્ય એવા વૃંદાવનમાં અભિલષિત એવું શિયાળપણું સારું છે, પરંતુ હે ગૌતમ ! અવિષયવાળો મોક્ષ ક્યારે પણ સારો નથી જ. ॥૧૩૮॥

ટીકા :-

वरं=प्रधानम्, वृन्दावने=यमुनानदीतटवर्तिनि मथुरोपवनविशेषे, रम्ये=रमणीये, क्रोष्टुत्वं=शृगालत्वम् अभिवाञ्छितं=अभिलषितम्, न त्वेव=नैव पुनः, अविषयः=कयाचित्क्रियया भावयितुमयोग्यः, मोक्षो= अपवर्गः, कदाचिदपि=क्वाप्यवस्थाविशेषे वाञ्छितः, गौतम ! इति गालवेन निजशिष्यविशेषस्यामन्त्रणं कृतमिति ।।१३८।।

ટીકાર્થ :-

वरं ..... कृतमिति ।। રમ્ય એવા યમૂનાનદીના તટવર્તી મથુરા નગરીના ઉપવન વિશેષરૂપ વૃંદાવનમાં અભિવાંછિત=ઇચ્છાયેલું એવું શિયાળપણું શ્રેષ્ઠ છે, પરંતુ અવિષયવાળો=કોઈપણ ક્રિયાથી આત્માને ભાવિત કરવા માટે અયોગ્ય એવો મોક્ષ ક્યારે પણ=કોઈપણ અવસ્થાવિશેષમાં, હે ગૌતમ ! વાંછિત નથી જ. હે ગૌતમ એ પ્રમાણે ગાલવ નામના ઋષિ વડે પોતાના શિષ્યવિશેષને આમંત્રણ કરાયું=સંબોધન કરાયું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૩૮॥

ભાવાર્થ :-

ગાલવ નામના ઋષિ પોતાના ગૌતમ નામના શિષ્યને સંબોધીને કહે છે – વૃંદાવનમાં શિયાળ થવું સારું, પરંતુ જ્યાં કોઈ પ્રકારની ક્રિયા ન હોય તેવો નિષ્ક્રિય મોક્ષ ક્યારે પણ ઇચ્છાતો નથી જ.

આનાથી એ ફલિત થાય કે ગાલવ ઋષિએ સંન્યાસ લીધેલો અને પોતાના દર્શનનાં શાસ્ત્રો વાંચ્યાં અને તે શાસ્ત્રવચન અનુસાર સર્વથા ક્રિયા વગરનો મોક્ષ છે તેવું જાણીને મોક્ષ પ્રત્યે દ્વેષ થયો છે અને તે દ્વેષને અભિવ્યક્ત કરનારા તેઓના વચનથી નક્કી થાય છે કે જેઓ શાસ્ત્રોના વચનથી મોક્ષનું સ્વરૂપ સાંભળીને દ્વેષવાળા થાય છે તેઓ ભવાભિનંદી જીવો છે. **॥૧૩૮॥**

શ્લોક :-

महामोहाभिभूतानामेवं द्वेषोऽत्र जायते ।
अकल्याणवतां पुंसां तथा संसारवर्धनः ।।१३९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=શ્લોક-૧૩૭-૧૩૮માં કહ્યું એ રીતે, महामोहाभिभूतानां अकल्याणवतां पुंसां=મહામોહથી

અભિભૂત થયેલા અકલ્યાણવાળા પુરુષોને=ક્લેશાત્મક ભોગને સારરૂપે દેખાડે તેવા મહામોહથી અભિભૂત થયેલા અકલ્યાણવાળા પુરુષોને, અત્ર=આમાં=મુક્તિમાં, તથા સંસારવર્ધનઃ દ્વેષઃ=તે તે પ્રકારે સંસારનું વર્ધન છે જેનાથી એવો દ્વેષ, જાયતે=થાય છે. ॥૧૩૯॥

શ્લોકાર્થ :-

આ રીતે મહામોહથી અભિભૂત થયેલા અકલ્યાણવાળા પુરુષોને આમાં તે તે પ્રકારે સંસારનું વર્ધન છે જેનાથી એવો દ્વેષ થાય છે. ॥૧૩૯॥

ટીકા :-

મહામોહાભિભૂતાનાં=અતિનિબિડમિથ્યાત્વાદિમોહનીયવિપાકવિષવિસંસ્થુલાનામ્, એવં=ઉક્તપ્રકારેણ, દ્વેષોઽત્ર=મુક્તૌ, જાયતે, અકલ્યાણવતાં=સંમુખીભૂતાતિપ્રભૂતાશુભાનાં, પુંસામ્ તથા સંસારવર્ધનઃ= તથા તત્પ્રકારસ્યાનન્તકાલપ્રમિતસ્ય સંસારસ્ય વર્ધનો વૃદ્ધિહેતુઃ ।।૧૩૯।।

ટીકાર્થ :-

મહામોહાભિ ..... વૃદ્ધિહેતુઃ ।। મહામોહથી અભિભૂત થયેલા=અતિનિબિડ મિથ્યાત્વ આદિ મોહનીયના વિપાકરૂપ વિષથી વિહ્વળ થયેલા જીવોને, આ રીતે=શ્લોક-૧૩૭-૧૩૮માં કહ્યું એ પ્રકારે, અહીં=મુક્તિમાં, દ્વેષ થાય છે.

કેવા જીવોને મુક્તિદ્વેષ થાય તે બતાવે છે –

અકલ્યાણવાળા=સન્મુખીભૂત એવા અતિપ્રભૂત અશુભકર્મવાળા જીવોને દ્વેષ થાય છે એમ અન્વય છે.

તે દ્વેષ કેવો છે તે બતાવે છે –

તે પ્રકારે સંસારના વર્ધનવાળો દ્વેષ છે=તે પ્રકારના અનંતકાલથી પ્રમિત એવા સંસારની વૃદ્ધિનો હેતુ છે. ॥૧૩૯॥

ભાવાર્થ :-

જે જીવોના અતિનિબિડ એવા મિથ્યાત્વમોહનીયકર્મ અને અનંતાનુબંધી કષાય વિપાકમાં વર્તે છે તે કર્મના વિપાકરૂપ વિષથી વિહ્વળ થયેલા એવા તે જીવોને ભોગમાં ઉત્કટરાગ વર્તે છે અને ભોગના ઉત્કટ રાગના વશથી તેઓને મોક્ષના સ્વરૂપને સાંભળીને શ્લોક-૧૩૭-૧૩૮માં બતાવ્યું એ પ્રમાણે દ્વેષ થાય છે તેવા જીવો અકલ્યાણને પામનારા છે, તેથી તેઓને વર્તમાનમાં અતિ અશુભ કર્મનો ઉદય વર્તે છે તેના કારણે કોઈક નિમિત્તથી મોક્ષનું વર્ણન સાંભળીને મોક્ષના સ્વરૂપ પ્રત્યે તેઓને દ્વેષ થાય છે અને તે દ્વેષ તેઓમાં વર્તતા સંસારનું અત્યંત વર્ધન કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જો તેઓએ મોક્ષનું વર્ણન સાંભળ્યું ન હોત તો તેઓમાં રહેલા કષાયભાવને કારણે જે અનંત સંસારની તેઓને પ્રાપ્તિ હતી તે અનંતસંસાર મુક્તિના દ્વેષને કારણે અનંત સંખ્યામાં વૃદ્ધિને પામે છે, તેથી તે જીવો મોક્ષનું વર્ણન સાંભળીને દ્વેષ ન કરત તો તેઓને જે અનંત સંસાર હતો તે મુક્તિના દ્વેષને કારણે ઘણા મોટા અનંતપ્રમાણવાળો થયો તે ન થાત, આથી જ શિષ્ટ પુરુષો આ અયોગ્ય છે તેમ જાણ્યા પછી તેવા જીવો પાસે મોક્ષનું વર્ણન કરતા નથી; કેમ કે મોક્ષનું વર્ણન સાંભળીને તેઓનું હિત તો થતું નથી, પરંતુ સંસારની વૃદ્ધિ થવાથી અહિત જ થાય છે. **॥૧૩૯॥**

અવતરણિકા :-

વિપર્યયે ગુણમાહ –

અવતરણિકાર્થ :-

વિપર્યયમાં=મોક્ષ પ્રત્યે દ્વેષના વિપર્યય એવા અદ્વેષમાં, ગુણને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૩૯માં કહ્યું કે મહામોહથી અભિભૂત જીવોને મોક્ષમાં દ્વેષ થાય છે, હવે જેઓનું મિથ્યાત્વ મોહનીયકર્મ કંઈક મંદ થયું છે અને અનંતાનુબંધી કષાય પણ કંઈક શિથિલ છે, તેથી કોઈક નિમિત્તથી મોક્ષનું વર્ણન સાંભળીને જેઓને મોક્ષ પ્રત્યે દ્વેષ થતો નથી તેઓ પણ યોગની પ્રથમ ભૂમિકાને પામેલા હોવાથી તેઓને જે ગુણ થાય છે=મોક્ષના અદ્વેષને કારણે જે લાભ થાય છે, તે લાભને ગ્રંથકારશ્રી કહે છે.

શ્લોક :-

नास्ति येषामयं तत्र तेऽपि धन्याः प्रकीर्तिताः ।
भवबीजपरित्यागात् तथा कल्याणभागिनः ।।१४०।।

અન્વયાર્થ :-

येषाम्=જેઓને=જે ભવ્યવિશેષોને, अयं=આ=દ્વેષ, तत्र=ત્યાં=મુક્તિમાં, नास्ति=નથી, भवबीजपरित्यागात्=ભવબીજના પરિત્યાગથી=ભવના કારણની હાનિથી, तथा कल्याणभागिनः तेऽपि=તે પ્રકારના કલ્યાણને પામનારા તેઓ પણ, धन्याः प्रकीर्तिताः=ધન્ય કહેવાયા છે. ।।૧૪૦।।

શ્લોકાર્થ :-

જેઓને આ ત્યાં નથી, ભવબીજના પરિત્યાગથી તે પ્રકારના કલ્યાણને પામનારા તેઓ પણ ધન્ય કહેવાયા છે. ।।૧૪૦।।

ટીકા :-

न=नैव, अस्ति=विद्यते, येषां भव्यविशेषाणाम् अयं=द्वेषः, तत्र=मुक्तौ, तेऽपि किं पुनस्तत्रानुरागभाज

इत्यपिशब्दार्थः, धन्या=धर्मधनलब्धारः प्रकीर्तिताः, पुनरपि कीदृशा इत्याह–भवबीजपरित्यागात्=मनाक् स्वगतसंसारयोग्यतापरिहाणेः सकाशात्, तथा तेन प्रकारेण चरमपुद्गलपरिवर्तव्यवधानादिना, कल्याणभागिनः=तीर्थकरादिपदप्राप्तिद्वारेण शिवशर्मभाज इति ।।१४०।।

ટીકાર્થ :-

न=नैव, ... शिवशर्मभाज इति ।। જે ભવ્યવિશેષોને ત્યાં=મુક્તિમાં, આ=દ્વેષ, નથી જ તેઓ પણ ધન્ય કહેવાયા છે=ધર્મધનને પ્રાપ્ત કરનારા કહેવાયા છે, 'तेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે - વળી મુક્તિમાં અનુરાગવાળા જીવોનું શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે. વળી પણ કેવા છે ?= મુક્તિ અદ્વેષવાળા જીવો કેવા છે, એને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – ભવબીજના પરિત્યાગથી=કંઈક સ્વગત સંસારની યોગ્યતાની પરિહાનિથી, તે પ્રકારે=ચરમ પુદ્ગલપરિવર્ત વ્યવધાનાદિ પ્રકારે, કલ્યાણભાગી છે=તીર્થંકરાદિ પદની પ્રાપ્તિ દ્વારા મોક્ષસુખને ભજનારા છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૪૦।।

ભાવાર્થ :-

જે જીવો યોગીઓ પાસેથી મોક્ષનું વર્ણન સાંભળે છે અને તે સાંભળીને મોક્ષ પ્રત્યે કંઈક પ્રીતિ થાય છે તેઓ મોક્ષ પ્રત્યે અલ્પ રાગવાળા છે. વળી કેટલાક જીવોને તે મોક્ષનું વર્ણન સાંભળીને પ્રીતિ થતી નથી, પરંતુ દ્વેષ પણ થતો નથી તેવા ભવ્ય જીવો પણ શાસ્ત્રમાં ધન્ય કહેવાયા છે અર્થાત્ આ જીવો ધર્મરૂપી ધનને પ્રાપ્ત કરવા યોગ્ય છે તેવા કહેવાયા છે, વળી તે જીવોમાં દીર્ઘ સંસાર ચલાવે તેવા મિથ્યાત્વની કંઈક મંદતા થવાને કારણે કંઈક સ્વગત સંસારની યોગ્યતાની પરિહાનિ થયેલી છે, તેથી જ મુક્તિ પ્રત્યે દ્વેષ થતો નથી તેવા જીવો ચરમપુદ્ગલપરિવર્તના વ્યવધાનાદિથી મોક્ષને પામનારા છે તેમાંથી કેટલાક જીવો ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તનના વ્યવધાનથી મોક્ષમાં જાય છે, તો વળી કેટલાક જીવો સંસારમાં ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તન પરિભ્રમણ કરતા નથી, પરંતુ ધર્મની સામગ્રીને પામીને થોડા ભવોમાં પણ સંસારનો અંત કરે છે અને તેમાંથી પણ કેટલાક જીવો તીર્થંકર થાય છે, ગણધર થાય છે કે અન્ય પ્રકારે મોક્ષને પ્રાપ્ત કરે છે.

આનાથી એ ફલિત થાય કે મોક્ષ પ્રત્યે જેઓને અદ્વેષ પ્રગટયો છે તેઓ યોગમાર્ગની પ્રથમ ભૂમિકાને પામેલા છે, વિશેષ સામગ્રી મળે તો ઉત્તર ઉત્તરની યોગની ભૂમિકાને પામીને અલ્પકાળમાં તીર્થંકર આદિ થઈને મોક્ષમાં જાય છે અને ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્તનમાં અવશ્ય મોક્ષે જાય છે, આથી મુક્તિઅદ્વેષને પૂર્વસેવાના ચાર અંગમાંથી એક અંગરૂપે સ્વીકારેલ છે. **॥૧૪૦॥**

અવતરણિકા :-

किञ्च –

અવતરણિકાર્થ :-

વળી –

ભાવાર્થ :-

શ્લોક-૧૪૦ની અવતરણિકામાં કહેલ કે મુક્તિદ્વેષથી વિપર્યય એવા મુક્તિઅદ્વેષમાં શું ગુણ થાય છે તે શ્લોક-૧૪૦માં બતાવે છે તે પ્રમાણે મુક્તિઅદ્વેષથી થતો ગુણ શ્લોક-૧૪૦માં બતાવ્યો. હવે 'किञ्च'થી મુક્તિઅદ્વેષથી થતા અન્યગુણનો સમુચ્ચય કરે છે.

શ્લોક :-

सज्ज्ञानादिश्च यो मुक्तेरुपायः समुदाहृतः ।
मलनायैव तत्रापि न चेष्टैषां प्रवर्तते ।।१४१।।

અન્વયાર્થ :-

च=વળી, सज्ज्ञानादिः यः=સદ્જ્ઞાનાદિ જે, मुक्तेरुपायः=મુક્તિનો ઉપાય, समुदाहृतः=કહેવાયો છે, तत्रापि=તે પણ હોતે છતે=મુક્તિઅદ્વેષ પણ હોતે છતે, मलनायैव=મલન માટે જ=મુક્તિના ઉપાયના વિનાશનિમિત્ત જ, एषां=આમની=મુક્તિઅદ્વેષવાળા જીવોની, चेष्टा न प्रवर्तते=ચેષ્ટા પ્રવર્તતી નથી. ।।૧૪૧।।

શ્લોકાર્થ :-

વળી સદ્જ્ઞાનાદિ જે મુક્તિનો ઉપાય કહેવાયો છે તે પણ હોતે છતે તેના મલન માટે જ આમની ચેષ્ટા પ્રવર્તતી નથી. ।।૧૪૧।।

ટીકા :-

सज्ज्ञानादिश्च=सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः पुनः, यो मुक्तेः=निर्वृतेः, उपायः=पन्थाः, समुदाहृतः=तीर्थकरैः प्रज्ञप्तः, तस्य मलनायैव=विनाशनिमित्तमेव, किंतु कदाराधनार्थमपि, तत्रापि=तस्मिन्नपि मुक्त्यद्वेषे सति, किं पुनस्तदनुराग इत्यपिशब्दार्थः न=नैव, चेष्टा मनोवाक्कायप्रवृत्तिरूपा एषां=मुक्त्यद्वेषवतां जन्तूनाम्, प्रवर्तते=समस्ति ।।१४१।।

ટીકાર્થ :-

सज्ज्ञानादिश्च ..... समस्ति ।। વળી સદ્જ્ઞાનાદિ=સદ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ જે મુક્તિનો ઉપાય=મુક્તિનો માર્ગ, તીર્થંકરો વડે કહેવાયો છે તેના મલન માટે જ=સદ્જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગના વિનાશનિમિત્ત જ, તે પણ હોતે છતે=મુક્તિનો અદ્વેષ પણ હોતે છતે, આમની=મુક્તિઅદ્વેષવાળા જીવોની, મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ ચેષ્ટા પ્રવર્તતી નથી જ અર્થાત્ મોક્ષમાર્ગના વિનાશનિમિત્ત ચેષ્ટા થતી નથી, પરંતુ મોક્ષમાર્ગની કુત્સિત આરાધના માટે પણ ચેષ્ટા થતી નથી. 'तत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે – વળી મુક્તિનો અનુરાગ હોતે છતે તો શું કહેવું ? એ 'अपि' શબ્દનો અર્થ છે. ।।૧૪૧।।

ભાવાર્થ :-

મુક્તિનો અદ્વેષ એ યોગમાર્ગની પ્રથમ ભૂમિકા છે, તેથી ભગવાને જે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ કહ્યો છે તેના વિનાશનિમિત્તે કે તે રત્નત્રયીરૂપ માર્ગની કુત્સિતઆરાધના નિમિત્તે મુક્તિઅદ્વેષવાળા જીવોની પ્રવૃત્તિ થતી નથી, તેથી જેમ મુક્તિઅદ્વેષવાળા જીવો ભવબીજના પરિત્યાગથી કલ્યાણને પામે છે તેમ મોક્ષમાર્ગની વિરાધના કરીને અનર્થની પરંપરાને પ્રાપ્ત કરતા નથી એ પ્રકારનું મુક્તિઅદ્વેષનું ફળ છે.

અહીં વિશેષ એ છે કે જે જીવો યોગમાર્ગને પામેલા છે એવા જમાલી આદિ પણ જ્યારે ભગવાનના માર્ગથી વિપરીત પ્રરૂપણા કરે છે ત્યારે મોક્ષમાર્ગના વિનાશનિમિત્ત જ તેઓની પ્રવૃત્તિ છે અને જેઓ યથાછંદ આદિ છે તેઓ પણ મોક્ષમાર્ગની કુત્સિત આરાધના માટે પ્રવૃત્તિ કરે છે તે વખતે તેઓમાં કોઈક અંશથી મુક્તિમાર્ગ પ્રત્યે અનાદરના પરિણામરૂપ મુક્તિ દ્વેષ વર્તે છે જેમ જમાલીને મોક્ષમાર્ગરૂપ ભગવાનના એક વચન પ્રત્યે દ્વેષ થયેલ તેથી તેનો અપલાપ કરીને સંસારની વૃદ્ધિ કરેલ. અને તેના કારણે યોગમાર્ગને પામીને તેઓએ જે સંસાર પરિમિત કરેલો તે મુક્તિદ્વેષના પરિણામથી વૃદ્ધિવાળો થાય છે અને તે વખતે તે ઉત્સૂત્રભાષણાદિ કરનારા સાધુઓ યોગમાર્ગથી બહાર નીકળેલા છે. **॥૧૪૧॥**

અવતરણિકા :-

अथ मुक्त्युपायस्यैवाऽमलनादृष्टान्तान्मलनायाः फलमाह –

અવતરણિકાર્થ :-

હવે મુક્તિના ઉપાયની જ અમલનાના દૃષ્ટાંતથી મલનાના=મુક્તિના ઉપાયની મલનાના, ફલને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૪૧માં કહ્યું કે મુક્તિઅદ્વેષવાળા જીવો મુક્તિના ઉપાયનું મલન કરતા નથી, તેથી હવે જેઓ મુક્તિદ્વેષવાળા છે અને તેના કારણે ઉત્સૂત્ર ભાષણ કે કુત્સિત આરાધના કરીને મુક્તિના ઉપાયોનું જે મલન કરે છે તેનું કેવું મહાઅનર્થકારી ફળ છે તે બતાવે છે.

શ્લોક :-

स्वाराधनाद्यथैतस्य फलमुक्तमनुत्तरम् ।
मलनातस्त्वनर्थोऽपि महानेव तथैव हि ।।१४२।।

અન્વયાર્થ :-

स्वाराधनात्=સુઆરાધનથી=સુંદર આરાધનથી, यथा=જે પ્રમાણે, एतस्य=આનું=મુક્તિના ઉપાયનું, अनुत्तरं फलम्=અનુત્તર ફલ=શ્રેષ્ઠ ફલ, उक्तम्=કહેવાયું છે, तु=વળી, तथैव हि=તે પ્રકારે જ=જે પ્રકારે

સુઆરાધનથી મહાન ફલ છે તે પ્રકારે જ, મલનાતઃ=મલનાથી=મોક્ષના ઉપાયના વિનાશથી, અનર્થોઽપિ= અનર્થ પણ, મહાનેવ=મહાન જ છે. ॥૧૪૨॥

શ્લોકાર્થ :-

સુઆરાધનથી જે પ્રમાણે આનું અનુત્તર ફલ કહેવાયું છે, વળી તે પ્રકારે જ મલનાથી અનર્થ પણ મહાન જ છે. ॥૧૪૨॥

ટીકા :-

સ્વારાધનાદ્=વિધિવદનુવર્તનાત્, યથા=યેન પ્રકારેણ, એતસ્ય=મુક્ત્યુપાયસ્ય, ફલં=કાર્યમ્, ઉક્તમનુત્તરં= સર્વફલાતિશાયિ, મલનાતસ્તુ=મલનાયાઃ સકાશાત્પુનઃ, મુક્ત્યુપાયસ્યૈવ અનર્થોપિ, કિં પુનરા-રાધનાતોઽનુત્તરં ફલમિત્યપિશબ્દાર્થઃ, મહાનેવ=નરકાદિપાતરૂપઃ, તથૈવ હિ=સ્વારાધનાફલ-પ્રકારેણૈવ ।।૧૪૨।।

ટીકાર્થ :-

સ્વારાધનાદ્ ..... ફલપ્રકારેણૈવ ।। જે પ્રકારે સુઆરાધનથી=વિધિપૂર્વક યોગમાર્ગના સેવનથી, આનું=મુક્તિના ઉપાયનું, અનુત્તર=સર્વ ફલ અતિશાયિ એવું, ફળ=કાર્ય, કહેવાયું છે, વળી મુક્તિના ઉપાયની જ મલનાથી અનર્થ પણ તે પ્રકારે જ=સુંદર આરાધનના ફલના પ્રકારથી જ, નરકાદિપાતરૂપ મહાન જ છે.

'અનર્થોઽપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે – આરાધનથી અનુત્તર ફલનું તો શું કહેવું ? એ પ્રકારે 'અપિ' શબ્દનો અર્થ છે. ॥૧૪૨॥

ભાવાર્થ :-

જે જીવો મુક્તિઅદ્વેષવાળા કે મનાગ્ મુક્તિરાગવાળા કે અત્યંત મુક્તિરાગવાળા છે તેઓ સ્વભૂમિકાનુસાર મુક્તિના ઉપાયરૂપ સદ્જ્ઞાનાદિની સમ્યગ્આરાધના કરે છે જે આરાધનાના બળથી તેઓ ઉત્તર-ઉત્તરની આરાધના કરીને સર્વશ્રેષ્ઠ એવા મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે.

વળી મુક્તિની આરાધના કરનારા જીવો પણ કોઈક નિમિત્તને પામીને મુક્તિના દ્વેષવાળા બને છે અથવા મુક્તિના ઉપાયની જેઓએ લેશ પણ આરાધના કરી નથી તેવા પણ જીવો કોઈક નિમિત્તને પામીને મુક્તિદ્વેષવાળા થાય છે ત્યારે મુક્તિના ઉપાયરૂપ સદ્જ્ઞાનાદિની મલના કરે છે અને જેમ મુક્તિના ઉપાયની સુંદર આરાધના કરનારા જીવો શ્રેષ્ઠ ફળ મેળવે છે તેમ મુક્તિના ઉપાયની મલના કરનારા જીવો તેના ફળરૂપે નરકાદિપાતરૂપ મહાન અનર્થને પ્રાપ્ત કરે છે, તેથી કલ્યાણના અર્થી જીવોએ મોક્ષમાર્ગની મલના ન થાય તે પ્રકારે જ યત્ન કરવો જોઈએ. **॥૧૪૨॥**

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=મોક્ષમાર્ગના મલનથી મહાન અનર્થ છે એને જ, ભાવન કરે છે=દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે -

શ્લોક :-

उत्तुङ्गारोहणात्पातो विषान्नात्तृप्तिरेव च ।
अनर्थाय यथात्यन्तं मलनापि तथेक्ष्यताम् ।।१४३।।

અન્વયાર્થ :-

उत्तुङ्गारोहणात्=પર્વતના શિખરના આરોહણથી, पातः=પાત, च=અને, विषान्नात्=વિષવાળા અન્નથી, तृप्तिरेव=તૃપ્તિ, यथा=જે પ્રમાણે, अत्यन्तं=અત્યંત, अनर्थाय=અનર્થ માટે છે, तथा=તે પ્રમાણે, मलनापि=મલના પણ, ईक्ष्यताम्=જાણવી. ।।૧૪૩।।

શ્લોકાર્થ :-

પર્વતના શિખરના આરોહણથી પાત અને વિષવાળા અન્નથી તૃપ્તિ જે પ્રમાણે અત્યંત અનર્થ માટે છે તે પ્રમાણે મલના પણ જાણવી. ।।૧૪૩।।

ટીકા :-

उत्तुङ्गारोहणात्=पर्वतशिखराद्यध्यासनात्, पातो=अधस्तात्पतनम्, विषान्नात्=विषमिश्रभोजनात्, तृप्तिरेव च=तृप्तिश्च, अनर्थाय=अकल्याणाय, यथा=येन प्रकारेण, अत्यन्तं, मलनापि मुक्त्युपायस्य, तथेक्ष्यतां=अवलोक्यतामिति ।।१४३।।

ટીકાર્થ :-

उत्तुङ्गारोह ..... अवलोक्यतामिति ।। ઉત્તુંગના આરોહણથી=પર્વતના શિખર આદિના અધિરોહણથી, પાત=નીચે પતન, અને વિષાન્નથી=વિષમિશ્ર ભોજનથી, તૃપ્તિ જે પ્રકારે અત્યંત અનર્થ માટે છે=અકલ્યાણ માટે છે, તે પ્રકારે મુક્તિના ઉપાયની મલના પણ જાણવી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૪૩।।

ભાવાર્થ :-

કોઈ પુરુષ અતિસાહસિક હોય અને પર્વતના શિખર ઉપર અધ્યારોહણ કરે અને ત્યાંથી કે શિખરની નજીકના સ્થાનથી પર્વતની નીચે પડે તો મહાન અનર્થ થાય તેમ જે જીવો મોક્ષમાર્ગને સ્વીકારીને પર્વત

ઉપર આરોહણ કરવા તુલ્ય ગુણસ્થાનકના ક્રમને ચડતાં ઉપરનાં સ્થાનોને પ્રાપ્ત કરે છે અને કોઈક નિમિત્તને પામીને યોગમાર્ગથી પાત પામે છે ત્યારે ઉત્સૂત્રભાષણ દ્વારા કે ઉત્સૂત્ર આચરણ દ્વારા ભગવાનના શાસનની મલના કરે છે અને જેમ પર્વત પરથી પાત પામનાર મહાઅનર્થને પ્રાપ્ત કરે છે તેમ ઉત્સૂત્રભાષણ આદિ દ્વારા શાસનની મલના કરનારા જીવો યોગમાર્ગથી પાત પામીને મહાઅનર્થને પ્રાપ્ત કરે છે.

વળી જેમ વિષમિશ્રિત ભોજનથી મહાન અનર્થ થાય છે તેમ કુત્સિત રીતે સેવાયેલ મોક્ષમાર્ગથી મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે, તેથી જેઓ યોગમાર્ગ પર ચડ્યા નથી કે જેઓ યોગમાર્ગ પર ચડીને પાછળથી કુત્સિત આરાધના કરે છે તે બન્ને પ્રકારના જીવો રત્નત્રયીની કુત્સિત આરાધના દ્વારા યોગમાર્ગનું મલન કરે છે જેના ફળરૂપે મહા અકલ્યાણને પ્રાપ્ત કરે છે. **॥૧૪૩॥**

અવતરણિકા :-

एतदेव समर्थयमान आह –

અવતરણિકાર્થ :-

આને જ=મુક્તિના ઉપાયના મલનથી મહા અનર્થ થાય છે એને જ, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

अत एव च शस्त्राग्निव्यालदुर्ग्रहसन्निभः ।
श्रामण्यदुर्ग्रहोऽस्वन्तः शास्त्र उक्तो महात्मभिः ।।१४४।।

અન્વયાર્થ :-

च=અને, अत एव=આથી જ=મુક્તિના ઉપાયના મલનનું અનર્થનું હેતુપણું છે આથી જ, शस्त्राग्निव्याल-दुर्ग्रहसन्निभः=શસ્ત્ર-અગ્નિ-સાપના દુર્ગ્રહ જેવો, अस्वन्तः श्रामण्यदुर्ग्रहः=અસુંદર અંતવાળો શ્રામણ્યનો દુર્ગ્રહ, महात्मभिः=મહાત્માઓ વડે, शास्त्रे=શાસ્ત્રમાં, उक्तः=કહેવાયો છે. ।।૧૪૪।।

શ્લોકાર્થ :-

અને આથી જ શસ્ત્ર-અગ્નિ-સાપના દુર્ગ્રહ જેવો અસુંદર અંતવાળો શ્રામણ્યનો દુર્ગ્રહ મહાત્માઓ વડે શાસ્ત્રમાં કહેવાયો છે. ।।૧૪૪।।

ટીકા :-

अत एव=मुक्त्युपायमलनस्यानर्थहेतुत्वादेव हेतोः, चकारः पूर्वोक्तभावनार्थः, शस्त्राग्निव्याल-दुर्ग्रहसन्निभः=शस्त्रस्य-क्षुरिकादेः, अग्नेः प्रतीतरूपस्य, व्यालस्य च दुष्टश्वापदभुजगलक्षणस्य यो दुर्ग्रहो=दुर्गृहीतत्वं, तेन सन्निभः=सदृशः, क इत्याह–श्रामण्यदुर्ग्रहः=असम्यक् तदङ्गीकारः, अस्वन्तः=

असुन्दरपरिणामः, शास्त्रे=योगस्वरूपनिरूपके ग्रन्थे, उक्तः=निरूपितः, महात्मभिः=पूर्वमुनिभिः, तथा च पठन्ति–

"जह चेव उ मोक्खफला, आणा आराहिया जिणिन्दाणं ।

संसारदुक्खफलया, तह चेव विराहिया नवरं" ।।१।। **[पंचवस्तु-११९] ।।१४४।।**

टीकार्थ :-

अत एव ..... नवरं ।। 'च'कार पूर्वोक्त भावन माटे छे=पूर्वश्लोकना कथनना समुच्चय माटे छे, आथी ज=मुक्तिना उपायना मलनना अनर्थना हेतुपणाथी ज, शस्त्र-अग्नि-सापना दुर्ग्रह जेवो= क्षुरिकादि शस्त्रनो प्रतीतरूप अग्निनो अने दुष्ट श्वापदरूप भुजगस्वरूप व्यालनो जे दुर्ग्रह तेना जेवो श्रामण्यनो दुर्ग्रह=असम्यक्रूपे संयमनो अंगीकार, असुंदर अंतवाळो=असुंदर परिणामवाळो, शास्त्रमां=योगनुं स्वरूप कहेनारा ग्रंथोमां, महात्माओ वडे=पूर्वमुनिओ वडे, कहेवायो छे, अने ते प्रमाणे=श्रामण्यनो दुर्ग्रह खराब परिणामवाळो छे ते प्रमाणे, कहे छे –

"જે પ્રમાણે જ આરાધના કરાયેલી જિનેશ્વરોની આજ્ઞા મોક્ષફળવાળી છે તે પ્રમાણે જ વિરાધના કરાયેલી કેવલ સંસારના દુઃખફળવાળી છે." **(પંચવસ્તુ-૧૧૯) ।।૧૪૪।।**

ભાવાર્થ :-

શ્લોક-૧૪૩માં દૃષ્ટાંતથી કહ્યું કે મુક્તિના ઉપાયની મલના મહા અનર્થ માટે છે, આથી જ શાસ્ત્રકારોએ સાધુપણું ગ્રહણ કરીને જેઓ જિનવચનાનુસાર સંયમ પાળવાની રુચિવાળા નથી, પરંતુ સ્વરુચિ અનુસાર સંયમ પાળવાની રુચિવાળા છે તેઓના અસમ્યક્ સંયમને ખરાબ અંતવાળું કહેલ છે અને તેમાં દૃષ્ટાંત આપતાં કહે છે – જેમ કોઈ પુરુષ શત્રુથી રક્ષણ અર્થે શસ્ત્રને ગ્રહણ કરે અને તે શસ્ત્ર અસમ્યગ્ રીતે ગ્રહણ કરે તો તે શસ્ત્રથી સ્વનો નાશ થાય છે તેમ મોહના નાશ માટે શસ્ત્ર તુલ્ય સંયમનું અસમ્યગ્ ગ્રહણ સ્વના વિનાશનું કારણ બને છે.

વળી કોઈ પુરુષ ઠંડીથી પોતાનું રક્ષણ કરવા અર્થે અસમ્યગ્ રીતે અગ્નિનું સેવન કરે તો તે અગ્નિથી તેનો વિનાશ થાય છે તેમ મોહથી આત્માનું રક્ષણ કરવા માટે અસમ્યગ્ રીતે ગ્રહણ કરાયેલા સંયમથી આત્માનો વિનાશ થાય છે.

વળી કોઈ પુરુષ સાપને અસમ્યગ્ રીતે ગ્રહણ કરે તો તે સાપ વિનાશનું કારણ બને છે તેમ અસમ્યગ્ રીતે ગ્રહણ કરાયેલ સંયમ આત્માના વિનાશનું કારણ બને છે.

અસમ્યગ્ રીતે ગ્રહણ કરાયેલું સંયમ આત્માના વિનાશનું કારણ બને છે તેમાં સાક્ષી આપતાં કહે છે -

જે પ્રમાણે આરાધના કરાયેલી ભગવાનની આજ્ઞા સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષફલવાળી છે, તે પ્રમાણે જ આજ્ઞાનો સ્વીકાર કર્યા પછી વિરાધના કરાયેલી એવી તે આજ્ઞા સંસારના દુઃખના ફલવાળી છે=દુર્ગતિના પાતના ફલવાળી છે. **॥૧૪૪॥**

અવતરણિકા :-

ननु दुर्गृहीतादपि श्रामण्यात्सुरलोकलाभो भवति, अतः कथमस्याऽस्वन्ततेत्याशंक्याह – ग्रैवेयक इत्यादि –

અવતરણિકાર્થ :-

દુર્ગૃહીત પણ શ્રમણપણાથી સુરલોકનો લાભ થાય છે, આથી આની=દુર્ગૃહીત શ્રમણપણાની, ખરાબ અન્તતા કેવી રીતે થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે – ગ્રૈવેયક ઇત્યાદિ –

❖ 'दुर्गृहीतादपि'માં 'अपि'થી એ કહેવું છે કે સુગૃહીત એવા શ્રમણપણાથી તો દેવલોકનો લાભ થાય છે, પરંતુ દુર્ગૃહીત પણ શ્રમણપણાથી દેવલોકનો લાભ થાય છે.

ભાવાર્થ :-

શ્લોક-૧૪૪માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે શ્રમણપણાનો દુર્ગ્રહ ખરાબ અંતવાળો છે, ત્યાં પ્રશ્ન થાય કે જે લોકો સંયમ ગ્રહણ કરીને પાપની પ્રવૃત્તિઓ કરે છે તેઓ તો સાધુપણું ગ્રહણ કરીને સીધા નરકાદિમાં જાય છે, પરંતુ જેઓ સાધુપણાની તપ-સંયમની ક્રિયાઓ જિનવચનાનુસાર કરે છે, છતાં ભગવાનના વચનથી વિપરીત રુચિવાળા મિથ્યાત્વથી વાસિત મતિવાળા એવા તેઓનું સાધુપણું મિથ્યાત્વના ત્યાગવાળું નહિ હોવાથી કુત્સિત છે અને તેવા સાધુપણાથી તેઓ દેવલોકને પ્રાપ્ત કરે છે, તેથી તેવા સંયમના ગ્રહણને ખરાબ અંતવાળું છે તેમ કેમ કહી શકાય ? એ પ્રકારની આશંકા કરીને 'ગ્રૈવેયક' ઇત્યાદિ શ્લોક દ્વારા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

ग्रैवेयकाप्तिरप्येवं नातः श्लाघ्या सुनीतितः ।
यथाऽन्यायार्जिता सम्पद् विपाकविरसत्वतः ।।१४५।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=દુર્ગૃહીત શ્રમણપણું ખરાબ અંતવાળું છે તેમ પૂર્વમાં કહ્યું એ રીતે, अतः=આનાથી=દુર્ગૃહીત એવા શ્રમણપણાથી, ग्रैवेयकाप्तिरपि=ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ, सुनीतितः=સુનીતિથી=પરિણામને વિચારનારી દૃષ્ટિથી, न श्लाघ्या=શ્લાઘ્ય નથી, यथा=જે પ્રમાણે, विपाकविरसत्वतः=ફળથી વિરસપણું હોવાને કારણે, अन्यायार्जिता सम्पद्=અન્યાય અર્જિત સંપત્તિ શ્લાઘ્ય નથી. ।।૧૪૫।।

શ્લોકાર્થ :-

આ રીતે આનાથી ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ સુનીતિથી શ્લાઘ્ય નથી, જે પ્રમાણે ફળથી વિરસપણું હોવાને કારણે અન્યાય અર્જિત સંપત્તિ શ્લાઘ્ય નથી. ।।૧૪૫।।

ટીકા :-

ગ્રૈવેયકાપ્તિરપિ=શુદ્ધસમાચારવત્સુ સાધુષુ ચક્રવર્ત્યાદિભિઃ પરપુરુષૈઃ પૂજ્યમાનેષુ દૃષ્ટેષુ સમ્પન્નતત્પૂજાસ્પૃહાણાં તથાવિધાન્યકારણવતાં ચ કેષાઞ્ચિદ્ વ્યાપન્નદર્શનાનામપિ પ્રાણિનાં યા નવમગ્રૈવેયકપ્રાપ્તિઃ, કિં પુનઃ શેષસુરસ્થાનાપ્તિરિત્યપિશબ્દાર્થઃ એવં=અસ્વન્તત્વેન, ન=નૈવ, અતો= દુર્ગૃહીતશ્રામણ્યાત્, શ્લાઘ્યા=પ્રશસંનીયા, સુનીતિતઃ=પરિણામવિમર્શકવિચારાત્, અત્ર દૃષ્ટાન્તમાહ - યથાઽન્યાયાર્જિતા=ચૌર્યદ્યૂતરમણસ્વામિદ્રોહાદિનાઽન્યાયેન લબ્ધા, સમ્પત્=વિભૂતિઃ, ન શ્લાઘ્યા, કુત ઇત્યાહ – વિપાકવિરસત્વતઃ=પરિણતિવિરસભાવાત્, તે હિ ગ્રૈવેયકેભ્યશ્ચ્યુતા નિર્વાણબીજસ્યૈકાન્તેનાઽ- સત્ત્વેનેહોદીર્ણદુર્નિવારમિથ્યાત્વાદિમોહા અત એવ સર્વેષ્વપ્યકાર્યેષ્વસ્ખલિતપ્રવૃત્તયો નરકાદિપાતહેતુમુપાર્જ્ય પાપપ્રાગ્ભારં, પશ્ચાદધસ્તાન્નરકભાજો ભવન્તીતિ ।।૧૪૫।।

ટીકાર્થ :-

ગ્રૈવેયકાપ્તિરપિ ..... ભવન્તીતિ ।। એવમ્=ખરાબ અંતપણું હોવાને કારણે આ રીતે, આનાથી= દુર્ગૃહીતસાધુપણાથી, ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ=શ્રેષ્ઠ પુરુષ એવા ચક્રવર્તી આદિ દ્વારા શુદ્ધ સમાચારવાળા સાધુ પૂજ્યમાન જોવાયે છતે પ્રાપ્ત થયેલ તે પૂજાની સ્પૃહાવાળા અથવા તેવા પ્રકારના અન્ય કારણવાળા કેટલાક ભ્રષ્ટ થયેલા દર્શનવાળા પણ જીવોને જે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ છે તે પણ, સુનીતિથી=પરિણામ વિમર્શક વિચારથી, શ્લાઘ્ય નથી જ=પ્રશંસનીય નથી જ.

'ગ્રૈવેયકાપ્તિરપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

શેષ દેવસ્થાનોની પ્રાપ્તિનું શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે.

અહીં=દુર્ગૃહીત શ્રમણપણાથી ગ્રૈવેયકની પ્રાપ્તિ ખરાબ અંતવાળી છે એમાં, દૃષ્ટાંતને કહે છે –

જે પ્રમાણે અન્યાયથી મેળવેલી=ચોરી કરવી, જુગાર રમવું, સ્વામિદ્રોહ કરવો આદિ અન્યાયથી પ્રાપ્ત થયેલી, સંપત્તિ શ્લાઘ્ય નથી.

કેમ શ્લાઘ્ય નથી ? એથી કહે છે –

વિપાકથી વિરસપણું હોવાને કારણે=પરિણામથી ખરાબ ફલ હોવાને કારણે, શ્લાઘ્ય નથી, એમ અન્વય છે.

દુર્ગૃહીત શ્રમણપણાથી દેવલોકની પ્રાપ્તિ કઈ રીતે અનર્થકારી બને છે ? તે સ્પષ્ટ કરે છે –

તેઓ=ખરાબ રીતે સંયમ પાળીને ગ્રૈવેયકમાં જનારા સાધુઓ, ગ્રૈવેયકથી ચ્યુત થયેલા એકાંતથી નિર્વાણબીજનું અસત્ત્વ હોવાને કારણે અહીં=ગ્રૈવેયકની પ્રાપ્તિ પછીના મનુષ્યભવમાં, ઉદય પામેલા નિવારણ ન કરી શકાય તેવા મિથ્યાત્વાદિ મોહવાળા, આથી જ=મિથ્યાત્વાદિ મોહના ઉદયથી જ, સર્વ પણ અકાર્યોમાં અસ્ખલિત પ્રવૃત્તિવાળા નરકાદિ પાતના હેતુ એવા પાપના પ્રાગ્ભારને ઉપાર્જન

કરીને=નરકાદિપાતના કારણીભૂત એવા પાપના સમૂહને એકઠો કરીને, પાછળથી=તે મનુષ્યભવની પ્રાપ્તિ પછી, નીચે નરકને પામનારા થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૪૫॥

ભાવાર્થ :-

કેટલાક જીવો ભોગના ઉત્કટ રાગવાળા હોય છે, તેથી ભોગના અભાવરૂપ મોક્ષ પ્રત્યે રાગના પરિણામવાળા નથી, કેટલાક જમાલી આદિની જેમ મોક્ષની ઇચ્છાવાળા હોવા છતાં મોક્ષમાર્ગરૂપ ભગવાનના કોઈ વચનમાં દ્વેષ કરે છે આમ છતાં ચક્રવર્તી આદિ દ્વારા પૂજાતા શુદ્ધ આચાર પાળનારા સાધુઓને જોઈને તેમની જેમ પોતાની પણ પૂજા થાય તેવી સ્પૃહાવાળા બને છે અથવા દેવલોકમાં જવાની ઇચ્છાવાળા બને છે. અથવા સ્વરુચિ અનુસાર સાધુપણું પાળીને ભગવાનના સાધુપણાને મલિન કરે છે પરંતુ શુદ્ધ સંયમ પ્રત્યેનો પક્ષપાત પણ નથી. આવા જીવો સાધુપણું ગ્રહણ કરીને સ્થૂલથી સંયમનું સારું પાલન કરે, તોપણ સંસારથી પર એવા મોક્ષની રુચિ નહિ હોવાથી અથવા અસદ્ગ્રહ તીવ્ર હોવાથી મિથ્યાત્વની બુદ્ધિવાળા છે.

વળી કેટલાક જીવો ભાવથી ચારિત્રને પામ્યા પછી પણ વિપરીત પ્રરૂપણા આદિ કરીને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા છે. તેવા જીવો સંયમની બાહ્ય શુદ્ધ આચરણાના બળથી નવમા ગ્રૈવેયક સુધી જાય છે, તોપણ તેઓનું સંયમ શ્લાઘ્ય નથી.

કેમ શ્લાઘ્ય નથી ? એમાં યુક્તિ આપે છે –

પરિણામની દૃષ્ટિથી વિચારવામાં આવે તો તેઓનું સંયમ શ્લાઘ્ય નથી, પરંતુ નિંદ્ય જ છે.

તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈ ગૃહસ્થ ચોરી કરીને, જુગાર રમીને કે અન્ય રીતે અન્યાયપૂર્વક ધન મેળવે તો, તેની સંપત્તિ શ્લાઘ્ય નથી; કેમ કે તેના ફળરૂપે તેને આ ભવમાં અનર્થોની પ્રાપ્તિ થાય છે, કદાચ આ ભવમાં અનર્થો પ્રાપ્ત ન થાય, તોપણ પરભવમાં તે પાપપ્રવૃત્તિના ફળરૂપે અવશ્ય અનર્થો પ્રાપ્ત થાય છે, માટે તેવી સંપત્તિ નિંદ્ય છે તેમ ખરાબ રીતે પાળેલા સંયમથી પ્રાપ્ત થયેલી ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ નિંદ્ય છે.

આ સર્વ કથનનો ફલિતાર્થ સ્પષ્ટ કરે છે –

જે જીવો સંયમકાળમાં મિથ્યાત્વથી વાસિત મતિવાળા છે અને સંયમની પ્રવૃત્તિ દ્વારા પણ મિથ્યાત્વના સંસ્કારોને દૃઢ કરે છે તેવા જીવો બાહ્યશુદ્ધ સંયમના પાલન દ્વારા ગ્રૈવેયકને પ્રાપ્ત કરે, તોપણ તેઓએ સંયમપાલનકાળમાં મોક્ષને અનુકૂળ એવાં ધર્મબીજો લેશ પણ આધાન કર્યાં નથી, પરંતુ અતત્ત્વની રુચિના સંસ્કારો જ સ્થિર કર્યા છે, તેથી ગ્રૈવેયકથી ચ્યવીને મનુષ્યભવમાં આવે છે ત્યારે તે મિથ્યાત્વના દૃઢ સંસ્કારો જાગ્રત થાય છે. તે વખતે બંધાયેલું મિથ્યાત્વમોહનીય કર્મ ઉદયમાં આવે છે અને તત્સહવર્તી અનંતાનુબંધી કષાયો ઉદયમાં આવે છે. તે કર્મો અતિશય દૃઢ હોવાથી નિવર્તન પામે તેવા નથી, આથી તેવા જીવો મનુષ્યભવને પામીને, સર્વ અકાર્યોમાં સતત પ્રવૃત્તિ કરીને નરકાદિ પાતના કારણીભૂત એવા પાપના

સમૂહને એકઠો કરે છે, જેના ફળરૂપે નરકની પ્રાપ્તિ કરે છે. તેથી ગ્રૈવેયકની પ્રાપ્તિના પૂર્વભવમાં પાળેલા સંયમ-સહવર્તી પુષ્ટ થયેલા મિથ્યાત્વના સંસ્કારથી નરકની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, માટે તેઓનું સાધુપણું શ્લાઘ્ય નથી.

અહીં વિશેષ એ છે કે જે જીવો ભવથી વિરકત થયેલા છે આમ છતાં સૂક્ષ્મબોધના અભાવને કારણે સમ્યક્ત્વને પામેલા નથી તેવા અપુનર્બંધક.જીવો સંયમ ગ્રહણ કરીને યોગમાર્ગની ક્રિયા પ્રત્યે રુચિવાળા છે, તેથી મિથ્યાત્વવાળી અવસ્થામાં પણ સંયમના પાલન દ્વારા ધર્મનાં બીજોનું આધાન કરે છે, તેથી તેવા જીવોનું સંયમનું પાલન સમ્યક્ત્વ આદિ ગુણસ્થાનકોની પ્રાપ્તિનું કારણ છે, માટે નિંદ્ય નથી, પરંતુ ભગવાનના વચનથી વિપરીત તત્ત્વમાં જમાલી આદિની જેમ જેઓની અનિવર્તનીય રુચિ છે તેવા જીવો સંયમના બાહ્ય શુદ્ધ આચારોના બળથી નવમા ગ્રૈવેયક સુધી જાય, તોપણ સંયમકાળમાં વિપરીત રુચિ દૃઢ હોવાથી નિર્વાણના બીજનું તેઓમાં સર્વથા અસત્ત્વ છે, માટે તેઓનું સંયમ નિંદ્ય છે.

વળી જેમ કોઈક પુન્યશાળી ગૃહસ્થ ભૂતકાળમાં ધર્મ કરીને આવેલો હોય, તેથી આ ભવમાં પણ ઉચિત વિધિથી ધન કમાઈને સદ્‌બુદ્ધિવાળો થાય છે અને પોતાની શક્તિ અનુસાર ઉત્તમપાત્રોની ભક્તિમાં અને અનુકંપામાં ધનનો વ્યય કરીને પોતાનું જીવન સફળ કરે છે તેવા જીવોની ધનસંપત્તિની શિષ્ટ પુરુષો શ્લાઘા કરે છે અને કહે છે કે 'આ મહાત્માએ ભૂતકાળમાં સારો ધર્મ કર્યો છે જેથી વર્તમાનમાં સુંદર સમૃદ્ધિને પામેલ છે અને પ્રાપ્ત થયેલી સમૃદ્ધિનો સદ્‌વ્યય કરીને પોતાનો મનુષ્યભવ સફળ કરે છે તેમ શુદ્ધ સમાચારવાળા સાધુઓને જોઈને શિષ્ટ પુરુષો તેમના મનુષ્યભવની પ્રશંસા કરે છે, તેથી જેમ વિવેકી ગૃહસ્થની સંપત્તિ શ્લાઘ્ય છે તેમ શુદ્ધ સમાચારવાળાનું સંયમ શ્લાઘ્ય છે.

વળી જેમ અકાર્યો કરનારની સંપત્તિ જોઈને શિષ્ટ પુરુષો શ્લાઘા કરતા નથી તેમ મિથ્યાત્વથી છન્ન બુદ્ધિવાળા જીવોની સંયમની સુંદર આચરણાની પણ શિષ્ટ પુરુષો શ્લાઘા કરતા નથી. **॥૧૪૫॥**

અવતરણિકા :-

अथ व्यापन्नदर्शनानामप्यखण्डद्रव्यश्रामण्यपरिपालनातो या नवमग्रैवेयकप्राप्तिः, तत्रापि मुक्त्यद्वेष एव कारणमित्यभिधातुकामः प्राह –

અવતરણિકાર્થ :-

હવે ભ્રષ્ટ થયેલા સમ્યગ્દર્શનવાળાઓના પણ અખંડ દ્રવ્યચારિત્રના પરિપાલનથી જે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ છે ત્યાં પણ મુક્તિઅદ્વેષ જ કારણ છે એ પ્રમાણે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'व्यापन्नदर्शनानामपि' – અહીં 'अपि'થી એ કહેવું છે કે સમ્યગ્દર્શનવાળા જીવોના અખંડ દ્રવ્યચારિત્રના પરિપાલનથી જે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ છે ત્યાં તો મુક્તિઅદ્વેષ કારણ છે, પરંતુ વ્યાપન્નદર્શનવાળાના પણ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિમાં મુક્તિઅદ્વેષ કારણ છે.

ભાવાર્થ :-

જે જીવો અત્યંત વિપર્યાસ બુદ્ધિવાળા છે તેઓને જિનવચનથી વિરુદ્ધ સ્થાનોમાં અનિવર્તનીય રુચિ વર્તે છે, તેથી તેઓનું સંયમ શ્લાઘ્ય નથી, આમ છતાં તેઓ અખંડ દ્રવ્ય ચારિત્ર પરિપાલન કરે તો તેઓને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે અને તે વખતે અખંડ દ્રવ્ય ચારિત્ર પાલન અર્થે તેઓ બાહ્ય કોઈ વિષયમાં રાગ કે દ્વેષ ઉપયોગરૂપે ન થાય તે પ્રકારે ક્રિયાઓ કરે છે, અને ક્રિયાકાળમાં ઉપયુક્ત થઈને તે તે ક્રિયાથી અપેક્ષાવાળી લેશ્યાપણ કરે છે ફક્ત જિનવચનથી અન્યત્ર કોઈ સ્થાનમાં અત્યંત આગ્રહવાળા તેઓ છે તેથી ગાઢ મિથ્યાત્વથી આક્રાંત ચિત્તવાળા છે. છતાં મુક્તિ પ્રત્યે પણ પોતાને જો દ્વેષ થશે તો સંયમનું શ્રેષ્ઠ ફળ મળશે નહિ તેવી સ્થિરબુદ્ધિ તેઓમાં વર્તે છે, આથી ભોગ પ્રત્યેનો બલવાન રાગ હોવાને કારણે ભોગ રહિત મુક્તિ પ્રત્યે તેઓને દ્વેષ થાય તેમ હોય તોપણ દ્વેષ કરતા નથી, તેથી તેઓનું દ્રવ્ય ચારિત્ર મુક્તિઅદ્વેષના સહકારથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિનું કારણ બને છે, એ પ્રમાણે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

अनेनापि प्रकारेण द्वेषाभावोऽत्र तत्त्वतः ।
हितस्तु यत्तदेतेऽपि तथाकल्याणभागिनः ।।१४६।।

અન્વયાર્થ :-

यद्=જે કારણથી, अनेनापि प्रकारेण=આ પણ પ્રકારથી=લબ્ધિપૂજાદિ અર્થપણારૂપથી, अत्र=અહીં=દ્રવ્ય ચારિત્રના પાલનમાં, तत्त्वतः=તત્ત્વથી, तु=વળી, द्वेषाभावः हितः=દ્વેષનો અભાવ હિત છે, तत्=તે કારણથી, एतेऽपि=આ લોકો પણ=દ્રવ્ય ચારિત્ર પાળનારા પણ, तथाकल्याणभागिनः=તે પ્રકારના કલ્યાણના ભાગી થાય છે=ગ્રૈવેયકાદિની પ્રાપ્તિરૂપ શ્રેયસ્થાનના ભાજન થાય છે. ।।૧૪૬।।

શ્લોકાર્થ :-

જે કારણથી આ પણ પ્રકારથી અહીં તત્ત્વથી વળી દ્વેષનો અભાવ હિત છે, તે કારણથી આ લોકો પણ તે પ્રકારના કલ્યાણના ભાગી થાય છે. ।।૧૪૬।।

ટીકા :-

अनेनापि प्रकारेण=लब्धिपूजाद्यर्थत्वरूपेण, किं पुनरितरथेत्यपिशब्दार्थः, द्वेषाभावो=मुक्त्यमत्सरः, अत्र=द्रव्यश्रामण्ये, तत्त्वत=ऐदम्पर्यात्, हितस्तु=हितः पुनर्न तु द्रव्यक्रियैव, यद्=यस्मात्कारणात्, तत्=तस्मात्, एतेऽपि=द्रव्यश्रामण्यभाजः किं पुनस्तदन्य इत्यपिशब्दार्थः तथाकल्याणभागिनः= ग्रैवेयकाद्युत्पत्तिरूपश्रेयःस्थानभाजनमिति ।।१४६।।

ટીકાર્થ :-

અનેનાપિ ..... સ્થાનભાજનમિતિ ।। યદ્=યસ્માત્ કારણાત્=જે કારણથી, આ પણ પ્રકારે=લબ્ધિપૂજાદિ અર્થપણારૂપે, અહીં=દ્રવ્યશ્રામણ્યમાં, તત્ત્વથી=ઐદંપર્યથી, તુ=વળી, દ્વેષનો અભાવ=મુક્તિનો અમત્સરભાવ, હિત છે, પરંતુ દ્રવ્યક્રિયા જ નહિ, તે કારણથી આ લોકો પણ=દ્રવ્યશ્રામણ્યને પાળનારા પણ, તે પ્રકારના કલ્યાણના ભાગી થાય છે=ગ્રૈવેયકાદિમાં ઉત્પત્તિરૂપ શ્રેયસ્થાનના ભાજન થાય છે.

'અનેનાપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

લબ્ધિપૂજાદિ અર્થપણારૂપે તો દ્રવ્યશ્રામણ્યમાં દ્વેષાભાવ હિત છે, પરંતુ ઇતરથા પણ=કલ્યાણના આશયથી સેવન કરાયેલા દ્રવ્યશ્રામણ્યમાં પણ, દ્વેષાભાવ કારણ છે તેનું શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે.

'એતેઽપિ'માં રહેલા 'અપિ' શબ્દનો અર્થ કરે છે –

દ્રવ્ય ચારિત્ર પાળનારા પણ વળી તેનાથી અન્યનું શું કહેવું ? એ 'અપિ' શબ્દનો અર્થ છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૪૬॥

❖ 'लब्धिपूजाद्यर्थत्वरूपेण'માં 'આદિ' પદથી પરલોકના ભૌતિક ફળોનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શ્લોક-૧૪૦-૧૪૧માં કહ્યું એ પ્રમાણે યોગની પ્રથમ ભૂમિકા સ્વરૂપ મુક્તિઅદ્વેષ જેઓને છે તેઓ મુક્તિઅદ્વેષના બળથી જ ભવબીજનો નાશ કરીને કલ્યાણના ભાગી થાય છે અને મુક્તિના ઉપાયભૂત રત્નત્રયીના મલન માટે ચેષ્ટા કરતા નથી; કેમ કે તેઓમાં મિથ્યાત્વની મંદતા વર્તે છે.

વળી જેઓમાં મિથ્યાત્વની ઉત્કટતા છે તેઓ મુક્તિના ઉપાયભૂત રત્નત્રયીના મલનને કરનારા છે અને તેવા જીવો સંયમ ગ્રહણ કરીને દ્રવ્યચારિત્રના બળથી નવમા ગ્રૈવેયકમાં જાય છે તોપણ ગાઢ મિથ્યાત્વના કારણે દુરંત સંસારમાં ભટકે છે. વળી આવા ગાઢ મિથ્યાત્વવાળા જીવો પણ અખંડ દ્રવ્યચારિત્ર પાલન કરીને નવમા ગ્રૈવેયકમાં જાય છે તે પ્રકારના કલ્યાણની પ્રાપ્તિ પ્રત્યે માત્ર દ્રવ્યક્રિયા હેતુ નથી, પરંતુ મુક્તિઅદ્વેષ હેતુ છે; કેમ કે તેઓને ભવનો ઉત્કટ રાગ હોવાને કારણે ભોગથી રહિત મુક્તિ પ્રત્યે દ્વેષ થાય તેમ છે તોપણ 'સંયમપાલનથી પોતાને પ્રાપ્ત થતા ફળનો વ્યાઘાત થશે' એ પ્રકારની બુદ્ધિથી મુક્તિ પ્રત્યે દ્વેષ કરતા નથી, તેથી જ મુક્તિઅદ્વેષના સહકારથી યુક્ત શુદ્ધ દ્રવ્યચારિત્રપાલનના બળથી તેઓ ગ્રૈવેયકના સુખના ભાજન થાય છે.

અહીં વિશેષ એ છે કે અજ્ઞાનને કારણે વિપરિત રુચિ હોવા છતાં સામગ્રીથી નિર્વતન પામે તેવા મંદ મિથ્યાદૃષ્ટિ જીવો મુક્તિઅદ્વેષવાળા હોય છે ત્યારે યોગની આઠ દૃષ્ટિઓમાંથી પ્રથમ દૃષ્ટિમાં હોય છે, તેથી તેઓનો મુક્તિનો અદ્વેષ ભવબીજના ત્યાગપૂર્વક કલ્યાણનું કારણ બને છે.

વળી જેઓમાં અનિર્વતનીય અસદ્ગ્રહરૂપ ઉત્કટ મિથ્યાત્વ વર્તે છે તેઓમાં રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગથી અત્યંત વિપરીત રુચિ છે, તેથી તેઓ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના મલનને કરનારા છે, તેથી તેઓ સાધુપણું ગ્રહણ કરે છે અને અખંડ દ્રવ્યસાધુપણું પાળે છે અર્થાત્ સંયમની સર્વ ક્રિયાઓમાં જે જે પ્રકારની લેશ્યાની અપેક્ષા છે તે તે પ્રકારની લેશ્યાથી યુક્ત અનુષ્ઠાન કરે છે તોપણ મોક્ષમાર્ગથી વિપરીત રુચિ ઉત્કટ હોવાને કારણે તેઓ મોક્ષમાર્ગને મલન કરનારા છે, તેથી જ તેવા જીવો નિર્વાણનું કારણ એવા યોગબીજનું એકાંતથી આધાન કરતા નથી, માટે તેઓનું ચારિત્રનું પાલન મિથ્યાત્વથી અત્યંત સંવલિત હોવાને કારણે ગ્રૈવેયકની પ્રાપ્તિમાં પણ મુઢતા ઉત્પન્ન કરીને પરંપરાએ નરકપાતનો હેતુ છે, આમ છતાં સ્વને ઇષ્ટ એવા ઉત્કટ ભૌતિક સુખ અર્થે મુક્તિઅદ્વેષપૂર્વક સંસારના પદાર્થોમાં કષાયોના અપ્રવર્તનરૂપ શુક્લલેશ્યાના બળથી તેઓ નવમા ગ્રૈવેયકમાં જાય છે, તોપણ તેઓનો મુક્તિઅદ્વેષ શ્લોક-૧૪૦-૧૪૧માં કહ્યું એવા કલ્યાણનું કારણ થતો નથી.

આ વિષયમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી કૃત દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથ અંતર્ગત મુક્તિઅદ્વેષબત્રીશી જોવી, તેને સામે રાખીને આ સંકલના કરેલ છે. **॥૧૪૬॥**

અવતરણિકા :-

अथ प्रस्तुतमेवाधिकृत्याह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતને જ આશ્રયીને=પૂર્વસેવાના અંગભૂત મુક્તિઅદ્વેષરૂપ પ્રસ્તુતને જ આશ્રયીને, કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૩૬થી પૂર્વસેવાના અંગભૂત મુક્તિઅદ્વેષને કહેવાનો પ્રારંભ કર્યો, ત્યાં પ્રથમ મુક્તિદ્વેષ કઈ રીતે થાય છે ? તે બતાવ્યું. ત્યારપછી મુક્તિઅદ્વેષવાળા જીવો પૂર્વસેવાને આચરનારા છે અને તે મુક્તિઅદ્વેષથી તેઓ કેવા કલ્યાણને પામે છે ? એ શ્લોક-૧૪૦-૧૪૧માં બતાવ્યું. શ્લોક-૧૪૧માં કહ્યું કે મુક્તિઅદ્વેષવાળા જીવો મુક્તિના ઉપાયરૂપ રત્નત્રયીનું મલન કરતા નથી, તેથી મુક્તિના ઉપાયનું મલન કરનારા જીવો કેવા હોય છે ? તેની સ્પષ્ટતા કરી. મુક્તિના ઉપાયનું મલન કરનારા પણ જીવો દ્રવ્યચારિત્રના બળથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ કરે છે ત્યાં પણ મુક્તિઅદ્વેષ કારણ છે તેમ શ્લોક-૧૪૬માં બતાવ્યું. હવે પૂર્વસેવાના અંગભૂત મુક્તિઅદ્વેષ જે પ્રસ્તુત છે તેને જ આશ્રયીને કહે છે –

શ્લોક :-

येषामेवं न मुक्त्यादौ द्वेषो गुर्वादिपूजनम् ।
त एव चारु कुर्वन्ति नान्ये तद्गुरुदोषतः ।।१४७।।

અન્વયાર્થ :-

એવં=આ રીતે=ચરમપુદ્ગલાવર્તવર્તિપણાથી, યેષામ્=જેઓને, મુક્ત્યાદૌ=મુક્તિ આદિમાં, દ્વેષો ન=દ્વેષ નથી, તે એવ=તેઓ જ, ચારુ ગુર્વાદિપૂજનમ્=સુંદર ગુર્વાદિપૂજન, કુર્વન્તિ=કરે છે, તદ્ગુરુદોષતઃ=તે ગુરુદોષને કારણે=મુક્તિદ્વેષરૂપ ગુરુદોષને કારણે, નાન્યે=અન્ય જીવો સુંદર ગુર્વાદિપૂજન કરતા નથી. ॥૧૪૭॥

શ્લોકાર્થ :-

આ રીતે જેઓને મુક્તિ આદિમાં દ્વેષ નથી તેઓ જ સુંદર ગુર્વાદિપૂજન કરે છે, તે ગુરુદોષને કારણે અન્ય જીવો સુંદર ગુર્વાદિપૂજન કરતા નથી. ॥૧૪૭॥

ટીકા :-

યેષાં ભવ્યવિશેષાણામ્ એવં=ચરમપુદ્ગલાવર્તવર્તિત્વેન, ન=નૈવ, મુક્ત્યાદૌ=મુક્તૌ મુક્ત્યુપાયે મુક્તિપથપ્રસ્થિતેષુ ચ જનેષુ, દ્વેષો=મત્સરઃ, ગુર્વાદિપૂજનં યોગપૂર્વસેવાસ્વભાવમ્, ત એવ=મુક્ત્યાદ્યદ્વેષિણઃ, ચારુ=વિધિસમન્વિતં કુર્વન્તિ, વ્યવચ્છેદ્યમાહ – નાન્યે=મુક્ત્યાદિદ્વેષિણઃ, કુત ઇત્યાહ – તદ્ગુરુદોષતઃ= સ મુક્ત્યાદિદ્વેષલક્ષણો ગુરુર્મહાન્ યો દોષઃ તસ્માત્ ।।૧૪૭।।

ટીકાર્થ :-

યેષાં ..... દોષસ્તસ્માત્ ।। આ રીતે=ચરમપુદ્ગલાવર્તવર્તિપણાથી, જે ભવ્યવિશેષોને મુક્તિ આદિમાં=મુક્તિમાં, મુક્તિના ઉપાયમાં અને મુક્તિપથ પર ચાલનારા યોગીઓમાં, દ્વેષ=મત્સર, નથી જ તેઓ જ=મુક્તિ આદિમાં અદ્વેષીઓ જ, યોગની પૂર્વસેવાના સ્વભાવવાળું ગુર્વાદિપૂજન સુંદર= વિધિયુક્ત, કરે છે.

વ્યવચ્છેદ્યને કહે છે=કેવા જીવો વિધિયુક્ત યોગની પૂર્વસેવારૂપ ગુર્વાદિપૂજન કરતા નથી ? તે જીવોને કહે છે –

અન્ય જીવો=મુક્તિ આદિમાં દ્વેષવાળા જીવો, સુંદર ગુર્વાદિપૂજન કરતા નથી.

કેમ કરતા નથી ? તેથી કહે છે –

તે ગુરુદોષને કારણે=તે મુક્તિ આદિ દ્વેષલક્ષણ જે મહાન દોષ તેના કારણે, તેઓ સુંદર ગુર્વાદિપૂજન કરતા નથી, એમ અન્વય છે. ॥૧૪૭॥

ભાવાર્થ :-

જે જીવોમાં ભાવમલની અલ્પતા થઈ છે તેથી મિથ્યાત્વ કંઈક મંદ થયું છે અને તેના કારણે તેઓનો સંસાર એક પુદ્ગલપરાવર્તથી અધિક નથી તેવા ભવ્યજીવોને ભોગનો ઉત્કટ રાગ નથી, તેથી ભોગના સંક્લેશ વગરની મુક્તિ છે તેવું સાંભળીને મુક્તિ પ્રત્યે દ્વેષ થતો નથી અને મુક્તિના ઉપાયો પ્રત્યે અને

મુક્તિપથમાં પ્રસ્થિત યોગીઓ પ્રત્યે દ્વેષ થતો નથી એવા જીવો પૂર્વમાં વર્ણન કરાયેલ યોગની પૂર્વસેવારૂપ ગુર્વાદિપૂજનને વિધિયુક્ત કરે છે જેના બળથી તેઓમાં આગળ કહેવાશે તેવા અધ્યાત્મ આદિરૂપ યોગમાર્ગની નિષ્પત્તિને અનુકૂળ વિશુદ્ધિ થાય છે જે વિશુદ્ધિના બળથી તેઓ યોગમાર્ગને પામશે અને જે જીવોને મુક્તિ આદિ પ્રત્યે દ્વેષ વર્તે છે તે જીવો કદાચ ગુર્વાદિનું પૂજન કરતા હોય તોપણ તેઓના ગુર્વાદિપૂજનથી યોગમાર્ગની પૂર્વભૂમિકાની શુદ્ધિ થતી નથી; કેમ કે મુક્તિ આદિના દ્વેષરૂપ મહાન દોષથી યુક્ત હોય તેવી ગુર્વાદિપૂજનની ક્રિયાથી આત્મામાં શુદ્ધિ થતી નથી, તેથી તેવા જીવો પૂર્વસેવાનાં પ્રથમનાં ત્રણ અંગો સેવતા હોય તોપણ તે ત્રણ અંગોના સેવનથી તેઓમાં યોગમાર્ગની પૂર્વભૂમિકારૂપ શુદ્ધિ થતી નથી. માટે તેઓનું તે ગુર્વાદિપૂજન યોગમાર્ગની દૃષ્ટિથી નિષ્ફળ છે. **॥૧૪૭॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=શ્લોક-૧૪૭માં કહ્યું કે મુક્તિ આદિના દ્વેષરૂપ ગુરુદોષને કારણે અન્ય જીવોનું ગુર્વાદિપૂજન સુંદર નથી એને જ, ભાવન કરે છે=દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

सच्चेष्टितमपि स्तोकं गुरुदोषवतो न तत् ।
भौतहन्तुर्यथाऽन्यत्र पादस्पर्शनिषेधनम् ।।१४८।।

અન્વયાર્થ :-

गुरुदोषवतो स्तोकं सच्चेष्टितमपि=ગુરુદોષવાળા જીવનું થોડું સત્ચેષ્ટિત પણ, न तत्=તે નથી=સત્ચેષ્ટિત નથી, यथा=જે પ્રમાણે, अन्यत्र=अन्यत्र=સચ્ચેષ્ટિત કર્તવ્યમાં=ગુરુનો ઘાત ન કરવો એરૂપ સચ્ચેષ્ટિત કર્તવ્યમાં, भौतहन्तुः=ભૌતસાધુને હણનાર એવા ભીલનું, पादस्पर्शनिषेधनम्=પાદસ્પર્શનું નિષેધન=પોતાના ગુરુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ સચ્ચેષ્ટિત નથી. ॥૧૪૮॥

શ્લોકાર્થ :-

ગુરુદોષવાળા જીવનું થોડું સચ્ચેષ્ટિત પણ તે નથી, જે પ્રમાણે અન્યત્ર ભૌતસાધુને હણનાર એવા ભીલનું પોતાના ગુરુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ સચ્ચેષ્ટિત નથી. ॥૧૪૮॥

ટીકા :-

सच्चेष्टितमपि=सुन्दरमपि चेष्टितमनुष्ठानम्, गुरुदोषवतः=सच्चेष्टितापेक्षया बृहदपराधसमन्वितस्य, न=नैव, तत्=सच्चेष्टितं, वर्तते, दृष्टान्तमाह – भौतहन्तुः=भौतानां भस्मवृत्तीनां हन्तुर्घातकस्य,

'यथा' इति दृष्टान्तार्थः, अन्यत्र=सच्चेष्टिते कर्तव्ये, पादस्पर्शनिषेधनं=पादस्पर्शस्य चरणसङ्घट्टनरूपस्य निषेधनं, हन्तव्यान् भौतान्प्रतीत्येति, तथाहि – 'किल कस्यचिच्छबरस्य कुतोऽपि प्रस्तावात् तपोधनानां पादेन स्पर्शनं महतेऽनर्थाय सम्पद्यते इतिश्रुतधर्मशास्त्रस्य कदाचिन्मयूरपिच्छैः प्रयोजनमजायत, यदासौ निपुणमन्यत्रान्वेषमाणो न लेभे, तदा श्रुतमनेन यथा भौतसाधुसमीपे तानि सन्ति, ययाचिरे च तानि तेभ्यः, परं न किंचिल्लेभे ततोऽसौ शस्त्रव्यापारपूर्वकं तान्निगृह्य जग्राह तानि, पादेन स्पर्शं च परिहृतवान् । यथास्य पादस्पर्शपरिहारो गुणोऽपि शस्त्रव्यापारेणोपहतत्वान्न गुणः किन्तु दोषः, एवं मुक्तिद्वेषिणां गुरुदेवादिपूजनं योजनीयमिति ।।१४८।।

टीकार्थ :-

सच्चेष्टितमपि ..... योजनीयमिति ।। सच्चेष्टित पण=सुंदर पण सेवायेलुं अनुष्ठान, गुरुदोषवाळानुं=सच्चेष्टितनी अपेक्षाओ मोटा अपराधथी युक्त एवा पुरुषनुं, ते=सच्चेष्टित, वर्ततुं नथी ज.

दृष्टांतने कहे छे –

भौतसाधुने हणनारनुं=भस्मवृत्तिवाळा भौतसाधुना घातकनुं, जे प्रमाणे अन्यत्र=सच्चेष्टित कर्तव्यना विषयमां, पादस्पर्शनुं निषेधन=चरणना संघट्टनरूप पादस्पर्शनो परिहार, हन्तव्य एवा भौतसाधुओने आश्रयीने सच्चेष्टित नथी एम अन्वय छे.

'इति' शब्द श्लोकस्पर्शी टीकानी समाप्ति माटे छे.

दृष्टांत-दार्ष्टांतिकभाव 'तथाहि'थी स्पष्ट करे छे –

खरेखर कोईक भीलने कोईक प्रस्तावथी तपोधनोने पादथी स्पर्श मोटा अनर्थ माटे थाय छे ए प्रमाणे संभळायेला धर्मशास्त्रवाळाने क्यारेक मोरपींछानुं प्रयोजन थयुं, ज्यारे अन्यत्र निपुण अन्वेषण करतो आ=शबर, प्राप्त करतो नथी=मोरपींछाने प्राप्त करतो नथी त्यारे आना वडे संभळायुं, जे प्रमाणे भौतसाधु पासे ते छे=मोरपींछाओ छे, अने तेने=मोरपींछाओने, तेमनी पासेथी=भौतसाधुओ पासेथी, तेणे याचना करी, परंतु कंई प्राप्त कर्युं नहि, तेथी आ=शबर, शस्त्रव्यापारपूर्वक तेओनो निग्रह करीने=भौतसाधुने मारीने, तेने ग्रहण कर्या=मोरपींछाने ग्रहण कर्या, अने पगथी स्पर्शनो परिहार कर्यो.

जे प्रमाणे आनो=शबरनो, पगथी स्पर्शना परिहाररूप गुण पण शस्त्रव्यापारथी उपहतपणुं, होवाने कारणे गुण नथी, परंतु दोष छे ए रीते मुक्तिद्वेषी जीवोनुं गुरुदेवादिनुं पूजन योजन करवुं.

'इति' शब्द दृष्टांत-दार्ष्टांतिकभावना स्पष्टीकरणनी समाप्ति माटे छे. ।।१४८।।

ભાવાર્થ :-

જે જીવોને મોક્ષ-મોક્ષમાર્ગ-મોક્ષમાર્ગ પર પ્રસ્થિત એવા યોગીઓ એ ત્રણમાંથી કોઈના પણ પ્રત્યે દ્વેષ વર્તે છે તેવા જીવો ઉત્તમ એવા યોગમાર્ગ આદિ પ્રત્યે દ્વેષ કરીને ક્લિષ્ટ કર્મો બાંધે છે. તેવા જીવો ક્વચિત્ ગુરુ આદિનું પૂજન કરતા હોય તોપણ ક્લિષ્ટ ચિત્તવાળા તે જીવોને ગુરુ આદિ પૂજનનું કોઈ ફળ મળતું નથી; કેમ કે ગુરુ આદિના પૂજન દ્વારા યોગમાર્ગ પ્રત્યે રાગની વૃદ્ધિ થાય છે અને તેના દ્વારા જીવમાં યોગબીજો પડે છે જેથી તે જીવો કલ્યાણને પામે છે, પરંતુ યોગમાર્ગ પ્રત્યેના દ્વેષવાળા જીવો ગુરુપૂજન આદિ કાળમાં પણ મોક્ષમાર્ગને અનુકૂળ કોઈ શુભ ભાવ કરી શકતા નથી, માટે તેઓનું ગુરુ આદિ પૂજન નિષ્ફળ છે.

જેમ તપસ્વી એવા ભૌતસાધુને પગથી સ્પર્શ કર્યા વગર મારીને પીંછાં ગ્રહણ માટેના વ્યાપારકાળમાં ભીલથી કરાયેલો પગથી સ્પર્શનો પરિહાર ભીલને કોઈ ફળવાળો નથી.

અહીં વિશેષ એ છે કે કેટલાક જીવો ભવના ઉત્કટ રાગવાળા હોય છે, તેથી મુક્તિ આદિના દ્વેષવાળા બને છે. વળી કેટલાક જીવો પૂર્વમાં યોગમાર્ગને સેવીને કલ્યાણની પ્રવૃત્તિ કરનારા હોય છે, આમ છતાં કોઈક નિમિત્તને પામીને ગુણવાન એવા પુરુષના ગુણો પ્રત્યે પણ દ્વેષવાળા થાય છે ત્યારે તેઓની ધર્મની અન્ય સર્વ ક્રિયા મોક્ષમાર્ગ પ્રત્યેના દ્વેષને કારણે નિષ્ફળ બને છે જેમ કુંતલારાણીને ભગવાન પ્રત્યે ભક્તિ હતી, આમ છતાં તેની શોક્ય એવી અન્ય રાણીઓ ભગવાનની સુંદર અંગરચના કરે છે તેને જોઈને દ્વેષ થાય છે, તેથી સુંદર અંગરચનાવાળી પ્રતિમાને પણ ઉકરડામાં નાખે છે તે રીતે જેઓને કોઈક નિમિત્તે યોગમાર્ગ વિષયક કોઈપણ સ્થાનમાં દ્વેષ થાય ત્યારે તેવા જીવોનું ગુર્વાદિપૂજન નિષ્ફળ બને છે. **॥૧૪૮॥**

અવતરણિકા :-

एतदेवाह –

અવતરણિકાર્થ :-

આને જ=ગુર્વાદિ પૂજન કરતાં મુક્તિઅદ્વેષ મહાન ગુણ છે એને જ, કહે છે –

શ્લોક :-

गुर्वादिपूजनान्नेह तथा गुण उदाहृतः ।
मुक्त्यद्वेषाद्यथात्यन्तं महापायनिवृत्तितः ।।१४९।।

અન્વયાર્થ :-

गुर्वादिपूजनात्=ગુર્વાદિ પૂજનથી, इह=અહીં=પૂર્વસેવામાં, तथा=તે પ્રમાણે, गुणः=ગુણ, न उदाहृतः=કહેવાયો નથી, यथा=જે પ્રમાણે, मुक्त्यद्वेषाद्=મુક્તિઅદ્વેષથી, महापायनिवृत्तितः=મહાઅપાયની નિવૃત્તિ થવાને કારણે, अत्यन्तं=અતીવ ગુણ કહેવાયો છે. ।।૧૪૯।।

શ્લોકાર્થ :-

ગુર્વાદિ પૂજનથી અહીં તે પ્રમાણે ગુણ કહેવાયો નથી, જે પ્રમાણે મુક્તિઅદ્વેષથી મહાઅપાયની નિવૃત્તિ થવાને કારણે અતીવ ગુણ કહેવાયો છે. ।।૧૪૯।।

ટીકા :-

गुर्वादिपूजनादुक्तरूपात्सकाशात् न=नैव, इह=पूर्वसेवायाम्, तथा गुणः=पूजकोपकारः, उदाहृतो मतिमद्भिः, मुक्त्यद्वेषाद् गुर्वादिपूजाऽभावेऽपि यथात्यन्तं=अतीव गुणो, महापायनिवृत्तितो=महापायस्य संसारनामकस्याऽपारस्य पारकरणेन निवृत्तेः ।।१४९।।

ટીકાર્થ :-

गुर्वादिपूजना ..... करणेन निवृत्तेः ।। અહીં=પૂર્વસેવામાં, પૂર્વમાં વર્ણન કરાયેલા એવા સ્વરૂપવાળા ગુર્વાદિપૂજનથી તે પ્રમાણે ગુણ=પૂજા કરનારને ઉપકાર, બુદ્ધિમાન પુરુષો વડે કહેવાયો નથી, જે પ્રમાણે ગુર્વાદિ પૂજાના અભાવમાં પણ મુક્તિઅદ્વેષથી મહા અપાયની નિવૃત્તિને કારણે=અપાર એવા સંસારનામના મહા અપાયના પારકરણથી નિવૃત્તિ હોવાને કારણે, અત્યંત=અતીવ ગુણ કહેવાયો છે. ।।૧૪૯।।

❖ 'गुर्वादिपूजाऽभावेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગુર્વાદિપૂજાના સદ્ભાવમાં તો મુક્તિઅદ્વેષથી અત્યંત ગુણ છે, પરંતુ ગુર્વાદિપૂજાના અભાવમાં પણ મુક્તિઅદ્વેષથી અત્યંત ગુણ છે.

ભાવાર્થ :-

યોગમાર્ગની પૂર્વભૂમિકારૂપ પૂર્વસેવા ચાર ભેદવાળી છે તેનું અત્યાર સુધી નિરૂપણ કર્યું, તે ચારે પ્રકારની પૂર્વસેવામાં મુક્તિઅદ્વેષ અધિક ગુણનું કારણ છે તે સ્પષ્ટ કરે છે –

કોઈ પૂર્વસેવાવાળા જીવો ગુર્વાદિપૂજન કરતા હોય તેનાથી તેઓને ગુણવાન એવા ગુર્વાદિ પ્રત્યે બહુમાનભાવ થાય છે, તેથી તે ગુર્વાદિપૂજાની ક્રિયાથી તેઓને ઉપકાર થાય છે અને મુક્તિઅદ્વેષથી જે ઉપકાર થાય છે તે ઉપકાર ગુર્વાદિપૂજન કરતાં પણ અધિક છે; કેમ કે જેનો પાર કરવો દુષ્કર છે એવા સંસાર નામના મહા અપાયની નિવૃત્તિ મુક્તિઅદ્વેષથી થાય છે, આથી જ કોઈ યોગ્ય જીવો કોઈક કારણથી ગુર્વાદિપૂજન ન કરતા હોય તોપણ મુક્તિઅદ્વેષના બળથી મહાન ફળને પામે છે અને કોઈ યોગ્ય જીવો ગુર્વાદિપૂજન કરતા હોય અને કોઈક નિમિત્તે કુંતલા રાણીની જેમ મુક્તિદ્વેષ પ્રગટે તો, તેઓની પૂર્વસેવાથી પણ કોઈ ફળ મળતું નથી. તેથી ફલિત થાય છે કે ગુર્વાદિપૂજાના અભાવમાં મુક્તિઅદ્વેષથી ફળ મળે છે અને મુક્તિઅદ્વેષના અભાવમાં ગુર્વાદિપૂજન નિષ્ફળ બને છે. માટે ચારે પ્રકારની પૂર્વસેવામાં મુક્તિઅદ્વેષની જ પ્રધાનતા છે. **।।૧૪૯।।**

અવતરણિકા :-

ગ્રંથકારશ્રીએ યોગના સ્વરૂપને કહેવાની પ્રતિજ્ઞા કરેલી, તેથી પ્રથમ યોગનું માહાત્મ્ય અને યોગની પ્રાપ્તિ દુર્લભ છે તે બતાવ્યું જેથી યોગ્ય જીવો યોગની પ્રાપ્તિના અર્થી બને અને તેની પ્રાપ્તિ દુષ્કર છે તેમ જાણીને તેની પ્રાપ્તિના ઉપાયમાં ઉચિત યત્ન કરે અને યોગને પ્રાપ્ત કરે. ત્યારપછી યોગની પ્રાપ્તિ માટે પૂર્વસેવા આવશ્યક છે તેથી પૂર્વસેવાના ચાર ભેદો શ્લોક-૧૦૯માં બતાવ્યા અને તેનું અત્યાર સુધી નિરૂપણ કર્યું. હવે જેઓ યોગમાર્ગના અર્થી થયા છે અને યોગમાર્ગના ઉપાયભૂત પૂર્વસેવામાં યત્ન કરે છે તેઓ ગુર્વાદિપૂજનરૂપ અનુષ્ઠાનો સેવે છે તે અનુષ્ઠાનો કેટલા પ્રકારનાં છે ? તે બતાવીને કયાં અનુષ્ઠાનો ત્યાજ્ય છે ? અને કયાં અનુષ્ઠાનો યોગમાર્ગની પ્રાપ્તિમાં કારણ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

શ્લોક :-

भवाभिष्वङ्गभावेन तथाऽनाभोगयोगतः ।
साध्वनुष्ठानमेवाहुर्नैतान् भेदान् विपश्चितः ।।१५०।।

અન્વયાર્થ :-

भवाभिष्वङ्गभावेन=ભવના અભિષ્વંગના ભાવને કારણે, तथा=અને, अनाभोगयोगतः=અનાભોગના યોગને કારણે, एतान् भेदान्=આ ભેદોને=આગળ કહેવાશે એ ત્રણ ભેદોને, (આશ્રયીને) साध्वनुष्ठानमेव=સાધુ અનુષ્ઠાનને જ=પરિપૂર્ણ યતિઅનુષ્ઠાનને જ, विपश्चितः=બુદ્ધિમાન પુરુષ, आहुः न=સુંદર અનુષ્ઠાનરૂપે કહેતા નથી. ।।૧૫૦।।

શ્લોકાર્થ :-

ભવના અભિષ્વંગના ભાવને કારણે અને અનાભોગના યોગને કારણે આ ભેદોને (આશ્રયીને) સાધુ અનુષ્ઠાનને જ બુદ્ધિમાન પુરુષ સુંદર અનુષ્ઠાનરૂપે કહેતા નથી. ।।૧૫૦।।

ટીકા :-

भवाभिष्वङ्गभावेन=भवप्रतिबन्धसत्तया, द्वयोरनुष्ठानयोः 'तथा' इति हेत्वन्तरसमुच्चये अनाभोगयोगतः-संमूर्छनजप्रवृत्तितुल्यतयाऽऽभोगविरहादेकत्रानुष्ठाने किमित्याह – साध्वनुष्ठानमेव= परिपूर्णयत्यनुष्ठानमेव, आहुः=ब्रुवते, न=नैव, साध्वनुष्ठानतयेति गम्यते, कानित्याह–एतान्= वक्ष्यमाणान्, भेदान् अनुष्ठानविशेषांस्त्रीन्विषादीन्, विपश्चितः=विद्वांसः, एकान्तेनैव द्रव्यानुष्ठानत्वात्तेषामिति ।।१५०।।

ટીકાર્થ :-

भवाभिष्वङ्गभावेन ..... द्रव्यानुष्ठानत्वात्तेषामिति ।। ભવના રાગભાવને કારણે=ભવના પ્રતિબંધની

સત્તાને કારણે, બે અનુષ્ઠાનનું=વિષ અને ગરાનુષ્ઠાનનું, અને અનાભોગના યોગને કારણે=સંમૂર્ચ્છિમ જીવોની પ્રવૃત્તિના તુલ્યપણાથી આભોગના વિરહને કારણે, એક પ્રકારના અનુષ્ઠાનમાં સાધુ અનુષ્ઠાન જ=પરિપૂર્ણ યતિઅનુષ્ઠાન જ, સાધુ અનુષ્ઠાનપણાથી=સુંદર અનુષ્ઠાનપણાથી, કહેતા નથી જ.

કોને કહેતા નથી ? એથી કહે છે –

આ ભેદોને=આગળ કહેવાશે એ વિષાદિ ત્રણ અનુષ્ઠાનવિશેષોને બુદ્ધિમાન પુરુષો સુંદર અનુષ્ઠાનપણાથી કહેતા નથી જ એમ અન્વય છે.

કેમ સુંદર અનુષ્ઠાનપણાથી કહેતા નથી ? તેમાં હેતુ કહે છે –

તેઓનું=વિષાદિ ત્રણ અનુષ્ઠાનોનું, એકાંતથી જ=સર્વથા મોક્ષને અનુકૂળ ભાવરહિતપણાથી જ, દ્રવ્ય અનુષ્ઠાનપણું છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૫૦॥

ભાવાર્થ :-

યોગમાર્ગના અંગભૂત ગુર્વાદિપૂજનરૂપ અનુષ્ઠાન છે તે અનુષ્ઠાન જીવો વિષાદિ ત્રણરૂપે સેવે તો યોગના કારણીભૂત પૂર્વસેવારૂપ બને નહિ તે બતાવવા અર્થે કોઈ જીવો પરિપૂર્ણ સાધુઅનુષ્ઠાન સેવતા હોય, પરંતુ તે વિષાદિ ત્રણ રૂપવાળું હોય તો મોક્ષનું કારણ નથી તે બતાવતાં કહે છે –

જે જીવોને ભોગનો ઉત્કટ રાગ છે તેના કારણે આ લોકમાં લબ્ધિની પ્રાપ્તિ માટે કે પૂજા આદિ માટે પરિપૂર્ણ યતિઅનુષ્ઠાન સેવતા હોય તો તે અનુષ્ઠાન વિષાનુષ્ઠાન બને છે.

વળી જે જીવોને ભોગનો ઉત્કટ રાગ છે અને તેના કારણે પરલોકમાં ઉત્તમ ભોગાદિ સુખોની પ્રાપ્તિ અર્થે પરિપૂર્ણ યતિઅનુષ્ઠાન સેવતા હોય તો તે અનુષ્ઠાન ગરાનુષ્ઠાન બને છે.

વળી કેટલાક જીવો સંમૂર્ચ્છિમ જીવોની જેમ સંયમની ક્રિયામાં આ લોકના કે પરલોકના કોઈ લક્ષ્ય વગર અનાભોગથી જ .પરિપૂર્ણ યતિઅનુષ્ઠાન સેવે છે તે અનનુષ્ઠાન છે અને આ ત્રણે અનુષ્ઠાનોને બુદ્ધિમાન પુરુષો સુંદર અનુષ્ઠાનપણાથી કહેતા નથી જ; કેમ કે બુદ્ધિમાન પુરુષો જે અનુષ્ઠાનો દૂરદૂરવર્તી પણ સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષ પ્રત્યે કારણ બનતાં હોય એવાં અનુષ્ઠાનોને જ સુંદર કહે છે અને આ વિષાદિ ત્રણે અનુષ્ઠાનોમાં એકાંતથી જ મોક્ષને અનુકૂળ કોઈ ભાવ નથી, તેથી અસાર એવાં દ્રવ્યઅનુષ્ઠાનો છે. માટે બુદ્ધિમાનો તે અનુષ્ઠાનોને તુચ્છ અનુષ્ઠાનો કહે છે.

આનાથી એ ફલિત થાય કે યોગમાર્ગની પ્રાપ્તિના અર્થી જીવોએ પૂર્વસેવારૂપે જે ગુર્વાદિપૂજન કરતા હોય તે અનુષ્ઠાન પણ ભવાભિષ્વંગભાવથી કે અનાભોગથી કરવું જોઈએ નહિ, પરંતુ આગળ કહેવાશે તેવાં અન્ય બે અનુષ્ઠાનમાં વર્તતા ભાવોથી ગુર્વાદિપૂજનાદિ કરવાં જોઈએ જેથી તે પૂર્વસેવા દુર્લભ એવા પણ યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને. **॥૧૫૦॥**

અવતરણિકા :-

અમુમેવાર્થં ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=શ્લોક-૧૫૦માં કહ્યું કે ભવ-અભિષ્વંગભાવથી અને અનાભોગથી અનુષ્ઠાન સુંદર બનતું નથી તેથી ભવ-અભિષ્વંગભાવ અને અનાભોગરૂપ આ જ અર્થને, ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

इहामुत्रफलापेक्षा, भवाभिष्वङ्ग उच्यते ।
तथाऽनध्यवसायस्तु स्यादनाभोग इत्यपि ।।१५१।।

અન્વયાર્થ :-

इहामुत्रफलापेक्षा=આ ભવવિષયક પરભવવિષયક ફલની અપેક્ષા, भवाभिष्वङ्गः=ભવ-અભિષ્વંગ, उच्यते=કહેવાય છે, तथा=અને, तु=વળી, अनध्यवसायः=સેવાતા અનુષ્ઠાનને ઉચિત અધ્યવસાયનો અભાવ, इत्यपि=એ જ, अनाभोगः=અનાભોગ, स्याद्=થાય. ।।૧૫૧।।

શ્લોકાર્થ :-

આ ભવ વિષયક પરભવ વિષયક ફલની અપેક્ષા ભવઅભિષ્વંગ કહેવાય છે અને વળી સેવાતા અનુષ્ઠાનને ઉચિત અધ્યવસાયનો અભાવ એ જ અનાભોગ થાય. ।।૧૫૧।।

ટીકા :-

इह=मनुष्यभवे, अमुत्र=स्वर्गादौ, फलापेक्षा=इह कीर्त्यादेरमुत्र च सुरविभूत्यादेः फलापेक्षा स्पृहारूपा, किमित्याह – भवाभिष्वङ्ग उक्तरूपः उच्यते=निगद्यत इति, 'तथा' इति समुच्चये, अनध्यवसायस्तु= विधीयमानानुष्ठानोचिताध्यवसायाभावः पुनः, स्याद्=भवेत्, अनाभोगो यः प्रागुक्तः इत्यपि=एष एवेति ।।१५१।।

ટીકાર્થ :-

इह=मनुष्यभवे ..... एष एवेति ।। અહીં=મનુષ્યભવ વિષયક, પરલોક એવા સ્વર્ગાદિ વિષયક ફલની અપેક્ષા અર્થાત્ આ લોકમાં કીર્તિ આદિ રૂપ અને પરલોકમાં દેવની વિભૂતિ આદિ રૂપ ફલની સ્પૃહારૂપ અપેક્ષા ઉક્તરૂપવાળો ભવાભિષ્વંગ કહેવાય છે.

'इति' શબ્દ ભવાભિષ્વંગના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

અને વળી અનધ્યવસાય=સેવાતા અનુષ્ઠાનને ઉચિત અધ્યવસાયનો અભાવ, એ જ પૂર્વમાં કહેવાયેલો જે અનાભોગ તે થાય.

'इति' શબ્દ અનધ્યવસાયના સ્વરૂપની સમાપ્તિ માટે છે. ॥૧૫૧॥

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં કહ્યું કે ભવાભિષ્વંગભાવથી અને અનાભોગથી યતિઅનુષ્ઠાન સુંદર બનતું નથી, તેથી ભવાભિષ્વંગનું સ્વરૂપ અને અનાભોગનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

આ લોકમાં કીર્તિ આદિની અપેક્ષા અને પરલોકમાં દેવભવના વૈભવની અપેક્ષા અનુષ્ઠાનવિષયક ભવાભિષ્વંગ કહેવાય છે અને પોતે જે અનુષ્ઠાન સેવે છે તેના પ્રયોજનવિષયક આ લોકની પણ અપેક્ષા નથી, પરલોકની પણ અપેક્ષા નથી, પરંતુ સેવાતા અનુષ્ઠાન વિષયક ઉચિત અધ્યવસાયનો અભાવ હોય તે અનધ્યવસાય કહેવાય છે અને આ અનધ્યવસાય જ અનુષ્ઠાન વિષયક અનાભોગ છે. **॥૧૫૧॥**

અવતરણિકા :-

ततः किमित्याह –

અવતરણિકાર્થ :-

તેનાથી=શ્લોક-૧૫૧માં ભવાભિષ્વંગ અને અનાભોગનું સ્વરૂપ બતાવ્યું, ભવાભિષ્વંગ અને અનાભોગથી, શું ?=શું પ્રાપ્ત થાય છે ? એને કહે છે –

શ્લોક :-

एतद्युक्तमनुष्ठानमन्यावर्तेषु तद्ध्रुवम् ।
चरमे त्वन्यथा ज्ञेयं, सहजाल्पमलत्वतः ।।१५२।।

અન્વયાર્થ :-

एतद्युक्तम्=આનાથી યુક્ત=ભવાભિષ્વંગ અને અનાભોગથી યુક્ત, तद् अनुष्ठानम्=તે અનુષ્ઠાન=પૂર્વસેવારૂપે કહેવાયેલું અનુષ્ઠાન, अन्यावर्तेषु=ચરમ આવર્તથી પૂર્વના આવર્તોમાં, ध्रुवम्=ધ્રુવ છે=નિશ્ચિત છે, तु=વળી, चरमे=ચરમમાં=ચરમપુદ્ગલપરાવર્તમાં, अन्यथा=અન્યથા=પૂર્વસેવારૂપ અનુષ્ઠાન અન્ય પ્રકારનું, ज्ञेयं=જાણવું, सहजाल्पमलत्वतः=કેમ કે સહજ અલ્પમલપણું છે. ॥૧૫૨॥

શ્લોકાર્થ :-

આનાથી યુક્ત તે અનુષ્ઠાન ચરમ આવર્તથી પૂર્વના આવર્તોમાં ધ્રુવ છે, વળી ચરમમાં અન્યથા જાણવું; કેમ કે સહજ અલ્પમલપણું છે. ॥૧૫૨॥

ટીકા :-

एतद्युक्तं=भवाभिष्वङ्गानाभोगसङ्गतम्, अनुष्ठानं गुरुदेवादिपूजनरूपम् अन्यावर्तेषु चरमावर्तविलक्षणेषु, तत्=पूर्वसेवारूपतयोपन्यस्तम्, ध्रुवं=निश्चितम्, चरमे तु=चरमे पुनः परावर्ते, अन्यथा=अन्यप्रकारं ज्ञेयम्, कुत इत्याह – सहजाल्पमलत्वतः=स्वाभाविककर्मबन्धयोग्यतालक्षणमलतुच्छभावात् ।।१५२।।

ટીકાર્થ :-

एतद्युक्तं ..... तुच्छभावात् ।। આનાથી યુક્ત=ભવાભિષ્વંગ અને અનાભોગથી યુક્ત, ગુરુદેવાદિપૂજનરૂપ અનુષ્ઠાન ચરમાવર્તથી વિલક્ષણ એવા અન્ય આવર્તોમાં તે=પૂર્વસેવારૂપપણાથી ઉપન્યસ્ત, ધ્રુવ છે=નિશ્ચિત છે=નિશ્ચિત આનાથી યુક્ત છે, એમ અન્વય છે, વળી ચરમ પરાવર્તમાં=ચરમ પુદ્ગલપરાવર્તમાં, અન્યથા=ગુરુદેવાદિ પૂજન અન્ય પ્રકારનું જાણવું.

કેમ ચરમાવર્તમાં અન્ય પ્રકારનું છે ? એથી કહે છે –

સહજ અલ્પ મલપણું હોવાથી=સ્વાભાવિક કર્મબંધની યોગ્યતારૂપ મલનો તુચ્છભાવ હોવાથી અન્ય પ્રકારનું જાણવું એમ અન્વય છે. ।।૧૫૨।।

ભાવાર્થ :-

શ્લોક-૧૫૦માં કહ્યું કે ભવાભિષ્વંગભાવથી અને અનાભોગથી સેવાયેલું અનુષ્ઠાન સુંદર અનુષ્ઠાન નથી, તેથી હવે અન્ય આવર્તમાં આવું અસુંદર અનુષ્ઠાન હોય છે તે બતાવતાં કહે છે –

અચરમાવર્તમાં જીવો કોઈક નિમિત્તને પામીને પૂર્વસેવારૂપ અનુષ્ઠાન કરે તોપણ નક્કી ભવાભિષ્વંગથી યુક્ત કે અનાભોગથી યુક્ત અનુષ્ઠાન જ કરે છે; કેમ કે ચરમાવર્તથી પૂર્વના આવર્તોમાં અનાદિકાળથી કર્મબંધની યોગ્યતારૂપ ભાવમલ પ્રચુરપણાથી છે, તેથી અત્યંત વિપર્યાસબુદ્ધિને કારણે તે જીવો સદનુષ્ઠાન કરતા જ નથી, પરંતુ આરંભ-સમારંભની પ્રવૃત્તિઓ કરે છે, કોઈક નિમિત્તને પામીને ગુરુદેવાદિ પૂજનરૂપ અનુષ્ઠાન કરે તોપણ વિપર્યાસબુદ્ધિ અતિશય હોવાથી ભવાભિષ્વંગભાવથી કે અનાભોગથી યુક્ત તે અનુષ્ઠાન કરે છે.

વળી ચરમપુદ્ગલપરાવર્તમાં આવેલા જીવો પૂર્વસેવાદિરૂપ અનુષ્ઠાન અન્ય પ્રકારનું કરે છે=ભવાભિષ્વંગ રહિત અને અનાભોગ રહિત અનુષ્ઠાન કરે છે.

કેમ અન્ય પ્રકારનું અનુષ્ઠાન કરે છે ? તેથી કહે છે –

સ્વાભાવિક કર્મબંધની યોગ્યતારૂપ ભાવમલ અલ્પ થયેલો હોવાને કારણે અન્ય પ્રકારનું અનુષ્ઠાન કરે છે.

આશય એ છે કે મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગ આ પાંચના સમુદાયરૂપ ભાવમલ છે અને ચરમાવર્ત પૂર્વે મિથ્યાત્વ ગાઢ વર્તે છે, તેથી ચરમાવર્ત પૂર્વે ભાવમલ પ્રચુર છે અને ચરમાવર્તમાં આવેલા

જીવોમાં આદ્યભૂમિકામાં મિથ્યાત્વ મંદ હોય છે, તેથી વિપર્યાસ કંઈક અલ્પ હોય છે, તેથી તે જીવો પૂર્વસેવારૂપ અનુષ્ઠાન ભવાભિષ્વંગથી અને અનાભોગથી યુક્ત સેવતા નથી અને તે અનુષ્ઠાનનું સેવન કરીને જેમ જેમ ઉત્તર-ઉત્તરની યોગની ભૂમિકાને પામે છે તેમ તેમ મિથ્યાત્વાદિ ભાવમલ ક્રમસર નાશ પામે છે અને યોગનિરોધકાળમાં જીવ સંપૂર્ણ ભાવમલથી રહિત થાય છે તેના ફળરૂપે કર્મ સાથેના સંબંધરૂપ દ્રવ્યમલ પણ નાશ પામે છે જેથી તે જીવ સર્વ કર્મબંધોથી મુક્ત બને છે અને પૂર્વસેવારૂપે સેવાયેલું ભવાભિષ્વંગ અને અનોભોગથી રહિત એવું ગુર્વાદિપૂજનરૂપ અનુષ્ઠાન તે સર્વ કર્મથી રહિત એવી મુક્તિ પ્રત્યે આદ્યભૂમિકારૂપે કારણ બને છે. માટે બુદ્ધિમાન પુરુષો ભવાભિષ્વંગથી અને અનાભોગથી રહિત એવા ગુરુદેવાદિ પૂજનરૂપ અનુષ્ઠાનને સુંદર અનુષ્ઠાન કહે છે. **॥૧૫૨॥**

અવતરણિકા :-

ततोऽपि किमित्याह –

અવતરણિકાર્થ :-

તેનાથી પણ=શ્લોક-૧૫૨માં કહ્યું એ પ્રમાણે અન્ય આવર્તોમાં ભવાભિષ્વંગથી અને અનાભોગથી યુક્ત અનુષ્ઠાન હોય છે અને ચરમાવર્તમાં અન્યથા હોય છે તેનાથી પણ, શું=શું પ્રાપ્ત થાય ? એને કહે છે –

શ્લોક :-

एकमेव ह्यनुष्ठानं कर्तृभेदेन भिद्यते ।
सरुजेतरभेदेन भोजनादिगतं यथा ।।१५३।।

અન્વયાર્થ :-

કર્તૃભેદેન=કર્તાના ભેદથી=ચરમાવર્તવાળા અને અચરમાવર્તવાળા કર્તાના ભેદથી, एकमेव हि=એક જ, અનુષ્ઠાનં=અનુષ્ઠાન, भिद्यते=ભેદને પામે છે=જુદું પડે છે, यथा=જે પ્રમાણે, सरुजेतरभेदेन=સરુજ અને ઈતરના ભેદથી=રોગવાળા અને રોગરહિત પુરુષના ભેદથી, भोजनादिगतं=ભોજનાદિગત અનુષ્ઠાન ભેદને પામે છે. ॥૧૫૩॥

શ્લોકાર્થ :-

કર્તાના ભેદથી એક જ અનુષ્ઠાન ભેદને પામે છે, જે પ્રમાણે સરુજ અને ઈતરના ભેદથી ભોજનાદિગત અનુષ્ઠાન ભેદને પામે છે. ॥૧૫૩॥

ટીકા :-

एकमेव हि=एकाकारमेव, अनुष्ठानं देवतापूजनादि, कर्तृभेदेन=चरमाऽचरमावर्तवर्तितया कारकजन्तु-

नानात्वेन, भिद्यते=विशिष्यते, दृष्टान्तमाह – सरुजेतरभेदेन भोजनादिगतं=भोजनपानशयनासनादिगतं, यथा=येन प्रकारेण, एकस्य रोगवृद्धिहेतुत्वादन्यस्य च बलोपचयार्थत्वादिति ।।१५३।।

ટીકાર્થ :-

एकमेव ..... बलोपचयार्थत्वादिति ।। એક જ=એક આકારવાળું જ, દેવતાપૂજનાદિ અનુષ્ઠાન કર્તાના ભેદથી=ચરમ-અચરમઆવર્તવર્તિપણારૂપે કારક પુરુષના ભેદપણાથી, ભેદ પામે છે=એક જ અનુષ્ઠાન જુદું પડે છે.

દૃષ્ટાંતને કહે છે –

જે પ્રમાણે સરુજ અને ઇતરના ભેદથી=રોગવાળા અને રોગરહિત પુરુષના ભેદથી, ભોજનાદિ-ગતકૃત્ય=ભોજન-પાન-શયન-આસનાદિ વિષયક કૃત્ય, જુદું પડે છે; કેમ કે એકનું=રોગવાળા પુરુષના અનુષ્ઠાનનું, રોગવૃદ્ધિનું હેતુપણું છે અને અન્યનું=રોગ વગરના પુરુષના અનુષ્ઠાનનું, બલઉપચયાર્થપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૫૩।।

ભાવાર્થ :-

અચરમાવર્તવર્તી જીવો ગાઢ વિપર્યાસવાળા હોવાથી પ્રચુર ભાવમલવાળા છે, તેથી તેઓ દેવપૂજનાદિ અનુષ્ઠાન કરે ત્યારે પ્રચુર વિપર્યાસ હોવાને કારણે ઉપાસ્ય એવા દેવના ગુણો પ્રત્યે લેશ પણ અભિમુખ ભાવ થતો નથી, પરંતુ ભવઅભિષ્વંગથી કે અનાભોગથી તેઓ દેવપૂજનાદિ અનુષ્ઠાન કરે છે, તેથી તે અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના ભાવમલને અલ્પ કરીને મોક્ષનું કારણ બનતું નથી, પરંતુ વિપર્યાસબુદ્ધિનું કારણ બને છે.

વળી ચરમાવર્તવર્તી જીવોમાં આદ્યભૂમિકામાં મિથ્યાત્વ હોવા છતાં તે મિથ્યાત્વ મંદ વર્તે છે, તેથી ઉપદેશાદિની સામગ્રી દ્વારા ક્રમસર નિવર્તન પામે તેવું છે તેવા જીવો તેનું તે જ દેવપૂજનાદિ અનુષ્ઠાન કરે ત્યારે મિથ્યાત્વની મંદતાને કારણે તે દેવતાના ગુણોને અભિમુખ તેઓને કંઈક રાગ ઉત્પન્ન થાય છે, તેથી તે દેવતાના પૂજન દ્વારા ગુણના રાગની વૃદ્ધિ કરીને સમ્યક્ત્વ આદિ ગુણોને પ્રાપ્ત કરે છે. માટે ભાવમલની અલ્પતાવાળા ચરમાવર્તવર્તી જીવો દ્વારા સેવાયેલું દેવતાપૂજનાદિ અનુષ્ઠાન અચરમાવર્તવર્તી જીવોના દેવતાપૂજનાદિ અનુષ્ઠાન કરતાં જુદા પ્રકારનું થાય છે; કેમ કે અચરમાવર્તવાળા જીવોને તે અનુષ્ઠાન દ્વારા વિપર્યાસની વૃદ્ધિ થાય છે અને ચરમાવર્તવર્તી જીવોને તે અનુષ્ઠાન દ્વારા વિપર્યાસની હાનિ થાય છે.

જેમ કોઈ રોગી પુરુષ ઉત્તમ ભોજન કરે તે ભોજનથી જ તેના રોગની વૃદ્ધિ થાય છે અને તેનું તે ઉત્તમ ભોજન રોગ રહિત જીવને બલઉપચયનો હેતુ થાય છે તેમ અચરમાવર્તવર્તી જીવોને દેવતાપૂજનાદિ અનુષ્ઠાન વિપર્યાસરૂપ ભાવરોગની વૃદ્ધિનું કારણ બને છે અને ચરમાવર્તવાળા જીવોને ભાવરોગની હાનિ દ્વારા ગુણવૃદ્ધિનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે કોઈક રોગીને ઉત્તમ ભોજન રોગની વૃદ્ધિનું કારણ બને છે, વળી કોઈક રોગીને ઉત્તમ પાનક રોગની વૃદ્ધિનું કારણ બને છે, વળી કોઈક રોગીને અધિક પ્રમાણમાં સૂઈ રહેવાની ક્રિયા રોગની વૃદ્ધિનું કારણ બને છે, વળી કોઈક રોગીને બેસી રહેવાની ક્રિયા અધિક રોગવૃદ્ધિનું કારણ બને છે અને તેની તે ભોજનાદિ ક્રિયાઓ તે તે પ્રકારના રોગના અભાવવાળા જીવોને આશ્રયીને બલઉપચયનું કારણ બને છે, તે રીતે ચરમાવર્તવર્તી જીવોનું અને અચરમાવર્તવર્તી જીવોનું દેવતાપૂજનાદિ અનુષ્ઠાન જુદા જુદા ફળવાળું બને છે. **॥૧૫૩॥**

અવતરણિકા :-

એતદેવ દૃઢયન્નાહ –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વમાં કહ્યું કે અચરમાવર્તવર્તી જીવો ભવાભિષ્વંગથી અને અનાભોગથી યુક્ત અનુષ્ઠાન કરે છે અને ચરમાવર્તવાળા જીવો તેનાથી વિલક્ષણ અનુષ્ઠાન કરે છે એને જ, દૃઢ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

इत्थं चैतद्यतः प्रोक्तं सामान्येनैव पञ्चधा ।
विषादिकमनुष्ठानं विचारेऽत्रैव योगिभिः ।।१५४।।

અન્વયાર્થ :-

च=અને, एतद्=આ=ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું કે ચરમાવર્તવાળા અને અચરમાવર્તવાળા કર્તાના ભેદથી એક જ અનુષ્ઠાન જુદું થાય છે એ, इत्थं=એ પ્રકારે છે, यतः=જે કારણથી, अत्रैव विचारे=આ જ વિચારમાં=યોગમત વિષયક વિચારમાં, योगिभिः=યોગીઓ વડે, सामान्येनैव=સામાન્યથી જ, विषादिकमनुष्ठानं=વિષાદિ અનુષ્ઠાન, पञ्चधा=પાંચ પ્રકારે, प्रोक्तं=કહેવાયું છે. ॥૧૫૪॥

શ્લોકાર્થ :-

અને આ એ પ્રકારે છે જે કારણથી આ જ વિચારમાં યોગીઓ વડે સામાન્યથી જ વિષાદિ અનુષ્ઠાન પાંચ પ્રકારે કહેવાયું છે. ॥૧૫૪॥

ટીકા :-

इत्थं=इदम्प्रकारम् 'चकारः' पूर्वोक्तभावनार्थः एतद्=अनुष्ठानभेदलक्षणं वस्तु, यतो=यस्मात्, प्रोक्तम् सामान्येनैव न तु चरमाऽचरमावर्तभेदमपेक्ष्य, पञ्चधा=पञ्चभिः प्रकारैः, विषादिकं=विषगरादि-भेदमनुष्ठानं प्रस्तुतमेव, विचारे=पर्यालोचने, अत्रैव=अस्मिन्नेव योगमते, पतञ्जलिप्रभृतिभिः योगिभिः ।।१५४।।

ટીકાર્થ :-

इत्थं=इदम्प्रकारम् ..... योगिभिः ।। 'च'કાર પૂર્વે કહેવાયેલા કથનના ભાવન માટે છે=પૂર્વના કથનના સમુચ્ચય માટે છે. આ=અનુષ્ઠાનના ભેદરૂપ વસ્તુ, આ પ્રકારે છે જે કારણથી સામાન્યથી જ પરંતુ ચરમાવર્ત-અચરમાવર્તના ભેદની અપેક્ષાએ નહિ, વિષાદિક=વિષ-ગરાદિ ભેદવાળું પ્રસ્તુત જ અનુષ્ઠાન પાંચ પ્રકારે કહેવાયું છે.

ક્યાં કહેવાયું છે ? એથી કહે છે –

આ જ યોગમત વિષયક વિચારમાં=પર્યાલોચનમાં, પતંજલિ વગેરે યોગીઓ વડે કહેવાયું છે. ॥૧૫૪॥

ભાવાર્થ :-

શ્લોક-૧૫૩માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે એક જ દેવપૂજનાદિ અનુષ્ઠાન ચરમાવર્તવર્તી અને અચરમાવર્તવર્તી જીવના ભેદથી જુદું થાય છે એ, એ પ્રકારે છે.

કેમ એ પ્રકારે છે ? એમાં યુક્તિ બતાવે છે –

જે કારણથી પતંજલિ વગેરે ઋષિઓ દ્વારા દેવપૂજનાદિ અનુષ્ઠાન સામાન્યથી વિષાદિના ભેદથી પાંચ પ્રકારે કહેવાયું છે. તેથી અર્થથી ફલિત થાય છે કે અચરમાવર્તવર્તી જીવો વિષાદિ ત્રણ પ્રકારનું અનુષ્ઠાન કરે છે અને ચરમાવર્તવર્તી જીવો તદ્હેતુ અને અમૃતરૂપ બે પ્રકારનું અનુષ્ઠાન કરે છે. માટે યોગીઓના બતાવેલા અનુષ્ઠાનના પાંચ ભેદોથી પણ ચરમાવર્તવર્તી અને અચરમાવર્તવર્તી જીવોનું અનુષ્ઠાન જુદું છે, એમ અર્થથી ફલિત થાય છે. **॥૧૫૪॥**

અવતરણિકા :-

इदमेव दर्शयति –

અવતરણિકાર્થ :-

આને જ=વિષાદિ પાંચ પ્રકારનાં અનુષ્ઠાનને જ, બતાવે છે –

શ્લોક :-

विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।
गुर्वादिपूजानुष्ठानमपेक्षादिविधानतः ।।१५५।।

અન્વયાર્થ :-

विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम्=વિષ-ગર-અનનુષ્ઠાન-તદ્હેતુ, પ્રકૃષ્ટ એવું અમૃત, गुर्वादिपूजानुष्ठानं= ગુરુ આદિની પૂજાનું અનુષ્ઠાન છે, अपेक्षादिविधानतः=કેમ કે અપેક્ષા આદિનું વિધાન છે=અપેક્ષા આદિનો ભેદ છે. ॥૧૫૫॥

શ્લોકાર્થ :-

વિષ-ગર-અનનુષ્ઠાન-તદ્હેતુ, પ્રકૃષ્ટ એવું અમૃત ગુરુ આદિની પૂજાનું અનુષ્ઠાન છે; કેમ કે અપેક્ષા આદિનું વિધાન છે. ।।૧૫૫।।

ટીકા :-

विषं=स्थावरजङ्गमभेदभिन्नम्, ततो विषमिव विषम्, एवं=गरोऽपि योजनीयः परं गरः= कुद्रव्यसंयोगजो विषविशेषः, अननुष्ठानं=अनुष्ठानाभासम्, तथा तद्धेतुः=अनुष्ठानहेतुः, अमृतमिवामृतममरणहेतुत्वात्, परं=प्रकृष्टं, गुर्वादिपूजानुष्ठानम् प्रकृतमेव वर्तते, कुत इत्याह – अपेक्षादिविधानतः=अपेक्षाया इहलोकपरलोकफलस्पृहानुरूपाया, आदिशब्दादनाभोगादेश्च यद्विधानं विशेषस्तस्मात् ।।१५५।।

ટીકાર્થ :-

विषं ..... विशेषस्तस्मात् ।। વિષ=સ્થાવર-જંગમ ભેદથી ભિન્ન એવું વિષ છે તેથી વિષના જેવું વિષ=વિષાનુષ્ઠાન, એ રીતે=વિષની જેમ ગરનું પણ યોજન કરવું=ગરના જેવું ગરાનુષ્ઠાન છે એમ યોજન કરવું, પરંતુ ગર કુદ્રવ્યના સંયોગથી થયેલું વિષવિશેષ છે, અનનુષ્ઠાન=અનુષ્ઠાનનો આભાસ, અને તદ્હેતુ=અનુષ્ઠાનનો હેતુ, એ તદ્હેતુઅનુષ્ઠાન છે, અમૃતના જેવું અમૃત=અમૃત અનુષ્ઠાન છે; કેમ કે અમરણનું હેતુપણું છે=જ્યાંથી મરણ નથી એવા મોક્ષનું હેતુપણું છે.

અમૃત અનુષ્ઠાન કેવું છે ? તે સ્પષ્ટ કરે છે -

પર=પ્રકૃષ્ટ ગુર્વાદિપૂજા અનુષ્ઠાન છે. આ પાંચે અનુષ્ઠાનો પ્રકૃત જ વર્તે છે=વિષાદિ પદ વાચ્ય જ વર્તે છે.

કેમ વિષાદિ પદ વાચ્ય વર્તે છે ? એથી કહે છે –

અપેક્ષાદિનું વિધાન હોવાથી વિષાદિ પાંચ અનુષ્ઠાનો વર્તે છે એમ અન્વય છે.

'अपेक्षादि विधानतः'નો અર્થ સ્પષ્ટ કરે છે –

આ લોકના અને પરલોકના ફલની સ્પૃહાને અનુરૂપ એવી અપેક્ષાથી અને 'આદિ' શબ્દથી અનાભોગ આદિથી, જે વિધાન=વિશેષ=ભેદ, તેનાથી અનુષ્ઠાન પાંચ ભેદવાળું થાય છે, એમ અન્વય છે. ।।૧૫૫।।

❖ 'અનાભોગાદિ' માં આદિ પદથી સત્ક્રિયાના રાગનું અને શાસ્ત્રનિયંત્રણનું ગ્રહણ છે.

ભાવાર્થ :-

વિષ સ્થાવર અને જંગમના ભેદથી બે પ્રકારનું છે. જેમ વિષવાળાં દ્રવ્યો એ સ્થાવર વિષ છે અને સર્પાદિ જંગમ વિષ છે અને વિષના જેવું મારનાર જે અનુષ્ઠાન હોય તે વિષાનુષ્ઠાન કહેવાય છે, એ રીતે ગરના

જેવું ગરાનુષ્ઠાન છે અર્થાત્ ગર એટલે ખરાબ દ્રવ્યોના સંયોગથી થયેલું ધીરે ધીરે દેહનો નાશ કરીને મૃત્યુનું કારણ બને તેવું વિષવિશેષ છે, જે રીતે ગર ધીરે ધીરે દેહનો નાશ કરીને લાંબા ગાળે મૃત્યુનું કારણ બને છે તેમ ગરાનુષ્ઠાન લાંબા ગાળે વિનાશનું કારણ બને છે.

અનનુષ્ઠાન પરમાર્થથી કોઈ ફલવાળું નથી માત્ર બાહ્ય આકારથી અનુષ્ઠાન જણાય છે. માટે અનુષ્ઠાનનો આભાસ કરાવે એવું અનુષ્ઠાન છે.

તદ્હેતુઅનુષ્ઠાન એટલે અમૃત અનુષ્ઠાનનો જે હેતુ હોય અને વર્તમાનમાં અમૃત અનુષ્ઠાન ન હોય તે તદ્હેતુઅનુષ્ઠાન છે.

પરિપૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર કરાતા ગુર્વાદિપૂજાઅનુષ્ઠાન પ્રકૃષ્ટ અનુષ્ઠાન છે અને તે અમૃત અનુષ્ઠાન છે; કેમ કે અમૃતની જેમ અમૃત અનુષ્ઠાન છે.

અમૃતના જેવું અનુષ્ઠાન કેમ છે ? એથી કહે છે –

જેમ અમૃત અમર થવામાં કારણ છે તેમ આ અમૃત અનુષ્ઠાન જ્યાંથી મરણ નથી તેવી મુક્તિનું સાક્ષાત્ કારણ છે અર્થાત્ અંતઃપરિણતિથી મુક્તિ સાથે એકવાક્યતાથી સંલગ્ન છે.

એક જ ગુર્વાદિપૂજનરૂપ અનુષ્ઠાન પાંચ ભેદવાળું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

વિષાનુષ્ઠાનમાં આ લોકના ફલની અપેક્ષા છે

ગરાનુષ્ઠાનમાં પરલોકના ફલની અપેક્ષા છે

અનનુષ્ઠાનમાં અનાભોગ છે.

તદ્હેતુઅનુષ્ઠાનમાં સત્ક્રિયાનો રાગ છે.

અમૃત અનુષ્ઠાનમાં પરિપૂર્ણ શાસ્ત્રનિયંત્રિત અનુષ્ઠાન છે.

આ સર્વ ભેદને કારણે એક અનુષ્ઠાન પાંચ ભેદવાળું બને છે, તેથી પૂજાદિ કોઈપણ એક જ અનુષ્ઠાન આ પાંચ આશયોના ભેદથી જુદા જુદા પ્રકારનું છે તેમ કહેવાય છે; કેમ કે તે તે અનુષ્ઠાનોથી તે તે પ્રકારના ફલનો ભેદ છે. **॥૧૫૫॥**

અવતરણિકા :-

વિષાદિત્વમેવ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

વિષાદિત્વને જ=વિષાદિ પાંચ અનુષ્ઠાનોમાં વર્તતા વિષાદિ ભાવને જ, ભાવન કરતાં=ક્રમસર સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

विषं लब्ध्याद्यपेक्षात इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ।।१५६।।

અન્વયાર્થ :-

લબ્ધ્યાદ્યપેક્ષાતઃ=લબ્ધિ આદિની અપેક્ષાથી, ઇદં=આ=અનુષ્ઠાન, વિષં=વિષ, જ્ઞેયં=જાણવું, સચ્ચિત્ત-મારણાત્=કેમ કે સચ્ચિત્તનું મારણ છે, તથા=અને, મહતઃ=મહાનની=મહાન અનુષ્ઠાનની, અલ્પાર્થનાત્=તુચ્છ સ્પૃહાથી, લઘુત્વાપાદનાત્=લઘુત્વનું આપાદન છે. ।।૧૫૬।।

શ્લોકાર્થ :-

લબ્ધિ આદિની અપેક્ષાથી આ વિષ જાણવું; કેમ કે સચ્ચિત્તનું મારણ છે અને મહાન અનુષ્ઠાનની તુચ્છ સ્પૃહાથી લઘુત્વનું આપાદન છે. ।।૧૫૬।।

ટીકા :-

विषं लब्ध्याद्यपेक्षातो=लब्धिकीर्त्यादिस्पृहालक्षणायाः सकाशात्, इदमनुष्ठानं वर्तते, कुत इत्याह - सच्चित्तमारणात्=परिशुद्धान्तःकरणपरिणामविनाशनात्, महतोऽनुष्ठानस्य अल्पार्थनाद्=अतितुच्छ-लब्ध्यादिस्पृहणात्सकाशात्, लघुत्वापादनं=लघुभावाधानं, तस्मात्, 'तथा' इति हेत्वन्तरभावनार्थः, ज्ञेयमिदं विषमिति ।।१५६।।

ટીકાર્થ :-

विषं ..... विषमिति ।। લબ્ધિ આદિની અપેક્ષાથી=લબ્ધિ-કીર્તિ આદિની સ્પૃહારૂપ અપેક્ષાથી, આ=અનુષ્ઠાન, વિષ વર્તે છે=વિષાનુષ્ઠાન બને છે.

કેમ વિષાનુષ્ઠાન બને છે ? એથી કહે છે –

સચ્ચિત્તનું મારણ હોવાથી=પરિશુદ્ધ અંતઃકરણના પરિણામનું વિનાશન હોવાથી, વિષ વર્તે છે એમ અન્વય છે. 'તથા' એ હેતુ અંતરના ભાવન માટે છે=અન્ય હેતુના સમુચ્ચય માટે છે.

તે હેતુ અંતર બતાવે છે –

મહાન એવા અનુષ્ઠાનના અલ્પ એવા અર્થનથી=અતિ તુચ્છ એવા લબ્ધિ આદિની સ્પૃહાથી, લઘુત્વનું આપાદન છે=લઘુભાવનું આધાન છે તેનાથી, વિષાનુષ્ઠાન વર્તે છે એમ અન્વય છે. આ વિષ જાણવું=આ અનુષ્ઠાન વિષ જાણવું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૫૬।।

ભાવાર્થ :-

ગુરુ આદિનું પૂજન ગુણવાન એવા ગુરુ આદિના અવલંબનથી ગુણો પ્રત્યેના બહુમાન ભાવની વૃદ્ધિ દ્વારા પુણ્યાનુબંધીપુણ્ય બંધાવીને અને નિર્જરા કરાવીને મહાકલ્યાણની પ્રાપ્તિનું કારણ છે તેવા ઉત્તમ અનુષ્ઠાનને જે જીવો આ લોકની બાહ્ય લબ્ધિઓ કે કીર્તિ આદિની સ્પૃહાથી કરે છે તેઓ તે અનુષ્ઠાનકાળમાં ગુણોને અભિમુખ કોઈ યત્ન કરતા નથી, પરંતુ લબ્ધિ આદિ પ્રયોજનથી યુક્ત અધ્યવસાયથી તે તે પ્રકારની પૂજનની ક્રિયા કરે છે, તેથી તે વિષાનુષ્ઠાન બને છે.

જેમ વિષ ખાનાર પુરુષ તરત મરણ પામે છે તેમ વિષાનુષ્ઠાન કરનાર પુરુષ તુચ્છ એવા લબ્ધિ આદિની સ્પૃહાથી ગુરુપૂજનાદિને અવલંબીને થાય તેવા પરિશુદ્ધ અંતઃકરણના પરિણામનો વિનાશ કરે છે, તેથી ભાવથી તેનું મૃત્યુ થાય છે.

વળી તે અનુષ્ઠાન જેમ તત્કાલ ઉત્તમ ચિત્તના નાશ દ્વારા મૃત્યુનું કારણ બને છે તેમ ઘણા ભવો સુધી યોગમાર્ગની પ્રાપ્તિ ન થાય તેનું પણ કારણ બને છે તે બતાવવા માટે બીજો હેતુ કહે છે –

મહાન એવા ગુરુ આદિ પૂજનના અનુષ્ઠાનને અતિ તુચ્છ લબ્ધિ આદિની સ્પૃહાથી લઘુભાવનું આધાન કરીને તેઓ અતિ પાપ બાંધે છે, તેથી ઘણા ભવો સુધી યોગમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્ન થાય તેવો તેમનો વિનાશ થાય છે, માટે આ અનુષ્ઠાન વિષાનુષ્ઠાન છે.

અહીં વિશેષ એ છે કે ઉત્તમવસ્તુને હીનરૂપે બતાવવાથી તે ઉત્તમવસ્તુની હીલના થાય છે અને ગુર્વાદિપૂજનનું અનુષ્ઠાન આત્માને ઘણાં ઉત્તમ ફળો આપનાર હોવાથી ઉત્તમ છે તેવા અનુષ્ઠાનને સંસારની અન્ય પ્રવૃત્તિ તુલ્ય કીર્તિ આદિ માટે કરવાથી તે ઉત્તમ અનુષ્ઠાનની હીલના થાય છે, તેથી મિથ્યાત્વ દૃઢ થાય છે, તેના કારણે ઘણા ભવ સુધી સન્માર્ગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત એવો વિપર્યાસ વર્તે છે. માટે તે અનુષ્ઠાન આત્માનો વિનાશ કરનાર બને છે, તેથી તે અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન કહેવાય છે.

અહીં 'લબ્ધિ' શબ્દથી જે સાધુઓ સંયમના આચાર દ્વારા માત્ર તેના ભક્તવર્ગને ઊભો કરવા યત્ન કરે છે અથવા સુંદર આહારાદિ મેળવવા યત્ન કરે છે, તે સર્વ લબ્ધિની સ્પૃહા છે અને તે લબ્ધિની સ્પૃહાથી કરાયેલું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન બને છે. **॥૧૫૬॥**

શ્લોક :-

दिव्यभोगाभिलाषेण, गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव, कालान्तरनिपातनात् ।।१५७।।

અન્વયાર્થ :-

दिव्यभोगाभिलाषेण=દિવ્ય ભોગના અભિલાષથી, एतद्=આને=દેવાદિપૂજાદિ અનુષ્ઠાનને, मनीषिणः= બુદ્ધિમાનો, गरम्=ગર, आहुः=કહે છે, विहितनीत्यैव कालान्तरनिपातनात्=કેમ કે વિહિત નીતિથી જ અર્થાત્ વિષાનુષ્ઠાનમાં કહેલી સચ્ચિત્ત મારણાદિરૂપ વિહિત નીતિથી જ કાલાન્તરમાં વિનાશ છે. ॥૧૫૭॥

શ્લોકાર્થ :-

દિવ્યભોગના અભિલાષથી આને=દેવાદિપૂજાદિ અનુષ્ઠાનને, બુદ્ધિમાનો ગર કહે છે; કેમ કે વિહિતનીતિથી જ કાલાન્તરમાં વિનાશ છે. ।।૧૫૭।।

ટીકા :-

दिव्यभोगाभिलाषेण ऐहिकभोगनिःस्पृहस्य स्वर्गस्थानभवभोगाभिष्वङ्गरूपेण, गरमनुष्ठानम् आहुर्मनीषिणो=मतिमन्तः, एतद्=देवादिपूजाद्यनुष्ठानम्, विहितनीत्यैव सच्चित्तमारणादिरूपयैव, परं कालान्तरनिपातनात्=कालान्तरे भवान्तररूपेऽनर्थसम्पादनादात्मनः, किल विषं सद्य एव विनाशहेतुः गरश्च कालान्तरेणेत्येवमुपन्यस्तमिति ।।१५७।।

ટીકાર્થ :-

दिव्यभोगाभिलाषेण ..... मुपन्यस्तमिति ।। ઐહિક ભોગ નિઃસ્પૃહ એવા જીવના સ્વર્ગના સ્થાનવિષયક ભવના ભોગના અભિષ્વંગરૂપ દિવ્યભોગના અભિલાષથી આને=દેવાદિ પૂજાદિ અનુષ્ઠાનને, મનિષીઓ ગરાનુષ્ઠાન કહે છે.

કેમ ગરાનુષ્ઠાન કહે છે ? તેમાં હેતુ કહે છે –

સચ્ચિત્ત મારણાદિરૂપ જ વિહિતનીતિથી, પરંતુ કાલાન્તર નિપાતને કારણે=ભવાંતરરૂપ કાલાન્તરમાં આત્માના અનર્થ સંપાદનને કારણે, ગરાનુષ્ઠાન કહે છે એમ અન્વય છે. ખરેખર વિષ સદ્ય જ વિનાશનો હેતુ છે અને ગર કાલાન્તરથી વિનાશનો હેતુ છે એથી આ પ્રમાણે=પહેલા અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન, બીજા અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન એ પ્રમાણે ઉપન્યાસ કર્યો છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૫૭।।

ભાવાર્થ :-

ઉત્તમ એવા દેવાદિપૂજનાદિ અનુષ્ઠાનને જેમ વિષાનુષ્ઠાનવાળા જીવો આ લોકની સ્પૃહાથી કરે છે તેમ કેટલાક આ લોકના ભોગમાં નિઃસ્પૃહ જીવો દેવલોકના ભોગોની સ્પૃહાથી કરે છે તેઓના તે અનુષ્ઠાનને બુદ્ધિમાન પુરુષો ગરાનુષ્ઠાન કહે છે.

કેમ ગરાનુષ્ઠાન કહે છે ? તેમાં યુક્તિ બતાવે છે –

જેમ વિષાનુષ્ઠાન સચ્ચિત્તનું મારણ કરે છે અને મહાન અનુષ્ઠાનના લઘુભાવનું આપાદન કરે છે તેમ ગરાનુષ્ઠાન પણ સચ્ચિત્તનું મારણ કરે છે અને મહાન અનુષ્ઠાનના લઘુભાવનું આપાદન કરે છે. ફક્ત વિષની જેમ ગર તરત વિનાશનો હેતુ થતો નથી, પરંતુ કાલાન્તરમાં વિનાશનો હેતુ થાય છે તે રીતે આ ગરાનુષ્ઠાન પણ ભવાન્તરરૂપ કાલાન્તરમાં આત્માને અનર્થ સંપાદન કરે છે.

અહીં વિશેષ એ છે કે વિષાનુષ્ઠાનવાળા જીવોના તે અનુષ્ઠાનનું ફળ આ લોકની કીર્તિ આદિમાં વિશ્રાંત

થાય છે, પરંતુ પુણ્યબંધ દ્વારા કોઈ પ્રકારના હિતનું કારણ બનતું નથી પણ વિપર્યાસને દૃઢ કરીને દુર્ગતિની પરંપરાનું કારણ બને છે; કેમ કે અનુષ્ઠાનકાળમાં જ આ લોકના ભોગની સ્પૃહા વર્તી રહી છે. જેમ વૈષયિક ભોગમાં લિપ્સા ભોગકાળમાં પાપબંધનું કારણ છે તેમ દેવપૂજાદિ અનુષ્ઠાનથી થતા માનાદિમાં લિપ્સાથી પાપબંધ જ થાય છે.

વળી ગરાનુષ્ઠાનવાળા જીવો આ લોકના ભોગ પ્રત્યે નિઃસ્પૃહ હોવાથી કોઈ વિષયોમાં આસકિત કરતા નથી, તેથી પુણ્ય બાંધે છે તોપણ દેવલોકના ભોગોની સ્પૃહા ચિત્તમાં હોવાથી પાપના અનુબંધવાળું પુણ્ય બાંધે છે. જે અનુષ્ઠાનના ફળરૂપે દેવલોકની પ્રાપ્તિ કર્યા પછી તે પાપાનુબંધીપુણ્યના ફળરૂપે દુર્ગતિઓની પરંપરાને પામે છે, તેથી જેમ વિષાનુષ્ઠાનવાળા જીવો મોક્ષને અનુકૂળ એવા આત્માના ભાવોનો વિષાનુષ્ઠાન દ્વારા નાશ કરે છે તેમ ગરાનુષ્ઠાનવાળા જીવો પણ મોક્ષને અનુકૂળ એવા નિઃસ્પૃહચિત્તનો કાલાન્તરમાં નાશ કરે છે, તેથી વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન બંને વિનાશનું કારણ હોવા છતાં વિષાનુષ્ઠાન આ ભવમાં જ સચ્ચિત્તનો નાશ કરે છે અને ગરાનુષ્ઠાન કાલાન્તરમાં સચ્ચિત્તનો નાશ કરે છે, ફક્ત ગરાનુષ્ઠાનવાળા જીવો વર્તમાનમાં ઐહિકભોગથી નિઃસ્પૃહ ચિત્ત ધરાવે છે, તોપણ પરલોકના ભોગની સ્પૃહારૂપ વિષથી યુક્ત તે નિઃસ્પૃહ ચિત્ત હોવાથી પરલોકમાં ભોગોની પ્રાપ્તિના કાળમાં તે નિઃસ્પૃહ ચિત્ત નાશ પામે છે. **॥૧૫૭॥**

શ્લોક :-

अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते ।
सम्प्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ।।१५८।।

અન્વયાર્થ :-

च=અને, अनाभोगवतः=અનાભોગવાળા પુરુષને, एतद्=આ=ગુરુદેવાદિ પૂજા અનુષ્ઠાન, अननुष्ठानम्=અનનુષ્ઠાન, उच्यते=કહેવાય છે, संप्रमुग्धं मनः अस्य=સંપ્રમુગ્ધ મન છે, આને=અનાભોગવાળા પુરુષને, ततः=તેથી=સંપ્રમુગ્ધ મનને કારણે, एतद्=આ=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ, यथोदितम्=જે પ્રમાણે કહેવાયું એ પ્રમાણે જ છે. इति=પાદપૂર્તિ માટે છે. ॥૧૫૮॥

શ્લોકાર્થ :-

અને અનાભોગવાળા પુરુષને આ અનનુષ્ઠાન કહેવાય છે, સંપ્રમુગ્ધ મન છે આને તેથી આ જે પ્રમાણે કહેવાયું એ પ્રમાણે જ છે. ॥૧૫૮॥

ટીકા :-

अनाभोगवतश्च=इहलोकपरलोकयोरपि संमूर्छनजतुल्यप्रवृत्तितया क्वचिदप्रणिहितमनसः पुनः पुंसः, एतद् गुरुदेवपूजाद्यनुष्ठानं तथाविधसमुदयादिवशाद्विधीयमानमपि अननुष्ठानमुच्यते=અનુષ્ઠાનમેવ

न भवतीत्यर्थः, कुत एतदित्याह – सम्प्रमुग्धं=सं इति सर्वतः प्रकर्षेण मुग्धं सन्निपातोपहतस्येव मोहमयाध्यवसायमात्ररूपमापन्नं, मनः=अन्तःकरणं, अस्य=अनाभोगवतः, 'इतिः' पादपरिसमाप्तौ, यत एवं ततश्च=मनःसम्प्रमोहादेव हेतोः, एतत्=प्रागुक्तम्, यथोदितं=यथा निरूपितं तथैवेति ।।१५८।।

ટીકાર્થ :-

અનાભોગવતશ્ચ ..... તથૈવેતિ ।। વળી અનાભોગવાળાને=આ લોકના અને પરલોકના વિષયમાં પણ સંમૂર્ચ્છિમ જીવોની તુલ્ય પ્રવૃત્તિપણું હોવાને કારણે કોઈપણ ઠેકાણે અપ્રણિધાન મનવાળા પુરુષને, તેવા પ્રકારના સમુદાય આદિના વશથી=સંમૂર્ચ્છિમની જેમ ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિમાં નિમિત્ત બને તેવા પ્રકારના સમુદાય આદિના વશથી, કરાતું પણ આ ગુરુદેવપૂજાદિ અનુષ્ઠાન અનનુષ્ઠાન કહેવાય છે=અનુષ્ઠાન જ થતું નથી એ પ્રકારનો અર્થ છે. કયા કારણથી આ છે ?=અનનુષ્ઠાન છે ? એને કહે છે – સંપ્રમુગ્ધ=સં એટલે સર્વથી, પ્રકર્ષથી મુગ્ધ એટલે સન્નિપાતથી હણાયેલાની જેમ મોહમય અધ્યવસાયમાત્રરૂપને પામેલું મન=અંતઃકરણ છે આને=અનાભોગવાળાને તેથી અનનુષ્ઠાન છે એમ અન્વય છે. 'इति' શબ્દ પાદની પરિસમાપ્તિમાં છે.

જે કારણથી આમ છે=અનનુષ્ઠાન કરનારા જીવોનું સંપ્રમુગ્ધ મન છે એમ છે, અને તેથી=મનના સંપ્રમોહરૂપ હેતુથી જ, આ=પૂર્વમાં કહેવાયું એ=શ્લોકના પૂર્વાર્ધમાં કહેવાયું એ, યથોદિત છે=જે પ્રમાણે નિરૂપણ કરાયું તે પ્રમાણે જ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૫૮।।

❖ 'इहलोकपरलोकयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે મોક્ષવિષયક તો સંમૂર્ચ્છિમ જીવો તુલ્ય પ્રવૃત્તિ છે, પરંતુ આ લોક અને પરલોક વિષયક પણ સંમૂર્ચ્છિમ જીવો તુલ્ય પ્રવૃત્તિ છે.

❖ 'तथाविधसमुदयादिवशाद्विधीयमानमपि'માં 'आदि' પદથી તેવા પ્રકારના અવિચારક મનનું ગ્રહણ કરવું, અને 'अपि'થી એ કહેવું છે કે અનુષ્ઠાન સેવાતું ન હોય ત્યારે તો અનનુષ્ઠાન છે, પરંતુ કરાતું પણ અનનુષ્ઠાન છે.

ભાવાર્થ :-

કેટલાક જીવો શાસ્ત્રમાં કહેલ દેવપૂજાદિ અનુષ્ઠાન શાસ્ત્રમાં બતાવેલ વિધિ અનુસાર પણ કરતા હોય છે, તેથી તે અનુષ્ઠાનમાં બાહ્ય અંગસાકલ્ય સંભવી શકે, આમ છતાં તે અનુષ્ઠાનથી આ લોકના કીર્તિ આદિની અપેક્ષા નથી અને તે અનુષ્ઠાનથી પરલોકમાં દિવ્યભોગો મળે તેવી પણ અપેક્ષા નથી, વળી જે દેવ-ગુરુ આદિનું પૂજન કરે છે તે પૂજન દ્વારા દેવ-ગુરુ આદિના ગુણોને અવલંબીને 'મારે ગુણવૃદ્ધિ કરવી છે' તેવા સંકલ્પ રૂપ કોઈ અધ્યવસાય પણ નથી, તેથી તેઓ જે અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાનમાં આ લોકના અને પરલોકના ફળનું પ્રણિધાન નથી અને આ પૂજનક્રિયા દ્વારા ગુણનિષ્પત્તિનું પણ પ્રણિધાન નથી, તેથી તે ક્રિયા કાયાથી-વચનથી અને મનોવ્યાપારપૂર્વક થતી હોય તોપણ લક્ષ્યહીન હોવાથી તે મનોવ્યાપાર આદિથી કરાયેલું અનુષ્ઠાન અનનુષ્ઠાન કહેવાય છે.

કેમ અનનુષ્ઠાન કહેવાય છે ? તેમાં હેતુ કહે છે –

તે અનુષ્ઠાન કરનારા જીવોનું મન સંપ્રમુગ્ધ હોય છે અર્થાત્ આ લોક વિષયક, પરલોક વિષયક કે સદનુષ્ઠાનના ઉચિત ફલ વિષયક કોઈ વિચારણા ન કરી શકે તેવું સર્વથી પ્રકર્ષવાળું મુગ્ધ મન હોય છે=સંનિપાતથી હણાયેલા જીવો જેમ કોઈ ચોક્કસ વિચારણા કરતા નથી તેમ મોહમય અધ્યવસાયમાત્રરૂપ તેઓનું મન વર્તે છે, તેથી તેઓનું અનુષ્ઠાન અનનુષ્ઠાન છે. **॥૧૫૮॥**

શ્લોક :-

एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः ।
सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ।।१५९।।

અન્વયાર્થ :-

एतद्रागाद्=આના રાગથી=સદનુષ્ઠાનના રાગથી, इदं=આ=આદિ ધાર્મિકકાલભાવિ એવું દેવપૂજાદિ અનુષ્ઠાન, सदनुष्ठानभावस्य श्रेष्ठो हेतुः=સદનુષ્ઠાનભાવનો શ્રેષ્ઠ હેતુ, योगविदो विदुः=યોગના જાણનારાઓ કહે છે, शुभभावांशयोगतः=કેમ કે શુભભાવના અંશનો યોગ છે. ।।૧૫૯।।

શ્લોકાર્થ :-

આના રાગથી આ સદનુષ્ઠાનભાવનો શ્રેષ્ઠ હેતુ, યોગના જાણનારાઓ કહે છે; કેમ કે શુભભાવના અંશનો યોગ છે. ।।૧૫૯।।

ટીકા :-

एतद्रागात्=सदनुष्ठानभावबहुमानात्, इदम्=आदिधार्मिककालभावि देवपूजाद्यनुष्ठानं क्रियमाणम्, हेतुः=कारणम्, श्रेष्ठो=अवन्ध्यो, वर्तते एतद्योगविदो विदुः=जानते, कस्य हेतुरित्याह – सदनुष्ठान-भावस्य=तात्त्विकदेवपूजाद्याचारपरिणामस्य, कुत इत्याह – शुभभावांशयोगतः=मुक्त्यद्वेषेण मनाग्मुक्त्य-नुरागेण वा शुभभावलेशसङ्गमात् ।।१५९।।

ટીકાર્થ :-

एतद्रागात् ..... शुभभावलेशसङ्गमात् ।। આના રાગથી=સદનુષ્ઠાન પ્રત્યે ભાવ બહુમાનથી, આ=આદિ ધાર્મિક કાલ ભાવિ એવું કરાતું દેવપૂજાદિ અનુષ્ઠાન, શ્રેષ્ઠ=અવંધ્ય કારણ વર્તે છે એ યોગના જાણનારાઓ જાણે છે.

કોનો હેતુ છે એથી કહે છે –

સદનુષ્ઠાનભાવનો=તાત્વિક દેવપૂજાદિ આચારના પરિણામનો=પૂજાતા એવા દેવાદિને અવલંબીને તત્ ભાવને અભિમુખ ગમનને અનુકૂળ સુદૃઢ વ્યાપારવાળા અંતરંગ પરિણામથી યુક્ત દેવપૂજાદિ અનુષ્ઠાનનો હેતુ બને છે એમ અન્વય છે.

કયા કારણથી સદનુષ્ઠાનભાવનો હેતુ બને છે ? એથી કહે છે –

શુભ ભાવ અંશનો યોગ હોવાથી=મુક્તિઅદ્વેષથી અથવા મનાગ્ મુક્તિરાગથી ગુણવૃદ્ધિને અનુકૂળ એવા શુભભાવના લેશનો સંગમ હોવાથી આ અનુષ્ઠાન સદનુષ્ઠાનનો હેતુ બને છે, એમ અન્વય છે. ॥૧૫૯॥

ભાવાર્થ :-

જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી અને યોગની ચાર દૃષ્ટિઓમાંથી કોઈક દૃષ્ટિમાં વર્તે છે તેવા જીવો આદિધાર્મિક છે અને આદિધાર્મિક કાળમાં કરાતું એવું દેવપૂજાદિ અનુષ્ઠાન સદનુષ્ઠાન પ્રત્યેના બહુમાનભાવવાળું હોય છે=શાસ્ત્રમાં કહેલ વિધિ અનુસાર કરીને ઉપાસ્ય એવા દેવાદિની ભક્તિ દ્વારા ગુણની વૃદ્ધિ કરવાની બલવાન ઇચ્છાવાળું હોય છે, તેથી તે અનુષ્ઠાન સદનુષ્ઠાનનો અવંધ્ય હેતુ બને છે, જેમ મોક્ષની ઇચ્છાથી મોક્ષને અનુકૂળ કરાતો વ્યાપાર અંતે મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે તેમ પરિપૂર્ણ શુદ્ધ અનુષ્ઠાન કરવાના રાગથી કરાતું ત્રુટિવાળું પણ અનુષ્ઠાન ક્રમે કરીને ત્રુટિ રહિત થવા દ્વારા પરિપૂર્ણ શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને છે.

કેમ આ અનુષ્ઠાન પરિપૂર્ણ શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને છે ? એમાં યુક્તિ આપે છે –

યોગની પહેલી દૃષ્ટિમાં રહેલા જીવો મુક્તિના અદ્વેષવાળા છે અને બીજી, ત્રીજી, ચોથી દૃષ્ટિમાં રહેલા જીવો મનાગ્ મુક્તિરાગવાળા છે, તેથી તેવા જીવોને મુક્તિઅદ્વેષને કારણે કે મનાગ્ મુક્તિરાગને કારણે અનુષ્ઠાનકાળમાં ગુણનિષ્પત્તિને અનુકૂળ શુભ ભાવ લેશનો યોગ છે, તે શુભ ભાવ લેશ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને શુદ્ધ અનુષ્ઠાનનું અવંધ્ય કારણ બને છે તેમ યોગના જાણનારા યોગીઓ કહે છે. **॥૧૫૯॥**

શ્લોક :-

जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ।।१६०।।

અન્વયાર્થ :-

पुनः=વળી, जिनोदितं=જિન વડે કહેવાયેલું છે, इति तु=એ અભિપ્રાયથી કરાતા, भावसारं=શુદ્ધ શ્રદ્ધા છે પ્રધાન જેમાં એવા, अत्यन्तं=અત્યંત, संवेगगर्भं अदः=संवेगगर्भवाળા એવા આને=संवेगगर्भवाળા એવા આ અનુષ્ઠાનને, मुनिपुङ्गवाः=મુનિપુંગવો, अमृतं=અમૃત અનુષ્ઠાન, आहुः=કહે છે. ॥૧૬૦॥

શ્લોકાર્થ :-

વળી જિન વડે કહેવાયેલું છે એ અભિપ્રાયથી કરાતા, શુદ્ધ શ્રદ્ધા છે પ્રધાન જેમાં એવા, અત્યંત સંવેગગર્ભવાળા એવા આને મુનિપુંગવો અમૃત અનુષ્ઠાન કહે છે. ॥૧૬૦॥

ટીકા :-

जिनोदितं=जिननिरूपितं, इति तु=अनेनैवाभिप्रायेण विधीयमानम्, आहुः=ब्रुवते, भावसारं= शुद्धश्रद्धाप्रधानम्, अदोऽनुष्ठानम् पुनः तथा संवेगगर्भम्=अन्तःप्रवेशितनिर्वाणाभिलाषम्, अत्यन्तम्= अतीव, अमृतममरणहेतुत्वादमृतसंज्ञम् मुनिपुङ्गवाः=गौतमादिमहामुनय इति ।।१६०।।

ટીકાર્થ :-

जिनोदितं ..... गौतमादिमहामुनय इति ।। વળી જિન વડે કહેવાયેલું એ જ અભિપ્રાયથી કરાતું ભાવસાર=શુદ્ધ શ્રદ્ધાપ્રધાન એવું આ અનુષ્ઠાન અને અત્યંત સંવેગ છે ગર્ભમાં જેને એવું=અતિશય અંતઃ પ્રવેશિત નિર્વાણના અભિલાષવાળું મુનિપુંગવો=ગૌતમ આદિ મહામુનિઓ, અમૃત સંજ્ઞાવાળું કહે છે; કેમ કે અમરણનો હેતુ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૦।।

ભાવાર્થ :-

જિન રાગાદિથી પર છે અને રાગાદિથી પર એવા જિનોએ પોતાના તુલ્ય થવાના ઉપાયરૂપે સદનુષ્ઠાનો બતાવ્યાં છે એ પ્રકારના અભિપ્રાયથી જે મહાત્માઓ દેવપૂજાદિ અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન ભાવસાર હોય છે અર્થાત્ 'આ જિનની ઉપાસના કરીને જિનગુણોના અવલંબન દ્વારા જિનસદૃશ મારો પરિણામ કરવામાં બાધક કર્મોનો નાશ કરીને હું તે ભાવને પ્રગટ કરું' તે પ્રકારની શુદ્ધ રુચિ પ્રધાન તે અનુષ્ઠાનને તે મહાત્મા સેવે છે. વળી અનુષ્ઠાનકાળમાં અત્યંત સંવેગનો પરિણામ વર્તે છે અર્થાત્ જિનગુણના અવલંબન દ્વારા યોગનિરોધની અવસ્થાને પ્રાપ્ત કરું, જેથી આ સંસારનો ઉચ્છેદ થાય તેવો અંતઃકરણમાં પ્રવેશિત પરિણામ અતિશયથી વર્તે છે તેવા જીવો જે દેવપૂજાદિ અનુષ્ઠાન કરે છે તેને ગૌતમાદિ મહામુનિઓ અમૃત અનુષ્ઠાન કહે છે; કેમ કે જ્યાં મરણ નથી તેવા અમરણવાળા મુક્તિસ્થાનનું તે અનુષ્ઠાન હેતુ છે.

અહીં વિશેષ એ છે કે તદ્‌હેતુઅનુષ્ઠાનમાં મુક્તિઅદ્વેષવાળા અને મનાગ્ મુક્તિરાગવાળા જીવોને ગ્રહણ કરેલ, તેથી પહેલી ચાર દૃષ્ટિવાળા જીવોનું તદ્‌હેતુઅનુષ્ઠાનમાં ગ્રહણ છે, તેથી તદ્‌હેતુઅનુષ્ઠાનવાળા જીવો સૂક્ષ્મબોધવાળા નથી તેમ ફલિત થાય છે અને જેઓને સૂક્ષ્મબોધ છે તેઓને તો જીવની વીતરાગ અવસ્થા જ અંતરંગ રીતે સર્વ ઉપદ્રવ વગરની અવસ્થા જણાય છે અને સિદ્ધ અવસ્થા જ અંતરંગ અને બહિરંગ સર્વ ઉપદ્રવ વગરની અવસ્થા જણાય છે, તેથી તેવા જીવોને સિદ્ધ અવસ્થા રૂપ નિર્વાણનો અત્યંત અભિલાષ હોય છે અને નિર્વાણનું સાક્ષાત્ કારણ યોગનિરોધ છે તેવો બોધ હોવાથી તેવા જીવો યોગનિરોધના અત્યંત અભિલાષી હોય છે, તેથી તેવા સૂક્ષ્મબોધવાળા સમ્યગ્‌દૃષ્ટિ જીવો જિનોએ જે અભિપ્રાયથી આ સદનુષ્ઠાન કરવાનું કહ્યું છે તે અભિપ્રાયપૂર્વક નિર્વાણના તીવ્ર અભિલાષથી તે અનુષ્ઠાન સેવે છે તે અમૃત અનુષ્ઠાન છે અને તેવા સૂક્ષ્મ બોધવાળા સમ્યગ્‌દૃષ્ટિ જીવો ક્વચિત્ કોઈ વિધિમાં સ્ખલના પામતા હોય તોપણ તેઓનું અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાનની નજીકની ભૂમિકાવાળું છે, પરંતુ તદ્‌હેતુમાં તેનો અંતર્ભાવ થાય નહિ; કેમ કે

તદ્‌હેતુઅનુષ્ઠાનમાં મનાગ્‌ મુક્તિરાગવાળા જીવોનું ગ્રહણ છે, ઉત્કટ મુક્તિરાગવાળા જીવોનું ગ્રહણ નથી; કેમ કે નિર્મળ દૃષ્ટિવાળા સમ્યગ્‌દૃષ્ટિ જીવોને મોક્ષમાં એક સાર બુદ્ધિ હોય છે તેથી તેઓ ઉત્કટ મોક્ષના રાગવાળા છે. ॥૧૬૦॥

અવતરણિકા :-

अथ प्रस्तुतमेवाधिकृत्याह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતને જ આશ્રયીને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૧૪૯ સુધી પૂર્વસેવાના ચાર ભેદો બતાવ્યા, ત્યારપછી ભવાભિષ્વંગભાવથી અને અનાભોગથી સુંદર અનુષ્ઠાન થતું નથી તેમ શ્લોક-૧૫૦માં બતાવ્યું. અચરમાવર્તમાં ભવાભિષ્વંગથી અને અનાભોગથી યુક્ત અનુષ્ઠાન થાય છે અને ચરમાવર્તમાં અન્ય પ્રકારનું થાય છે તેમ શ્લોક-૧૫૨માં બતાવ્યું. ત્યારબાદ તેની પુષ્ટિ કરવા માટે વિષાદિ પાંચ પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવ્યું. હવે પ્રસ્તુત એવા પૂર્વસેવારૂપ અનુષ્ઠાનને આશ્રયીને કહે છે –

શ્લોક :-

एवं च कर्तृभेदेन चरमेऽन्यादृशं स्थितम् ।
पुद्‌गलानां परावर्ते गुरुदेवादिपूजनम् ।।१६१।।

અન્વયાર્થ :-

च=અને, एवं=આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે પાંચ પ્રકારનાં અનુષ્ઠાન હોતે છતે, पुद्‌गलानां चरमे परावर्ते=પુદ્‌ગલોના ચરમ પરાવર્તમાં, कर्तृभेदेन=કર્તૃના ભેદને કારણે=અનુષ્ઠાતૃ વિશેષને કારણે, गुरुदेवादिपूजनम्=ગુરુદેવાદિપૂજન, अन्यादृशं=અન્યાદૃશ, स्थितम्=રહેલું છે. ।।૧૬૧।।

શ્લોકાર્થ :-

અને આ રીતે પુદ્‌ગલોના ચરમ પરાવર્તમાં કર્તૃના ભેદને કારણે ગુરુદેવાદિ પૂજન અન્યાદૃશ રહેલું છે. ॥૧૬૧॥

ટીકા :-

एवं चास्मिंश्चानुष्ठानपञ्चविधत्वे स्थिते सति, कर्तृभेदेन=अनुष्ठातृविशेषेण, चरमे=अपश्चिमे, अन्यादृशं=मुक्त्यद्वेषादेः पूर्वपरावर्तकालभाविनो देवादिपूजनाद्विलक्षणम्, स्थितं=प्रतिष्ठितम्, पुद्‌गलानां परावर्ते गुरुदेवादिपूजनमुक्तरूपमेवेति ।।१६१।।

ટીકાર્થ :-

एवं चास्मिं ..... गुरुदेवादिपूजनमुक्तरूपमेवेति ।। અને આ રીતે આ અનુષ્ઠાનનું પંચવિધપણું સ્થિત થયે છતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે આ અનુષ્ઠાન પાંચ પ્રકારનાં હોતે છતે, કર્તાના ભેદથી= અનુષ્ઠાતૃના વિશેષથી, પુદ્ગલોના ચરમ પરાવર્તમાં અન્યાદેશ=મુક્તિઅદ્વેષ આદિથી પૂર્વ પરાવર્ત કાલ ભાવિ એવા દેવાદિપૂજનથી વિલક્ષણ, ઉક્તરૂપવાળું જ ગુરુદેવાદિપૂજન સ્થિત છે=પ્રતિષ્ઠિત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૬૧॥

ભાવાર્થ :-

શ્લોક-૧૫૪થી ૧૬૦ સુધી ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ પ્રમાણે દેવપૂજાદિ કોઈ એક અનુષ્ઠાન પાંચ પ્રકારનું છે તેમ સિદ્ધ થાય છે અને તેમ સિદ્ધ થવાથી અન્ય આવર્તમાં દેવપૂજાદિ અનુષ્ઠાન કરનારા જીવો કરતાં ચરમ પુદ્ગલપરાવર્તમાં તે અનુષ્ઠાન કરનારા જીવો વિશેષ છે; કેમ કે અચરમાવર્તમાં વર્તતા જીવો તે અનુષ્ઠાન કરીને કોઈ ગુણનિષ્પત્તિ કરી શકતા નથી, પરંતુ તે અનુષ્ઠાન નિષ્ફળ કરે છે કે તે અનુષ્ઠાનથી અનર્થનું સંપાદન કરે છે અને તેનું તે અનુષ્ઠાન કરીને ચરમાવર્તવર્તી જીવો ગુણનિષ્પત્તિ દ્વારા કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે છે, માટે પૂર્વ પરાવર્ત કાલભાવિ દેવપૂજાદિ અનુષ્ઠાન કરતાં વિલક્ષણ એવું ગુરુદેવાદિપૂજન ચરમાવર્તવર્તી જીવોનું હોય છે એમ ફલિત થાય છે; કેમ કે ચરમાવર્તવર્તી જીવો મુક્તિઅદ્વેષથી કે મનાગ્ મુક્તિરાગથી કે ઉત્કટ મુક્તિરાગથી તે અનુષ્ઠાન સેવે છે. **॥૧૬૧॥**

અવતરણિકા :-

एतदेव समर्थयति –

અવતરણિકાર્થ :-

આને જ=અનુષ્ઠાતૃ વિશેષ હોવાને કારણે ચરમાવર્તવર્તી જીવોનું અનુષ્ઠાન વિશેષ છે એને જ, સમર્થન કરે છે –

શ્લોક :-

यतो विशिष्टः कर्तायं तदन्येभ्यो नियोगतः ।
तद्योगयोग्यताभेदादिति सम्यग्विचिन्त्यताम् ।।१६२।।

અન્વયાર્થ :-

यतः=જે કારણથી, तदन्येभ्यः=तद्+अन्यथी=અચરમાવર્તવર્તી જીવોથી, अयं कर्ता=આ કર્તા=ચરમાવર્તવર્તી કર્તા, नियोगतः=નિયમથી, विशिष्टः=વિશિષ્ટ છે, तद्योगयोग्यताभेदात्=કેમ કે તે યોગયોગ્યતાનો ભેદ છે=શ્લોક-૧૫૩માં ચરમાવર્તવર્તી જીવોના અનુષ્ઠાનનો ભેદ બતાવ્યો તે યોગયોગ્યતાનો ભેદ છે, इति=એ પ્રમાણે, सम्यग्विचिन्त्यताम्=સમ્યગ્ વિચારવું જોઈએ. ॥૧૬૨॥

શ્લોકાર્થ :-

જે કારણથી તદન્યથી આ કર્તા નિયમથી વિશિષ્ટ છે; કેમ કે તે યોગયોગ્યતાનો ભેદ છે એ પ્રમાણે સમ્યગ્ વિચારવું જોઈએ. ।।૧૬૨।।

ટીકા :-

यतः=यस्मात्कारणात्, विशिष्टो=विलक्षणः, कर्ता देवपूजनादीनाम् अयं=चरमावर्तवर्ती जन्तुः, तदन्येभ्यः=प्राच्यपरावर्तवर्तिभ्यः कर्तृभ्यः, नियोगतो=नियमेन, कुत इत्याह – 'तद्योगयोग्यताभेदात्'=स चासौ योगयोग्यतायाः योगनिमित्तभावस्य भेदो विशेषस्तस्मात्, इतिः=एवम्, सम्यग्विचिन्त्यतां= विमृश्यतामिति, पूर्वं ह्येकान्तेन योगाऽयोग्यस्यैव देवादिपूजनमासीच्चरमावर्ते तु समुल्लसितयोग-योग्यभावस्येति चरमावर्तदेवादिपूजनस्यान्यावर्तदेवादिपूजनादन्यादृशत्वमिति ।।१६२।।

ટીકાર્થ :-

यतः ..... पूजनादन्यादृशत्वमिति ।। જે કારણથી આ=ચરમાવર્તવર્તી જીવ, તેના અન્યથી=પૂર્વ પરાવર્તવર્તી કર્તાથી, નિયમથી વિશિષ્ટ=વિલક્ષણ, દેવપૂજનાદિનો કર્તા છે.

કેમ વિશિષ્ટ કર્તા છે ? એથી કહે છે –

તે યોગયોગ્યતાનો ભેદ હોવાથી વિશિષ્ટ કર્તા છે એમ અન્વય છે.

'तद्योगयोग्यताभेदात्'નો સમાસ સ્પષ્ટ કરે છે –

તે એવો આ યોગયોગ્યતાનો અર્થાત્ યોગ નિમિત્તભાવનો ભેદ અર્થાત્ વિશેષ તેનાથી, ચરમાવર્તવર્તી જીવ વિશિષ્ટ કર્તા છે એમ અન્વય છે એ પ્રમાણે સમ્યગ્ વિચારવું જોઈએ.

શ્લોકનો ફલિતાર્થ સ્પષ્ટ કરે છે –

પૂર્વમાં એકાંતથી યોગના અયોગ્યનું જ દેવાદિપૂજન હતું. વળી ચરમાવર્તમાં સમુલ્લસિત થયેલ એવા યોગને યોગ્ય ભાવવાળા એવા જીવનું દેવાદિપૂજન છે એથી ચરમાવર્તમાં દેવાદિપૂજનનું અન્ય આવર્તના દેવાદિપૂજનથી અન્યાદૃશપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૬૨।।

ભાવાર્થ :-

ચરમાવર્તવર્તી જીવો ભાવમલની અલ્પતાવાળા છે, તેથી તેઓમાં મોક્ષની સાથે આત્માને યોજન કરે તેવા યોગની યોગ્યતા ઉલ્લસિત થયેલી છે, તેથી તેવા જીવો દેવપૂજનાદિ ક્રિયા દ્વારા મોક્ષને અનુકૂળ એવા ઉત્તર-ઉત્તરના ભાવની નિષ્પત્તિ કરીને યોગમાર્ગના સેવનના અંતિમ ફળરૂપ મોક્ષને પામે તેવા છે, તેથી તેઓ જે દેવપૂજનાદિ કરે છે તે અચરમાવર્તવાળા જીવોના દેવપૂજનાદિથી નિયમથી વિલક્ષણ છે; કેમ કે અચરમાવર્તવાળા

જીવો એકાંતથી યોગને અયોગ્ય હોવાથી દેવપૂજનાદિ અનુષ્ઠાન દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ બને તેવા કોઈ ગુણને પ્રગટ કરી શકતા નથી અને ચરમાવર્તવર્તી જીવો યોગની યોગ્યતાવાળા હોવાથી તે અનુષ્ઠાનના સેવન દ્વારા મોક્ષને અનુકૂળ ગુણનિષ્પત્તિ કરી શકે છે. **॥૧૬૨॥**

અવતરણિકા :-

एतेषु च यच्चरमावर्ते स्यात्तदाह –

અવતરણિકાર્થ :-

અને આ પાંચ અનુષ્ઠાનોમાં જે અનુષ્ઠાન ચરમાવર્તમાં થાય તેને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં એક અનુષ્ઠાન પાંચ પ્રકારનું થાય તેમ બતાવ્યું અને ચરમાવર્તવર્તી જીવ કર્તાવિશેષ હોવાથી તેનું અનુષ્ઠાન વિશિષ્ટ છે તેમ બતાવ્યું. તેથી જિજ્ઞાસા થાય કે આ પાંચ અનુષ્ઠાનમાંથી ચરમાવર્તમાં આદ્યભૂમિકામાં ક્યું અનુષ્ઠાન થાય છે ? તેથી ચરમાવર્તવર્તી જીવોને થતા આદ્યભૂમિકાના અનુષ્ઠાનને બતાવે છે –

શ્લોક :-

चतुर्थमेतत्प्रायेण ज्ञेयमस्य महात्मनः ।
सहजाल्पमलत्वं तु, युक्तिरत्र पुरोदिता ।।१६३।।

અન્વયાર્થ :-

अस्य महात्मनः=આ મહાત્માને=ચરમાવર્તવર્તી આદિધાર્મિક મહાત્માને, प्रायेण=પ્રાયઃ, एतद्=આ=આ અનુષ્ઠાન, चतुर्थं ज्ञेयं=ચોથું જાણવું. (જે કારણથી) सहजाल्पमलत्वं=સહજ અલ્પમલપણું છે, तु=વળી, अत्र=આમાં=ચરમાવર્તમાં અલ્પમલપણું છે એમાં, युक्तिः पुरोदिता=યુક્તિ પૂર્વમાં કહેવાયેલી છે. ॥૧૬૩॥

શ્લોકાર્થ :-

આ મહાત્માને પ્રાયઃ આ અનુષ્ઠાન ચોથું જાણવું. જે કારણથી સહજઅલ્પમલપણું છે. વળી આમાં યુક્તિ પૂર્વમાં કહેવાયેલી છે. ॥૧૬૩॥

ટીકા :-

चतुर्थं=तुरीयम्, एतद्=अनुष्ठानं तद्धेतुनामकम्, प्रायेण=बाहुल्येन, ज्ञेयमस्य=चरमावर्तभाज आदि-धार्मिकस्य, महात्मनः-प्रशस्तभावस्य, अनाभोगादिभ्यः कदाचिदन्यथापि स्यादिदमिति प्रायोग्रहणम्, एतदपि कुतः – यतः सहजाल्पमलत्वं तु=सहजो जीवसमानकालभावित्वेनाल्पस्तुच्छो मलो वक्ष्यमाणरूपो यस्य स तथा तद्भावस्तत्त्वं, पुनः युक्तिः=हेतुः, अत्रा=अस्मिन्नर्थे, पुरोदिता=प्रागुपन्यस्तेति ।।१६३।.

ટીકાર્થ :-

ચતુર્થં ..... પ્રાગુપન્યસ્તેતિ ।। ચોથું આ=તદ્‌હેતુ નામનું અનુષ્ઠાન, પ્રાયઃ=બહુલતાથી, આ મહાત્માને=ચરમાવર્તવાળા આદિધાર્મિક પ્રશસ્તભાવવાળા મહાત્માને, જાણવું. અનાભોગ આદિથી ક્યારેક આ=અનુષ્ઠાન, અન્યથા પણ થાય, એથી પ્રાયઃનું ગ્રહણ છે.

આ પણ કેમ છે ?=ચરમાવર્તવાળા જીવને તદ્‌હેતુ નામનું અનુષ્ઠાન પણ કેમ છે ? એથી કહે છે –

જે કારણથી સહજ અલ્પમલપણું છે=જીવ સમાન કાલ ભાવિપણું હોવાને કારણે સહજ અલ્પ અર્થાત્ તુચ્છ વક્ષ્યમાણરૂપવાળો મલ છે જેને તે તેવું છે=સહજ અલ્પમલવાળું છે, તેનો ભાવ તે સહજ અલ્પમલપણું છે. વળી આ અર્થમાં=ચરમાવર્તમાં અલ્પ મલ છે એ અર્થમાં, યુક્તિ=હેતુ, પુરોદિત છે=પૂર્વમાં કહેવાયેલી છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૩।।

❖ 'एतदपि कुतः'માં 'अपि'થી એ કહેવું છે કે ચરમાવર્તવર્તી જીવોને અનાભોગાદિથી અનનુષ્ઠાદિ ત્રણ અનુષ્ઠાનો તો ભાવમલને કારણે છે, પરંતુ આ તદ્‌હેતુ નામનું અનુષ્ઠાન પણ શેના કારણે છે ? તે કહે છે.

'अन्यथापि' માં 'अपि'થી એ કહેવું છે કે તદ્‌હેતુ અનુષ્ઠાન તો થાય પરંતુ ક્યારે વિષાદિ અનુષ્ઠાન પણ થાય.

ભાવાર્થ :-

સંસારી જીવોમાં અનાદિકાળથી કર્મબંધની યોગ્યતારૂપ ભાવમલ પ્રચુર હોય છે અને તે ભાવમલની પ્રચુરતાને કારણે ગાઢ મિથ્યાત્વરૂપ વિપર્યાસ વર્તે છે, તેથી આત્મહિતને અનુકૂળ કોઈ પ્રવૃત્તિ તે જીવો કરતા નથી અને જે જીવનો ભાવમલ કંઈક અલ્પ થાય છે, તેથી મિથ્યાત્વ વિદ્યમાન હોવા છતાં તેઓનું મિથ્યાત્વ મંદ હોય છે તેવા જીવો ચરમાવર્તમાં આવેલા આદિધાર્મિક એવા પ્રશસ્ત ભાવવાળા મહાત્મા છે, તેથી તે જીવો ગુરુદેવાદિપૂજનરૂપ અનુષ્ઠાન કરે છે તે પ્રાયઃ તદ્‌હેતુ નામનું ચોથું અનુષ્ઠાન બને છે.

પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્તમાં આવેલા જીવો પણ ક્યારેક તેવા પ્રકારના સંક્લેશવાળા હોય છે ત્યારે અનાભોગથી કે ભવઅભિષ્વંગથી દેવપૂજાદિ અનુષ્ઠાન કરે છે તે ગુણનિષ્પત્તિનું કારણ બનતું નથી, પરંતુ ચરમાવર્તવાળા જીવો જ્યારે સદનુષ્ઠાનના રાગથી ચોથું અનુષ્ઠાન કરે છે તે ગુણનિષ્પત્તિનું કારણ છે, તેથી તદ્‌હેતુઅનુષ્ઠાન બને છે, તેવું અનુષ્ઠાન બનવાનું કારણ તેઓમાં વર્તતો સહજ મલ અલ્પ થયેલો છે.

સહજ અલ્પમલનો અર્થ કરતાં કહે છે –


જ્યારથી જીવ અસ્તિત્વમાં છે ત્યારથી જીવ સાથે આ મિથ્યાત્વાદિ ભાવમલ વર્તે છે, માટે તેને સહજ કહ્યો છે અને તે સહજ મલ કોઈક રીતે અલ્પ થાય છે અર્થાત્ ચાર ગતિઓમાં ભ્રમણ કરતાં સુખદુઃખને અનુભવતા જીવને ચેતના હોવાને કારણે ક્યારે કંઈક શુભભાવો થાય છે તો ક્યારે કંઈક અશુભભાવો થાય

છે તેથી જ્યારે જ્યારે કંઈક શુભભાવો થાય છે ત્યારે ત્યારે કંઈક કંઈક ભાવમલ ઘટે છે તે ભાવમલની અલ્પતા જ્યારે કંઈક વિશેષ પ્રકારે થાય છે ત્યારે તે જીવને યોગમાર્ગ પ્રાપ્ત થાય તેટલો ભાવમલ અલ્પ થાય છે. તેથી ચરમાવર્તવાળા જીવોમાં કંઈક આત્મહિતને અનુકૂળ ચેતના પ્રગટી, તેથી તેઓ તદ્‌હેતુઅનુષ્ઠાન કરે છે. **॥૧૬૩॥**

અનુસંધાન : યોગબિંદુ પ્રકરણ ભાગ-૨

अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।
मोक्षेण योजनाद्योग एष श्रेष्ठो यथोत्तरम् ।।

મોક્ષની સાથે યોજનાર હોવાથી અધ્યાત્મ,
ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય યોગ છે,
આ વર્ણન કરાયેલા યોગના ભેદ યથોત્તર શ્રેષ્ઠ છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in